ચોથી શ્રેણી

પુસ્તક-૯૭

તા.૧૦મી માર્ચ, ૨૦૨૩
ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે
થી
તા.૧૪મી માર્ચ, ૨૦૨૩
ફાલ્ગુન ૨૩, ૧૯૪૪ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## પંદરમી ગુજરાત વિધાનસભા
## બીજું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

## અ નુ ક્ર મ ણિ કા

**ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૧૦મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે** | | |
| **પહેલી બેઠક** | | |
| વિધાનસભામાં હોળી મહોત્સવનું આયોજન કરવા બદલ માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન | ૧ | ૧ |
| ગુજરાત(પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૩ | ૧ | ૫ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૬ | ૩૧ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૨ | ૪૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૪ | ૭૯ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર(તારાંકિત પ્રશ્નોત્તરી દરમ્યાન ધારાસભ્યશ્રીઓએ હાજર રહેવા અંગે) | ૮૦ | ૮૧ |
| મંત્રીશ્રીઓના પ્રસ્તાવ | ૮૧ | ૮૧ |
| અધ્યક્ષશ્રીની ચૂંટણીઓ અંગેની જાહેરાત | ૮૧ | ૮૨ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૮૨ | ૮૪ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર (નિયમ-૧૧૬ની નોટિસ અન્વયે સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવા અંગે ) | ૮૫ | ૮૬ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ) | ૮૭ | ૯૨ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર (સભાગૃહમાં લાવેલ ખાદ્ય પદાર્થોનો તપાસ અહેવાલ રજૂ કરવા અંગે) | ૮૮ | ૮૮ |
| બિન-સરકારી સંકલ્પો | ૯૨ | ૧૦૯ |
| બી.બી.સી. ની ડોક્યુમેન્ટરીમાં દર્શાવેલ મનઘડંત તારણો સામે કડક પગલાં લેવાં અંગે | ૯૨ | ૧૦૩ |
| મિલેટ્સ યર દરમ્યાન જાડા અનાજના ઉપયોગ વિષે લોકજાગૃતિ અંગે | ૧૦૪ | ૧૦૯ |
| **તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૨૦, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૧૦ | ૧૧૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨૦ | ૧૬૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૬૩ | ૧૬૩ |
| અનુમતિ મળેલ વિધેયકો | ૧૬૪ | ૧૬૪ |
| વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન | ૧૬૪ | ૧૬૪ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર (પ્રો-રેટા પ્રમાણે ચર્ચામાં સમય ફાળવવા અંગે) | ૧૬૫ | ૧૬૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૬૬ | ૧૯૨ |
| **તા. ૧૩મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૨૨, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૯૩ | ૨૦૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૦૩ | ૨૪૩ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૪૪ | ૨૪૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૨૪૫ | ૨૭૮ |
| **તા. ૧૪મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૨૩, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૭૯ | ૨૯૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૯૧ | ૩૨૪ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર(તારાંકિત પ્રશ્નના જવાબમાં ખોટી માહિતી આપવા અંગે) | ૩૨૫ | ૩૨૫ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૩૨૫ | ૩૩૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૩૪ | ૩૬૨ |

ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે
ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૩

**ગુજરાત વિધાનસભા શુક્રવાર,**
**તા. ૧૦મી માર્ચ, ૨૦૨૩**
**ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

વિધાનસભામાં હોળી મહોત્સવનું આયોજન કરવા બદલ માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપવા બાબત

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીના ઇતિહાસમાં પહેલીવાર આ વિધાનસભાના આપના પ્રિમાઇસીસની અંદર જે હોળી મહોત્સવનું આયોજન કર્યું અને બધાએ ખૂબ આનંદ કર્યો એ માટે હું તમામ માનનીય મંત્રીશ્રીઓ, માનનીય ધારાસભ્યશ્રીઓ, અધિકારીગણ અને પ્રેસ મીડિયાના રિપોર્ટરો વતી વિધાનસભા સંકુલ પરિવારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આદિવાસી વિસ્તાર હોળી રમવા માટે આ સંકુલમાં આવ્યો હોય એવું વાતાવરણ અહીંયા સર્જાયું હતું અને અમારા આદિવાસી સમાજને પણ ઊંચેરું સ્થાન મળે એવા પ્રયત્નો આપશ્રીએ કર્યા છે. અમારા કાઠિયાવાડમાં હોળીના દિવસે અમારા ગામની અંદર બે ઘર વચ્ચે, બે ભાઇઓ વચ્ચે કે બે સમાજ વચ્ચે કોઇ દુશ્મનાવટ હોય તો એ હોળી પ્રગટાવી હોય ત્યાં આવે તો એ પણ ભેટીને રંગે રમતા હોય છે ત્યારે દુશ્મનાવટ પણ ભૂલી જાય છે. આવું સુંદર આયોજન કરવા બદલ આપશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આભાર માનું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં રહેતી તમામ પ્રજા પોતાની ભાતીગળ પરંપરાથી હોળી ઊજવતી હોય તેના દર્શન આપણે આ વિધાનસભામાં કર્યા અને સમગ્ર ગુજરાતને આ દર્શન કરાવવા માટે આપશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. અમારા વિસનગરમાં તો હોળીના દિવસે સામસામે જુતા મારીને 'ખાસડા યુદ્ધ' લડાય છે એટલે એક પ્રકારની પનોતી તે દિવસે દૂર થાય. ગુજરાતમાં હોળીનું પ્રગટીકરણ થાય અને ગુજરાતમાં હોળી સળગે નહીં એના માટેના આપશ્રીએ પ્રયત્નો કરી આખા ગુજરાતને એકત્ર કરીને સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ બધા જ ધારાસભ્યશ્રીઓ અલગ-અલગ જગ્યાનું પ્રતિનિધિત્વ કરે છે. આપે જે સુંદર રીતે આયોજન કર્યું તે બદલ આપશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : પ્રત્યેક વ્યક્તિમાં ભાઈચારા અને પ્રેમની ભાવના પ્રગટે અને ગુજરાતની પ્રજાનું પ્રતિનિધિત્વ આ વિધાનસભા કરે છે ત્યારે ગુજરાતની પ્રજાની લાગણી અને પ્રેમ પ્રદર્શિત કર્યો તે બદલ આ કામનું આયોજન જે ધારાસભ્યશ્રીઓની યુવા ટીમે કર્યું છે તેમને પણ ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ.

**સને ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક :૧૪**

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક**,** ૨૦૨૩

**સન ૨૦૨૩ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૩નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

કનુભાઇ મો. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૩નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરાવાનું છે. ઉક્ત વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ સાત સભ્યશ્રીઓએ પોતાના મુદ્દા આપેલા છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે આ વિધેયક ઉપરની ચર્ચા સભાગૃહની બેઠક મુલત્વી રાખવાના ૧ કલાક પહેલા પૂરી કરવાની રહે છે. આજે પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) પણ હાથ ધરવાની હોવાથી પૂરક વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર દરેક સભ્યશ્રીને ચર્ચામાં ભાગ લેવા માટે બે-બે મિનિટનો સમય ફાળવું છું. તદ્નુસાર આ મુદ્દાઓ ઉપરની ચર્ચા તથા નાણામંત્રીશ્રીનો જવાબ પૂરો થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

એક વખત ફરીથી ધ્યાન અપાવું છું કે, આપણે ગયા વખતનું જે બજેટ ફાળવ્યું હતું એ બજેટ ઉપરાંત, કંઇક વધારાનો ખર્ચ થયો હોય એના માટેનું આ વિનિયોગ વિધેયક છે. એમાં વિધાનસભાએ એક પદ્ધતિ એવી કરેલી છે કે બજેટ તો ફાળવીએ, બજેટ મંજૂર કરીએ પરંતુ બજેટને દર વર્ષે કાયદાથી વાપરવા માટેની મંજૂરી આપીએ છીએ. એના માટેનો લો બનાવીએ છીએ.

* વિધેયક તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩ના ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ગયા વખતનું જે હતું એ આપણે કાયદો પસાર કરી દીધો હતો. પરંતુ આ વખતે ૩૧મી માર્ચ સુધીમાં વધારાનું ખર્ચ થયું હોય અથવા થશે એને આપણે કાયદાથી મંજૂરી આપવા માટેનું વિધેયક છે. જે વધારાનું છે એના પૂરતું છે. જેની અગાઉ આપણે ચર્ચા કરી લીધી છે. એટલા જ પરિપ્રેક્ષ્યમાં આપ વાત કરી શકશો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માગું છું.

જેમાં, ઉદ્યોગોની જેમ ખેડૂતોને પણ દિવસે ૨૪ કલાક વીજળી પૂરી પાડવામાં સરકાર નિષ્ફળ રહી છે તેના વિશે હું એમનું ધ્યાન દોરવા માગું છું. જેવી રીતે ગુજરાતના ગ્રોથ એન્જિનમાં ઉદ્યોગ અને ખેતી બંનેની જરુર છે તો જયારે આપણે ઉદ્યોગોને ૨૪ કલાક વીજળી પૂરી પાડી રહ્યા છીએ એવી જ રીતે ખેડૂતોને દિવસે આપણે ૧૨ કલાક સળંગ વીજળી ફ્રીમાં આપીએ તો ખેડૂતોનો વિકાસ ખૂબ વધી જાય. સાથો સાથ અત્યારે ખેડૂતોને હિંસક પ્રાણીઓનો જે ત્રાસ થઇ રહ્યો છે, શિયાળાના સમયમાં ખેડૂતોને ટાઢમાં પાણી વાળવા જવું પડે છે ત્યારે જો ખેડૂતોને દિવસે સળંગ વીજળી આપવામાં આવે તો એમાં આપણે ખૂબ જ અસરકારક પરિણામ લાવી શકીએ અને ગુજરાતનો ખેતીનો પાક જે અત્યારે નિષ્ફળ જઇ રહ્યો છે એમાં પણ આપણે કંઇક સુધારો લાવી શકીએ. તો મંત્રીશ્રીને મારું એક સૂચન છે કે, ખેડૂતોને દિવસે ૧૨ કલાક સળંગ વીજળી પૂરી પાડવામાં આવે. એવો મારો વિચાર છે.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર(ચાણસ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ વખત બોલવાની તક મળી એ બદલ અધ્યક્ષશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. જય રામાપીર. ચાણસ્મા વિધાનસભામાં સમી અને શંખેશ્વર વિસ્તારમાં જયાં નર્મદાની કેનાલ નાખવામાં આવી નથી ત્યાં કઇ રીતે પાણી પૂરું પાડી શકાય એ અંગે મારા બે સૂચનો છે. શંખેશ્વર તાલુકામાં મોઢેરાથી રૂપેણ નદીમાં પાણી નાખવામાં આવે તો શંખેશ્વર તાલુકાના ફતેપુરા, ધનોરા, દાંતીસણા, મંકોડીયા, પાડલા, રતનપુરા, શંખેશ્વર, જહુરપુરા, પંચાસર, મુરતુજાનગર, બોલેરા, ગણેશપુરા, મર્દાનગંજ વિગેરે ગામોને પાણીનો લાભ મળી રહે તેમ છે. સરવાલથી  સેકેરીયા જે વાંકળો નીકળે છે એમાં પાણી છોડવામાં આવે તો શંખેશ્વર તાલુકાના રવદ, પાલીપુર, ખાખબડી, મુજપુર, લોટેશ્વર, જેસડા, રૂની, રણોદ, ખીજડિયારી, હનુમાનપુરા, ખંડિયા, કંચનપુરા અને ફતેગંજ વિગેરે ગામોને સિંચાઇનું પાણી મળી રહે તેમ છે. આ અંગે બોર્ડ ઓફ ડિરેકટરમાં નંબર-રની વિગતવાર રજૂઆત માહિતી સાથે મંજૂરી અર્થે મોકલેલ છે. ઉપર મુજબની નદી તથા વાંકળામાં પાણી છોડવામાં આવે તો શિયાળું તથા ઉનાળુંની સિઝનમાં  ખેતી ઉપર નભતા ખેડૂતો માટે મોટી રાહત થઇ શકે તેમ છે. ઉવારસદ ગામ સુધી જે મોટી કેનાલ આવે છે તેને જો સમી- શંખેશ્વર હાઇવે સુધી લંબાવવામાં આવે તો પણ ઘણા ગામોની પાણીની સમસ્યા મટી શકે તેમ છે. શંખેશ્વર તાલુકાની માઇનોર કેનાલોમાં આજસુધી પાણી પહોંચતું નથી, જે કેનાલો હજુ સુધી બંધ હાલતમાં તૂટી પડેલ છે. કંચનપુરા માઇનોર કેનાલમાં આજદિન સુધી પાણી મળી રહેલ નથી. મારા બીજા પ્રશ્નમાં સુઝાવ છે કે, સમી તાલુકામાં સરસ્વતી નદીમાં નર્મદા કેનાલનું પાણી નાખવામાં આવે તો સરસ્વતી નદીને પુનર્જીવિત અને નદીના કિનારે આવતા ૨૦થી ૨૫ ગામોને નર્મદાના પાણીનો સીધો લાભ મળી શકે તેમ છે અને નદીના કિનારે આવતા તમામ ગામોના ખેડૂતો પિયત કરીને મબલખ પાક મેળવી શકે તેમ છે. જમીનમાં પાણીનું સ્તર નીચે આવી ગયેલ હોઇ ત્યાં જો પાણી નાંખવામાં આવે તો ત્યાં પાણીનું સ્તર ઊંચું આવશે, જેના કારણે આજુબાજુના ગામોના લોકોને નદીમાં ટ્યૂબવેલના માધ્યમથી પાણીનો ઉપયોગ થઇ શકે તેમ છે. સરસ્વતી નદીના પાણીનો વહાવ નિરંતર ચાલે તો અત્યારની સ્થિતિએ જે ખારું પાણી ટ્યૂબવેલથી મળે છે, તે મીઠું થઇ શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ મારો સુઝાવ છે.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગ વિધેયકમાં જી.એસ.પી.સી.ની ઇક્વિટી ઇન્ફ્યુઝન માટે ૧૦૦ કરોડ રૂપિયા જેટલી વધારાની રકમનો ખર્ચ થયો છે. તેને સરભર કરવા માટે માનનીય મંત્રીશ્રી આ પૂરક વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે.

મારો કહેવાનો એટલો જ મતલબ છે કે આપણે મોટા ભાગે ઓ. એન. જી. સી.નું પ્રાઇવેટાઇઝેશન કરી નાંખ્યું અને ઓ.એન.જી.સી.ને આપણે જી.એસ.પી.સી. પણ આપી દીધું. હવે ખરેખર આ ચિંતા જે લોકોએ ઓ.એન.જી.સી. અને જી.એસ.પી.સી. લીધા છે, એમણે કરવી જોઇએ અને આપણે એમાંથી હવે બહાર નીકળવું જોઇએ. જો ખરેખર એને વેચાણ આપી જ દીધી છે તો, વેચ્યું છે તો, તેમ છતાં પણ કંપનીના લોઝ અને એના અનુસંધાને ઇક્વિટી ઇન્ફ્યુઝન કરવું પડતું હોય છે. જે કેશ આવે છે એને સરભર કરવા માટે સરકારની જવાબદારી છે. માનનીય મંત્રીશ્રીને કદાચ નહીં ગમતું હોય તેમ છતાં પણ આ જવાબદારી પૂરી કરવી પડે એ એમને માટે એક લો પ્રમાણે જરૂરી છે. એટલા માટે એમણે આ મૂક્યું છે. એટલે એમાં વિશેષ વાત કરતો નથી, પરંતુ હવે પછી આ જી.એસ.પી.સી. અને ઓ.એન.જી.સી., એરપોર્ટ. આની ચિંતા કરવાવાળા બધા છે જ. જેમણે વેચાણ લીધું છે એ. તો સરકાર પ્રજાના માથે વધારે બોજો ના નાંખે એના માટે ખાસ વિનંતી કરવા માટે મેં આ મુદ્દો ઉપસ્થિત કર્યો છે. માનનીય મંત્રીશ્રી ભવિષ્યમાં ધ્યાન રાખે એવી વિનંતી છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના  પૂરક વિનિયોગ વિધેયકમાં મેં જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે, એમાં રાજયની જે વિવિધ સહકારી બેંકો હોય અથવા સહકારી સંસ્થાઓ હોય, એની અંદર લાગતા વળગતાઓની કોઇપણ પ્રકારની નિયત નમૂનામાં જાહેરાત આપ્યા સિવાય ભરતીઓ કરી દેવામાં આવે છે. હમણાં જ થોડા

સમય પહેલા મહેસાણા જિલ્લામાં આવી ભરતીઓ થઇ, નામદાર હાઇકોર્ટમાં પિટિશન થઇ. ગુજકોમાસોલની અંદર પણ ૧૪૦ કર્મચારીઓની ભરતી થઇ. કોઇપણ પ્રકારની પેપરમાં જાહેરાત આપ્યા સિવાય ૧૦-૧૦, ૧૫-૧૫, ૨૦-૨૦ લાખ રૂપિયા લઇને આવી ભરતીઓ કરી દેવામાં આવે. જે ક્વોલિફાઇડ વિદ્યાર્થીઓ હોય, એમની ભરતીઓ થતી નથી. પહેલા નામદાર હાઇકોર્ટમાં આ બાબતે પિટિશન પણ થઇ છે અને હાઇકોર્ટે તપાસ કરવાનું પણ કહ્યું છે. ૮૬ મુજબની કાર્યવાહી કરવાનું પણ કહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ તો સહકારના જાણકાર છો. અગાઉ જે એના સંચાલકો હતા, એમની વિરુદ્ધમાં ૯૩ અથવા ૮૬ મુજબની કાર્યવાહી કરવામાં આવી, પરંતુ આ જે ભરતીઓ કરવામાં આવી એની વિરુદ્ધમાં કોઇ કાર્યવાહી થતી નથી. એટલે આ અટકાવવા માટે સૂચન છે.

બીજું કે સરકારનો જી.એ.ડી.નો એક પરિપત્ર છે. જેના વિરુદ્ધમાં ભ્રષ્ટાચારના આક્ષેપો થયેલા હોય, તપાસ ચાલતી હોય એવા લોકોને સેન્સિટીવ જગ્યા પર મૂકવા નહીં. અહીં તો સરકારના રજિસ્ટ્રાર જ કે જેના ઉપર ભ્રષ્ટાચારના કેસ થયેલા છે. રાજકોટમાં એમના ઉપર કેસ થયેલા છે. સેશન્સ કોર્ટમાં ચાલે છે. સરકાર હજુ પણ એને બચાવવા માટે અપીલમાં નહીં જાય અને જયાં સુધી આવા ઉચ્ચ અધિકારીઓને, ભ્રષ્ટાચારી લોકોને આવા ઉચ્ચ હોદ્ધા ઉપરથી દૂર કરવામાં આવશે નહીં, ત્યાં સુધી સાચી ભરતીઓ થશે નહીં. ગુજરાતના જે કવોલિફાઇડ અને સક્ષમ ઉમેદવારો, વિદ્યાર્થીઓ જે છે, એની ભરતી ત્યાં જયાં સુધી નહીં થાય, ત્યાં સુધી મને લાગે છે કે બેંકોનો વહીવટ સુધરવાનો નથી અને કરોડો રૂપિયા જે ગરીબ લોકોના વિશ્વાસથી મૂકેલા છે, એ રફેદફે ના થાય. આપણે કહીએ છીએ ઘણી બેંકોની અંદર કે બેંકો ઉઠી ગઇ. આવી પરિસ્થિતિ ના થાય, એના માટે આવી યોગ્ય રીતે તપાસ થાય એ માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી અમૃતજી મો. ઠાકોર(કાંકરેજ):માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગ વિધેયકમાં મારા મુદ્ધા ઉપર મારા વિચારો રજૂ કરું છું. મારા મત વિસ્તારની અંદર જે પી.એચ.સી. અને સી.એચ.સી. કેન્દ્રો આવેલાં છે તે કેન્દ્રોમાં મેડિકલ ઓફિસર, એમ.બી.બી.એસ. ડોકટર અને સ્ટાફની ઘટ વર્તાઇ રહી છે. સરકાર પણ આરોગ્યની બાબતને ખૂબ અગ્રિમતા આપી રહી છે ત્યારે મેડિકલ ઓફિસર, એમ.બી.બી.એસ.ની જે ખાલી જગ્યાઓ છે તે ખાલી જગ્યાઓ વહેલી તકે ભરાય તેવી મારી વિનંતી છે અને સાથે સાથે કયારે ભરાશે તે પણ હું જાણવા માગું છું. સાથે સાથે મારા મત વિસ્તારમાં જે ડોકટરો કામગીરી કરી રહ્યા છે તેમને પણ આ ગૃહના માધ્યમથી હું અભિનંદન આપું છું કારણ કે, અમુક ડોકટરો તો ૨૪ કલાક સેવા આપી રહ્યા છે. થરા અને શિહોરીમાં પશુઓની પ્રસૂતિ અંગેના રોગ માટેના ડોકટરની સગવડ અમારે ત્યાં નથી. પાટણ અને ડીસા મારા મત વિસ્તારથી ૩૦થી ૩૫ અને ૫૦ કિલોમીટર દૂર છે. જેના કારણે પશુઓના પ્રસૂતિ માટેના ડોકટરની થરા ખાતે નિમણૂક આપવામાં આવે તો જનતાને મોટો લાભ મળી રહે તેમ છે અને પશુઓની સમયસર પ્રસૂતિ પણ થઇ શકે અને એ વિસ્તારને તેનો સમયસર લાભ મળી શકે.

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સને ૨૦૨૨-૨૩નું પૂરક વિનિયોગ વિધેયક લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. પૂરક માગણી નંબર ૬૬, નાની સિંચાઇ-મોટી સિંચાઇ વિસ્તારની છે. તેમાં મારા મત વિસ્તાર જામજોધપુર તાલુકાની જીણાવારી ગામની નાની સિંચાઇ યોજના બનાવવાની તંત્રની નિષ્ફળતા બાબતે ધ્યાન દોરવા માગું છું. મારા મત વિસ્તારના ખેડૂતો છેલ્લાં ૩૦ વર્ષથી જીણાવારી ખાતે ડેમ બનાવવાની માગણી કરી રહ્યા છે. આ યોજના પૂર્ણ થાય તો આશરે ૬૩.૭૫ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ જીણાવારી ગામના ડેમમાં થઇ શકે એમ છે. અને આ પાણીનો સંગ્રહ થવાથી ૩૦૦ હેકટર રવી પાક માટે અને ૧૦૦ હેકટર શિયાળું પાક માટે એમ ૪૦૦ હેકટર જેટલા વિસ્તારને આનો લાભ મળે એમ છે. આ યોજના વર્ષ ૧૯૯૫માં મૂકી ત્યારે તેમાં ખેડૂતોની ૫૭ હેકટર જમીન ડૂબમાં જાય છે. તે પૈકી એક ખેડૂતે વર્ષ ૨૦૧૭માં અસહમતી દર્શાવેલ છે. પરંતુ છેલ્લાં ૩૦ વર્ષ થયા આ નિમિત્તે નથી કોઇ જમીન સંપાદનની કાર્યવાહી કરવામાં આવી કે નથી આ અસહમતી દર્શાવતા ખેડૂત સાથે કોઇ ચર્ચા કરવામાં આવી. હું આપના દ્ધારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આ જ ગામની સરકારી ખરાબાની અને ગૌચરની જમીન ગ્રામજનોની સહમતી ન હોવા છતાં પણ વિન્ડ ફાર્મ કંપનીને આપી દેવામાં આવેલ છે. આ સિંચાઇ યોજના બનાવવાથી ડેમની આજુબાજુના ૧૦ જેટલા ગામોમાં પાણીના તળ ઊંચા આવે તેમ છે. તેમજ આ ગામમાં શિયાળું તથા ઉનાળું પાકમાં જે પાણીની અછત થાય છે તે દૂર થાય એમ છે. માટે આ સિંચાઇ યોજનાનું કામ તાત્કાલિક હાથ ધરવા માટે જમીન સંપાદનની કાર્યવાહી કરવામાં આવે અને હકારાત્મક પગલાં લઇ તાત્કાલિક ડેમ બનાવવામાં આવે તેવી વિનંતી કરું છું.

ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગ વિધેયકની માગણી લઇને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છુ. આ વિધાનસભા ગૃહમાં કૃષિ મંત્રીશ્રીએ ખેડૂતો માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડી જેવી સહાય આપી અને થોડી ઘણી લાગણી દર્શાવી છે. બટાકા, ડુંગળી અને લસણ એવા જે પાકો છે એનો સ્વાભાવિક રીતે ખેડૂતો સંગ્રહ કરી શકતા નથી. માનીએ છીએ કે ભાવો હવે સરકારના કન્ટ્રોલમાં હોતા નથી. પણ જે સંગ્રહખોર લોકો છે, ખેડૂત અને કસ્ટમર વચ્ચે મોટી ગેપ હોય છે. આજે પણ બજારમાં બટાકા લેવા જઇએ તો ૨૦ કે ૨૫ રૂપિયે કિલો મળે છે. અને ખેડૂતના બટાકા માત્ર બે કે ત્રણ રૂપિયે કિલો લેવામાં આવે છે, એટલે એના વચ્ચેની જે ગેપ છે તે ગેપ પર કઇ રીતે નિયંત્રણ આવે કે જેથી લોકોને સસ્તુ મળે અને સાથે ખેડૂતોને પણ થોડા ભાવ મળે.

બીજું, કૃષિ મંત્રીશ્રીનું એ ધ્યાન દોરવા માગું છું કે આવા સંજોગો અવાર નવાર સર્જાવાના છે અને આવા સંજોગો સર્જાવાના છે ત્યારે ગવર્નમેન્ટના કોલ્ડ સ્ટોરેજ બને તો નાના ખેડૂતો એ સમયમાં પોતાનો માલ સ્ટોરેજમાં મૂકી શકે અને જયાં સુધી ભાવ વધારે ન મળે ત્યાં સુધી એ સંગ્રહ કરી શકે. આ તો મોટા કોલ્ડ સ્ટોરેજ બનાવેલા હોય તેમાં સંગ્રહ કરવા માટે થઇને બટાકાના નીચા ભાવ આવ્યા છે ત્યારે ગૃહમાં બેઠેલાં સભ્યોમાંથી ઘણાં ખેડૂત છીએ. ઘણો બધો વિસ્તાર એવો હોય છે, ઘણા ખેડૂતો એવા હોય છે કે થોડું થોડું બધા પ્રકારનું વાવેતર કરતા હોય છે પણ જ્યાં બટાકાનું હબ હોય તે તમામ જમીનમાં બટાકાનું વાવેતર કરેલું હોય છે. આવા સંજોગો સર્જાયા છે ત્યારે રાજ્યના કૃષિ મંત્રી ખેડૂતો માટે થોડી વિશેષ સહાય કરે. હું તો સમગ્ર ખેડૂતોવતી એટલી માગણી કરું છું કે જ્યારે આ બટાકાનું વાવેતર કરે તે સમયે ૧૨ પ્રકારનો ખર્ચ થાય છે અને ૧૨ પ્રકારના ખર્ચનું કેલ્ક્યુલેશન કરીને એટલું વળતર આપો તો પણ હું ગુજરાતના ખેડૂતોવતી તમને ખૂબ અભિનંદન આપીશ. તેનું કારણ છે કે બટાકાનું બિયારણ કેટલું મોંઘું હોય છે! તેનું મળતર માત્ર ૨ કે ૩ રૂપિયા. એક રૂપિયે કિલો બટાકા આપણે લેવા જવા હોય તો ઘર સુધી પણ ન આવે. આવનારા સમયમાં આ પરિસ્થિતિ ટાળવા માટે ખેડૂતને મદદરૂપ થવું જોઇએ. કેમ કે ખેડૂતો જેટલો ટેક્સ સરકારમાં ભરે છે તેના પ્રમાણમાં સરકાર તરફથી ખેડૂતોને જે મળવું જોઇએ તે બીજા કરતા પ્રમાણમાં ઓછું મળે છે. આપણે કાયમ ખેડૂતોની ડબલ આવક ઊભી કરવા માટેની વાત કરતા હોઇએ છીએ. અત્યારે બટાકાનો ભાવ એક રૂપિયા, બે રૂપિયા છે, તો તેને ડબલ ગણવા કે શું ગણવું? આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે રાજ્ય સરકાર ખેડૂતો માટે વિશેષ પેકેજ જાહેર કરે એવી અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : આ માત્ર મુદ્દાઓ હતા. કાપ દરખાસ્તો હોય એ જ પ્રમાણેના મુદ્દા હોય છે. જે સંસદીય કાર્યરીતિમાં મુદ્દા રજૂ કરવામાં આવે છે. તો આ મૃદ્દા રજૂ થયા છે તેનો જવાબ માનનીય મંત્રીશ્રી આપીને આપનું પ્રવચન કરી શકશો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં સને ૨૦૨૨-૨૩ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓ પૈકી ૧૦ માગણીઓની આ સભાગૃહમાં વિસ્તૃત ચર્ચા થઇ છે. બાકીની માગણીઓ ગિલોટિનથી પસાર થઇ છે. આજ રોજ સન ૨૦૨૨-૨૩ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓના પૂરક વિનિયોગ વિધેયક ઉપર વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ ડો. સી.જે. ચાવડા સાહેબ, ગેનીબેન, શ્રી ઉમેશભાઇ મકવાણા, શ્રી દિનેશભાઇ ઠાકોર, ડો. કિરીટભાઇ પટેલ, શ્રી અમૃતજી ઠાકોર અને શ્રી હેમંતભાઇએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે અને એ બાબતે જે ચિંતા પ્રગટ કરી છે તેના ટૂંકમાં જવાબ આપવાનો હું પ્રયત્ન કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ગેનીબેને જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તેમાં સમગ્ર ગુજરાતમાં બટાટા પકવતા ખેડૂતોને પૂરતા ભાવ મળી રહે તેની વ્યવસ્થા કરવામાં આવેલ નથી તે બાબતે ચિંતા વ્યક્ત કરેલ છે. આ બાબતમાં સભાગૃહના માધ્યમથી જણાવવા માગું છું કે ગુજરાત રાજ્યમાં બટાકાનું સરેરાશ વાવેતર અંદાજિત ૧.૨૫ લાખ હેક્ટર જમીનમાં થાય છે અને તેનાથી અંદાજિત ૩૮.૪૨ લાખ મેટ્રિક ટન ઉત્પાદન મળતું હોય છે. ચાલુ વર્ષે અંદાજિત ૧.૩૧ લાખ એટલે કે થોડો વાવેતર વિસ્તાર વધ્યો છે. તેના લીધે ૪૦.૨૬ લાખ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન થવાની શક્યતા છે. જે સામાન્ય સંજોગો કરતાં ૨ લાખ મેટ્રિકટન વધુ ઉત્પાદન થવાની સંભાવના છે. પરિણામે વિવિધ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં બટાકાના જથ્થાબંધ સરેરાશ ભાવ રૂ. ૫૪૪ પ્રતિ ક્વિન્ટલ સુધીના જોવા મળેલ છે. ખેડૂતો દ્વારા બટાટાની ખરીદીના ભાવોમાં મોટો ઘટાડો થશે તેવી રજૂઆતો સરકારશ્રીને મળતાં બટાટાના ભાવમાં ઘટાડો અટકાવવાં આગોતરાં પગલાં ભર્યાં છે. જે બટાટાની અન્ય રાજ્યો/દેશોમાં નિકાસ થાય, તે ખેડૂતોને સારા બજારભાવ મળી શકે. આથી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે બટાટાની નિકાસના વાહતુક ખર્ચમાં સહાય, ખેડૂતો દ્વારા કોલ્ડ સ્ટોરેજમાં ખાવાના બટાકાનો સંગ્રહ કરે તેમજ રાજ્યની અન્ય એ.પી.એમ.સી.માં બટાકાનું વેચાણ થાય તે માટે સહાય આપવા ત્વરિત નિર્ણય લઇ રૂ. ૨૪૦ કરોડની સહાયની જાહેરાત કરી છે. આમ, અમે મુશ્કેલીના સમયમાં જગતના તાત ખેડૂતની પડખે ઊભા રહ્યા છીએ. ખાસ કરીને ગેનીબેનનું એક સુંદર સજેશન હતું કે સરકાર કોલ્ડ સ્ટોરેજ બનાવે પણ આના માટે હું શ્રી જગદીશભાઇને આ શક્યતા તપાસી સહકારી ધોરણે કોલ્ડ સ્ટોરેજ બને તો ખેડૂતોને ફાયદો થઇ શકે. સરકાર આ બાબતમાં પોઝિટિવ વિચાર કરશે. માનનીય ધારાસભ્યશ્રી કિરીટકુમાર પટેલે વિવિધ જિલ્લા સહકારી બેંકો દ્વારા કરાતી ભરતીઓમાં થતી ગેરરીતિ અટકાવવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ નથી. તે બાબતે મારે ખાસ જણાવવાનું કે હાલમાં રાજયમાં એક રાજય સહકારી બેંક, એક કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક, ૧૮ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો અને તેની ૧૪૧૮ ઉપરાંત શાખાઓ અસ્તિત્વમાં છે. વૈદ્યનાથન કમિટીની ભલામણો અન્વયે સહકારી ધિરાણ માળખાને એટલે કે ગુજરાત રાજ્ય સહકારી બેંક, જિલ્લા સહકારી બેંકો અને પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓના વહિવટ અસરકારક થાય તે હેતુથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ૧૯૬૧માં સને ૨૦૦૮માં જરૂરી સુધારા કરવામાં આવેલ છે. આ પૈકી સહકારી કાયદાની કલમ-૪૪(ક) મુજબ સહકારી ધિરાણ માળખાની સમિતિને એટલે કે તેના બોર્ડને તેના નાણાકીય અને આંતરિક વહીવટી બાબતને લગતી બાબતોનો નિર્ણય કરવાની સત્તાઓ સોંપેલ છે. જિલ્લા સહકારી બેંકો પોતાની કામકાજની જરૂરિયાત પ્રમાણે સ્ટાફની ભરતી, બઢતી, કર્મચારીગણની વ્યવસ્થા, તાલીમ અને તેમના વળતરને લગતા વિષયો સહિત કર્મચારીગણને લગતી નીતિઓ બાબતે નિર્ણય લઇ શકે છે. નાબાર્ડ દ્વારા જિલ્લા સહકારી બેંકને ઇન્સ્પેકશન અન્વયે ઉપસ્થિત થયેલ ખામીઓ અને ક્ષતિઓ બાબતે સમયાંતરે સૂચનાઓ આપવામાં આવે છે. આ સહકારી બેંકોના સંચાલનમાં કોઇ ક્ષતિઓ હોય તો સહકારી કાયદાની જુદી જુદી જોગવાઇઓ અન્વયે બેંકો સામે પગલાં ભરવામાં આવે છે. સહકારી કાયદા અન્વયે બેંકોના

હિસાબોના વૈધાનિક ઓડિટ દર વર્ષે કરવામાં આવે છે તથા બેંકોના ઈન્સ્પેકશન પણ સમયાંતરે કરવામાં આવે છે. જયારથી આપણ યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ કેન્દ્રમાં પણ સહકારનું નવું ખાતું ઊભું કરીને આપણા યશસ્વી ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબને જયારથી સહકાર મંત્રાલય સોંપ્યું છે ત્યારથી ભારત સરકાર દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૦થી બેંન્કિંગ અને રેગ્યુલેશન એકટ-૧૯૪૯માં કરેલ સુધારા મુજબ જરૂર જણાયે સહકારી બેંકના બોર્ડ ઓફ ડાયરેકટરશ્રીને દૂર કરી વહીવટદાર નિમવાની સત્તાઓ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને પ્રાપ્ત થયેલ છે. વધુમાં જિલ્લા સહકારી બેંકોના ઓડિટરની નિમણૂક સને ૨૦૨૧-૨૨ના વર્ષથી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવે છે. આમ વિવિધ જિલ્લા સહકારી બેંકો દ્વારા કરાતી ભરતીઓમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આપણા માનનીય સભ્યશ્રી ચાવડાસાહેબે GSPC LNGને ઈક્વિટી ઈન્ફયુઝ કરવા ખર્ચવામાં આવતી રકમનું પૂરેપૂરું વળતર મેળવવામાં આવતું નથી તેની વાત કરી છે તે બાબતે જણાવવાનું કે GSPC LNGના ટર્મિનલનો અંદાજિત પ્રોજેકટ ખર્ચ રૂપિયા ૪,૫૪૫ કરોડ છે. (૭૦:૩૦ ડેટ ઈક્વિટી રેશિયો લાંબા ગાળાની લોનના એગ્રીમેન્ટ મુજબ રૂપિયા ૧૩૬૩.૫ કરોડ ઈક્વિટીના ભાગરૂપે થાય છે અને રૂપિયા ૩૧૮૧.૫૦ કરોડ લોન રૂપે થાય છે. ૯૭૦.૧૩ કરોડની ઈક્વિટી જુદા જુદા સ્ત્રોતમાંથી કંપનીને મળી છે. ઉપરાંત પ્રોજેકટ માટે બાકીની ઈક્વિટીને પહોંચી વળવા વર્ષ ૨૦૨૨-૨૩ના સુધારેલા અંદાજપત્રમાં રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આમ, પ્રજાના વિકાસ માટે આપણા દેશનું સૌ પ્રથમ ટર્મીનલ બની રહ્યું છે અને એના લીધે ઉદ્યોગોનું પ્રદૂષણ ઘટાડવામાં ઘણો બધો ફાયદો થશે એટલે ઈક્વિટી ફાળવણીનો ઉપયોગ પ્રોજેકટના કેપિટલ ખર્ચને પહોંચી વળવા માટે કરવામાં આવતો હોય છે. ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટમાં કરેલ રોકાણ પરનું વળતર પ્રોજેકટ સંપૂર્ણપણે કાર્યરત થઈ જાય પછી પ્રાપ્ત કરવાનું થતું હોય છે. ગુજરાત સરકાર દ્વારા GSPC LNG ટર્મીનલમાં જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે રોકાણ કરવામાં આવેલ છે જેનું વળતર પ્રોજેકટ કાર્યરત થયા પછી મળવાનું શરૂ થશે જેનાથી અનેક રોજગારી ઊભી થશે અને પર્યાવરણને ફાયદો થશે આથી આ સંદર્ભમાં તંત્રની નિષ્ફળતાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માનનીય ધારાસભ્યશ્રી દિનેશભાઈ ઠાકોરે પાટણ જિલ્લાના ચાણસ્મા, સમી અને શંખેશ્વર તાલુકાનાં ગામડાઓમાં સિંચાઈની પૂરતી સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ નથી તેમ જણાવેલ છે. આ બાબતે મારે જણાવવાનું કે પાટણ જિલ્લાના ચાણસ્મા, સમી અને શંખેશ્વર તાલુકાના અનુક્રમે ૭૧૧૪, ૫૫૯૯૮, અને ૪૦,૦૨૧ હેકટર વિસ્તાર નર્મદાની નહેરોની સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. સમી અને શંખેશ્વર તાલુકાનો સમગ્ર વિસ્તાર નર્મદા આધારીત સિંચાઈ વ્યવસ્થા હેઠળ આવરી લેવાયેલ છે. જયારે ચાણસ્મા તાલુકાથી બાકી રહેતા નર્મદા મુખ્ય નહેરથી ઉપરના પૂર્વ તરફના વિસ્તારમાં સિંચાઈ સુવિધા માટે નર્મદા મુખ્ય નહેર આધારીત ઉદવહન પાઈપલાઈનો દ્વારા તળાવો જોડી સિંચાઈ વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે.આમ, માનનીય દિનેશભાઈ દ્વારા કહેવાયેલી તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લાં ૨૨ વર્ષમાં ઘણા અવરોધો પાર કરીને માત્ર પાટણ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતમાં નર્મદાના નીર પહોંચતા કર્યા છે. જે કાંઈ કામ બાકી હશે તે રજૂઆત મળ્યેથી તમે જે સૂચનો કર્યાં છે, એના અમલીકરણની શક્યતાઓ તપાસી એમાં આગળનો નિર્ણય લઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી હેમંતભાઈએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં જીણાવારી ખાતે ડેમ બનાવવા અંગે જે ચિંતા કરી છે એ બાબતમાં જણાવવાનું કે જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના જીણાવારી ગામે ડૂબાણ વિસ્તારમાં આવતા ડૂબાણ વિસ્તારના તમામ ખાતેદાર અસરગ્રસ્તોને યોજનાની પૂરેપૂરી સમજ આપવામાં આવી છે. ત્યારબાદ તેમની પાસે જમીન સંપાદન બાબતે સંમતિ માગવામાં આવતા અસરગ્રસ્તો દ્વારા વિરોધ અરજી કરવામાં આવી છે. એટલે કે જમીન સંપાદન અંગેની સંમતિ આપવામાં આવેલ નથી. ડૂબાણ વિસ્તારના ખાતેદાર અસરગ્રસ્તો દ્વારા સંમતિ મળ્યેથી ટેકનિકલ અને આર્થિક પાસાઓની ચકાસણી કરી યોજનાની કામગીરી હાથ ધરવામાં આવશે. આપણે સાથે રહીને કામગીરી કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી અમૃતજી ઠાકોરે કાંકરેજ મત વિસ્તારમાં આવેલ પી.એચ.સી. અને સી.એચ.સી. દવાખાનાઓમાં કામ કરતાં ડોકટરો સારી કામગીરી કરે છે એની પ્રશંસા કરી છે. સાથોસાથ ચિંતા વ્યક્ત કરી કે પૂરું મહેકમ ભરાયેલ નથી. મારે જણાવવાનું કે પી.એચ.સી.માં મંજૂર થયેલ મહેકમ સામે ૩ જ જગ્યા ખાલી રહેવા પામેલ છે. સી.એચ.સી.માં વર્ગ-૧થી વર્ગ-૪ની ૧૦૪ જગ્યાઓ મંજૂર થયેલ છે. જે પૈકી મહત્તમ જગ્યાઓ ભરાયેલી છે અને બાકીની જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી ઉમેશભાઈએ ઉદ્યોગોની જેમ ખેડૂતોને પણ ૨૪ કલાક વીજળી પૂરી પાડવાની વાત કરી છે. એમાં ખાસ જણાવવાનું કે ભૂતકાળમાં ફક્ત ૧૫થી ૨૦ હજાર ખેતીવાડીના નવા જોડાણો આપવામાં આવતા હતા. અમારી સરકાર દર વર્ષે ૬૦થી ૬૫ હજાર કૃષિ વિષયક વીજ જોડાણો આપે છે અને જે જોડાણો વર્ષો સુધી પડતર રહેતા હતાં, તે અત્યારે ફક્ત ૩૫થી ૪૦ હજાર વીજ જોડાણો પેન્ડિંગ છે. હાલમાં રાજ્ય સરકાર દ્વારા સ્વીકૃત નીતિ અનુસાર સામાન્ય સંજોગોમાં ખેતીવાડી હેતુ માટે કૃષિ ફિડરમાંથી ૮ કલાક સાતત્યપૂર્ણ વીજ પુવઠો આપીએ છીએ. આમ છતાં વરસાદ ખેંચાતો હોય અને ઊભા પાકને બચાવવો જરૂરી જણાય તેવા વિશિષ્ટ સંજોગોમાં જરૂરિયાત મુજબ સરકાર દ્વારા કૃષિ વીજ ધારકોને પ્રતિદિન સરેરાસ ૮ કલાક કરતાં વધારે કલાકો માટે વીજ પુરવઠો આપવામાં આવેલ છે. ખેડૂતોના ઊભા પાકને પાણીના અભાવે નુકસાન ન થાય એ અમારી પ્રાથમિકતા છે. વીજ માંગ અને પુરવઠા વચ્ચે સંકલન જાળવીને પિયતની

તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

જરૂરિયાત મુજબ ખેડૂતોને ૮ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે જેને ઉદ્યોગોની સાથે સરખાવી શકાય નહીં. રાજ્યની વીજ વિતરણ કંપનીઓ કૃષિ વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા માટે જાગૃત અને કાર્યશીલ છે, તેથી તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૩ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક -૧૪- સન ૨૦૨૩નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૩નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ત્રણ લાખ કરોડનું બજેટ લઇને આવ્યા છે. અહીંયા ગૃહ સમક્ષ શ્રી અર્જુનભાઇ સાહેબને વિષાદ થતો હોય કે ના થયો હોય પણ મહાભારતના યુદ્ધની જેમ મને તો અહીં અમારા કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, શ્રી બલવંતસિંહજી, શ્રી કુંવરજીભાઇ, શ્રી ભીખુસિંહ, શ્રી જયદ્રથસિંહ, શ્રી સી. કે. રાઉલજી, શ્રી માનસિંહ, શ્રી વી. ડી. ઝાલા, શ્રી અલ્પેશભાઇ ઠાકોર, શ્રી હાર્દિક પટેલ આમ નામ દઇશ તો પચાસ ટકા થઇ જશે. આ બધાને જોઇને મને વિષાદ થાય છે અને લાગે છે કે મારે કોની સામે લડવાનું? જેમ મહાભારતના યુદ્ધમાં ગીતા ઉપદેશ થયો એમ આ લોકશાહીના યુદ્ધમાં જ્યારે વિરોધ પક્ષની ભૂમિકા ભજવવાની આવી છે ત્યારે જેમ ગીતા ઉપદેશ અર્જુનને થયો એમ અમને પણ આ વિશાળ યુગમાં કાંઇક કહેવાનું મન થાય એવું પ્રજા તરફથી કહેવામાં આવ્યું છે કે ભલે મામકાના, મામા-ફોઇના છે પણ કહેવું પડશે એટલા માટે હું કહેવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનું દેવું જેટલું રૂપિયા ત્રણ લાખ કરોડનું બજેટ એટલું જ ત્રણ લાખ કરોડ રૂપિયાનું દેવું. ગુજરાતનું જન્મતું દરેક બાળક ૭૦ હજારના દેવા સાથે જન્મે છે. ગુજરાત એ ગાંધી અને સરદારનું ગુજરાત, શ્રી કૃષ્ણ ભગવાન અને સહજાનંદ સ્વામીનું ગુજરાત. જ્યારે બીજાં રાજ્યોને આપણે મદદ કરતા હતા. બિહાર જેવા રાજ્યને આકસ્મિક કુદરતી આફત આવે તો મદદ કરતા હતા એ રાજ્યને આજે ત્રણ લાખ કરોડનું દેવું થાય છે એ ચિંતાનો વિષય છે. માનનીય નાણામંત્રી તો ઋષિ જેવા નાણામંત્રી છે તો આ વિષયમાં ચિંતા કરે અને રાજ્યનું દેવું ઘટશે તો જે મહેસૂલી ખર્ચ છે દર વર્ષે ૨૦ હજાર કરોડ રૂપિયા વ્યાજ પેટે ચૂકવવા પડે છે અને ૨૦ હજાર કરોડ રૂપિયા જેટલી રકમ મૂડીના હપ્તા પેટે વ્યાજની મૂડી લીધી છે એના હપ્તા પેટે એટલે ૪૦ હજાર કરોડ રૂપિયા ત્રણ લાખ કરોડમાંથી બાદ કરી નાખો તો રૂપિયા ૨ લાખ ૬૦ હજાર કરોડનું જ બજેટ વધે. એમાંથી રૂપિયા ૪૦ હજાર કરોડનો પગાર કાપી નાંખો એટલે રૂપિયા ૨ લાખ ૨૦ હજાર જ વધે, પેન્શનના રૂપિયા ૨૦ હજાર કરોડ કાપી નાંખો એટલે રૂપિયા ૨ લાખ કરોડ જ વધે. જે વધે છે એમાં પણ મહેસૂલી ખર્ચ વધારે થાય છે. મૂડી ખર્ચ કરો. જેમ અમે મૂડી ખર્ચ વધારે કરીશું જેમ અત્યારે તમારે વેચીને આવક ઊભી કરવાની થાય છે. માનનીય નાણામંત્રી તમે અમારા ભવિષ્યની ચિંતા કરો જેથી અમે પણ ભવિષ્યમાં વેચી શકીએ અને કાંઇક આવક ઊભી કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા તજજ્ઞ માનનીય ધારાસભ્યશ્રી બોલતા હતા કે ત્રણ લાખ કરોડ રૂપિયાનું બજેટ છે. કોંગ્રેસના શાસનમાં ૧૦ હજાર કરોડ, ૨૦ હજાર કરોડના આંકડા હતા. પહેલી મે ૧૯૬૦ના દિવસે ગુજરાતની રચના થઇ, એ પછી જે બજેટ રજૂ થયું ત્યારે ફક્ત ૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ હતું. આજે ૩ લાખ કરોડ રૂપિયાનું બજેટ છે. મારે જે વાત મૂકવી છે તે એ વાત મૂકવી છે કે ૫૦૦ કરોડ રૂપિયાના બજેટમાં પણ ગુજરાતમાં જેટલી નદીઓ હતી નર્મદા, તાપી, મહી, વિશ્વામિત્રી, સાબરમતિ, સરસ્વતિ, સૌરાષ્ટ્રની આજી, ભાદર, મચ્છુ બીજી કોઇ રહી જાય તો શ્રી રાઘવજીસાહેબ યાદ કરજો જેટલી છે. આ તમામ નદીઓ ઉપર ડેમ બનાવીને ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ શ્રીમતી ઇન્દિરા ગાંધીના શાસનમાં હરિયાળી ક્રાંતિ આવી ત્યારે થયું છે. રૂપિયા ૫૦૦ કરોડ, ૧૦૦૦ કરોડ નહીં ૧૦૦૦૦ કરોડના બજેટમાં પણ આવા મૂડી ખર્ચ કરીને ડેમ બનાવ્યા અને ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યું. ૨૭ વર્ષના શાસનમાં રૂપિયા ૩ લાખ કરોડના બજેટ સુધી પહોંચ્યા, પણ એક નદી ઉપર એક ડેમ બનાવ્યો હોય તો જાહેર કરે હું કોંગ્રેસમાંથી રાજીનામું આપું અને તમારી વચ્ચે આવીને બેસું. એક પણ ડેમ બનાવ્યો નથી. (અંતરાય) હા, તમે ચોક્કસ બોરીબંધ બનાવ્યા પણ એક પણ નદી ઉપર એક પણ ડેમ બનાવ્યો નથી. હું ચેકડેમની વાત કરતો નથી. આ લાખ લાખ કરોડ રૂપિયાના ડેમ ધરોઇ ડેમ બનાવવા જાવ તો લાખ કરોડ રૂપિયા જોઇએ. નર્મદાનો ડેમ બનાવવા જાવ તો રૂપિયા બે લાખ કરોડ જોઇએ. તાપી નદી ઉપર ડેમ બનાવવા જાવ તો રૂપિયા ૫૦૦૦૦ કરોડ જોઇએ. એવા ડેમની વાત કરું છું. બોરીબંધ કે ચેકડેમની વાત કરતો નથી. શ્રીમતી ઇન્દિરા ગાંધીના સમયમાં શ્વેત ક્રાંતિ આવી. આપણા ડો. વી. કુરિયને આખા દેશની લીડ કરી. ગીર, કાંકરેજ જેવી ઓલાદો, મહેસાણી, સુરતી જેવી

ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

ભેંસોની ઓલાદો, પાટણવાડી, મારવાડી જેવી ઘેટાની ઓલાદો આ ગુજરાતની દેન છે. શ્વેતક્રાંતિમાં જેટલા જિલ્લા હતા એ સમયે ખેડા જિલ્લો હોય તો અમૂલ ડેરી, મહેસાણામાં સાગર ડેરી, આપ જે ડેરીના ચેરમેન છો એ બનાસકાંઠા જિલ્લાની કાયાપલટ કરનાર બનાસ ડેરી, સાબરકાંઠામાં સાબર ડેરી, ગાંધીનગરમાં મધુર ડેરી, અમદાવાદમાં આબાદ ડેરી જેમ જેમ આગળ જાવ તેમ તમામ જિલ્લાઓમાં ડેરીઓ, સંઘો, ફિલિંગ સેન્ટરો, ગામડે ગામડે દૂધ સહકારી મંડળીઓ આ બધું બનાવવાનું કામ કોંગ્રેસના શાસનમાં શ્વેત ક્રાંતિમાં થયું. ૧૯ જિલ્લામાંથી શ્રી શંકરસિંહજી વાઘેલા સાહેબે ૨૫ જિલ્લા કર્યા. ૬ જિલ્લા નવા બનાવ્યા. ૨૭ વર્ષના શાસનમાં તમે પણ ૮ નવા જિલ્લા બનાવ્યા. ૩૩ જિલ્લા થયા. નવા જિલ્લા બન્યા એમાં અમૂલ ડેરી જેવી કે સાબર ડેરી જેવી કે બનાસ ડેરી જેવી કે વસુંધરા ડેરી જેવી, મધુર ડેરી જેવી કે એવી કોઇ ડેરી બનાવવાનું સૂઝ્યું નહીં. કેમ હડપવી એ સૂઝ્યું પણ નવી ડેરી બનાવવાનું સૂઝ્યું નહીં અને ખાલી સૂત્રો આપવાના "અમૂલ દૂધ પીતા હૈ ઇન્ડિયા" તો અમૂલ દૂધ પીતા હૈ ઇન્ડિયાનું જોર તમને નથી આવ્યું, ખેડૂતોને આવ્યું છે, અમને આવ્યું છે અને શ્વેતક્રાંતિમાં પશુપાલકોને આવ્યું છે. ગુજરાતની જનતાને આવ્યું છે. અત્યારે બોલવું તો બહુ સહેલું છે. ફોટા પડાવવા બહુ સહેલા છે, ટી.વી.માં, સોશિયલ મિડિયામાં મૂકવું બહુ સહેલું છે પણ એક નવી ડેરી બનાવવી હોય તો આજે ૩ લાખ કરોડ રૂપિયાનું બજેટ છે. સાગર ડેરી જેવી કે અમૂલ ડેરી જેવી એક નવી ડેરી બનાવીને ગુજરાતની કાયાપલટ કરવાનું કામ કર્યું હોત તો ચોકકસ હું તમને સહકાર આપત પણ નથી કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં જેટલા વીજ મથકો બનાવ્યા એમાંથી ૨૦ ટકા વીજ મથકો તમે નવા બનાવ્યા ખરા? દરેક નદી ઉપર હાઇડ્રો વીજ મથક, ગેસથી ચાલતા વીજ મથક, કોલસાથી ચાલતા વીજ મથકો તમે તો પ્રાઇવેટાઇઝેશન કરી દીધું. જેટલી કેપેસિટીના વીજ મથકો કોંગ્રેસના શાસનમાં બનાવ્યા છે, જેટલી મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની થાય એના ૧૦થી ૨૦ ટકા વીજળી પણ તમે ઉત્પન્ન કરતા નથી. કારણ શું છે? શાનું કારણ છે? પ્રાઇવેટાઇઝેશન. ૧૦૦૦૦ કે ૧૫૦૦૦ કરોડ રૂપિયાની વીજળી ખરીદવામાં આવે છે. કોઇકનું વિદ્યુત મથક ચાલે, કોઇકનું વિદ્યુત મથક વેચાણથી વીજળી લઇને ચલાવે ચલો, એમાં પણ વાંધો નહીં પણ એ વીજળી ખરીદીને જો ખેડૂતોને ૨૪ કલાક વીજળી આપી હોત. ખેડૂતને વીજળીની મીટર પ્રથા દૂર કરીને શ્રી અમરસિંહ ચૌધરીના શાસનમાં ૬૦૦ રૂપિયા હોર્સ પાવર, શ્રી શંકરસિંહજી વાઘેલા અને શ્રી આત્મારામ પટેલના શાસનમાં ૫૦૦ રૂપિયા હોર્સ પાવર અને ૨૭ વર્ષના શાસનમાં તમે પાછલા બારણે મીટર પ્રથા દાખલ કરી અને ખેડૂતને બરબાદ કરવાનું કામ આ સરકારમાં થયું છે. તમે મીટર પ્રથા દૂર કરીને હોર્સ પાવર કરીને મફત વીજળી આપી હોત, સતત વીજળી આપી હોત, દિવસે વીજળી આપી હોત તો ચોક્કસ આ બજેટને હું આવકારતો, પણ આમાંનું કંઇ નહીં. વીજળીના થાંભલા તમે તોડ્યા હતા તે મને યાદ છે. અમે ભણતા હતા ત્યારે ઝાડ તોડ્યા, રોડ ખોદયા, એસ.ટી.ઓ સળગાવી, જય જવાન જય કિસાન, જય જવાન જય કિસાન, અયોધ્યા તો ઝાંકી હૈ ને કાશી મથુરા બાકી હૈ, આવા સૂત્રો પોકારી પોકારીને તમે જે આંદોલનો કર્યા હતા તે ખેડૂતો માટે કર્યા હતા પણ તે ખેડૂત માટે તમે કંઇ કર્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં છે. તમે કોઇ સિવિલ હોસ્પિટલ બનાવી નથી તો પૈસા નાંખ્યા કયાં એ પ્રશ્ન થાય છે. હું એક-બે મિનિટમાં મારી વાત પૂરી કરીશ. તમે જયારથી આવ્યા ત્યારથી ગુજરાતની પ્રજા અને લોકોની દિશાભ્રમ કરવા માટે ઉત્સવ લાવ્યા. કૃષિ મહોત્સવ, વન મહોત્સવ, શાળા પ્રવેશ મહોત્સવ, કન્યા પ્રવેશ મહોત્સવ, તમે જુઓ તો ખરા શ્રી અલ્પેશભાઇ. તમે ઉજવવામાં મશગૂલ રહો. કન્યા પ્રવેશ મહોત્સવ. સાહેબ, તેમને મંત્રી બનાવજો.

અધ્યક્ષશ્રી : આમાં શ્રી અલ્પેશભાઇ એવું છે કે, આજે અર્જુનનો વિષાદયોગ નથી પણ કર્ણનો વિષાદયોગ છે. એટલે તમે એમાં બહુ બોલશો નહીં.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કર્ણની ભૂમિકામાં શ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ છે. આજે આવ્યા નથી એટલે હું બોલ્યો નથી. પ્રવેશ મહોત્સવ, કન્યા પ્રવેશ મહોત્સવ, હમણાં તમે હોળી મહોત્સવ કર્યો. વરસાદ પડે તો વધામણાંનો મહોત્સવ અને ના પડે તો કહે મનામણાંનો મહોત્સવ. મનામણાં કરો, વધામણાં કરો પણ સરકાર દર વર્ષે એક હજાર કરોડ રૂપિયા ઉત્સવ પાછળ ખર્ચે છે તેના બદલે પીવાના પાણીના ટ્યૂબવેલ બનાવ્યા હોત, શાળાના ઓરડા બનાવ્યા હોત, સી.એચ.સી., પી.એચ.સી. બનાવ્યા હોત, આંગણવાડી કેન્દ્રો બનાવ્યા હોત તો આ ત્રણ લાખ કરોડ રૂપિયાના બજેટને અમે આવકારતા, પણ એમાંનું કશું થયું નથી એટલે મારો વિષાદયોગ તો ચાલું જ રહેશે. આવતી વખતે જોઇશું. માનનીય નાણામંત્રીશ્રી તમે જે રૂપિયા ત્રણ લાખ કરોડનું બજેટ લઇને આવ્યા છો અને દેવું રૂપિયા ત્રણ લાખ કરોડ સુધી પહોંચ્યું છે ત્યારે તમે જયારે આટલા અભ્યાસું છો, ઋષિ જેવા છો અને તમારી વિચારધારા ગુજરાતની પ્રજા સાથે સંકળાયેલી છે ત્યારે આવતા બજેટમાં આ દેવું ઓછું થાય, મૂડી ખર્ચ વધે, રાજયનું મહેસૂલી ખર્ચ ઘટે તથા કર્મચારીઓની ભરતી થાય. એક અડધી મિનિટમાં વાત પૂરી કરીશ. વર્ષ ૧૯૯૬-૯૭માં શંકરસિંહજી વાઘેલાની સરકાર હતી. આ તમારે બધાએ જાણવા જેવું છે. ત્યારે ગુજરાતની સરકારમાં ૫ લાખ ૪૩ હજાર કર્મચારીઓ કામ કરતાં હતાં. સરકારી, અર્ધ સરકારી, કોર્પોરેશન, બોર્ડ, સ્કૂલો, ગ્રાન્ટેડ સ્કૂલો, કોલેજો બધામાં. આજે ૨૫ વર્ષ થઇ ગયા ગુજરાતની વસતિ ૩ કરોડના બદલે ૬ કરોડની થઇ. ડિપાર્ટમેન્ટ ૨૮ ચાલતા હતા તેની જગ્યાએ ૫૬થી ૫૭ ચાલે છે. આ સંદર્ભે જોતાં ૧૧ લાખ જેટલા કર્મચારીઓ કામ કરે ત્યાં સુધી તમે એકપણ કર્મચારીની ભરતી કરી ના કહેવાય. આજે દુઃખ સાથે કહેવું પડે છે કે, ૫ લાખ ૪૩ હજારને બદલે ૫ લાખ ૧૦ હજાર કર્મચારીઓ કામ કરે

છે. આઉટ સોર્સિંગ, કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કામ કરાવો છે તેના કારણે પણ આ દેવું વધ્યું છો તેમ કહું તો ખોટું નથી. મારી વાત પૂરી કરું છું.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ખેતી માટે વાત કરવા ઊભો થયો છું. આપણા ડો. સી.જે.ચાવડા સાહેબે બહુ મોટી વાત કરી. એમને ખબર નથી કે, આ બહેનોના માથેથી બેડાં ઉતાર્યા હોય તો તે મોદી સાહેબે ઉતાર્યા છે. પહેલાં બહેનો બેડાં લઇને પાણી ભરવા જતી હતી તેનો એમને ખ્યાલ હોવો જોઇએ. ઘરે-ઘરે પાણી આપ્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે. કૃષિની વાત કરીએ તો મારો ખેડૂત તેમના જમાનામાં બિચારો-બાપડો હતો. ખેડૂતની દશા અને દિશા સુધારી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે સુધારી છે. મારે કહેવું જોઇએ કે, ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોની ચિંતા કરીને ખેડૂતોના ખેતરમાં ભેલાણ ન થાય તેના માટે ફેન્સિંગ કરવા માટે ૫૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. ઉભો પાક જે તે સમયે ભેળાતો હતો. તેમના રાજમાં રાજ, રાજ્ય અને પ્રજા સુખી હતી. ખાતેદારોને અકસ્માત વીમો અને મારે આ તકે કહેવું જોઇએ કે, કોંગ્રેસના રાજ્યમાં કોઇ દારૂ પીને મરે, લઠ્ઠો પીને મરે તો તેને પૈસા મળે. મારો ખેડૂત ખેતરમાં ગયો હોય, કરંટ લાગે મૃત્યુ પામે કે પાણીમાં ડૂબી જાય તો પણ એને રૂપિયો ન મળે. માનનીય સી.જે.ચાવડા સાહેબ આ સરકાર ખેડૂતોની ચિંતા કરે છે કે નહીં એવી વાતો કરે છે ત્યારે મારે કહેવું છે કે ખેડૂતોની કોઇએ ચિંતા કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે, આ સરકાર ખેડૂતો માટે આજીવન ઊભી છે. અમે ખેડૂતોની ચિંતા કરી છે એટલે જ ખેડૂતોએ અમારી ચિંતા કરી માટે અમે આજે આ ગૃહમાં આટલા બધા બેઠાં છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ખેડૂતો માટે નોન એગ્રિ ફર્ટીલાઇઝર જંતુનાશક દવા માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરી છે, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ ઝોન માટે આ સરકારે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. ખેડૂતોને સમયસર પૂરતા પ્રમાણમાં રાસાયણિક ખાતર મળી રહે એની પણ ચિંતા આ સરકારે કરી છે અને એના માટે ૫૦ કરોડ રૂપિયાની આ સરકારે જોગવાઇ કરી છે. આ ઉપરાંત અગત્યની કોઇ નાની મોટી જરૂરિયાત માટે આ સરકારે ૩૫ કરોડ રૂપિયા ખેડૂતો માટે ફાળવ્યા છે. આ સરકાર એ ખેડૂતોની, પીડિતોની, વંચિતોની અને છેવાડાના માનવીની બધાની ચિંતા કરતી સરકાર છે, માત્ર ખેડૂતોની જ નહીં બધાની ચિંતા આ સરકાર કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિની વાત કરીએ તો કૃષિ માટે આ સરકારે ખૂબ ચિંતા કરી છે. આ સરકારે દક્ષિણ ગુજરાતમાં શેરડી પકવતા ખેડૂતો માટે એમને કેન્દ્ર ખોલવા માટે ૨.૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આ સરકાર જ્યાં જ્યાં જરૂર પડે ત્યારે ખેડૂતો માટે ઊભી છે અને સરકાર જ્યાં જરૂર પડે ત્યાં સરકાર ખેડૂતનો બેલી છે. મિત્રો, આ સરકારે હાલમાં કૃષિ સંલગ્ન ૪ યુનિવર્સિટી ઊભી કરી છે અને દરેક યુનિવર્સિટીની અંદર કૃષિ શિક્ષણ, કૃષિ પ્રવૃત્તિ, કૃષિના સંશોધન વગેરેનો અભ્યાસ થાય છે અને એ માટે ૬૨ કોલેજો છે અને એ કોલેજોમાં ૫૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ શિક્ષણ લઇ રહ્યા છે. ૬૨ કોલેજો આપણે ઊભી કરી છે અગાઉ ૬૫૫ વિદ્યાર્થીઓ એમના વખતે અભ્યાસ કરી શકતા હતા અને ૧૧ કોલેજો હતી આજે ૧૫૦૦ વિદ્યાર્થીઓ કૃષિ સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરી રહ્યા છે અને આમ નાનામાં નાની બાબતોની ચિંતા આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. ખેડૂતોને જ્યારે જરૂર પડે ત્યારે ખેડૂતોના વિકાસ માટે યુનિવર્સિટી આપણે ઊભી કરી અને એમાં હાઇબ્રીડ બિયારણનું સંશોધન કર્યું છે. આ સરકારની વાત કરીએ તો ગુજરાતમાં ગીરની કેસર કેરી, કચ્છની ખારેક વગેરેનું ઉત્પાદન વધે અને એને પૂરો ભાવ મળે એની પણ સરકારે ચિંતા કરી છે અને આમ સરકારે દરેક ઉત્પાદનોનો પૂરો ભાવ મળે એની પણ ચિંતા કરી છે. આમ, સરકારે નાની મોટી બાબતમાં જ્યાં પણ ખેડૂતોને જરૂર પડે ત્યાં ઊભા રહીને ખેડૂતોની ચિંતા કરી છે. ખેડૂતોના હિત માટે બાગાયત ખાતા હેઠળ આગામી ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ માટે ફળ-ફળાદીનું ઉત્પાદન વધારવા માટે બાગાયતી પાકોમાં કાપણી પછી બગાડ અટકાવવા ખેતર ઉપર માળખાકીય સુવિધા ઊભી કરવાની યોજના થકી શહેરી વિસ્તારના યુવાનોને કૌશલ્ય રોજગારલક્ષી તાલીમ આપી શકાય તે માટે અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ જેવી નવી બાબત મંજૂર કરવામાં આવેલ છે. આ સરકારે પાયાથી લઇ છેક ઉપર સુધી ખેડૂતોની ચિંતા કરી છે, ખેડૂત માટેની આ સરકાર છે, ખેડૂતોને જ્યારે જ્યાં જરૂર પડે ત્યારે ખેડૂતોના નાના મોટા કામની પણ ચિંતા કરી છે. ખેડૂતોના અકસ્માત વીમાની પણ ચિંતા કરી છે, ખેડૂતના ખેતરના પાકની પણ ચિંતા કરી છે, ખેડૂતનાં નાનાં મોટાં કામો અને ખેડૂતોનાં ઢોર ઢાંખર જેવાં કે ગાય, ભેંસ, બળદ વગેરેની પણ આ સરકારે ચિંતા કરી છે. આ સરકારે ખેડૂતોની જે ચિંતા કરી છે એ ના ભૂતો ના ભવિષ્યતી જેવી છે. આ સરકારે ખરેખર ચિંતા કરી છે અને ભૂતકાળની જૂની સરકારે ફકત વાતો જ કરી છે અને અમારી સરકારે કરી બતાવ્યું છે, અમે કહ્યું એ કર્યું છે માટે મને કહેતા આનંદ થાય છે કે અમે જે વાત મૂકી છે એ વાત ફળીભૂત કરી છે. આટલી વાત કરી મારી વાત હું પૂરી કરું છું. "વંદે માતરમ"

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, જે ઐતિહાસિક બજેટ આ વિધાનસભામાં રજૂ થયુ છે તેનું સમર્થન કરીને હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અહીંયાથી જે વાત થઇ કે વર્ષ ૧૯૬૦માં ૫૦૦ કરોડ અને વર્ષ ૧૯૯૫માં ૫ હજાર કરોડ રૂપિયાનું બજેટ છેલ્લું વર્ષ ૧૯૯૪-૯૫નું બજેટ. ૩૫ વર્ષમાં દસ ગણું અને વર્ષ ૧૯૯૫થી ૨૦૨૨-૨૩, રૂપિયા ૩ લાખ ૧ હજાર કરોડનું બજેટ એટલે ૬૨ ગણું વધારે, કયાં દસ ગણું અને કયાં ૬૨ ગણું, ત્યાં ૩૫ વર્ષ શાસનના અને અહીંયા ૨૭ વર્ષ શાસનનાં અને એમાં પણ બધા લોકોને ખબર હશે કે છેલ્લું વર્ષ ૧૯૯૩-૯૪ અને વર્ષ ૧૯૯૪-૯૫નું બે વર્ષનું જે કોંગ્રેસના શાસનનું બજેટ હતું કોંગ્રેસના શાસનમાં વાત કરું તો કર્મચારીઓની વાત થઇ પરંતુ તે સમયે બે વર્ષ તો કર્મચારીઓને અંબાજી ટ્રસ્ટમાંથી લોન લઇને આપણે પગાર ચૂકવતા હતા. ગુજરાતમાં આજે એવી સ્થિતિ રહી નથી. રૂપિયા ૩ લાખ ૧ હજાર કરોડનું

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

બજેટ આ રાજય સરકારે પ્રમાણિક શાસન કર્યું હોવાના કારણે આજે આટલી તિજોરી છલોછલ છે નહીંતર ૩૫ વર્ષમાં કયાં કોઇને રોકયા હતાં રૂપિયા ૫૦૦થી ૫ હજાર કરોડ માત્ર ડચકાં ખાતાં ખાતાં કાચબાની ગતિએ આપણે બધા લોકો આગળ વધતાં હતા અને સ્થિતિ જ આખા ગુજરાતમાં એવી અરાજકતા અને અવ્યવસ્થાની, અશાંતિની ઊભી થયેલી હતી કે તેમાં વિકાસ થાય કયાંથી ? વિકાસની પહેલી પાયાની જરૂરિયાત છે શાંતિ અને તેમાં સમૃદ્ધિ અને વિકાસ છૂપાયેલો છે આજે આખા રાજયમાં આપણે બધા જોઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળીની વાત થઇ. વર્ષ ૨૦૦૨થી ૨૦૦૭ દરમિયાન હું આ ગૃહમાં ધારાસભ્ય તરીકે હતો. માનનીય તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયોતિ ગ્રામ યોજના જાહેર કરી ત્યારે અહીંયા બધા વ્યંગ કરતા હતા બાકીના લોકો સામે પરંતુ આજે આપણને ખબર છે કે શ્રી નરેન્દ્રભાઇ મોદી આ પ્રકારના અશકય લાગતા કામો કરવા માટે જ પેદા થયેલા છે. તે સમયે રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ કલામ આઝાદ સાહેબે જે આ યોજનાનું ઇનોગ્રેશન કર્યું ત્યારે આખા દેશમાં આની ચર્ચા હતી આ યોજનાની બહુ લાંબો સમય સુધી આની ગુંજ રહેલી હતી આજે આટલા વર્ષો પછી આપણને એવુ લાગે છે કે, શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશમાં જે પ્રકારેનાં કામો કરી રહ્યાં છે અને તેના કારણે જ આજે પ્રજાના મુખ ઉપર આ સૂત્ર વહેતું થયું છે કે, **"મોદી હૈ તો મુમકીન હૈ."** આ પ્રકારના ઐતિહાસિક કામ કરવા માટે ટેવાયેલી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોના જે પ્રશ્નોની ચર્ચા અહીંયા થઇ રહી છે કિસાનો માટે જે સૂર્યોદય યોજના હેઠળ છેલ્લાં ૩ વર્ષથી ૩૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચની વ્યવસ્થા કરીને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૪૦૦ કરોડ, ૨૦૨૧-૨૨માં ૧ હજાર કરોડ રૂપિયા આની પાછળ ખર્ચાયા છે અને હજુ પણ દિવસે વીજળી મળે તે માટે સરકાર સંકલ્પબદ્ધ છે, સરકાર આ વીજળીને પહોંચી વળવા માટે સોલાર જે રૂફટોપ છે તેમાં પણ દેશમાં પ્રથમ નંબરે ગુજરાત છે. જે પેટ્રોકેમિકલ ક્ષેત્રે ગુજરાતમાં જે કામગીરી થઇ રહી છે જીએસપીસી દ્વારા દેશની સૌથી મોટી ગેસ પરિવહન કરતી આ કંપની છે. જીએસપીસી દ્વારા મહેસાણાથી ભટીન્દા જલંધર પાઇપ લાઇન પ્રોજેકટના અમલીકરણના ખાસ હેતુ માટે જીએસપીએલ ઇન્ડિયા લિમિટેડની રચના કરવામાં આવી છે. જીઆઇજીએલ દ્વારા પ્રથમ તબક્કામાં ૪૪૨ કિલોમીટરના કુદરતી ગેસના પાઇપ લાઇનમાં કુલ રૂપિયા ૧૩૨૦ કરોડના ખર્ચે તેનો અમલ કરવામાં આવે છે. હાલમાં બીજો તબક્કો પાલી રાજસ્થાનથી ભટીન્દા-પંજાબ સુધી રોહતક હરિયાણાથી લઇને પાણીપત હરિયાણા લગભગ રૂપિયા ૪૩૦૦ કરોડના ખર્ચે કુલ ૯૪૦ કિલોમીટરમાંથી ૮૧૪ કિલોમીટર કુદરતી ગેસની પાઇપનું કામ પૂરું કરવામાં આવ્યું છે. અમારા ભરૂચ જિલ્લામાં બેંગ્લોર પછી દેશનું બીજું પી.સી.પી.આર. રિજિયન છે. જે પેટ્રોલિયમ અને પેટ્રો કેમિકલ્સ ઇન્ડસ્ટ્રિયલ રિજિયન છે એ ભરૂચ જિલ્લામાં આવેલું છે. મને ખબર છે કે જ્યારે દહેજમાં ઇન્ડસ્ટ્રી શરૂ થઇ ત્યારે તે વખતના રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ તેને SEZ (Special Economic Zone) જાહેર કર્યું ત્યારથી અત્યાર સુધી રાજ્ય જ્યારે પી.સી.પી.આર. થઇને આગળ વધી રહ્યું છે ત્યારે સરકારે એની સાથે સંબંધિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બાકીની વ્યવસ્થાઓમાં જે પ્રકારનું બજેટ ફાળવ્યું છે એના કારણે આજે ગુજરાતમાં ભરૂચ જિલ્લો અને દહેજ પી.સી.પી.આર. એ સૌથી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજી આપનારું આ રિજિયન છે. સરકારે ચાલુ વર્ષમાં પણ આને ગતિ આપવા માટે ભરૂચ અને દહેજ વચ્ચે એક્ષપ્રેસ હાઇ-વે બનાવવા માટે રૂ.૮૦૦ કરોડ રૂપિયા ફાળવવાની જાહેરાત કરી છે. હું સરકારના આ નિર્ણયને આવકારું છું. આટલું જ નહિ પણ આ દહેજના ઉદ્યોગને પાણીની તકલીફ ના પડે એટલા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા રૂ.૪૨૦૦ કરોડના ખર્ચે દહેજથી નજીક ભાડભૂત ખાતે બેરેજનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આજે આ કામ નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયું છે અને આ કામ પૂરું થયા પછી દહેજના ઉદ્યોગોને દહેજથી લઇ ભરૂચ તાલુકાથી પણ આગળના શહેર સુધી પસાર કરીને લોકોને મીઠું પાણી મળવા જઇ રહ્યું છે. એટલું જ નહિ પણ આ બેરેજની ઉપર સિક્સ લેન હાઇ-વે બની રહ્યો છે એના કારણે દહેજ અને હજીરા વચ્ચેનો ઇન્ડસ્ટ્રિયલ ઝોન છે એ પણ ટ્રાન્સપોર્ટેશન માટે ખૂબ અગત્યનો પુરવાર થવાનો છે. ભરૂચ જિલ્લામાં જંબુસર તાલુકામાં રૂ.૧૨૦૦ કરોડના ખર્ચે બલ્ક ડ્રગ પાર્ક, જેનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભૂમિપૂજન કર્યું છે એ પ્રોજેક્ટને પૂરો કરવા માટે રાજ્ય સરકારે લગભગ રૂ. ૨૦૦ કરોડની ફાળવણી કરી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંત્રીશ્રી ત્રણ લાખ કરોડ રૂપિયાનું બજેટ લઇને આવ્યા છે એવું આ બજેટ ગુજરાત માટે વિકાસલક્ષી પણ છે અને ઐતિહાસિક પણ છે.

**માનનીય સભાપતિ ડૉ. સી.જે.ચાવડા અધ્યક્ષસ્થાને**

હમણાં સી.જે.ચાવડા સાહેબ અમૂલની વાત કરતા હતા. સરદાર સાહેબ, ડૉ.ત્રિભુવનદાસ પટેલ અને ડૉ. કુરિયને ગુજરાતમાં અમૂલના બીજ રોપ્યાં અને આજે ગુજરાતમાં ૨૨ દૂધ સંઘો છે. માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એ ગુજરાતના વિકાસ માટે સક્ષમ છે. હું પીવાના પાણીની વાત કરીશ. કારણ કે, જળ એ જ જીવન છે એટલા માટે જ અત્યારના વડાપ્રધાન અને વર્ષ ૨૦૦૨થી ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં પીવાના પાણીની જે મુશ્કેલી હતી એ દૂર કરવા માટે જૂથ પાણી પુરવઠા યોજનાઓ શરૂ કરી. અંબાજીથી ઉમરગામ સુધીનો જે આદિવાસી પટ્ટો છે ત્યાંની જમીન ડુંગરાળ છે. આ વિસ્તારમાં આ યોજનાઓ બનાવવા માટે આ બજેટમાં રૂ.૬૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્ય વ્યાપી પાણી પુરવઠાને ગ્રીડ આધારિત બનાવવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્ય વ્યાપી પાણી પુરવઠા માટે ગ્રીડનું નિર્માણ કરવામાં આવ્યું. આ રીતે તે અંતર્ગત કુલ ૩ હજાર ૧૧૨ કિ.મી.ની મુખ્ય પાઇપલાઇન અને ૧ લાખ ૨૦ હજાર કિ.મી.ની વધુ લંબાઇનું વિતરણ નિર્માણ કરવામાં આવ્યું છે. પાણી પુરવઠા ગ્રીડ હેઠળ ૧ હજાર ૪૪૦ ગામો અને

૨૪૦ જેટલાં શહેરોને આ યોજના દ્વારા પીવાનું પાણી આપવામાં આવે છે. આ વિસ્તાર માટે ૩ હજાર ૪૦૦ એમ.એલ.ડી. પાણીનું વિતરણ કરવામાં આવે છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા 'હર ઘર જલ' યોજના થકી 'જળ એ જ જીવન' મિશન હેઠળ 'નલ સે જલ' યોજના શરૂ કરવામાં આવી. ભારત સરકાર દ્વારા દેશના તમામ નાગરિકોને વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘર-ઘર શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય તે માટે પણ વડપ્રધાનશ્રીએ 'હર ઘર જલ' યોજના શરૂ કરી છે. 'જળ એ જ જીવન' મિશન હેઠળ 'નલ સે જલ' કાર્યક્રમ વર્ષ ૨૦૧૯-૨૦થી શરૂ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં આ લક્ષ્યાંક સિદ્ધ કરેલ છે. આમ, રાજ્યના તમામ ગ્રામીણ વિસ્તારમાં ઘરે ઘરે ૧૦૦ ટકા પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે યોજના ઉપલબ્ધ કરી છે. રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના પણ શરૂ કરવામાં આવેલી છે. અનેક ગામોને સરદાર સરોવર નર્મદા કેનાલ આધારિત પીવાનું પાણી આપવામાં આવે છે અને એટલા માટે જ પાણી સરફેસ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાઓ ગુજરાતમાં શરૂ કરેલી છે. આ રીતે 'નલ સે જલ' કાર્યક્રમ અંતર્ગત જરૂરિયાત હોય તેવા ગામડાઓને અને ફળિયાઓને પણ પીવાનું પાણી આ યોજના દ્વારા આપવામાં આવે છે. છેલ્લા ૨૦ વર્ષથી ગ્રીડ નિર્માણ કરી તેની સાથે સાથે તબક્કાવાર ગુજરાતના તમામ ગ્રામ્ય વિસ્તારમાં નવી જૂથ પાણી પુરવઠા યોજનાઓ શરૂ કરવામાં આવી છે. ટેલિસ્કોપ નેટવર્ક ડિઝાઈનની જગ્યાએ હબ એન્ડ સ્પોક ડિઝાઈન વ્યવસ્થા પણ ગુજરાત સરકારે શરૂ કરેલ છે. ભૂતકાળમાં પાણીની ઉપલબ્ધતા માટે આધીન રહીને પીવાનું પાણી દૈનિક ૪૦ લિટર, ૫૫ લિટર અને ૭૦ લિટર આપવામાં આવતું હતું. આ બધી યોજનાઓની રાજ્ય સરકારે સમીક્ષા કરીને આજે ૧૦૦ ટકા પાણી દરેક ગામડામાં આપવામાં આવે છે. માનનીય મોદી સાહેબ દ્વારા દરિયાનું ખારું પાણી મીઠું બનાવીને આપવામાં આવે છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાષ્ટ્રના કાયદા અને વ્યવસ્થા માટે એના ન્યાયતંત્રને સર્વોપરીતા આપવામાં આવી છે અને એ જ રીતે ભારતદેશમાં પણ કાયદાનું રાજ્ય સ્થપાય અને સાચા અર્થમાં રામરાજ્યની સ્થાપના થાય તે માટે દેશની માનનીય મોદી સાહેબની અને અહીંની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે અથાગ પ્રયત્નો કરેલા છે. કોઇપણ રાજ્યમાં લોકોનો બૌદ્ધિક અને ભૌતિક વિકાસ થાય તે માટે ''**સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ, સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખ ભાગ્ભવેત**''ના સિદ્ધાંત મુજબ ભારતીય પરંપરાના મૂલ્યોનું રક્ષણ થાય તો જ સાચા રામરાજ્યની સ્થાપના થતી હોય છે અને એટલા માટે છેવાડાના લોકોને સાચો ન્યાય મળે એ દિશામાં ન્યાયતંત્રનો વિકાસ થાય એ માટે આપણા રાજ્યની સરકારે ઘણા પ્રયાસો હાથ ધર્યા છે અને આપણી લોકશાહીમાં મુખ્ય ચાર સ્તંભો ગણવામાં આવ્યા છે. એમાં ન્યાયતંત્રને પણ મહત્ત્વનો ભાગ ગણવામાં આવ્યો છે. હમણાં જ અમારા માનનીય સિનિયર સભ્યશ્રીઓએ વાત કરી અને ઘણોબધો વિષાદ ઠાલવ્યો. એમાં હું કહેવા માગું છું કે, ન્યાયતંત્રનો જે દુરુપયોગ થયો છે એમાં ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રીએ આખો કેસ પલ્ટી નાંખ્યો હતો એનો પણ ઉલ્લેખ કર્યો હોત તો સારું થાત. કૉંગ્રેસ પક્ષના જ વરિષ્ઠો અને વકીલો દ્વારા રામમંદિર અટકે એ માટેના નામદાર સુપ્રીમ કોર્ટમાં પણ હજારો પ્રયત્નો કર્યા છે અને એમ છતાં પણ આ દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રીના અથાગ પ્રયાસોના કારણે અને સુપ્રીમ કોર્ટના જજો અને યોગી સરકારના માધ્યમથી ચુકાદો આવ્યો છે એટલે સિનિયર સભ્યશ્રીઓનો વિષાદયોગ પૂરો થશે અને રામરાજ્યનું નિર્માણ થશે. આપણે બધા ભેગા મળી જ્યારે રામલલ્લાના દર્શન કરીશું ત્યારે જ એક નવો અધ્યાય શરૂ થશે. ભારતદેશને પણ એક નવી દિશા મળશે અને દુનિયામાં એની નામના થશે. આ બધી પરિસ્થિતિમાં જે દુનિયાના મહાસત્તાધીશો છે એમને દુનિયાની પવિત્ર ભૂમિ પર લાવી અને મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલે આ રાજ્યને નામ આપ્યું છે એમાં ત્રીજું નામ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું ઉમેરાશે. દુનિયાને પણ કબૂલ કરવું પડશે કે આ ભારતદેશ ખૂબ જ મહત્ત્વનો દેશ છે. ન્યાયતંત્રનો પણ એટલો બધો વિકાસ કરવામાં આવ્યો છે કે જૂના કાયદાઓને રદ કરી નવા કાયદાઓના સ્વરૂપમાં આ રાષ્ટ્રનું નવનિર્માણ થાય અને ગુજરાતની પણ કાયાકલ્પ થાય એવો પ્રયાસ ચાલી રહ્યો છે. આ પ્રયાસ અભિનંદનને પાત્ર છે. મને પણ કહેતાં આનંદ થાય છે કે, વર્ષ ૧૯૯૫માં મારા કાયદામંત્રીના કાર્યકાળ દરમિયાન હાઇકોર્ટના બિલ્ડિંગનું કામ થયું છે અને એ વખતે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. ન્યાયતંત્રના વિકાસમાં આડે આવેલ છે. એવી કૉંગ્રેસ સરકારે ઘણાં બધાં કામો કર્યાં એવો ઉલ્લેખ થતો હતો ત્યારે ટૂંક સમયમાં વિષાદયોગ તો જતો રહેશે. પણ કહેવાનો મતલબ એ છે કે કોલસાથી કાળા હાથ કરનારી આ કૉંગ્રેસને વર્ષ ૨૦૧૪માં સાચી લોકશાહીના દર્શન મોદી સાહેબે કરાવ્યા અને આ કાળા હાથ કરવાવાળા તો ગયા. કૉંગ્રેસે કિસાનોના લોહીથી પોતાના હાથ ખરડ્યા હતા એને પણ આ રાજ્યની જનતાએ ફેંકી દીધા. આ બધું જોતાં આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે, જે રાજ્યમાં કાયદાનું શાસન ચાલતું હોય એ રાજ્યનો જ વિકાસ થાય છે. વકીલો હોય તો બાર કાઉન્સિલ મારફતે એમનું પણ કલ્યાણ થાય. વકીલોને પણ સહાય કરવામાં આ રાજ્યની સરકાર અગ્રેસર રહી છે. એ જ રીતે જુદી જુદી કોર્ટો જેવી કે, મહિલાઓ માટે ફેમિલી કોર્ટોની સ્થાપના આ રાજ્યમાં કરવામાં આવી છે. એ કોર્ટો મારફત એમના નાના-મોટા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવે છે. એ જ રીતે કોર્ટોનું ડિજિટલાઇઝેશન કરવામાં આવ્યું છે. અત્યારે કોઇપણ વ્યકિત નીચલી કોર્ટ કે ઉપલી કોર્ટમાં, એના કેસનું સ્ટેટસ શું છે તે પણ આ ડિજિટલાઇઝેશનની પ્રથાથી જાણી શકે છે. હવે હાઇકોર્ટ પણ કેસોની સુનાવણીનું જીવંત પ્રસારણ કરે છે. એટલે ન્યાયતંત્રની કામગીરી બહુ સ્વચ્છ રીતે થાય અને લોકોને એની તાત્કાલિક ખબર પડે એના માટે આ સરકાર સતત પ્રયાસો કરી રહી છે. પક્ષકારોને જરુરી માહિતી ઉપલબ્ધ થાય એ માટે ઇ-મેઇલ માય કેસ

સ્ટેટસની સુવિધા ઊભી કરી છે. એ જ રીતે કોઇપણ જગ્યાએ નવી હાઇકોર્ટ કે નીચેની કોર્ટો બનાવી હોય તો એ માટે પણ પૂરતું બજેટ આ રાજય સરકારે ફાળવ્યું છે. અત્યારે આપણા રાજ્યમાં ૬૦૦ જેટલી સ્પેશિયલ કોર્ટો પણ ચાલુ છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા ઊભો થયો છું. પરંતુ આ ગૃહના સિનિયર સભ્યશ્રી, ડૉ. સી.જે.ચાવડા જે રીતે કૉંગ્રેસના શાસનના ગુણગાન ગાતા હતા અને આ સરકારના દેવાની વાત કરતાં હતા ત્યારે એમાં મારા વિચારો વ્યકત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગત ૨૭ વર્ષનું શાસન અને આ સરકાર જયારે સતત જીતી રહી છે ત્યારે કૉંગ્રેસના શાસનમાં પડેલા ખાડાઓ પૂરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ગુજરાત રાજ્યે એ દિવસો જોયા છે કે, સૌરાષ્ટ્રમાં ટ્રેનો અને ટેન્કરોથી પાણી પહોંચાડવામાં આવતું હતું. ગુજરાતે એ દિવસો પણ જોયા છે કે એવી પનોતી સરકાર હતી કે વારંવાર દુષ્કાળ પડતો હતો. આજે તમામ રીતે કુદરત આપણી ઉપર મહેરબાન છે. ગુજરાત રાજ્યે એ દિવસો પણ જોયા છે કે, અહીંની ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા ખાડે ગયેલી હતી. અહીંના રોડ-રસ્તાના કોઇ ઠેકાણા ન હતા. ગુજરાત રાજ્યમાં સિંચાઇના પાણીની તો કલ્પના ના કરો, પીવાના પાણીના પણ સાંસા હતા. એ બધું ગુજરાતીઓએ જોયું છે. તમે કહ્યું કે, અમે આ યોજના શરૂ કરી, માનીએ કે તમે શરૂ કરી, ખાતમુહૂર્ત તમે કર્યા પણ એ સપનાઓને સાકાર કરવાનું કામ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. નર્મદા નહેર ગુજરાતના એક-એક ખેડૂતોના ખેતર સુધી પહોંચે એ કામ કોણે કર્યું? આદરણીય શ્રી નરેન્દ્રભાઇને ઉપવાસ કરવા પડ્યા, ગુજરાતીઓએ આંદોલન કરવું પડ્યું અને એ પછી આ નર્મદાના નીર ગુજરાતના એક-એક ગામડાઓ સુધી પહોંચાડવાનું કામ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. કચ્છની તરસી ધરાને પાણી પહોંચાડવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ગુજરાતમાં કૂદકે-ભૂસકે વિકાસ વધી રહ્યો છે. આજે અહીંની સડકો જોઇએ તો વિદેશોમાં જાઓ તો ગુજરાત અને વિદેશમાં કંઇ ફરક ન લાગે. પહેલા મહેસાણાથી અમદાવાદ આવવું હોય તો ચાર-પાંચ કલાક થઇ જતા. ટ્રાફિક જામના દ્દશ્યો જોયેલા છે. આજે અમદાવાદથી મહેસાણા પોણો કલાક કે કલાકમાં પહોંચી જવાય છે. અમદાવાદથી સુરત કે રાજકોટ જવું હોય તો બેથી ત્રણ કલાકમાં ધાર્યા સમયે પહોંચી જવાય છે. આ સડકો કોણે બનાવી? આ સડકો ભારતીય જનતા પાર્ટીના શાસનમાં બની છે. આજે મેટ્રો પ્રોજેક્ટ અમદાવાદ અને સુરતમાં શરૂ થવા જઇ રહ્યો છે તે કોણ લાવ્યું? આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે. બુલેટ ટ્રેન કોણ લાવ્યું? તો શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સપનું છે કે અમદાવાદથી બોમ્બે જવું હોય તો પલકારામાં પહોંચી જવાય એ માટે બુલેટ ટ્રેન લાવવાનું કામ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. ગુજરાતનાં એક-એક ગામડાં અને શહેરો સુધી પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવાનું કામ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં સાકાર થયું છે. એશિયાનું સૌથી મોટું સાયન્સ પાર્ક સ્થાપવાનું કામ પણ શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં થયું છે. આપે કહ્યું કે ખેડૂતો બેઘર છે. તો જણાવું કે, ખેડૂતોની આવક વધી છે. ખેડૂતો સમૃદ્ધ થયા છે. આજે તમે ખેતરોમાં જાઓ તો ત્યાં ગાડીઓ પડી હોય છે. આજે ખેડૂતો ગાડીઓ લઇને જતા થયા છે. એમની આવક વધી છે. કારણ કે, સરકાર પાણી તો પહોંચાડે છે પણ મહત્તમ મૂલ્ય આપવાનું કામ પણ આ સરકારે કર્યું છે. એ માટે અમારા કૃષિ મંત્રીશ્રીનો આભાર માનીએ છીએ. આજે ગુજરાતમાં જે શ્રમિકો છે, એમની ચિંતા કોણે કરી? તો આ શ્રમિકોની ચિંતા આ સરકારે કરી છે. એવા શ્રમિકો કામ પર જાય ત્યારે તેમના ભોજનની ચિંતા શ્રમિક અન્નપૂર્ણા રથના માધ્યમથી આ સરકારે કરી છે. ૩૦ જિલ્લાઓમાં ૧૪૦થી વધારે કડિયા નાકા ઉપર પાંચ રૂપિયાના રાહત દરે ભોજનની વ્યવસ્થા કોણ કરાવે? આદરણીય ભૂપેન્દ્રભાઇની સરકાર કરાવે. અમારા નાણામંત્રી એની વાત લઇને આવ્યા છે. આ જ શ્રમિકોના સ્વાસ્થ્યની ચિંતા કોણ કરે? તો કહે કે સરકાર કરે છે. ધન્વન્તરી આરોગ્ય રથના માધ્યમથી વિવિધ જિલ્લાઓમાં બાંધકામ શ્રમિકો માટે ૫૪ રથ કાર્યરત છે. ૧૩ લાખ ૬૮ હજાર જેવી તો ઓ.પી.ડી. કરવામાં આવી છે. એની પાછળ રૂપિયા ૩૫ કરોડથી વધારે ખર્ચ આ સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ સહાય યોજના. આ બાંધકામ શ્રમિકો છે એમનાં બાળકોના શિક્ષણની ચિંતા કોણે કરી? તો આ સરકારે કરી. એમના બન્ને બાળકોને પહેલા ધોરણથી પી.એચ.ડી. સુધીની વ્યવસ્થા આ સરકારે કરી છે. એના માટે રૂપિયા ૨૪ કરોડથી વધારેનો ખર્ચ કર્યો છે. આકસ્મિક મૃત્યુ સહાય યોજના હોય કે દિવ્યાંગોને રોજગારી આપવાની વાત હોય કે પ્રસુતિ સહાયની વાત હોય કે મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ આપવાની વાત હોય. આ સરકાર શ્રમિકોના પરિવાર સુધીની ચિંતા કરે છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, એક સભ્યશ્રીએ કહ્યું કે દેવું વધ્યું છે. દેવું વધ્યું નથી. પ્રજા માટે નાણાં વપરાય છે. પ્રજાની ચિંતા કરવા માટે આ નાણાં વપરાય છે. પ્રજાની સુખાકારી માટે આ નાણાં વપરાય છે. ગુજરાત સમૃદ્ધ થયું છે અને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આદરણીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં અને સી.આર.પાટીલ જેવા કુશળ સંગઠનકર્તાના કારણે ૧૫૬ સીટો જયારે આવી છે, ત્યારે આ ગુજરાતીઓની સેવા કરવાના માધ્યમથી આવી છે. ગુજરાત જયારે ભારતીય જનતા પાર્ટીના શાસન પર ભરોસો મૂકી રહ્યું છે, ત્યારે માનનીય નાણામંત્રીનો આભાર માનું છું કે એમણે ગુજરાતના શ્રમિકોની ચિંતા કરી છે. ગુજરાતના સામાન્ય લોકોની ચિંતા કરી છે. આ ગુજરાતની ચિંતા કરી છે ત્યારે હું એમનો આભાર માનું છું.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી ચૈતન્યભાઇ દેસાઇ.

## તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સન ૨૦૨૩-૨૪ના વર્ષનું અંદાજપત્ર લઇને આવ્યા છે, એને આવકારું છું અને મારું સમર્થન આપું છું. આજે સામાન્ય ચર્ચામાં મારો વિષય છે રમતગમત.

માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા રાજયમાં રમતગમતનો સર્વાંગી વિકાસ થાય અને સમગ્ર વિશ્વમાં ગુજરાત રમતગમતની પ્રવૃત્તિનું કેન્દ્ર બને તે માટે સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. જે ઘણી સરાહનીય બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, રમતોનું મનુષ્યના જીવનમાં ઘણું જ મહત્ત્વ છે. આ વાસ્તવિકતા ઇતિહાસના પાને પણ જોવા મળે છે અને તેથી જ રમતોનું જીવનમાં મહત્ત્વ સમજીને ઓલિમ્પિક અને અન્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોના ઘણા બધા ઉત્સવોની ઉજવણીઓ થાય છે.

હાલના યુગમાં દરેક ફીલ્ડમાં આકરી કોમ્પિટીશન છે અને તેના કારણે લોકો માનસિક સ્ટ્રેસમાં જીવી રહ્યાં છે. આવા સંજોગોમાં જો વ્યક્તિ રમતોને મહત્ત્વ આપે તો બીજા અન્ય સ્ટ્રેસ આપતા વિષયોમાંથી એમનું ધ્યાન નીકળીને રમતોના આનંદમાં આવવાથી સ્ટ્રેસ ઘણો જ ઓછો થાય છે. દા.ત. ક્રિકેટની મેચ જોતા હોઇએ ત્યારે બધું જ બાજુ પર રાખીને મેચનું જીવંત પ્રસારણ જોવામાં જેટલો રોમાંચ જોવા મળે છે એ કદાચ બીજા વિષયમાં ન મળતો હોય.

માનનીય અધ્યક્ષશ્રી, બાળકો ભાર સાથેનું ભણતર લઇ રહ્યાં છે અને બાળકોના ભણતરમાંથી રમતોની લગભગ બાદબાકી થઇ ગઇ છે. જે પણ રમતો તેઓ રમે છે તે મેદાનમાંથી નીકળીને મોબાઇલમાં આવી ગઇ છે. જેથી બાળકોનો શારીરિક વિકાસ પણ રુંધાઇ જાય છે. રમતોના કારણે મનુષ્યના ઘણા કૌશલ્યનો વિકાસ થાય છે. જેવી કે વ્યૂહરચના કરવી, લીડરશીપ લેવી. સંગઠિત રીતે કાર્ય કરવું. સકારાત્મક સ્પર્ધા કરવી. આ બધું જ કરવાથી વ્યક્તિમાં સમાજ સેવા કરવાની અને લીડરશીપ કરવાની પણ ક્ષમતા આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દરેક બાબતને જોતા ગુજરાતની ડબલ એન્જિન સરકારે રમતોના સર્વાંગી વિકાસ માટે ઘણીબધી યોજનાઓ આપેલ છે તથા પગલાં લીધેલ છે, જે ગર્વને પાત્ર છે. ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાજયમાં રમતગમતના વિકાસ માટે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની બજેટની જોગવાઇ રૂપિયા ૩૩૧.૭૨ કરોડની કરવામાં આવી છે, જે ઘણી સરાહનીય બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના ઇતિહાસમાં પ્રથમ વખત ૨૯ સપ્ટેમ્બરથી ૧૨ ઓકટોબર ૨૦૨૨ દરમ્યાન ૩૬મી નેશનલ ગેઇમનું ગુજરાત રાજયમાં આયોજન કરવામાં આવેલ હતું. જેનો ભવ્ય ઉદ્‌ઘાટન કાર્યક્રમ માનનીય વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એટલે કે નરેન્દ્રભાઇ મોદી સ્ટેડિયમમાં અમદાવાદ ખાતે કરવામાં આવેલ. ૩૬મી નેશનલ ગેઇમનું આયોજન આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સેલિબ્રિટી યુનિટી ટુ સ્પોર્ટસની થીમ પર કરવામાં આવેલ જે ઘણી આનંદની વાત છે. માનનીય હર્ષભાઇ સંઘવીએ વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર સ્પર્ધા તેમજ રાષ્ટ્ર કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાની ઇનામી પુરસ્કારની રકમમાં તાત્કાલિક ધોરણે ઘણો મોટો વધારો કરેલ છે જે ઘણી સરાહનીય બાબત છે. સામાન્ય રીતે જોઇએ તો નેશનલ ગેમના આયોજન માટે અંદાજે ૩થી ૪ વર્ષનો સમય લાગે છે. જયારે ગુજરાત રાજય દ્વારા માત્ર ૩ મહિનાના ટૂંકા સમયગાળામાં આયોજન કરી બતાવ્યું છે. જેમાં વડોદરા ખાતે જિમ્નાસ્ટિક રમતનું આયોજન સમા સ્પોર્ટસ કોમ્પ્લેકસ ખાતે કરવામાં આવ્યું હતું. રાજયના રમત ગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓને રાષ્ટ્રનું નામ રોશન કરે તે માટે રાજય સરકાર દ્વારા શક્તિદૂત યોજના કાર્યરત છે જે અંતર્ગત પ્રતિ ખેલાડી વાર્ષિક ૨૫ લાખ મહત્તમ સહાય આપવામાં આવે છે. જે ઘણો આનંદનો વિષય છે. આપણી સરકાર રમત ગમતના વિકાસને ધ્યાનમાં રાખી સ્પોર્ટસ માટે ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમાં ૧૯ જિલ્લા કક્ષાના અને ૩ તાલુકા કક્ષાના રમતગમતના સંકૂલ કાર્યરત થઇ ગયેલ છે. તદ્‌ઉપરાંત ખેલાડી ભાઇઓ અને બહેનો નિવાસ કરી શકે તેવી અદ્યતન ૧૬ સ્પોર્ટસ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવેલ છે તથા વડોદરા ખાતે સમા સ્પોર્ટસ કોમ્પ્લેકસમાં હોસ્ટેલ નિર્માણની બાબત આ બજેટમાં લીધેલ છે. જે ઘણી આનંદની વાત છે. રમતોને પ્રોત્સાહન આપવા માટેની સરકારની નીતિ ઘણી ઉત્તમ છે. જેના કારણે નાગરિકોના સ્વાસ્થ્યની દૃષ્ટિએ હેલ્ધી બોડી ગીવ્ઝ હેલ્ધી માઇન્ડ, આ સ્લોગન સાથે દેશના દરેક નાગરિક સ્ટ્રેસ મુકત અને સ્વસ્થ જીવન જીવે તેવી મારી લાગણી તથા ભાર પૂર્વકનું મંતવ્ય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એવું ચોક્કસપણે માનું છું અને કહેવત પણ છે કે જ્ઞાનેશ્વર પોતે ગોળ ખાતા હોય અને લોકોને ગોળ નહીં ખાવાની શિખામણ આપે એ યોગ્ય ન કહેવાય, હું પોતે શુટિંગની રમત રમું છું અને શુટિંગમાં ગોલ્ડ મેડલ ધરાવું છું. જેનો મને ઘણો આનંદ અને ગર્વ છે. આભાર... અસ્તુ. જય જય ગરવી ગુજરાત.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર):માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ અને ટેકનોલોજીના આજના જમાનામાં આપના માધ્યમથી સન્માનનીય સભાગૃહ સમક્ષ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે રાજયની પ્રગતિશીલ સરકારમાં ભગીરથ પ્રયત્નો અને તેની ફળશ્રુતિ રજૂ કરવા માગું છું.

માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય નાણા મંત્રીશ્રીને આપના માધ્યમથી અભિનંદન પાઠવવા માગું છું કે આ વિભાગને ૨૨૦૦ કરોડ જેટલી એટલે કે ગત પાંચ વર્ષ કરતા ૩૦૦ ટકા વધુ રકમ ફાળવવામાં આવી છે તે માટે ધન્યવાદ પાઠવું

છું. સાથી પક્ષો દ્વારા ઘણી બધી જૂની સરકારોની સિદ્ધિઓ વર્ણવવાનો પ્રયત્ન થયો. પરંતુ હું આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે વિજ્ઞાનની પ્રગતિનો શાંતિપૂર્ણ છતાં વિશ્વને ભારતની વિજ્ઞાનની પ્રગતિ સમજાય તેનો જો બેનમૂન દાખલો હોય તો અટલજીની સરકારમાં પોખરણમાં થયેલ અણુ ધડાકો છે. જેને વિશ્વમાં ભારતને સર્વોચ્ચ સ્થાન પર મૂકયું. વિશ્વની બધી જ સંસ્થાઓ, વિશ્વના બધા જ દેશોએ જોયું કે ભારત પણ શાંતિપૂર્ણ પ્રગતિ માટે વિજ્ઞાનનો ઉપયોગ કરી શકે છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના કુશળ નેતૃત્વ હેઠળ હું હવે કોઇ સાહિત્યક ભાષામાં નહીં પણ આંકડાકીય રીતે આ ગૃહમાં કઇ રીતે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં અમે બજેટનો ઉપયોગ કર્યો છે તે આપની સમક્ષ મૂકીશ. અમારી સરકાર જિલ્લા ક્ષેત્રે, તાલુકા ક્ષેત્રે સાયન્સ સેન્ટર ઊભાં કરવાં કટિબદ્ધ છે. અમદાવાદમાં જે સાયન્સ સિટીનું નિર્માણ કર્યું છે તેને ટાઇમ મેગેઝિન દ્વારા સર્વશ્રેષ્ઠ વિજ્ઞાન સેન્ટરોમાં સ્થાન આપવામાં આવ્યું છે એ અમારી ગૌરવવંતી ઉપલબ્ધિ છે. મને જણાવતાં આનંદ થાય છે કે આ સાયન્સ સિટીમાં વિશ્વની બે ગેલેરી રોબોટિક્સ ગેલેરી અને એક્વેટિક ગેલેરીઓ ખુલ્લી મૂકવામાં આવી છે ત્યારથી લઇને આજ દિન સુધીમાં સમગ્ર હિંદુસ્તાનમાંથી અને વિશ્વમાંથી ૨૦ લાખ જેટલા લોકોએ આ સ્થળની મુલાકાત લીધી છે. બીજી બે નવી ગેલેરીઓ એસ્ટ્રોનોમી અને સ્પેસ ગેલેરીનું પણ નિર્માણ થઇ રહ્યું છે. આપણે સૌ ગૌરવ લઇ શકીએ કે ડિફેન્સ સેક્ટર કે જેની દુનિયામાં અત્યારે હરીફાઇ ચાલી રહી છે તેનો શાંતિપૂર્ણ છતાંય ભારત મક્કમ છે એ સાબિત કરવા માટે સાયન્સ સિટીમાં ડિફેન્સ ગેલેરી અત્યારે આકાર લઇ રહી છે. ગુજરાત ગૌરવ લઇ શકે તેમ છે કે રાષ્ટ્રીય કક્ષાની નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસનું યજમાનપદ આ વખતે ગુજરાતને મળ્યું અને તેમાં હિંદુસ્તાનની ૧૩૦૦થી વધુ શાળાઓએ ભાગ લીધો.

માનનીય અધ્યક્ષશ્રી, ગત ૨૮મી ફેબ્રુઆરીએ સાયન્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું. ૫૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ સાયન્સ કાર્નિવલમાં ભાગ લીધો. આ ગુજરાતના સાયન્સ ક્ષેત્રની પ્રગતિ છે. આની સાથે સાથે પાટણ, ભૂજ, રાજકોટ અને ભાવનગર ખાતે ચાર રિજિયોનલ સાયન્સ સેન્ટરો પણ ઊભા કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ પણ સાયન્સ અને ટેક્નોલોજીના ક્ષેત્રે પ્રગતિ કરી શકે તે માટે તેમના સ્તરને સુધારવા માટે રોબોફેસ્ટનું આયોજન પણ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. વિશ્વ જ્યારે સાયન્સમાં હરણફાળ ભરી રહ્યું છે ત્યારે રોબોફેસ્ટ-૧ અને રોબોફેસ્ટ-૨ની ભવ્ય સફળતા દેશના વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રતિસ્પર્ધા કરવામાં ભાગ લેવામાં મદદરૂપ થયેલ છે. આ પ્રગતિ સાથે ગુજરાતની સરકાર જે ૨૨૦૦ કરોડ રૂપિયાનું બજેટ ખર્ચવા જઇ રહી છે ત્યારે તેની નીતિઓ પણ નક્કી થઇ છે. દેશની સૌ પ્રથમ સેમી કન્ડક્ટર પોલિસી. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી થકી સેમિકોન ઇન્ડિયાનું જો કોઇએ ઘડતર કર્યું હોય તો આ સન્માનનીય ગૃહમાં ગર્વથી કહી શકીએ કે ગુજરાતમાં થયું છે. એ સેમિકોન સિટી વિકસાવવાનું કામ પણ ગુજરાતમાં ચાલી રહ્યું છે. વેદાંતા ફોક્સકોન ઉદ્યોગ સમૂહ સાથે આ પોલિસી અંતર્ગત રાજ્યમાં સેમી કન્ડક્ટર પોલિસી ફેબ અને ડિસ્પ્લે ફેબનો પ્લાન્ટ સ્થપાઇ રહ્યો છે. ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ પોલિસી, ગુજરાત આઇ.ટી. પોલિસી આમાં ઘણી બધી વાતો થઇ શકે તેમ છે પરંતુ હું એમ પણ ઉમેરવા માગું છું કે આ બધા માધ્યમોથી ૧,૦૦,૦૦૦થી વધુ નવયુવાનોને રોજગારી મળે તેવું કામ આ સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણું બધું કહી શકાય તેમ છે પણ હું છેલ્લે આ સન્માનનીય ગૃહમાં અવાર-નવાર છપ્પનની છાતી, પ્રગતિશીલ સરકાર, વિકાસની સરકારની જે વાત થઇ છે, મારા વક્તવ્યમાં અંતમાં વિજ્ઞાનની અભૂતપૂર્વ સિદ્ધિ અને છપ્પનની છાતીનો પુરાવો આપી મારી વાત પૂરી કરીશ. વિશ્વમાં સન્માનિત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સીધા માર્ગદર્શન હેઠળ ઉરીમાં થયેલા આતંકવાદી હુમલાનો વૈજ્ઞાનિક ઢબે જવાબ આપી દુશ્મન દેશમાં દાખલ થઇ સર્જિકલ સ્ટ્રાઇક કરી અને ભારતે દેખાડ્યું છે કે અમે વિશ્વમાં જવાબ આપી શકીએ છીએ. સાયન્સ અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં ઊભા રહી શકીએ છીએ. હું છેલ્લે જય જવાન, જય કિસાન અને જય વિજ્ઞાન કહી મારું વક્તવ્ય પૂરું કરું છું.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી):માનનીય અધ્યક્ષશ્રી, હું આપની સમક્ષ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે તેમાં ક્લાઇમેટ ચેન્જ, જળવાયુ પરિવર્તન માટે રૂ. ૯૩૭ કરોડની જોગવાઇ કરેલી છે તેના સંદર્ભમાં અને જળવાયુ પરિવર્તનના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, કલાયમેટ, જળવાયુ પરિવર્તન એ છે શું? અહીંયા વિકાસની ઘણી બધી વાત થઇ, રોડ રસ્તા, રેલ, ખેતી, ઉદ્યોગ, આ તમામ વસ્તુઓ એ કયારે ઉપયોગી થશે કે જો મનુષ્ય જીવન હયાત હશે તો થશે અને આપણે કયારે જીવી શકીશું તો જયારે પર્યાવરણ આપણને સંલગ્ન હશે ત્યારે જીવી શકીશું. આ પર્યાવરણને બચાવવા માટે જે પ્રકારે દોહન થયું છે એ દોહનને કયારેય પૂરવામાં આવ્યું નથી. આ પ્રકૃતિ એ ગાય સ્વરૂપી છે અને ગાય સ્વરૂપી માતાનું સતત દોહન કરવામાં આવ્યું, અહીંથી સાથી પક્ષો દ્વારા સતત પોતાની સરકારોના વિચારોની વાત કરવામાં આવી, પરંતુ આ સરકારોએ આ વિષય ઉપર કયારેય વિચાર કર્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા ગૃહમાં વાત કરું છું કે સન ૨૦૦૯ અને ૨૦૧૦માં આ ગૃહના સન્માનનીય નેતા અને હાલના વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબે આખા રાષ્ટ્રની અંદર સૌ પ્રથમ વખત સૌર ઊર્જા નીતિ લાવી અને આખા દેશને દિશા બતાવી હતી કે આવનારા દિવસોની અંદર આપણે પણ આ બાબતે વિચાર કરવો ઘટે. ગુજરાત હંમેશા આગળ રહ્યું છે અને ગુજરાતે હંમેશા દેશને રસ્તો બતાવ્યો છે અને આ પ્રકારે જયારે વાત આગળ ચાલી છે, વિકાસ માટે સૌર ઊર્જા નીતિ અને સૌર બાબતો ખૂબ ઉપયોગી થઇ જશે. આપણા શાસ્ત્રોની અંદર એનો ઉલ્લેખ છે.

## તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

''પરોપકારાય ફલન્તી વૃક્ષાઃ, પરોપકારાય વહન્તી નદીયાઃ,
પરોપકારાય દુગ્ધંતી ગાવહાઃ પરોપકારાય ઈદં શરીરં..''

આ વૃક્ષો, આ નદીઓ આ બધું પરોપકાર માટેનું છે. આ નદીઓ વહેતી હતી એ નદીઓ ઉપર ડેમ તો કદાચ બંધાયા પરંતુ એ ડેમની અંદર જે કચરો જમા થયો હતો, એ ડેમની અંદર જે જૂનાં ઝાંખરાં ભરાઇ ગયાં હતાં એને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે 'સુજલામ્ સુફલામ્' દ્વારા ઊંડા કરી અને એ ડેમની ક્ષમતા વધારવામાં આવી. આ પાણી બચાવવા માટે કામ કરતી સરકાર છે. પર્યાવરણનો પંચમ સ્તંભ છે જળ વાયુ પરિવર્તન. એના માટે પર્યાવરણને બચાવવું ખૂબ જરૂરી બનશે. એવું નહોતું કે ભૂતકાળમાં આવી કોઇ સમસ્યા ઉત્પન્ન નહીં થઇ હોય, વેદકાળની અંદર પણ આવી સમસ્યાઓ ઉત્પન્ન થયેલી હતી અને વેદકાળમાં જ્યારે સમસ્યા ઉત્પન્ન થઇ હતી ત્યારે મહારાજા પૃથુએ ગાયને પૃથ્વીના સ્વરૂપે લાવી અને એના અનુરૂપ કામગીરી કરવામાં આવે તો ચોક્કસપણે એનું દોહન કરી શકાય એ પ્રમાણે ભારતીય જનતા પાર્ટીની માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે આ વિષય મૂકીને ૯૩૭ કરોડ રૂપિયાનું આયોજન કરી એને આગળ વધારવા માટે ગ્રીન ગ્રોથનું નિર્માણ માટે આવનારા પાંચ વર્ષ માટે બે લાખ કરોડ રૂપિયાનું આયોજન કર્યું હોય તો એ ડબલ એન્જિનની સરકાર માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારમાં કરવામાં આવ્યું છે. આ દેશના વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમગ્ર વિશ્વને ચેતવણી આપી હતી કે ગ્રીન ઊર્જાની જરૂરિયાત છે અને ગ્રીન ઉત્સર્જન ઘટી રહ્યું છે ત્યારે આપણે સૌએ એ દિશાની અંદર વિચાર કરવો પડે. ભારત એ વિશ્વને દિશા બતાડે એવી ઋષિકાળની પરંપરાનો દેશ છે. કારણ કે ષડ્ઋતુ પણ આ ભારત દેશની અંદર રહે છે અને ષડ્ઋતુની અંદર જ્યારે નદીઓ વહેતી હોય, વૃક્ષો પરોપકાર કરતા હોય, ગાયો પરોપકાર કરતી હોય ત્યારે આ ભારત દેશે પણ પરોપકારના સંદર્ભમાં આગળ વધવાનું રહે છે. મારે મિશન લાઇફના સંદર્ભમાં વાત કરવી છે. આપણે સૌએ ટેવ બદલવી પડશે. આ ગૃહના જે તે વખતના આદરણીય વડીલ માનનીય ભૂપેન્દ્રસિંહજીની સાથે એક પ્રચારમાં જવાનું થયું. એક બહેને તેમને પ્રચારમાં પાણીનો આખો ગ્લાસ આપ્યો તો માનનીય ભૂપેન્દ્રસિંહજીએ કહ્યું કે અડધો ગ્લાસ પાણીનો આપો, આપણે પાણી વેડફીએ નહીં તો એ પ્રકારે આપણે બધાએ બદલાવ કરવો પડશે. હું જ્યારે નગરપાલિકાની અંદર અધ્યક્ષ હતો ત્યારે નગરપાલિકાના સ્ટ્રીટ લાઇટના બિલો હતા એમાં ટાઇમરનો ઉપયોગ કરી અને મારે અને તમારે સૌ કોઇએ વીજળી બચાવવાનું કામ પણ કરવું પડશે તો આવનારા દિવસોમાં ગ્રીન ઉત્સર્જનનું કામ આવનારા દિવસોમાં વધારે કરી શકીશું. સાથી પક્ષોએ અહીંથી કહ્યું કે ડેરીઓ બનાવી, ડેરીઓ હડપ કરી લીધી.પરંતુ મારે આ જગ્યાએ વાત કરવી છે કે માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ડેરી બની હોય તો ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં ડેરી બની અને શરદ ડેરી આજે પણ ઉંટડીનું દૂધ આખા વિશ્વને પાય છે. ધન્યવાદ.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા(માંગરોળ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને આપત્તિ વ્યવસ્થાપન બાબતે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રકૃતિ સમયાંતરે જ્યારે બાધિત થાય છે ત્યારે ક્યારેક અનાવૃષ્ટિ, દરિયા કિનારે પ્રચંડ વાવાઝોડા, નદીઓમાં ભારે પૂર અને ધરતીકંપ જેવી કુદરતી આપત્તિઓ આ ગુજરાત ઉપર આવે છે અને માનવસર્જિત આપત્તિઓ પણ આવે છે. આવી આપત્તિઓ આવે છે ત્યારે એનો ભોગ માનવ બને છે. મોટાભાગના જનસમુદાયને અસર કરતી આપત્તિઓને પહોંચી વળવા પહેલાં પાંગળાં સાધનો હતાં, જનજાગૃતિને ઉત્તેજન મળતું ન હતું, લોક સહયોગ પ્રાપ્ત કરી અને આપત્તિની અસર ઓછી કરી શકાય તેવી કાર્ય યોજનાઓનો પણ અભાવ હતો. અગમચેતીના પ્રચાર-પ્રસાર, બચાવ અને રાહત કાર્યના ટાંચા સાધનોના પરિણામે માનવ જીવન ખુવાર થતું હતું. દુષ્કાળ જેવી લાંબો સમય ચાલતી કપરી પરિસ્થિતિને પહોંચી વળવા પૂર્વ આયોજનનો અભાવ હતો. જેથી માનવ જીવનને મોટી અસર થતી હતી. વૈશ્વિક સ્તરે જેની નોંધ લેવામાં આવી તેવા વર્ષ ૨૦૦૧ના મહાવિનાશકારી ભૂકંપ પછી સરકારે આપત્તિ વ્યવસ્થાપનને ટોચ અગ્રતા આપી છે. રાજ્ય સરકારે ગુજરાત રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૩ ઘડ્યો છે. તે મુજબ રાહત કમિશનરને સત્તાઓ સોંપવામાં આવેલ છે. રાજ્ય સ્તરે રાહતનું વ્યવસ્થાપન તંત્ર કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ દુષ્કાળ, ભારે વરસાદ, વાવાઝોડું, ભૂકંપ, સુનામી, કરૂણ હોનારતો, ગેસ ગળતરની હોનારતો વગેરે માનવ સમુદાયને અસર કરતી જાનમાલને મોટા પાયે નુકસાન કરતી આપત્તિઓમાં સંચાલન, દેખરેખ, સહાયતા અને વ્યવસ્થાપન માટે વ્યવસ્થાઓ કરવામાં આવી છે. રાજ્યમાં સને ૧૯૯૮માં આવેલ વિનાશક વાવાઝોડું તથા સને ૨૦૦૧માં થયેલ મહા વિનાશક ભૂકંપ બાદ રાજ્ય સરકારે આપત્તિ પ્રતિરોધક પગલાં લેવાની કામગીરી હાથ ધરેલ છે. જેમાં રાજ્ય કક્ષાએ સ્ટેટ ઓપરેશન સેન્ટરની સ્થાપના કરી છે. જેમાં સંદેશા વ્યવહાર, તમામ પ્રકારના સાધનો વસાવી ૨૪ કલાક ચાલુ રહે તેવી વ્યવસ્થા આ સરકારે કરી છે. વર્ષ ૨૦૦૧ના ભૂકંપ બાદ રાજ્ય સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે આપત્તિ વ્યવસ્થાપન મંડળની રચના કરી છે. આપત્તિ વ્યવસ્થાપનનું સ્વતંત્ર માળખું કાર્યાન્વિત કરેલ છે. આપત્તિ વ્યવસ્થાપન અને સંચાલન માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ-૨૦૦૩ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ રુલ્સની રચના કરવામાં આવી છે. અધિકારીઓ અને કર્મચારીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ અન્વયે તાલીમ આપવા માટે ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટની સ્થાપના કરવામાં આવી છે. જેમાં વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને દર વર્ષે ઉત્કૃષ્ટ તાલીમ આપવામાં આવી રહી છે. ભારત સરકારના સહયોગથી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ગાંધીનગર મુકામે શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે રાજ્યના ભૂકંપ ઝોનમાં આવતા વિસ્તારોમાં ચાલતી ભૂમિગત પ્રવૃત્તિઓનો સતત અભ્યાસ

થઇ રહ્યો છે. માનવ સંસાધનને મહત્ત્વ આપવું ખૂબ પાયાની જરૂરિયાત હોઇ એસ.આર.પી.ના જવાનોને તાલીમ આપી અને તાલીમબદ્ધ જવાનોની ટુકડીઓ બનાવી સાધનો સહિત અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગોંડલ ખાતે ઉપલબ્ધ રાખવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા પુરસ્કૃત પ્રોજેક્ટ તરીકે રાજ્યમાં આ યોજના અમલમાં મૂકેલ છે. ભારત સરકારે જેને અગ્રતા આપી છે તે પ્રકારે ઉપયોગ થાય તેવા હેતુથી ચાર આંકડાની ટેલિફોન સેવા ઉપલબ્ધ કરાવેલ છે. જે અંતર્ગત ૧૦૧૭ નંબર તેમજ ૧૦૭૭ નંબર ઉપર ફોન કરી કોઇ પણ નાગરિક પોતાના વિસ્તારમાં જે કાંઇ આપત્તિ આવી છે તેનું માર્ગદર્શન મેળવી શકે છે અને આ વેબસાઇટ ૨૪ કલાક ચાલુ હોય છે જેથી ગમે ત્યારે ગમે તે લોકો આનો ઉપયોગ કરી શકે છે. ચાલુ નાણાકીય વર્ષમાં મહેસૂલ વિભાગ દ્વારા સદર ''કુદરતી આફતો અને રાહત'' માટે તા.૩-૨-૨૦૨૩ અંતિતની સ્થિતિએ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના કૃષિ પેકેજ અંતર્ગત નાના સીમાંત ખેડૂતોને રૂપિયા ૧૧૯ કરોડ ૯૨ લાખ ૭૦ હજાર એકની ગ્રાન્ટ ફાળવેલી છે. વધુમાં કોરોના વાઇરસ અને પાંચ જિલ્લા કલેક્ટર કચેરીમાં ૨૦ લાખ ૧૫ હજાર અને કોવિડ-૧૯માં મૃત્યુ પામેલા વ્યક્તિના વારસદારોને રહેમરાહે ચૂકવણી અર્થે તમામ કલેક્ટર કચેરીએ રૂપિયા ૪૮ કરોડ ૫૩ લાખની ફાળવણી આ બજેટમાં કરવામાં આવી છે. આમ, ગુજરાત સરકાર લોકોના જાન-માલનું રક્ષણ કરવા સતત પ્રયત્નશીલ છે જેથી હું મારું સમર્થન આપીને મારું વ્યક્તવ્ય પૂરું કરું છું.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા**(**કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહની અંદર સને ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રને અનુમોદન આપવા અને એના પર મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ વખતે એક વિશાળ બજેટ આવ્યું છે ત્યારે આ સભાગૃહની અંદર માનનીય પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઇનો રેકોર્ડ શ્રી ભૂપેન્દ્રભાઇ તોડશે. ૧૫૬ સિટો લાવીને આ રેકોર્ડ તો તોડ્યો, પરંતુ આ ગૃહની અંદર એક મહાકાય બજેટ રૂપિયા ત્રણ લાખ કરોડથી વધારાનું બજેટ લાવીને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જ્યારે બજેટ લઇને આવ્યા છે ત્યારે ગુજરાતની જનતા એમને ખૂબ ખૂબ આશીર્વાદ આપી રહી છે. શહેરી વિકાસ અને શહેરના લોકો હંમેશા ભારતીય જનતા પાર્ટીને આશીર્વાદ આપતાં રહ્યાં છે. જ્યારે જ્યારે પણ ગુજરાત અને શહેરના વિકાસની વાતો થઇ છે ત્યારે દેશભરની અંદર ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. અગાઉ ઘણી વખત એવી વાતો થઇ છે કે લોકોને પોતાના ઘરનું ઘર મળે એવી બધી વાતો આગળની સરકારોએ કરેલી, પરંતુ ગુજરાતની અંદર તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ હતા ત્યારે એમણે ''મુખ્યમંત્રી આવાસ'' નામની યોજનાની શરૂઆત કરી અને સને ૨૦૧૪માં જ્યારે એમને દિલ્હીની ગાદીનું સ્થાન આપવામાં આવ્યું ત્યારે વર્ષ ૨૦૧૫માં છઠ્ઠા મહિનાની અંદર એમણે આખા ગુજરાત નહીં પણ આખા દેશના ગરીબ લોકોને પોતાના ઘરના ઘરનું સપનું સાકાર થાય તે માટેનો એમણે કાયદો પસાર કર્યો અને એ યોજનાને લાગું કરી. આ યોજના થકી યોજનાને આગળ ધપાવવા માટે ગુજરાતની સરકાર વર્ષ ૨૦૨૨ના લક્ષ્યને પૂરું કરવા માટે ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪ સુધી આ યોજનાને લંબાવવાનું આયોજન અને નિર્ણય કર્યો છે ત્યારે આ યોજના ગુજરાતના શહેરીજનો માટે એટલી આશીર્વાદરૂપ છે એના મૂળ ચાર ઘટકો છે. એ ચાર ઘટકોમાં એક ઘટક એ છે કે વર્ષો જૂનાં શહેરમાં આપણે ફરતાં હોય ત્યારે ગંદકી અને ગીચ વિસ્તારની અંદર ગરીબ માણસો ઝૂંપડાંમાં વસતાં હોય છે. પોતાના બાળકનું સ્વાસ્થ્ય સારું ના હોય એવા લોકો માટે પોતાના મૂળ સ્થાન અને મૂળ જમીન ઉપર એ ગરીબ લોકો વસવાટ કરી શકે છે એ માટેની યોજના લાવ્યાં અને એમને ત્યાં ને ત્યાં વસાવવા માટે એના ટેન્ડર થકી પી.પી.પી. મોડલ ઉપર એને જે પોતાનું ઘર હોય કે નાનું એવું ઝૂંપડું હોય એ જગ્યા ઉપર એને વધારાની એફ.એસ.આઇ. આપીને ટેન્ડર થકી પી.પી.પી. મોડલ ઉપર એક યોજના લાવ્યાં. જેથી કરીને એ સ્થળ ઉપર ગરીબોને પોતાનું ઘરનું ઘર એક સારી ટાઇલ્સવાળો ફ્લેટ, અંદર ટોઇલેટ બાથરૂમ હોય અને સ્વચ્છતા હોય અને લિફ્ટ સાથેનું મકાન મળી રહે એ માટેની યોજના એ પહેલું ઘટક છે. બીજું ઘટક, જે લોકોને પોતાના ઘરનું ઘર મળતું નથી પરંતુ જે સરકારી જગ્યાઓ છે અને ગરીબ માણસો પોતાનું ઘર લઇ શકતા નથી એવા લોકો માટે છે. જાહેર જગ્યાઓ ઉપર ઇ.ડબલ્યુ.એસ. આવાસ બનાવવામાં આવે છે અને મુખ્યમંત્રી આવાસ પણ બનાવવામાં આવે છે. જે લોકો મકાન લેવા ઇચ્છતા હોય એમને સબસિડીરૂપે અઢીથી ત્રણ લાખ રૂપિયા આપવામાં આવે છે અને એ જગ્યા ઉપર અત્યારે હાઇરાઇઝ બિલ્ડિંગો શહેરની અંદર આપણે કહી ન શકીએ પણ જોવામાં આવે તો એવું લાગે કે આ કોઇ મુખ્યમંત્રી આવાસ થોડું હોય? અને એનો મને દાખલો, ઉદાહરણ એટલા માટે યાદ છે કે જયારે આ યોજના લાગુ થઇ ત્યારે લોકો ફોર્મ નહોતા ભરતા. બધા એવું માનતા હતા કે સરકારી મકાનમાં કાંઇ હોય નહીં. એના દરવાજામાં કાંઇ ન હોય અને મેં એવા જોયા પણ છે પહેલા અલગ અલગ જૂની આવાસ યોજનાઓ હતી એના કુટિરો એમને એમ પડયા હતા. ત્યારે અમે લોકોને મિટિંગો કરી કરીને સમજાવ્યા કે તમે આ ફોર્મ ભરો. ફોર્મ ભરવાથી ખૂબ સારા મકાનો તમને મળશે. છતાં પણ સુરતની અંદર લોકો ફોર્મ નહોતા ભરતા પણ જેટલા લોકોએ ફોર્મ ભર્યા હતા એના ફળરૂપી લોકોને એમના ઘર મળી ગયા. એ ઘર મળ્યા પછી લોકોએ જયારે ઘર જોયા પછી આજે ગુજરાતમાં એની પાછળ લાઇન લાગી છે કે આ ઘર તો બહુ સુંદર મઝાના મળે છે. એક ઘરની પાછળ ૧૦૦ લોકો ફોર્મ ભરે છે. એ આ સરકારની સારા ઘરની ઉપલબ્ધી છે. શહેરો વિકસાવવામાં આવ્યાં છે. ગુજરાતને અણમોલ ભેટ નરેન્દ્રભાઇએ આપી છે એટલું કહીને મારી વાત પૂરી કરું છું કે જે પ્રકારે ગિફ્ટ સિટી આપ્યું, જે પ્રકારે ધોલેરા સર આપ્યું અને જે પ્રકારે ડાયમન્ડ બુર્સ ગુજરાતને જે મળ્યું છે. આવનારા દિવસોમાં ગુજરાતની અંદર આવકના સ્ત્રોત ઊભા કરી

દીધા છે શ્રી નરેન્દ્રભાઇએ એટલા માટે ગુજરાતની જનતા ભારતીય જનતા પાર્ટીને આશીર્વાદરૂપી આ ફળ ૧૫૬ આપ્યા છે. વાત કરવા જેવી ઘણી છે પરંતુ સમયનો અભાવ છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું બજેટ ઉપર ચર્ચા કરવા માટે ઊભો થયો છું. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઇ પટેલનો એટલા માટે આભાર માનું છું કે મારા મત વિસ્તારમાં રૂપિયા ૮૦૦ કરોડનો રસ્તો ભરૂચથી દહેજ એમેણે જે મંજૂર કરેલો છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. સાથેસાથે ભાડભૂત બૅરેજમાં વાત કરું તો ૧૪૧૫ કરોડ રૂપિયાનો આ ભાડભૂત બૅરેજ બનવાથી અમારા વિસ્તારની કાયાપલટ થશે અને સાથેસાથે આ વિસ્તારનું પાણીનું સ્તર નીચું આવવામાં કોઇ કમી રહેવાની નથી. આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીએ એનું ખાતમૂહુર્ત કરેલું. એમના હાથે આ ભાડભૂત બૅરેજ રૂપિયા ૪૪૦૦ કરોડનું પૂરું થશે એનો મને પૂરો વિશ્વાસ છે. ગુજરાતની પોતાની એક આગવી ઓળખ છે. આગવી સંસ્કૃતિ છે. વર્તમાન ગુજરાતના સુવર્ણ યુગની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી હતી એમ કહીએ તો પણ જરા પણ ખોટું નથી. શાંતિ, સલામતી વિના કોઇપણ રાજયનો વિકાસ શકય નથી. કોંગ્રેસના શાસનમાં કોમી તોફાનો થતાં હતાં. વર્ષ ૨૦૦૨ પછી થયાં નથી. વર્ષ ૨૦૧૨ બાદ શ્રી નરેન્દ્રભાઇ તત્કાલીન મુખ્યમંત્રી હતા અને ગુજરાતના આપણા જ પનોતા પુત્ર શ્રી અમિત શાહ આ બંનેના દૃષ્ટિકોણથી કોમી તોફાનો વર્ષ ૨૦૦૨થી બંધ થયાં છે. આજે વિશ્વને ગુજરાત શાંત, સલામત અને સુરક્ષિત હોવાની અનુભૂતિ શ્રી નરેન્દ્રભાઇએ કરાવીને આ ગુજરાતના નવા સુવર્ણયુગનો પ્રારંભ કર્યો છે તેમ કહું તો કોઇ અતિશયોક્તિ નથી. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક આગવો અભિગમ અપનાવીને વર્ષ ૨૦૦૩ની ૨૮મી સપ્ટેમ્બરના રોજ શક્તિ અને ભક્તિપૂર્વક ઉજવાતા નવરાત્રિના ઉત્સવ દરમ્યાન પહેલી  વખત વાઇબ્રન્ટ સમિટ યોજવાનું કામ કરેલ છે. તેના માટે આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપું છું. ઐતિહાસિક સમિટમાં શ્રી નરેન્દ્રભાઇએ વિશ્વના ઉદ્યોગપતિઓને આમંત્રણ આપી ગુજરાતમાં મૂડી રોકાણ કરવા માટે આહવાન કર્યું. આ દેશના વડાપ્રધાનના એક દૃષ્ટિકોણની સુવાસ આજે સમગ્ર ગુજરાતમાં પ્રસરી રહી છે. ગુજરાતમાં મૂડી રોકાણ કરવા માટે લોકો પ્રેરિત થયા, પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં ૪૫ દેશના ૨૦૦ જેટલા અગ્રગણ્યો, ૧૨૫ જેટલા ડેલિગેટ્સ, ૨૦૦ જેટલા એન.આર.આઇ. ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઇએ ઊભી કરેલી શાંતિ, સલામતિને કારણે ૭૬ જેટલા એમ.ઓ.યુ. થયા. પહેલીવાર આ સમિટમાં ૧૪ અબજ ડોલરના રોકાણ સાથે ઇન્વેસ્ટરોએ ગુજરાતમાં આવવાની પહેલ કરી. તેના માટે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને આપણે સૌએ યાદ કરવા પડે. આ ગુજરાતને ભારતનું ગ્રોથ એન્જિન બનાવવાની શરૂઆત થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૫માં શ્રી નરેન્દ્રભાઇએ ફાર્મ ટુ ફૉરેસ્ટ હેઠળ ફોર-એફની ફોર્મ્યુલા આપી હતી. જેમાં ખાસ કરીને ગુજરાતના ૧૬૦૦ કિલોમિટરના લાંબા દરિયા કિનારા ઉપર ધ્યાન રાખીને તેની નીતિ અમલમાં મૂકવાનું કામ કરેલું. તેના માટે ૨૪૬ એમ.ઓ.યુ. પણ થયા. મને કહેતાં આનંદ  થાય છે કે, આ દેશના વડાપ્રધાનના દૃષ્ટિકોણથી ગુજરાતમાં વિદેશના લોકો આકર્ષાઇને આજે રોકાણ કરવા માટે તૈયારી બતાવી રહ્યા છે. હું એ મત વિસ્તારનો ધારાસભ્ય છું અને મને કહેતાં આનંદ થાય છે કે, વાગરા મત વિસ્તારમાં તમે આવો અને ત્યાંની ઇન્ડસ્ટ્રીઝ જુઓ, આપ સૌ ધારાસભ્યોને હૃદયપૂર્વક આમંત્રણ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ સાથે રહેજો. હું તમને ત્યાં આગળ લઇ જઇશ અને તમે જુઓ, સાથે પ્રવાસ કાર્યક્રમ કરો. તમારી ત્યાં સંપૂર્ણ વ્યવસ્થા હું કરીશ. અહીં આગળ ઉદ્યોગો આવવાથી ભરૂચ જિલ્લાના તમામ લોકોને રોજીરોટી મળવાની સ્થિતિ ખૂબ મજબૂત બની છે. આજે મને કહેતાં આનંદ થાય છે કે, કોઇ લેન્ડ લુઝર બાકી નથી. જિલ્લાનો કોઇ બી.કોમ કરેલો યુવાન હોય, મિકેનિકલ કરેલ યુવાન હોય, કેમિકલ્સની ડિગ્રી ધરાવતો હોય તેવા લાખો લોકોને અમારા વિસ્તારનમાં રોજી મળે છે. યુ.પી., બિહારના લોકોને લાખોની સંખ્યામાં ત્યાં નોકરી મળે છે. તેનું કોઇ કારણ હોય તો તે શ્રી નરેન્દ્રભાઇ મોદી જ છે. ઉદ્યોગોના વિકાસ માટે ભરૂચ જિલ્લો ગુજરાતનો ગોલ્ડન કોરિડોર તરીકે ઓળખાય છે. અબજો ડોલરના મૂડી રોકાણો આવ્યા છે. તેમાં ૩૬૩ જેટલા એમ.ઓ.યુ. થયા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વાઇબ્રન્ટ ગુજરાત થકી ગુજરાતનો નવો ઇતિહાસ લખવાની શરૂઆત કરી છે. કોંગ્રેસના વખતમાં કયાંય રોજગારીની તક ન હતી અને તમારી આજે એવી સ્થિતિ ઊભી થઇ કે તમે ૧૬-૧૭ ઉપર આવીને અટકી ગયા. વિરોધપક્ષ જેવું રહેવા ન દીધું. અમે કામ કરીએ છીએ અને તે વખતે કોંગ્રેસના મિત્રો એમ કહે કે, શ્રી નરેન્દ્રભાઇ મોદીજી લાલ જાજમ પાથરવાનું કામ કરે છે. તે લાલ જાજમ એટલા માટે પાથરી કે વિશ્વના રોકાણકારો આવીને અહીં આગળ રોકાણ કરે અને ડોલરમાં કમાઇને લઇ જાય. હું મારા વિચારો રજૂ કરીને મારી વાત પૂરી કરું છું.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રીનું પ્રવચન પૂરું થાય છે. સભાગૃહનો વિરામનો સમય થયો છે.

**વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય અધ્યક્ષશ્રી, આજે અંદાજપત્રની રજૂઆતમાં નર્મદા યોજના વિશે મારા વિચારો રજૂ કરું છું.

## ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, શાસ્ત્રોમાં કહેવાયું છે કે, "ગંગા સ્નાને યમુના પાને નર્મદાજી દર્શને" ગંગાજીમાં સ્નાન કરવાથી પૂણ્ય પ્રાપ્ત થાય છે, યમુનાજીમાં આચમન કરવાથી પૂણ્ય મળે છે અને નર્મદાજીના માત્ર દર્શન કરવાથી પાપોની મુક્તી મળે છે આવું શાસ્ત્રો કહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અખાત્રીજનો તહેવાર આવે ત્યારે અમારા ખેડૂતો પોતાના ગામેથી નર્મદા નદીમાં જઇને સ્નાન કરે અને ત્યાંથી લોટી ભરીને જળ લાવીને પોતાના ખેતરમાં જમીન માતાને એ પાણીનો છંટકાવ કરે છે, આ આદિવાસી સમાજના ખેડૂતોની એક લાગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર એક અગત્યની આંતર રાજ્ય બહુહેતૂક યોજના છે જે ગુજરાતની જીવાદોરી સમાન છે. આ યોજના પૂર્ણ થતાં હાલમાં પીવાના પાણીની જે તકલીફ હતી, સિંચાઇની જે તકલીફ હતી, આખા ગુજરાતમાં દુષ્કાળમાં પાણીની મુશ્કેલી પડતી હતી એવા સમયે એ વખતના ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને હું અભિનંદન આપુ છું કે એમણે આ યોજનાને આગળ ધપાવી ગામડે ગામડે પાણી પહોંચાડ્યું, કચ્છ સુધી પાણી પહોંચાડ્યું છે ત્યારે મારે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે. આદિવાસી વિસ્તાર હોય, કચ્છની ધરતી હોય, સૌરાષ્ટ્રના ડેમો હોય, ચેકડેમો હોય એ બધા ડેમોમાં અને રાજયના મોટા મોટા શહેરો સુધી પીવાનું પાણી પહોંચાડવાનું કામ જો કોઇએ કર્યું હોય તો દેશના વડાપ્રધાનશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે અને અવિરતપણે કામ કરી રહી છે. અગાઉની કોંગ્રેસની સરકારો વખતે ૮૦ મીટર સુધી જ બાંધકામ થયું હતું પરંતુ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ડંકાની ચોટે ૧૩૯ મીટર સુધી પાણી ભર્યું છે અને એમાંથી કચ્છનો સૂકો વિસ્તાર હોય, સૌરાષ્ટ્રનો વિસ્તાર હોય એ બધે જ પાણી પહોંચાડ્યું છે. માનનીય અમિતભાઇ, સાચું છે એટલે બોલું છું. આ બધા વિસ્તારમાં પાણી પહોંચવાથી ખેડૂતોની આમદાનીમાં વધારો થયો છે. અમારા કૃષિ મંત્રીશ્રી જે બોલે છે એ સાચું કહે છે કે, ખેડૂતોની આમદાની વધી છે. પહેલા લોકો ગામડાથી શહેરોમાં આવતાં હતાં, પણ આ વર્ષે ભાજપના શુકન સારા છે, મુખ્યમંત્રીશ્રીના શુકન સારા છે, અમારા ૧૫૬ ચૂંટાયા છે એમના પણ શુકન સારા છે. આજે ૧૩૮ મીટર સુધી નર્મદા ડેમ ભરાયો છે, ઉપરવાળાએ પણ મહેર કરી છે અને નીચેવાળાએ પણ મહેર કરી છે. મારે બીજું એમ કહેવું છે કે, ચાલુ વર્ષે કેનાલ હેડ પાવર હાઉસ થકી કુલ ૪૨૧ કરોડ વીજ યુનિટ, ૧૬૮૪ કરોડનું ઉત્પાદન થયું છે. ચાલુ વર્ષે નહેરો પરના નાના જળવિદ્યુત મથકો થકી ૪.૧૩ કરોડ યુનિટ ઉત્પાદન થતાં કુલ ૩૦.૮ કરોડ યુનિટ જળવીજ ઉત્પાદન થયું છે. ચાલુ વર્ષે કેનાલ ટોપ અને કેનાલ બેંકના કુલ ૨૫ મેગાવોટના સોલાર પાવર પ્લાન્ટ થકી ૩.૦૮ કરોડ યુનિટ થતાં કુલ ૨૦.૭૦ કરોડ યુનિટ સોલાર વીજ ઉત્પાદન થયું. ચાલુ વર્ષે નર્મદા યોજનાની નહેરોનું કામ પૂર્ણ થયું છે અને ૫૮૫ કિલો મીટર લંબાઇનું બાંધકામ પૂર્ણ કરીને કુલ ૬૩,૫૩૯ કિલો મીટરની લંબાઇનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે માઇનોર સુધી ૬૧૪૪ હેકટર સિંચાઇ ક્ષમતા વિકસાવીને કુલ સિંચાઇ ક્ષમતા ૧૬.૯૯ લાખ હેકટર થઇ છે. ચાલુ વર્ષે સબમાઇનોર સુધી ૧૭,૧૭૧ હેકટર પિયત વિસ્તાર વિકસાવીને કુલ ૧૫.૩૮ લાખ હેકટર પિયત વિસ્તાર વિકસાવવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વેજપુર અને માડકા શાખા નહેરના વિસ્તારનો રહી ગયેલ પિયત વિસ્તારને સુવિધા પૂરી પાડવા માટે પણ આ કામ પૂરું કર્યું છે. મારે ઓવરઓલ કહેવું છે અને મારા વિસ્તારની હું વાત કરું તો મારા સંખેડા તાલુકામાં ૧૫૦ ગામ, બોડેલમાં ૪૦થી ૪૨ ગામ, નસવાડીમાં ૩૮ ગામ તેમ કુલ-૩૮ હેકટરમાં ખેડૂતોને લાભ થયો છે અને ખેડૂતોની આમદાનીમાં વધારો થયો છે. વડોદરા જિલ્લો હોય, છોટા ઉદેપુર જિલ્લો હોય પહેલાં સાહેબ ઘરો બનાવવાની સ્થિતિ જોઇએ તો કાચા મકાનો હતા જયારે અત્યારે ગામડામાં જોઇએ તો ૧૫-૨૦ ટકા મકાનો થયા છે અને દૂધ મંડળીઓ પણ સારી બની છે, લોકોના ઘરે ઘરે મોટર સાઇકલો આવી છે જયારે સાઇકલ ફેરવવાના પણ ઠેકાણાં નહોતાં અને અમારી સરકારમાં શુદ્ધ બુદ્ધિના કારણે આ થયું છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કાયદા વિભાગની બજેટની જોગવાઇઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના લોકલાડીલા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વને વરેલી હાલની ગુજરાત સરકાર તેમાં શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની રાહબરી હેઠળ હાલની સરકારના તમામ પ્રજાની સુખાકારી અને પ્રજાના હક્કોનું રક્ષણ કરવા માટે સદાય તત્પર રહેતી આ સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ નાગરિકોને સરળતાથી અને સહજતાથી ન્યાય મળી રહે, નાગરિકોના અધિકારો સુરક્ષિત રહે તે માટે મજબૂત ન્યાય પ્રણાલિ અનિવાર્ય છે. ન્યાયપાલિકા આપણાં બંધારણની ગરિમા અને પ્રભુત્વને ટકાવી રાખવા હંમેશા સક્રિય રહી છે. સમાજના દરેક વર્ગ, જાતિ, ધર્મ, સંપ્રદાયના નાગરિકોને યોગ્ય ન્યાય મળી રહે તે માટે ભારતનું બંધારણ કંડારવામાં આવેલ છે. ભારતીય સંવિધાનના ઘડવૈયા તેવા ડો.બાબાસાહેબ આંબેડકરના અમૂલ્ય યોગદાનને ચોક્કસ યાદ કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાગરિકોને સસ્તો, સરળ અને ઘરઆંગણે ન્યાય મળી રહે તે માટે હાલની સરકાર કટિબદ્ધ છે. આ સરકાર રાજયમાં સુશાસન જાળવવાની નીતિ અનુસરીને ન્યાયપાલિકાને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધતાથી કામ કરી રહી છે. ન્યાય પ્રક્રિયા પણ સરળ થાય અને વિવાદોનું ઝડપથી નિરાકરણ આવે તે માટે રાજય સરકારે ગુજરાતના લગભગ તમામ તાલુકાઓ અને પ્રત્યેક જિલ્લાઓમાં વિવિધ કોર્ટોની સ્થાપના કરવામાં આવી છે.

## તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, કોર્ટોની કામગીરીના ડિજિટલાઇઝેશન માટે રાજ્ય સરકારે નામદાર વડી અદાલતની દરખાસ્ત મુજબ જરૂરી ફંડની પણ આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. નામદાર કોર્ટમાં ભરવાપાત્ર કોર્ટ ફી પહેલા રૂબરૂ જઇને લેવી પડતી હતી જયારે આ સરકારમાં જયુડિશિયલ સ્ટેમ્પ ફી ઓન લાઇન મળી રહે તે માટે ઇ કોર્ટની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, પક્ષકારો, વકીલો, જયુડિશિયલ સ્ટેમ્પ, નેટ બેન્કિંગ, યુપીઆઇ, ડેબિટ કાર્ડ વગેરે માધ્યમથી કોર્ટ ફી ઘેર બેઠાં જ કરી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર વડી અદાલતની દરેક કોર્ટમાં બોર્ડનું જીવંત પ્રસારણ યુ-ટ્યૂબ પર કરવામાં આવે છે. આ સુવિધાના કારણે ન્યાયિક કાર્યવાહીની પારદર્શિતા જળવાશે તથા પક્ષકારોના ન્યાય, નાણાં, સમય અને શકિતનો બચાવી થશે. આ સુવિધાના કારણે દરેક પક્ષકારો તેમજ સામાન્ય નાગરિકોને નામદાર હાઇકોર્ટની કોઇ કોર્ટમાં કયા નંબરનો કેસ ચાલી રહ્યો છે તેની માહિતી મળી શકશે. તે જ પ્રમાણે પોતાનું સ્ટેટસ જાણી શકાશે અને આ જ રીતે યુ-ટ્યૂબ ઉપરથી પોતાના કેસનો નંબર અને હાલ કયા કેસની સુનાવણી થઇ રહી છે તેની પણ માહિતી સરળતાથી મળી શકશે. દેશમાં કોર્ટની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરનાર પ્રથમ વડી અદાલત ગુજરાત રાજ્યની છે તેમજ જિલ્લા કક્ષાએ પણ મુખ્ય જિલ્લા ન્યાયાધીશની અદાલતોની કાર્યવાહીનું જીવંત પ્રસારણ શરૂ કરવામાં ગુજરાત રાજ્ય પ્રથમ રાજ્ય બનેલ છે જે આપણા સૌ માટે ગર્વ લેવા જેવી વાત છે. રાજ્યની ૨૫ જિલ્લા અદાલતો ખાતે સ્ટુડિયોબેઝ વીડિયો કોન્ફરન્સની સુવિધા ચાલુ છે અને અન્ય સાત જિલ્લાઓમાં આ સુવિધા ચાલુ કરવાની પ્રક્રિયા હાલ ગતિમાં છે. રાજ્યની ૨૩ જેલોમાં ઇ-કોર્ટ મિશન મોડના માધ્યમ દ્વારા આરોપીઓની હાજરી નામદાર અદાલત દ્વારા નોંધાવી શકાય તે માટે આધુનિક સુવિધાયુક્ત સ્પીકરો અને માઇકની સાથે કેમેરા પૂરા પાડેલ છે. જેના કારણે પક્ષકારોનો કોર્ટમાં અવર-જવરનો ખર્ચ, કેદીઓને કોર્ટમાં લાવવા-લઇ જવાનો સરકારનો ખર્ચ અને સમય બચે છે તથા કેદીઓની સુરક્ષા પણ જળવાઇ રહે છે. નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા ગુજરાતની તમામ જિલ્લા કોર્ટ અને તાબાઓની કોર્ટની કાર્યવાહીનું રેકોર્ડીંગ સી.સી.ટી.વી. કેમેરા દ્વારા કરવામાં આવે છે. જે અન્વયે સિટી સિવિલ કોર્ટ, ઔદ્યોગિક અદાલતો, મજૂર અદાલતો, મેટ્રો કોર્ટ, સ્મૉલ કોઝ કોર્ટ, ફેમિલી કોર્ટ, તાલુકા કોર્ટ અને સેશન કોર્ટ સહિતની અદાલતોમાં ૩૪૩ કોર્ટ બિલ્ડિંગ અને ૧૩૪૫ કોર્ટ રૂમોમાં સી.સી.ટી.વી. કેમેરા મૂકવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર**(**હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં કૃષિ વિભાગની વાત કરીએ તો આપણો દેશ આઝાદ થયો ત્યારપછી વર્ષો સુધી અનેક સરકારો આવી. કોઇ સરકારે ખેડૂતોની ચિંતા નહોતી કરી. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે ગુજરાતના વિકાસની અનેકગણી ચિંતા કરી. દરેક વિભાગનો વિકાસ કેવી રીતે થાય એની ચિંતા કરી. એમાં કૃષિ વિભાગની પણ ચિંતા કરીને અનેક અભૂતપૂર્વ એવા નિર્ણયો લીધા. અનેક યોજનાઓ બનાવી કે જેનો લાભ ખેડૂતોને મળ્યો. આજે પણ એનો લાભ આપણા ખેડૂતોને મળે છે. સમગ્ર દેશમાં ગુજરાત એક એવું રાજ્ય હતું કે જ્યાં કૃષિ મેળાની શરૂઆત કરી. આપણા કૃષિ વિજ્ઞાનીઓ ગામે-ગામ જાય, ત્યાં ખેડૂતોને માર્ગદર્શન આપે, ખેડૂતોના પ્રશ્નો સાંભળે, એનો નિકાલ કરે, સરકારની યોજનાઓની માહિતી ખેડૂતો સુધી પહોંચાડે અને એના થકી રાજ્યનું કૃષિ ઉત્પાદન અનેકગણું વધારે થયું. કિસાન સૂર્યોદય યોજના જેવી એક અભૂતપૂર્વ યોજના અમલમાં મૂકી આપણા રાજયમાં નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક યુનિવર્સિટી હાલોલ ખાતે શરૂ કરવામાં આવી. આજે પ્રાકૃતિક કૃષિની માંગ પણ વધી છે. જેના માટે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય રાજ્યપાલશ્રી ખૂબ રસ લઈ રહ્યા છે. કૃષિની વાત કરીએ તો કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના અવિરત વિકાસ થકી ગુજરાત રાજ્યએ સમગ્ર દેશમાં આગવી ઓળખ ઊભી કરી છે. આજે સમગ્ર દેશમાં આપણું રાજ્ય દેશના વિકસિત અને મજબૂત ઊભરતાં રાજ્ય તરીકે સિદ્ધિ હાંસલ કરી દેશના બાકી રાજ્ય માટે દીવાદાંડીરૂપ બન્યું છે. આપણે ઉત્પાદનની વાત કરીએ તો સમગ્ર દેશમાં ૮૧.૬૭ ટકા દિવેલાના ઉત્પાદન સાથે ગુજરાત ઉત્પાદકતામાં પ્રથમ સ્થાન ધરાવે છે. મગફળીના વાવેતર તેમજ ઉત્પાદનમાં ભારત દેશમાં પ્રથમ સ્થાને છે. દેશમાં મગફળીના કુલ વાવેતરમાં ગુજરાત રાજ્ય ૩૫.૯૫ ટકા જેટલો સિંહફાળો પણ ધરાવે છે. દેશમાં કપાસના ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય પ્રથમ સ્થાન ધરાવે છે. જીરાનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે. જે ભારતના કુલ ઉત્પાદનના ૫૦ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. દેશમાં ચણા અને રાયની ઉત્પાદકતા બાબત ગુજરાત રાજ્ય અનુક્રમે પ્રથમ અને બીજા નંબરે છે. ખરીફ પાકોનું વર્ષ ૨૦૨૧-૨૨માં ૮૫.૭૪ લાખ હેક્ટર વાવેતર, નોર્મલ વાવેતરના ૯૯.૩૪ ટકા અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૪.૬૭ લાખ હેક્ટર વાવેતર, નોર્મલ વાવેતરના ૯૯.૮૪ ટકા. સમગ્ર દેશના ખેડૂતો માટે આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ ભારત સરકાર દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે ખેડૂતોને સહાયરૂપ થવા માટે ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના જાહેર કરવામાં આવી છે. ખેડૂતોને પ્રતિ વર્ષ રૂ.૬,૦૦૦/-ની સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી સીધી બેંક એકાઉન્ટમાં મળવાપાત્ર થાય છે. જે સમાન હપ્તામાં ચાર માસમાં ચૂકવવામાં આવે છે. ભારત સરકાર દ્વારા જે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે તે ભારત સરકારશ્રી, તમામ રાજ્ય સરકારશ્રીની ભલામણો તથા કમિશન ફોર એગ્રીકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઇસીઝ, નવી દિલ્હીની ભલામણ પરથી ટેકાના ભાવ નક્કી કરે છે. સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન્ડો-ઈઝરાયેલ હેઠળ આધુનિક ટેકનોલોજીનો વ્યાપ વધારવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જેના પરિણામ સ્વરૂપ આજે ખેડૂતો હાઈટેક નર્સરીમાં તૈયાર થયેલ ગુણવત્તાયુક્ત શાકભાજીનું વાવેતર કરતા થયા છે. સેન્ટર ઓફ એક્સેલન્સ થકી અદ્યતન પ્રકારની ટેકનોલોજી ખેડૂતો સુધી વિસ્તરણ કરવામાં ઉપયોગી બને છે. જેમાં રક્ષિત ખેતી, ટપક સિંચાઈ પદ્ધતિ, ફર્ટિલાઈઝેશન અને અદ્યતન ધરૂ ઉછેર

દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાના પ્રયત્નો પણ કરવામાં આવે છે. રાજ્ય સરકારે સાત પગલાં ખેડૂત કલ્યાણના નામની એક અભૂતપૂર્વ યોજના અમલમાં મૂકી. સમગ્ર વિશ્વમાં ફેલાયેલી વર્ષ ૨૦૧૯ની અણધારી આફતના સમયમાં લોકલોડીલા પ્રધાનમંત્રીશ્રી દ્વારા આત્મનિર્ભર ભારતનો મંત્ર આપી સમગ્ર રાષ્ટ્રને આ આફતના સમયમાં અર્થતંત્રને ફરીથી ધબકતું કરવાના આશય સાથે વિવિધ યાજનાઓ/કાર્યક્રમો અમલમાં મૂકેલ છે અને જેમાં સહભાગી થવાનું આહવાન પણ કરેલ છે. જેના ભાગરૂપે આપણી ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના લાભાર્થે વર્ષ ૨૦૨૦-૨૧થી 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' અંતર્ગત સાત યોજનાઓ અમલમાં મૂકેલ છે. આ યોજનાઓ દ્વારા ખેડૂતોને વધુને વધુ આત્મનિર્ભર બનાવવાનો નિર્ધાર પણ કરેલ છે. રાજ્યના ખેડૂતો કાપણી પછી ખેત પેદાશોને વરસાદ, વાવાઝોડું વગેરે ઘટનાથી બચાવી શકે તેમજ સંગ્રહ કરી સારા ભાવ મળે ત્યારે વેચાણ કરી વધુ વળતર મેળવી શકે તેવા શુભ આશયથી વર્ષ ૨૦૨૦-૨૧થી ખેત પેદાશોના સંગ્રહ માટે ખેતર પર નાના ગોડાઉન બનાવવા માટે સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કિસાન પરિવહન યોજના દ્વારા રાજ્યના ખેડૂતો પોતાના ઉત્પાદનો બીજા બજારો સુધી પહોંચાડી શકે અને વધુ વળતર મેળવી શકે તે માટે સામાન્ય વર્ગના ખેડૂતોને ૨૫ ટકા લેખે રૂ. ૫૦ હજાર અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, નાના, સીમાંત, મહિલા ખેડૂતો માટે ૩૫ ટકા લેખે રૂ. ૭૫ હજારની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતને ગાયના નિભાવ ખર્ચમાં સહાય, દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય યોજના અંતર્ગત પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂત પરિવારને એક ગાય માટે માસિક રૂ. ૯૦૦/- લેખે વાર્ષિક રૂ. ૧૦,૮૦૦/-ની સહાય પણ આપવામાં આવી રહી છે. રોડ સાઈડ વેચાણ ફળ-શાકભાજીના વિક્રેતાને મહત્તમ વેચાણ થાય તે માટે વાતાવરણ ઊભું કરવું તેમજ છત્રી, શેડ થકી ફળ-શાકભાજીને વધુ ગરમી સામે રક્ષણ, ગુણવત્તા જળવાય રહે તે હેતુથી ફળ-શાકભાજીના છૂટક વિક્રેતાને વિનામૂલ્યે છત્રી આપવાની યોજના પણ અમલમાં મૂકી હતી. રાજ્યના સીમાંત ખેડૂતો અને ખેત મજૂરોને પરંપરાગતને બદલે સ્માર્ટ હેન્ડ ટૂલ કિટ આપવની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. કૃષિ ક્ષેત્રે વિકાસ કરવો હશે તો ખેતી અને તેની સાથે સંકળાયેલા વ્યવસાય જેવા કે બાગાયત, પશુપાલન, ડેરી ઉદ્યોગ, મૂલ્યવર્ધક વગેરે સંબંધિત તમામ કામગીરીમાં આધુનિકતા લાવવી ખૂબ જ આવશ્યક છે અને સરકારની કૃષિ આધુનિકતા માટે વિવિધ યોજના હેઠળ તાલીમ, કૃષિ યાંત્રિકરણ, સહાય ઈનપુટ વગેરે હેઠળ સહાય આપવામાં આવે છે. રાજ્યમાં સીમાંત ખેડૂત અને ખેડૂત કામદારો મોટાં યાંત્રીકરણનાં સાધનો ધરાવતાં નથી. તેઓની કાર્યક્ષમતામાં વધારો થાય તે ઉદ્દેશથી સીમાંત ખેડૂતો અને ખેત કામદારોને સ્માર્ટ હેન્ડ ટૂલકીટ પૂરી પાડવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ છે.કિસાનોના પસીનાથી લહેરાતા પાકને ભૂંડ, રોઝ જેવા જાનવરો નષ્ટ ન કરે તે માટે તેમના પાકને રક્ષણ આપવાના હેતુથી આ સરકારે ચારેબાજુ કાંટાળા તારની વાડ બાંધવા માટે સહાય આપવાની યોજનાનો પણ 'સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના'માં સમાવેશ કર્યો છે. આપણા રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી અને મહામહિમ રાજ્યપાલશ્રી પ્રાકૃતિક કૃષિમાં ખૂબ રસ લઇ રહ્યા છે. જેના રાજ્યની અંદર આપણને ખૂબ સારાં પરિણામો પ્રાપ્ત થયાં છે. પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતી જ નહીં, પણ જીવન દર્શન છે. રાસાયણિક ખાતર અને દવાઓના વધુ પડતા ઉપયોગના કારણે કુદરતી તત્ત્વો જેવા કે, જળ, જમીન અને હવાને થયેલ ગંભીર નુકસાનના દુષ્પ્રભાવને નિવારવા માટે પણ પ્રાકૃતિક ખેતી તરફનું પ્રયાણ એ ક્રાંતિકારી પરિવર્તન છે. આ પરિવર્તન ખેડૂતોની સાથોસાથ પ્રકૃતિનું પણ સંરક્ષક બની રહેશે. આજે દેશ અને રાજ્યના હજારો કિસાનો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા છે. ગુજરાતના ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ વાળવાના આ અભિયાનનું નેતૃત્વ રાજ્ય સરકારે લીધું છે. પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર માટે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યશાળાના કાર્યક્રમો સમયાંતરે રાખવામાં આવે છે. સમગ્ર વિશ્વ આજે અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યું છે. તે પૈકી જળ અને વાયુ પરિવર્તન એ વિશ્વ સામેનો એક મોટો પડકાર છે. પ્રકૃતિ સાથે છેડછાડ કરવાના કારણે સમગ્ર વાતાવરણ દૂષિત થયું છે. આજે શુદ્ધ હવા, પાણી કે ખોરાક મેળવવા અશક્ય બની ગયેલ છે ત્યારે આપણા માટે કુદરત તરફ પાછા વળવાનો સમય આવી ગયો છે. ખેડૂત રાત-દિવસ મહેનત કરી અન્ન પેદા કરે છે પરંતુ, આધુનિક રીતે કરવામાં આવતી રાસાયણિક ખેતીમાં વધેલ ખર્ચને કારણે તેને આર્થિક હાડમારી ભોગવવી પડે છે. અનુભવે એ તારણ બહાર આવ્યું કે પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને ખેતી અંગેનો ખર્ચ ઘટવાની સાથે તેમની આવકમાં પણ વધારો થયો છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા સાથી ધારાસભ્ય શ્રી ડૉ. સી.જે.ચાવડા સાહેબ કહ્યું કે ઋષિ જેવા સજ્જન નાણામંત્રીશ્રી અદાણીના શેરબજારની અંદર જે શેરધારકો હતા એમને જે નુકસાન થયું છે એના ચોથા ભાગનું એટલે કે, રૂ. ૩ લાખ કરોડનું બજેટ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ બજેટના મુખ્ય પાંચ એલિમેન્ટ હોય છે. ઇન્કમ, એક્સપેન્સ, સેવિંગ્સ, ડેબ્ટ પેમેન્ટ અને એસેટ્સ. હમણાં જ સાથી ધારાસભ્ય કહેતા હતા કે, કૉંગ્રેસે ૫૦ કે ૮૦ મીટરનો ડેમ બનાવ્યો. માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપીશ કે શિક્ષણની અંદર ૨૫ ટકાનો વધારો કર્યો છે. ગયા વખતે રૂ. ૩૪૮૮૪.૪૭ કરોડ હતા, આ વખતે રૂ.૪૩.૬૫૧ કરોડ કર્યા છે. સ્કૂલ ઓફ એક્સેલન્સની વાતો કરી છે એમાં ધીમે-ધીમે સરકારી સ્કૂલો બંધ થઇ રહી છે. છેલ્લાં ૧૮ વર્ષની અંદર રાજ્યની ૨૬૦૦થી વધુ ગ્રાન્ટેડ શાળાઓ બંધ થઇ. ૨૩ વર્ષથી આ ગ્રાન્ટેડ શાળાઓને જે ગ્રાન્ટ આપવામાં આવે છે એમાં એકપણ રૂપિયાનો વધારો કર્યો નથી અને હમણાં જે છેલ્લો રિપોર્ટ આવ્યો એ મુજબ માધ્યમિક શાળાઓની અંદર જે ડ્રોપ આઉટ રેશિયો હતો એ ૧૭ ટકાથી પણ વધુ વધ્યો છે. એટલે માત્ર સ્કૂલ ઓફ એક્સેલન્સ કરી માનીતા અને લાગવગીયા

જે સ્કૂલના સંચાલકો હોય એને લાભ આપવાના બદલે જો સરકારી સ્કૂલો માટે આ બજેટમાં જોગવાઇ કરી હોત તો ચોક્કસ અમે એનું સમર્થન કર્યું હોત.

માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણમાં રૂપિયા ૧૫૦ કરોડની વાત કરી છે. અમારા બંને શિક્ષણ મંત્રીશ્રીઓ ઉત્તર ગુજરાતના છે. માનનીય મંત્રીશ્રી, મેં અગાઉ પણ કહ્યું હતું કે, જ્યારે ગુજરાત યુનિવર્સિટીમાંથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અલગ પડી ત્યારે આ વિધાનસભાગૃહમાં ચર્ચા થઇ હતી કે ઉત્તર ગુજરાત પછાત વિસ્તાર છે ત્યાંના વિદ્યાર્થીઓને મફત, સારું અને ઉચ્ચ શિક્ષણ મળે એના માટે આ યુનિવર્સિટી અલગ કરવાનો હેતુ હતો. પરંતુ ગુજરાત યુનિવર્સિટીમાં અત્યારે ૪૦થી ૫૦ ગ્રાન્ટેબલ ડિપાર્ટમેન્ટ ચાલે છે અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં માત્ર ૫ થી ૬ ગ્રાન્ટેબલ ડિપાર્ટમેન્ટ છે. જયારે ઉત્તર ગુજરાત પછાત વિસ્તાર હોય ત્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જે ડિપાર્ટમેન્ટ છે એ ગ્રાન્ટેબલ કરવા માટે આ બજેટમાં ચિંતા કરવામાં આવે. હેરિટેજ સિટીની વાત કરી છે. પ્રવાસન માટે રૂપિયા ૧૦ હજાર કરોડની જોગવાઇ કરી છે તે આવકાર્ય છે. માનનીય નાણામંત્રીશ્રી, એકવાર પાટણના પટોળા લેવા માટે આવો. પાટણની રાણીની વાવ જુઓ. પાટણનું સહસ્ત્રલિંગ તળાવ જુઓ. સરસ્વતી નદી જુઓ. આ બધું હેરિટેજ છે. વિશ્વ ફેમસ છે. અત્યારે સહસ્ત્રલિંગ તળાવ ખંડેર હાલતમાં પડેલ છે. જયારે આપે હેરિટેજ સિટી વિકસાવવાની વાત કરી છે ત્યારે પાટણ માટે પણ બજેટમાં થોડા ઘણા પૈસા ફાળવો તો પાટણનો વિકાસ થાય. રમત-ગમત માટે રૂપિયા ૫૬૮ કરોડની જોગવાઇ કરી છે એમાં રૂપિયા ૩૨૦ કરોડની જોગવાઇમાં, રમે ગુજરાત, વાંચે ગુજરાત, દોડે ગુજરાત, જીતે ગુજરાત, આ બધા ગુજરાતની વાત કરી છે, પરંતુ છેલ્લા ૨૦-૨૦ વર્ષોથી રાજ્યની કોઇપણ હાઇસ્કૂલ કે કોલેજમાં તમે સ્પોર્ટસ ટીચર ભરતા નથી. વગર ટીચરે કયાં દોડશે ગુજરાત? આ કોઇ બુલેટ ટ્રેન નથી કે પાટા ઉપર દોડે. ગુજરાતમાં એક પણ સ્કૂલ કે કોલેજ એવી બતાવો કે, એમાં છેલ્લા ૨૫ વર્ષમાં તમે સ્પોર્ટસ ટીચરની ભરતી કરી હોય, લાઇબ્રેરિયનની ભરતી કરી હોય, ઉદ્યોગ શિક્ષકની ભરતી કરી હોય. આપણે સ્કિલ ડેવલપમેન્ટની વાત કરીએ છીએ, એટલે આ બજેટમાં જે જોગવાઇ કરી છે એમાં વર્ષોથી જે ભરતીઓ અટકાઇ પડી છે એ ભરતીઓ કરવા માટે હું વિનંતી કરું છું. ગ્રામ વિકાસ વિભાગમાં રૂપિયા ૧૩૯૧ કરોડની જોગવાઇ કરી છે. હમણાં હું મનરેગાનો રિપોર્ટ વાંચતો હતો. મનરેગામાં ૧૦૦ દિવસની રોજગારી આપવાની કાનૂની જોગવાઇ કરવામાં આવી છે, પરંતુ અત્યાર સુધી ગુજરાતમાં ૧૦૦માંથી માત્ર ૪૪ દિવસની જ રોજગારી મળી છે. લઘુત્તમ વેતન પણ આવા કામદારોને મળતું નથી. કામદારોની સંખ્યામાં વધારો થાય છે જયારે બજેટમાં તમે ચાલુ વર્ષે ઘટાડો કર્યો છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૯૫૧ કરોડનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૧૦૬૧ કરોડના સુધારેલા અંદાજો હતા. વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૧૧૩૮ કરોડનો ખર્ચ થશે. એમાં મનરેગામાં ૨૫ ટકા પ્રમાણે રાજ્યે ચૂકવવાના થાય. એ મુજબ રૂપિયા ૨૮૩ કરોડની જરૂર પડી એની સામે રૂપિયા ૧૫૧ કરોડની જોગવાઇ કરી છે. એટલે આપણે જયારે મનરેગાની વાતો કરી છીએ, ગામડાઓમાં રોજગારી આપવાની વાતો કરીએ છીએ ત્યારે આ બજેટમાં આની પણ જોગવાઇ કરવામાં આવે. ગામડાના લોકોને પૂર્ણ રોજગારી મળે અને લઘુત્તમ વેતન ધારા મુજબની રોજગારી મળે એ માટે વિનંતી કરું છું. પ્રધાનમંત્રી આવાસ યોજનાની વાત કરી. અમે તમારી સાથે સંમત છીએ કે દરેક ગરીબ વ્યક્તિને મકાન મળવું જોઇએ, પરંતુ જે આવાસો બને છે..

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, ૨ મિનિટ. માનનીય રમણભાઇ વોરા.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મનરેગા યોજના એ પાછળથી રજૂ થયેલી યોજના છે. મહાત્મા ગાંધીજીના નામ સાથે જોડાયેલી હતી. એ મનરેગા યોજનામાં જે પણ મજૂરો કામ કરે, એ મજૂરોના ખાતામાં સીધેસીધા ડી.બી.ટી.ના માધ્યમથી પૈસા જમા થાય છે. આ યોજના ભ્રષ્ટાચારને પોષતી યોજના હતી. એકના એક મજૂરના ખાતામાં પૈસા કેવી રીતે જમા થાય? એટલે એ પૈસા જમા ન થવાના કારણે મનરેગામાં પૂરતા મજૂરો મળતા નથી. એના કારણે આ જોગવાઇમાં ઘટાડો થયો છે.

ઉપાધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. સ્પષ્ટીકરણ છે. માનનીય કિરીટભાઇ, આપનો સમય પૂરો થવા આવ્યો છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, અમારા પાટણમાં જે આવાસો બન્યા હતા, એમાં કોઇ રહેવા જ ગયું નથી. બધા આવાસો મોટા ભાગે ખંડેર બની ગયા છે. એટલે લોકોના નાણાનો જયારે ઉપયોગ થતો હોય ત્યારે ગુણવત્તા પણ સચવાવી જોઇએ. હમણાં જ વાત કરતા હતા. સૂર્યોદય યોજનામાં રૂપિયા ૧૫૭૦ કરોડની વાત કરી. સૌથી પહેલા આમારા પાટણમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉદ્ઘાટન કર્યું હતું. હું આ સાંભળું છું. આજે બહુ સાંભળ્યું. શ્રી નરેન્દ્રભાઇએ કર્યું, શ્રી નરેન્દ્રભાઇએ કર્યું. શ્રી કેશુભાઇ પણ હતા, નામ લો. અમે નથી કહેતા કે અમારું નામ લો. શ્રી કેશુભાઇનું નામ લો. શ્રી સુરેશભાઇ મહેતાનું નામ લો. શ્રીમતી આનંદીબેનનું નામ લો. તમારી ભાજપની સરકારે, આ બધાએ કર્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી હસમુખભાઇ પટેલ, અમરાઇવાડી.

ડો. હસમુખ પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય મંત્રી ગણ, સન્માનનીય સભ્યગણ. માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ ગુજરાતના વેગવંતા વિકાસની પરિકલ્પનાના ભાગરૂપે અંદાજપત્ર રજૂ કરેલ છે, એના અનુસંધાનમાં મને જે બોલવાની તક મળી છે. એ બદલ આપસૌનો વંદન સાથે ખૂબ ખૂબ આભાર માનું છું.

## ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ૩, ૪ દિવસ પહેલા આ ગૃહમાં સાથી પક્ષના સિનિયર અને રિસ્પેક્ટેડ સભ્યના મુખમાંથી એક અવાજ નીકળ્યો હતો કે ગુજરાતમાં તો લીલાલહેર છે. એના અનુસંધાનમાં મારે કહેવું છે. કોરોનાકાળમાં છેલ્લાં બે વર્ષથી જયારે આખી દુનિયા કોવિડના ભરડામાં હતી અને તેની દહેશતમાંથી ઘણાબધા દેશો તો હજુ બહાર નીકળી નથી શક્યા. એવા સંજોગોમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ જયારે રૂપિયા ૩,૦૧,૦૨૨ કરોડનું રેકોર્ડબ્રેક બજેટ અને તે પણ કોઇપણ જાતના કરવેરા વગર જે રજૂ કર્યું છે. એને લીલાલહેર ન કહેવાય તો બીજું શું કહેવાય?

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દીર્ઘદ્રષ્ટિ ધરાવતા સંવેદનશીલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કોરોનાની દહેશતમાં સોસિયલ ડિસ્ટન્સ, માસ્ક, સેનેટાઇઝેશન અને લોકડાઉનનું સરસ કોમ્બિનેશન કરીને જે લોક જાગૃતિ આણી અને ૧૨,૮૦,૦૦,૦૦૦ કરતા પણ વધારે હોમ મેઇડ વેક્સિન, એ પણ વર્લ્ડ કલાસ અને એ પણ ફ્રીમાં આપી. એની નોંધ આખી દુનિયાએ લીધી.

માનનીય અધ્યક્ષશ્રી, વસુધૈવ કુટુંબકમ્ એ મંત્રને સાર્થક કરેલો છે. એનું એક સરસ ઉદાહરણ જોઇતું હોય તો એ ઉદાહરણ કોરોનાકાળમાં જોવા મળ્યું છે. એમાં આપણે તો કોરોના કાળમાંથી બહાર આવ્યા, પણ આપણી વેક્સિનને લીધે અમુક પડોશી દેશો, અમુક આફ્રિકન દેશો, અમુક યુરોપના દેશો અને અમુક એશિયાના દેશોને પણ વેક્સિન સપ્લાય કરીને નાગરિકો નીરોગી રહે અને દેશ અને દુનિયાના વિકાસમાં યોગદાન આપી શકે એવી કુટુંબ ભાવના આપણે કેળવી અને વસુધૈવ કુટુંબકમ્ ને સાર્થક કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વેગવંતા વિકાસની પરિકલ્પનાના પાંચ મુખ્ય સ્તંભ પૈકી સમતોલ વિકાસના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે માનવ સંસાધન એ દ્વિતીય સ્તંભ છે અને એ પૈકી આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂ.૧૫૧૮૨ કરોડની જોગવાઇ કરી છે. એ બદલ માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના તમામ વિસ્તારોમાં સારવાર મળી રહે તે માટે ગુજરાત સરકારે સ્ટ્રકચરલી પ્રાથમિક અરોગ્ય કેન્દ્ર, સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજની માળખાકીય સુવિધા ઉપર ઘ્યાન આપ્યું છે. એની સાથે સાથે ગ્રેજયુએટમાં એમ.બી.બી.એસ.ના કેન્ડિડેટ વધે, ઇવન પોસ્ટ ગ્રેજયુએશન, એમ.ડી. અને એમ. એસ.ના ડોકટરો મળી રહે, તેની સાથે સાથે સુપરસ્પેશિયાલિસ્ટ ડોકટરો પણ મળી રહે અને અંતરીયાળ વિસ્તારમાં સેવા આપી શકે તેનું ખૂબ ઘ્યાન રાખ્યું છે. આ તો થઇ સ્ટાફની વાત, પણ દર્દીનું નિદાન લૅટેસ્ટ પદ્ધતિથી થાય તેના માટે સારામાં સારા ઇન્સ્ટ્રુમેન્ટથી તેનું નિદાન કરવામાં આવે છે. દવાઓની ગુણવત્તા વધે તેનું પણ ઘ્યાન રાખવામાં આવ્યું છે. સૌથી સરસ વાત એ છે કે ફકત ચેપી રોગો જ નહીં, પરંતુ ઘણા બિન ચેપી રોગો કે જે માનવ જીવનને હેરાન કરતા હોય છે એવા કેન્સર, ડાયાબિટીસ અને હાયપરટેન્શન જેવા રોગોના નિદાન માટે અને તેની સારવાર માટે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેથી ક્રિયાશીલ માનવ કલાકોથી આપણું ગુજરાત તેમજ આપણા દેશના વિકાસમાં સારો એવો ફાળો આપી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦-૨૫ વર્ષ પહેલા આપને ખ્યાલ હશે કે કોઇ બીમાર પડતું અથવા તો કોઇ એક્સિડંટ થતો ત્યારે આજુ બાજુ પડોશમાંથી કે કયાંકથી કોઇક સાધનની વ્યવસ્થા કરવી પડતી અને માંડ માંડ હોસ્પિટલ પહોંચતા, ત્યાં સુધીમાં ઘણાએ તો જાન ગુમાવેલા હતા. આપણા અત્યારના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને એમણે આ દશા જોઇને ૧૦૮ની સેવા ચાલુ કરી. સમય જતો ગયો ૧૦૮ની સેવાઓનો ઘણો બધો લાભ ઘણા બધાને મળ્યો. એ સેવા ચાલતી હતી છતાં પણ એ વખતના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇને થયું કે ૧૦૮ માં હોસ્પિટલ તો પહોંચી જવાય છે. પણ હોસ્પિટલનો ખર્ચ ઘણો વધારે થાય છે. એને અનુલક્ષીને એમણે પાંચ લાખનું વીમા કવચ પૂરું પાડયું. ૧૦૮ની સેવા અને પાંચ લાખનું વીમા કવચ, કોવિડ કાળની અંદર એમ કહું તો ચાલે કે ૧૦૮ અને હોસ્પિટલોએ પોતાના સગા હોય તેવા ભાવ સાથે સારવાર કરેલી હતી. કોવિડ કાળની અંદર આપણા માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇએ અને શ્રી કનુભાઇ દેસાઇ સાહેબે જોયું કે ઘણા લોકોને પાંચ લાખ કરતા પણ વધારે ખર્ચ થતો હતો, ઘણાને ૭ લાખ કે ૮ લાખ ખર્ચ થતો હતો. આ સંવેદના ઘ્યાનમાં રાખીને આ વખતના બજેટમાં માનનીય કનુભાઇ દેસાઇએ પાંચ લાખની જગ્યાએ દસ લાખનું વીમા કવચ કર્યું. આ ૧૦૮ની સેવાઓ, પછી પાંચ લાખનું વીમા કવચ હતું તે પછી દસ લાખ કર્યું, ત્યાંથી આપણી સરકાર રોકાઇ નથી. એણે આ વિકાસ ગાથાની અંદર નાગરિક ઉડ્ડયન મંત્રીની સાથે સંકલન સાધીને એર એમ્બ્યુલન્સની સગવડતા ચાલુ કરી. આ એર એમ્બ્યુલન્સથી અત્યાર સુધીમાં ૭ પેશન્ટને એરલિફ્ટ કરાયા છે. અને ૧૧ માનવ અંગોનું પ્રત્યાર્પણ પણ કર્યું છે.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સને ૨૦૨૩-૨૪ના વર્ષનું અંદાજપત્ર લઇને ગૃહ સમક્ષ આવ્યા છે તેને આવકારું છું અને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સવારના સમયમાં વાત થતી હતી, માનનીય સભ્યશ્રી કોંગ્રેસ વિષે વાત કરતા હતા ત્યારે કોંગ્રેસની સરકારનો સમય તો અમે જોયો નથી. સમજતા થયા ત્યારથી જ ભાજપ છે. અને જે રીતે તેઓ વાત કરતા હતા ત્યારે એવું લાગ્યું કે આ ચિત્ર કેવું હશે. એમની વાત પૂરી થઇ પછી એમણે શરતી ઓફર કરી કે હું પણ તમારી બાજુ આવવા તૈયાર છું. ત્યારે ખબર પડી કે કોંગ્રેસનો વિકાસ એ માત્ર મૃગજળ સમાન જ છે, કે જેથી કરીને આજે ત્યાં માત્ર ૧૭ જ રહ્યા છે અને

એકડાની અને સાતડા ની લડાઇ છે કે કોણ કોને બચાવે. આવનારી ૨૦૨૭ની ચૂંટણીમાં કદાચ ૧૮૨ સભ્યો ભારતીય જનતા પાર્ટીના હશે. એટલે ચોકકસથી એ ગુજરાતની જનતા અમને આશીર્વાદ આપવાની જ છે. કૉંગ્રેસનો સમય હતો કે જ્યારે ગુજરાતની માતાઓ અને બહેનો ચૂલામાં ફૂંકો મારતી હતી. પોતાનું સ્વાસ્થ્ય બગાડતી હતી. એ દિવસો પણ આપણે જોયા છે અને આજનો દિવસ છે કે ઉજ્જવલા યોજના ઘરે ઘરે છે. દરેક ગરીબના ઘરમાં ઉજ્જવલાનો ગેસનો બોટલ ચાલુ છે. ગેસનો ખાલી બોટલ ખભે ઉચકીને જ્યારે આંદોલન કરવા કૉંગ્રેસ નીકળે છે ત્યારે એ કૉંગ્રેસ ખુદ વિચારે છે, આજે કૉંગ્રેસ મોંઘવારીની બૂમો પાડે છે, પરંતુ ગુજરાતની જનતાનું સમર્થન મળતું નથી. આજે પણ કૉંગ્રેસ તેના પ્રશ્નનો જવાબ શોધે છે. ચોક્કસથી કટપ્પાએ બાહુબલિને કેમ માર્યો તેનો જવાબ મળી ગયો, પરંતુ આજે કૉંગ્રેસને જનસમર્થન કેમ મળતું નથી તેનો જવાબ આજે પણ કૉંગ્રેસ શોધી શકી નથી. તેનો જવાબ ગુજરાતની જનતાને ચોક્કસથી ખબર છે. એ દર ચૂંટણીમાં કૉંગ્રેસને પોતાનો જવાબ આપે છે. કારણ કે સરકાર જે ટેક્સનો પૈસો ઉઘરાવે છે, જેનાથી સરકાર ચાલે છે. એ તમામ રૂપિયા જનતાના છે. આ જનતાને ખબર છે કે પોતાનો રૂપિયો અત્યારની સરકારમાં કૌભાંડોમાં જતો નથી. ગુજરાતની જનતાને ખબર છે કે આજે મારા ટેક્સનો રૂપિયો આતંકવાદીની છાતીમાં ગોળી બનીને જાય છે. ગુજરાતની જનતાને ખબર છે કે મારા ટેક્સનો રૂપિયો એ મારા સૈન્યના સૈનિકોની છાતી ઉપર બુલેટપ્રૂફ જેકેટ બનીને રહે છે. એટલા માટે કૉંગ્રેસને જનસમર્થન મળતું નથી. ગુજરાતની જનતાને ખબર છે કે આ ટેક્સનો રૂપિયો એ ગરીબોના ઘરમાં ઉજ્જવલા યોજનાથી ગેસનો બોટલ બનીને જાય છે  એટલા માટે આજે પણ કૉંગ્રેસને જનસમર્થન મળતું નથી અને ગુજરાતની જનતા ભારતીય જનતા પાર્ટીને વારંવાર આશીર્વાદ આપે છે અને તેનું પરિણામ છે કે આજે ૧૫૬ આ ગૃહમાં બેઠા છે અને ગૃહની શોભા વધારે છે. સભ્યશ્રીએ કહ્યું કે આ ગૃહ કૉંગ્રેસે બનાવ્યું છે. નાના હતા ત્યારે ચડ્ડી પહેરતા હતા. ચડ્ડી માથા પર ક્યારેય નથી પહેરાતી. અત્યારનો યુવાન ચડ્ડી પહેરતો નથી એટલું યાદ રાખજો. અત્યારનો યુવાન શોર્ટ અને પેન્ટ પહેરીને ફરે છે એટલું કૉંગ્રેસે યાદ રાખવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સરકારની સિદ્ધિઓની વાત કરીશ. ઓઇલ અને ગેસ ક્ષેત્રે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન સમગ્ર ઊર્જાતંત્રમાં પોતાનું અસ્તિત્વ ધરાવે છે. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન એ જી.એસ.પી.સી. ગૃપની મુખ્ય કંપની છે. જેમાં ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ-જી.એસ.પી.સી.એ નાણાકીય વર્ષ-૨૦૨૩માં ૧૧.૬૧ મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પ્રતિદિન કુદરતી ગેસનું વેચાણ કર્યું છે એ આપણી મોટી સિદ્ધિ છે. જય જય ગરવી ગુજરાત.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ(મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ ૨૦૨૩-૨૪ના વર્ષનું અંદાજપત્ર આ ગૃહમાં લઇને આવ્યા છે ત્યારે એ બજેટને હું આવકારું છું અને મારું સમર્થન આપું છું. આ અંદાજપત્રમાં માર્ગ અને મકાન વિભાગ ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું. ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના સન ૨૦૨૫ સુધીમાં ભારતને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા માટેના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત રાજયના ડબલ એન્જિન સરકારના પ્રણેતા એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન નીચે સ્વભાવે મૃદુ પરંતુ કાર્યમાં મક્કમ એવા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ રજૂ કરેલા રાજયના બજેટના પાંચ સ્તંભો પૈકીના તૃતીય સ્તંભ કે જે રાજયને વિશ્વ કક્ષાની આંતરમાળખાકીય સવલતો ઊભી કરવા પાંચ વર્ષમાં પાંચ લાખ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ફાળવવા બદલ હું નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને અભિનંદન આપું છું અને ખૂબ ખૂબ આભાર માનું છું. ઇઝ ઓફ લિવિંગ વધારવા અને આંતરરાષ્ટ્રીય મૂડીને આકર્ષવા આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તાવાળા રોડના નિર્માણ માટે રૂ.૨૦૬૪૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ જોગવાઇ સંદર્ભે રાજય સરકાર દ્વારા રાજયના સર્વાંગી વિકાસ માટે ગામડાથી લઇને શહેર સુધી સાંકળતા રસ્તાઓ માટે વિવિધ યોજનાઓ જેવી કે પ્રગતિપથ, વિકાસપથ, કિસાનપથ, તાલુકાથી તાલુકાને જોડતા રસ્તાઓ, જિલ્લા મથકને નજીકના જિલ્લા મથક સુધી જોડતા, બંદરોની સાથે જોડતા રસ્તાઓ તેમજ ઉદ્યોગોને જોડતા રસ્તાઓ માટેનાં કામો મંજૂર કરેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આગામી ત્રણ વર્ષમાં સીમાવર્તી વિસ્તારના વિકાસ માટે સીમાવર્તી વિસ્તારને રોડથી સંપૂર્ણપણે જોડવા રાજયમાં પ્રથમ વખત ''પરિક્રમા પથ યોજના''ની જાહેરાત કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને આ યોજના માટે અંદાજિત રૂ.૧૬૦૦ કરોડ પૈકી રૂ.૫૦૦ કરોડ ફાળવવા બદલ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો આભાર માનું છું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ યોજનાઓ પૈકીની ''મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના'' ની કામગીરી અંગે મારા વિચારો વ્યકત કરું છું. ૫૦૦થી ઓછી અને ૨૫૦થી વધુ વસ્તી ધરાવતાં ગામો તેમજ આદિજાતિ વિસ્તારોમાં ૨૫૦થી પણ ઓછી વસ્તી ધરાવતા ગામો, પરાઓને બારમાસી રસ્તાઓની સવલત પૂરી પાડવા માટે વર્ષ ૨૦૧૬માં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના શરૂ કરી હતી. આ યોજના રાજયના તમામ ૩૩ જિલ્લાઓમાં કાર્યાન્વિત છે. આ યોજનાથી ગ્રામ્યજનોને રસ્તાઓની સુવિધા મળતાં નજીકનાં શહેરો, તાલુકા મથકો, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સાથેનો સંપર્ક સરળતાથી ઉપલબ્ધ થશે. આ યોજના અંતર્ગત કાચા  રસ્તાઓને પાકા કરવા, જરૂરિયાત મુજબ રસ્તાઓ પહોળા કરવા, હયાત નાળાં પુલોને દુરસ્ત કરવાં, નવા બનાવવા, હયાત પાકા રસ્તાઓને જરૂરિયાત પ્રમાણે રીસરફેસિંગ કરવા શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ સુધી એપ્રોચ રોડ બનાવવા વગેરે કામોનો સમાવેશ કરવામાં આવે છે.  મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનો પ્રથમ તબક્કો વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૧૮-૧૯ માટે ત્રણ વર્ષના સમયગાળા માટે હતો જે દરમ્યાન કુલ ૧૧,૦૭૩ ગામો, ૨૯,૫૬૬ કિલોમીટર

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

લંબાઇના રૂ.૧૦,૧૪૮ કરોડની કિંમતના મંજૂર કરવામાં આવેલ. આ યોજનાની સફળતા અને તેનાથી ઉપલબ્ધ થતી પ્રજાકીય સગવડોને લક્ષ્યમાં લઇ આ યોજનાનો બીજો તબક્કો વર્ષ ૨૦૧૯-૨૦થી ૨૦૨૧-૨૨ના સમયગાળા માટે હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન કુલ ૧૨,૬૨૨ કામો ૨૯,૫૦૪ કિલોમીટર લંબાઇના રૂ.૧૦,૯૫૦ કરોડની કિંમતનાં કામો મંજૂર કરવામાં આવેલ. આ યોજનાના બે તબક્કા પૂર્ણ થયેલ છે. આ યોજનાની સફળતાને લક્ષમાં લઇ પ્રજાજનોને વધુ સુવિધા પૂરી પાડવાના હેતુસર આ યોજના ચાલુ રાખવા સરકારશ્રી કટિબદ્ધ છે. મારા મહેસાણા જિલ્લાની વાત કરું તો તાજેતરમાં મહેસાણા જિલ્લામાં મોઢેરા ચોકડી પર ટ્રાફિકના નિવારણ માટે રૂ.૧૪૭.૨૦ કરોડના ખર્ચે અંડરપાસની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ મહેસાણા જિલ્લાના મહેસાણા શહેરમાં મધ્યમાંથી જે ગંદા નાળાનું વહેણ હતું એની ઉપર અમારી સરકાર દ્વારા ૨૧૦૦ મીટર લંબાઇમાં ૧૫.૦૦ મીટર પહોળાઇમાં આર.સી.સી. બોકસ કલવર્ટ બનાવવા માટે કુલ રૂ.૬૧.૪૫ કરોડના ખર્ચે કામગીરી પૂર્ણ કરેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન**(**દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની આર્થિક રાજધાની ગણાતા એવા કર્ણાવતી મહાનગરના દરિયાપુર વિસ્તારમાંથી હું ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરી રહ્યો છું ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ મને લઘુમતી સમાજના વિકાસ માટે કામ કરવાની, ચર્ચા કરવાની અનુમતિ આપી છે ત્યારે તે માટે હું સમગ્ર સભાગૃહનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની સને ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજ્યની કુલ વસતિ ૬ કરોડ ૪ લાખ ૩૯ હજાર ૬૯૨ હતી. જેમાં લઘુમતી સમાજના કુલ ૬૮ લાખ ૪૭ હજાર ૮૦૦ હતા. જે રાજ્યની કુલ વસતિના ૧૧.૩૩ ટકા હતા. તે પૈકી મુસ્લિમ વસતિ ૫૮ લાખ ૪૬ હજાર ૭૬૧ એટલે કે ૧૦.૪૪ ટકા હતી. ગુજરાત રાજ્યમાં લઘુમતી સમાજને બે ભાગમાં વિભાજિત કરવામાં આવેલ. ધાર્મિક લઘુમતીમાં મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, ઇસાઇ, બૌદ્ધ, પારસી અને જૈન સમાજના લોકો છે. જ્યારે ભાષાકીય લઘુમતીઓમાં ઉર્દુ, સીંધી અને મરાઠી સમાજના છે. હું મારા દરિયાપુર વિસ્તારની વાત કરું તો લગભગ ૫૦ ટકા કરતાં વધારે લોકો લઘુમતી સમાજનું પ્રતિનિધત્વ કરી રહ્યા છે. બીજા શબ્દોમાં કહી શકું કે આ વિસ્તારના નાગરિકોના જીવન-ધોરણના આધારે રાજ્યના લઘુમતી સમાજના જીવન ધોરણનો અંદાજ મેળવી શકાય તેમ છે. હું આ વિસ્તારમાં જનમ્યો છું. આ વિસ્તારમાં મેં સમાજ સેવા કરી છે. આ વિસ્તારમાં મેં ભારતીય જનતા પાર્ટીના એક સંનિષ્ઠ કાર્યકર્તા તરીકે કામ કર્યું છે ત્યારે સુરક્ષા, સલામતી, જીવન ધોરણ, શૈક્ષણિક સ્તર તથા જાહેર સુવિધાને અનુલક્ષીને રાજ્ય સરકાર દ્વારા કરાયેલા હકારાત્મક પરિવર્તનનો સાક્ષી રહ્યો છું. મારી વાતના સમર્થન માટે આ સભાગૃહ સમક્ષ અમુક તથ્યો મૂકવા માનનીય અધ્યક્ષશ્રીની અનુમતિ માગું છું. સુરક્ષા અને સલામતીની વાત કરું તો આ વિસ્તારને કાયદો અને વ્યવસ્થાની દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તાર ગણવામાં આવતો હતો અને આ વિસ્તારમાં હુલ્લડો, કરફ્યુ એ લોકોના રોજિંદા જીવનમાં ઘડાઇ ગયેલ હતા. ત્યારે ભૂતકાળની કોંગ્રેસની સરકાર હતી. જ્યારથી ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવી છે ત્યારથી આ વિસ્તારના કાયદો અને વ્યવસ્થા નિયંત્રણમાં છે. અત્યારની યુવા પેઢીએ કરફ્યુ અને હુલ્લડો જેવા શબ્દો સાંભળ્યા નથી. ભૂતકાળની સરકારમાં ૧૮૦ દિવસ કરફ્યુ રહેતો હતો. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી એક પણ દિવસ કરફ્યુ નામનો શબ્દ ઉડી ગયો છે. હુલ્લડ જેવો શબ્દ રહ્યો નથી. સરકારની મક્કતા અને દૂરદર્શિતા થકી અસામાજિક તત્વો ક્યાં જતા રહ્યા છે, શોધ્યા જડતા નથી. હું શિક્ષણની વાત કરું તો હું ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લાં ૩૦ વર્ષથી સેનેટ સભ્ય તરીકે કામ કરી રહ્યો છું. ગુજરાતના ઉચ્ચ શિક્ષણને મેં નજીકથી જોયું છે. શિક્ષણને માનવ જીવનના ઘડતરનો એક ભાગ ગણવામાં આવે છે. જેના માટે લઘુમતી સમાજના ધોરણ-૧ થી ૧૦માં ભણતા લઘુમતી વિદ્યાર્થીઓને વાર્ષિક રૂપિયા ૭૫૦થી ૧ હજાર સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. લઘુમતી સમાજના ધોરણ ૧થી ૮મા ભણતાં લઘુમતી બાળકોને રૂપિયા ૯૦૦ની ગણવેશ માટેની સહાય આપવામાં આવે છે.લઘુમતી સમાજનો મારો વિદ્યાર્થી આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતો હોય તો તેને માસિક ૪૦૦ રૂપિયા સહાય આપવામાં આવે છે. ગ્રાન્ટ ઇન એઇડ સરકારી છાત્રાલયમાં લઘુમતી સમાજનો વિદ્યાર્થી ત્યાં રહેતો હોય તેને મફત શિક્ષણ અને મફત રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે. ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ડિપ્લોમાં અને એન્જિનિયરિંગ વ્યવસાયમાં ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ માટે રૂપિયા ૩ હજારથી ૧૦ હજાર સુધીની ફી અને રૂપિયા ૨૩૦૦થી ૧૨,૦૦૦ સુધીનો હોસ્ટેલ નિભાવ ખર્ચ આપવામાં આવે છે. મેરિટ કમ મીન્સ શિષ્યવૃત્તિ યોજના હેઠળ ડિગ્રી એન્જિનિયરિંગ વ્યવસાય અભ્યાસક્રમ માટે રૂપિયા ૨૦ હજાર સુધીની શિક્ષણ ફી, ૫ થી ૧૦ હજાર સુધીની સ્કોલરશિપ હોસ્ટેલમાં રહેવા માટે આપવામાં આવે છે. આ ઉપરાંત મારો લઘુમતિ સમાજ...(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય)

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ, મારે ખાલી એક વાત કહેવી છે કે, મારા વિસ્તારમાં કોગ્રેસ સરકારે લતિફ, અબ્દુલ વહાબ અને સુરતમાં મહમ્મદ સુરતી જેવા લઘુમતી સમાજના ગુંડાઓ પેદા કર્યા હતા. જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે અદાણી અને અંબાણી જેવા ઉદ્યોગપતિ પેદા કર્યા છે એટલે હું સરકારને અભિનંદન પાઠવું છું, ભારત માતા કી જય, અસ્તુ.

શ્રી કિરીટકુમાર કે. પટેલ**(**ઉંઝા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સતત બીજા વર્ષે પણ ગુજરાત રાજ્યની પુરાંતવાળું અંદાજપત્ર રજૂ કર્યું તે બદલ હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને તેમણે રજૂ કરેલ કોઇ

પણ જાતના કરવેરામાં ફેરફાર વગરના ગુજરાત રાજ્યના વર્ષ ૨૦૨૩-૨૪ના રૂ.૯૧૬.૮૭ કરોડની પુરાંતવાળા અંદાજપત્રને મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના વર્ષ ૨૦૨૩-૨૪ના રજૂ કરેલ અંદાજપત્ર વિષે વર્તમાનપત્રોમાં કે આમજનતા તરફથી કાંઇ પણ વિરોધનો સૂર નથી આવ્યો તે બદલ પણ આપણા લોકલાડિલા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ ધન્યવાદના અધિકારી છે. આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. દેશની ૫૦ ટકાથી પણ વધુ વસ્તી ગ્રામીણ ક્ષેત્રમાં નિવાસ કરે છે. ખેતીપ્રધાન દેશની અંદર ગુજરાત રાજ્યે સમગ્ર દેશમાં એક આગવી ઓળખ ઊભી કરી છે. ભારતીય જનતા પક્ષના શાસનમાં આજે ગુજરાત રાજ્યે દેશમાં વિકસિત અને મજબૂત રાજ્ય તરીકેની સિદ્ધિ હાંસલ કરીને દેશનાં બાકીનાં રાજ્યો માટે પ્રેરણાદાયી રાજ્ય બન્યું છે જેમાં ગ્રામીણ વિકાસનું મોટું યોગદાન રહેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પક્ષની સરકાર રાજ્યમાં શહેરોની સાથે સાથે ગામડાંનો પણ સનિષ્ટ વિકાસ થાય, ગામડાં પણ વિકાસમાં પાછળ ના રહી જાય તેવી દૂરંદેશી દ્રષ્ટિથી ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરતા લોકોના જીવનમાં આર્થિક ઉન્નતિ તેમજ જીવન ધોરણની ગુણવત્તા સુધારવાના આશયથી આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકીય સુવિધાના વિકાસના કાર્યક્રમો ચલાવવામાં આવે છે. ભારતીય જનતા પક્ષના શાસનમાં રાજ્યમાં લોક કલ્યાણકારી અને સેવાની ભાવનાથી પ્રેરિત ગ્રામ વિકાસની અનેકવિધ યોજનાઓ જેવી કેઃ ગ્રામીણ સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના, પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના, દીનદયાળ કૌશલ્ય યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, સાંસદ આદર્શ ગ્રામ યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વગેરે જેવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યમાં ૨૦૧૬ થી પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના અમલમાં મૂકવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારના ખેત મજૂરો અને ઝૂંપડાંમાં રહેતા લોકોને પોતાના સ્વપ્નનું ઘરનુ ઘર મળે અને તેમનું જીવન ધોરણ ઊંચું આવે તે પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજનાનો મુખ્ય હેતુ છે. રાજ્યમાં તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતા કુટુંબોને ૨૦૨૪ સુધીમાં પોતાના સ્વપ્નનું ઘરનું ઘર મળે તેવો ભારતીય જનતા પાર્ટીની સરકારનો દ્રઢ નિર્ધાર છે. પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં સામાજિક આર્થિક મોજણી મુજબ પાત્રતા ધરાવતા ઘરવિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લોકોને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.નવા મકાન બાંધકામ માટે સહાય આપવામાં આવે છે. પ્રારંભિક તબક્કામાં રૂપિયા ૧,૨૦,૦૦૦થી શરૂ કરીને તબક્કાવાર વિવિધ પ્રોત્સાહન યોજનાના લાભો સામેલ કરી વર્તમાનમાં રૂપિયા ૧,૭૮,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં એક ગામથી બીજા ગામને જોડતા રસ્તાઓને તથા નાળીયાઓના કાચા રસ્તાઓને જમીન સંપાદન કર્યા વગર પાકા ડામરના રોડ બનાવવામાં આવે છે. જેથી ખેડૂતોને દરેક ઋતુમાં ખાસ કરીને ચોમાસામાં ખેતરેથી આવવા જવામાં ખૂબ જ સગવડ રહે છે. જેને લીધે આજે ખેડૂતો ટ્રેકટર, ગાડી, બાઇક, સ્કૂટર લઇને આસાનીથી ખેતરેથી અવરજવર કરી શકે છે. આ બંને યોજનાઓથી ગ્રામ્ય વિસ્તારમાં રોડ નેટવર્કનો એવો વિકાસ થયો છે કે ગ્રામજનો આજુબાજુના કોઇપણ ગામમાં સીધા જઇ શકે છે. ગ્રામીણ સ્વચ્છ ભારત યોજના આપણા લોકલાડીલા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી દ્વારા અમલમાં મૂકવામાં આવી. પ્રથમ વર્ષે સમગ્ર દેશમાં પરમ પૂજ્ય મહાત્મા ગાંધીની જન્મજયંતિ ૨ ઓકટોબર, ૨૦૧૪થી ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પરિવારો માટે વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ તથા ઘન અને પ્રવાહી કચરાનો સુયોગ્ય રીતે નિકાલ કરવા માટેની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ગ્રામીણ સ્વચ્છ ભારત યોજના અંતર્ગત ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કોઇપણ કુટુંબ શૌચાલય વિહોણું ન રહી જાય એ સુનિશ્ચિત કરવાનો છે. આજે હું ગૌરવ સાથે કહું છું કે ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓને લીધે ગામોનો એવો વિકાસ થયો છે કે ગામના વડીલો, નિવૃત્ત કર્મચારીઓ પોતાના ગામમાં જ રહેવા પ્રોત્સાહિત થયા છે. અમારા વિસ્તારના એક ગામમાં ૧૫૦થી પણ વધુ નિવૃત્ત કર્મચારીઓ રહે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અભિનંદન આપવા છે માનનીયશ્રી કનુભાઇ દેસાઇસાહેબને કે જેમણે એક પણ રૂપિયાનો કર વધાર્યા વગર રૂપિયા ત્રણ લાખ એક હજાર બાવીસ કરોડનું અંદાજપત્ર આ ગૃહની અંદર રજૂ કર્યું છે. આ ગૃહમાં મને બોલવાની તક મળી ઉદ્યોગ અને એની સાથેસાથે નાના ઉદ્યોગ માટે, કુટિર ઉદ્યોગ માટે મને બોલવાની તક મળી છે એ બદલ આભાર. એક જિલ્લો અને એની અંદર એક પ્રોડકટ એ લાવવાનું કામ આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ કર્યું છે. મારે ગૃહના માધ્યમથી આપને કહેવું છે કે ગુજરાત રાજ્યના દરેક જિલ્લાઓની અંદર પોતાની ભાતીગળ સંસ્કૃતિના આધારે ત્યાં વ્યવસાય થતો હોય છે. ત્યાંની પ્રોડકટ ત્યાં બનતી હોય છે. આપના માધ્યમથી મારે ગૃહમાં કહેવું છે કે વર્ષોથી આ અંતરિયાળ વિસ્તારોની અંદર, આપણા આદિવાસી વિસ્તારોની અંદર જે પોતે ઉત્પન્ન કરતા હતા એ પ્રોડકટને બહાર લઇ જવાનું કામ કોંગ્રેસના શાસનમાં કે આપણા સાથી મિત્રોના શાસનમાં ક્યારેય થયું નથી. એને શહેરોની અંદર લાવવાનું કામ, મેળા યોજવાનું કામ, એના માટે સ્કીલ ડેવલપમેન્ટ ઊભું કરવા માટેનું કામ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં વર્ષ ૨૦૦૨ પછી શરૂ થયું છે. હમણાં થોડા સમય પહેલા સુરતની અંદર દેશના દરેક રાજ્યોમાંથી એક મેળાનું આયોજન કરવામાં આવ્યું. દેશના દરેક રાજ્યના દરેક ખૂણામાંથી, દરેક જિલ્લાઓમાંથી ત્યાં આગળ ૨૩૮ જેટલા સ્ટોલ

લગાવવામાં આવ્યા હતા. દરેક રાજ્યની નવી નવી પ્રોડક્ટ સુરતની અંદર મૂકવામાં આવી. સુરતની અંદર ખાણીપીણીના સ્ટોલ મૂકવામાં આવ્યો અને દસ દિવસના આ મેળામાં સૌથી વધારેમાં વધારે માંગ સુરતની આ મેળા દ્વારા થવામાં આવી. આપના માધ્યમથી વાત કરવી છે કે, મારા કોંગ્રેસના સાથી મિત્રએ તેમના ભાષણમાં વાત કરી હતી કે આ બધી જ વસ્તુઓ કોંગ્રેસના શાસનમાં અમે કરી છે. મારે તેમની પાસેથી એ જાણવું છે કે, વર્ષ ૧૯૯૨-૯૩ પહેલાં આ ગુજરાતની અંદર અમદાવાદ એક માન્ચેસ્ટર કહેવાતું હતું, ટેક્સટાઇલ ક્ષેત્રનું માન્ચેસ્ટર કહેવાતું હતું કે જયાં ૭૦ જેટલી મોટી મિલો કાર્યરત હતી. તેમના શાસનમાં ઇન્ટુક જેવા કાયદાની અંદર ઇન્ટુકના તેમના જ કામદારોના નેતાઓએ આ અમદાવાદ જે ટેક્સટાઇલમાં માન્ચેસ્ટર ગણાતું હતું તેને તહસ નહસ કરવાનું કામ થયું હોય તો તે વખતના ઇન્ટુકના નેતાઓના લીધે થયું છે. આ બધી જ ટેક્સટાઇલની જે મિલો હતી તેને વેચવાનો વારો આવ્યો. ત્યાં આગળ.....

ઉપાધ્યક્ષશ્રી : તેમને બોલી લેવા દો. બે મિનિટ પછી.

શ્રી અમિત ચાવડા : તે વખતે ઇન્ટુકના નેતાઓના લીધે મિલો બંધ થઇ છે તે વાત બરાબર નથી.

શ્રી મનુભાઇ એમ.પટેલ : સાહેબ, મારે એ વાત કરવી છે કે, તે વખતના ઇન્ટુકના નેતાઓએ મિલો વેચી છે તે કામદારોના હિતમાં નહીં પણ પોતાના ઘર ભરવા માટે તેમની સહી સાથે વેચાણ થઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, આપ બેસો બે મિનિટ તેમને બોલી લેવા દો પછી તમને તક આપું.

શ્રી મનુભાઇ એમ.પટેલ : સાહેબ, મારે મારા સાથી મિત્રને વાત કરવી છે કે, તેના પછી ગુજરાતની અંદર આ ટેક્સટાઇલનો ઉદ્યોગ અમદાવાદમાંથી દક્ષિણ ગુજરાત તરફ આવ્યો. સુરત મુકામે આ ટેક્સટાઇલ પોલિસીની સાથે આ ઉદ્યોગની સ્થાપના થઇ ત્યારે સૌથી પહેલાં હરણફાળ ભરીને ૨૦૦૦ની સાલમાં ૫.૫૦ લાખ પાવરલુમ્સ ઊભા કર્યા હતા. એક મિનિટ સર. આ ઉદ્યોગની અંદર આજે વર્ષ ૨૦૦૨ પછી શ્રી નરેન્દ્રભાઇની સરકારમાં આપણી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ ઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું અને આજે ૧૧ લાખ પાવરલુમ્સ ત્યાં ચાલે છે.

શ્રી પ્રધુમન ગ. વાજા(કોડિનાર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રીએ જે બજેટ પ્રસ્તુત કર્ય તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે અનુસૂચિત જાતિના સન્માન માટે કરેલ કાર્યો, યોજનાઓ અને ખાસ કરીને શિક્ષણ અને સમરસતા ક્ષેત્રની વાત કરીએ ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જે કાર્ય કર્યું છે તે સૂરજને ખોબામાં સમાવવા જેવું છે. એટલા માટે મને એક-બે મિનિટ વધારે આપવા માટે વિનંતી કરું છું. યોગાનુયોગ આજે દેશની પ્રથમ શિક્ષિકા નારીમુક્તિ આંદોલનની પ્રણેતા અને સમરસતાના પ્રેરણાપૂંજ એવા સાવિત્રીબાઇ ફૂલેની પુણ્યતિથિ છે ત્યારે સમગ્ર ગૃહવતી હું તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરી નતમસ્તક વંદન કરી મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણના ભાગ-૪ માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની વાત થઇ છે તેમાં કલ્યાણ રાજની કલ્પના છે. પંડિત દીનદયાળજીએ પણ અંત્યોદયના સિદ્ધાંત થકી ગાંધીજીનો સર્વોદયનો સંકલ્પ હતો તેને પૂરો કરવા અને ગાંધીજીના આ સપનાંને સાકાર કરવાનું બીડું શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેત્વૃત્માં ભારતીય જનતા પાર્ટીએ ઝડપ્યું છે. ત્યારે વ્યક્તિગત રીતે હું માનુ છું કે, ડો. બાબાસાહેબ આંબેડકર પછી અનુસૂચિત જાતિના મસિહા તરીકે આટલા વર્ષે જો કોઇ વ્યક્તિએ કામ કર્યું હોય તો શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કામ કર્યું છે અને એટલા માટે વિનમ્રતાપૂર્વક શ્રી નરેન્દ્રભાઇ મોદી સ્વીકારે છે કે તેઓ ડો.બાબાસાહેબ આંબેડકરના ભક્ત છે અને આપણે બધા જ સાક્ષી છીએ કે જ્યારે ડો. બાબાસાહેબ આંબેડકરનો ભક્ત આટલાં વર્ષો પછી સત્તામાં આવે ત્યારે સામાજિક ક્રાંતિ કેવી થઇ શકે તેના આપણે બધા સાક્ષી છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ રાજનેતાઓને દિલ્હીમાં એમના મૃત્યુ પછી સમાધિ સ્થળ મળે, એમના મ્યુઝિયમ માટે જમીન મળી શકે, રાજઘાટ બની શકે, શાંતિવન બની શકે, શક્તિસ્થળ બની શકે, વીરભૂમિ બની શકે પરંતુ વિશ્વના મહામાનવ ડો. બાબાસાહેબ આંબેડકર માટે એક ઇંચ જમીન પણ ન મળી શકે ત્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે એના જીવનના જેટલાં પણ સ્થળો છે એમાં એમનું જન્મસ્થાન મઉ હોય, કે એની શિક્ષાભૂમિ લંડન હોય, એની દિક્ષાભૂમિ નાગપુર હોય, એની નિર્વાણભૂમિ દિલ્હી હોય કે પછી એની ચૈત્યભૂમિ મુંબઇ હોય આ બધા જ સ્થાનોને પંચતીર્થ તરીકે વિક્સાવવાનું કામ માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે અને એને માત્ર સ્થાન નહીં તીર્થભૂમિ નામ આપ્યું છે, તીર્થ એટલે આપણા ધર્મમાં એને ખૂબ પવિત્ર માનવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, દેવોના દેવ મહાદેવ, ભગવાન શંકરના પરિવારના બધા જ લોકો, ભગવાન શંકર ખૂદ હોય કે માતા પર્વતી હોય, ગણેશજી હોય, કાર્તિક હોય, માતા રિદ્ધિ-સિદ્ધિ હોય આવા ભગવાન શિવજી જેવું કોઇએ ગૌરવ અપાવ્યું હોય તો માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ડો. બાબાસાહેબને અપાવ્યું છે. ડો.બાબાસાહેબના પરિવારના જેટલા પણ સભ્યો છે એમાં રામજી સુબ્બેદાર હોય, રાજરત્ન હોય, માઇ સવિતા આંબેડકર હોય, માઇ રમાબાઇ આંબેડકર હોય કે ખૂદ ડો.બાબાસાહેબ આંબેડકર હોય પરિવારના એ બધાં જ નામોને અલગ અલગ યોજનાઓના નામકરણ સાથે જોડયા છે. માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ રાજનેતાને ભારત રત્ન એવોર્ડ મળી શકે પરંતુ વિશ્વમાં સિમ્બોલ ઓફ નોલેજ તરીકે જે પ્રખ્યાત છે એવા ડો.બાબાસાહેબ આંબેડકરને ૪૦-૪૦ વર્ષ સુધી ભારત રત્નનો એવોર્ડ આપવામાં ન આવે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સમર્પિત સરકાર દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરને ભારત રત્નનો એવોર્ડ આપવામાં આવ્યો છે.

## તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આટલા બધા રાજનેતાઓના તૈલચિત્ર સંસદમાં હોય ત્યારે આપણા બધાનું ગૌરવ એવા ડો.બાબાસાહેબ આંબેડકરનું તૈલચિત્ર ના હોય ત્યારે ગુજરાતનું પ્રતિનિધિ મંડળ માનનીય અટલજીની સાથે તત્કાલિન વડાપ્રધાનને મળવા જાય છે અને ડો.બાબાસાહેબનું તૈલચિત્ર સંસદમાં હોવું જોઇએ એવી રજૂઆત કરે છે ત્યારે એમને જવાબ મળે છે કે, સંસદ મેં ઉશકે લીયે જગા નહીં હૈ. ત્યારે અમારા નેતા અટલજી એવું કહે છે કે, સંસદ મેં તો બહોત જગા હે લેકીન આપ કે દિલ મેં જગા નહીં હૈ ઇસલીયે આપ જગા નહીં દેના ચાહતે. એટલે જ સર્વ જન હિતાય અને સર્વ જન સુખાયના મંત્રને લઇ સૌનો સાથ અને સૌના વિકાસ માટે જ્યારે આ ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકાર કટિબદ્ધ છે ત્યારે મારે કહેવું છે કે, બીજા લોકો માટે સત્તા એ મેવાનું સાધન હોઇ શકે, પરંતુ અમે એ પાર્ટીના સભ્યો છીએ કે અમારા માટે સત્તા એ સેવાનું સાધન છે. પૂજ્ય રજ્જુભૈયાજીની પંક્તિ યાદ આવે છે કે, પથ કા અંતિમ લક્ષ્ય નહીં સિંહાસન ચડતે જાના સબ સમાજ કો લીયે સાથ મેં આગે બઢતે જાના. જ્યારે શિક્ષણની વાત થાય છે ત્યારે ડો.બાબાસાહેબ આંબેડકરે કહેલું કે શિક્ષણ વો શેરની કા દૂધ હે જો પિયેગા વો દહાડેગા. એટલા માટે અમે શિક્ષિત બનવાનું સૂત્ર આપ્યું હતું અને નેલ્સન મંડેલાજીની એક વાત મને યાદ આવે છે કે, એજ્યુકેશન ઇસ ધ મોસ્ટ પાવરફૂલ વેપન  અને સિંચાઇ યોજના કયા કયા રૂપમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી અને લોકોના હિત માટે લોકો સુધી પહોંચાડી છે તેના વિશે હું વાત કરવા માગું છું. તેમાં સુજલામ્ સુફલામ્ યોજના, સૌની યોજના, વનબંધુ યોજના અને સૂક્ષ્મ સિંચાઇ યોજના. ગુજરાત એ ભૌગોલિક રીતે અલગ અલગ રીતે તેની વ્યવસ્થામાં સમાયેલો છે ત્યારે આ યોજના કઇ રીતે ગુજરાતના કિસાનોને ઉપયોગી છે તેના વિશે થોડી ક વાત કરવા માગું છું. હું પહેલાં થોડી વાત કરી લઉં કે સિંચાઇ યોજનાનું આખું મૂળ સરદાર સરોવર છે. જયારે સરદાર સરોવર આપણા ભારતના પૂર્વ વડાપ્રધાને શીલા મૂકેલી તેવા સમયે હું ત્યાં એક વેટરનિટી ડિપાર્ટમેન્ટમાં Artificial Insemination Technician તરીકે ત્યાં સર્વિસ કરતો હતો એટલે તેના પણ દર્શન કરેલા અને સરદાર સરોવર પાયાથી માંડી અને ત્યાં દરવાજા મૂકવાનો સમય હતો ત્યાં સુધીનો સમય મારો ત્યાં મેં વિતાવેલો છે એટલે સરદાર સરોવર બનતું હતું ત્યારે કેવા કેવા વિધ્નો, કેવી કેવી ઉપાધિઓ કયાંથી આવતી હતી તેનો આજે હું સાક્ષી છું અને તેનો સામનો કરતા માનનીય નરેન્દ્રભાઇને મેં નજરે જોયેલા છે. મારું સદભાગ્ય એટલું છે કે જેમ રામ સેતુમાં ખિસકોલી જેમ આળોટીને જે અંદર રેત નાંખતી હતી તે રીતે વિસ્થાપિતોને મહારાષ્ટ્રમાંથી સમજાવવાનું જે આંદોલનકારી નેતાઓને જે ગેરમાર્ગે દોરેલા હતા એ વખતે મેં સમજાવવાનું કામ કરી અને ઘણા એવા વિસ્થાપિતોને પરવડા વસાહતમાં પુનઃસ્થાપિત કરેલા છે એટલે મારું સદભાગ્ય છે કે ભારત દેશના નાગરિક તરીકે મેં એક નાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ આ ચાર સિંચાઇની યોજનાઓની સાથે સાથે એક નરેન્દ્રભાઇની સરકારે વધારાનું વિચાર્યુ કે સૂકી નદીઓમાં પાણી નાંખવામાં આવે તો કાંઠા ઉપર રહેલાં ખેડૂતો નાનુ મોટું ખેતીમાં કામ કરી અને ગુજરાન ચલાવે. તેનાથી શું ફાયદો થયો કે આજુબાજુના અમારા ઉત્તર ગુજરાતમાં ચાર વિધાનસભા એક એવી છે વિરમગામ વિધાનસભા, પાટડી વિધાનસભા, મારી ૪ર વિધાનસભા અને ચાણસ્મા અને રાધનપુર આ વિસ્તારની વિધાનસભા તે રણના કાંઠા ઉપર આવેલી છે. દર વર્ષે ચાર મીટર પાણી નીચે જતું હતું.

( સમય સૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય વાત ઉપર આવવાનું રહી ગયું તો આ યોજનાઓ વિશે સુજલામ્ સુફલામ્ યોજના તે વખતે નેવાનું પાણી મોભારે ચડાવવાની વાત કરતા હતા પણ માનનીય નરેન્દ્રભાઇએ એ યોજના અમારા માટે જયારે મૂકી અને આજે એ યોજના સાથે ખેડૂતો એટલા બધા ખુશ ખુશાલ છે અને તેનાથી અમે આર્થિક પ્રગતિ કરી છે. સાથે સૌની યોજના તે સૌરાષ્ટ્ર નર્મદા વિતરણ ઈરિગેશન માટે અને પીવાના પાણી માટે માનનીય નરેન્દ્રભાઇના વિચારથી એ યોજના અમલમાં મૂકી હતી ત્યારે આમાં સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓ એમાં પ્રભાવિત છે અને તેમને ઉપયોગી થવા માટે આશરે ૯૭૦ વધુ ગામોનો...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કેશુભાઇ શિ. પટેલ(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, હોળી અને ધૂળેટી પછી આપણે પ્રથમ વખત મળવાનું થયું છે માટે બધાને શુભકામનાઓ.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે શ્રી કનુભાઇ દેસાઇ નાણામંત્રી વર્ષ ૨૦૨૩-૨૪નું અંદાજપત્ર લઇને ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને મારું સમર્થન આપી મારા વિચારો વ્યકત કરું છું. જે રીતે આદરણીય ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ અને ભારતીય જનતા પાર્ટીની સરકારે માર્ગ અને મકાનની જે રીતે વિકાસની કેડી કંડારી છે.તે સરાહનીય છે. ગુજરાત રાજ્યની કચેરીઓ જેવી કે સેવા સદન કચેરી, પ્રાંત કચેરી, મામલતદાર કચેરી, તાલુકા પંચાયતની કચેરી જેવી અનેક કચેરીઓમાં અરજદારોને જવા માટે અને અધિકારીઓને બેસવા માટે કોઇ વ્યવસ્થા ન હતી. આ સરકારે આ તમામ કચેરીઓના આધુનિક મકાન બનાવીને લોકોની સેવા માટે મૂક્યા છે એ બદલ પણ હું આ સરકારનો ખૂબ-ખૂબ આભાર માનું છું. કચ્છમાં માળિયાથી ગાંધીધામ, ગાંધીધામથી મુંદ્રા, મુંદ્રાથી માંડવી, માંડવીથી અબડાસા, લખપત અને ભૂજ થઇ અને ગડુલી-સાંતલપુરનો રસ્તો છે એમાં દરિયાકિનારો આવે, જમીન સીમાનો રસ્તો આવે એમ આખો કોરિડોર બનાવ્યો છે. કચ્છ જિલ્લામાં રસ્તાઓની સુવિધા ઊભી થઇ છે એના માટે હું કચ્છ જિલ્લા વતી આ ગૃહને અભિનંદન આપું છું. કચ્છ જિલ્લો એ બોર્ડરની સુરક્ષાની દૃષ્ટિએ અતિ મહત્ત્વનો છે. ગુજરાતની સડકોની વાત કરીએ તો અન્ય રાજ્યમાંથી જ્યારે આપણે ગુજરાતની સરહદમાં પ્રવેશીએ ત્યારે રસ્તો જ કહેતો હોય છે કે આ ગુજરાતની હદ ચાલુ થાય

છે. ગુજરાત સરકાર જે રીતે માર્ગ અને મકાન માટે કામગીરી કરી રહી છે એ બદલ ખૂબ-ખૂબ આભાર માનીએ. રાજ્યના તમામ ગામો અને અન્ય મહત્ત્વનાં સ્થળોના રસ્તાઓ અને ધોરી માર્ગોને સુયોજિત નેટવર્કથી સાંકળવામાં આવ્યા છે. ગુજરાતનું એક પણ ગામ, એક પણ તાલુકો એવો નહિ હોય કે જે ત્રણ-ચાર રસ્તાથી મુખ્ય રસ્તાને મળતો હોય. આ ગુજરાત સરકારની ઇચ્છાશક્તિ છે. ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર દ્વારા અનેક પ્રકારના જુદા-જુદા રસ્તાઓ પર ટ્રાફિક વધતો જાય એના આયોજન માટે રૂ.૧૬૭૯ કરોડની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે. સરખેજ-ગાંધીનગર હાઇ-વે રૂ.૯૧૩ કરોડના ખર્ચે છ માર્ગીય બનાવવાની કામગીરી અન્વયે ત્રણ સ્ટ્રક્ચર જેવાં કે છારોડી, ઉજાલા, ખોડિયાર આર.ઓ.બી.ની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ કામગીરી પૂર્ણ થયેથી ગાંધીનગર અને અમદાવાદને જોડતો રાષ્ટ્રીય ધોરી માર્ગ સંપૂર્ણપણે છ માર્ગી થશે. સીમા સુરક્ષા માટે અતિ ઉપયોગી એવા કચ્છ અને બનાસકાંઠા જિલ્લાને જોડતાં નવા જાહેર થયેલા રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.-૭૫૪ પર ૫૯ કિ.મી.ની ખૂટતી કડીઓની કામગીરી રૂ.૪૦૧ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. ગુજરાત સરકાર જે રીતે લોકોની સુવિધા માટે, લોકોની વ્યવસ્થા માટે ચિંતા કરી રહી છે અને આ બજેટમાં કર નાંખ્યા વગર સુવિધાઓનો વધારો કર્યો છે એ જ વહીવટની કુશળતા, વહીવટની લોકો માટે સંવેદના પ્રદર્શિત કરે છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ વિચારી શકે અને કરી શકે. નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ વર્ષ ૨૦૨૩-૨૪નું જે અંદાજપત્ર લઇને આવ્યા છે એને મારું પૂરેપૂરું સમર્થન આપું છું.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટના અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇએ ગુજરાત રાજ્યનું રૂ. ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડનું બજેટ રજૂ કર્યું છે તેમાં રાજ્યના વિકાસના અલગ-અલગ પાંચ સ્તંભોની વાત કરી છે. સૌ પ્રથમ સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને પાયાની સુવિધાઓ, સામાજિક સુરક્ષા અને સમતોલ વિકાસને પ્રોત્સાહન આપવાની વાત કરી છે. ગુજરાતમાં અંબાજીથી ઉમરગામના આદિવાસી વિસ્તારમાં ૧૪ જિલ્લાઓના ૫૩ તાલુકાઓમાં ૧૦૦ ટકા આદિવાસી સમાજ વસે છે. આ રૂ.૩ લાખ ૧ હજાર ૨૨ કરોડના બજેટમાં આટલા મોટા સમાજ માટે માત્રને માત્ર રૂ.૩ હજાર ૪૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. સમગ્ર બજેટની સરખામણીમાં આદિવાસી સમાજ માટે માત્ર ૧.૪ ટકાના બજેટની જોગવાઈ કરવામાં આવેલી છે. ગુજરાત સરકાર દ્વારા વન બંધુ કલ્યાણ યોજનામાં રૂ. ૨૦ હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૧-૨૨થી રૂ. ૧ લાખ કરોડ ખર્ચવાની વાત કરવામાં આવી છે, તેમાં આ વર્ષે કેટલી રકમની જોગવાઈ કરવાના છે તેનો કોઈ જગ્યાએ ઉલ્લેખ નથી. આ જોગવાઈમાં માત્રને માત્ર સપનાં બતાવવાની વાત કરવામાં આવી છે. ભૂતકાળમાં કોઈ પણ સરકાર હોય પણ છેલ્લાં ૨૭ વર્ષથી, અમે સમજતા થયા ત્યારથી ભાજપની સરકાર છે. હાલની વિધાસભાની ચૂંટણીમાં પણ આદિવાસી સમાજે બહુ મોટું જન સમર્થન આપેલું છે ત્યારે દુઃખની વાત એ છે કે આદિવાસી સમાજના ઘણા સભ્યશ્રીઓ આ ગૃહમાં પ્રતિનિધિત્વ કરે છે છતાં પણ આદિવાસી સમાજની પરિસ્થિતિની સત્ય હકીકત અહીં રજૂ કરવાના બદલે *(xxx) આંકડા રજૂ કરવામાં આવે છે અને વાહવાહી કરવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : (xxx) શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારી આ સન્માનનીય ગૃહમાં સરકારશ્રીને નમ્ર અપીલ છે કે જે રીતે દરેક નાગરિકને આધાર કાર્ડ અને રેશન કાર્ડ આપવામાં આવે છે તેવી જ રીતે દરેક નાગરિકને બજેટ કાર્ડ પણ આપવું જોઇએ. સાથે સાથે સન્માનનીય મંત્રીશ્રીએ જે અંદાજપત્ર રજૂ કર્યું છે તેમાં વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૩ લાખ ૩૯ હજારનું દેવું બતાવવામાં આવ્યું છે અને રૂ.૨૬,૩૦૪ કરોડનું વ્યાજ સહિતનું ચૂકવણું બતાવવામાં આવ્યું છે. હું નર્મદા જિલ્લામાંથી પ્રતિનિધિત્વ કરું છું. જ્યારે સરકાર સરદાર સરોવર બંધ અને નર્મદા યોજનાનું ગૌરવ લેતી હોય અને અમે માનીએ છીએ કે ગૌરવ લેવું જોઇએ પરંતુ એ યોજનામાં જે સમાજે પોતાની મહામૂલી જમીનો આપી છે,

શ્રી કુંવરજીભાઇ બાવળીયા(અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં આજે ૨૬ જેટલા સભ્યોએ જુદા જુદા ૧૭ થી ૨૦ વિભાગના વિષય અંગે તેમના વિચારો વ્યક્ત કર્યા અને સૂચનો રજૂ કર્યાં તેની હું નોંધ લઉં છું. સૌ પ્રથમ તો હું માનનીય નાણામંત્રીશ્રી કે જેઓ વર્ષ ૨૦૨૩-૨૪નું સર્વસમાવેશક અંદાજપત્ર લઇને આવ્યા છે એને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એના સમર્થનમાં અને સરકારે કરેલ કામગીરીની સમીક્ષાને લગતા વિચારો માનનીય સભ્યશ્રીઓએ મૂક્યા છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આપવામાં આવેલ મંત્ર ''સૌનો સાથ, સૌનો વિકાસ'' ને ચરિતાર્થ કરતાં મૃદુ અને મક્કમ એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને તેમની સમગ્ર ટીમના સતત પરિશ્રમના કારણે આજે આ મંત્ર ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ ''થકી આજે ગુજરાતની વણથંભી વિકાસયાત્રા સર્વોચ્ચ શિખરે પહોંચી છે. વિકાસ સર્વાંગી હોય, સર્વસ્પર્શી હોય, સર્વસમાવેશક હોય, વિશ્વાસથી વિકાસ એ જ અમારી સરકારની નેમ છે. આમ, ગુજરાતનો વિકાસ એ સાડા છ કરોડ

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

ગુજરાતીઓના વિશ્વાસનો પડઘો છે. અમારા સરળ અને સાલસ નાણામંત્રીશ્રી દ્વારા ગુજરાતના વેગવંતા વિકાસ માટે પાંચ સ્તંભીય અંદાજપત્ર રજૂ થયું છે. પાયાની સુવિધાઓ સાથે સામાજિક સુરક્ષા એ પહેલો સ્તંભ, માનવ સંશાધનનો વિકાસ કરવો એ બીજો સ્તંભ, વિશ્વસ્તરીય આંતરમાળખાકીય સવલતો ઊભી કરવી એ ત્રીજો સ્તંભ, તમામ ક્ષેત્રોમાં રોજગારીની નવી તકોનું સર્જન કરવું એ ચોથો સ્તંભ, પર્યાવરણની જાળવણી એ પાંચમો સ્તંભ. આમ, પાંચેય સ્તંભોના વિષયો સાથે હું મારી વાત મૂકવા માગું છું. આ અંદાજપત્રમાં છેવાડાના અને વંચિતોના વિકાસની વાત કરવામાં આવી છે. હું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વાત કરું તો, આ વિભાગ માટે કુલ રૂ.૫૫૮૦ કરોડની વિસ્તૃત જોગવાઇ કરવામાં આવી છે. નિરાધારો, વૃદ્ધો, વિધવાઓ માટેની આર્થિક સહાય યોજના અંતર્ગત ૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન આપવા માટેની રૂ.૧૩૪૦ કરોડની જોગવાઇ, અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની આશ્રમશાળાઓમાં રહેતા ૧ લાખ ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓનાં નિભાવ-ભથ્થાં માટે રૂ.૩૨૪ કરોડની જોગવાઇ. પી.એમ. યશસ્વી પ્રિ-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક યોજના અંતર્ગત ૧૦ લાખ વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ પેટે રૂ.૫૬૨ કરોડની જોગવાઇ. ડૉ.આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના માટે રૂ.૨૨૨ કરોડની જોગવાઇ જેવી અનેકવિધ જોગવાઇઓ થકી અનુસૂચિત જાતિ, વિચરતી અને વિમુક્ત જાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાંધવો માટે આ સરકાર ચિંતા કરે છે. અનુસૂચિત જાતિ કલ્યાણ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા જુદી-જુદી શિષ્યવૃત્તિઓ, સાઇકલ સહાય યોજના, ગણવેશ સહાય યોજના, ભોજન સહાય યોજના, વિદેશ અભ્યાસ માટે, વિવિધ કક્ષામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સમરસ છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. આર્થિક ઉત્કર્ષ યોજનાની વાત કરું તો, માનવ ગરિમા યોજના, લોન સહાય યોજના, ધંધા-વ્યવસાય માટેની વ્યાજ સહાય યોજના, મફત તબીબી સહાય, વિવિધ આવાસ યોજનાઓ જેવી અનેકવિધ યોજનાઓ દ્વારા લોકકલ્યાણના હેતુ માટે સમાજના નબળા અને વંચિતોના વિકાસ માટે આ સરકાર ઉત્કૃષ્ટ કામગીરી કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વાત કરું તો એમના વિભાગ માટે કુલ રૂપિયા ૩૪૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શૈક્ષણિક ઉત્કર્ષની એની સાથે વાત કરીએ તો આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમ શાળાઓ અને એકલવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કૂલો માટે રૂપિયા ૬૬૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરકારી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોના વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૨૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ, પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ, દૂધ સંજીવની યોજના, આદર્શ નિવાસી શાળા તથા અન્ય સરકારી છાત્રાલયોના બાંધકામ માટેની પણ જોગવાઇઓ કરવામાં આવી છે. ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ગણવેશ જેવી અનેકવિધ સહાય માટે નાણાકીય જોગવાઇઓ અમારી સરકારે કરી છે. આર્થિક ઉત્કર્ષની વાત કરીએ તો, આદિવાસી ખેડૂત ભાઇઓ માટે આધુનિક કૃષિ યંત્રો, સિંચાઇની સુવિધા, ફૉરેસ્ટ રાઇટ્સ એક્ટ હેઠળ આદિજાતિ કુટુંબોને આર્થિક સહાય, મહિલા પશુપાલકોને સહાય, ખેડૂતોને ઇનપૂટ કીટ આપવી, મુખ્યમંત્રી આદિજાતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના માટે, અનુસૂચિત જાતિના લોકોને વ્યકિતગત આવાસ મળે એ માટે પણ આમાં નાણાકીય જોગવાઇઓ કરવામાં આવી છે. આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય, આધુનિક સુવિધાઓથી સજ્જ આશ્રમ શાળા, રહેવા-જમવાની સુવિધા સાથેની ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, પશુપાલકો માટે વિવિધ સહાયકારી યોજનાઓ, એમ.ફીલ. અને પી.એચ.ડી.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટેની સહાય, બિરશા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી માટેની સહાય, ટી.બી., કેન્સર, રક્તપિત્ત અને સિકલ સેલ એનિમિયા માટે મફત તબીબી સહાય, અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓ માટે રોજગારલક્ષી તાલીમ, રોજગાર માટેની કીટ, આદિમ જૂથ અને હળપતિ પરિવારોને આવાસ, રોજગારી માટેની સહાય જેવી વિવિધ યોજનાઓ દ્વારા આદિજાતિ વર્ગોના બહુમુખી વિકાસ માટે આ સરકાર પ્રશંસનીય કામગીરી કરી રહી છે. આદરણીય પંડિત દીન દયાળ ઉપાધ્યાયે કહ્યું છે કે, હર ખેત કો પાની, હર હાથ કો કામ. શ્રમ રોજગાર કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની વાત કરું તો આ વિભાગ માટે રૂપિયા ૨૫૩૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તેથી આત્મનિર્ભર ભારતનું લક્ષ્ય સાકાર થઇ શકે. બાંધકામ શ્રમિકોને કાર્યસ્થળ નજીક શ્રમિક બશેરા માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આઇ.ટી.આઇ.ના બાંધકામને સુદઢ કરવા માટે રૂપિયા ૨૩૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અદ્યતન કુશળતા સાથેની મેગા આઇ.ટી.આઇ.માં રૂપાંતરણ કરવા માટે રૂપિયા ૧૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમિક અન્નપૂર્ણા યોજના, કૌશલ્ય ધી સ્કિલ યુનિવર્સિટી વિકાસ તથા વિવિધ અભ્યાસક્રમોની તાલીમ, ગુજરાત એપેક્સ ઇન્સ્ટિટયૂટના વિકાસ માટે ડ્રોન ટેકનોલોજી અભ્યાસક્રમ અને સંશોધન, શ્રમિકોના બાળકો માટે આંગણવાડી, ઘોડિયા ઘર તેમજ આરોગ્ય ચકાસણી કેન્દ્ર માટે નાણાકીય જોગવાઇ અમારી સરકારે કરી છે. શ્રમ ઇન્સ્પેકશન માટે સીમ-પ્લે, મોબાઇલ એપ્લિકેશન, શ્રમિક હેલ્પલાઇન, લઘુત્તમ વેતન અધિનિયમ, બોનસ ચૂકવણી અધિનિયમ, ઇ-શ્રમ પોર્ટલ, વિવિધ બોર્ડ મારફતે શ્રમિક કલ્યાણકારી કામગીરી વિગેરે જેવી વિવિધલક્ષી કામગીરી શ્રમિકોના કલ્યાણ માટેની આ સરકારે જોગવાઇ કરી છે. કૌશલ્ય વિકાસ માટે ભારત સરકારશ્રીની સહાયથી ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશન, કૌશલ્ય વર્ધન કેન્દ્રો, સક્ષમ પ્રોજેક્ટ સંકલ્પ, મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના, પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના, મુખ્યમંત્રી સ્કિલ ડેવલપમેન્ટ ઇનિશિએટીવ ગુજરાત એપેક્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટયૂટ આવી અનેકવિધ યોજનાઓ સાકાર કરવા માટે માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે આમાં જોગવાઇઓ કરી છે. મુખ્યમંત્રી એપ્રેન્ટિશિપ

તાલીમ યોજના વિગેરે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ કામગીરી કરવામાં આવે છે. ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની વાત કરીએ તો તબીબી તપાસ માટે ઇમરજન્સી પ્લાન, શ્રમ એવોર્ડ, દિવ્યાંગ વ્યકિતને રોજગારી માટેની કામગીરીની વ્યવસ્થા વિગેરે જોગવાઇઓ આ વિભાગમાં પણ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગમાં પણ આ જોગવાઇ કરવામાં આવી છે. આપણે જોઇએ તો આરોગ્ય ક્ષેત્રે પણ બેનમૂન કામગીરી થઇ છે અને કરી રહ્યાં છીએ. 'પહેલુ સુખ તે જાતે નર્યા.' જન આરોગ્યની ચિંતા કરવી એ અમારી સરકારની પ્રાથમિક ફરજ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વાત કરું તો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે રૂપિયા ૧૫૧૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની સેવાઓ માટે રૂપિયા ૯૨૬૫ કરોડની જોગવાઇ આમાં કરવામાં આવી છે. આરોગ્ય સેવાઓ અને બિન સંચારી રોગોના અટકાયત અને નિયંત્રણ માટે નેશનલ હેલ્થ મિશન હેઠળ રૂપિયા ૧૭૪૫ કરોડની જોગવાઇ, મુખ્યમંત્રી અમૃત્તમ યોજના હેઠળ તબીબી સારવાર માટે રૂપિયા ૧૬૦૦ કરોડની જોગવાઇ, મહિલાલક્ષી યોજના, જાહેર આરોગ્ય સેવાઓ પી.એચ.સી. અને સી.એચ.સી. અને સાથે ગ્રામ્ય કક્ષાએ સબ સેન્ટરના બાંધકામ માટે નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે. તબીબી સેવાઓ માટે રૂપિયા ૧૨૭૮ કરોડની જોગવાઇ પણ એમાં કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજના. જિલ્લા અને પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલો માટે એની અલગથી જોગવાઇઓ, નવી એમ્બ્યુલન્સ માટે નાણાકીય જોગવાઇ, તબીબી શિક્ષણ અને સંશોધનની વાત કરીએ તો માનનીય અધ્યક્ષશ્રી, મેડિકલ કોલેજમાં શિક્ષણ અને આરોગ્ય સગવડ માટે રૂપિયા ૧૯૭ કરોડની જોગવાઇ.

માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક હોસ્ટેલોમાં હયાત સુવિધાઓના વિસ્તૃતીકરણ માટે રૂપિયા ૩૫૫ કરોડની જોગવાઇ. પી.પી.પી. મૉડેલ થકી નવી મેડિકલ કોલેજ અને ખાનગી હોસ્પિટલને સાધન સહાય માટે રૂપિયા ૧૩૦ કરોડની જોગવાઇ. આયુષ હોસ્પિટલો અને સુવિધાઓ માટે રૂપિયા ૩૮૯ કરોડની જોગવાઇ. પ્રધાનમંત્રી જન આરોગ્ય. એના માટે પણ અલગથી જોગવાઇ. મુખ્યમંત્રી અમૃતમ્ યોજના, ગુજરાત ડાયાલીસીસ પ્રોગ્રામ. માનનીય અધ્યક્ષશ્રી, આ એક ખૂબ અભિનંદનીય પગલું એટલા માટે લીધું છે કે જે ડાયાલીસીસના દર્દીઓ હતા એમને જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં જવું પડતું હતું. એના બદલે આ વખતે દરેક તાલુકા મથકે એક ડાયાલીસીસ માટેની સુવિધા ઉપલબ્ધ થાય એવી એક સરસ મજાની આરોગ્યને લગતી આ સુવિધાઓ એ તાલુકા મથકે એક હોસ્પટલમાં કરી છે. એ માટે હું આરોગ્યમંત્રીને અને નાણામંત્રીને અભિનંદન આપું છું. કેમ કે જે દર્દીઓને જિલ્લા મથકે જવું પડતું હતું એના બદલે હવે તાલુકા મથકે આ સુવિધાઓ ઉપલબ્ધ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, અંગદાન અને પ્રત્યારોપણ, શાળા આરોગ્ય, રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય, આરોગ્ય. એની સાથે મોતિયા. અંધત્વ મૂકત ગુજરાત એ અભિયાનને પણ ખૂબ ઝડપથી આગળ વધારી રહ્યાં છીએ. માનનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ, રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ, કુપોષણ મુકત ગુજરાત, યુનિવર્સલ ઇમ્યુનલાઇઝેશન, આયુષ્યમાન ભારત, નર્સિંગ સેવાઓ, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ, ટ્રોમા કેર, એઇડ્સ કંટ્રોલ સોસાયટી, આયુષ હસ્તકની કામગીરી, ફૂડ એન્ડ ડ્રગ્સ પ્રભાગની કામગીરી. માનનીય અધ્યક્ષશ્રી, આ આરોગ્ય ક્ષેત્રે જે બેનમૂન કામ થઇ રહ્યું છે, એના માટે આરોગ્ય ક્ષેત્રને લગતી અલગથી પણ નાણાકીય જોગવાઇઓ વિશેષ કરવામાં આવી છે. આમ અનેકવિધ કામગીરી દ્વારા ગુજરાત સરકાર લોકોના સ્વાસ્થ્યની પણ ખૂબ ચિંતા કરે છે અને દરેક નાગરિકના સ્વાસ્થ્યની ચિંતા આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો આવેલો છે, એના માટે બંદરો અને વાહન વ્યવહાર વિભાગની પણ જે જોગવાઇઓ થઇ છે, એ પણ હું માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી એટલા માટે સભ્યોના ધ્યાન પર મૂકવા માગું છું. એના માટે ખૂબ ચિંતા કરીને આ વખતે આ બન્ને વિભાગ માટે લગભગ રૂપિયા ૩૫૧૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇલેક્ટ્રોનિક વાહનોના ઉપયોગ માટે અને એને પ્રોત્સાહન મળે એ માટે આ વખતે રૂપિયા ૨૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નવલખી પોર્ટની હેન્ડલિંગ ક્ષમતા વધારવા માટે રૂપિયા ૧૯૨ કરોડની જોગવાઇ. ઇલેક્ટ્રિક બસોની ખરીદી માટે અને પ્રદૂષણનો જે ફેલાવો થાય છે એને ઘટાડવા માટે આગામી દિવસોમાં ઇલેકટ્રોનિક બસોની સુવિધા ઉપલબ્ધ થાય અને એનો વપરાશ વધે એના માટે ઇલેક્ટ્રિક બસોની ખરીદી માટે ર૪ કરોડ રૂપિયા અને સી.સી.ટી.વી. સર્વેલન્સ માટે ૧૦ કરોડ, એરપોર્ટ સાથેના બસ સ્ટેશનની જોગવાઇ કરવા માટે આ સરકારે પ્રયાસ કર્યો છે અને એ માટે અલગથી નાણાકીય જોગવાઇ પણ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જો હું બંદર વિભાગની વાત કરું તો હમણાં અહીંથી વાત થઇ એમ ગુજરાત રાજયમાં આશરે ૧૬૦૦ કિલોમીટર લંબાઇનો દરિયાકાંઠો આવેલો છે. કુલ ૪૮ જેટલા નોન મેજર બંદરો આવેલા છે. જે પૈકીના ૧૩ બંદરો મધ્યમ કક્ષાના છે, ૪ ખાનગી બંદરો આવેલા છે, ૩૧ નાના બંદરો આવેલા છે. એ ઉપરાંત વિશેષ સવલતોની જરૂરિયાતવાળા ઉધોગો માટે હજીરા, મુળ દ્વારકા, દહેજ, સિક્કા, પીપાવાવ, જખૌ, ભોગાત ખાતે કેપ્ટીવ જેટીઓ, ખાનગી જેટી, શીપ બિલ્ડિંગ યાર્ડના વિકાસ માટેની યોજનાઓ, ડ્રેજિંગ માટેની સુવિધાઓ અને એની કામગીરી, એ માટે પણ આ બજેટની અંદર જોગવાઇઓ કરવામાં આવી છે. હમણાં મારા મિત્ર એમ કહેતા હતા કે ભૂતકાળની અંદર વાહન વ્યવહારમાં બસો વગેરે ઘણી બધી સુવિધા હતી. પણ એના માટે લોકોને મુશ્કેલી ન પડે, યાતાયાતમાં સરળતા રહે તેના માટે સારામાં સારી બસો રોડ ઉપર જોવા મળે તે માટે વાહન વ્યવહાર વિભાગની વાત કરું તો આર.ટી.ઓ. કચેરી ખાતે ફેસલેસ સેવાઓ, અમદાવાદ અને રાજકોટ મુકામે નવી આર.ટી.ઓ. કચેરી, એ જ રીતે બીએચ સુવિધાનો પ્રારંભ, સ્ટેટ ઇલેક્ટ્રિક

તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

વ્હિકલ પોલિસી ૨૦૨૧ની અમલવારી, વ્હિકલ સ્ક્રેપિંગ ફેસિલિટી, માર્ગ સલામતી માટે જાગૃતિ માટે ટીમ, ટ્રાફિક એજયુકેશન એન્ડ અવેરનેશ મોબાઇલ પ્રોજેક્ટ, તેના માટેની પણ અલગથી જોગવાઇ, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી હેઠળ વિવિધ કામગીરી આ વિભાગ મારફતે થઇ રહી છે. સાથે સાથે મારે ખાસ કૃષિ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીને પણ અભિનંદન આપવા છે, બે દિવસ પહેલા કમોસમી વરસાદ થયો, અને તેને કારણે ગ્રામ્ય વિસ્તારમાં અનેક ખેડૂતો તરફથી રજૂઆતો થઇ, ફોન આવ્યા, કેટલાક સન્માનનીય ધારાસભ્યોએ પણ વાત મૂકી, માનનીય મુખ્યમંત્રીએ તરત જ એ બાબતની કાળજી લઇને એનો સરવે કરાવવાની જાહેરાત કરી અને આજે રાજયમાં જયાં નુકસાન થયું છે ત્યાં એ સરવેની કામગીરી ચાલી રહી છે. તેની સાથે સાથે ખાસ કરીને હમણાં ગેનીબહેન અને બીજા સભ્યશ્રી વાત કરતા હતા કે જે વિસ્તારમાં ખેડૂતો બટાકા કે ડુંગળી પકવે છે તેવા વિસ્તારમાં ખેડૂતોને આર્થિક નુકસાન થાય છે અને પૂરતા ભાવો મળતા નથી. એના માટે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને નાણા મંત્રીશ્રી કનુભાઇ તેમજ કૃષિમંત્રી આદરણીય રાઘવજીભાઇએ ચિંતા કરીને તરત જ આવા ખેડૂતો કે જે બટાકા અને ડુંગળી પકવતા હોય તેમને નુકસાન ન થાય તે માટેની સહાયની જાહેરાત કરી છે. તેની સાથે સાથે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે રૂપિયા ૨૧૬૦૫ કરોડની જોગવાઇ પણ આ બજેટમાં કરવામાં આવી છે. ખેડૂતોને રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવા માટે, અમે એમાં સાક્ષી છીએ કે ઘણીવાર ખેડૂતો એના ખેતરે કે વાડીએ વીજળીની માગણી કરે તો બાર બાર, તેર તેર વર્ષ સુધી તેને ખેતીવાડીનું વીજ જોડાણ મળતું નહોતું. આ સરકારે તબક્કાવાર જે ખેડૂતો માગણી કરે એને વધીને ૩થી ૪ મહિનામાં ખેતીવાડીનું વીજ જોડાણ મળે અને તેની સાથે સાથે ઓછો ખર્ચ ભરીને વીજ લાઇન ઊભી થઇ શકે તે માટેની પણ જોગવાઇઓ કરીને આ વીજળી ઉપલબ્ધ કરાવવા માટેની રૂ.૮૨૭૮ કરોડની જોગવાઇ કરી છે. વિવિધ ઓજારોની ખરીદી માટે, કાંટાળી તારની વાડ, સોલાર ફેન્સિંગ બનાવવા માટે, રાષ્ટ્ર કૃષિ વિકાસ યોજના, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને દેશી ગાયના નીભાવનો ખર્ચ, મિલેટસનો વાવેતર વિસ્તાર વધારવા માટે, માનનીય અધ્યક્ષશ્રી, દેશના પ્રધાનમંત્રીએ જયારે આ વર્ષને મિલેટસ્ વર્ષ તરીકે ઉજવવાની વાત કરી છે ત્યારે તેની વિશેષ જોગવાઇઓ સાથે વાવેતરનો વિસ્તાર વધારવા માટેની જોગવાઇ પણ અલગથી આ બજેટમાં કરવામાં આવી છે. ડ્રોન ટેકનોલોજી અને અન્ય કૃષિ વિષયક યોજનાઓ માટે નાણાકીય જોગવાઇ પણ કરવામાં આવેલ છે. કૃષિ માટે બાગાયત, એગ્રો પ્રોસેસિંગ, એગ્રો માર્કેટિંગ, ખેડૂતોની આવક બમણી કરવી, વધારવી, પ્રાકૃતિક કૃષિ તરફ ખેડૂતો વળે, એ તરફ ખેતી કરતા થાય, સોઇલ હેલ્થ કાર્ડ, બીજ, ખાતર, જંતુનાશક માટેની સહાય, ટેકાના ભાવે ખરીદી, પાક સંગ્રહ માટે વ્યવસ્થા, પાક વીમા માટેની જોગવાઇ, કૃષિ યુનિવર્સિટી, ખેડૂતોને તાલીમ, વગેરે જેવી અનેક કૃષિ કલ્યાણકારી કામગીરી પણ આ સરકારે બજેટની જોગવાઇની સાથે કરવામાં આવી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન વિભાગની પણ થોડી વાત કરું તો મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રૂ.૫૦૦ કરોડની જોગવાઇ. મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર અને ફરતા પશુ દવાખાનાની સેવાઓ, દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માખાકીય સુવિધાઓ ઊભી કરવા માટેની સહાય, કરુણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ માટે અને નવા સ્થાયી પશુ દવાખાના માટે પણ આ બજેટમાં નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગ વિભાગની વાત કરીએ તો નવા મત્સ્ય બંદરોનો વિકાસ તેમજ હયાત મત્સ્ય કેન્દ્રોના આધુનિકરણ માટે, નિભાવ માટે રૂ. ૬૪૦ કરોડની જોગવાઇ. સાગરખેડૂને ડીઝલ વેટ રાહત તેમજ પેટ્રોલ પર સહાય માટે રૂ. ૪૫૩ કરોડની જોગવાઇ. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાના સર્વાંગી વિકાસ માટે રૂ.૧૫૫ કરોડની જોગવાઇ. મત્સ્ય ઉછેર માટે રૂ.૧૧૭ કરોડની જોગવાઇ. માછીમારો માટે કાર્ડ તેમજ નેટ માટે સહાય. મત્સ્ય નિકાસ માટેની સુવિધા વગેરે જેવી કામગીરી મત્સ્યોદ્યોગ ક્ષેત્રે અમારી સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાળકો એ ભારતનું ભવિષ્ય છે. એટલા માટે માનનીય નાણામંત્રીશ્રીએ આ વખતે વિશેષ જોગવાઇ કરી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગની વાત કરીએ તો તેના માટે રૂ. ૬૦૬૪ કરોડની જોગવાઇ. ગંગાસ્વરૂપા બહેનોને આર્થિક સહાય માટે રૂ.૧,૮૯૭ કરોડની જોગવાઇ. પૂરક પોષણ યોજના માટે રૂ.૧,૪૫૨ કરોડની જોગવાઇ. આંગણવાડી બહેનોના વેતન અને અન્ય સવલતો માટે રૂ. ૭૫૪ કરોડની જોગવાઇ. પૂર્ણા યોજના અંતર્ગત પોષક આહાર માટે રૂ.૩૯૯ કરોડની જોગવાઇ. આદિજાતિ અને વિકાસશીલ તાલુકાના દૂધ આપવા માટે રૂ.૧૨૬ કરોડની જોગવાઇ. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના માટે રૂ. ૨૧૪ કરોડની જોગવાઇ. પોષણ સુધા યોજના માટે રૂ.૧૩૩ કરોડની જોગવાઇ. આંગણવાડી કેન્દ્રો અલગથી બનાવવા માટેની રૂ.૨૬૮ કરોડની જોગવાઇ. વહાલી દીકરી યોજના માટે રૂ.૧૫૦ કરોડની જોગવાઇ. આંગણવાડીમાં બાળકોને ડિજિટલ લર્નિંગ માટે રૂ. ૪ કરોડની જોગવાઇ. આમ, ભારતનું ભવિષ્ય સમૃદ્ધ અને સશક્ત બને તે માટે અમારી સરકારે વિશાળ દષ્ટિકોણ અપનાવેલ છે અને તેના માટે પણ અલગથી નાણાકીય જોગવાઇઓ કરી છે. ટેક હોમ રાશન, ગરમ નાસ્તો, દૂધ સંજીવની યોજના, પોષણ સુધા યોજના, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના, મૂલ્યવર્ધિત ટેક હોમ રાશન યોજના, પોષણ અભિયાન વગેરે જેવી યોજના દ્વારા લાભાર્થીઓને પોષણ માટે સેવાઓ પૂરી પાડવા માટેની જોગવાઇઓ પણ કરવામાં આવી છે. ભૂલકાંમેળો, સેટકોમ, પ્રિ-સ્કૂલ કીટ, બાળગોષ્ઠી જેવા કાર્યક્રમોની યોજનાઓ દ્વારા શિક્ષણ વિષયક સેવાઓ પૂરી પાડવાનું કામ આ સરકારમાં થઇ રહ્યું છે. પૂર્ણા યોજના, મહિલા કલ્યાણ માટે વન સ્ટોપ સેન્ટર, બેટી બચાઓ, બેટી પઢાઓ, નારી સંરક્ષણ, વહાલી દીકરી યોજના, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, નારી વંદન સપ્તાહ, ગુજરાત મહિલા આયોગ હેઠળ નારી સંમેલન, કાયદાકીય જાગૃતિ શિબિર, નારી અદાલત સમીક્ષા બેઠક, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ હેઠળ મહિલા

સ્વાવલંબન યોજના, મહિલા જાગૃતિ શિબિર, પ્રદર્શન સહ વેચાણ, મહિલા સ્વરોજગાર મેળાઓ જેવી વિવિધ મહિલા સશક્તિકરણની કામગીરી કરીને મહિલાઓને વિકાસની દિશામાં સહભાગી બનાવવા માટેનું આ સરકારે કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે મહેસૂલ વિભાગની વાત કરીએ તો તેમાં ડિજિટલાઇઝેશન કરવા માટેનો પ્રયાસ આ સરકાર કરી રહી છે. આ વિભાગમાં પણ રૂ.૫,૧૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એક નવી કલેક્ટર કચેરી, છ મામલતદાર કચેરીના બાંધકામ માટે રૂ. ૪૬ કરોડની જોગવાઇ. છ સબ-રજિસ્ટ્રાર કચેરી અને સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ભવન બનાવવા માટે નવીન બાંધકામ માટેની રૂ.૩૫ કરોડની જોગવાઇ. દસ્તાવેજોના ડિજિટલાઇઝેશન માટે રૂ.૫ કરોડની જોગવાઇ. મહેસૂલી સેવાઓના સરળીકરણ, પારદર્શિતા સાથે ઝડપી અને ત્વરિત સેવાઓ માટેની કામગીરી, ડિજિટલ સેવાઓ માટે મહેસૂલી સેવાઓનું આધુનિકરણ અમારી સરકાર કરવા જઇ રહી છે. અમારી સરકારે સફાઇ અભિયાન, મહિલા સુરક્ષા, પારદર્શક વહીવટ, ખેડૂતોની આવક બમણી કરવાની વાત, ગરીબ કલ્યાણ માટેની વિવિધ યોજના કરી અને એની અમલવારી, દરેક ક્ષેત્રમાં છેવાડાના માનવીની ચિંતા કરી છે. આમાં ફક્ત આશ્વાસન નહીં પણ નક્કર કામગીરી થઇ છે. એના માટેનાં પગલાં પણ લેવાયા છે. ગુજરાતને વિકાસની નવતર બુલંદીઓ ઉપર પહોંચાડવા માટે છેલ્લા બે દસકાથી જે પ્રસંશનીય કામગીરી થઇ રહી છે એની જન જનને પ્રતીતિ છે, એ લોકો જાણે છે. સુશાસન આપવાની અમારી ડબલ એન્જિનની સરકારની નેમ છે. '' ડબલ એન્જિનની સરકાર, કરે સૌના સપના સાકાર'' લોકોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના માર્ગદર્શનમાં અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજયની વિકાસલક્ષી કામો કરતી સરકારમાં જે વિશ્વાસ વ્યકત કર્યો છે અને એટલા માટે જ હું કહીશ કે, ''સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'' એના થકી ગુજરાતની વિકાસ યાત્રા ઊંચા શિખર ઉપર પહોંચી છે. વિશ્વાસથી વિકાસની આ અવિરત યાત્રા ચાલુ રાખવા અમારી સરકાર સક્રિય છે અને સતત પ્રયત્નશીલ છે. જય જય ગરવી ગુજરાત.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય છે. આજના દિવસની પહેલી બેઠકનું કામકાજ હવે પૂર્ણ થાય છે. બીજી બેઠક માટે સભાગૃહ બપોરે ૩-૩૦ કલાકે ફરીથી મળશે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨-૨૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૨૩**

**ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે**

**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**માનનીય અધ્યક્ષશ્રીનું અવલોકન**

**ગૃહમાં ખાવાની ચીજવસ્તુ લઇ આવવા બાબત.**

અધ્યક્ષશ્રી : હું એક સૂચના આપું છું. મારી પાસે માહિતી એવી છે કે કેટલાક લોકો મીડિયા ઈવેન્ટ બનાવવા માટે વિધાનસભા ગૃહમાં કેટલીક ખાવાની ચીજવસ્તુઓ લઇને આવ્યા છે એવી માહિતી મારી પાસે છે. જો આવો કોઇપણ વ્યવહાર કરશે તો મને લાગે છે કે એ વિધાનસભાના નિયમોના વિરુદ્ધની વસ્તુ ગણાશે. આવું જો કોઇ કામ કરશે તો મને લાગે છે કે મારે કડક પગલાં લેવાં પડશે. કોઇપણ અહીંયા લઇને આવ્યા હોય તો એ વસ્તુને બહાર મૂકી આવે. નહીંતર તેમની સામે પગલાં લેવામાં આવશે.

**તારાંકિત પ્રશ્નો**

**આણંદ જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય**

* ૧૩૨૬ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં આણંદ જિલ્લામાં બૌધ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૫૭૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૫૬૪ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૩૧૯૦૦૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે તા.૧-૧-૨૦૨૨થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં આણંદ જિલ્લામાં બૌદ્ધિક અસમર્થતા ધરાવતા એટલે કે મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી? તે પૈકી કેટલી અરજીઓ મંજૂરી કરવામાં આવી? તે પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં માનનીય સભ્યશ્રીએ થયેલ કાર્યવાહીની વિગતો માગી છે. તાલુકાવાર લિસ્ટ છે એ મુજબ આણંદ તાલુકામાં ૧૭૭ અરજીઓ મળી એ તમામ મંજૂરી કરવામાં આવી અને કુલ રૂપિયા ૧૦ લાખ ૭૧ હજારની સહાય આપવામાં આવી. ઉમરેઠ તાલુકામાં ૬૩ અરજીઓ મળી એ તમામ મંજૂર કરવામાં આવી અને કુલ રૂપિયા ૩.૧૯ લાખની સહાય ચૂકવવામાં આવી. ખંભાત તાલુકામાં ૯૩ અરજીઓ મળી એમાંથી ૯૨ અરજીઓ મંજૂર કરી અને ૧ નામંજૂર કરવામાં આવી અને કુલ રૂપિયા ૫.૫૧ લાખની સહાય ચૂકવવામાં આવી છે. તારાપુર તાલુકામાં ૯ અરજીઓ મળી એ તમામ મંજૂર કરવામાં આવી અને રૂપિયા ૪૭ હજારની સહાય ચૂકવવામાં આવી છે. પેટલાદ તાલુકામાં ૯૪ અરજીઓ મળી એમાંથી ૯૩ અરજીઓ મંજૂર કરી અને ૧ નામંજૂર કરી અને કુલ રૂપિયા ૪.૬૮ લાખથી સહાય ચૂકવવામાં આવી. આંકલાવ તાલુકામાં ૩૧ અરજીઓ મળી એ તમામ મંજૂર કરી અને કુલ ૧.૧૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. બોરસદ તાલુકામાં ૮૯ અરજીઓ મળી એમાંથી ૮૬ અરજીઓ મંજૂર કરી અને ૩ નામંજૂર કરી તથા કુલ ૫.૩૪ લાખની સહાય ચૂકવવામાં આવી છે. સોજીત્રા તાલુકામાં ૧૪ અરજીઓ મળી એમાંથી ૧૩ અરજીઓ મંજૂર કરી અને ૧ નામંજૂર કરી અને કુલ રૂપિયા ૮૨ હજારની સહાય ચૂકવવામાં આવી છે. આમ, કુલ ૫૭૦ અરજીઓ મળી એમાંથી ૫૬૪ અરજીઓ મંજૂર કરી અને ૬ અરજી ડોક્યુમેન્ટ વેરિફિકેશનના કારણે નામંજૂર કરી. કુલ રૂપિયા ૩૧.૯૦ લાખની સહાય ચૂકવવામાં આવી.

**બનાસકાંઠા જિલ્લાના ઔદ્યોગિક એકમો દ્વારા શ્રમ કાયદાઓનો ભંગ**

* ૧૪૧૬ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) :**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમો દ્વારા શ્રમ | (૧) |

કાયદાઓનો ભંગ થતો હોય તેવી કેટલી ફરિયાદો સરકારને મળી, અને

| વર્ષ | મળેલ ફરિયાદો |
|---|---|
| તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | ૧૫ |
| તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ | ૦૪ |
| **કુલ** | **૧૯** |

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અંતર્ગત સરકારે શાં પગલાં લીધા ?

(૨) ● ઉક્ત ફરિયાદો પૈકી શ્રમ આયુક્તશ્રી દ્વારા ૦૧ ફરિયાદમાં અરજદારને રૂ. ૩૩૦૦/- બાકી મજૂરીના નાણાંની ચૂકવણી તથા ૦૧ ફરિયાદમાં અરજદારને ગ્રેજ્યુઇટીની રૂ.૧,૯૨,૧૧૫/-ની ચૂકવણી કરાવવામાં આવેલ છે. ૦૧ ફરિયાદમાં અરજદારને બાકી નાણાં બાબતે નામ. લેબર કોર્ટમાં રિકવરીની અરજી દાખલ કરવા જણાવેલ છે. ૦૧ ફરિયાદ અન્વયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. ૦૧ ફરિયાદ અરજદારે પરત ખેંચેલ છે.

● નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા ૧૪ ફરિયાદો અન્વયે ૦૨ કારખાના સામે ૧૫ ફોજદારી કેસો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. પ્રશ્ન પૂછવા ખાતર નથી પૂછ્યો પણ મારા વિસ્તારમાં સરકાર પાસે કેટલી અરજીઓ આવી અને એમાંથી કેટલી અરજીઓ મંજૂર થઇ છે અને કેટલી બાકી છે? સાથોસાથ મંત્રીશ્રી પાસેથી અપેક્ષા રાખું છું કે, આ શ્રમ રોજગારીનો મુદ્દો છે ત્યારે મારા વિસ્તારમાંથી રોજગારી માટે બહાર જાય છે અને જીવના જોખમે જાય છે તો માનનીય મંત્રીશ્રી ફરીથી સરવે કરાવી રોજગારી આપવા માગે છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ પ્રશ્ન આમ તો રોજગારીને લગતો નથી. પણ આપે પૂછ્યું છે કે આપના વિસ્તારમાંથી જે આવા લોકો પૈકી એક જણની ફરિયાદ હતી એ ફરિયાદીને રૂપિયા ૧ લાખ ૯૨ હજાર ૧૧૫ ચૂકવાઇ ગયા છે અને એ આપના વિસ્તારના ન હતા. લીકપેક એન્જિનિયરિંગ છાપી એટલે કિસનદાસને રૂપિયા ૧,૯૨,૦૦૦/ - ગ્રેજ્યુઇટીના નાણાં ચૂકવવામાં આવ્યાં છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ: માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઔદ્યોગિક એકમ સિવાય અન્ય કઇ સંસ્થાઓમાં શ્રમ કાયદા હેઠળ તપાસ કરવામાં આવે છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, રાજ્યનું શ્રમ તંત્ર મુખ્યત્વે ક્યા શ્રમ કાયદાઓનો અમલ કયા સંવર્ગના કયા અધિકારીઓ દ્વારા કરાવે છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમાં ઔદ્યોગિક એકમ સિવાય દુકાન, હોટલ, રેસ્ટોરન્ટ, વાણિજ્ય સંસ્થા, સ્થાનિક સત્તા મંડળ, હોસ્પિટલ હોય કે જેમાં શ્રમ કાયદા લાગુ પડતા હોય એવી તમામ સંસ્થાઓમાં શ્રમ કાયદા હેઠળ તપાસ કરવામાં આવે છે. એમનો બીજો પ્રશ્ન છે કે, રાજ્યમાં શ્રમ મુખ્યત્વે લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮, બોનસ ચૂકવણી હોય, અધિનિયમ ૧૯૬૫, ગ્રેજ્યુઇટી ચૂકવણી નિયમ ૧૯૭૨, કોન્ટ્રાક્ટ મજૂર નિયમ અને નાબૂદી હોય, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭, બાળ અને કિશોર પ્રતિબંધ અધિનિયમ ૧૯૮૬, કારખાના ધારા ૧૯૪૮, પશુ સહાયક અધિનિયમ ૧૯૬૧ના કાયદા અમલમાં આવે છે અને શ્રમ તંત્રમાં નાયબ શ્રમ આયુક્ત વર્ગ-૧, મદદનીશ શ્રમ આયુક્ત અધિકારી વર્ગ-૧, સરકારી શ્રમ અધિકારી વર્ગ-૨ તથા નિયામકશ્રી અને ઉદ્યોગ તાલીમ અને વ્યવસ્થા તંત્ર નાયબ અધિકારી વર્ગ-૧, મદદનીશ નિયામક વર્ગ-૨, ઔદ્યોગિક સલામતી અને વ્યવસ્થા અધિકારી વર્ગ-૨ના શ્રમ અધિકારી શ્રમ કાયદાનો અમલ કરાવે છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને હું પ્રશ્ન પૂછવા માગું છું કે શ્રમ તંત્ર દ્વારા શ્રમયોગીઓને શ્રમ કાયદાનું માર્ગદર્શન આપવા માટે શી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે? બીજો પ્રશ્ન, બનાસકાંઠા જિલ્લામાં નિરીક્ષણ તંત્ર દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું એની અંદર કસૂરવાર એકમો સામે કઇ કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે દરેક જિલ્લામાં શ્રમ આયુક્ત તંત્ર હેઠળની કચેરીના અધિકારીઓ દ્વારા રૂબરૂ સંપર્ક સાધીને માર્ગદર્શન આપવામાં આવે છે. શ્રમ આયુક્ત કચેરી દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઇન અને અસરકારક સિસ્ટમ વ્યવસ્થાના ભાગરૂપે કાયદાકીય માર્ગદર્શન, શ્રમયોગી કલ્યાણકારી યોજનાઓની જાણકારી તથા ટેલિફોનિક ફરિયાદ નોંધવા માટે જેવી કે, શ્રમ આયુક્ત કચેરી ગુજરાત રાજ્ય સ્થાપિત મફત હેલ્પ લાઇન ૧૫૫૪૭૨ તારીખ ૨૧-૧૦-૨૦૨૨ ના રોજ કાર્યરત કરવામાં આવી છે અને આ શ્રમ સહાયક હેલ્પ લાઇન ઉપર તા.૨૧-૧૦-૨૦૨૨થી આજ દિન સુધીમાં ૧૩૨૫થી વધારે કોલ મળ્યા છે. છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તા.૧-૨-

૨૦૨૧થી તા.૩૧-૧-૨૦૨૨ દરમ્યાન ૧૫૭ એકમોનું નિરીક્ષણ કરતા શ્રમ કાયદાના ભંગ બદલ ૨૪ કોર્ટ કેસ દાખલ કર્યા છે તથા તા.૧-૨-૨૦૨૨થી તા. ૩૧-૧-૨૦૨૩ દરમ્યાન ૧૪૦ સંસ્થાઓનું નિરીક્ષણ કરતા ૩૨ સંસ્થાઓમાં શ્રમ કાયદાના ભંગ બદલ ૩૨ કોર્ટ કેસ દાખલ કર્યા છે એમ કુલ મળીને ૨૯૭ એકમોનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે અને કુલ ૫૬ કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ કાયદાની અંદર માલિકો તરફથી જે સુધારાઓ થયા એના કારણે શ્રમ કાયદાનો ભંગ કરવામાં જે બીક લાગતી હતી એ બીક ઓછી થઇ ગઇ એના કારણે લઘુત્તમ વેતન ન આપવું, રવિવારની રજા ના આપવી અને બીજી જે જોગવાઇઓ છે એનો સરેઆમ બધી જગ્યાએ ભંગ થઇ રહ્યો છે. ખાસ કરીને મારે આપના મારફત એટલું પૂછવું છે કે, રાજ્ય સરકાર આઉટ સોર્સિંગથી કામગીરી કરાવે છે અને આઉટ સોર્સિંગના કોન્ટ્રાક્ટરો એમને લઘુત્તમ વેતન આપતા નથી. જવાબદારી એમ્પ્લોયરની હોય છે છતાં આપણે એન્શ્યોર કરતા નથી કે લઘુત્તમ વેતન મળે, રજાઓ મળે અને ૮ કલાકની કામગીરી હોય એ એવી વ્યવસ્થા કરે છે કે પગાર...

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એ લઘુત્તમ વેતન જેટલો પગાર એના ખાતામાં જમા કરાવે પછી એનું જે વિડ્રોઅલ માટેનું કાર્ડ હોય એ કાર્ડ પોતાની પાસે રાખીને અડધા પૈસા પોતે ઉપાડી લે છે. આ રાજય વ્યાપી ફરિયાદ છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ પ્રકારે ખૂબ મોટા પાયે જે લઘુત્તમ વેતન નથી મળતું અને આઠ કલાક કરતાં વધારે કામ આપણા વિભાગોમાં કરાવવામાં આવે છે તો એને રોકવા માટેનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બહુ સિનિયર છે. એમણે જેમ કહ્યું એમ સરકાર આજની તારીખમાં બહુ કડક હાથે કામ લે છે. તમે બધાએ જોયું હશે હમણાં જ મેં માહિતી આપી કે આટલા લોકો ઉપર જિલ્લાની અંદર અમે એકશન લીધા છે અને આ પ્રશ્ન માત્ર જિલ્લા પૂરતો અને શ્રમ કાયદાના ભંગ બાબતનો છે. એમણે જે લઘુત્તમ માટેનું કહ્યું છે એ ચોક્કસપણે બીજી નોટિસ આપશે તો હું જવાબ આપીશ.

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે શ્રમ, ઔદ્યોગિક કાયદાઓનો જે ભંગ કરે છે એ ઔદ્યોગિક એકમોની ચકાસણી દરમિયાન કેવા પ્રકારની ક્ષતિઓ ધ્યાને આવે છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે નિભાવવાના થતા પત્રકો નિભાવ્યા ન હોય તો, શ્રમયોગી અને પગાર ચૂકવવામાં વિલંબ કરે તો, લઘુત્તમ વેતન કરતા ઓછો પગાર આપે તો, બાકી પગાર હોય તો, ઓવરટાઇમ અને વેતન ચૂકવવામાં આવેલ ન હોય તો, બોનસ ઓછું ચૂકવે અથવા બોનસ ચૂકવવામાં આવેલ ન હોય તો, શ્રમયોગી કામના કલાક વધુ કરાવે તો, સલામતી અને આરોગ્યનું કલ્યાણ વગેરે બાબતો અંગે તપાસ કરવામાં આવે છે.

**અમરેલી જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

* ૧૩૩૧ **શ્રી હિરાભાઇ સોલંકી** (રાજુલા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ વિકસતી જાતિની કન્યાઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૩૩૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૩૩૬ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૩૭૬.૦૨ લાખ |

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુલ અરજીઓ ૩૩૩૯ આવી છે. આ પૈકી ૩૩૩૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે બાકી ૩ અરજીઓ શાં કારણસર મંજૂર થઇ નથી? અને કુંવરબાઇનું મામેરું યોજનાનો સરળતાથી લોકોને લાભ મળે એના માટે સરકારશ્રીએ કોઇ આયોજન કર્યું છે કે કેમ?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજનાનો સરળતાથી લાભ મળે એના માટે સરકારશ્રી દ્વારા જે પગલાં લેવામાં આવે છે એની વાત કરું તો લાભાર્થી આ યોજનાનો લાભ લેવા માટે કચેરીમાં ગયા વગર જ ઘરેથી ઓન લાઇન અરજી કરીને લાભ મેળવી શકશે. આ યોજનાનો લાભ લેવા અરજદારે અરજી સાથેના ડોકયુમેન્ટને કચેરીમાં અગાઉ જમા કરાવવાના રહેતા હતા તે હવેથી કચેરીમાં જમા કરાવવાના રહેતા નથી. અરજી સાથે અગાઉ અલગ અલગ ૧૩ પ્રકારના ડોકયુમેન્ટસ રજૂ કરવાના થતા હતા, પરંતુ હવે ફકત ચાર જ પ્રકારના ડોકયુમેન્ટ રજૂ કરવાના થાય છે, એમાં ચાર ડોકયુમેન્ટમાં કન્યાનું આધારકાર્ડ, કન્યાના પિતા, વાલીનો કે સક્ષમ અધિકારીનો આવકનો દાખલો, લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર અને કન્યાની બેંકમાં પાસબુક કે એક રદ કરેલા ચેકની નકલ. આ યોજનામાં તાલુકા નિરીક્ષક દ્વારા સ્થળ ચકાસણી

કર્યા બાદ અરજી મંજૂર કરવામાં આવતી હતી. જયારે હવેથી ડોકયુમેન્ટના આધારે અરજી મંજૂર કરવામાં આવે છે. જેથી અરજદારને સમયસર લાભ મળી રહે એ ઉપરાંત પુનર્લગ્નના કિસ્સામાં પણ એકવાર આ સહાય મળવાપાત્ર બને છે અને અરજદારની અરજી મંજૂર થયા પછી ડી.બી.ટી.ના માધ્યમથી ડાયરેકટ લાભાર્થીના ખાતામાં રાજય કક્ષાએથી એને જે સહાય મળવાપાત્ર છે એ સીધી જમા કરવામાં આવે છે અને રૂપિયા ૧૨ હજારની સહાય આપવામાં આવે છે. નામંજૂર અરજીની વાત કરીએ તો ૩ અરજી નામંજૂર કરવામાં આવી છે તેમાં ૨(બે) અરજી આવક મર્યાદાના કારણે અને ૧ અરજી સમય મર્યાદાની બહાર આવી હતી તેના કારણે નામંજૂર કરવામાં આવી છે.

શ્રી જયસુખભાઇ વ. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ એક વર્ષમાં અમરેલી જિલ્લામાં દરેક તાલુકાવાઇઝ કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરી અને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી તાલુકામાં ૭૬૬ અરજીઓ મળી તેમાંથી ૭૬૫ અરજીઓ મંજૂર કરી અને ૮૪.૭૬ લાખની સહાય ચૂકવવામાં આવી. બાબરા તાલુકામાં ૧૨૧ અરજીઓ મળી અને તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૧૩.૧૨ લાખની સહાય ચૂકવવામાં આવી. બગસરા તાલુકાની વાત કરીએ તો ૨૧૫ અરજીઓ મળી તેમાંથી ૨૧૩ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૨૩.૯૬ લાખની સહાય ચૂકવવામાં આવી. તે જ રીતે ધારી તાલુકાની વાત કરીએ તો ૨૭૫ અરજીઓ મળી હતી તે તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૩૧.૧૬ લાખની સહાય ચૂકવવામાં આવી. જાફરાબાદ તાલુકાની વાત કરીએ તો ૫૪૨ અરજીઓ મળી અને તે તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૬૪.૦૪ લાખની સહાય ચૂકવવામાં આવી. ખાંભા તાલુકાની વાત કરીએ તો ૨૨૭ અરજીઓ મળી અને તે તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૨૫.૭૮ લાખની સહાય ચૂકવવામાં આવી. કુકાવાવ વડિયા તાલુકાની વાત કરીએ તો ૧૯૧ અરજીઓ મળી અને તે તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૨૧.૫૨ લાખની સહાય ચૂકવવામાં આવી. લાઠી તાલુકાની વાત કરીએ તો ૨૧૪ અરજીઓ મળી અને તે તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૨૪.૨૪ લાખની સહાય ચૂકવવામાં આવી. લીલીયા તાલુકાની વાત કરીએ તો ૧૨૨ અરજીઓ મળી અને તે તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૧૩.૬૨ લાખની સહાય ચૂકવવામાં આવી. રાજુલા તાલુકાની વાત કરીએ તો ૧૯૦ અરજીઓ મળી અને તે તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૨૦.૮૬ લાખની સહાય ચૂકવવામાં આવી. સાવરકુંડલા તાલુકાની વાત કરીએ તો ૪૭૬ અરજીઓ મળી અને તે તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૫૨.૯૬ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આમ, ૩૩૩૯ અરજીઓ મળી છે તેમાંથી ૩૩૩૬ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમાં રૂપિયા ૩૭૬.૦૨ લાખની સહાય ચૂકવવામાં આવી.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ સહાય આપવાનો મુખ્ય હેતુ શું છે તેમજ આ યોજના કયારથી શરૂ કરવામાં આવી? કુલ કેટલી સહાય આપવામાં આવી તે આગળના પ્રશ્નના જવાબમાં આવી ગયું છે.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વિકસતિ જાતિના વ્યકિતઓની દીકરીઓના લગ્ન પ્રસંગે આર્થિકરૂપે મદદ કરવાના હેતુસર કુંવરબાઇનું મામેરું યોજના અમલમાં છે. આ યોજના વર્ષ ૧૯૯૫ થી કુંવરબાઇના મામેરાના નામે શરૂ કરવામાં આવી અને તા.૧-૪-૨૦૨૧ કે ત્યારબાદ લગ્ન કરનાર કન્યાને આ યોજના હેઠળ રૂપિયા ૧૨ હજારની સહાય ચૂકવવામાં આવે છે. આ સહાય અગાઉ ૧૦ હજાર રૂપિયા ચૂકવવામાં આવતી હતી.

**ગાંધીનગર જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના**

*૧૩૭૮ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૩૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૩૩૪ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૨૧,૫૦,૭૫૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રીશ્રીનો અને માનનીય નાણામંત્રીશ્રીનો પહેલાં તો આભાર માનું કે, રાજ્યના નિરાધાર અને દિવ્યાંગો માટે આ સરકારે આ બજેટમાં ખૂબ મોટી જોગવાઇ કરી છે. આ સરકારે ગુજરાતના ૧૧ લાખ લાભાર્થીઓ માટે રૂપિયા ૧૩૪૦ કરોડની જોગવાઇ કરી છે. સાથે રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના અંતર્ગત

સંત સુરદાસ પેન્શન યોજના માટે રૂપિયા ૫૮ કરોડની જોગવાઈ કરી છે. બૌદ્ધિક અસમર્થતા ધરાવતા મનોદિવ્યાંગ માટે ૫૦ હજાર લાભાર્થીઓ માટે રૂપિયા ૬૦ કરોડની જોગવાઈ કરી છે. આ સરકારે દિવ્યાંગોને સાધન સહાય અને એસ.ટી.માં મફત મુસાફરી માટે પણ રૂપિયા ૫૨ કરોડની જોગવાઈ કરી છે. પાલક માતાપિતા જોગવાઈ અંતર્ગત ૭૩ કરોડની જોગવાઈ કરી છે. દિવ્યાંગ લગ્ન સહાય માટે આ સરકારે રૂપિયા ૭ કરોડની જોગવાઈ કરી છે. આ સરકારે માનવતાના ધોરણે ખૂબ કામ કર્યું. મારે માનનીય મંત્રીશ્રી પાસે એટલું જાણવું છે કે, (અંતરાય) આભાર માનવો પડે કરોડો રૂપિયા ખર્ચીને દિવ્યાંગો, નિરાધાર અને વૃદ્ધ સહાય માટે આ સરકાર આટલું બધું કામ કરતી હોય તો આભાર તો માનવો જ પડે. મારો પ્રશ્ન એટલો જ છે કે આવા લોકોની પાત્રતા શું છે અને, આવા લાભાર્થીને દર મહિને કેટલી સહાય ચૂકવીએ છીએ?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ માનનીય અલ્પેશભાઇનો આભાર માનીશ કે મારા વિભાગ અંતર્ગત જે યોજનાઓ છે એ યોજનાઓ પ્રત્યે તેઓ પણ ખૂબ ચિંતિત છે અને લોકોને જે લાભ મળે છે એ લાભથી માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માન્યો છે ત્યારે હું પણ એમનો આભાર માનું છું. એમણે જ્યારે વાત કરી છે કે, પાત્રતાના ધોરણો શું છે? તો માનનીય અધ્યક્ષશ્રી, સહાય મેળવવાના પાત્રતાના ધોરણો વિશે વાત કરું તો અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોવી જોઇએ, દિવ્યાંગ અરજદારના કિસ્સામાં ઉંમર ૪૫ વર્ષથી વધુ હોવી જોઇએ અને દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી વધારે હોવી જોઇએ, અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂપિયા ૧.૫૦ લાખથી વધુ ના હોવી જોઇએ, અરજદારને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર ના હોવો જોઇએ, અરજદારને પુખ્ત વયનો પુત્ર જો શારીરિક દિવ્યાંગતા અથવા માનસિક અસ્થિરતા ધરાવતો કે કેન્સર, ટી.બી. જેવી ગંભીર માંદગીથી પીડાતો હોય અને તે કમાવા માટે અશક્ત હોય તો તેવા વૃદ્ધો અરજી કરવાપાત્ર બને છે. અરજદાર છેલ્લાં ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં વસવાટ કરતો હોવો જોઇએ. આ યોજનામાં જે સહાય આપવામાં આવે છે એમાં ૬૦થી ૭૯ વર્ષની ઉંમર ધરાવતા લાભાર્થીને માસીક ૧૦૦૦ રૂપિયાની સહાય અને ૮૦ વર્ષ કે તેનાથી વધુ ઉંમરના લાભાર્થીને માસિક રૂપિયા ૧૨૫૦ની સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે યોજના છે દિવ્યાંગો માટે અને વૃદ્ધોને આર્થિક સહાય યોજના તો એમાં દિવ્યાંગો માટે જેનાં માતા-પિતા દિવ્યાંગ હોય અને એનું સંતાન શારીરિક રીતે તંદુરસ્ત હોય તો એને ભણાવા માટે કોઇ જોગવાઇ આપણે કરવા માગીએ છીએ કે નહીં? અને બીજા મારા પ્રશ્નો હતા એમાં પણ મારું એક સૂચન હતું અને એ સૂચન ઉપર મારી એક સલાહ છે કે એનો અમલ થાય તો સારું છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વખતની પ્રશ્નોતરીમાં પણ ભાઇશ્રી ધવલભાઇએ દિવ્યાંગોની ખૂબ ચિંતા કરી હતી અને એમની ચિંતાથી હું પણ ચિંતિત છું અને આવનારા સમયમાં એમણે જે પણ લાગણી વ્યક્ત કરી છે એ લાગણીને સૂચનના રૂપમાં ધ્યાનમાં લઇશું.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દરેક જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ અરજી મંજૂર કરવાની સત્તા કોને છે અને, એ સહાય કેવી રીતે આપવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, અરજી મંજૂર કરવાની સત્તા તાલુકા મામલતદારશ્રીને હોય છે જો અરજી તાલુકા મામલતદારશ્રી દ્વારા નામંજૂર કરવામાં આવી હોય તો અરજદાર પ્રાન્ત અધિકારીશ્રીને ફરી પાછી અપીલ કરી શકે છે. સહાયની ચૂકવણીની વાત કરું તો ડી.બી.ટી.ના માધ્યમથી ડાયરેકટ લાભાર્થીના બેન્ક ખાતામાં રાજય કક્ષાએથી પૈસા જમા કરવામાં આવે છે.

**ગીર સોમનાથ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ બેરોજગારો**

* ૧૪૧૫ **શ્રી વિમલભાઇ ચૂડાસમા** (સોમનાથ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં તાલુકાવાર કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોને રોજગારી અપાઇ ?

**જવાબ**

(૧) આ સાથે સામેલ પત્રક-અ મુજબ.

(૨)

| **છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આપવામાં આવેલ રોજગારી** | |
|---|---|
| **વર્ષ** | **રોજગારી** |
| તા. ૦૧-૦૨-૨૦૨૧ થી ૩૧-૦૧-૨૦૨૨ | ૨૫૯૨ |
| તા. ૦૧-૦૨-૨૦૨૨ થી ૩૧-૦૧-૨૦૨૩ | ૨૭૩૯ |

**પત્રક-અ**

ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે
તારાંકિત પ્રશ્નો

| ગીર સોમનાથ જિલ્લો | | |
|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કુલ** |
| ૧ | વેરાવળ | ૨૨૯૭ |
| ૨ | કોડીનાર | ૯૦૦ |
| ૩ | ઉના | ૧૨૦૯ |
| ૪ | સુત્રાપાડા | ૫૫૪ |
| ૫ | તલાલા | ૩૯૩ |
| ૬ | ગીર ગઢડા | ૨૫૦ |

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નોંધાયેલા બેરોજગારોને બે વર્ષમાં ૫૩૩૧ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે તે પૈકી કેટલાને સરકારી રોજગારી કે નોકરી પૂરી પાડવામાં આવેલ છે? મારો બીજો પ્રશ્ન છે કે, જે ૫૩૩૧ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે તેને કેટલા સમય માટે અને કેટલા પગાર ધોરણે રોજગારી પૂરી પાડવામાં આવી છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું છે ત્યારે મને જણાવતા આનંદ થાય છે કે, ૫૬૦૩ તેની જગ્યાએ ૫૩૩૧ જણને રોજગારી આપી છે. આ જ ગુજરાતની સૌથી મોટી રોજગારી આપવાની એક તાકાત છે. તેમણે જે બીજો પ્રશ્ન પૂછયો છે કે, સરકારી નોકરીઓ કેટલાને આપી છે અને આ પૈકી કેટલી છે તો મારી પાસે વિગતવાર નથી. હું માનનીય સભ્યશ્રીને ટેબલ ઉપર મોકલી આપીશ.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં તા.૩૧-૧-૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા રોજગાર ભરતી મેળાઓ કરવામાં આવ્યા ? અને આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારો અને નોકરીદાતા હાજર રહ્યા અને કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથમાં તા.૩૧-૧-૨૩થી છેલ્લાં બે વર્ષમાં જે રોજગાર મેળાઓ કરવામાં આવ્યા છે, તેમાં અત્યાર સુધીમાં તા.૧-૨-૨૧થી તા.૩૧-૧૨-૨૧ સુધીમાં ભરતી મેળાઓ ૨૯ કરવામાં આવ્યા છે અને ભરતી મેળામાં હાજર રહેલા ઉમેદવારોની જે સંખ્યા હતી તે ૩૩૯૯ હતી. ભરતી મેળામાં રોજગારી મેળવેલા ઉમેદવારોની જે સંખ્યા હતી તે ૨૫૭૮ હતી અને ભરતી મેળામાં હાજર રહેલા નોકરીદાતાઓ એટલે કે જે કંપનીઓ હોય છે તે ૬૯ હતી. બીજા વર્ષે તા.૧-૨-૨૨થી તા.૩૧-૧-૨૩ સુધીમાં ૪૨ મેળાઓ કરવામાં આવ્યા છે અને તેની અંદર ૩૯૨૭ ઉમેદવારો હાજર રહ્યા હતા અને તેની અંદર પણ ૨૭૩૪ ઉમેદવારોને રોજગારી પ્રાપ્ત થઇ હતી અને કુલ મળીને ૮૭ કંપનીઓના લોકો હાજર રહ્યા હતા, એટલે કુલ ૭૧ મેળાઓ થયા છે અને ૭૩૨૬ હાજર રહ્યા તેમાં ૫૩૧૨ને નોકરી મળી છે અને ૧૫૬ કંપનીઓ હાજર રહી હતી.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રોજગાર કચેરીમાં નામ નોંધણી માટે રૂબરૂ જવું ફરજિયાત છે કે તેની ઓન લાઇન વ્યવસ્થા પણ છે? અને જો ઓન લાઇન વ્યવસ્થા હોય તો તેમની કઇ રીતની સુવિધા છે ? મારો બીજો પ્રશ્ન એ છે કે, રોજગાર ભરતી મેળાઓ જે યોજાય છે તેમની કાર્યપદ્ધતિ શું છે ? અને તેમનો ફાયદો શું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર કચેરીમાં નામ નોંધાવવા માટે હવે ઉમેદવારે રૂબરૂ જવાની જરૂર નથી. રાજય સરકારે આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આગેવાનીમાં આજની તારીખની અંદર રાજયમાં પહેલાનાં જમાનાની અંદર રૂબરૂ જવું પડતું હતું આજે રાજયના શ્રમ અને કૌશલ વિકાસ રોજગાર વિભાગ દ્વારા યુવાનોને રોજગારી મળી રહે તથા નોકરીદાતાઓને કુશળ માનવબળ પૂરું પાડી શકે તે માટે અનુબંધન વેબ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે અને આ પોર્ટલ નોકરીદાતા અને રોજગાર વાંચ્છુઓ વચ્ચે એક સેતુની કામગીરી કરે છે અને આ પોર્ટલ ઉપર સુવિધાનો લાભ મેળવવા માટે યુવાનો અને નોકરીદાતાઓએ anubandham.gujarat.gov.in પર નોંધણી કરવાની રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુબંધમ પોર્ટલ એ રાજયના યુવાનોને રોજગારીની સેવા ડિજિટલ મોડલ દ્વારા મળી રહે છે તેમજ નોકરીદાતાઓને કુશળ માનવબળ આપવા માટે વિકસાવવામાં આવ્યું છે. આ પોર્ટલના માધ્યમથી ઉમેદવારો તેમની લાયકાત અને યોગ્યતા મુજબ રોજગારી મેળવી શકે અને નોકરીદાતાઓની ખાલી જગ્યાઓ પર ઉમેદવારોની પસંદગી પણ કરી શકે છે. માનનીય સભ્યશ્રીએ ભરતી મેળા બાબતની વાત કરી છે ત્યારે રાજયના યુવાનોને રોજગારી મળી રહે તે હેતુથી ઉમેદવારો અને ખાનગી નોકરીદાતાઓને એક પ્લેટફોર્મ ઉપર એકત્રિત કરી ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. રોજગાર કચેરી દ્વારા ખાનગી એપ એકમોનો સંપર્ક કરી અને તે લોકોની જગ્યા ભરવામાં આવે છે. ખાલી જગ્યાઓની સંખ્યા વધારે હોવાથી સમયાંતરે ભરતી મેળાઓનું આયોજન એક અથવા એકથી વધારે નોકરીદાતાઓ માટે કરવામાં આવે છે. તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને કલસ્ટર કક્ષાએ એક કરતાં વધારે જિલ્લાઓમાં સંયુક્ત ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે. ભરતી મેળાઓ સામાન્ય રીતે ઔદ્યોગિક વસાહત, શાળા, કૉલેજ કેમ્પસ અને આઇ.ટી. કેમ્પસમાં પણ કરવામાં આવે છે.

તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**વલસાડ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

* ૧૩૬૦ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઇ અને કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને

(૩) મંજૂર થયેલ અરજીઓ પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મળી.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૨૦૫૩ |
| ૨ | પારડી | ૧૦૭૩ |
| ૩ | વાપી | ૯૮૨ |
| ૪ | ધરમપુર | ૭૬૪ |
| ૫ | કપરાડા | ૬૬૪ |
| ૬ | ઉંમરગામ | ૧૪૪૮ |
| | **કુલ** | **૬૯૮૪** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મળેલ અરજીઓ પૈકી મંજૂર અને નામંજૂર થયેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૦૫૩ | ૦ |
| ૨ | પારડી | ૧૦૭૩ | ૦ |
| ૩ | વાપી | ૯૮૨ | ૦ |
| ૪ | ધરમપુર | ૭૬૪ | ૦ |
| ૫ | કપરાડા | ૬૫૦ | ૦ |
| ૬ | ઉંમરગામ | ૧૪૪૮ | ૦ |
| | **કુલ** | **૬૯૭૦** | **૦** |

(૩) મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ. ૧૨૫૦/- ની સહાય મંજૂર કરી.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના ગુજરાતની વિધવા બહેનો માટે ખૂબ અગત્યની છે અને હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજના હેઠળ જે લાભ મેળવવા માગે છે એના માટે અરજદારને કયા-કયા દસ્તાવેજની જરૂર પડે છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવવા માટે જરૂરી દસ્તાવેજોની વાત કરું તો અરજદારની ઉંમરનો કોઇ પણ એક પુરાવો, કુટુંબની આવકનું પ્રમાણપત્ર, રહેઠાણ અંગેનો કોઇ પણ એક પુરાવો, વિધવાએ પુનર્લગ્ન ન કર્યા હોય એ અંગેનું પ્રમાણપત્ર. ઘણી વખત એવું થતું હોય છે કે પુનર્લગ્ન ન કર્યા હોય તો એનું પ્રમાણપત્ર ક્યાંથી મેળવવાનું હોય છે? તો આવા કિસ્સામાં જે તે ચીફ ઓફિસર, મામલતદારશ્રી, તલાટી કે ટી.ડી.ઓ.માંથી કોઇ પણ એકનું પુનર્લગ્ન ન કર્યા હોય એ અંગેનું પ્રમાણપત્ર મળી શકે. આ ઉપરાંત પતિના અવસાનનો દાખલો, અરજદારના આધારકાર્ડની નકલ, બેંક પોસ્ટ ઓફિસના બચત ખાતાની પાસબુકની નકલ અને અરજદારના રેશનકાર્ડની નકલ આ તમામ આધાર-પુરાવા સાથે ફોર્મ ભરી શકાય છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર અભિનંદન આપવા પડે કે વલસાડ જિલ્લો એ ટ્રાયબલ વિસ્તાર છે. એ વિસ્તારમાંથી ૬૯૮૪ અરજીઓ પૈકી ૬૯૭૦ અરજીઓ મંજૂર કરી છે. મારા ઉમરગામ તાલુકાની ૧૪૪૮ અરજીઓ મંજૂર કરી છે. મારો પ્રશ્ન એ છે કે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના ફોર્મ ક્યાંથી મળે છે અને આ ફોર્મ ઓનલાઇન ભરી શકાય છે કે ઓફલાઇન ભરી શકાય છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક સહાય યોજનાનું ફોર્મ દરેક ગ્રામ પંચાયત ખાતે ફોર્મ મળે છે. આ ઉપરાંત દરેક તાલુકા મામલતદારશ્રીની કચેરીએ મળે છે. દરેક પ્રાંત અધિકારીશ્રીની કચેરીએ, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીએ, કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરથી આ ફોર્મ મળે છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકારની વેબસાઇટ ઉપર પણ આ ફોર્મ ઉપલબ્ધ છે. આ અરજીનું ફોર્મ ડિજિટલ ગુજરાત પોર્ટલ

મારફત ગ્રામ્ય કક્ષાએ મળે છે. ગ્રામ્ય કક્ષાએ પંચાયત કચેરી, વી.સી.એ. મારફત, તાલુકા કક્ષાએ મામલતદાર કચેરી ખાતે વિનામૂલ્યે ઓનલાઇન ફોર્મ ભરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : અગાઉના પ્રશ્નના જવાબમાં માહિતી આપી હતી એની કોપીમાંથી પણ મેળવી શકાય છે એવું કહી દો.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : આ ફોર્મ વી.સી.એ. દ્વારા જે ભરે છે એનો જે કાંઇ ખર્ચ થાય છે એ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું જોઉં છું કે માનનીય મંત્રીશ્રી (મહિલા અને બાળ કલ્યાણ) પ્રશ્ન અથવા પેટા પ્રશ્નોનો ખૂબ જ મુદ્દાવાર અને માહિતીસભર જવાબ આપે છે. બધા જ મંત્રીઓ કરતા અલગ રીતે જવાબ આપે છે અને ખરેખર સાચા જવાબ આપે છે. અભિનંદન.

અધ્યક્ષશ્રી : બધા જ મંત્રીઓ સાચા જ જવાબ આપે છે. એમને અભિનંદન આપ્યા એ બદલ તમારો આભાર. મહિલાઓના કામને બિરદાવવું એ ખૂબ સારી બાબત છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ગયો છે એટલે એ રીતે કોંગ્રેસ પાર્ટી તરફથી અભિનંદન આપું છું. પ્રશ્ન એ છે કે ગંગા સ્વરૂપા બહેનોને જે રૂ.૧૨૫૦/-ની સહાય આપવામાં આવે છે તેમાં કોઈ વધારો કરવા માગો છો કે કેમ?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું શ્રી ચાવડા સાહેબનો આભાર માનું છું. અમારા વિભાગના દરેક મંત્રીશ્રીઓ ખૂબ સરસ રીતે સારી તૈયારી સાથે જવાબ આપે છે એમ હું પણ તૈયારી સાથે જવાબ આપવાનો પ્રયત્ન કરું છું. માનનીય સભ્યશ્રીનાં સૂચનને અમે આગળના દિવસોમાં આવકાર્ય રાખીશું.

શ્રી ભરતભાઈ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના સંવેદનશીલ સરકારના વડા આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલને આ ગંગા સ્વરૂપા વિધવા બહેનોને આર્થિક સહાય મેળવવા માટેની મુશ્કેલી દૂર કરવા બદલ ખરેખર અભિનંદન આપવા ઘટે. ૨૧ વર્ષનો પુત્ર હોય તેવા બહેનો સહાય મેળવી શકતા ન હતા. માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે આ શરત દૂર કર્યા પહેલા કેટલા લાભાર્થીઓ હતા અને કેટલી રકમ ચૂકવવામાં આવી અને આ શરત દૂર કર્યા બાદ લાભાર્થીની સંખ્યામાં અને રકમમાં કેટલો વધારો થયો? મારો બીજો પ્રશ્ન એ છે કે આ ૨૧ વર્ષના પુત્રની શરત દૂર કરવાનું કારણ શું?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા બહેનો સમાજમાં પોતાનું જીવન સારી રીતે જીવી શકે તે માટે સરકાર દ્વારા આર્થિક સહાયરૂપે વિધવા સહાય આપવામાં આવે છે, પરંતુ અગાઉ જે વિધવા સહાય આપવામાં આવતી હતી તેના નીતિ-નિયમો અને ધોરણોમાં ફેરફાર કર્યા છે. આ જવાબ ફ્લોર ઉપર આવવો જરૂરી છે એટલે આપની પરવાનગીથી કહીશ કે આ જવાબ થોડો લાંબો પણ થશે. ગંગા સ્વરૂપા બહેનોની સ્થિતિ તથા ૨૧ વર્ષનો પુત્ર નોકરી વ્યવસાયમાં જોડાય, તેના થકી ઘરનું ગુજરાન ચલાવતો થાય ત્યાં સુધી અથવા તો બદલાતા સમાજની તાસીરને જોતા માતાને ક્યારેય એકલું રહેવાનું થાય તો તેવા સંજોગોમાં સરકાર દ્વારા ગંગા સ્વરૂપા બહેનોને અપાતી આર્થિક સહાય બંધ ન થાય તે હેતુથી ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનામાં ૨૧ વર્ષના પુત્રની જે શરત હતી તે દૂર કરવામાં આવી. વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૧૫૫.૬૨ કરોડનો ખર્ચ અને લાભાર્થીની સંખ્યા ૧.૬૪ લાખ હતી. વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૫૨૨.૪૭ કરોડનો ખર્ચ અને લાભાર્થીની સંખ્યા ૩.૭૦ લાખ હતી. વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૧,૨૩૪.૫૪ કરોડનો ખર્ચ અને લાભાર્થીની સંખ્યા ૮.૧૬ લાખ હતી. વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૧,૬૮૪.૬ કરોડનો ખર્ચ અને લાભાર્થીની સંખ્યા ૧૧.૬૦ લાખ હતી. વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧,૯૩૪.૯૨ કરોડનો ખર્ચ અને લાભાર્થીની સંખ્યા વધીને ૧૩.૬૨ લાખ થઈ હતી. આમ, ૮મી માર્ચ, ૨૦૧૯ના સરકારશ્રીના ઠરાવથી ૨૧ વર્ષના પુત્રની શરત દૂર કર્યા બાદ લાભાર્થીની સંખ્યા જે ૧.૬૪ લાખ હતી તેના બદલે ૧૩.૬૨ લાખ થઈ અને સહાય પેટે રૂ.૧,૯૩૪.૯૨ કરોડનો ખર્ચ કરવામાં આવે છે.

**આણંદ જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજના**

*૧૩૬૩ **શ્રી કમલેશભાઇ પટેલ** (પેટલાદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષમાં ૨૫ લાભાર્થીઓને આણંદ જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજનાનો લાભ આપવામાં આવેલ છે. |

\- - - - - - - - -

તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

ડૉ. કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વહાલી દીકરી યોજના હોય, કુંવરબાઇનું મામેરું યોજના હોય, સરસ્વતી સાધના યોજનાની વાત હોય કે ગંગા સ્વરૂપા મહિલાની વાત હોય. મહિલાઓના ભરપૂર આશીર્વાદથી ચાલતી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની ડબલ એન્જિનની સરકારના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, 'મહિલા સ્વાવલંબન યોજના' ક્યારથી શરૂ થઇ?, એનો હેતું શું છે? અને આણંદ જિલ્લામાં 'મહિલા સ્વાવલંબન યોજના'ના લાભાર્થીઓની સંખ્યા કેટલી છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, 'મહિલા સ્વાવલંબન યોજના'નો મુખ્ય હેતુ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો, ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની જરૂરિયાતમંદ મહિલાઓને સ્વરોજગારી માટે બેંક દ્વારા અપાયેલ લોન સામે સરકારશ્રી દ્વારા સબસિડી આપીને પગભર બનાવવાનો છે તેમજ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૫-૦૧-૧૯૯૬ના ઠરાવથી 'ઘર દીવડા બેંકેબલ યોજના' અમલમાં મૂકવામાં આવી હતી. મહિલા અને બાળવિકાસ વિભાગના તા.૧૩-૦૧-૨૦૨૦ના ઠરાવથી આ યોજનાનું નામ 'ઘર દીવડા બેંકેબલ યોજના'ને બદલે 'મહિલા સ્વાવલંબન યોજના' રાખવામાં આવેલ છે. આ યોજનામાં ૩૦૭ પ્રકારના અલગ-અલગ વ્યવસાયો માટે રૂ.૨ લાખ સુધીની લોન રાષ્ટ્રીયકૃત બેંક કે સહકારી બેંક દ્વારા આપવામાં આવે છે. લોન સામે જે પ્રોજેક્ટ કોસ્ટ છે એ ૧૫ ટકા અથવા રૂપિયા ૩૦ હજાર બેમાંથી જે ઓછું હોય તેટલી સહાય ચૂકવવામાં આવે છે. મહિલા સ્વાવલંબન યોજનાનો લાભ મેળવવા માટે શહેરી વિસ્તારની મહિલાઓ માટે રૂ.૧ લાખ ૫૦ હજારની આવકમર્યાદા છે અને ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ માટે રૂ.૧ લાખ ૨૦ હજાર સુધીની આવક-મર્યાદા છે. આ યોજનાનો લાભ ૨૧થી ૫૦ વર્ષની કોઇપણ મહિલાઓ લઇ શકે છે. એમાં તાલુકાવાર જિલ્લાની યાદીની વાત કરું તો, આણંદમાં ૧૯ લાભાર્થીઓને રૂ.૪,૬૬,૮૦૦ની સહાય ચૂકવવામાં આવી, બોરસદમાં રૂ.૩ લાભાર્થીઓને રૂ.૩૫,૮૦૦ની સહાય ચૂકવવામાં આવી, પેટલાદમાં બે અરજી મળી એમાં રૂ. ૫૧,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી, આંકલાવમાં એક અરજી મળી એમાં રૂ.૧૫,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવી. આમ, કુલ ૨૫ અરજીઓ દીઠ ૨૫ લાભાર્થીઓને રૂ.૫,૬૮,૬૦૦/-ની સહાય ચૂકવવામાં આવી.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહિલા સ્વાવલંબન યોજનાનો લાભ લેવાની પદ્ધતિ શું છે? અને આ યોજના અંતર્ગત કેટલી સહાય મળે છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાકક્ષાએ આ યોજનાનો અમલ મહિલા કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરી હસ્તક મહિલા અને બાળ વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવે છે. મહિલા સ્વાવલંબન યોજનાનું અરજી ફોર્મ અરજદારને મહિલા અને બાળ વિકાસ અધિકારી વર્ગ-૧ની કચેરીમાંથી બે નકલમાં મળે છે. એ જ રીતે, જે આધાર-પુરાવા નક્કી કરેલા છે એનું લિસ્ટ ખૂબ મોટું છે પરંતુ, જે આધાર-પુરાવા માગ્યા હોય એ બે નકલમાં રજૂ કરવાના રહેતા હોય છે.

**સુરત જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના**

* ૧૩૧૮ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં સુરત જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૫૭૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૪૭૩ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૧,૬૦,૨૧,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૮ |

--------- શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર છેવાડાના નાગરિકની સતત ચિંતા કરતી આવતી હોય છે ત્યારે વૃદ્ધાવસ્થામાં પણ વ્યકિતની ચિંતા અમારી સરકાર કરતી આવી છે. વૃદ્ધાવસ્થામાં એને કોઇપણ પ્રકારની તકલીફનો સામનો કરવો ન પડે એટલા માટે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના કયારે અમલમાં આવી? અને આ યોજનાનો હેતુ શું છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા:માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર એટલે છેવાડાના અંતિમ પગથિયે બેઠેલો જે વ્યકિત છે, એ અમારું પ્રથમ લક્ષ્ય છે. એટલે જ આજે અમે ૧૮૨માંથી ૧૫૬ આવ્યા છીએ. લોકોના ઘર સુધી તથા જન-જન સુધી પહોંચી, સરકારશ્રીની જે કંઇ યોજનાઓ છે એનો લાભ લોકો સુધી પહોંચે એના માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર સતત પ્રયત્નશીલ છે ત્યારે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના કયારથી અમલમાં આવી એની વાત કરું તો, ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા તા.૧૫મી ઓગસ્ટ ૧૯૯૫ના રોજ કરેલ જાહેરાત મુજબ રાષ્ટ્રીય સામાજિક કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અમલમાં મૂકવામાં આવી. ગુજરાત સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૨૫-

૦૯-૧૯૯૫ના ઠરાવથી રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના ગુજરાત રાજ્યમાં અમલમાં મૂકવામાં આવી. આ યોજનાના હેતુ વિશે વાત કરીએ તો, આ યોજનાના લક્ષ્ય સ્થાને જે નિરાધાર વ્યકિત છે, જેને પોતાની આવકનાં સાધનમાંથી અથવા પરિવારના સભ્યોની સહાયમાંથી અથવા અન્ય કોઇ આવકના સ્ત્રોત કે કોઇ આજીવિકા પ્રાપ્ત થઇ શકતી નથી તેવા વૃદ્ધોને નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાનો મુખ્ય હેતુ વૃદ્ધ વ્યકિતઓને આર્થિક સહાય અને સલામતી પૂરી પાડવાનો છે.

**મહેસાણા જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યકિતઓને આર્થિક સહાય**

* ૧૩૭૯ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં મહેસાણા જિલ્લામાં બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૭૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૦૭૧ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૬૬૯૩૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

- - - - - - - - -

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર અતિ સંવેદનશીલ છે અને વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં દિવ્યાંગો માટેની ઘણી સારી જોગવાઇ કરી છે. એ માટે હું ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇને હ્રદયપૂર્વક અભિનંદન પાઠવું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બૌદ્ધિક અસમર્થતા ધરાવતા એટલે કે મનોદિવ્યાંગ વ્યકિતને આર્થિક સહાય આપવાની યોજના કયારે અમલમાં આવી? અને આ યોજનાનો હેતુ શું છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, બૌદ્ધિક અસમર્થતા ધરાવતા એટલે કે મનોદિવ્યાંગ વ્યકિતને આર્થિક સહાય આપવાની યોજના વિશે વાત કરું તો, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૧૮-૭-૨૦૨૦ના ઠરાવથી યોજના અમલમાં મૂકવામાં આવેલી અને આ યોજના પાછળનો મુખ્ય હેતુ માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને કે જે પોતાની રોજબરોજની પ્રવૃત્તિઓ સ્વતંત્ર રીતે કરી શકતા નથી તેમને માસિક સહાય પૂરી પાડી અને એ પ્રકારે તેમની જે સારસંભાળ રાખે છે તેમને એની પાછળ જે ખર્ચ થાય છે તે ખર્ચમાં રાહત આપવા માટે આ યોજના અમલમાં મૂકવામાં આવેલી છે.

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે મહેસાણા જિલ્લામાં બૌદ્ધિક અસમર્થતા ધરાવતા મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજનામાં તા.૧-૧-૨૦૨૨થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધી તાલુકાવાર કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી અને કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ તાલુકાવાર યાદી માગી છે ત્યારે બેચરાજીની વાત કરું તો ૭૬ અરજીઓ મળી. એ તમામ મંજૂર કરવામાં આવી. રૂપિયા ૫,૩૯,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી. જોટાણામાં ૩૨ અરજીઓ મળી. ૩૨ મંજૂર કરવામાં આવી. રૂપિયા ૨,૧૧,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી. કડીમાં ૭૯ અરજીઓ મળી. તમામ મંજૂર કરવામાં આવી. રૂપિયા ૪,૫૬,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી. ખેરાલુમાં ૫૨ અરજીઓ મળી. ૫૨ મંજૂર કરવામાં આવી. રૂપિયા ૨,૯૪,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી. મહેસાણામાં ૨૮૭ અરજીઓ મળી. તમામ મંજૂર કરવામાં આવી. રૂપિયા ૧૮,૫૬,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી. સતલાસણામાં ૭૦ અરજીઓ મળી. તમામ મંજૂર કરવામાં આવી. રૂપિયા ૪,૨૫,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી. ઊંઝામાં...

શ્રી શૈલેષ મ. પરમાર (બેઠાં બેઠાં) : માનનીય મંત્રીશ્રી, ટેબલ પર મૂકી દો. વાંચો નહીં.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, વચ્ચેથી ટોક ટોક નહીં કરીએ. બેઠા બેઠા કોમેન્ટ નહીં કરીએ. માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે. તમારા ડો. સી.જે. ચાવડાજીએ જે રીતે અભિનંદન આપ્યા એ રીતે અભિનંદન આપવા હોય તો ઊભા થઇને કહી શકો, પણ તમે વચ્ચે ટોકી નહીં શકો. માનનીય મંત્રીશ્રી, આપ આપનો જવાબ ચાલુ રાખો. ત્યાં આગળ ધ્યાન આપશો નહીં.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઊંઝામાં ૯૩ અરજીઓ મળી. ૯૩ મંજૂર કરવામાં આવી. રૂપિયા ૫,૪૫,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી. વડનગરની વાત કરું તો ૯૯ અરજી મળી. ૯૯ મંજૂર કરવામાં આવી. રૂપિયા ૫,૪૭,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી. વિજાપુરમાં ૧૨૬ અરજીઓ મળી. તમામ મંજૂર કરવામાં આવી. રૂપિયા

૮,૧૧,૦૦૦ની સહાય મંજૂર કરવામાં આવી. વીસનગરમાં ૧૫૭ અરજીઓ મળી. તમામ મંજૂર કરવામાં આવી. રૂપિયા ૧૦,૦૯,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી. આમ ૧૦૭૧ અરજીઓ મળી. તમામ મંજૂર કરવામાં આવી અને રૂપિયા ૬૬,૯૩,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ મનોદિવ્યાંગ વ્યક્તિઓ હોય એમને સમાજની સેવા કરતા ટ્રસ્ટો આવી સંસ્થાઓ ચલાવે છે, તો એમને વ્યક્તિદીઠ કેટલી સહાય સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવે છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : અત્યારે મારી પાસે લિસ્ટ નથી, પરંતુ હું સભ્યશ્રીને ટેબલ પર પહોંચાડી દઇશ.

**અમરેલી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

* ૧૩૫૬ **શ્રી જનકભાઈ તળાવિયા** (લાઠી) :**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૩) મંજૂર થયેલ અરજીઓ પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મળી.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૬૭૯ |
| ૨ | રાજુલા | ૪૯૦ |
| ૩ | જાફરાબાદ | ૪૯૯ |
| ૪ | ધારી | ૩૭૮ |
| ૫ | બગસરા | ૧૨૪ |
| ૬ | લાઠી | ૩૫૫ |
| ૭ | ખાંભા | ૨૬૩ |
| ૮ | સાવરકુંડલા | ૬૭૮ |
| ૯ | લીલીયા | ૧૬૭ |
| ૧૦ | વડીયા | ૩૦૯ |
| ૧૧ | બાબરા | ૫૬૭ |
| | **કુલ** | **૪૫૦૯** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મળેલ અરજીઓ પૈકી મંજૂર અને નામંજૂર થયેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૬૬૩ | ૧૫ |
| ૨ | રાજુલા | ૪૫૭ | ૩૩ |
| ૩ | જાફરાબાદ | ૪૮૯ | ૧ |
| ૪ | ધારી | ૩૩૨ | ૨૬ |
| ૫ | બગસરા | ૮૯ | ૧૪ |
| ૬ | લાઠી | ૩૫૨ | ૩ |
| ૭ | ખાંભા | ૧૯૬ | ૫૯ |
| ૮ | સાવરકુંડલા | ૪૬૩ | ૭૦ |
| ૯ | લીલીયા | ૧૪૬ | ૮ |
| ૧૦ | વડીયા | ૧૮૭ | ૧૦૮ |
| ૧૧ | બાબરા | ૪૭૮ | ૪૭ |
| | **કુલ** | **૩૮૫૨** | **૩૮૪** |

(૩) મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી.

શ્રી જનકભાઇ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓને રાજય સરકાર દ્વારા વીમા કવચ પૂરું પાડવામાં આવે છે કે કેમ?

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગંગા સ્વરૂપા આર્થિક સહાય મેળવતા લાભાર્થીનું અકસ્માતે મૃત્યુ થાય તો સરકારશ્રીની ગુજરાત અકસ્માત વીમા યોજના અંતર્ગત વારસદારને એક લાખની સહાય મળવાપાત્ર છે. અને તમામ ગંગા સ્વરૂપા બહેનોને વિનામૂલ્યે વીમાનું કવચ પૂરું પાડવામાં આવે છે અને તેના પ્રીમિયમની રકમ પણ સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે.

**તાપી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

*૧૨૯૦ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૩) મંજૂર થયેલ અરજીઓ પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મળી.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વ્યારા | ૬૨૧ |
| ૨ | ડોલવણ | ૩૩૮ |
| ૩ | વાલોડ | ૪૯૯ |
| ૪ | સોનગઢ | ૧૨૨૪ |
| ૫ | ઉચ્છલ | ૩૧૧ |
| ૬ | નિઝર | ૨૭૬ |
| ૭ | કુકરમુંડા | ૨૨૦ |
| | **કુલ** | **૩૪૮૯** |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મળેલ અરજીઓ પૈકી મંજૂર અને નામંજૂર થયેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | વ્યારા | ૬૨૧ | ૦ |
| ૨ | ડોલવણ | ૩૩૪ | ૦ |
| ૩ | વાલોડ | ૪૭૦ | ૨૯ |
| ૪ | સોનગઢ | ૧૨૨૪ | ૦ |
| ૫ | ઉચ્છલ | ૩૧૧ | ૦ |
| ૬ | નિઝર | ૨૬૭ | ૯ |
| ૭ | કુકરમુંડા | ૨૧૯ | ૧ |
| | **કુલ** | **૩૪૪૬** | **૩૯** |

(૩) મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી.

- - - - - - - - -

ડો. જયરામભાઇ એ. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તાપી જિલ્લામાં ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨ દરમ્યાન માસવાર કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે અને તેના માટે કુલ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ તાપી જિલ્લાની ગંગા સ્વરૂપા બહેનોની વર્ષ ૨૦૨૨ની માસવાર કેટલી સહાય ચૂકવવામાં આવી તેની યાદી માગી છે તો માનનીય સભ્યશ્રીને જણાવું કે જાન્યુઆરી મહિનામાં ૨૦૬૦૮ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ.૨.૬૨ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. એ જ રીતે ફેબ્રુઆરી મહિનામાં ૨૦૭૩૬ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ.૨.૬૨ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. માર્ચ મહિનાની વાત

કરું તો ૨૦૯૩૧ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ. ૨.૯૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. એ જ રીતે એપ્રિલ મહિનાની વાત કરું તો ૨૧૭૯૯ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ.૨.૯૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. એ જ રીતે મે મહિનાની વાત કરું તો ૨૧૯૯૮ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ.૨.૮૨ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. જૂન મહિનાની વાત કરું તો ૨૨૧૪૮ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ.૨.૮૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. જુલાઈ મહિનાની વાત કરું તો ૨૨૪૧૮ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ. ૨.૮૭ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ઓગસ્ટ મહિનાની વાત કરું તો ૨૨૮૬૩ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ.૨.૯૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. સપ્ટેમ્બર મહિનાની વાત કરું તો ૨૨૯૧૮ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ.૨.૮૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ઓકટોબર મહિનાની વાત કરું તો ૨૨૬૬૮ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ.૨.૮૩ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. નવેમ્બર મહિનાની વાત કરું તો ૨૨૯૪૩ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ.૨.૯૧ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. એ જ રીતે ડિસેમ્બર મહિનાની વાત કરું તો ૨૩૩૦૪ લાભાર્થીઓની સંખ્યા હતી અને એમાં રૂ.૩.૧૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આમ, કુલ રૂપિયા ૩૪.૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

**રાજકોટ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

*૧૩૮૦ **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં રાજકોટ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૦૩ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ.૫૧૫૦૦૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦ |

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૨૨ જાન્યુઆરીથી ડિસેમ્બર દરમ્યાન રાજકોટ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તે પૈકી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ગીર સોમનાથ જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં થયેલ પ્રાણઘાતક અકસ્માત**

૧૨૯૩ **શ્રી કાળુભાઇ રાઠોડ** (ઉના) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | (૧) શૂન્ય. |
| (૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતોના સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) (૧) કારખાનાઓમાં, કારખાના અધિનિયમ, ૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો, ૧૯૬૩ મુજબ નિરિક્ષણ કરવામાં આવેલ છે.<br>(૨) નિરીક્ષણ દરમ્યાન સદરહુ કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૩) શ્રમયોગીઓ તથા કબ્જેદારોમાં ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા સેફ્ટી સેમિનારોનું આયોજન કરેલ છે. |

- - - - - - - - -

**રાજ્યમાં સી-પ્લેન શરૂ કરવા બાબત**

૧૩૪૮ **શ્રી દિનેશસિંહ કુશવાહ** (બાપુનગર) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકાર દ્વારા સી-પ્લેન પુનઃ શરૂ કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે શરૂ કરવામાં આવશે, અને | (૨) નિયમાનુસાર કાર્યવાહી હાથ ધર્યા બાદ સેવા પુનઃ શરૂ કરવામાં આવશે. |
| (૩) આ સી-પ્લેનનો રૂટ અગાઉ શરૂ કરેલ રૂટ ઉપર જ ચાલુ રહેશે કે કેમ ? | (૩) હા, જી. |

**દાહોદ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના**

૧૨૮૬ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં દાહોદ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૬૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૬૯ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૨૭૬૩૦૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦૦ |

\- - - - - - - - -

**રાજ્યમાં સી-પ્લેન શરૂ કરવા બાબત**

૧૩૫૦ **શ્રી હર્ષદભાઈ પટેલ** (સાબરમતી) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકાર દ્વારા સી-પ્લેન પુનઃ શરૂ કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારથી શરૂ કરવાનું આયોજન છે, અને | (૨) નિયમાનુસાર કાર્યવાહી હાથ ધર્યા બાદ સેવા પુનઃ શરૂ કરવામાં આવશે. |
| (૩) આ સી-પ્લેનનો રૂટ અગાઉ શરૂ કરેલ રૂટ ઉપર જ ચાલુ રહેશે કે કેમ? | (૩) હા, જી. |

\- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના**

૧૩૮૨ **શ્રી મહેન્દ્રભાઈ ભાભોર** (ગરબાડા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

| અ. નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી | તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ફતેપુરા | ૭૦૫ | ૪૧૪ | ૧૧૧૯ |
| ૨ | ઝાલોદ | ૮૪૫ | ૨૯૫ | ૧૧૪૦ |
| ૩ | લીમખેડા | ૩૯૦ | ૨૪૧ | ૬૩૧ |
| ૪ | દાહોદ | ૯૯૧ | ૩૨૯ | ૧૩૨૦ |
| ૫ | ગરબાડા | ૩૯૬ | ૨૮૬ | ૬૮૨ |
| ૬ | દેવગઢબારીયા | ૪૧૦ | ૧૪૦ | ૫૫૦ |
| ૭ | ધાનપુર | ૩૭૦ | ૧૯૩ | ૫૬૩ |
| ૮ | સંજેલી | ૩૯૨ | ૨૧૪ | ૬૦૬ |
| ૯ | સીંગવડ | ૩૧૭ | ૨૧૪ | ૫૩૧ |
| | **કુલ** | **૪૮૧૬** | **૨૩૨૬** | **૭૧૪૨** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી,

| અ. નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી | તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ફતેપુરા | ૨૮૧ | ૨૨૧ | ૫૦૨ |
| ૨ | ઝાલોદ | ૩૩૭ | ૧૫૮ | ૪૯૫ |
| ૩ | લીમખેડા | ૧૬૯ | ૮૧ | ૨૫૦ |
| ૪ | દાહોદ | ૪૭૦ | ૨૦૦ | ૬૭૦ |
| ૫ | ગરબાડા | ૧૫૫ | ૧૬૭ | ૩૨૨ |
| ૬ | દેવગઢબારીયા | ૧૭૪ | ૭૧ | ૨૪૫ |
| ૭ | ધાનપુર | ૧૧૧ | ૯૪ | ૨૦૫ |
| ૮ | સંજેલી | ૧૧૦ | ૧૦૩ | ૨૧૩ |
| ૯ | સીંગવડ | ૧૧૧ | ૯૦ | ૨૦૧ |
| | **કુલ** | **૧૯૧૮** | **૧૧૮૫** | **૩૧૦૩** |

(૩) તે અન્વયે કયા પ્રકારની ટૂલકીટ આપવામાં આવી ?

(૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે.

**જોડાણ-૧**

| **મંજૂર કરેલ ટૂલકીટ** | |
|---|---|
| ૧ | કડીયાકામ |
| ૨ | સેન્ટીંગકામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રિક એપ્લાયન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી / વેલ્ડીંગકામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર |
| ૧૬ | દૂધ-દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણાં બનાવટ |
| ૨૦ | ગરમ / ઠંડા પીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂની દીવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં પ્રિ.-મેટ્રિક શિષ્યવૃત્તિ સહાય યોજના**

૧૩૩૯ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રિ.-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨,૧૯,૭૫૭ |
| (૨) મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨,૧૯,૭૫૭ |
| (૩)કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂ.૧૬,૧૩,૪૭,૪૫૦/- |

**બનાસકાંઠા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમો માટે વ્યાજ સહાય**

૧૩૫૩ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (એમ.એસ.એમ.ઈ.) એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૯૭ અરજીઓ. |
| (૨) આ સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૫૪ એકમોને રૂ. ૪૧૧.૧૪ લાખની સહાય. |

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં ગણવેશ સહાય**

૧૩૮૬ **શ્રી લક્ષ્મણજી ઠાકોર** (કલોલ) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) ૮૧,૨૩૯ |
| (૨) મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૧,૨૩૯ |
| (૩) કુલ કેટલી ગણવેશ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૭,૧૮,૯૭,૭૦૦/- |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં પાલક માતા-પિતા યોજના**

૧૩૧૭ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં ભાવનગર જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૧૧ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૧૮૯૩૦૦૦ |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) ૦૦ |

- - - - - - - - -

તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ**

૧૨૯૮ **શ્રી મેઘજીભાઈ ચાવડા** (કાલાવડ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોના શોષણ, અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો મળી, અને | (૧) ૧૭ |
| (૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨)<br>• ૦૩ ફરિયાદમાં ૩૭ કામદારને પગાર તફાવતના રૂ.૮૪,૭૬૬/- નું ચૂકવણું કરવામાં આવેલ છે.<br>• ૦૫ ફરિયાદોની વિષય વસ્તુ કેન્દ્ર સરકારશ્રીના કાર્યક્ષેત્રનો હોઈ તેઓને તબદ્દીલ કરવામાં આવેલ છે.<br>• ૦૪ ફરિયાદો પૈકી ૦૩ ફરિયાદોમાં ઔદ્યોગિક એકમોમાં કાયદાનું પાલન કરાવવામાં આવેલ છે. અને ૦૧ ફરિયાદમાં લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ તથા કોન્ટ્રાક્ટ લેબર એક્ટના ભંગ બદલ કુલ ૦૪ ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૫ ફરિયાદ હેઠળના કારખાનામાં કોઈ ક્ષતિ ન જણાતાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. |

---------

**નર્મદા જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં થયેલ પ્રાણઘાતક અકસ્માત**

૧૨૯૪ **ડૉ. દર્શના દેશમુખ** (નાંદોદ) :**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | (૧) શૂન્ય. |
| (૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતોના સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) (૧) કારખાનાઓમાં, કારખાના અધિનિયમ, ૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો, ૧૯૬૩ મુજબ નિરીક્ષણ કરવામાં આવેલ છે.<br>(૨) નિરીક્ષણ દરમ્યાન સદરહુ કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૩) શ્રમયોગીઓ તથા કબ્જેદારોમાં ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા સેફ્ટી સેમિનારોનું આયોજન કરેલ છે. |

---------

**મહેસાણા જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય**

૧૩૧૫ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં મહેસાણા જિલ્લામાં બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય | (૧) ૧૦૭૧ |

આપવાની યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, (૨) ૧૦૭૧

(૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને (૩) રૂ. ૬૬૯૩૦૦૦

(૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે? (૪) ૦

---------

**અમદાવાદ જિલ્લાનાં આંગણવાડી કેન્દ્રોમાં વીજ જોડાણ**

૧૩૫૪ **પાયલ કુકરાની**(નરોડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે, | (૧) ૧૫૦૦ આંગણવાડી કેન્દ્રો. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આંગણવાડી કેન્દ્રમાં વીજ-જોડાણ આપવામાં આવેલ છે, અને | (૨) અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તમામ આંગણવાડી કેન્દ્રો વીજ કનેક્શન ધરાવતા હતા, આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેતા આંગણવાડી કેન્દ્રમાં વીજ-જોડાણ ક્યારે આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**તાપી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

૧૨૮૯ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મળી.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વ્યારા | ૬૨૧ |
| ૨ | ડોલવણ | ૩૩૮ |
| ૩ | વાલોડ | ૪૯૯ |
| ૪ | સોનગઢ | ૧૨૨૪ |
| ૫ | ઉચ્છલ | ૩૧૧ |
| ૬ | નિઝર | ૨૭૬ |
| ૬ | જામજોધપુર | ૧૫૩ |

**દેવભૂમિ દ્વારકા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | દ્વારકા | ૧૪૮ |
| ૨ | કલ્યાણપુર | ૨૦૧ |
| ૩ | ખંભાળીયા | ૨૦૭ |
| ૪ | ભાણવડ | ૧૩૫ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૨) **જામનગર જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | જામનગર | ૧૭૩ |
| ૨ | ધ્રોલ | ૮૦ |
| ૩ | જોડિયા | ૬૮ |
| ૪ | કાલાવડ | ૧૩૮ |
| ૫ | લાલપુર | ૧૨૧ |
| ૬ | જામજોધપુર | ૧૦૩ |

**દેવભૂમિ દ્વારકા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | દ્વારકા | ૧૧૩ |
| ૨ | કલ્યાણપુર | ૧૪૪ |
| ૩ | ખંભાળીયા | ૧૭૯ |
| ૪ | ભાણવડ | ૧૧૩ |

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | ભાડાના કે અન્ય મકાનમાં ચાલતા આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | જામનગર | ૨૦૫ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૧૪૨ |

(૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને મકાન આપવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યાં?

(૪) આંગણવાડી બાંધકામ માટે જમીન મળ્યેથી વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત બાંધકામ માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

---------

**અમદાવાદ અને સુરત શહેર/જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં આગ લાગવા/બ્લાસ્ટની ઘટનાઓ**

૯૯૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરત શહેર/જિલ્લામાં કેટલા ઔદ્યોગિક એકમોમાં આગ લાગવા/બ્લાસ્ટ થવાની

**જવાબ**

(૧)

| શહેર/જિલ્લો | વર્ષ | ઔદ્યોગિક એકમો |
|---|---|---|

ઘટનાઓ બની,

| | | |
|---|---|---|
| અમદાવાદ શહેર / જિલ્લો | ૨૦૨૧ | ૧૬ |
| | ૨૦૨૨ | ૧૧ |
| સુરત શહેર / જિલ્લો | ૨૦૨૧ | ૩૩ |
| | ૨૦૨૨ | ૩૨ |
| | **કુલ** | **૯૨** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર / જિલ્લાવાર કેટલા મૃત્યુ નોંધાયા અને કેટલા ઈજાગ્રસ્ત થયા, અને

(૨)

| શહેર / જિલ્લો | વર્ષ | મૃત્યુ | ઈજાગ્રસ્ત |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૨૧ | ૦૬ | ૦૩ |
| શહેર / જિલ્લો | ૨૦૨૨ | ૦૪ | ૦૩ |
| સુરત | ૨૦૨૧ | ૦૯ | ૦૫ |
| શહેર / જિલ્લો | ૨૦૨૨ | ૧૦ | ૨૮ |

(૩) મૃતકના વારસદારો અને ઈજાગ્રસ્તોને કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ક્યારે ચૂકવવામાં આવી ?

(૩) ઔદ્યોગિક અકસ્માતોના કિસ્સામાં સરકારશ્રી દ્વારા કોઈ સહાય ચૂકવવામાં આવતી નથી.

- - - - - - - - -

**પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીઝ એક્ટ, ૧૯૮૯ અંતર્ગત કંટીજન્સી પ્લાન**

૧૧૧૮ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીઝ એક્ટ, ૧૯૮૯ના રાજ્યવ્યાપી અમલીકરણ માટે સરકારશ્રી દ્વારા એક્ટ અંતર્ગત બનાવેલ નિયમોમાં ઠરાવ્યા મુજબ ''કંટીજન્સી પ્લાન'' તૈયાર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો સરકારશ્રી દ્વારા એક્ટ અંતર્ગત શું પ્લાન તૈયાર કરવામાં આવેલ છે ?

(૨) સરકારશ્રીના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૮-૦૩-૧૯૯૮ના ઠરાવ ક્રમાંકઃ હસલ / ૩૧૯૭ / ૩૭૬૪ / હ થી ''કંટીજન્સી પ્લાન'' તૈયાર કરવામાં આવેલ છે. જેની વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**આણંદ અને ખેડા જિલ્લામાં જી.આઈ.ડી.સી**

૧૪૧૦ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા તાલુકામાં જી.આઈ.ડી.સી. સ્થાપવામાં આવેલ છે અને કેટલા તાલુકામાં નથી,

(૧)

| જિલ્લાનું નામ | વસાહત સ્થાપવામાં આવેલ તાલુકાની સંખ્યા | વસાહત સ્થપાયેલ નથી તેવા તાલુકાની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | ૯ | ૧ |
| અમરેલી | ૬ | ૫ |
| આણંદ | ૭ | ૧ |
| અરવલ્લી | ૩ | ૩ |
| બનાસકાંઠા | ૬ | ૮ |
| બોટાદ | ૨ | ૨ |
| ભરૂચ | ૭ | ૨ |
| ભાવનગર | ૫ | ૫ |
| છોટા ઉદેપુર | ૩ | ૩ |
| દાહોદ | ૩ | ૬ |
| ડાંગ | ૦ | ૩ |
| દેવભૂમી દ્વારકા | ૪ | ૦ |
| ગાંધીનગર | ૪ | ૦ |

| | | |
|---|---|---|
| ગીર સોમનાથ | ૨ | ૪ |
| જામનગર | ૩ | ૩ |
| જૂનાગઢ | ૩ | ૭ |
| ખેડા | ૪ | ૬ |
| કચ્છ | ૮ | ૨ |
| મહિસાગર | ૧ | ૫ |
| મહેસાણા | ૬ | ૪ |
| મોરબી | ૫ | ૦ |
| નર્મદા | ૪ | ૧ |
| નવસારી | ૩ | ૩ |
| પંચમહાલ | ૫ | ૨ |
| પાટણ | ૬ | ૩ |
| પોરબંદર | ૨ | ૧ |
| રાજકોટ | ૯ | ૨ |
| સાબરકાંઠા | ૩ | ૫ |
| સુરત | ૪ | ૬ |
| સુરેન્દ્રનગર | ૮ | ૨ |
| તાપી | ૩ | ૪ |
| વડોદરા | ૪ | ૪ |
| વલસાડ | ૫ | ૧ |

(૨) ઉક્ત સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જે તાલુકાઓમાં જી.આઇ.ડી.સી. નથી, ત્યાં શરૂ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો કયા તાલુકામાં અને ક્યારે જી.આઇ.ડી.સી. શરૂ કરવામાં આવશે ?

(૨) અને (૩)

દરેક તાલુકા કક્ષાએ જી.આઇ.ડી.સી. બનાવવાનું હાલમાં કોઈ આયોજન નથી. ઔદ્યોગિક વસાહતની સ્થાપનાથી આર્થિક પ્રવૃત્તિને વેગ મળે તે ઉમદા આશયથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓના વિસ્તારમાં નવી ઔદ્યોગિક વસાહત વિકસાવવા/સ્થાપવા માટે નજીકના શહેરથી સૂચિત જગ્યાનું અંતર, ટ્રાન્સપોર્ટ ફેસીલીટીની સગવડ, અંડર ગ્રાઉન્ડ કે ઓવરહેડ વિજ લાઇનની અને ઈલેક્ટ્રીક સબ સ્ટેશન તથા તેની ક્ષમતાની સુવિધા, નેશનલ/સ્ટેટ હાઈવે અથવા બ્રોડગેજ રેલવે લાઈનથી અંતર તથા સુચિત જગ્યાને હયાત રોડથી મળતો એપ્રોચની સગવડ, ઔદ્યોગિક એકમ માટે જરૂરી પૂરતા પ્રમાણમાં પાણીની સગવડ વગેરે પરિબળો ધ્યાને લઈ, એક જથ્થે ઉપલબ્ધ સરકારી જમીનની માહિતી જી.આઇ.ડી.સી. ની ક્ષેત્રીય કચેરીઓ પાસેથી મેળવવામાં આવી રહી છે. તેવી માહિતી મળ્યા બાદ વસાહત સ્થાપવી પોષણક્ષમતા જણાએથી જે-તે જિલ્લાના કલેક્ટરશ્રીને સરકારી જમીન ફાળવવા દરખાસ્ત કરવામાં આવે છે. સરકારી જમીન જી.આઇ.ડી.સી.ને ફાળવવામાં આવે ત્યારબાદ વસાહત સ્થાપવાની બાબતે વિચારણા કરી શકાય.

- - - - - - - - -

## અમદાવાદ જિલ્લામાં સ્થિત આઈ.ટી.આઈ. ની સંખ્યા

૧૧૮૪ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ૫ અને તે સિવાય જિલ્લામાં ૧૦ મળી કુલ-૧૫ આઈ.ટી.આઈ. હાલમાં કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ

(૨) પત્રક-અ મુજબ.

આઈ.ટી.આઈ. માં તાલુકાવાર કેટલા વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવ્યું, અને

(૩) સ્ટાઈપેન્ડની રકમમાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો છે ?

(૩) ઉક્ત સ્ટાઈપેન્ડની રકમ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા.૧૨.૦૮.૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ તલમ-૧૨૨૦૧૪/૮૮૧૭૦૭/આર(૨) થી નક્કી કરવામાં આવેલ છે અને તેમાં છેલ્લે ઉક્ત ઠરાવ મુજબ જ તા.૧૨/૦૮/૨૦૧૪ ના રોજ નીચે મુજબનો વધારો કરવામાં આવેલ છે.

| ક્રમ | જાતિ | જૂનો સ્ટાઈપેન્ડ દર | નવો સૂચવેલ સ્ટાઈપેન્ડ દર |
|---|---|---|---|
| ૧ | અ.જાતિ | રૂ.૨૦૦ | રૂ.૪૦૦ |
| ૨ | અ.જનજાતિ | રૂ.૨૦૦ | રૂ.૪૦૦ |
| ૩ | સા.શૈ.પ.વર્ગ<br>લઘુમતિ જાતિ<br>વિચરતી વિમુક્ત જાતિ<br>આર્થિક પછાત વર્ગ | રૂ.૨૦૦ | રૂ.૪૦૦ |
| ૪ | અન્ય જાતિ | રૂ.૧૦૦ | રૂ.૨૦૦ |

**પત્રક-અ**

| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ સીટિ | ૧૪૮૮ |
| ૨ | દસક્રોઈ | ૩૩૯ |
| ૩ | દેત્રોજ-રામપુરા | ૧૩૯ |
| ૪ | માંડલ | ૧૬૮ |
| ૫ | વિરમગામ | ૨૫૭ |
| ૬ | સાણંદ | ૧૦૨ |
| ૭ | ધોળકા | ૩૮૯ |
| ૮ | ધંધુકા | ૨૪ |
| ૯ | ધોલેરા | ૦ |
| ૧૦ | બાવળા | ૧૫૨ |
| | **કુલ** | **૩૦૫૮** |

- - - - - - - - -

**રાજ્યમાં હેલિકોપ્ટર ટેક્સી સર્વિસ**

૨૫૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સ્કાયલાઈન એવીએશન કંપની, કેનેડા સાથે રાજ્યમાં હેલિકોપ્ટર ટેક્સી સર્વીસ માટે ક્યારે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સેવા શરૂ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત સેવા ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સ્કાયલાઈન એવીએશન કંપની, કેનેડા સાથે રાજ્યમાં હેલિકોપ્ટર ટેક્સી સર્વીસ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુપોષિત બાળકો**

૯૬૯ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર):**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| **જિલ્લો** | **તાલુકા** | **કુપોષિત બાળકોની સંખ્યા** |
|---|---|---|
| જામનગર | કાલાવાડ | ૫૦૩ |
| | લાલપુર | ૫૦૦ |
| | જોડિયા | ૮૧ |
| | ધ્રોલ | ૧૭૯ |
| | જામજોધપુર | ૩૨૧ |
| | જામનગર-૧ | ૫૭૪ |
| | જામનગર-૨ | ૫૬૬ |
| | **કુલ** | **૨૭૨૪** |
| દેવભૂમિ દ્વારકા | ભાણવડ | ૩૪૪ |
| | દ્વારકા | ૩૯૯ |
| | કલ્યાણપુર | ૩૭૦ |
| | જામખંભાળિયા | ૨૪૯ |

(૨) તે પૈકી ઉક્ત તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) તે પૈકી તાલુકાવાર ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| **જિલ્લો** | **તાલુકા** | **ઓછા વજનવાળા બાળકો** | **અતિ ઓછા વજનવાળા બાળકો** |
|---|---|---|---|
| જામનગર | કાલાવાડ | ૪૦૩ | ૧૦૦ |
| | લાલપુર | ૪૨૫ | ૭૫ |
| | જોડિયા | ૬૫ | ૧૬ |
| | ધ્રોલ | ૧૨૭ | ૫૨ |
| | જામજોધપુર | ૨૭૧ | ૫૦ |
| | જામનગર-૧ | ૪૯૧ | ૮૩ |
| | જામનગર-૨ | ૪૬૯ | ૯૭ |
| | **કુલ** | **૨૨૫૧** | **૪૭૩** |
| દેવભૂમિ દ્વારકા | ભાણવડ | ૨૮૨ | ૬૨ |
| | દ્વારકા | ૩૧૨ | ૮૭ |
| | કલ્યાણપુર | ૨૭૮ | ૯૨ |
| | જામખંભાળિયા | ૧૭૮ | ૭૧ |

(૩) ઉક્ત તાલુકાવાર ઉક્ત સ્થિતિએ જાન્યુઆરી-૨૦૨૦ની સરખામણીએ કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) જાન્યુઆરી-૨૦૨૦ની સરખામણીએ કુલ ઓછા વજનવાળા બાળકોમાં આ મુજબ વધારો / ઘટાડો નોંધાયેલ છેઃ-

| **જિલ્લો** | **તાલુકા** | **જાન્યુઆરી-૨૦૨૦ની સ્થિતિએ કુપોષિત બાળકોની સંખ્યા** | **ડિસેમ્બર-૨૦૨૨ ની સ્થિતિએ કુપોષિત બાળકોની સંખ્યા** | **વધારો(+) / ઘટાડો(-)** |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| જામનગર | કાલાવાડ | ૭૫૨ | ૫૦૩ | -૨૪૯ |
| | લાલપુર | ૪૭૫ | ૫૦૦ | +૨૫ |
| | જોડિયા | ૧૬૬ | ૮૧ | -૮૫ |
| | ધ્રોલ | ૨૭૮ | ૧૭૯ | -૯૯ |
| | જામજોધપુર | ૪૮૨ | ૩૨૧ | -૧૬૧ |
| | જામનગર-૧ | ૧૧૫૦ | ૫૭૪ | -૫૭૬ |
| | જામનગર-૨ | ૧૦૩૪ | ૫૬૬ | -૪૬૮ |
| | **કુલ** | **૪૩૩૭** | **૨૭૨૪** | **-૧૬૧૩** |
| દેવભૂમિ દ્વારકા | ભાણવડ | ૬૦૨ | ૩૪૪ | -૨૫૮ |
| | દ્વારકા | ૧૦૩૨ | ૩૯૯ | -૬૩૩ |
| | કલ્યાણપુર | ૭૮૧ | ૩૭૦ | -૪૧૧ |
| | જામખંભાળિયા | ૮૧૨ | ૨૪૯ | -૫૬૩ |
| | **કુલ** | **૩૨૨૭** | **૧૩૬૨** | **-૧૮૬૫** |

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

(૪) બાળકોનાં પોષણ સ્તરમાં સુધારો કરવા માટે છેલ્લા એક વર્ષમાં આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- તા.૧૬-૩-૨૦૨૦ થી ૧૭-૦૨-૨૦૨૨ દરમ્યાન કોરોના મહામારીના કારણે આંગણવાડીઓ બંધ કરવાના કારણે આંગણવાડીના તમામ લાભાર્થી બાળકોને દર અઠવાડિયાના ૭ દિવસ પ્રમાણે લાભાર્થીના ઘરે સુખડી આપવામાં આવતી હતી.
- તા.૧૭-૦૨-૨૦૨૨ પછી આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- રાજ્યના તમામ ઘટકમાં ૬ માસ થી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામના એક એવા ૭ પેકેટ્સ ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે. ૬ માસ થી ૩ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામના એક એવા ૧૦ પેકેટ્સ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને ૫૦૦ ગ્રામના એક એવા બાલશક્તિના ૪ પેકેટ્સ ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે.
- લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં 'સત્વ' ડબલ ફોર્ટિફાઇડ મીઠું, ફોર્ટિફાઇડ આટો તેમજ ફોર્ટિફાઇડ તેલ પૂરું પાડવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ૬ માસ થી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. અને સગર્ભા, ધાત્રી માતાઓને અઠવાડિયામાં ૨ દિવસ ૨૦૦ મિલી ફોર્ટિફાઇડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.

- - - - - - - - -

## રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની રચના

૯૯૩ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૭-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૭૯૧૨ (અગ્રતા-૬૮) ના અનુસંધાને **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની રચના કરવાની બાબત નીતિ વિષયક બાબત હોવાથી સરકારશ્રીની

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની રચના કરવાની બાબત નીતિ

સક્રિય વિચારણા હેઠળ હતી તે અંગે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે વિચારણા હાથ ધરવામાં આવી, | વિષયક હોવાથી સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૨) ઉક્ત સ્થિતિએ વિચારણા ક્યા તબક્કે છે અને આયોગની રચના ક્યારે કરવામાં આવશે ? | (૨) આ અંગે નીતિ વિષયક નિર્ણય થયેથી.

- - - - - - - - -

**રાજ્યસ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતિની બેઠક**

૧૪૪૭ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રાજ્યસ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતિની બેઠક યોજવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી વખત વિભાગ દ્વારા દરખાસ્ત મૂકવામાં આવી, | (૧) ૧(એક) વખત. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી વખત બેઠક મળી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સમિતિની બેઠક મળેલ નથી. |
| (૩) ઉક્ત બેઠકોમાં લીધેલ નિર્ણય અન્વયે શું આદેશો આપવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**બાંધકામ શ્રમિકો / મજૂરોના કલ્યાણ માટે સેસની જમા રકમ**

૧૪૧૧ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી / ખાનગી બાંધકામના બિલમાંથી શ્રમિકો / મજૂરોના કલ્યાણ માટે સેસ પેટે કેટલી રકમ સરકારમાં જમા લેવાની જોગવાઈ છે, | (૧) ૧% |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલી રકમ જમા લેવામાં આવી, અને | (૨) (રકમ રૂપિયા કરોડમાં) |

| નાણાકીય વર્ષ | સરકારશ્રીમાં જમા થયેલ બાંધકામ સેસની રકમ |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩.૪૫૨.૯૨ |
| ૨૦૨૧-૨૨ | ૩.૫૭૨.૨૪ |
| ૨૦૨૨-૨૩ (તા.૩૧-૦૧-૨૩ સુધી) | ૩.૫૮૧.૪૮ |

| | |
|---|---|
| (૩) સરકારમાં જમા રકમ પૈકી કેટલી રકમ ઉક્ત સ્થિતિએ ક્યા હેતુ માટે ખર્ચ કરવામાં આવી ? | (૩) પત્રક-અ મુજબ. |

**પત્રક-અ**

**બાંધકામ શ્રમિકો / મજૂરોના કલ્યાણ માટે સેસની જમા રકમ**
**યોજનાકીય ખર્ચ**

**(રકમ રૂ.લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | તા.૦૧-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૦૧-૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૧ | શ્રમિક અન્નપૂર્ણા યોજના | ૧૯૧.૧૪ | ૧૦૧.૨૯ | ૬૪.૮ |
| ૨ | વ્યવસાયિક રોગોમાં સારવાર યોજના | ૨.૯૪ | ૩.૧૯ | ૦ |
| ૩ | ધન્વન્તરી આરોગ્ય રથ યોજના | ૭૨૧.૯૧ | ૮૪૭.૧૩ | ૫૮૬.૦૦ |
| ૪ | સ્થળાંતરિત શ્રમિકોના બાળકો | ૦.૦૦ | ૨૧૮.૮ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | માટેની હોસ્ટેલ સહાય યોજના (નવી) | | | |
| ૫ | પ્રસુતિ સહાય યોજના | ૧૫૧.૧૫ | ૩૧૬.૫૫ | ૪.૪૫૫ |
| ૬ | ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના | ૪૯.૮૦ | ૭૦.૯૫ | ૧.૮૫ |
| ૭ | શિક્ષણ સહાય યોજના | ૧૧૩૬.૯૩ | ૨૩૯૭.૩૧ | ૨૮૬.૬૪૬ |
| ૮ | આકસ્મિક મૃત્યુ સહાય યોજના | ૧૯૮.૦૦ | ૧૯૨ | ૧૫ |
| ૯ | અંત્યેષ્ઠી સહાય યોજના | ૧૩.૨૩ | ૧૨.૨૩ | ૧.૮૫ |
| ૧૦ | શ્રમિક પરિવહન યોજના | ૨૭.૨૫ | ૫૫.૭૩ | ૪.૫૪ |
| ૧૧ | ગો-ગ્રીન યોજના | ૦ | ૧૦.૨ | ૦.૪૩ |
| ૧૨ | હાઉસીંગ સબસીડી યોજના | ૦ | ૦.૨ | ૦ |
| ૧૩ | નાનાજી દેશમુખ આવાસ યોજના | ૦ | ૧૪૨.૪ | ૯.૬ |
| ૧૪ | વિશિષ્ટ અભ્યાસના કોચિંગ માટેની આર્થિક સહાય યોજના | ૦ | ૦.૩ | ૦ |
| ૧૫ | પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના (PMJJBY) | ૦ | ૨.૩૫ | ૨.૧૦૦ |
| ૧૬ | સ્માર્ટ કાર્ડ / ઓળખ કાર્ડ | ૧૯.૫૬ | ૪૩.૪૨ | ૦ |
| ૧૭ | માહિતી શિક્ષણ અને પ્રસારણ પ્રોગ્રામ | ૨૧.૦૯ | ૭૧.૮૭ | ૬૭.૧૩ |
| ૧૮ | EMD પરત | ૨૧૭.૦૫ | ૫૬.૯૨ | ૦ |
| ૧૯ | TDS | ૬.૫૧ | ૬.૭૧ | ૩.૮૦ |
| ૨૦ | GST | ૮.૮૨ | ૮.૩૧ | ૪.૨૩ |
| | **કુલ** | **૨૭૬૫.૩૮** | **૪૫૫૭.૮૬** | **૧૦૫૨.૪૩** |

**વહીવટી ખર્ચ + યોજનાકીય ખર્ચ**

| ક્રમ | યોજનાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | તા.૦૧-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૦૧-૨૦૨૩ |
|---|---|---|---|---|
| ૧ | વહીવટી / મહેકમ ખર્ચ | ૩૫૯.૬૮ | ૪૪૭.૧૧ | ૬૩.૦૬ |
| ૨ | યોજનાકીય ખર્ચ | ૨૭૬૫.૩૮ | ૪૫૫૭.૮૬ | ૧૦૫૨.૪૩ |
| ૩ | આત્મનિર્ભર સહાય યોજના | ૨૫૦૦.૦૦ | ૦ | ૦ |
| ૪ | અન્ય ખર્ચ | ૨.૭૫ | ૦ | ૦ |
| | **કુલ** | **૫૬૨૭.૮૧** | **૫૦૦૪.૯૭** | **૧૧૧૫.૪૯** |
| | **કુલ રકમ (રૂ.લાખમાં)** | **૧૧૭૪૮.૨૭** | | |

- - - - - - - - -

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીને આજે પ્રશ્નો પણ ઘણા બધા આવ્યા અને એક જ મંત્રી તરીકે ખૂબ સરસ જવાબો આપ્યા. માનનીય અર્જુનભાઇ ઊભા થયા છે, પોઇન્ટ ઓફ ઓર્ડર હશે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

તારાંકિત પ્રશ્નોત્તરી દરમ્યાન ધારાસભ્યશ્રીઓએ હાજર રહેવા અંગે

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓ જ્યારે પ્રશ્ન પૂછે તેનો જવાબ મેળવવામાં સરકારી તંત્રનો પણ ઘણો બધો સમય જતો હોય છે અને હાઉસમાં પણ જ્યારે એમનો ટર્ન હોય ત્યારે સભ્યશ્રીઓએ હાજર રહેવું જોઇએ એવા વારંવાર અધ્યક્ષશ્રીના નિર્ણયો પણ છે. આપ પણ સૂચના આપો એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એ વાત સાથે હું બિલકુલ સંમત છું. ધારાસભ્યશ્રી જ્યારે પ્રશ્ન પૂછે છે ત્યારે તેમણે હાજર રહેવું ખૂબ જરૂરી છે. આજે પાંચથી વધારે ધારાસભ્યશ્રીઓ ગેરહાજર હતા. કદાચ તેમને ખ્યાલ નહીં હોય કે આટલા પાછળ સુધીના પ્રશ્નનો પણ

નંબર આવશે, પરંતુ એક વખત પ્રશ્ન પૂછે છે તો એમણે સભાગૃહમાં હાજર રહેવું ખૂબ જરૂરી છે. જેટલા પ્રશ્નો અહીં આવ્યા છે. પ્રશ્નોત્તરીની બુક પણ આપણને સમયસર મળી જાય છે. પ્રશ્નની તૈયારી કરવામાં ઘણી મહેનત થતી હોય છે. ઘણો બધો ખર્ચ થતો હોય છે. ધારાસભ્યશ્રીઓને મારી વિનંતી છે કે જે અત્યારે ન આવ્યા હોય, સચિવશ્રી, જે ધારાસભ્યો હાજર નથી તેમને આપની કક્ષાએથી જાણ કરવાની વ્યવસ્થા થાય. અહીં બેઠા છે એ તો હાજર જ છે. બાકી બધા પણ આ બાબતનું નિયમિત પાલન કરીએ.

**મંત્રીશ્રીઓના પ્રસ્તાવ**

**માનનીય શિક્ષણ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર સભ્યોની ચૂંટણી અંગે**

ડો. કુબેરભાઇ ડીંડોર (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ''આ સભાગૃહ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ ૨(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યો, પેટા કલમ-૧૦ની જોગવાઇ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના બે સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.''

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે સભ્યોની ચૂંટણી કરવા અંગે**

ડો. કુબેરભાઇ ડીંડોર (આદિજાતિ વિકાસ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ''આ સભાગૃહ ભારતના બંધારણના પરિશિષ્ટ-૫ના ફકરા-૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા.૧૯-૮-૧૯૬૦ના જાહેરનામા ક્રમાંક-ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.''

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સહકાર મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ ઉપર સભ્યોની ચૂંટણી કરવા અંગે**

શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, '' આ સભાગૃહ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૫૬(૧) (૫) મુજબ ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**પંચાયત મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**ગુજરાત રાજ્ય પંચાયત કાઉન્સિલ ઉપર સભ્યોની ચૂંટણી કરવા અંગે**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ( રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, '' આ સભાગૃહ સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૨૬૬ની પેટા કલમ-૧(ગ)ના ખંડ-(૬) મુજબ રાજ્ય પંચાયત કાઉન્સિલ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.''

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : હવે, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર બે, ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર પંદર, ગુજરાત રાજ્ય સહકારી પરિષદ ઉપર ત્રણ, ગુજરાત રાજ્ય પંચાયત કાઉન્સિલ ઉપર ત્રણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને ક્રાંતીગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક, ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટે અને અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

## તા. ૧૦ માર્ચ, ૨૦૨૩
## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

| | | |
|---|---|---|
| ૧. | નામ-નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય..... | ગુરૂવાર, તા. ૨૩/૦૩/૨૦૨૩<br>સાંજના ૬.૦૦ વાગ્યા સુધી |
| ૨. | નામ-નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ..... | શુક્રવાર, તા. ૨૪/૦૩/૨૦૨૩<br>બપોરના ૩.૦૦ વાગે<br>ના.સ. શ્રીમતી રીટા મહેતાની ચેમ્બરમાં |
| ૩. | નામ-નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની તારીખ, અને સમય.... | મંગળવાર, તા. ૨૮/૦૩/૨૦૨૩<br>સાંજના ૫.૦૦ વાગ્યા સુધી |
| ૪. | મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ..... | પાછળથી જાહેર કરવામાં આવશે. |

**-- આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧ માંથી મળી શકશે.**

### અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા ( ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી ગણપતસિંહ વે. વસાવા**(**માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચાનો છેલ્લો દિવસ છે એટલે અમારા આદરણીય નાણામંત્રીશ્રી રાજ્ય સરકારે જે સુંદર કામગીરી કરી છે એના જવાબો ગૃહમાં આપવાના છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ અમારા નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ, અમૃતકાળના આગામી ૨૫ વર્ષ માટે રાજ્યની વિકાસની દિશા નિર્ધારીત કરતું અને વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી થતા વર્ષ ૨૦૨૩-૨૪નું અત્યાર સુધીનું ગુજરાત રાજ્યનું સૌથી મોટું બજેટ રૂપિયા ૩ લાખ,૧ હજાર ૨૨ કરોડનું અંદાજપત્ર લઇને આવ્યા છે, ત્યારે અમારા નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજનું હિત જેમના હૈયામાં સમાયેલ છે એવા અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો આ ગૃહમાં એટલા માટે આભાર માનીશ કે આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે આ બજેટની અંદર રૂપિયા ૩,૪૧૦ કરોડની જોગવાઇ કરી છે. એટલે કે ગત વર્ષના બજેટ કરતાં ૧૭.૨૨ ટકા જેટલો બજેટમાં વધારો થયો છે. હું એક એવા આદિવાસી સમાજની વાત કરવા માટે ઊભો થયો છું કે, જે આદિવાસી સમાજે આદિ અનાદિ કાળથી પોતાની સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ કરવાનું કામ કોઇએ કર્યું હોય તો એ આદિવાસી સમાજે કર્યું છે. એટલા માટે જ પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ આદિવાસી વિસ્તારનો પ્રવાસ પૂરો કરીને એમ કહેતા કે આ સમાજની અંદર મને ભગવાનના દર્શન થાય છે. આદિવાસી સમાજ એટલે માતા શબરીના વારસદારો છે. જ્યાં ભગવાન શ્રી રામ પણ સ્વયં આ નવધા ભક્તિ કરતી શબરી માતાની ઝૂંપડીએ ગયા અને શબરી માતાના એંઠા બોર ખાધા હતા. એવી શબરી માતાના વારસદારો આદિવાસીઓ છે. ગુજરાતમાં આદિવાસી સમાજની જનસંખ્યાની વાત કરીએ તો ૧૪ જિલ્લા અને ૫૩ તાલુકાઓ અને ૪૫૦૦ કરતાં વધુ ગામડામાં ૯૦ લાખ કરતા વધારે આદિવાસી સમાજ વસવાટ કરે છે. આદિવાસી સમાજ વર્ષોથી ભૂતકાળની સરકારોમાં વિકાસથી વંચિત રહ્યો. વિકાસ બાબતે હંમેશા એની ઉપેક્ષા થતી રહી. એના કારણે ભૂતકાળની સરકારોએ જે ધ્યાન આપવું જોઇએ, જે વિકાસનાં કામો થવા જોઇએ એ આદિવાસી વિસ્તારોમાં ન થયાં અને આદિવાસી સમાજ એ મુખ્ય ધારાથી વિખૂટો પડ્યો. ભૂતકાળની સરકારોએ આદિવાસી સમાજને માત્રને માત્ર વોટ બેન્ક તરીકે ઉપયોગ કર્યો. જ્યારે ગુજરાત મહારાષ્ટ્રથી અલગ થયું (અંતરાય) મુખ્યમંત્રી બનાવ્યા હતા પણ એમને કેટલી સત્તા હતી એ તમને ખબર છે, ગેનીબેન? ત્યારે વર્ષ ૧૯૬૧માં માત્ર ૫૮ કરોડ રૂપિયાનું જ બજેટ હતું. મને આજે કહેતાં આનંદ થાય છે કે આજે દેશના વડાપ્રધાન છે અને સમગ્ર વિશ્વના સૌથી લોકપ્રિય વ્યક્તિ બન્યા છે એવા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે આ જ વિધાનસભામાં વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ સને ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજનાની એમણે જાહેરાત કરી અને મને કહેતા આનંદ છે કે સને ૨૦૦૭માં એ યોજનાની જાહેરાત થઇ અને સને ૨૦૨૦ સુધીમાં અત્યાર સુધીમાં લગભગ ૧ લાખ કરોડ રૂપિયાનાં વિકાસનાં કામો આદિવાસી વિસ્તારમાં થયાં. એનાથી આગળ અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે સને ૨૦૨૧થી ૨૦૨૫ સુધીમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ બીજા એક લાખ કરોડ રૂપિયાના વિકાસનાં કામો કરવાની જાહેરાત કરી છે ત્યારે આદિવાસી વિસ્તારના રોડ-રસ્તા હોય, આદિવાસી વિસ્તારની અંદર મેડિકલ કોલેજ હોય, શિક્ષણ હોય, આરોગ્ય હોય, પીવાનું પાણી હોય, આ જો કોઇએ પહોંચાડ્યું હોય તો એનો યશ કોઇને આપવો હોય તો આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આપી શકાય. ભૂતકાળની અમારા કોંગ્રેસના મિત્રોની સરકારો હતી ત્યારે આદિવાસીઓને જંગલની જમીન આપવાની વાત આ ગૃહમાં ઘણાં વર્ષો સુધી ચર્ચાઇ, પણ જ્યાં સુધી કોંગ્રેસની સરકારો હતી ત્યાં સુધી ગુજરાતના એક પણ આદિવાસીને એક એકર પણ જંગલની જમીન ભૂતકાળની સરકારોમાં મળી ન હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આદિવાસીઓની સરકાર છે અને ગૃહને કહેતા મને આનંદ થાય છે કે અત્યાર સુધીમાં લગભગ મારા એક લાખ કરતા વધારે આદિવાસી ભાઇ-બહેનોના દાવા મંજૂર કર્યા અને એ દાવામાં લગભગ ૧૩ લાખ એકર કરતા વધારે જમીનો મારા આદિવાસી સમાજને મળી છે. આ રાજ્ય સરકારે આદિવાસી વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની પણ ચિંતા કરી છે એટલા

માટે આ બજેટમાં અમારા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આદર્શ નિવાસી શાળા, આશ્રમ શાળા, એકલવ્ય શાળાઓમાં શિષ્યવૃત્તિની વાત હોય, ભોજન અને ગણવેશની વાત હોય આ બજેટની અંદર ૧,૪૭૨ કરોડ રૂપિયાની આદિવાસી વિદ્યાર્થીઓ માટે જોગવાઇઓ કરી છે. ભૂતકાળની સરકારોમાં આદિવાસી જિલ્લાઓની અંદર એક પણ મેડિકલ કોલેજ ન હતી પણ આજે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં દાહોદ, વલસાડ, નવસારી, નર્મદા અને પંચમહાલ જિલ્લાઓમાં મેડિકલ કોલેજો શરૂ કરી છે અને અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો હું સમગ્ર આદિવાસી સમાજ વતી આભાર માનું છું કે આ વર્ષના બજેટમાં અરવલ્લી, છોટાઉદેપુર, મહિસાગર અને છેક ગુજરાતનો છેવાડાનો જિલ્લો ડાંગમાં મેડિકલ કોલેજ શરૂ કરવાની એમણે બજેટમાં જોગવાઇ કરી છે. આદિવાસી વિદ્યાર્થીઓને ભોજનની અને રહેવાની સારી વ્યવસ્થા મળે એના માટે પણ આ બજેટમાં ૧૨૦ કરોડ રૂપિયાની જોગવાઇઓ કરવામાં આવી છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે માત્ર આદિવાસી વિસ્તારમા વિકાસ જ કર્યો છે, એટલું જ નહીં આદિવાસીઓનાં બાળકોના શિક્ષણની પણ ચિંતા કરી છે. સાથે સાથે એમનો શારીરિક અને માનસિક વિકાસ થાય. આદિવાસી ધાત્રી માતાઓ, સર્ગભા માતાઓની ચિંતા કરી છે અને ૨૧ લાખ જેટલા લાભાર્થીઓને ફ્લેવરવાળું દૂધ મળી શકે એના માટે ૨૬૮ કરોડ રૂપિયાની આ બજેટમાં જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને બધાને ખબર છે કે ગુજરાતમાં જેટલા પણ મોટા મોટા ડેમો આદિવાસી વિસ્તારમાં બન્યાં હશે પણ સિંચાઇનું પાણી આપવાનું ભૂતકાળની સરકારોએ આદિવાસી વિસ્તારોમાં ક્યારેય પણ ચિંતા કરી ન હતી. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને દાહોદની અંદર ૧૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સિંચાઇનું પાણી દાહોદમાં પહોંચાડ્યું છે. ઉકાઇની પડોશમાં આવેલા તાપી જિલ્લાના સોનગઢ, નિઝર અને કુકરમૂંડામાં સિંચાઇનું પાણી નહોતું પહોંચ્યું એના માટે રૂપિયા ૧,૦૨૦ કરોડની યોજના આ સરકારે બજેટમાં જોગવાઇ કરીને આ વર્ષમાં પણ રૂપિયા ૧૭૫ કરોડની જોગવાઇ કરી છે. ઉકાઇ ડેમની બાજુમાં જ આવેલ ઉમરપાડા અને ડેડિયાપાડા તાલુકામાં પણ સિંચાઇની સગવડ પહોંચી શકે એના માટે આ વર્ષના બજેટમાં ૧૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. અમારા નાણામંત્રીશ્રી ઊર્જા મંત્રીશ્રી પણ છે અને આદિવાસી વિસ્તારોમાં ૨૪ કલાક વીજળી પહોંચી રહે એની પણ ચિંતા કરીને સાબરકાંઠા વિસ્તાર હોય કે આદિજાતિના વિસ્તારો હોય ત્યાં પૂરેપૂરી કૃષિમાં વીજળીનાં નવાં વીજ કનેશનો આપવા માટે રૂપિયા ૧૦૧૦ કરોડની જોગવાઇ કરી છે અને ૩૬૬ કરોડ રૂપિયાના આદિવાસી અને દરિયાઇ વિસ્તારમાં નવાં સબસ્ટેશનો પણ ઊભાં કરવાની વાત આવી છે ત્યારે આ બજેટ લઇને અમારા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ આવ્યા છે એમને હું લાખ લાખ અભિનંદન આપીને મારી વાત અહીંયા પૂરી કરું છું અને એમને ટેકો આપું છું.

શ્રી પંકજ વિ. દેસાઇ(નડિયાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃતવમાં માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અમૃતકાળના આગામી ૨૫ વર્ષ માટે રાજયના વિકાસની દિશા નિર્ધારિત કરતું વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી થતું વર્ષ ૨૦૨૩-૨૪નું રૂપિયા ૩,૧,૦૨૨ કરોડનું રૂ.૯૧૬.૮૭ કરોડની એકંદર પુરાંત દર્શાવતું બજેટ રાજયની વિકાસકૂચની નવી ઊંચાઇઓ સર કરવા માટેનું પ્રજાલક્ષી અને સર્વાંગી વિકાસને વેગ આપનારું અંદાજપત્ર આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કર્યું છે. સ્વર્ણિમ બજેટને પ્રસ્તુત કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને બજેટને સમર્થન પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભા.જ.પે જે વચનો આપ્યા હતા એ બજેટમાં આપણને જોવા મળી રહ્યા છે એટલે જ વર્ષ ૨૦૨૨ની ચૂંટણીનું પરિણામ આખા દેશ સમક્ષ છે અને ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીએ ૧૫૬ બેઠકો મેળવી અને અહીંયા રાજ કરી રહી છે. ભા.જ.પે. આપેલા સંકલ્પો એ પ્રજાની ઇચ્છા હોય અને એટલે લોકશાહીની આનાથી મોટી સુવર્ણ ક્ષણ બીજી કોઇ હોઇ શકે નહીં અને એટલે જ "ગુજરાત છે મકકમ, ભા.જ.પ. સાથે અડીખમ" ૭૦ વર્ષ રાજ કરનારી કોંગ્રેસે માત્ર પોતાની ઇચ્છાથી જ સ્વ અને સ્વાર્થને કેન્દ્રમાં રાખી શાસન કર્યું. જયારે ભા.જ.પ.ના શાસનમાં પ્રજા સર્વોપરી છે. કોંગ્રેસ મેનિફેસ્ટો બહાર પાડે છે અને ભારતીય જનતા પાર્ટી સંકલ્પપત્ર બહાર પાડે છે. દેશના આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ સાચું કહે છે કે કામ જે કરે એની પાસે અપેક્ષાઓ વધતી જ જતી હોય છે અને અપેક્ષાઓ પૂરી કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને શ્રી કનુભાઇ સાહેબ પૂરી રીતે કોશિશ કરી રહ્યા છે ત્યારે એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અત્યાર સુધી જોઇએ તો ગુજરાતમાં બધા જ વચનો અપાયા હતા એ પૂરા કરવા સરકાર કટિબદ્ધ રહી. ભા.જ.પ. પ્રમાણિકતા, શિસ્ત, સંસ્કાર, સાફ નિયત અને વિકાસના મંત્ર સાથે ચાલે છે. મને કહેતા આનંદ થાય છે કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબે ચીંધેલા રાહ ઉપર આ ગુજરાત જયારે ચાલી રહ્યું છે ત્યારે વિશ્વના સૌથી શક્તિશાળી નેતા શ્રી નરેન્દ્રભાઇ છે અને એટલે જ સમગ્ર વિશ્વની અંદર આજે મોદી મોદી ગુંજી રહ્યું છે. MODI એટલે Man of Developing India, MODI એટલે Man of Divine Intention, MODI એટલે Man of distinguished institution, MODI એટલે Make Old Decisions Independently, MODI એટલે Model of Discipline and Integrity, MODI એટલે Map of Democratic India, MODI એટલે Millions of Dignified Indians.

માનનીય અધ્યક્ષશ્રી, આ હું નથી કહેતો દેશની પ્રજા કહે છે અને દેશની પ્રજાએ આ સ્વીકાર્યું છે. મને કહેતા આનંદ થાય છે કે ભા.જ.પ.ને મત એટલે અંબાજી મંદિરનો વિકાસ, સોમનાથ મંદિરનો વિકાસ, પાવાગઢ મંદિરનો વિકાસ, મોઢેરા મંદિરનો વિકાસ, ઉમિયા મંદિરનો વિકાસ, બહુચરાજી મંદિરનો વિકાસ અને દેશની અંદર કાશી વિશ્વનાથ અને રામ મંદિરનો

વિકાસ અને ચારધામનો વિકાસ. આ ધાર્મિક ઐતિહાસિક સ્થળોનો વિકાસ એટલે ભારતીય જનતા પાર્ટીની સરકાર. ગુજરાતનો વિકાસ એટલે સ્ટેચ્યૂ ઓફ યુનિટી, મહાત્મા મંદિર, મેટ્રો ટ્રેન, એકસપ્રેસ હાઇવે, ન્યુ ટ્રેઇન, નવા રોડનું દુનિયાની તુલનામાં મૂકાય એવો ગુજરાતની અંદર એક મોડલ વિકાસ થઇ રહ્યો છે. મને કહેતા આનંદ થાય છે કે ભા.જ.પ. માટે સંકલ્પપત્ર એ દસ્તાવેજ છે. કોંગ્રેસની જેમ માત્ર ખાલી ચૂંટણી ઢંઢેરો નથી. ભા.જ.પ. માટે સંકલ્પ પત્ર એ ખાલી શબ્દ નથી. પ્રજા અને સુશાસન પ્રત્યેનું કમિટમેન્ટ પ્રગટ કરે છે. પરંતુ વિચારધારાનો ભેદ પણ સ્પષ્ટ કરે છે. ગરીબ, જ્ઞાતિવાદ, સંપ્રદાવયાદ, વંશવાદમુક્ત સમૃદ્ધ ગુજરાત એ ભાજપનો સંકલ્પ છે. What is Gujarat ? Gujarat is policy driven State. New Solar Policy, India's First Fully Solar Power village in Modhera in Gujarat. India's first solar park has come in Charanka, Patan district in Gujarat. New Industrial Policy - sir, Garment and Apparel Policy, sir, Wind Energy Policy, sir, New Port Policy. Sir, આ બધા ગુજરાતના ડેવલપમેન્ટના આયામો છે. તે આયામો માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ ખૂબ સારી રીતે આગળ વધારી રહ્યા છે. Manufacturing Policy, Start-up Policy, Electronics Policy, Bio-Technology Policy, I.T. Policy, Tourism Policy, Aero-space Defense Policy.. સાહેબ મારે કહેવું છે કે, eight of ten diamonds in the world are polished in Gujarat, sir. Asia's largest mangroves plantation in Jamnagar, sir. દેશની તુલનામાં ગુજરાતની અંદર વસતિ માત્ર ૫(પાંચ)ટકા છે. જીઓગ્રાફિકલ એરિયા ૬ ટકા છે. સૌથી વધારે ઉદ્યોગ ક્યાં ? તો સાહેબ ગુજરાતમાં. Value of Output સૌથી વધારે ક્યાં ? તો ગુજરાતમાં. સૌથી વધારે એકસપોર્ટ ક્યાં ? તો ગુજરાતમાં. સૌથી વધારે fixed capital investment ક્યાં ? તો ગુજરાતમાં. 30% of India's stock market capitalization ક્યાં ? તો ગુજરાતમાં. 17% industrial output ક્યાં ? તો ગુજરાતમાં. દેશનું ૨૫ ટકા એકસપોર્ટ ક્યાં ? તો તે ગુજરાતમાં. ભારત તે દુનિયાના સૌથી વિકસિત દેશોમાં પાંચમા સ્થાને છે ત્યારે ગુજરાત સમગ્ર દેશની અંદર નંબર વનનું સ્થાન ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આત્મનિર્ભર ભારતનું એક ઉદાહરણ આપવું છે. એક નાનકડું ઉદાહરણ છે કે ભારતીય રમકડાની ડિમાન્ડ આજે વધી રહી છે. તેમાં કહેવા માગું છું કે, વર્ષ ૨૦૧૮-૧૯ની અંદર ૩૭૦ મિલિયન ડોલરનું આપણે ઇમ્પોર્ટ કરતા હતા. આજે તે ઘટીને વર્ષ ૨૦૨૧-૨૨ની અંદર ૧૧૦ મિલિયન ડોલરનું ઇમ્પોર્ટ કરીએ છીએ, એટલે કે તેમાં ૭૦.૩૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. એકસપોર્ટ વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષમાં આપણે ૨૦૨ મિલિયન કરતા હતા તેની જગ્યાએ આજે વર્ષ ૨૦૨૧-૨૨ની અંદર ૩૨૬ મિલિયન ડોલરનો વધારો નોંધાયો છે. આત્મનિર્ભર ભારતમાં દેશના વડાપ્રધાનશ્રીએ જે કામગીરી કરી છે તે ખૂબ સારી રીતે દેખાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતના કેટલાક આયામો નક્કી કરવામાં આવ્યા છે. Good Governance, New Policy Implementation, Single Window Clearance, Surplus Power, Suitable Atmosphere, No Union No Strike, Law and Order better, peace and safety, good development of rail, road, ports and airports and transport infrastructure, political stability, ease of doing business, ease of living - આવા કેટલાક આયામો નક્કી કર્યા છે તેની ઉપર ગુજરાત આજે ચાલી રહ્યું છે. If you have passion for good living, Gujarat is for you. If you wish development, Gujarat is for you. If you aim વસુધૈવ કુટુંમ્બકમ, Gujarat is for you. સાહેબ, મારે શ્રી કનુભાઇ જે બજેટ લઇને આવ્યા છે અને આમ તો શ્રી કનુભાઇ ખૂબ અભ્યાસુ છે અને વર્ષોથી જયારથી એમ.એલ.એ. તરીકે ચૂંટાયા છે ત્યારથી તેમણે નાણાં અને ઉદ્યોગ વિભાગ ઉપર પ્રવચનો આપ્યા છે. એટલે ખૂબ સારું બજેટ રજૂ કર્યું છે તે બદલ તેમને હું અભિનંદન આપું છું અને મારું અનુમોદન આપું છું.

અધ્યક્ષશ્રી : ટાઇમસર પૂરું કરવા માટે તમને અભિનંદન. માનનીય અર્જુનભાઇ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગણપતભાઇ, માનનીય પંકજભાઇ બહુ સરસ બોલી ગયા. શ્રી પંકજભાઇએ તો પહેલી વખત ખૂબ સરસ વાચ્યું, ટેબલ ઉપર મૂકી દીધું હોત તો પણ અમે વાચીને ખૂશ થઇ જાત. (અંતરાય) બહુ સરસ વાચ્યું મારે બીજું કાંઇ નથી કહેવું, તૈયાર કરેલું પણ ખૂબ સરસ રીતે વાચ્યું, બહુ દિલથી વાચ્યું અને અમારા ડો. સી.જે.ચાવડા સાહેબ છે એને વિષાદ યોગ ઊભો થયો હતો પણ મને વિષાદ યોગ એટલા માટે ઊભો નથી થતો કે મહાભારતના અર્જુન હતા એની પાસે ગીતા વિષાદ યોગ પછી કહેવામાં આવી એટલે એમને ખબર ન હતી કે અધર્મની સાથે રહેનારા ગમે તે હોય એ આપણી સામે જ હોય. મેં તો ગીતાના ૧૮ અધ્યાય છે એ વાચ્યા છે એમાં ૧૭ અધ્યાય છે એ તો શ્રી કૃષ્ણ બોલ્યા છે. અમે પણ ૧૭ છીએ એટલે મને આમાંથી કોઇ સામે હોય એનો વિષાદ યોગ નથી કારણ કે, બધા અધર્મની સાથે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કહેતો હતો કે આ બધા મિત્રો છે એ બોલતા હતા ત્યારે એવું લાગતું હતું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રીમદ્ ભગવત ગીતાનો છેલ્લો શ્લોક છે અને ગામઠી ગીતામાં એવું કહ્યું છે કે, જેના ભેગો અરજણીયોને ભડ કરશનીયો ભેળા હોય રોજ એને ઘી-કેળા. એટલે આ ગામઠી ગીતા છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ અરજણીયો કાફી છે. હું વાત એ કરતો હતો કે, જે વાત શ્રી ગણપતભાઇએ કરી, શ્રી પંકજભાઇએ કરી એ ઉપરથી એવું લાગ્યું કે પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી, પોપટ આંબાની ડાળે અને સરોવરની પાળે બહુ જલસા કરે છે. મારો પોપટ તો પાછો દેવ થઇ ગયો અને અમારા શ્રી જવાહર ચાવડાનો નંદો પણ

દેવ થઇ ગયો. એ જવાહર અને નંદાની ખોટ નથી પડતી મને મારા પોપટની જરૂર ખોટ પડે છે. એટલે આ પોપટ છે એ તમે જેમ કહ્યું એ પ્રમાણે તો બહુ જલસા કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે સરદાર પટેલ સ્ટેડિયમમાં મેચ હતી...(અંતરાય) નહીં, આપણે સરદાર પટેલ સ્ટેડીયમ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ બનાવવું હોય તો બીજું બનાવે અમને વાંધો નથી. સરદાર પટેલ સ્ટેડિયમ જે હતું એ જ છે એ રહેવાનું અને અમે આવીશું ત્યારે બદલવાના જ છીએ. આ ગુજરાત છે એ સરદાર પટેલ અને મહાત્મા ગાંધીના નામથી ઓળખાય છે એટલે અમે સરદાર પટેલનું નામ ભૂંસવા નહીં દઇએ. તમને ખાતરી આપીએ છીએ અને ફરી પાછું એ સ્ટેડિયમ ઉપર અમે સરદાર પટેલ નામ રખાવીને જ જંપીશું. એ જે મેચ હતી...(અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી અર્જુનભાઇ, માનનીય સભ્યશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. શ્રી અર્જુનભાઇ, જેટલું વિવાદાસ્પદ બોલશો એટલો તમારો સમય ઓછો થશે. માનનીય સભ્યશ્રી, આપનો શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે એ જલદી કહો?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં વર્ષોથી સરદાર પટેલના નામનું સ્ટેડિયમ છે, આજે પણ હયાત છે. ૧૮૨ મીટરનું સ્ટેચ્યૂ ઓફ યુનિટી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બનેલું છે સામેના બેઠેલા લોકોમાંથી એક પણ સભ્યશ્રીએ જો સરદાર પટેલના સ્ટેચ્યૂને જોયું હોય તો અહીંયા વાત કરે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, હવે તમે સીધા વિષય ઉપર આવી જાવ. વચ્ચે કોઇ ચર્ચા નહીં કરે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વાત હું એ કરતો હતો કે, ગઇ કાલે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન આવ્યા ત્યારે રસ્તામાં ઝૂંપડપટ્ટીઓ આવી એ ઝૂંપડપટ્ટીની આગળ કંતાન રાખી દેવામાં આવ્યા કારણ કે આપણી ગરીબી, આપણા મકાન વિહોણા લોકો એને બહારના વડાપ્રધાન આવીને જોઇ ન જાય. અહીંયા ડબલ એન્જિનની સરકાર કહો છો તો ૨૭ વર્ષમાં આ લોકોને ઘરનું ઘર તો ન આપી શક્યા. બજેટમાં પણ એવી કોઇ જોગવાઇ નથી કે ઘરનું ઘર બધાને મળી જાય. માનનીય વડાપ્રધાને તો કહ્યું હતું કે વર્ષ ૨૦૨૨ સુધીમાં આ દેશમાં કોઇ પણ માણસ ઘરના ઘર વગરનો નહીં રહે. માનનીય અધ્યક્ષશ્રી, આ છતાં આ લોકો આજે ઘરના ઘર વગરના છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો જે ટાઇમ હતો એટલી જ મિનિટ હું લેવાનો છું વચ્ચે કોઇ બોલે તો એ મારો ટાઇમ ન જવો જોઇએ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ સમય કાઢ્યા પછી હું કહું છું. તમે જરા પૂરું કરો, આપનો સમય પૂરો થાય છે, એક મિનિટ વધારાની થઇ છે અને હજુ એક મિનિટ વધારાની હું તમને આપું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૭ વર્ષની અંદર ગુજરાતની અંદર માનનીય ગણપતભાઇ, ૩૮.૦૫ ટકા બાળકો છે તે કુપોષિત જન્મે છે અને તેમાં સૌથી વધારે ૬૦ ટકા કરતા વધારે આદિવાસી બાળકો છે. આપણે ત્યાં જે માતાઓ છે maternal mortality rate આખા હિન્દુસ્તાનની અંદર સૌથી વધારે જે ધરાવે છે તેમાનું એક રાજય છે અને infant mortality rate છે એ પણ આખા રાજયની અંદર સૌથી વધારે છે. જયાં ભાજપનું એક દિવસ પણ શાસન નહોતું એવા કેરાલાની અંદર આજે ૧ લાખ બાળકો જન્મે ત્યારે પોઇન્ટ ૯૭ એટલે એક માતાનું પણ મૃત્યુ થતું નથી જયારે ગુજરાતની અંદર ૫૭ માતાઓના મૃત્યુ થાય છે આ ગુજરાત છે. આપણે અમૃતકાલની અંદર મિત્રકાલ ચાલે છે એટલે ખૂબ જ મિત્રોને લાભ થતો હશે પણ સામાન્ય જનતા છે તેની દશા શું છે તે આના ઉપરથી ખ્યાલ આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ મિનિટમાં પૂરું કરું છું. આ human development index છે - ઔદ્યોગિક ઉત્પાદનની વાત નથી કરતો તેમાં આપણે ૨૩માં નંબરે છીએ અને જે હેલ્થ અને એજયુકેશનમાં આપણે જે પૈસા વપરાય છે જીડીપીના જે પર્સન્ટેજ તેમાં પણ ગુજરાત છેવાડાનું રાજય છે અને કેરાલા નંબર વન છે જયાં ભારતીય જનતા પાર્ટીએ...

અધ્યક્ષશ્રી : માનનીયશ્રી ઉમેશભાઇ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે ૨૭ વર્ષમાં ગુજરાતની આવી દશા...

અધ્યક્ષશ્રી : મારી પાસે માહિતી એવી હતી કે, કોંગ્રેસ કાર્યાલયની અંદર બેસીને તેમાંથી કેટલીક વસ્તુઓ ભેગી કરીને લઇને આવ્યા છો અને અહીંયા લાવીને તેને પ્રદર્શિત કરવાની વાત હતી. મને જે રિપોર્ટ મળ્યો છે તે જો સાચો હોય તો કોંગ્રેસ કાર્યાલયનો ઉપયોગ આ રીતે કરી શકાય નહીં. કેમ કે ગૃહની કાર્યવાહીને ખોરવવા માટે કાર્યાલયનો ઉપયોગ કરાય તો મને લાગે છે કે મારે કાર્યાલયનો ઉપયોગ શેના માટે કરવા આપવો તે બાબતમાં મારે પુનર્વિચારણા કરવી પડશે, એટલે આપે એક વખત, શ્રી ઉમેશભાઇ બોલો.(અંતરાય) શ્રી અર્જુનભાઇના બોલવા ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર છે? (અંતરાય)

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવા અંગે

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : : માનનીય અધ્યક્ષશ્રી, મેં ૧૧૬ની નોટિસ રજૂ કરી છે.

અધ્યક્ષશ્રી : તમે અત્યારે ના કરી શકો. અરે, ૧૧૬ અત્યારે ના આવે. ૧૧૬ની નોટિસ કયારે આપવી, કયારે ના આપવી તે નક્કી કરવાનુ કામ અધ્યક્ષનું છે. મને ખબર છે તમારે પેલો સંકલ્પ આવે છે તેના પહેલાં તમારે બહાર નીકળી જવું છે એ માહિતી મારી પાસે છે પણ તેના માટે આવું ના હોય, એના માટે નવો મુદ્દો ના લો, તમારે સંકલ્પમાં હાજર ના રહેવું હોય બીબીસીના વિરોધમાં પેલો સંકલ્પ જે માનનીય સભ્યશ્રી લાવ્યા છે તેના સામે તમારે હાજર ના રહેવું હોય તો આ રીતે તમારે ના

કરાય. ચાલો શ્રી ઉમેશભાઇને બોલવા દો, તમે બેસો. પછી કરજો. હાલ ના બોલાય. મંત્રીશ્રી બોલે પછી નીકળાય. શ્રી ઉમેશભાઇને તો બોલવા દો. આપ પાર્ટીના સભ્ય બોલે પછી (અંતરાય) મંત્રીશ્રીની વાતનો તમારે boycott કરવો છેને? (અંતરાય ) આપ પાર્ટીના સભ્ય છે તેને નહીં બોલવા દેવાના અને વચ્ચેથી તમારે આમ કરવાનું, તેમને પણ અધિકાર છે. (અંતરાય) અરે, ભાઇ વચ્ચે ના બોલાય તમે ચર્ચા કરો અને જયારે આપ પાર્ટીના સભ્યશ્રીએ બોલવાનું ચાલુ કર્યું એટલે તમારે ઊભા થઇ જવાનું? (અંતરાય) ભાઇ, એ બોલે છે વચ્ચે અર્જુનભાઇ બોલતા હતા એ પહેલાં તેમણે રજૂઆત કરવી હતી. અરે, અર્જુનભાઇ બોલતા હતા એ પહેલાં તમારે રજૂઆત કરવી હતી હવે આપ પાર્ટીના સભ્ય બોલે છે ત્યારે તમારે આવુ ના કરાય પ્લીઝ, પ્લીઝ તેમને બોલવા દો. (અંતરાય) તમે વચ્ચે નહીં કરી શકો (અંતરાય) આમ આદમી પાર્ટીના સભ્યશ્રી બોલવા માટે ઊભા થયા છે, મેં તેમને અલાઉ કરી દીધા છે પછી વચ્ચે તમે કઇ રીતે ઊભા થાવ. અર્જુનભાઇ બોલવા ઊભા થયા તેના પહેલાં તમે નહીં બોલ્યા, પરંતુ આપ પાર્ટીના જે સભ્ય છે તેને માત્ર મેં ૨ મિનિટ આપી છે તેમને તમે નહીં બોલવા દો? એવુ ના હોય, ન્યાય બધા માટે સરખો હોય.

(શ્રી અમિતભાઇ ચાવડા જગ્યા પર ઊભા થઇને બોલવાનું ચાલુ રાખતાં)

અધ્યક્ષશ્રી : તમારા સભ્યોને જેટલું બોલવું હતું એટલું બોલી લીધું. હવે આમ આદમી પાર્ટીના સભ્યને મેં બે મિનિટ આપી છે એમની બે મિનિટ તમે પૂરી કરી નાંખી. હવે હું એમને કઇ રીતે આપું? (સતત અંતરાય) એમને પણ મારે બે મિનિટ આપવી જોઇએ કે નહિ?

(આ તબક્કે કૉંગ્રેસના તમામ હાજર સભ્યો પોતાની જગ્યા પર ઊભા થઇ ગયા.) (શ્રી ઇમરાનભાઇ ખેડાવાલા, શ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી દિનેશભાઇ ઠાકોર, શ્રી વિમલ ચુડાસમા, શ્રી અમૃતજી ઠાકોર, શ્રી અનંતકુમાર પટેલ, ડૉ.સી.જે.ચાવડા, ડૉ. તુષારભાઇ ચૌધરી પ્લેકાર્ડ લઇ પોતાની જગ્યા પર ઊભા થયા.)

ગૃહમાં દેખાવ કરવા માટે બેનર્સ અને કેટલાક સાહિત્ય સાથે જે સભ્યશ્રીઓ આવ્યા છે એમને મારી વિનંતી છે તમે વિધાનસભાનો ઉપયોગ પ્રસિદ્ધિ માટે નહિ કરી શકો. હું નામ સાથે સંબોધન કરું એ પહેલાં મારી તમને બધાને વિનંતી છે કે તમે બધા પોતાનું સ્થાન ગ્રહણ કરો. (સતત અંતરાય) તમે આમ આદમી પાર્ટીના સભ્યને ન બોલવા દો એ ઠીક નથી. એમને તમારે બે મિનિટ આપવી જોઇએ. એમને બે મિનિટ આપ્યા પછી તમારી પાસે સમય હતો. (સતત અંતરાય) હું ફરી તમને વિનંતી કરું છું કે તમારું સ્થાન ગ્રહણ કરો. કૉંગ્રેસ પાર્ટીના અહીં ઉપસ્થિત તથા દેખાવ કરી રહેલ તમામ સભ્યોને મારી વિનંતી છે કે તેઓ પોતાનું સ્થાન ગ્રહણ કરે. ફરી કહું છું કે પોતાનું સ્થાન ગ્રહણ કરે. કૉંગ્રેસ પાર્ટીના જેટલા માનનીય સભ્યશ્રીઓ અહીં દેખાવ કરી રહ્યા છે એમને બધાંને મારી પ્રાર્થના છે કે તમે પોતાનું સ્થાન ગ્રહણ કરો. (સતત સૂત્રોચ્ચાર) કૉંગ્રેસ પાર્ટીના જે માનનીય સભ્યશ્રીઓ દેખાવ કરી રહ્યા છે અને પોતાના સ્થાન ઉપર નથી બેઠા, મેં સૂચના આપી પણ વાત નથી માની એ તમામ કોંગ્રેસ પાર્ટીના સભ્યોને નેઇમ કરું છું. (નેઇમ કરેલ સભ્યશ્રીઓ-શ્રી અમિતભાઇ ચાવડા, શ્રી શૈલેષ પરમાર, શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, શ્રી કાંતિભાઇ ખરાડી, ડૉ.સી.જે.ચાવડા, ડૉ. તુષારભાઇ ચૌધરી, ગેનીબેન ઠાકોર, શ્રી દિનેશભાઇ ઠાકોર, શ્રી અમૃતજી ઠાકોર, શ્રી અનંતકુમાર પટેલ, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી કિરીટકુમાર પટેલ, શ્રી ચિરાગકુમાર પટેલ, શ્રી ગુલાબસિંહ ચૌહાણ) તમામ સભ્યશ્રીઓને નેઇમ કર્યા પછી હું તમામને વિનંતી કરું છું કે તમે તમારા સ્થાન પર બેસો. તમારે બહાર નીકળી જવું હોય તો તમારો અધિકાર છે પણ આ રીતે તમે ગૃહની કાર્યવાહી ન રોકી શકો. આ રીતે તમે ગૃહનો સમય ન બગાડી શકો. તમારે વૉકઆઉટ કરવું હોય તો તમારો અધિકાર છે પણ આ રીતે ન કરી શકો. હું ફરી એક મિનિટ આપું છું. તમે પોતાનું સ્થાન ગ્રહણ કરો. શૈલેષભાઇ, તમે બેસી જાવ. અમિતભાઇ, તમે બેસી જાવ. માનનીય અર્જુનભાઇ, માનનીય કાંતિભાઇ, માનનીય ડૉ. સી.જે.ચાવડા, માનનીય ડૉ. તુષારભાઇ, માનનીય ગેનીબેન આપ બેસો. સૌ પોતાનું સ્થાન ગ્રહણ કરો. બીજી લાઇનમાં જે - જે સભ્યશ્રીઓ છે એ બધાને મારી પ્રાર્થના છે, ત્રીજી લાઇનમાં પણ જે ઊભા છે એ બધાને મારી પ્રાર્થના છે કે તમે બેસી જાવ. પોતાનું સ્થાન ગ્રહણ કરો. તમારે હવે શું કરવું છે? તમારે નીકળવાનું છે? (સતત સૂત્રોચ્ચાર) તમારે બોલવાનું હતું ત્યારે નથી બોલ્યા. તમને બોલવાનો મોકો આપ્યો છે ત્યારે તમે નથી બોલ્યા. તમારો માત્રને માત્ર ઇરાદાપૂર્વક મીડિયામાં પ્રસિદ્ધિ લેવા માટેનો સ્ટંટ છે. એનો દુરુપયોગ આ રીતે ન કરી શકાય. વિધાનસભા ગૃહનો દુરુપયોગ આ રીતે ન કરી શકાય. (સતત અંતરાય) મારી તમને પ્રાર્થના છે. શ્રી અમિતભાઇ, તમે આ રીતે ન કરો. તમારે બેસવું નથી? (સતત સૂત્રોચ્ચાર)

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે પૂર્વધારણા કરી એ સત્યથી બિલકુલ નજીકની હતી અને એ જ પ્રમાણે પહેલેથી ટાઇપ કરેલા બેનર સાથે ગૃહમાં ઉપસ્થિત થઇ અને જે દેખાવો કરી રહ્યા છે. આપે બધાને નેમ કર્યા પછી પણ વારંવાર વિનંતીઓ કરી છે કે આપ સૌ બેસી જાઓ. આપે એમ પણ કહ્યું કે કૉંગ્રેસ પક્ષના કાર્યાલયમાં (અંતરાય) અને પછી પણ આ પ્રકારનું વર્તન કદાપિ સાંખી લેવાય નહિ. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઈ, આપને શું કહેવું છે? આપ સૌ બેસો, હું શ્રી શૈલેષભાઈને એક મિનિટ આપું છું. બાકીના બધા બેસો, માનનીય સભ્યશ્રીઓ નીચે બેસો નહિતર હું સમય આપતો નથી. તમારે બોલવું નથી, તમારે વાત પણ મૂકવી નથી, કોઈ વાત સાંભળવી નથી, બેસવું પણ નથી તો પછી તમને નિયમોમાં કોઈ ભરોસો નથી કે નિયમ પ્રમાણે કામ પણ કરવું નથી તે ન ચાલે. હું તમારા સભ્યશ્રીને બોલવા માટે તક આપું છું, મંત્રીશ્રીને બેસાડ્યા તો પણ તમે બોલવા તૈયાર નથી તો

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

મને લાગે છે કે તમને સંવિધાનમાં ભરોસો નથી તો હું શું કરું? (સતત સૂત્રોચ્ચાર) તમારે બેસવું જ નથી? મેં શ્રી શૈલેષભાઈને સમય આપવાની વાત પણ કરી. તમે બેસવા માટે તૈયાર નથી. તમારે વાત સાંભળવી નથી અને ઊભા જ રહેવું છે. બેસો બેન, નીચે બેસી જાઓ. શ્રી કાંતિભાઈ, નીચે બેસી જાઓ. (સૂત્રોચ્ચાર) એક મિનિટ. શ્રી શૈલેષભાઈ, તમે જે વાત કરવી હોય તે સીધી વાત કરો. (સૂત્રોચ્ચાર) માનનીય મંત્રીશ્રી, આપ ઊભા થાઓ. (અંતરાય) મેં શ્રી શૈલેષભાઈને બોલવા માટે કહ્યું તો શ્રી અમિતભાઈએ ફરી ચાલુ કરાવ્યું. માનનીય મંત્રીશ્રી, આપ ચાલુ કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે વારંવાર વિનંતી કરી, ઘણી તક આપી કે આ ગૃહમાં ઊભા થઈ બેનરો ન બતાવે, કોઈપણ પ્રકારના પ્રદર્શન ન કરે છતાં આપની વારંવારની વિનંતી પછી પણ જે કારણસર માત્ર ને માત્ર નીચે જઈ મીડિયા બાઈટ આપવી અને મીડિયા પ્રસિદ્ધિ માટે ગૃહનો કિંમતી સમય બગાડી રહ્યા છે ત્યારે આપે નેઈમ કરેલા બધા સભ્યોને હવે બાકીના સમયની કાર્યવાહીમાંથી મુક્ત કરવામાં આવે/સસ્પેન્ડ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : બાકીનો સમય એટલે ગૃહ ચાલે ત્યાં સુધી કે આજનો દિવસ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ.

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપ સંસદીય પ્રણાલિકા પ્રમાણે ગૃહને ખૂબ સારી રીતે ચલાવી રહ્યા છો ત્યારે ગૃહમાં પ્રદર્શન કરવું, આપની આજ્ઞાનો અનાદર કરવો તે ગૃહનું અપમાન છે અને આ અપમાન ક્યારેય પણ ન ચલાવી લેવાય. માનનીય મંત્રી શ્રી ઋષિકેશભાઈ જે પ્રસ્તાવ લાવ્યા છે તેને હું ટેકો આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : કૉંગ્રેસ પક્ષના અહીંયા ઉપસ્થિત દેખાવ કરી રહેલા અને મેં નેઈમ કરેલા તમામ ધારાસભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**(દરમિયાનમાં કૉંગ્રેસ પક્ષના સભ્યો વેલમાં બેસી ગયા)**

અધ્યક્ષશ્રી : સાર્જન્ટને મારી વિનંતી છે કે અહીંયા આગળ આવી અને નીચે બેઠેલા બધા સભ્યશ્રીઓને બહાર મૂકી આવો. (સતત સૂત્રોચ્ચાર) ધીમે ધીમે લઈ જજો. કોઈને વાગે નહિ તે રીતે શાંતિથી બહાર લઈ જાઓ.

**(સભ્યશ્રી અમિતભાઈ ચાવડાએ માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે જવાનો પ્રયાસ કર્યો.)**

અધ્યક્ષશ્રી : આ બાબતમાં કૉંગ્રેસ કાર્યાલયનો ઉપયોગ થયો હશે તો મારે નાછૂટકે કાર્યાલયને બંધ કરવું પડશે અને હું તપાસના આદેશ પણ આપું છું.

**(સાર્જન્ટ દ્વારા કૉંગ્રેસ પક્ષના હાજર તમામ સભ્યોને બહાર લઈ જવામાં આવ્યા.)**

અધ્યક્ષશ્રી: મારી પાસે એવી માહિતી હતી કે, કૉંગ્રેસ કાર્યાલયની અંદર બેસીને બપોર પછી કેટલાક લોકોએ એવું કહ્યું કે તમે મીઠાઇ લઈ આવો એટલે આપણે મીઠાઇ બતાવીને અહીંયા દેખાવો કરીએ અને કોઇપણ પ્રકારે કાર્યવાહીમાં ભાગ ન લેવો. ખાસ કરીને, બિલની અંદર શું બોલવું એ તેઓ નક્કી નહોતા કરી શકતા. છેલ્લે એમણે એવું નક્કી કર્યું કે અહીંયા આવીને દેખાવો કરવા. તેઓ એમનેમ બહાર નીકળી શક્યા હોત. પરંતુ, આ રીતે દેખાવો કરીને ગૃહનો સમય બગાડવો એ બાબત વાજબી નથી. કૉંગ્રેસ કાર્યાલયની અંદર બેસીને આ બધું ગોઠવ્યું છે એ બાબતે મારે ક્રોસ ચેક કરવાનું બાકી છે. કોઈપણ પોલિટિકલ પાર્ટીને વિધાનસભાની કાર્યવાહીમાં ઉપયોગી થવા માટે અમે કાર્યાલય આપીએ છીએ. એના નિયમો તોડવા માટે આપતા નથી. આ કાર્યાલયનું કામ અહીંની કામગીરીને ઉપયોગી થવા માટેનું છે. ગૃહની કામગીરી સારી રીતે ચાલે અને પ્રજાકલ્યાણના પ્રશ્નોનો ઉકેલ આવે એ માટે છે. પરંતુ, ગૃહના નિયમોને તોડવા અથવા તો મરોડવા માટેના પ્રયત્નો થાય તો એ બાબત બરાબર નથી. હું ત્યાં આગળ તપાસ સોંપું છું. સાહિત્ય તૈયાર કરવાનું કામ અને બીજી ગતિવિધિઓ ત્યાં થતી હોય તો એનો વિગતવાર રિપોર્ટ મને સાર્જન્ટ દ્વારા તાત્કાલિક પહોંચતો કરવામાં આવે.

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા ( ચોથો અને છેલ્લો દિવસ)** (ક્રમશઃ)

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪નું જે બજેટ રજૂ કરવામાં આવ્યું છે તેમાં મારાં સૂચનો રજૂ કરું છું. માનનીય મંત્રીશ્રી દ્વારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે રૂ.૫૫૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે પછાત સમાજ છે એ ખૂબ મોટો સમાજ છે અને એની વસ્તી ૫૧ ટકા કરતાં પણ વધારે છે. આ સમાજ માટે બજેટમાં કોઇ ખાસ જોગવાઇ કરવામાં આવી નથી. ખાસ કરીને, ગુજરાતમાં ઓ.બી.સી. સમાજમાં પણ કોળી અને ઠાકોર સમાજની વસ્તી ખૂબ મોટી છે. આ સમાજનું જે નિગમ છે એમાં કોઇપણ પ્રકારના બજેટની ફાળવણી કરવામાં આવી નથી. વસતિની દૃષ્ટિએ આ સમાજ ખૂબ મોટો છે, ગરીબ અને પછાત પણ છે. આપના માધ્યમથી માનનીય નાણામંત્રીશ્રીને કહેવા માગું છું કે, ગુજરાતમાં વસતા આટલા મોટા સમાજ માટે રૂ.૧૫૦૦ કરોડ કરતાં વધારે જોગવાઇ કરવી જોઇએ. આ પ્રકારની કોઇપણ જોગવાઇ કરવામાં આવી નથી. પછાત વર્ગના વિદ્યાર્થીઓને છેલ્લાં બે વર્ષથી ગ્રાન્ટના અભાવે શિષ્યવૃત્તિ આપવામાં આવી નથી. એક વિદ્યાર્થીએ આર.ટી.આઇ. પણ કરી હતી. આ પછાત સમાજના અન્ય બેરોજગારો છે એમને કોઇ લોન પણ આપવામાં આવી નથી. જે પછાત જિલ્લાઓ છે એમાં સરકારી શૈક્ષણિક સંકુલોની સંખ્યા ખૂબ ઓછી છે.

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, આપ શું કહો છો?

## તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

સભાગૃહમાં લાવેલ ખાદ્ય પદાર્થનો તપાસ અહેવાલ રજૂ કરવા અંગે

શ્રી રમણલાલ ઈ. વોરા(ઇડર): માનનીય અધ્યક્ષશ્રી, આપના નેતૃત્વમાં આજે જે કંઇપણ થયું છે, આપે અનેક વખતે સૂચનાઓ આપી, પરંતુ આપની સૂચનાઓનું પણ એમણે ધ્યાન રાખ્યું નથી. કૉંગ્રેસ હતાશામાં છે, થાકેલી છે. ગુજરાતની પ્રજાએ છેલ્લાં ૩૨-૩૨ વર્ષથી એમને કોઇ સમર્થન આપ્યું નથી. એટલા માટે માનસિક રીતે તનાવમાં આવીને જયારે આ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમનો જાહેરમાં ભંગ કરી રહ્યા છે ત્યારે મને ખબર નથી કે, એમણે કોઇ પ્રકારની આ મીઠાઇ અમને આપી છે. એ સીધે સીધા તો જનતા સામે કે અમારી સામે લડી શકે એમ નથી. એટલે આ પદાર્થ શું છે? એમાં ઝેર છે કે નહીં? અથવા કેવી રીતે કરાવાયું છે? આની ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરીમાં તપાસ કરાવવામાં આવે અને આ અંગેના જે કોઇપણ ગુનેગારો હોય એમને સજા કરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, આપના સાર્જન્ટને હું વિનંતી કરું છું કે, જરા આ પદાર્થ મારી પાસેથી મેળવી લે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી પાસેથી પદાર્થ મેળવી લેવામાં આવે. માનનીય સભ્યશ્રીએ જે પદાર્થ આપ્યા છે તે પદાર્થ  કયાં આગળ બનાવડાવ્યા હતા? કયાં ભેગા કર્યા હતા? કોના કાર્યાલયમાં મળ્યા હતા? એની વિગતો શું શું છે? એ પણ ચેક કરવી પડે. એ ખાદ્ય છે કે અખાદ્ય છે, એ પણ ચેક કરવું જોઇએ અને એનો રિપોર્ટ અહીંયા રજૂ કરવામાં આવે.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ  (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ રિસેસ પછીના સમયમાં બિન-સરકારી કામકાજ હાથ ધરવાનું હોવાથી માનનીય નાણામંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યારબાદ રિસેસ જાહેર કરવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : નાણામંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય પછી રિસેસ જાહેર કરવામાં આવે? ઠીક છે. માનનીય નાણામંત્રીશ્રીનું પ્રવચન પૂરુ થયા બાદ રિસેસ જાહેર કરવામાં આવે છે.

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા ( ચોથો અને છેલ્લો દિવસ)** (ક્રમશઃ)

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં અમારી સરકાર તરફથી તા.૨૪-૦૨-૨૦૨૩ના રોજ રજૂ કરવામાં આવેલ બજેટ ઉપરની ચર્ચામાં કેટલાક માનનીય સભ્યશ્રીઓએ વિકાસલક્ષી બજેટને અનુમોદન આપેલ છે. કેટલાક ધારાસભ્યશ્રીઓએ સૂચન પણ કરેલાં છે. આ સન્માનનીય ગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓએ બજેટ અંગે રજૂ કરેલ મંતવ્યો અને સૂચનોની મેં નોંધ લીધી છે. અંદાજપત્રની ચર્ચામાં ભાગ લેનાર સર્વે સભ્યશ્રીઓનો આ તબક્કે હું આભાર વ્યકત કરું છું. ખાસ કરીને, અમારા ભારતીય જનતા પાર્ટીના સર્વે ધારાસભ્યશ્રીઓ તેમજ મંત્રીશ્રીઓ, શ્રી ઋષિકેશભાઇ, શ્રી બલવંતજીભાઇ, શ્રી કુંવરજીભાઇ, શ્રી જગદીશભાઇ પંચાલ તેમજ સિનિયર સભ્યશ્રીઓ, શ્રી ગણપતભાઇ વસાવા સાહેબ, શ્રી રમણભાઇ, શ્રી પંકજભાઇ જેવા સભ્યશ્રીઓએ પણ આમાં સુંદર રસ લઇને રજૂઆત કરી છે. સાથે સાથે શ્રી ઉમેશભાઇએ પણ ઓ.બી.સી. માટે રજૂઆત કરી છે અને શ્રી શૈલેષભાઇએ પણ રાજ્યના દેવા અંગે ચિંતા વ્યકત કરી હતી. આ બધા વિષયોની મેં નોંધ લીધી છે. સાથે સાથે સન્માનનીય ગૃહ સમક્ષ વિવિધ વિભાગો માટેની જોગવાઇઓ રજૂ કરેલ છે. જેને સર્વાનુમતે પસાર કરી રાજ્યની વિકાસ યાત્રામાં આપણે સૌ સહભાગી થઇશું એવી આશા વ્યકત કરું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ  અમારી સરકારનું આ દ્વિતિય બજેટ છે. રાજ્યની જનતાની આશા, આકાંક્ષાઓને સાકાર કરતું અને સમાજના દરેક વર્ગની અપેક્ષાઓને પૂર્ણ કરતું બજેટ આપવાનો અમારી સરકારે નમ્ર પ્રયાસ કર્યો છે. ''આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત'' બનવાની દિશામાં આગળ વધતું આ વિકાસલક્ષી બજેટ છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી વણથંભી વિકાસયાત્રાને ચાલુ રાખવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર કૃતસંકલ્પ છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આગળ વધી આપણા ઉપર વર્ષો સુધી શાસન કરનાર ઇંગ્લેન્ડને છઠ્ઠા ક્રમે રાખી, ભારત વિશ્વની પાંચમી આર્થિક મહાસત્તા બનેલ છે. ભારત આજે વિશ્વના વિકસિત દેશોની હરોળમાં સામેલ થવા જઇ રહ્યું છે ત્યારે ગુજરાત એક દેશના ગ્રોથ એન્જિનની ભૂમિકા ભજવી રહ્યું છે, એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. આપણા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે એમણે જે વાઇબ્રન્ટ ગુજરાત શરું કરેલું, એ વાઇબ્રન્ટ ગુજરાતને અનુલક્ષીને હવે ભારતના બધાં રાજ્યો એ રીતે ઇન્વેસ્ટમેન્ટ સમિટ કરીને પોતાનો વિકાસ કરવા પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે આપણું ગુજરાત એ બાબતમાં ૨૦ વર્ષ આગળ છે, એનું આપણે ગૌરવ લેવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહમાં જણાવતા મને આનંદ થાય છે કે ગુજરાતના પનોતા પુત્ર માનનીય શ્રી નરેન્દ્રભાઇની દીર્ઘ દષ્ટિથી વિશ્વવ્યાપી લોકપ્રિયતાના લીધે વિશ્વના મોટા દેશોના સમૂહ એટલે કે જી-૨૦નું વર્ષ ૨૦૨૩નું નેતૃત્વ કરવાનું ગૌરવ ભારતને પ્રાપ્ત થયું છે. જી-૨૦ દેશોમાં વિશ્વના સૌથી મોટા દેશો અને વિશ્વનો જે ૮૦ ટકાથી વધારે બિઝનેસ છે તેમજ વસતિ છે. એ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે અને એનું પ્રતિનિધત્વ એટલે કે ચેરમેનશીપ આપણા દેશને મળી છે એ આપણા માટે ગૌરવની વાત છે. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્યના વિકાસ અને પ્રજાના કાર્યો માટે

ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

આગામી વર્ષના અંદાજપત્રમાં રૂપિયા ૩ લાખ કરોડનો આંકડો પાર કરી સૌ પ્રથમવાર ગુજરાતનું બજેટ રૂપિયા ૩ લાખ કરોડ પાર કરી રહ્યું છે, ત્યારે ગયા વર્ષના બજેટ કરતા રૂપિયા ૫૭ હજાર કરોડનો વધારો સૂચવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની વિકાસ યાત્રાને વધુ વેગવંતી બનાવવા માટે અમે આ અંદાજપત્રમાં વિવિધ ક્ષેત્રો માટે સપ્રમાણ ફાળવણી કરી છે. જેમાં સામાજિક સુરક્ષા, છેવાડાના નાગરિકોનો વિકાસ, કૃષિ અને ખેડૂત કલ્યાણ, યુવા રોજગાર, આરોગ્ય, જળ વ્યવસ્થાપન, રસ્તાઓ, વીજળી જેવા અગત્યના ક્ષેત્રો ઉપર ખાસ ભાર મૂકવામાં આવેલ છે. જેના મારફતે અમે ગુજરાતને સર્વ સમાવેશક વિકાસની નવી ઊંચાઈએ લઈ જઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં રૂપિયા ૯૧૬.૮૭ કરોડની એકંદર પુરાંત તેમજ રૂપિયા ૯૦૩૮.૩૦ કરોડની મહેસૂલી પુરાંત દર્શાવે છે. આમ, મહેસૂલી પુરાંતવાળું આ સતત ૧૨મું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. આપણું ગુજરાત સમગ્ર દેશમાં સૌથી વધુ અર્થતંત્રની નીતિમત્તા ધરાવતું રાજય છે અને એના લીધે જ આપણે આ ૧૨મું પુરાંતવાળું અંદાજપત્ર રજૂ કરી શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું હવે આવકના અંદાજ રજૂ કરીશ. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાજયની પોતાની કર આવક ૧,૩૮,૮૮૧ કરોડ અંદાજવામાં આવી છે. જયારે બિન કર આવક ૧૭૦૧૩ કરોડ અંદાજવામાં આવી છે. સને ૨૦૨૩-૨૪માં રાજયની પોતાની મહેસૂલી આવક રૂપિયા ૨,૦૭,૭૧૦ કરોડ અંદાજવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું ખર્ચના અંદાજ રજૂ કરીશ. સને ૨૦૨૩-૨૪ના અંદાજો રૂપિયા ૩,૦૧,૦૨૨ કરોડ અંદાજવામાં આવ્યા છે. જયારે સને ૨૦૨૨-૨૩ના અંદાજો રૂપિયા ૨,૪૩,૯૬૪ કરોડ કરોડની સામે ૫૭,૦૫૮ કરોડનો વધારો દર્શાવે છે. એટલે કે લગભગ ૨૩.૮ ટકાનો વધારો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૩-૨૪ દરમ્યાન સરકારનો વિકાસલક્ષી ખર્ચ ૧,૦૪,૯૪૯ની સામે ૮૬૦૬૧ કરોડનો વધારો દર્શાવે છે. કેન્દ્ર સરકારે મૂડી ખર્ચમાં વધારો કરવાની બાબતને પ્રોત્સાહન આપેલ છે. એ જ માર્ગ ઉપર આગળ વધતા અમારી સરકારે આ અંદાજપત્રમાં મૂડી ખર્ચ માટે ગત વર્ષ કરતા ૯૧ ટકા વધુ એટલે કે લગભગ રૂપિયા ૭૨૮૦૯ કરોડની જોગવાઈ કરેલી છે. મૂડી ખર્ચમાં આ વધારો ગુજરાતની વિકાસ યાત્રાને વધારે વેગવંતી બનાવશે અને યુવાનો માટે વિવિધ ધંધા રોજગારીનું વિપુલ પ્રમાણમાં સર્જન થશે એની મને ચોકકસ ખાતરી છે. અત્યાર સુધીનો જે ખર્ચ રેવન્યૂમાં થાય છે અને રેવન્યૂ ખર્ચના લીધે વિકાસલક્ષી એસેટોનું સર્જન થતું નથી એના માટે કેન્દ્ર સરકારે અને તેને અનુલક્ષીને રાજય સરકારે આ બજેટમાં આ નિર્ણય લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે વિકાસની પરિકલ્પનાના ૫ સ્તંભ મારફતે આગામી ૫ વર્ષમાં ગુજરાતનું સકલ એટલે કે જી.એસ.ટી.બી. ઘરેલું ઉત્પાદન રૂપિયા ૪૨ લાખ કરોડ કરવાના લક્ષ્ય સાથે આગામી વર્ષનું બજેટ રજૂ કરેલ છે. હવે ૫ સ્તંભોની વાત કરીએ. સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને પાયાની સુવિધાઓ સાથે સામાજિક સુરક્ષા પૂરી પાડવી. બીજો સ્તંભ માનવ સંસાધનોનો વિકાસ. વિશ્વ સ્તરીય આંતર માળખાકીય સગવડો ઊભી કરવી. ત્રીજો સ્તંભ છે કૃષિ, ઔદ્યોગિક, સેવા ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ. ચોથો સ્તંભ છે ગ્રીન ગ્રોથ એટલે કે પર્યાવરણની જાળવણી સાથે વિકાસ કરવો, પ્રથમ સ્તંભ એટલે ગરીબ અને જરૂરિયાતમંદ માટે પાયાની સુવિધાઓ સહિત સામાજિક સુરક્ષા માટે અમારી સરકારે પાંચ વર્ષમાં બે લાખ કરોડના આયોજન કરેલ છે. બજેટની ચર્ચા વખતે પણ વાત કરવામાં આવી કે પાંચ વર્ષના ખાલી વાયદા કર્યા છે, પરંતુ મારે જણાવવું છે કે પાંચ વર્ષના આયોજન માટેની આ બજેટમાં જે કોઈ પણ જોગવાઈ છે તેનો અમલ થતા છ મહિના નીકળે, સમય જાય એટલા માટે આ વ્યવસ્થિત જે રોડ મેપ નક્કી થયો છે એ આપણા ગુજરાતના વિકાસને આગળ લઈ જશે. સામાજિક ઉત્કર્ષની વાત કરીએ તો રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અને રાજય સરકારની નિરાધાર વૃદ્ધો માટેની આર્થિક સહાય યોજના અંતર્ગત અંદાજિત ૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન આપવા રૂપિયા ૧૩૪૦ કરોડની માતબર રકમ ફાળવી છે. દિવ્યાંગ પેન્શન યોજના, સંત સુરદાસ પેન્શન યોજના અંતર્ગત દિવ્યાંગોને પેન્શન આપવા માટે રૂપિયા ૫૮ કરોડની જોગવાઈ કરી છે. શૈક્ષણિક ઉત્કર્ષની વાત કરીએ તો પી.એમ.એસ.એસ.વી., પ્રી-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના, અંદાજે ૧૦ લાખ વિકસતિ જાતિના વિદ્યાર્થીઓને રૂપિયા ૪ હજારથી ૨૦ હજાર સુધીની શિષ્યવૃતિ આપવા રૂપિયા ૫૬૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓમાં અંદાજે ૩૭ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવી, ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના અંદાજે બે લાખ વિદ્યાર્થીનીઓને વિનામૂલ્યે સાઈકલ આપવી, છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓનો નીભાવ ખર્ચ આપવો, ઉચ્ચ અભ્યાસ માટે સહાય આપવી જેવી અનેક યોજનાઓ માટે અમે આ બજેટમાં જોગવાઈ કરી છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ વનબંધુના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના મારફતે જે કેડી કંડારી છે તેને આગળ વધારતા અમે આ વિભાગ માટે અનેક યોજનાઓ માટે માતબર રકમ ફાળવી છે. શ્રી ચૈતરભાઈનો એક પ્રશ્ન હતો કે રૂપિયા ૩૯૦૦ કરોડ જ ફાળવ્યા છે, પરંતુ મારે કહેવું છે કે વિવિધ જે ખાતાઓ હોય છે એ ખાતામાં પણ આદિજાતિ કલ્યાણ માટેના પૈસા ફાળવવામાં આવે છે અને એના લીધે જે આપણે દર વર્ષનું જે બજેટ હોય તે પ્રમાણે જ આદિવાસી વિસ્તારનો વિકાસ કરવામાં આવે છે. આદર્શ નિવાસી શાળા, આશ્રમ શાળાઓ અને એકલવ્ય મોડેલ, રેસિડેન્શિયલ શાળાઓમાં અભ્યાસ કરતા દોઢ લાખ વિદ્યાર્થીઓને વિવિધ સહાય આપવા માટે રૂપિયા ૬૬૭ કરોડની જોગવાઈ

કરી છે. આદિજાતિના આર્થિક વિકાસ માટે આધુનિક કૃષિ યંત્રો, સિંચાઇની સુવિધા વધારવા, ડેરી વિકાસ માટે, સ્વ રોજગારીનું સર્જન કરવા સહિતની અનેક યોજનાઓ માટે અમે મોટી રકમ ફાળવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં આદિમ જૂથો અને હળપતિઓના વિકાસ માટે આ વર્ષના બજેટમાં અમે મુખ્યમંત્રી આદિમ જૂથ સર્વાંગી વિકાસ યોજના જાહેર કરી છે. આ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોમાં આવાસ, રસ્તાઓ, વીજળી, આર્થિક ઉપાર્જન, આરોગ્ય જેવી સુવિધાઓ માટે રૂ.૧૩૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. શ્રમિકોને રૂપિયા પાંચના નજીવા દરે ભોજન ઉપલબ્ધ કરાવવા માટે શ્રમિક અન્નપૂર્ણા યોજના તો ચાલુ છે જ. પરંતુ હવે નવા ૧૫૦ કેન્દ્રો ઉમેરવામાં આવશે. જેથી વધુ શ્રમિકોને આ યોજનાનો લાભ મળશે. શ્રમિકોના કલ્યાણ માટે આગળ વધતા શ્રમિક બસેરા સ્થાપવા એટલે કે શ્રમિકો કામની જગ્યાએ જ બાજુમાં રહી શકે એ માટે રૂપિયા ૬૦૦ કરોડની જોગવાઇ કરી છે. આ યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકો કામના સ્થળની નજીક રહેઠાણની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેથી શ્રમિકો પરિવારને વધુ સમય આપી શકે અને કામના સ્થળે જવાની તકલીફ પણ ન પડે. આમ, સમાજના છેવાડાના વર્ગની ચિંતા કરવી અને તેમની સમસ્યાઓ દૂર કરવી એ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળની અમારી સરકારની પ્રાથમિકતા છે. સૌથી વધુ અગત્યની વાત એ છે કે વિધવા બહેનોને આર્થિક તેમજ સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે ગંગા સ્વરૂપા યોજના શરૂ કરેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯માં આ યોજના હેઠળ ૧૭૧૦૦૦ લાભાર્થીઓ માટે રૂપિયા ૨૨૭ કરોડનો ખર્ચ કરવામાં આવતો હતો. રાજય સરકારે આ યોજનાનો લાભ વધુ બહેનોને આપી શકાય તે માટે તેની શરતો હળવી કરતા આજે લાભાર્થીઓની સંખ્યા અંદાજે ૧૩ લાખ ૬૨ હજાર જેટલી છે. અને આવી ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક સહાય પૂરી પાડવા માટે અમારી સરકારે આ વર્ષે રૂપિયા ૧૮૯૭ કરોડ જેટલી માતબર જોગવાઇ કરી છે. સામાજિક સુરક્ષાની આવી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ લાભાર્થી સુધી પહોંચે એ સુનિશ્ચિત કરવા કુટુંબ ઓળખપત્ર આપવાની નવી યોજના અમે જાહેર કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દ્વિતિય સ્તંભ એટલે માનવ સંશાધન, એટલે કે આપણી પાસે જે માનવધન છે તેનો વિકાસ કરીને એ રાષ્ટ્રના વિકાસમાં, ગુજરાતના વિકાસમાં કેવી રીતે ફાળો આપી શકે તે માટે આવતા પાંચ વર્ષમાં અંદાજે રૂ. ૪ લાખ કરોડનો ખર્ચ કરવાની અમે આ બજેટમાં જાહેરાત કરેલ છે. અમારી સરકારે આગામી વર્ષથી મધ્યાહ્ન ભોજન અને આંગણવાડીમાં 'શ્રી અન્ન' એટલે કે મિલેટનો સમાવેશ કરવાનો નિર્ધાર કરેલ છે અને વ્યાજબી ભાવની દુકાનમાં પણ તેનું વિતરણ કરવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રાશનની વિશેષ કાળજી અમે લીધેલ છે. માતા યશોદા તરીકે ફરજ બજાવનાર આંગણવાડીની બહેનોને માનદ્ વેતન અને અન્ય સવલતો પૂરી પાડેલ છે. આંગણવાડી કેન્દ્રોના નિર્માણ, અપગ્રેડેશન અને સુવિધાઓ વધારવા માટે અને બાળકોને આંગણવાડીમાં સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવા તેમજ ડિજિટલ લર્નિંગ મટિરિયલ પૂરું પાડવા જેવી યોજનાઓ માટે મહિલા અને બાળ વિકાસ માટે કુલ ૬૦૬૪ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવેલ છે. અન્ન સુરક્ષા, પોષણ અને નાગરિક પુરવઠાની યોજનાઓના સુદ્રઢ અમલીકરણ માટે આ વર્ષે ૪૨ ટકા જેટલો ધરખમ વધારો સૂચવેલ છે. રાજ્યમાં અંદાજે ૩૯ લાખ કુટુંબોનો ઉજ્જવલા યોજના અંતર્ગત સમાવેશ કરી રાંધણગેસના સિલિન્ડરનું વિતરણ કરવામાં આવેલ છે. આ પરિવારોને દર વર્ષે રાંધણગેસના બે સિલિન્ડર વિનામૂલ્યે રીફિલિંગ કરી આપવાનો સરકારે નિર્ણય કર્યો છે જે રાજ્ય માટે ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષની સૌથી અગત્યની જાહેરાત કે પ્રધાનમંત્રી જન આરોગ્ય, માં યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા રાજ્યના ૮૫ લાખ જેટલા કુટુંબોને નિઃશુલ્ક સારવાર આપવા માટે કુટુંબદીઠ વીમાની વાર્ષિક મર્યાદા રૂ.૫ લાખથી વધારીને રૂ.૧૦ લાખ કરવામાં આવી છે. આગામી પાંચ વર્ષમાં રૂ. ૪૨૦૦ કરોડની વર્લ્ડ બેંકની લોન તેમજ તાંત્રિક સહાય સાથે શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ દ્વારા આરોગ્યની સેવા વધુ સઘન રીતે પૂરી પાડવાનું અમારી સરકારે આયોજન કર્યું છે. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સના પ્રોજેક્ટ થકી શાળાઓમાં નવા વર્ગખંડો, સ્માર્ટ ક્લાસરૂમ, કોમ્પ્યુટર લેબ, વોકેશનલ લેબ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા શિક્ષણ ક્ષેત્રે નવા આયામો સર કરવાની અમારી નેમ છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અંતર્ગત પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ-૬થી ૧૨ સુધીનું શિક્ષણ વિનામૂલ્યે મળે તે માટે ઉચ્ચસ્તરીય સુવિધા ધરાવતા ૪૦૦ જ્ઞાનસેતુ ડે સ્કૂલ કરવાની પણ અમે આ બજેટમાં જાહેરાત કરી છે. આવતા વર્ષથી અમારી સરકાર દ્વારા એક વિશેષ પહેલ અંતર્ગત ધોરણ-૧થી ૮માં આર.ટી.ઇ. યોજના હેઠળ અભ્યાસ કરેલ હોય તેવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ-૮ પછી પણ ખાનગી શાળામાં અભ્યાસ કરી શકે તે માટે રૂ.૨૦ હજારના શાળા વાઉચર માટે પણ આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ મેળવનાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવા માટે અમારી સરકારે રૂ.૩૯૦ કરોડની જોગવાઇ કરેલ છે. સરકાર ડિગ્રી ઇજનેરી અને પોલિટેક્નિક કોલેજો તેમજ ન્યુ ટેક્નોલોજી માટે સેન્ટર ઓફ એક્સેલન્સ શરૂ કરવા જઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક જિલ્લામાં એક ડિજિટલ લાઇબ્રેરી અને દરેક જિલ્લાના એક તાલુકામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ તથા સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા રમત-ગમત માટેની માળખાકીય સગવડો ઊભી કરવા સહિતનાં અનેક કામો માટે રમત-ગમત વિભાગ માટે રૂ.૫૬૮ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. વડનગર, એકતાનગર, દ્વારિકા, ચોટીલા અને પાટણ ખાતે આપણા સાંસ્કૃતિક વારસાની અનુભૂતિ કરાવતા સંગ્રહાલય અને અન્ય કામ માટે રૂ.૫૫ કરોડ ફાળવેલ છે. રાજયમાં વિશ્વ

કક્ષાની આંતર માળખાકીય સવલતો ઊભી કરવા માટે તૃતિય સ્તંભ હેઠળ આગામી પાંચ વર્ષમાં રૂપિયા પાંચ લાખ કરોડનો ખર્ચ કરવાનું અમારી સરકારનું આયોજન છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી એકતા નગરની નજીક આવતા ગામો માટે માળખાકીય સુવિધાઓ વિકસાવવા સહિત પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ માટે આ બજેટમાં વિશેષ જોગવાઇ કરવામાં આવી છે. ત્રિસ્તરીય પંચાયતી માળખાને સુદ્રઢ કરી વિવિધ ઉપલબ્ધ સુવિધાઓના સુદ્રઢીકરણ અને સંવર્ધન દ્વારા ગ્રામ્ય ક્ષેત્રે જીવન ધોરણ ઊંચું લઇ જવા અમારી સરકાર સતત કાર્યરત છે, જે માટે રૂ.૧૦,૭૪૩ કરોડની નોંધપાત્ર જોગવાઇ કરવામાં આવી છે. અમારી સરકારે ગુજરાત રાજયનાં શહેરોમાં વિશ્વકક્ષાની સવલતો ઊભી કરવા માટે શહેરી વિકાસ વિભાગમાં બજેટમાં ૩૭ ટકાનો વધારો કરી રૂ.૧૯,૬૮૫ કરોડની શહેરી વિકાસ યોજનાને ફાળવેલ છે. મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ શહેરી સત્તા મંડળોમાં પાયાની માળખાકીય સુવિધાઓ માટે અમલમાં મૂકેલ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને વર્ષ ૨૦૨૪ સુધી લંબાવી આ બજેટમાં રૂ.૮૦૮૬ કરોડ ફાળવવામાં આવ્યા છે. નગરપાલિકાઓને લાઇટ બિલ ભરવામાં પડતી મુશ્કેલીઓ નિવારવા આ વખતે અમે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ સાથે વીજની પ્રોત્સાહન નિધિની સ્થાપના કરી છે. આગામી વર્ષમાં ખેતી ઘરગથ્થું તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે વીજ વપરાશ વધવાની શકયતાઓ છે જેને ધ્યાને લેતા રાજયની જનતાને અવિરત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે વીજ ઉત્પાદન ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશનના નેટવર્કને સુદ્રઢ કરવા ભવિષ્યલક્ષી આયોજન સરકારે કરેલ છે. વીજ વિતરણ માટે માખળખાકીય સુવિધાઓનું અપગ્રેડેશન કરવા અને સ્માર્ટ મીટર લગાવવા આર.ડી.એસ.એસ. યોજના હેઠળ રૂ.૧૩૯૦ કરોડની જોગવાઇ કરી છે. રાજયમાં ઊર્જાના વપરાશમાં સન ૨૦૩૦ સુધીમાં રીન્યુએબલ ઊર્જાનો હિસ્સો વધારીને ૪૨ ટકા સુધી લઇ જવા માટે અમે કાર્યબદ્ધ છીએ. ખેડૂતોને રાત્રીના બદલે દિવસે વીજળી પૂરી પાડવા માટે કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકેલ છે જે માટે રૂપિયા૧૫૭૦ કરોડ ફાળવીએ છીએ. આ માટે રીન્યુએબલ, સોલાર અને વિન્ડ એનર્જીના ઉત્પાદનમાં વધારો કરવામાં આવશે અને સાથે સાથે બધા ફિડરોને રીન્યુએબલ એનર્જી વહન કરવા માટેની શકિત વધારવામાં આવશે. આદિજાતિ, સાગરકાંઠા અને અન્ય વિસ્તારોમાં નવા કૃષિ વિષયક જોડાણો આપવા સાગરકાંઠા તથા આદિજાતિ વિસ્તારોમાં નવાં સબસ્ટેશનો સ્થાપવા અને પી.એમ. કુસુમ યોજના હેઠળ સોલાર એગ્રીકલ્ચર પંપ માટે અંદાજે રૂપિયા ૧૫૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજયના તમામ ગામો અને બીજા મહત્ત્વના સ્થળોએ ગ્રામ્ય રસ્તાઓ અને ધોરીમાર્ગોની ગુણવત્તામાં પણ વધારો થાય તે હેતુથી સુયોજિત નેટવર્ક જોડવામાં આવ્યા છે. માર્ગ અને મકાન વિભાગની ચાલુ વર્ષની રૂ.૧૨,૦૨૪ કરોડની જોગવાઇમાં અંદાજે ૭૨ ટકા જેટલો માતબર વધારો કરી આગામી વર્ષોમાં રૂ.૨૦,૬૪૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હવે સીમાવર્તી વિસ્તારને પણ રોડથી સંપૂર્ણપણે જોડવા માટે રૂ.૧૬૦૦ કરોડના ખર્ચે પરિક્રમા પંથ યોજના અમલમાં મૂકવામાં આવશે જે માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પી.એમ. ગતિશકિત અંતર્ગત મહત્ત્વના પ્રોજેકટ અમદાવાદ મુંબઇ બુલેટ ટ્રેનના ઈક્વિટી ફાળા માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના સાત વર્ષ જૂના રસ્તાઓનું રી-સર્ફેસિંગ તથા પ્રવાસન અને યાત્રાધામોને જોડતા રસ્તાઓના અનુભાગોને ફોર લેન કરવા માટે અંદાજે રૂપિયા ૭૮૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રવાસન એ ગુજરાતની ખુશ્બુ સમગ્ર દેશમાં ફેલાવી છે જેને વેગ આપવા માટે ટુરિસ્ટ સર્કિટને જોડતા રસ્તાઓના વિકાસ માટે રૂ.૬૦૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજયમાં બસ આધારીત ટ્રાન્સપોર્ટ વ્યવસ્થાને પ્રોત્સાહન આપી પ્રવાસીઓની સગવડો વધારવાનું અને પ્રદૂષણ તેમજ રોડ ટ્રાફિકને ઓછો કરવાનું સરકારનું આયોજન છે. જે માટે વાહન વ્યવહાર નિગમ દ્વારા આગામી વર્ષે વિક્રમજનક બે હજાર નવી બસો મૂકવામાં આવશે. એરપોર્ટ જેવી સુવિધા બસસ્ટેશનો ઉપર આપવા માટે પી.પી.પી. ધોરણે સાત બસ પોર્ટ અમદાવાદ, ગીતામંદિર, નોર્થ પ્લોટ સુરત, ભરૂચ, અમરેલી, મોડાસા, પાટણ, નવસારી અને ભુજ ખાતે કાર્યરત કરવાનો અમારી સરકારે નિર્ણય કર્યો છે. વડાપ્રધાનશ્રીએ રૂ.ચાર હજાર કરોડના ખર્ચે ભાવનગર ખાતે શરૂ થનાર વિશ્વના પ્રથમ સી.એન.જી. ટર્મીનલનું ખાતમુહૂર્ત કરેલ છે.આથી એલ.એન.જી. બાદ હવે સી.એન.જી. આયાત તેમજ પરિવહનમાં ગુજરાત દેશમાં અગ્રગણ્ય રાજ્ય બની રહેશે. રાજકોટ ખાતે નવા આંતરરાષ્ટ્રીય એરપોર્ટની કામગીરી પૂર્ણ થનાર છે અને કેશોદ એરપોર્ટનું વિસ્તરણ અને દ્વારકા ખાતે નવા એરપોર્ટના નિર્માણનું અમે આયોજન કરેલ છે. નર્મદા યોજના થકી ગુજરાતના નાગરિકોને પીવા માટે, સિંચાઇ માટે અને ઉદ્યોગ માટે પાણી ઉપલબ્ધ બન્યું છે અને ખરા અર્થમાં આ યોજના રાજ્યની જીવાદોરી સમાન સાબિત થઇ છે ત્યારે આ યોજના પૂર્ણ કરવા માટે માનનીય વડાપ્રધાનશ્રીના પ્રયત્નોને જેટલા બિરદાવીએ એટલા ઓછા છે. આ આંતરરાજ્ય બહુહેતૂક યોજના માટે રૂપિયા ૫૯૫૦ કરોડની આ વર્ષે ફાળવણી કરી છે. અમદાવાદના લોકોની માગણીને ધ્યાનમાં લઇ ખારીકટ કેનાલને બોક્સ સ્ટ્રકચરમાં ફેરવવા અને ગિફ્ટ સિટીની સુંદરતામાં વધારો કરવા તેની નજીક સાબરમતિ રિવરફ્રન્ટ બનાવવા કુલ રૂપિયા ૪૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ચતુર્થ સ્તંભ હેઠળ કૃષિ ઉદ્યોગ અને સેવાને લગતી આર્થિક પ્રવૃત્તિના વિકાસ માટે આગામી ૫ વર્ષમાં રૂપિયા ૨ લાખ કરોડનો ખર્ચ કરવાનું અમારી સરકારે આયોજન કરેલ છે. ગુજરાતમાં ખેતી અને ઉદ્યોગનો વિકાસ મહત્તમ કક્ષાએ થયો છે. પરંતુ એક આવું જ ક્ષેત્ર ટુરિઝમ છે અને એના માટે આ બજેટમાં સરકારે વિશેષ જોગવાઇ કરી છે. ખાસ કરીને કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા કૃષિ ક્ષેત્રની માહિતી એક જ પોર્ટલ ઉપર મળે એ માટે ઇન્ડેક્ષ-એ ની સ્થાપના કરવામાં આવી છે. ખેડૂતોને રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવા માટે કટિબદ્ધ અમારી સરકારે બજેટમાં રૂપિયા ૮,૨૭૮ કરોડની જોગવાઇ કરેલ છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળે તે માટે દેશી ગાયના નિભાવ ખર્ચ માટે ખેડૂતોને સહાય આપવા

રૂપિયા ૨૦૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે. ખેડૂતોને મિલેટ્સના વાવેતર વિસ્તાર વધારવા બિયારણ સહાય આપવા તેમજ પ્રચાર પ્રસાર માટે પણ અમારી સરકારે આયોજન કરેલ છે. કૃષિ યુનિવર્સિટીમાં માળખાકીય સગવડોનો વિકાસ, શૈક્ષણિક કાર્ય સંશોધનોની કામગીરી માટે રૂપિયા ૧૧૫૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સૌથી અગત્યની વાત એ છે કે સમગ્ર દેશની તુલનાએ જોઇએ તો છેલ્લા આઠ વર્ષમાં થયેલા અંદાજે રૂપિયા ૩૨ લાખ કરોડના વિદેશી મૂડી રોકાણ પૈકી ૧૮ લાખ એટલે કે ૫૦ ટકા કરતાં વધારે મૂડી રોકાણ, ૫૭ ટકાનું મૂડી રોકાણ ગુજરાતમાં થયેલ છે. જે અમારી સરકારની ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની સફળતા બતાવે છે. જેને આગળ વધારતા આત્મનિર્ભર ગુજરાત યોજના અંતર્ગત ધી સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીઝ નીતિ જાહેર કરવામાં આવેલ છે. દેશનો સૌ પ્રથમ સેમીકોન મેન્યુફેકચરિંગ પ્લાન્ટ ધોલેરા ખાતે સ્થાપવામાં આવશે. જેમાં અંદાજે ૧.૫૦ લાખ કરોડ રૂપિયા કરતાં વધારે મૂડી રોકાણ થવાની સંભાવના છે. સેમી કન્ડકટર પોલિસી હેઠળ જુદી જુદી સુવિધાઓ માટે રૂપિયા ૫૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ એકતાનગર ખાતે સ્થાપાયેલ વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મિટરની સરદાર પટેલની પ્રતિમા સંપૂર્ણ દેશને એકતા અને અખંડિતતાનો સંદેશો આપે છે. સાથે સાથે પ્રવાસન ક્ષેત્રમાં વિશ્વમાં ગુજરાતનું નામ રોશન કરી રહી છે. રાજ્યના ૫ પ્રવાસન સ્થળો સ્ટેચ્યૂ ઓફ યુનિટી, સફેદ રણ, ધોળાવીરા, અંબાજી-ધરોઇ, ગીર અભયારણ્ય, સોમનાથ, દ્વારકા, શિવરાજપુર બીચને વિકસાવવા માટે આગામી ૫ વર્ષમાં રૂપિયા ૮ હજાર કરોડનો ખર્ચ કરવાનું અમારી સરકારે આયોજન કરેલ છે. રાજ્યમાં ધાર્મિક, પ્રવાસન, હેરિટેજ, એડવેન્ચર, ઇકો ટુરિઝમને ઉત્તેજન આપવા વધારાના અંદાજે રૂપિયા ૧૦ હજારના ખર્ચે કરવાનું આયોજન છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વપ્ન એવા ગિફ્ટ સિટીમાં કાર્યરત ભારતના પ્રથમ અને એકમાત્ર આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓના કેન્દ્ર ખાતે થીન્ક ટેન્ક હબ બનાવવામાં આવશે. જેનાથી થીન્ક ટેન્ક શિક્ષણ અને સંશોધનની ગુણવત્તામાં સુધારો થશે. થીન્ક ટેન્ક સ્ટાર્ટઅપ તથા ઇન્ક્યુબેશનને પ્રોત્સાહન મળશે. ખાસ આપણે નોંધ લેવી જોઇએ કે મુંબઇ જ્યારે સમગ્ર ભારતનું આર્થિક કેપિટલ કહેવાય છે, પરંતુ હવે આર્થિક કેપિટલ ગિફ્ટ સિટી બનવા જઇ રહ્યું છે તેનો સંપૂર્ણ યશ આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇને આપવો જોઇએ. માનનીય નરેન્દ્રભાઇ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે ગિફ્ટ સિટીનો અને આર્થિક સેન્ટરનો વિચાર કર્યો હતો અને એનો સંપૂર્ણ અમલ તેઓ જ્યારે દેશના વડાપ્રધાન થયા છે ત્યારે આપણને લાભ મળી રહ્યો છે. ગ્રીન ગ્રોથ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એ પાંચમો સ્તંભ છે અને પાંચ વર્ષમાં રૂપિયા બે લાખ કરોડનો ખર્ચ કરવાનું આયોજન અમારી સરકારે કરેલ છે. પાણીના વિતરણના સ્થળોનું વોટર ઓડિટ કરવાની તેમજ પાણીનો બગાડ અટકાવવા માટે વોટર ફ્લો મિટર લગાવવા અમારી સરકારે નોંધપાત્ર કામગીરી કરેલ છે. લોકોમાં વન અને પર્યાવરણ પ્રત્યે જાગૃત્તિ લાવવા તેમજ લોક સમુદાયને સક્રિય રીતે જોડવા માટે મિયાવાકી પદ્ધતિથી શહેરોમાં ૭૫ અર્બન ફોરેસ્ટ(વન કવચ)નું નિર્માણ કરવામાં આવશે. કેન્દ્ર સરકારના મિષ્ટી કાર્યક્રમ અંતર્ગત દરિયાઇ સૃષ્ટિનું સંવર્ધન અને દરિયાકાંઠાનું ધોવાણ અટકાવવા રૂપિયા ૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરકારી કામકાજમાં પણ ઇ-સરકારના અમલીકરણ દ્વારા કાગળના વપરાશમાં ઘટાડો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમૃતકાળમાં ગુજરાતના સર્વાંગી વિકાસ માટે આયોજનબદ્ધ રીતે આગળ વધતા અમારી સરકારે દરેક ક્ષેત્ર, દરેક વર્ગને સાથે રાખી સર્વ સમાવેશી, સર્વ સ્પર્શી બજેટ આપવા પ્રયત્ન કરેલ છે. આ બજેટ આગામી વર્ષની સાથે સાથે આવનારા પાંચ વર્ષ માટે પણ વિકાસનો રોડ મેપ નક્કી કરનારું બની રહેશે એવી અમને ચોક્કસ ખાતરી છે. અંદાજપત્રની યોજનાઓ વાસ્તવિક રીતે ચરિતાર્થ કરવા આપણે સૌ સંકલ્પબદ્ધ થઇ લોક કલ્યાણના કામો માટેની બધી જોગવાઇઓને સમર્થન આપી સર્વાનુંમતે અનુમોદન આપે એવી હું પ્રાર્થના કરું છું, જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત.

ઉપાધ્યક્ષશ્રી : હવે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા પૂર્ણ થાય છે. ગૃહનો વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી સાંજના ૬-૩૦ કલાકે મળશે.

**( વિરામ : સાંજના ૫-૫૭થી ૬-૩૦ )**

**માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

**બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી સંકલ્પો**

**બી.બી.સી.ની ડોક્યુમેન્ટરીમાં દર્શાવેલ મનઘડંત તારણો સામે કડક પગલાં લેવાં અંગે**

**વિપુલકુમાર વિ. પટેલ(સોજીત્રા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨માં સર્જાયેલો ગોધરા કાંડ અને ત્યારબાદ ગુજરાતમાં થયેલા કોમી રમખાણોમાં બી.બી.સી.ની ડોકયુમેન્ટરી અંગે બિન સરકારી સંકલ્પ રજૂ કરું છું.

'' ભારતીયો તરીકે આપણી નિષ્ઠાને કોઇપણ પ્રકારની સ્પર્ધાત્મક નિષ્ઠા દ્વારા અસર પહોંચે એવું હું ઇચ્છતો નથી.''આ વિચાર ડો.બી.આર.આંબેડકરે એમના પુસ્તકમાં અંકિત કરેલો છે જે આપણને નિષ્ઠાવાન ભારતીય તરીકે સુવર્ણ શીખ આપી રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે,

ફાલ્ગુન ૧૯, ૧૯૪૪ શાકે

બિન સરકારી સંકલ્પો

તાજેતરમાં બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (બી.બી.સી.) દ્વારા બહાર પાડવામાં આવેલ ડોક્યુમેન્ટરીમાં સને ૨૦૦૨ માં સર્જાયેલ ગોધરાકાંડ અને ત્યારબાદ ગુજરાતમાં થયેલ કોમી રમખાણો સંદર્ભમાં તત્કાલિન રાજ્ય સરકારને દોષિત ઠેરવવાનો ફરી એકવાર દુષ્પ્રયાસ કરવામાં આવેલ છે.

સને ૨૦૦૨ની આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓના સંદર્ભમાં ઝીણવટભરી તપાસ કરી એના પ્રતિભાવરૂપે રાજ્ય સરકારે તા.૬-૦૩-૨૦૦૨ના જાહેરનામાથી ન્યાયમૂર્તિ શ્રી કે.જી.શાહ હેઠળ તપાસ પંચની રચના કરી તેમજ તા.૨૧-૦૫-૨૦૦૨ની અધિસૂચનાથી નિવૃત્ત જસ્ટિસ શ્રી જી.ટી.નાણાવટીને નાણાવટી-શાહ કમિશનના અધ્યક્ષ તરીકે તેમજ નિવૃત્ત હાઇકોર્ટ જસ્ટિસ શ્રી કે.જી.શાહને સભ્ય તરીકે નિમવામાં આવેલ. આ તપાસ પંચના કાર્યક્ષેત્રમાં સરકારે તા.૨૦-૦૭-૨૦૦૪ના રોજ તત્કાલિન મુખ્યમંત્રી અને તેમના મંત્રીઓની વર્તણૂકને કમિશનના તપાસ દાયરામાં સમાવીને ઇતિહાસ રચ્યો હતો. આ અભૂતપૂર્વ કાર્યવાહી એ જવાબદેહી અને પારદર્શિતાના સિદ્ધાંતને પૂર્ણ કર્યો છે.

સદરહુ તપાસપંચ દ્વારા હાથ ધરાયેલ વિસ્તૃત તપાસના અંતે પંચ એવા તારણ પર આવેલ હતું કે, ગોધરા રેલવે સ્ટેશન ખાતે તા.૨૭-૦૨-૨૦૦૨ના રોજ સાબરમતિ ટ્રેનના ડબ્બાને સળગાવવાની ઘટના એ પૂર્વ આયોજિત કાવતરું હતું. તા.૨૭-૦૨-૨૦૦૨ બાદ ગુજરાતમાં ફાટી નીકળેલ તોફાન એ કોમી રમખાણો સ્વયંભૂ હતાં.

આ રમખાણોમાં રાજ્ય સરકાર, ધાર્મિક સંગઠન કે રાજકીય પક્ષે કોઇપણ ભૂમિકા ભજવી હોવાના કોઇ પુરાવા મળ્યા ન હોવાનું તપાસ પંચે અહેવાલમાં જણાવેલ છે. સદરહું બંને અહેવાલો વિધાનસભાના મેજ ઉપર પણ મૂકવામાં આવેલ છે.

આ બાબતને વિચારણામાં લઇને ઘટના ક્રમની સમીક્ષા કરવી એ આ સભાગૃહ માટે અગત્યનું બની રહે છે કે, જે વર્ષ ૨૦૦૨ ની ગુજરાતની હિંસામાં વર્તમાન માનનીય વડાપ્રધાનશ્રીને સ્પષ્ટ રીતે નિર્દોષ હોવા તરફ દોરી જાય છે. વધુમાં ગુજરાત સરકાર વતી કોઇ સાંઠગાંઠ અથવા નિષ્ક્રિયતા થઇ હોવા સંબંધમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા દ્રઢતાપૂર્વક ઇન્કાર કરવામાં આવેલ છે.

તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલ બી.બી.સી. ડોકયુમેન્ટરી દ્વારા ગુજરાતની આ ઘટનાઓના સંદર્ભમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની છબી અને લોકપ્રિયતાને ઇરાદાપૂર્વક નુકસાન પહોંચાડવાનો હીન પ્રયાસ કરાયો છે. આ ઘટનાના ૨૦ વર્ષ બાદ ડોકયુમેન્ટરી દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીની આંતરરાષ્ટ્રીય સ્તરે વધતી પ્રતિષ્ઠા, તેમનું અડગ નેતૃત્વ અને સામાજિક તથા આર્થિક ક્ષેત્રે ભારતને વિશ્વમાં અગ્રીમ સ્થાન અપાવવાના તેમના દ્રઢ ઇરાદાને નિષ્ફળ બનાવવાના એજન્ડા સહિત ઘટનાના ૨૦ વર્ષ બાદ તેની ડોકયુમેન્ટરી જાહેર કરીને બી.બી.સી. નકારાત્મક ભૂમિકા ભજવી રહ્યું હોય તેમ જણાય છે. આ ડોક્યુમેન્ટરી ગુજરાતમાં બનેલ આ કમનસીબ ઘટનાઓ માટે તત્કાલિન મુખ્યમંત્રીને સીધા જ જવાબદાર ઠેરવે છે, જે નાણાવટી કમિશને ગોધરાકાંડ તેમજ ત્યારબાદના કોમી બનાવો અંગે રાજ્ય સરકારને ''ક્લીનચીટ'' આપેલ છે તેનાથી તદ્દન વિપરીત છે.

કેટલાક તેજોદ્વેષી તત્વો દ્વારા તથા વિદેશી સરકારના હાથા બની બેઠેલા એન.જી.ઓ. દ્વારા તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી, પદાધિકારીઓ તેમજ અધિકારીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જવાબદાર ઠેરવવાની માગણી સાથે નામદાર મેટ્રોકોર્ટ, નામદાર ગુજરાત હાઇકોર્ટ અને નામદાર સુપ્રીમકોર્ટ સુધી કરેલ પ્રયાસો અસફળ રહ્યા છે. વર્ષ ૨૦૦૨ની ઘટનાઓને ખોટી રીતે રજૂ કરી બી.બી.સી.ની આ ડોક્યુમેન્ટરી બદઇરાદા પ્રેરિત અને ભારતની વૈશ્વિક છબીને આંતરરાષ્ટ્રીય સ્તરે ખરડાવવાનો આ સૌથી હીન કક્ષાનો પ્રયાસ છે.

ચૂંટણી તો વિશ્વના દરેક દેશમાં થતી હોય છે. પરંતુ વિશ્વના બીજા દેશોમાં ચૂંટણીનાં પરિણામો પછી વિરોધપક્ષ સત્તાધારી પક્ષ દ્વારા થતા દેશના વિકાસ કાર્યોમાં હકારાત્મક સમર્થનમાં હંમેશા પોતાના દેશની સરકાર સાથે રહે છે. મારા ત્રણ દાયકાના રાજકીય અનુભવોમાં કયારેય સાંભળ્યું નથી કે બીજા રાષ્ટ્રોમાં વિરોધપક્ષ રાષ્ટ્રની કે રાષ્ટ્રની પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિને બદનામ કરતા હોય જયારે આપણે ત્યાં આનાથી વિપરીત પરિસ્થિતિ છે જે આપણા દેશની કમનસીબી છે. આ કારણે બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન એટલે કે બી.બી.સી. જેવી વિદેશી સંસ્થાઓને આપણી સામે દેશવિરોધી પ્રવૃત્તિ કરવા માટે તાકાત મળે છે આ બાબતે હું ખૂબ જ દુઃખી છું.

ભારત એક લોકશાહી દેશ છે અને અભિવ્યક્તિની સ્વતંત્રતા તેના બંધારણના પાયામાં છે, પરંતુ તેનો અર્થ એવો થતો નથી કે આવી સ્વતંત્રતાનો દુરુપયોગ કરીને, કોઇ સમાચાર માધ્યમ સ્વચ્છંદતાપૂર્વક વર્તે. જો કોઇ આવું વર્તન કરે કે કૃત્ય કરે તો તેને સહેજ પણ સાંખી લેવાય નહીં. બી.બી.સી. (બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન) તેની વિશ્વસનીયતા ગુમાવી ચૂકયું છે અને ભારત દેશ તથા ભારત સરકાર સામે કોઇ છૂપા એજન્ડા સાથે કામ કરી રહ્યું હોય તેમ જણાય છે.

આથી બી.બી.સી.ની ડોક્યુમેન્ટરીમાં દર્શાવેલ મનઘડંત તારણો સામે કડક પગલાં લેવાં આ સભાગૃહ રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપે કંઇ બોલવાનું છે?

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : ના સર.

અધ્યક્ષશ્રી : શ્રીમતી મનીષાબેન વકીલ.

શ્રીમતીમનીષા રા. વકીલ (વડોદરા શહેર) : Respected Speaker Sir, Today I stand before you to share my views and thoughts on the Private Member Resolution against the BBC Documentary proposed by Shri Vipulbhai Patel. And I strictly condemn this documentary whose intention is to tarnish India's global image at the International level.

Hon'ble sir, the State of Gujarat is led by BJP Government since 1998. The party has continuously gained the popularity since Shri Narendrabhai Modi assumed the CM office in the year 2001. This 15th Assembly elections of 2022 was resounding victory of Bhartiya Janata Party winning over 156 seats which created a record.

Shri Narendrabhai Modi's life has been a journey of courage, compassion, and constant hard work. His focus on development, eye for detail and efforts to bring a qualitative difference in the lives of the poorest of the poor have made him a popular and respected leader across India and the world.

In 21 Years of serving as an elected official, he has become one of the most popular global leaders in the world. It was in 2001 when we got Shri Narendrabhai as a competent Chief Minister. He had been successful enough in all the task as a good administrator even during the earthquake disaster which took place in Gujarat the same year. It was that fateful year of 2002 when the dreadful Godhara carnage took place. The S-6 coach of Sabaramati Express Train which was returning from Ayodhya was burnt. 59 karsevak including women and young children were burnt alive to death.

Respected Speaker Sir, these Karsevaks who were returning from Ayodhya after performing karseva at the Ram Mandir were burnt alive. How one cannot forget the sight when during the wee hours of morning, the bodies of the deceased were removed from Coaches, Bodies of children were handed over to their relatives. Some bodies were charred beyond recognition. Emotion were high as they saw the corpses of their loved ones burnt alive.

Hon'ble sir, the whole incident was pre-planned conspiracy. The post riots which took place was very well tackled by the Government. To bring peace in the whole State the army was called in and the situation slowly got to normal. But certain NGOs and Activists were not able to digest the situation. They conspired to defame the Gujarat Government and wanted to damage Shri Narendrabhai Modi's reputation. There was larger political objective of destabilizing the State Government by hook or crook.

The Government of Gujarat had appointed Justice G.T. Nanavati to find out real facts and truth of the incident. The then CM and other dignitaries/officials were added in the purview of the Commission. This shows that decision of the State Government is unique in its kind and shows the transparency of the State Government. But the NGOs and the Activist wanted to defame Hon'ble P.M. by filing different petition before the Supreme Court under different pretext to prevent the real and true facts to come on surface.

Respected Speaker Sir, it is very sad and disgusting to say that without informing the competent Government authorities, graves were dug and the evidence was tempered and thus making accusations in several cases. It was just to create news and sensation and also asked the remains from grave to be sent to the Forensic Lab at Hyderabad for the investigation rather than doing in Gujarat. Stay order had been obtained by making misleading submission before the Supreme Court of India asking to stop the trials in the Trial Court under the pretext that 4000 complaints which were registered by Gujarat police were either impartial or judicious.

Hon'ble speaker sir, the investigation of the FIR field in respect of Gulbarg Society was going on. But, Mrs. Zakia Jafri persuaded by the NGOs and activists, made a petition

targeting the then CM of Gujarat and other senior officer for the incident which took place in the year 2002. She approached to the lower Court, High Court and Supreme Court. But the Apex Court in its verdict rubbished the allegation of a larger conspiracy in the case and the Supreme Court came down heavily on the NGOs and activists stating they were attempting to create a sensation by making revelations which were false to their own knowledge.

Hon'ble speaker sir, during the court proceedings, SIT filed a closure report giving a clean chit to the Prime Minister against all the false claims. 'Satyamev Jayate" (The truth wins). The last attempt to malign the PM was fallen flat and the justice prevailed.

Hon'ble speaker sir, the BBC documentary is a mere international propaganda, it is totally biased and showcases the colonial mindset and deliberately trying to misinform its viewers. It works under the guise of media freedom. It can't do opposition politics in third country, do hit job on its PM by raking up 20 years old case investigated by the country's Supreme Court which cleared him of any guilt.

BBC has caused a great deal of hurt to over a billion Indians. It insults a democratically elected PM, Indian police and the Indian judiciary. The riots and the loss of life also condemns this biased reporting.

Special Investigation Team (SIT) in a report a decade after the riots, exonerated PM Modiji citing "No prosecutable evidence".

In June, 2022 last year, the Supreme Court backed the clearance to PM Modiji said the case was 'devoid of merits' and was filed 'obviously for ulterior design' and to 'keep the pot boiling".

The documentary of BBC India 'The Modi Question' cannot be tolerated and I urge this House to support the Private Member's Resolution brought by Shri Vipulbhai Patel and ask this House to take strict action against BBC.

Thank you.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય માનનીય વિપુલભાઇ પટેલે જે બીબીસી દ્વારા બનેલી ડોકયુમેન્ટરી India the modi question અંગેનો બિન સરકારી સંકલ્પ રજૂ કર્યો તેના માટે હું થોડીક બાબતો ઉપર પ્રકાશ પાડવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમે જયારથી ઉછર્યા ત્યારથી સ્વામી વિવેકાનંદજીના વિચારોએ અમારું ઘડતર કર્યું છે. સ્વામી વિવેકાનંદજીનું નામ નરેન્દ્રનાથ હતું. જો આજના યુગમાં નરેન્દ્રનાથ હોત તો કેવા હોત, તે અમે જયારે શ્રી નરેન્દ્રભાઇ મોદી સામે જોઇએ ત્યારે અમને લાગતું હોય કે જો નરેન્દ્રનાથ આજના યુગમાં હોત તો શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા હોત. વિશ્વમાં ભારતના વિચારોનો ડંકો એ નરેન્દ્રનાથે વગાડ્યો હતો અને આજે શ્રી નરેન્દ્રભાઇ વગાડી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ડોકયુમેન્ટરીનું નામ India the modi question છે. મારે આપના માધ્યમથી, આ ગૃહના માધ્યમથી બીબીસીની ડોકયુમેન્ટરી વિશ્વમાં જોનારા બધાને કહેવું છે કે, Modi is a Not question Modi is a solution. જલવાયુ પરિવર્તન હોય તો ચેમ્પિયન ઓફ ધ અર્થ શ્રી નરેન્દ્રભાઇ મોદીજી છે. સૌર ઊર્જામાં ૧૨૧ દેશને ભેગા કરવાના હોય તો માનનીય નરેન્દ્રભાઇ મોદીજી તેનો જવાબ છે. યોગ દિવસમાં લોકોની હેલ્થ સાથે યોગથી ફરક પડશે આવું જો કહેવું હોય તો ૧૭૧ દેશ જો ભેગા કરવા હોય તો એ શ્રી નરેન્દ્રભાઇ મોદી ઈઝ એ સોલ્યુશન. સામ્રાજયવાદી તાકતોની સામે જો કોઈ સોલ્યુશન હોય તો શ્રી નરેન્દ્રભાઇ મોદીજી છે. બે દેશ વચ્ચે જો મધ્યસ્થતા કરવી હોય તો વિશ્વની અંદર કોઇ એક વ્યકિત કોઈને દેખાય તો એ શ્રી નરેન્દ્રભાઇ મોદી છે. કોરોના કાળની અંદર સસ્તી રસી દ્વારા આ વિશ્વને જો બચાવવું હોય તો એ પ્રયત્ન કરતું કોઇ વ્યકિત દેખાય આ વિશ્વમાં તો એ માત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડોક્યુમેન્ટરીના સબજેક્ટ ૨૦ વર્ષ જૂનાં છે. ૨૦ વર્ષ પહેલાંના ઘાને ઉજાગર કરવાનો પ્રયાસ છે. તે વાત લોકો ભૂલી ગયા છે તે વાત યાદ અપાવવાનો પ્રયત્ન છે. આ ડોકયુમેન્ટરીની તે દ્વેષભાવયુકત છે. આ ડોકયુમેન્ટરી એમના સિલેક્ટેડ સત્યને બતાવવાનો પ્રયાસ છે. આ ડોક્યુમેન્ટરી વિચારેલી આંતરરાષ્ટ્રીય સાજીસ છે જે ભારતને અસ્થિર

કરવા માગે છે. આ ડોક્યુમેન્ટરી વિશે જે વિષય પસંદ કરાયો છે તે ગોધરા કાંડનો દિવસ છે. મારે આ ગૃહના માધ્યમથી જયારે આ વિષય નીકળ્યો છે ત્યારે હું એ દિવસને યાદ કરું છું તો આજે પણ હું કાંપી ઉઠું છું. શું વાંક હતો એ કાર સેવકોનો કે જે પોતાના રામલલ્લાને મળીને આવતા હતા. રામલલ્લાના દર્શન કરીને આવતા હતા, જયશ્રી રામના નારા લગાવતા હતા. રામના ભજન ગાતા હતા તેમને પેટ્રોલ નાંખીને સળગાવી દેવાના ? જીવતા સળગાવી દેવાના ? આકાશ ફાટી ગયું હતું એસ-૬ અને એસ-૭ને જ્વલનશીલ પદાર્થ નાંખીને સળગાવી દેવામાં આવ્યા. શું બાળક ? શું સ્ત્રી ? કોઇને છોડયા નહીં. એ વખતના મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન એ આ ગૃહમાં હતા અને તેમણે તાત્કાલિક સહાય ડિક્લેર કરી. તાત્કાલિક ત્યાં જવાનો નિર્ણય કર્યો. આરોગ્યમંત્રીને અને ગૃહમંત્રીને લઇને ત્યાં પહોંચ્યા. તાત્કાલિક એક્શનમાં આવ્યા. જે *(xxx) એ લોકોની રાજ્ય સરકાર રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં હતી. એ લોકો પાસે પોલીસ ફોર્સની માગણી કરી. પોલીસ તો શું એસ.આર.પી. કે હોમગાર્ડ પણ આપવામાં ન આવ્યા. દિલ્હીથી માનનીય નરેન્દ્રભાઇએ એરલિફ્ટ કરીને લશ્કર બોલાવ્યું. માત્ર ૭૨ કલાકમાં તોફાનોને ડામી દીધાં. મુખ્યમંત્રી તરીકેની પરીક્ષામાં તો માનનીય નરેન્દ્રભાઇ ૭૨ કલાકમાં પાસ થઇ ગયા. તોફાનોને કડક હાથે ડામી દીધા પણ પરીક્ષા ત્યાં પૂરી ન થઇ. પરીક્ષા ત્યાંથી શરૂ થઇ. આજે યુગપુરુષ બનીને આખા વિશ્વ સામે રજૂ થયા છે એવા નરેન્દ્રભાઇએ એક લાંબી પરીક્ષા આપવાની હતી. માત્ર બે મહિનામાં શ્રી કે.જી. શાહજીના અધ્યક્ષસ્થાને એક તપાસ પંચ નીમ્યું. એમને લાગ્યું કે આનાથી અમુક લોકોને વિશ્વાસ નહિ બેસે એટલા માટે સુપ્રીમકોર્ટના નિવૃત્ત જસ્ટિસ શ્રી જી.ટી.નાણાવટીજીને જોડીને નાણાવટી-શાહ કમિશન બનાવ્યું. ટ્રાયલકોર્ટ, હાઇકોર્ટ, સુપ્રીમકોર્ટ સુધી લડવું પડ્યું. સુપ્રીમકોર્ટે એક વાર કહી દીધું એ પછી પણ પાછા ડિવિઝનમાં ગયા. ફરી પાછા ટ્રાયલ કોર્ટ, હાઇકોર્ટ, સુપ્રીમકોર્ટમાં ગયા. વર્ષ ૨૦૦૨થી ૨૦૧૮ સુધી કોઇ દોષ વગર એમણે પોતાની જાતને સતત સાબિત કરતા રહેવી પડી. સુપ્રીમ કોર્ટના જજે ક્લિનચીટ આપતાં ૪૫૦ પાનાના ચુકાદામાં જસ્ટિસ એ.એમ.ખાન, જસ્ટિસ દિનેશ માહેશ્વરી, જસ્ટિસ સી.ટી. રવિ કુમાર- **जांच के दौरा सीट कि निष्क्रियता का या पक्षपाती रवैये का कोइ भी आरोप हास्यास्पद है। बड़े स्तर पर पूर्व की प्लानिंग की साज़िश और वरिष्ठ अधिकारी के शामिल होने के आरोप अप्रमाणित रहे। और उनके शामिल होने को लेकर संदेह की भी कोइ गुंजाइश नहीं है।**

માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમકોર્ટે એનો સ્પષ્ટ ચુકાદો ડિક્લેર કર્યો. સુપ્રીમકોર્ટના ચુકાદામાં ક્લિયર થયું. જનતાએ વર્ષ ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૨માં માનનીય નરેન્દ્રભાઇ મોદી ઉપર વિશ્વાસનો સિક્કો મારી દીધો. જનતાએ સિક્કો મારીને આખા વિશ્વને બતાવી દીધું કે નરેન્દ્રભાઇ આપે આપના પ્રામાણિક પ્રયત્નો કર્યા હતા. આ જે બી.બી.સી.એ ડોક્યુમેન્ટરી બનાવી છે એનો ઇતિહાસ ખરડાયેલો છે. આ દેશમાં પહેલાં પણ એના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કલકત્તાના નામે ભારતીય સંસ્કૃતિ, હિંદુ સંસ્કૃતિને બદનામ કરવાનો પ્રયાસ આ બી.બી.સી. કરી ચૂકી છે. ફેન્ટમ ઇન્ડિયાના નામે ભારતની ગરીબી, વિકસિત ભારતને નહિ બતાવવાનું, કલકત્તામાં જે ગરીબી છે એને બતાવવાનું કામ કર્યું છે. વર્ષ ૧૯૭૧માં એની પર પ્રતિબંધ લાગ્યો. વર્ષ ૧૯૭૪માં પ્રતિબંધ લાગ્યો. વર્ષ ૧૯૮૪માં શીખ આંદોલનને લઇને જે વાત રજૂ કરી એના કારણે એ ડોક્યુમેન્ટરી પર પગલાં લેવાયાં. આસામના વન્યજીવો ઉપર પણ વિવાદાસ્પદ ડૉક્યુમેન્ટરી બનાવવા બદલ એમના પર પગલાં લેવાયાં. વર્ષ ૧૯૩૨માં સ્થપાયેલી બી.બી.સી. અંગ્રેજોના એજન્ડાને આગળ કરવા માટે બનેલી હતી. આજે ૭૫ વર્ષ થયાં છે ત્યારે માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારત ઇંગ્લેન્ડથી પણ આગળ વિશ્વની પાંચમી ઇકોનોમી બની છે. સમયગાળો બહુ વ્યૂહાત્મક છે. ૧૭ જાન્યુઆરી અને ૨૪ જાન્યુઆરી એમ બે અંક રજૂ કરવામાં આવ્યા. જી-૨૦માં વસુધૈવ કુટુંબકમના સૂત્ર સાથે માનનીય મોદીજી વિશ્વને આવકારી રહ્યા હોય ત્યારે આ ડૉક્યુમેન્ટરી ડિક્લેર કરવી, ભારત જોડો યાત્રા ૧૯મી જાન્યુઆરીએ કાશ્મીરમાં પ્રવેશ કરવાની હોય અને ૨૯મી જાન્યુઆરીએ લાલચોકમાં જવાની હોય ત્યારે ૧૭મી જાન્યુઆરીએ અને ૨૪મી જાન્યુઆરીએ એટલે કે બરાબર પાંચ દિવસ પહેલાં આ ડોક્યુમેન્ટરી કલમ-૩૭૦ની ચર્ચા વિશ્વમાં કરે એ જ બતાવે છે કે આ આંતરરાષ્ટ્રીય ષડયંત્ર છે. જે પ્રકારના આધાર વિહીન આક્ષેપો લગાવ્યા હતા તે આધાર વિહીન આક્ષેપો માત્ર ભારતીય ન્યાયિક પ્રક્રિયામાં અવિશ્વાસ પેદા કરવાનો અને ભારતીય લોક તાંત્રિક પ્રક્રિયા જે મતોથી સરકાર જીતે છે તેમાં અવિશ્વાસ પેદા કરવાનું એક ષડ્યંત્ર માત્ર છે. જે પ્રકારે ૩૭૦ની કલમને પુનઃસ્થાપિત કરવા માંગનારા લોકો ભારત જોડો યાત્રાના મંચ ઉપરથી શ્રીનગરના લાલચોકમાં ભેગા થઇને ભારતની સામે ભાષણ કરતા હોય ત્યારે આ સમયે અટલજીની એક કવિતા મને યાદ આવે છે.

**सत्ता का खेल चलता रहेगा, सरकार आएगी-जाएगी।**

**पार्टियां बनेंगी-बिगड़ेंगी, मगर ये देश रहना चाहिए, यह लोकतंत्र रहना चाहिए।**

માનનીય અધ્યક્ષશ્રી, આ ડોક્યુમેન્ટરી ૨૦ વર્ષ પછી અચાનક કેમ ઊભી થઈ? ભારતને નબળું પાડવાનું આંતરરાષ્ટ્રીય કાવતરું ચાલે છે. આ ગૃહમાં મારે એક વ્યક્તિનું નામ લેવું છે જે આજે આખા વિશ્વપટલ ઉપર ચર્ચામાં છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બિન સરકારી સંકલ્પો

હંગેરીમાં જન્મેલા અને અમેરિકામાં ધંધો કરતા એક બહુ જ મોટા કરોડોપતિ માણસ જ્યોર્જ સોરોસ છે. આપણા વિદેશમંત્રી માનનીય જયશંકરજી એમના વિશે કહે છે કે He is a old, Rich, opinionated and dangerous person. તેનું કામ ઓપન સોસાયટી ફાઉન્ડેશનના નામે પોતાની ૬૩ ટકા મિલકત આપીને વિશ્વના દેશોની ઈકોનોમીને ખતમ કરવી, સત્તાને ડિસ્ટેબિલાઈઝ કરવી, સત્તા વિરોધી એન.જી.ઓ. અને લોકોને પૈસા આપવાનું છે. આ જ્યોર્જ સોરોસે ઈંગ્લેન્ડની ઈકોનોમીને ખતમ કરવા માટે એમની મની માર્કેટ ઉપર કબજો કરી ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના દિવસે સોર્ટ સેલિંગ કરીને દોઢ બિલિયન ડોલર એક દિવસમાં કમાયા. આખા ઈંગ્લેન્ડનો પાઉન્ડ બેસી ગયો, આખી બેંક ઓફ ઈંગ્લેન્ડ ખતમ થઈ ગઈ. આજે પણ ઈંગ્લેન્ડ તેને 'બ્લેક વેન્સ ડે' તરીકે યાદ કરે છે. ૯થી ૧૦ દેશોને તેણે ખતમ કરી નાંખ્યા. મલેશિયાના વડાપ્રધાન મહાથિર એમ કહે છે કે અમારી ઈકોનોમીને સોરોસે ખતમ કરી. હંગેરીમાં જે દેશમાં તેનો જન્મ થયો તે દેશ 'સ્ટોપ સોરોસ એક્ટ' લાવ્યા છે. કારણ કે તે એક પણ રૂપિયો હંગેરીમાં ઈન્વેસ્ટ ન કરી શકે. એ સોરોસે મ્યુનિક સિક્યુરિટી કોન્ફોરન્સ પહેલાં ભારતની લોક તાંત્રિક પ્રક્રિયા ખતમ કરવાના તેના મનસુબા થોડા દિવસ પહેલાં વ્યક્ત કર્યા. તેણે એક ઈન્ટર્વ્યૂમાં કહ્યું હતું કે મારો આશય માત્ર પૈસા કમાવવાનો છે અને હું પૈસા કમાઉં ત્યારે જોતો નથી કે What is moral, what is immoral? માત્ર પૈસા કમાવવા વિશ્વની ઈકોનોમીને ડિસ્ટેબિલાઈઝ કરતા લોકો ભારતને તોડવા નહિ આવી શકે. શ્રી નરેન્દ્રભાઈના નામથી વિદેશની ભારત વિરોધી તાકાતો રાજી નથી. કારણ કે એમને ભારતની પ્રગતિ ગમતી નથી. દેશ વિરોધી તાકાતોનાં સપનાં ક્યારેય પૂરાં નહિ થાય તે હું આ ગૃહના માધ્યમથી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં પૂર્ણ ભરોસા સાથે કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જનતા મોદીજીને પ્રેમ કરે છે કારણ કે મોદીજીના આવ્યા પછી ગરીબે આઝાદીનો સૂરજ જોયો છે. ભારતનું આર્થિક ઉત્થાન થઈ રહ્યું છે, ભારતની વિશ્વમાં શાખ વધી છે. યુક્રેનમાંથી આપણાં બાળકો હાથમાં તિરંગો લઈને આવતા હતા ત્યારે તે તિરંગો પાસપોર્ટ/વિઝા બની જતો હતો તે શ્રી નરેન્દ્રભાઈ મોદીની રાજનૈતિક તાકાત છે. આત્મનિર્ભર ભારત વિશ્વમાં પોતાની શાખ જમાવી ચૂક્યું છે. મેક ઈન ઈન્ડિયાના નામે વિશ્વ આપણે ત્યાં ધંધો કરવા આવી રહ્યું છે. કોરોનાકાળમાં દેશને દેવાદાર થતો બચાવનાર અને ૩૭૦ની કલમ દ્વારા કાશ્મીરમાં શાંતિ પ્રસ્થાપિત કરનાર શ્રી નરેન્દ્રભાઈ મોદી છે. રામ મંદિરનો પ્રશ્ન ઉકેલ્યો છતાં આખા દેશમાં એક પણ કાંકરીચાળો ન થયો તે આ દેશના હિંદુ-મુસ્લિમની તાકાતના દર્શન સમગ્ર વિશ્વએ આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કર્યા છે. ગુજરાતમાં છેલ્લાં વીસ વર્ષથી કરફ્યુ નથી. શાંતિ ગુજરાતીઓનો સ્વભાવ રહી છે. હવે એક કલ્ચર બન્યું છે.આવા નિરર્થક પ્રયાસોથી હિન્દુ-મુસ્લિમ વચ્ચેની ખાઈ પહોળી કરવાનો ઈરાદો સફળ નહીં થાય. હું મોદીજીની એક કવિતા કહી મારી વાતને પૂર્ણ કરીશ.

वो लूंट रहे हैं सपनों को, मैं चैन से कैसे सो जाउं,
वो बेच रहे अरमानों को, खामोश मैं कैसे हो जाउं,
हां मैंने कसम उठाइ है, मैं देश नहीं बिकने दुंगा।
मैं देश नहीं मिटने दुंगा, सौगंद मुज़े इस मिट्टी की,
मैं देश नहीं झुकने दुंगा, मैं देश नहीं झुकने दुंगा।

૧૪૧ કરોડની તાકાત અને શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું પવિત્ર નેતૃત્વ એ આ વિશ્વની અંદર ભારત માતાને ઉચ્ચ સિંહાસન ઉપર બેસાડીને જ રહેશે અને વિશ્વ પર ભારતનો દિગ્વિજય નિશ્ચિત છે એવો મારો વિશ્વાસ વ્યક્ત કરી બી.બી.સી.ની આ ડોક્યુમેન્ટરીને હું સખત શબ્દોમાં વખોડી કાઢું છું અને મારી વાતને પૂર્ણ કરું છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહને વિનંતી કરીશ કે, સંકલ્પ ઉપર સમર્થન આપે અને જે બી.બી.સી.ની ડોક્યુમેન્ટરી છે એનો હું સખત શબ્દોમાં વિરોધ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતીઓમાં કહેવત છે કે, ''પુત્રના લક્ષણ પારણામાંથી.'' કોઇપણ હોનહાર વ્યક્તિ જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી બને અને ગુજરાતના શાસનની ધૂરા સંભાળે ત્યારે સ્વાભાવિકપણે વિરોધીઓની ચિંતા વધે. ગોધરા રેલ્વેસ્ટેશન પર રામભક્ત કારસેવકો લઇને અયોધ્યાથી પરત ફરતી હતી અને અમદાવાદ સાબરમતિ ટ્રેન પર જે પ્રકારે હુમલો થયો અને એમાં ૫૯થી પણ વધારે લોકો મૃત્યુ પામ્યા. આ રામભક્ત રામની ભક્તિ કરીને રામમંદિરના નિર્માણ માટે પરત ફરી રહ્યા હોય ત્યારે જે કૃત્ય થયું એના કારણે નાનાં-નાનાં બાળકો પણ એનો ભોગ બન્યાં. આ વાત કરતા પણ કમકમાટી આવી જાય. આ બાળકોનો મૃતદેહ લેવાવાળાને કેટલી તકલીફ પડી હશે. બી.બી.સી.એ જે ડોક્યુમેન્ટરી બનાવીને આંતરરાષ્ટ્રીય લેવલ પર ભારતનું નામ રોશન કરનાર, દેશ અને વિશ્વમાં પ્રખ્યાત એવા આપણા આદરણીય વડાપ્રધાન શ્રી મોદીજીને બદનામ કરવાનું જે કૃત્ય કર્યું એ કોઇપણ સંજોગોમાં ચલાવી ન લેવાય. શ્રી અમિતભાઇએ ખૂબ સારી વાત કરી અને જે પ્રકારે વર્ષ ૨૦૦૨ની અંદર ગોધરાકાંડ થયો અને એના કારણે આજે સભાગૃહની અંદર શોકનો માહોલ બન્યો છે. આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે, બી.બી.સી.ની આ ડોક્યુમેન્ટરી દ્વારા જે ઊણા પ્રયાસો કરવામાં આવ્યા છે તેને એકી અવાજે આપણે બધા વખોડી કાઢીને સંકલ્પ કરીએ અને ફરીથી કોઇ આપણા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને આપણા વડાપ્રધાનશ્રી કે જેઓ મા ભારતીનું નામ ઉચ્ચ શિખર પર રોશન કરવાનું બીડું લઇને નીકળ્યા છે એમની બદનામી ન કરે એના માટે મારી બધાને મારી વિનંતી છે કે આપણે બી.બી.સી.ને જાકારો આપીએ.

તા. ૧૦ માર્ચ, ૨૦૨૩

બિન સરકારી સંકલ્પો

શ્રી હર્ષ સંઘવી (રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વિપુલભાઇ પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે તેમને હું મારું સમર્થન જાહેર કરવા અને સાથે સાથે અનેક સાચા મુદ્દાઓ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બી.બી.સી. દ્વારા ઇન્ડિયા ધ મોદી કવેશ્ચયન નામની ડોક્યુમેન્ટરી બહાર પાડવામાં આવી. સામાન્ય રીતે, આ સભાગૃહમાં મારી પહેલા અનેક સભ્યશ્રીઓએ પોત પોતાના મનના વિષયો મૂક્યા. અનેક લોકોએ કહ્યું, અનેક ન્યૂઝ ચેનલો અનેક દિવસોથી એ ન્યૂઝના માધ્યમથી આ ડોક્યુમેન્ટરીને આદરણીય શ્રી મોદી સાહેબના ખિલાફ ગણાવે છે. મારુ માનવું એવું છે કે, આ ડોક્યુમેન્ટરી, આ દેશના પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની ખિલાફ જ નથી, આ દેશના ૧૩૫ કરોડ ભારતીયોની ખિલાફમાં બનાવેલી આ ડોક્યુમેન્ટરીની માનનીય સભ્યશ્રી વિપુલભાઇ પટેલે ટીકા કરતા, કેન્દ્ર સરકાર આની સામે કડકમાં કડક પગલાં ભરે તે માટે આ સંકલ્પ લાવ્યા છે અને આ એક ઐતિહાસિક સંકલ્પ છે. આ જ સભાગૃહ કે જેમાં બેસીને, આ જ સભાગૃહની વચ્ચે એક પછી એક ઐતિહાસિક નિર્ણયો જે વ્યકિત દ્વારા લેવામાં આવેલા છે એવા ગુજરાત રાજ્યના એક નાનકડા ગામડામાં શ્રી દામોદરદાસ મોદી અને શ્રીમતી હીરાબા મોદીના ઘરમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૦ના દિવસે એક વિશિષ્ટ વ્યકિતનો જન્મ થાય છે, જેમનું નામ છે શ્રી નરેન્દ્રભાઇ દામોદરદાસ મોદી. એ વિશિષ્ટ વ્યકિતત્વ કેમ? એ જાણવા જેવું છે કે, નાનપણથી જ એમના મનમાં કયા પ્રકારની દેશભક્તિ ભરેલી હતી. નાનપણથી જ એમના ભણતરના સમયે સ્કૂલની વચ્ચે જયારે સમય મળે ત્યારે એમના પિતાજી, વડનગરના રેલવે સ્ટેશન ઉપર ચા-નો સ્ટોલ ચલાવતા હતા ત્યારે ચા-ના સ્ટોલ ઉપર બેઠાં હોય અને આવતી-જતી ટ્રેનમાં સૈનિક દેખાય એટલે દોડીને ચા આપવા જતાં, એ બીજા કોઇ વ્યકિત નહીં, આજના આપણા દેશના પ્રધાનમંત્રીશ્રી આદરણીય મોદી સાહેબ છે. વચ્ચે જ એક ન્યૂસપેપરમાં એક લેખ હતો કે, વડનગર ગામના એક વડીલે લખેલું હતું કે, આ પ્રકારે ચા આપવાની સાથે સાથે ગામમાં કોઇ નાની-મોટી સમસ્યા હોય તો નાનપણથી જ એકબીજાને મદદગાર થવાનો એમનો સ્વભાવ પહેલાથી જ રહ્યો છે. આ જ શ્રી નરેન્દ્રભાઇ દામોદરદાસ મોદીએ એમના યુવાકાળમાં જ સમાજની સેવા માટે પોતાના ઘરનો ત્યાગ કરીને, ભારત દેશના અનેક રાજ્યોમાં એમનો પ્રવાસ ચાલુ કરી દીધેલો. આજે જયારે આપણે બી.બી.સી. ડોક્યુમેન્ટરીની વાત કરીએ છીએ ત્યારે એમ કહેવાય છે કે, મોરબીના મચ્છુ ડેમની જે દુર્ઘટના થઇ હતી, જે પૂર આવેલ હતું ત્યારે સૌથી પહેલું બ્રેકિંગ આ જ બી.બી.સી. ચેનલ ઉપર કરવામાં આવેલું હતું. માનનીય અધ્યક્ષશ્રી, એ જ બી.બી.સી. ચેનલ અને બી.બી.સી. ટીમે જો સાચા અર્થમાં સરવે કે રિસર્ચ કર્યું હોત તો એમને જાણકારી મળત કે નરેન્દ્રભાઇ જયારે આ રાજયના મુખ્યમંત્રી નહોતા. કોઇ રાજકીય ક્ષેત્રમાં જોડાયેલા ન હતા, ત્યારે આ મચ્છુ ડેમની હોનારતમાં ત્યાંના મોરબીના લોકોને બચાવવા માટે સૌથી પહેલા ટીમ લઇને પહોંચનાર બીજી કોઇ વ્યકિત નહીં, પણ આ આપણા શ્રી નરેન્દ્રભાઇ હતા.

ભારતીય જનતા પાર્ટીના સંગઠન મંત્રી તરીકે કારગીલના યુદ્ધમાં શ્રી નરેન્દ્રભાઇ જે તે વખતે હિમાચલ પ્રદેશમાં સંગઠનની કામગીરી જોતા હતા. કારગીલ યુદ્ધમાં સૌથી પહેલા ત્યાંના મુખ્યમંત્રી સાથે ત્યાંના સૈનિકો માટેની નાની મોટી વ્યવસ્થામાં મદદ કરવા પહોંચનાર બીજો કોઇ વ્યક્તિ નથી. આજના આપણા દેશના પ્રધાનમંત્રી આદરણીય મોદી સાહેબ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વ્યક્તિ કોઇ રાજયના મુખ્યમંત્રી બને અને રાજયના મુખ્યમંત્રી બનતાની સાથે જ એક સપનું જુએ કે મારું રાજ્ય દેશનું નંબર વન રાજ્ય કઇ રીતે બને અને એના માટે એ સ્વપ્નને સાકાર કરવા માટે જયારે રાત દિવસ કામે લાગે. રાજયમાં પહેલાં કયા પ્રકારનાં કોમી રમખાણો થતાં હતાં? કયા પ્રકારે છાશવારે અમદાવાદ, સુરત, રાજકોટ, બરોડા હોય એ અલગ અલગ જગ્યા પર અનેકવાર કોમ્બિંગ કરવું પડતું હતું. કયાંકને કયાંક કર્ફ્યુ લગાવવો પડતો હતો. એ કર્ફ્યુ મુકત રાજય બનાવવાનું સ્વપ્ન જોઇને એને સાકાર કરવું એ શું એમની ભૂલ છે? (ના, ના. એવા સામૂહિક પ્રતિભાવો) માનનીય અધ્યક્ષશ્રી, એવું સ્વપ્ન જોવું કે મારા રાજયમાં રાજયના યુવાનોને વધુમાં વધુ રોજગારી મળે. મારા રાજયની માતા બહેનો સુરક્ષિત થાય. મારા રાજયના અનેક વી.આઇ.પી. કલ્ચરની સમાપ્તિ થાય. મારું રાજ્ય દેશનું નંબર વન રાજ્ય બનતા બનતા કામ કરવું, રાત દિવસ મહેનત કરવી. માનનીય અધ્યક્ષશ્રી, આ કંઇ નવું નથી. આ બી.બી.સી. ડોક્યુમેન્ટરી એ કદાચ જેમણે શ્રી નરેન્દ્રભાઇને સમજ્યા નહીં હોય એમના માટે નવું હશે. તેઓ જયારે વર્ષ ૨૦૦૧થી મુખ્યમંત્રી બન્યા ત્યારથી આજ સુધી તમામ કાળ ઉપર અલગ અલગ નેતૃત્વએ હંમેશા એમને રોકવાના પ્રયાસો કર્યા છે. એક સ્ટેબલ મુખ્યમંત્રી, એક મજબૂત મુખ્યમંત્રી, રાજયને મજબૂત નેતૃત્વ ન મળે એ માટે અલગ અલગ પ્રકારની અનેક શકિતઓએ ત્યારે પણ કામ કર્યું. આ ગોધરા કાંડથી વર્ષ ૨૦૦૨થી ૨૦૨૩ સુધી ૫૦૦ વાર અલગ અલગ આરોપો લાગ્યા. ૫૦૦ વાર અલગ અલગ કલેરિફિકેશન આવી ગયા. દરેક ચૂંટણી પહેલા બીજો કોઇ વિષય ન મળ્યો. ગોધરાકાંડની વાતો ચાલી. એમને અલગ અલગવાર રોકવાનો પ્રયત્ન જરૂરથી કર્યો. વર્ષ ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી પહેલાં, વર્ષ ૨૦૧૭ની ચૂંટણી પહેલા આ તમામ વિષયોમાં એકના એક વિષય ઉપર આરોપો લગાવતા ગયા અને મોદી સાહેબે રાત દિવસ ગુજરાતની સેવા કરવામાં આગળ વધતા ગયા. એ ગુજરાતના નેતા તો બન્યા. ધીરે ધીરે કરતા પશ્ચિમ બંગાળના કલકત્તામાં જાય કે જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં જાય. કન્યાકુમારી હોય કે દેશના કોઇપણ ખૂણે અલગ અલગ રાજયમાંથી માંગો ઉઠી કે અમારા મુખ્યમંત્રી પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા હોવા જોઇએ. મોદી-મોદીના નારાઓ દેશના ૧૨૫ કરોડ નાગરિકોના કાનમાં ગુંજવા લાગ્યા. વર્ષ ૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટીએ પ્રધાનમંત્રી પદના દાવેદાર તરીકે આદરણીય મોદી સાહેબને ડિકલેર કર્યા અને ભારતીય જનતા પાર્ટીએ

ઐતિહાસિક જીત મેળવી. દેશના પ્રધાનમંત્રી બનતાની સાથે જ એમણે એક સપનું જોયું. જેમ ગુજરાતને દેશમાં નંબર વન બનાવ્યું એ જ રીતે ભારતને દુનિયામાં નંબર વન બનાવવા ઉપર કઇ રીતે આગળ વધાય તે રોડ મેપ પર કામગીરી ચાલુ થઇ. જે પ્રકારે ગુજરાતમાં એક સફળ નેતૃત્વને, ગુજરાતને સારી ગવર્નન્સ આપવા માટે જે રીતે જેટલો સામનો કરવો પડયો એ જ રીતે પ્રધાનમંત્રી બનવાની સાથે સો કોલ્ડ ઇન્ટેલેકચ્યુઅલ લોકોએ એક પછી એક આરોપો ફરીથી લગાડવાનું ચાલુ કરી દીધું. એક સામાન્ય પરિવારમાં જન્મેલા વ્યક્તિ પ્રધાનમંત્રી બને અને પ્રધાનમંત્રી બન્યા પછી પહેલું સપનું એ જોયું કે વર્ષોથી મારા દેશના અનેક ગરીબો જે ઝૂંપડામાં રહે છે, જેણે સપનું જોયું છે કે તેમને પોતાનું પાકુ મકાન બને. ત્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના થકી આ દેશના ગરીબ અને મધ્યમ કરોડો પરિવારોને તેમના સ્વપ્નનું મકાન આપનાર બીજા કોઇ નહીં આદરણીય મોદી સાહેબ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉજ્જવલા યોજના હોય કે પછી ઉજાલા યોજના હોય, આ અનેક યોજનાઓ થકી આ દેશના મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોના જીવનમાં પરિવર્તન લાવવાનો અને આ દેશનું પરિવર્તન લાવવાનો પ્રયત્ન કર્યો હોય તો બીજા કોઇ નહીં આ દેશના લોકપ્રીય પ્રધાનમંત્રી આદરણીય મોદી સાહેબ છે. સ્વાભાવિક વાત છે કે આજુ બાજુના વિદેશના દેશોને આ ના જ ગમે. કારણ કે ગોલી મારો ભાગ જાઓ વાળી ઘટનાઓ હવે પૂરી થઇ ગઇ. હવે તો ગોલી મારે તો મોદી સાહેબ વિમાન મોકલી આપે, કયારેક સર્જિકલ સ્ટ્રાઇક કરે, કયારેક એર સ્ટ્રાઇક કરે, આ બધું લોકોને નવું લાગે છે. સર્જિકલ સ્ટ્રાઇક અને એર સ્ટ્રાઇક ઉપર પ્રશ્નો ઊભા કરેલા એ બીજી કોઇ ટોળકી નથી, આ જ ટોળકી જેણે બી.બી.સી. ડોકયુમેન્ટ્રીની વાહ વાહ કરીને, ભારત તેરે ટૂકડે હોંગે, જેવા નારા લગાડનાર કોલેજની અંદર આ ડોકયુમેન્ટ્રીના જશ્ન મનાવાય. એ ડોકયુમેન્ટ્રી મારા દેશનું વર્ણન કરશે? આજે માં અંબા અનેક લોકોને સાચું સાંભળવાથી બચાવી ગયા. માં અંબાનો પ્રસાદ એ હંમેશા કયાંક ને કયાંક સાચો પુરવાર થાય છે અને આજે પણ થયો. કારણ કે આરોપ દરરોજ લગાડયા, આજે તો કોઇ રસ્તો જ નહોતો. આજે સાચું સાંભળવું પડતું હતું, આજે બીજું કંઇ ન મળ્યું, માં અંબાનો પ્રસાદ મળ્યો, મા અંબાનો પ્રસાદ બધાને ફળશે, આખા ગુજરાતને ફળશે. માં અંબાના પ્રસાદ વિષય પર રાજનીતિ કયારેય ન હોઇ શકે. ગોધરા વિષય ઉપર બધા લોકોએ જવાબ સાંભળવો જ પડશે. માનનીય અધ્યક્ષશ્રી, જમ્મુ કશ્મીર, આપણે સૌ લોકો આપણા ભાષણમાં કહેતા હોઇએ છીએ કે જમ્મુ કશ્મીર એટલે ભારતનો મૂગટ છે. એક દેશમે દો વિધાન? માનનીય અધ્યક્ષશ્રી, મારી સાથે અહીંયા અનેક ધારાસભ્યો એવા છે કે જેણે સપનું જોયેલું કે જમ્મુ કશ્મીર મેં એક વિધાન, એક નિશાન અને એક નિયમ બને. આ બધા જ ધારાસભ્યોનું સપનું પૂરું કરનાર બીજા કોઇ નહીં આદરણીય મોદી સાહેબ છે. આમાં તો અનેક લોકો એવા છે કે જેના વાળ આ સપનું જોતા જોતા ધોળા થઇ ગયા છે. અને મારા જેવી ઉંમરના અનેક નેતાઓ માટે કયાંક ને કયાંક અમે સૌ ખુશ નસીબ છીએ કે અમારા વાળ હજુ કાળા છે અને અમારું સપનું સાકાર થઇ ગયું, કશ્મીરમાંથી ૩૭૦ હટી ગઇ. ગોધરા કાંડની વાત છે. હવે આ લોકો તો કયારેય સપનામાં નહીં વિચાર્યું હોય કે મોદી સાહેબ પ્રધાનમંત્રી બનશે. મોદી સાહેબ પ્રધાનમંત્રી બનતાની સાથે જ રામજન્મ ભૂમિનો ફેંસલો કોર્ટના ચુકાદા બાદ રામ જન્મ ભૂમિ પર ભગવાન રામલલ્લાનું મંદિર બનશે. હું સમજી શકું છું, આ બધા વિષયો ક્યાંકને ક્યાંક ખૂંચતા હોય. કારણ કે આ તમામ લોકોએ કેવી રાજનીતિ જોયેલી, તેમના સમયમાં રાજનીતિના મુદ્દા શું હતા? ગામની અંદર લાઇટ આપશો, તમારા ગામને જોડતો રોડ બનશે. ઘરમાં ગેસનો ચૂલો લેવાનો હોય તેના માટે સાંસદના લેટરો લખાવતી વખતની રાજનીતિ એ લોકોએ જોયેલી. હવે તો કાચા મકાનમાં, ઝૂંપડામાં પણ ગેસની બોટલો પહોંચાડવાનું કામ કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આ ખૂંચતા તમામ વિષયો સાથે ફરી વર્ષ ૨૦૨૪ નજીક આવે છે. મોદી સાહેબ સામે બીજો તો વિષય નથી. વર્ષ ૨૦૦૨થી ૨૦૨૩ સુધી ૨૦ વર્ષમાં કમસે કમ ૫૦૦ વખત આવા આરોપો લગાડ્યા. દરેક આરોપની અંદર નિષ્ફળતા મળી અને આ ૫૦૧મી વારમાં બી.બી.સી. હાથ લાગી છે. બી.બી.સી. પાસે એક ડોક્યુમેન્ટરી બનાવડાવી. બી.બી.સી.એ ડોક્યુમેન્ટરી બનાવતા બનાવતા એટલા બધા અંદર જતા રહ્યા કે વિષય બી.બી.સી.ને પણ ખબર ન પડ્યો કે ક્યાં પહોંચી ગયા. હું એક પછી એક ક્રોનોલોજી, આ ખૂબ મહત્ત્વનો અને ગંભીર વિષય અમારા સાથી સભ્યએ મૂક્યો પરંતુ સરકાર દ્વારા આની સાચી હકીકત વર્ષ ૨૦૦૨માં શું બનેલું, કઇ રીતે આ ઘટના બની અને આ ઘટનાના પ્રત્યાઘાત કઇ રીતે પડ્યા એ સભાગૃહને સમજાવવું ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૭-૨-૨૦૦૨. ગોધરાના સિગ્નલ ફળિયામાં ટ્રેનનું ચેઇન પુલિંગ કરી ટ્રેન રોકવામાં આવી. સવારે ૭-૪૫ કલાકે ટ્રેનના એસ-૬ અને એસ-૭ કોચને આગ લગાડી અયોધ્યાથી પરત આવતા ભગવાન રામલલ્લાના ભક્તો પર, કારસેવકો પર હિચકારો હુમલો કરવામાં આવ્યો. આ આગથી ૫૯ નિર્દોષ વ્યક્તિઓના મોત નિપજેલા. ૫૯ લોકોના ખૂન કરવામાં આવ્યા. આ પૂર્વ આયોજિત એટલા માટે કહેવામાં આવે છે કારણ કે આખી ટ્રેનમાં એસ-૬ અને એસ-૭ ડબ્બા પર જ આગ લગાડવામાં આવી કારણ કે એ બે ડબ્બામાં કારસેવકો હતા. એ વખતે પણ વિધાનસભાનું સત્ર ચાલતું હતું. તા.૨૭-૨-૨૦૦૨ના દિવસે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીય મોદી સાહેબે ગુજરાત વિધાનસભામાં બુધવારની સવારે આ અંગેના સમાચાર મળતા જ સમગ્ર બનાવની વિગતથી વિધાનસભાને અવગત કરીને મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી સહાયની જાહેરાત કરીને સ્થળ સમીક્ષા માટે તરત જ, કોઇ પણ પ્રકારના રાજકીય સ્ટેટમેન્ટ નહીં, કોઇ પણ પ્રકારની રાજકીય ગતિવિધિ નહીં અને સીધા જ આખી ટીમને લઇને ગોધરા રવાના થયા. તા.૨૮-૨-૨૦૦૨. મારા આગળના સાથીઓએ કહ્યું કે આ ૫૯ લોકોના મૃત્યુ થયા હતા તેમની ડેડબોડી એવી પરિસ્થિતિમાં હતી કે ડોક્ટરને તો છોડો, પોલીસ અને બીજા સામાન્ય નાગરિક તો એ ડેડબોડીને જોઇ જ ન શકે. એ પ્રકારની દયનીય પરિસ્થિતિમાં એ ડેડબોડીઓ

હતી. એવા સમયે આના પ્રત્યાઘાત આખા ગુજરાતમાં પડયા અને તોફાન ગુજરાતભરમાં ફાટી નીકળ્યું. આ રમખાણોને કાબૂમાં લેવા માટે રાજય સરકારે તાત્કાલિક લશ્કરને એરલિફ્ટિંગ કરાવ્યું. આપણી કમનસીબી છે કે ત્યારે અમદાવાદમાં કોઇપણ પ્રકારની આર.એ.એફ. કે લશ્કર અવેલેબલ નહોતું એટલે આપણે એરલિફ્ટિંગ કરીને એ લોકોને ગુજરાતમાં લાવવા પડયા. તા.૬-૩-૨૦૦૨ના દિવસે કમિશન ઓફ ઇન્કવાયરી એકટ ૧૯૫૧ હેઠળ પહેલા જ દિવસે વિધાનસભાના ગૃહમાં આદરણીય મોદીસાહેબે આના માટે કમિટીની રચના કરવાની જાહેરાત કરેલી હતી અને તાત્કાલિક ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી કે.જી. શાહ તપાસ પંચની રચના કરવામાં આવી, આ તપાસપંચની રચના પછી જેમ જેમ તપાસ કરતા ગયા એમ આ વિષય ખૂબ મોટો લાગ્યો અને મોટા લાગવાને કારણે ગુજરાત સરકારે જાહેર હિતમાં કમિશનની પૂર્ણ રચના કરવાની જરૂરિયાત જણાતા ગુજરાત સરકારે નામદાર સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસશ્રી જી. ટી. નાણાંવટીને નાણાવટી શાહ કમિશનના અધ્યક્ષ અને નિવૃત્ત હાઇકોર્ટ જસ્ટિસ શ્રી કે. જી. શાહને સભ્ય બનાવવામાં આવ્યા, આ સમિતિ દ્વારા ધીરે ધીરે આની તપાસને નીચે સુધી લઇ જવામાં આવી. તા.૨૦-૭-૨૦૦૪ આ તપાસપંચના કાર્યક્ષેત્રમાં આ ઐતિહાસિક નિર્ણય છે. સરકાર દ્વારા આ તપાસ પંચના કાર્યક્ષેત્રમાં તત્કાલિન મુખ્યમંત્રી, મંત્રીશ્રીઓની વર્તણૂકને તપાસના દાયરામાં સમાવીને ઇતિહાસ રચ્યો હતો. આ અભૂતપૂર્વ પગલાએ ઉત્તરદાયિત્વ અને પારદર્શિતાના સિદ્ધાંતને અમલમાં મૂક્યો હતો. આ તપાસ પંચનો પહેલો અહેવાલ જયારે આવ્યો ત્યારે તપાસપંચે એવું જણાવ્યું, આ ચાર લાઇન ઉપર આ સભાગૃહને હું ફરી એક વખત ધ્યાન દોરવા માગું છું કે તપાસ પંચે જણાવ્યું છે કે આ ઘટના પૂર્વ આયોજિત કાવતરું અને કોમી રમખાણો સ્વયંભૂ જેમાં કોઇ રાજકીય પક્ષ, સંગઠન કે સરકારની કોઇ ભૂમિકા નથી. બન્ને તપાસ પંચના અહેવાલ વિધાનસભામાં મેજ ઉપર મૂકવામાં આવેલા હતા. એમાં પ્રથમ ભાગ જે હતો એ ગોધરામાં જયાં આ કારસેવકોના જે ડબ્બાઓ બાળવાના છે એ ઘટના અને બીજો ભાગ જે છે એ ગુજરાતમાં જે કોમી રમખાણો ફાટયાં એ ભાગના રિપોર્ટો જે તે સમયે વિધાનસભામાં મેજ ઉપર મૂકવામાં આવેલા હતા. નામદાર સુપ્રીમકોર્ટની એસ.આઇ.ટી.ની રચના કરી, સુપ્રીમકોર્ટે જે એસ.આઇ.ટી.ની રચના કરી તેમાં શ્રી આર. કે. રાઘવન, જે સી.બી.આઇ.ના પૂર્વ નિયામક છે, શ્રી સી.ડી. સત્યપથી જે ઉત્તર પ્રદેશના નિવૃત્ત ડી.જી.પી. છે, ગીતા જોહરીજી, શિવાનંદ ઝા અને આશિષ ભાટીયાનો આમાં સમાવેશ કરવામાં આવેલ હતો. આ એસ.આઇ.ટી. દ્વારા ગુજરાતભરના નાગરિકોને આમંત્રણ આપવામાં આવ્યું કે આ ઘટના બાબતે તમારે કોઇપણ માહિતી આપવી હોય, તમારે કોઇ એફિડેવિટ કરવી હોય, તમારું કોઇ બયાન આપવું હોય તો તમે એસ.આઇ.ટી. સમક્ષ કયારેય પણ આવી શકો છો. નામદાર સુપ્રીમકોર્ટે તેમના હુકમમાં એસ.આઇ.ટી. ફરિયાદોમાં રાજ્ય તપાસે, કાયદાકીય કાર્યવાહી કરે અને ત્રણ માસની મુદ્દતમાં આ અહેવાલો રજૂ કરવા માટે જણાવેલું હતું જે ત્રણ માસની અંદર આખા અહેવાલો રજૂ કરવામાં આવ્યા. શ્રીમતી જાકિયા જાફરી, જેના નામને લઇને જેના સ્ટેટમેન્ટોને લઇને આ બધી ડોકયુમેન્ટરીઓ જે બનાવવામાં આવે છે, લોઅર કોર્ટથી લઇને હાઇકોર્ટ, હાઇકોર્ટથી લઇને સુપ્રીમ કોર્ટ તમામ કોર્ટોમાં જાકિયા જાફરીની અનેક એફિડેવિટો, અનેક અપીલો રિજેકટ કરવામાં આવી છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે એવી દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનું નિવેદન પૂરું થાય અને સંકલ્પ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય વધારવામાં આવે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એસ.આઇ.ટી.એ ૧૭૯ સાક્ષીઓનો તપાસ અહેવાલ સુપ્રીમકોર્ટમાં રજૂ કરેલ અને કેટલીક વ્યક્તિઓ સામે સી.આર.પી.સી. ૧૭૩(૮) હેઠળ વધારાની તપાસની ભલામણ કરેલ. હું જે સુપ્રીમ કોર્ટનો ફાઇનલ ચુકાદો છે એ આજે સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. આ એસ.આઇ.ટી. સંપૂર્ણ તટસ્થ હતી, તેના ઉપર સુપ્રીમકોર્ટની સંપૂર્ણ દેખરેખ હતી. આ એસ.આઇ.ટી. દ્વારા ૧૭૯ સાક્ષીઓની તપાસ તથા તેની સમક્ષ રજૂ થયેલા દસ્તાવેજોની ચકાસણી કરી તેના અહેવાલો તા. ૧૨-૫-૨૦૧૦ના રોજ સુપ્રીમ કોર્ટને રજૂ કરેલ હતા. એસ.આઇ.ટી.એ તેના તા.૧૨-૫-૨૦૧૦ના અહેવાલમાં કેટલીક વ્યક્તિઓ સામે ૧૭૩(૮) હેઠળ વધારાની તપાસ કરવા ભલામણ કરેલ. જે ભલામણ અન્વયે તપાસ કરી એસ.આઇ.ટી. એ તા.૧૭-૧૧-૨૦૧૦ના રોજ આ અહેવાલો રજૂ કરેલ હતા. તા.૨૩-૧૧-૨૦૧૦ના હુકમથી શ્રી રાજુ રામચંદ્રનની એમિક્સ ક્યૂરી તરીકે નિમણૂક કરવામાં આવેલ હતી. શ્રી રામચંદ્રનની તા.૨૦-૧-૨૦૧૧ની નોંધ અન્વયે એસ.આઇ.ટી.એ મેઘાણીનગરમાં વધારાની તપાસ કરીને તા.૨૪-૪-૨૦૧૧ના રોજ વધારાનો રિપોર્ટ રજૂ કરેલ હતો. આ રિપોર્ટ ચકાસણી કરવા માટે સુપ્રીમકોર્ટે તા.૫-૫-૨૦૧૧ના હુકમથી શ્રી રામચંદ્રનને જણાવેલ જે રામચંદ્રને તેનો આખરી રિપોર્ટ તા.૨૫-૧ એ કરેલ. સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન તથા એમિક્સ ક્યૂરીના રિપોર્ટ ઉપર વિચારણા બાદ નામદાર સુપ્રીમકોર્ટે આ પિટિશન તા.૧૨-૯-૨૦૧૧નો આખરી હુકમ કરી સદરહુ હુકમ અનુસાર સી.આર.પી.સી.ની કલમ-૧૭૩(૨)ની જોગવાઇ અનુસાર સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમે તેનો રિપોર્ટ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટ્રાયલ કોર્ટને રજૂ કરવાનો રહેતો હતો. ટ્રાયલ કોર્ટ આ રિપોર્ટના આધારે શ્રીમતી જાકિયા જાફરીની તા. ૮-૬-૨૦૦૬ની અરજી કોગ્નિજન્સ લેવું કે કેમ તે અંગે નિર્ણય લેવાનો રહેતો હતો. સુપ્રીમકોર્ટે સોંપેલ તપાસની કામગીરી પૂરી થતાં સુપ્રીમકોર્ટ દ્વારા હવે આ કેસનું મોનિટરિંગ કરવામાં આવતું નથી. એનો મતલબ કે તમામ કોર્ટની અંદર નકારી લેવામાં આવ્યા. તમામ કોર્ટની અંદરથી આ વિષય ઉપર રાજ્ય સરકારને કિલન

ચીટ મળેલ છે. સુપ્રીમકોર્ટે શ્રીમતી જાકિયા જાફરીની અપીલ રદ કરતા તા.૨૪-૬-૨૦૨૨ના રોજ જે ચુકાદો આપેલો તેમાં મહત્ત્વની બાબત હું આપના સમક્ષ મૂકવા માગું છું. "The falsity of their claims had been fully exposed by the Special Investigation Team after thorough investigation including with the audacity to question the integrity of every functionaries involved in the process, of exposing the dubious practices adopted to borrow the submissions of the Learned Counsel for the SIT to keep the pot boiling obviously for the ulterior design. એમણે જણાવ્યું છે કે need to be in the dock and proceeded with accordance with law. Materials collected during investigation do not give rise strong or grave suspicious regarding hatching for larger conspiracy at the highest level for causing mass violence across the State against the minority community and more so indicating involvement of named offenders and connecting names and their meeting of minds in that regret. આમાં સુપ્રીમકોર્ટ ઓફ ઇન્ડિયાએ આ બાબતને સતત સળગતી રાખવા માટે, આ બે લાઇનથી આ ડોક્યુમેન્ટરી પર દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે. સુપ્રીમકોર્ટ એમ કહેવા માંગે છે કે, આ બાબતને સતત સળગતી રાખવા માટે જવાબદારો સામે કાર્યવાહી કરવા તેના ચુકાદામાં જણાવેલ છે કે આને સળગતી જ રાખવી. એક અરજી કરી લઇએ એટલે આવા કોઇ પણ ચેનલવાળા મળી જાય, એની ડોક્યુમેન્ટરી બની જાય અને દેશભરમાં માહોલ કેવી રીતે ખરડાય તેના માટેનો પ્રયાસ કરવામાં આવે છે. તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલ બી.બી.સી. ડોક્યુમેન્ટરીમાં ગુજરાતની આ ઘટનાઓના સંદર્ભમાં ચોક્કસ વ્યક્તિને લક્ષ્યાંક બનાવીને સુપ્રીમકોર્ટનો ચુકાદો હોવા છતાં પણ આ બાબતને બોઇલિંગ સ્પોટ બનાવીને તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના હાલના પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબની છબી અને લોકપ્રિયતાને ઇરાદાપૂર્વક નુકસાન પહોંચાડવાનો હીન પ્રયાસ કરવામાં આવ્યો છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીની આંતરરાષ્ટ્રીય સ્તરે વધતી પ્રતિષ્ઠા અને તેમનું અડગ નેતૃત્વ સામાજિક તથા આર્થિક ક્ષેત્રે ભારતને વિશ્વમાં અગ્રિમસ્થાન અપાવવાના દ્રઢ ઇરાદાને નિષ્ફળ બનાવવાના એજન્ડા સહિત આ ઘટનાના ૨૦ વર્ષ બાદ તેની ડોક્યુમેન્ટરીને જાહેર કરીને બી.બી.સી. નકારાત્મક ભૂમિકા ભજવી રહ્યું છે તેમ સ્પષ્ટ જણાય છે. આ ડોક્યુમેન્ટરી ગુજરાતમાં બનેલ આ કમનસીબ ઘટનાઓ માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રીને સીધા જ જવાબદાર ગણાવે છે. પરંતુ નાણાવટી કમિશને ગોધરાકાંડ તેમજ ત્યાર બાદના કોમી બનાવો અંગે રાજ્ય સરકારને તમામ કોર્ટોએ ક્લિન ચીટ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તિસ્તા શેતલવાડ જેના નામનો મોટામાં મોટો ઉપયોગ અલગ અલગ ડોક્યુમેન્ટરીમાં કરવામાં આવ્યો છે. તિસ્તા શેતલવાડે સબરંગ ટ્રસ્ટના નામે દેશભરમાં આ પ્રકારની વિરોધની પ્રવૃત્તિઓ કરતી હોય છે. સિટીઝન ફોર જસ્ટિસના નામે પણ એન.જી.ઓ. ચલાવતા હોય છે. તિસ્તા શેતલવાડ અમુક સમાજની મસિહા બનીને કહેવાયને કે ઢોંગ કરીને અને ખાસ કરીને એમની ઉન્નતિ, પ્રગતિના નામે કેટલાક ગેરકાયદેસર વ્યવહારોમાં સંડોવાયેલા છે, જેમાંના કેટલાક હું આપના સમક્ષ મૂકવા માગું છું. વર્ષ ૨૦૦૨માં વડોદરાની બેસ્ટ બેકરીના બનાવમાં ભોગ બનનાર ઝાહિરા શેખને ભરમાવીને તેની પાસે વિવિધ પિટિશનો કરાવીને રાજ્ય સરકારને બદનામ કરવામાં આવી હતી. પંચમહાલના લુણાવાડા ખાતે વર્ષ ૨૦૦૨નાં તોફાનો દરમ્યાન કેટલાક વ્યક્તિઓના મૃત્યુ થયેલ. તિસ્તા શેતલવાડે ગેરકાયદેસર રીતે આ મૃતદેહના ઉત્ખલન કરેલ તથા મિડિયાને હાજર રાખી આ બાબતે અપપ્રચાર કરેલ હતો. આ ગેરકાયદેસર પ્રવૃત્તિના સંદર્ભમાં તિસ્તા શેતલવાડ તથા અન્ય વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી. અમદાવાદના ગુલબર્ગ સોસાયટીના બનાવમાં ભોગ બનનાર વ્યક્તિઓને ભોળવીને એવો પ્રચાર કર્યો કે ગુલબર્ગ સોસાયટી ખાતે મૃતકોની યાદમાં મ્યુઝિયમ બનાવવામાં આવશે. આ માટે મળેલ રકમ હતી એનો ગેરઉપયોગ કર્યો હોવાની રજૂઆતના આધારે તેના વિરુદ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો છે. આ પ્રકારની સચ્ચાઇઓ ડોક્યુમેન્ટરીમાં કોઇ પણ પ્રકારે બતાવવામાં આવી નથી. બી.બી.સી. ડોક્યુમેન્ટરીની પણ દુનિયાભરના ખૂબ મહત્ત્વના લોકોએ અલગ અલગ કોમેન્ટસ્ કરી છે. જે આ સભાગૃહના તમામ સભ્યોએ જાણવી ખૂબ જરૂરી છે અને મારે આ વાતનો પ્રકાશ અહીંયા પાડવો છે. બી.બી.સી. દ્વારા બહાર પાડવામાં આવેલી ડોક્યુમેન્ટરી અંગે વિદેશ મંત્રાલયના પ્રવકતા અરીદંબ બગાચીએ કહ્યું કે ''અમને લાગે છે કે તે એક પ્રચારનો ભાગ છે. તેમાં કોઇ નિરપેક્ષતા નથી. તટસ્થતા નથી. આ ડોક્યુમેન્ટરી ભારતમાં પ્રદર્શિત કરવામાં આવી નથી.'' વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું કે,''અમને લાગે છે કે આ એક પ્રચારની સામગ્રી છે જે કોઇ ચોક્કસ એજન્ડાને આગળ વધારવા માટે બનાવવામાં આવી છે. આમાં પક્ષપાત, નિરપેક્ષતાનો અભાવ અને સંસ્થાનવાદી માનસિકતા સ્પષ્ટપણે દેખાઇ રહી છે. તેમણે કહ્યું કે, આ ફિલ્મ અથવા ડોક્યુમેન્ટરી એ એજન્સી અને વ્યક્તિઓનું પ્રતિબિંબ છે જે આ વારસાને ફરીથી ફેલાવી રહી છે.''

માનનીય અધ્યક્ષશ્રી, બ્રિટનના હાઉસ ઓફ લોર્ડઝના સભ્ય લોર્ડ રામી રેન્જરે પોતાના ટ્વીટમાં બી.બી.સી. પર નિશાન સાધ્યું હતું અને એમણે એવું જણાવ્યું છે કે, ''બી.બી.સી. ન્યૂઝ તમે ભારતના કરોડો લોકોની ભાવનાઓને ઠેસ પહોંચાડી છે અને ભારતના લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા વડાપ્રધાન, ભારતીય પોલીસ અને ભારતીય ન્યાયતંત્રનું પણ અપમાન કર્યું છે.''અમે તોફાનો અને લોકોના મોત ન થાય તેમ ઇચ્છીએ છીએ. તમે કોઇની સાચી ટીકા કરી શકો. કરો પરંતુ અમે તમારા પક્ષપાતી અહેવાલની નિંદા કરીએ છીએ. આ બ્રિટનના એક એમ.પી. છે એમણે લખ્યું છે. બ્રિટિશ પાર્લામેન્ટના બીજા એક સભ્ય બોબ બ્લેકમેન છે. બોબ બ્લેકમેન બી.બી.સી. ડોકયુમેન્ટરી માટે એમ કહે છે કે વડાપ્રધાનશ્રી મોદી ઉપરની બી.બી.સી.ની ડોકયુમેન્ટરી સ્પષ્ટપણે એક નફરતનું કૃત્ય છે. તે ડમી પત્રકારત્વ, ખરાબ સંશોધન અને પી.એમ. મોદી વિરુદ્ધ

કાવતરુ છે જે સંપૂર્ણપણે અયોગ્ય છે. સાંસદે વધુમાં કહ્યું કે બી.બી.સી. બ્રિટિશ સરકારના વિચારોનું પ્રતિનિધિત્વ કરતી નથી. આ ડોકયુમેન્ટરીના વિચાર માત્ર બી.બી.સી.ના સંસ્થાગત છે. બ્રિટન કે તેની સરકારને તેની સાથે કોઇ સંબંધ નથી. બી.બી.સી. સંસ્થાના પૂર્વ વડાની એક ટ્વીટ અને એક માહિતી સભાગૃહ વચ્ચે હું મૂકવા માગું છું. બી.બી.સી.ના હેડ માર્ક ટુલીએ વર્ષ ૨૦૧૯માં આપેલા એક વિધાનનું ખાસ મહત્ત્વ છે. માર્ક ટુલી કે જે વર્ષો સુધી બી.બી.સી.ના હેડ રહ્યા તેમણે કહ્યું કે ભારતના મુસ્લિમો જેટલું સુખી આ દુનિયામાં બીજું કોઇ નથી. અહીંના મુસ્લિમોને તમામ સ્વતંત્રતા છે. તેમને પોતાને ગમે તે રીતે બંદગી કરવાની છૂટ છે. અહીં મુસ્લિમોની હાલત અન્ય દેશો કરતા ખૂબ સારી છે. આ ડોકયુમેન્ટરી એ બીજું કંઇ નથી પરંતુ ભારત વિરુદ્ધ કાર્ય કરવા માટેની ટૂલકીટ જ છે. તમે સાઇકોલોજીમાં ફોબિયા શબ્દ વિશે ઘણું સાંભળ્યું હશે. ફોબિયા એટલે કોઇ વસ્તુનો ડર. પરંતુ આજકાલ અમુક મીડિયા અમુક પ્રકારના ફોબિયાથી પીડિત છે. આ ફોબિયા છે મોદી ફોબિયા અથવા ઇન્ડિયા ફોબિયા. વિશ્વના સૌથી ન્યાયી, પ્રમાણિક અને પત્રકારત્વના ધ્વજવાહક તરીકે પોતાને ગણાવતી ઢોંગી બી.બી.સી. આ ફોબિયાનો સૌથી વધુ ભોગ બને છે અને તેથી જ બી.બી.સી. ભારત કે ભારત સરકાર સામેના ષડયંત્રપૂર્વકના ભારતને બદનામ કરવાના એજન્ડા ઉપર સવાલો ઊભા થયા છે. બી.બી.સી.નું ભારત વિરોધી વલણ વર્ષ ૨૦૧૪થી છતું થયું છે. વર્ષ ૨૦૧૫માં નિર્ભયા કેસ વખતે પણ ઇન્ડિયાસ ડોટર નામની સિરીઝ કરીને બી.બી.સી.એ ખરેખર વાસ્તવિક જીવનમાં બળાત્કારી વ્યક્તિના ગુણગાન કરીને બળાત્કારી નિર્દોષ છે અને ખરેખર ગુનો તો સરકારનો છે. એ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ છે એ પ્રકારની ડોકયુમેન્ટરી બનાવીને દીકરીને ન્યાય અપાવતા રોકવાનો એક પ્રયત્ન કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, હું એવું માનું છું આ વિધાનસભાના એક સભ્ય તરીકે, રાજય સરકારના મંત્રી તરીકે, આ રાજયના દીકરા તરીકે કે વિધાનસભાગૃહમાં રાજયના એકેએક નાગરિકોની ચિંતા કરતા જેમણે પોતાના જીવનમાં કયારેય આગળ પાછળ જોયું નથી એક એવું વ્યક્તિત્વ જેણે ગુજરાતને દેશભરમાં નંબર-૧ બનાવવા માટે પોતાનું બધું જ બલિદાન કર્યું હોય, એક એવા વ્યક્તિ જેણે આ દેશને દુનિયાભરમાં નંબર-૧ બનાવવા માટે દેશની અલગ અલગ સિસ્ટમોને બાબા આલમના જમાનાના કાયદાઓને બદલીને આજે જી-૨૦ જેવા વસુધૈવ કુટુમ્બકમની ભાવના જોડે આપણે જયારે દુનિયાને જોડવાનો પ્રયાસ કરતા હોય એવા દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી  આદરણીય મોદી સાહેબ છે. આદરણીય મોદી સાહેબનું માત્ર મારા જ જીવનમાં નહીં, આ રાજયના કરોડો યુવાનો હશે કે જેના જીવનમાં બદલાવ લાવવાનો એમના જીવનમાં ખૂબ મહત્ત્વનો ભાગ છે. આ દેશના કરોડો યુવાનો, કરોડો મહિલાઓ એવા છે કે જેના જીવનમાં બદલાવ લાવવામાં આદરણીય મોદીસાહેબે ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. એવા આપણા પ્રધાનમંત્રી છે કે જેણે દિવસભર, દિવસ-રાત જોયા વગર ૧૮-૧૮ કલાક કામ કર્યું હોય. એક એવા પ્રધાનમંત્રી કે જેણે આ દેશના વિકાસ માટે છેલ્લાં કેટલાય વર્ષથી આ દેશને તોડનારી તાકાત ભારત તેરે ટૂકડે ટૂકડે હોંગેવાલી ગેંગ દ્વારા કોઇ આરોપ લગાડવામાં બાકી રાખ્યો નથી. તે પ્રકારના આરોપ આ દેશના પ્રધાનમંત્રીશ્રી પર લગાડ્યા છે. અમારા નેતા પર લગાડ્યા છે. આ ૧૩૫ કરોડ દેશવાસીઓના નેતા પર લગાડ્યા છે. ત્યારે દેશભરમાં હું જોઇ શકું છું અને ગુજરાતના અનેક યુવાનોમાં આ બાબતે ખૂબ ગુસ્સો ભરાયેલો છે. મનની અંદર એક વેદના છે કે મારા ભારત દેશના એક એવા પ્રધાનમંત્રી કે જેણે આ દેશ બદલવાની ઇચ્છાશક્તિ રાખી હોય, જેણે નૈતિકતાથી રાત-દિવસ કામ કરીને આ દેશને આગળ પહોંચાડવાનું કામ કર્યું હોય તેવા પ્રધાનમંત્રી પર કેટલા ષડયંત્રો રચશો? વીસ-વીસ વર્ષથી આ ષડયંત્ર ચાલતા આવ્યા. કયારેય વિચાર ના આવ્યો હશે કે આ એક વ્યક્તિ કેમ? આ એક વ્યક્તિ કેમ આટલું સહન કરે? આ દેશને આગળ લાવવા માટે અમે બધા જ કેમ નહીં? આ દેશના તમામ નાગરિકો કેમ નહીં? આ દેશના તમામ નાગરિકોએ, ભારતના કરોડો લોકોએ તેમને ચૂંટીને પ્રધાનમંત્રી બનાવ્યા છે. આ દેશનો એક ઇતિહાસ રચી શકે એટલી સીટો જીતીને પ્રધાનમંત્રી બન્યા છે. તમે ચેનલના નામે, તમે ન્યૂઝના નામે, તમે પત્રકારત્વની સ્વતંત્રતાના નામે મારા દેશને, મારા દેશના દેશવાસીઓને જે વર્ડિક્ટ છે, મારા દેશના દેશવાસીઓએ જેમને પ્રધાનમંત્રી તરીકે ચૂંટયા છે તેમને બદનામ કરવાનો કારસો જેમણે રચ્યો છે અને તેની ટીકા કરતો આ સંકલ્પ માનનીય સભ્ય શ્રી વિપુલભાઇ લાવ્યા છે તેમાં હું મારો સૂર તો પુરાવું જ છું. સાથે સાથે મારે બે-ચાર સવાલ મારા વિધાનસભાના સાથીઓને પૂછવા છે.

गुजरात के मुख्यमंत्री बनने के बाद गुजरात को देश में सबसे विकसित राज्य बनाने के लिए सोचना, क्या ये कोई गलत बात है? सुखे कच्छ और सुदूर सौराष्ट्र तक नर्मदा के जल को पहूंचाने के बाद समस्त राज्य में हर घर नल से जल पहूंचाना, क्या ये कोई गलत बात है ? लोहपुरुष सरदार वल्लभभाई पटेल को सर्वोच्च श्रद्धांजलि देते हुए स्टेच्यु ओफ युनिटी के माध्यम से भारत का नाम विश्व फलक पर ऊंचा करना, सरदार सरोवर की ऊंचाई बढ़ाने का फैसला 17 दिन में करना क्या ये गलत बात है ? मेरा भारत स्वच्छ भारत, स्वस्थ भारत विचार लाना, माता-बहनों के लिए सम्मानघर शौचालय बनाना, धुएं से मुक्ति के लिए उज्जवला योजना उपलब्ध कराना, क्या ये कोई गलत बात है? देश के उपर आंख उठाकर

देखनेवालों को उसके घर में घुस कर मारना, सर्जिकल स्ट्राईक, एर स्ट्राईक करना, क्या ये कोई गलत बात है? सकल आस्था के प्रतिक प्रभु श्री राम, सालों से एक छोटे से टेंट में बिराजमान थे। सुप्रीमकोर्ट के आदेशों का सम्मान देते हुए, संपूर्ण न्यायिक एवं सौहार्दपूर्ण वातावरण में भव्य राम मंदिर का निर्माण कर, उन्हें भव्य राम मंदिर में बिराजमान करना, क्या ये गलत बात है ? भारत को पांच ट्रिलियन डोलर की इकोनोमी बनाने के लिए वार-त्योहार भूल के, रात-दिन महेनत करना, क्या ये कोइ गलत बात है? बिचोलियों को हटाकर डीबीटी के माध्मय से लाभार्थीयों को सीधा पैसा पहूंचाना, क्या ये गलत बात है। जम्मु-काश्मिर जो भारत का मुकूट है, वहां एक देश, एक निशान, एक विधान, एक संविधान का सपना साकार करना, वहां से कलम-370 हटाना, क्या ये गलत बात है? मेरे देश की अनेक मुस्लिम बहनों को ट्रीपल तलाक से मुक्ति दिलाई, क्या ये गलत बात है? भारत देश को सैन्य हथियार खरीदता देश नहीं, बल्कि हथियार उत्पाद करता देश बनाना, एवं अन्य देशों को हथियार निर्यात करता देश बनाना, क्या ये गलत बात है? ड्रग्स माफियाओं को बेनकाब कर भारतीय सीमा में घुसने से पहले पकड़ लेना, क्या ये गलत बात है ? देश का कोई नागरिक भूका न सोए, इसके लिए 80 करोड़ लोगों को मुफ्त राशन देना, क्या ये गलत बात है? विश्व में भारत का डंका बजाना, हर भारतीय के दिल में बसना, क्या ये गलत बात है? गुजरात के छोटे से गांव वडनगर के सामान्य परिवार में जन्म लेकर, पूरा जिवन राष्ट्रसेवा में समर्पण करना, विकास के मंत्र को हथियार बनाकर राष्ट्रविरोधी तत्वों को मूंहतोड जवाब देना, क्या ये गलत बात है?जिस व्यक्तिने तपस्या करके अपना पूरा जिवन गुजरात को, ये देश को, विश्व में एक अलग स्थान दिलाने हेतु खर्च कर दिया। इस व्यक्ति को एवं भारत देश को बदनाम करने हेतु बनाई गई बीबीसी की डोक्युमेंटरी के बारे में विश्व की सबसी बड़ी लोकशाहीवाले भारत देश के गुजरात कि गुजारत विधानसभा और ये विधानसभा सदन में इकट्ठा हुए सभी विधायकों को मैं पूछना चाहता हूं कि क्या ये योग्य है ?

માનનનીય અધ્યક્ષશ્રી, આ ૧૫૬ ધારાસભ્યનો અવાજ નથી આ સંપૂર્ણ ગુજરાતનો અવાજ છે, ગુજરાતના એક એક વ્યક્તિનો અવાજ છે. મારી આપને વિનંતી છે કે, અમારી ગુજરાત વિધાનસભાના એક એક સાથી ધારાસભ્યોની આ માગ કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવામાં આવે. આ ઢોંગી બી.બી.સી. દ્વારા જે ષડયંત્ર રચવામાં આવ્યું છે, એની વિરુઘ કડકમાં કડક એકશન લેવામાં આવે એવી અમારા સૌ સાથી સભ્યોની માગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે, માનનીય સભ્યશ્રી વિપુલભાઇ પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પમાં ગુજરાતની જનતા દ્વારા અમને સૌ ધારાસભ્યશ્રીઓને જે સૂચનો મળ્યાં છે, સંકલ્પને સ્વીકારવા માટે અમારા અલગ અલગ ધારાસભ્યોને ઇ-મેલના માઘ્યમથી, મેસેજના માઘ્યમથી, વોટ્સએપના માઘ્યમથી ગુજરાતની એક એક જનતા મેસેજ કરી રહી છે કે, આ સંકલ્પને સ્વીકારીને કેન્દ્ર સરકાર સુધી મોકલવામાં આવે એવી આ ગૃહ થકી આપને હું વિનંતી કરું છું.

માનનીય અઘ્યક્ષશ્રી, આ સંકલ્પને હું આવકારું છું અને ટેકો આપું છું.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : માનનીય અઘ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨ ગોધરા કાંડ અને ત્યાર બાદ ગુજરાતમાં થયેલાં કોમી રમખાણો અંગે બી.બી.સી. ડોક્યુમેન્ટરી અંગે જે બિન સરકારી સંકલ્પ મેં રજૂ કર્યો છે તેમાં મારા સાથી ધારાસભ્ય માનનીય શ્રીમતી મનિષાબેન વકીલ, શ્રી અમિતભાઇ ઠાકર, શ્રી ધવલસિંહ ઝાલા તથા રાજયના મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ જે સમર્થન આપ્યું છે ત્યારે હું આ ગૃહને વિનંતી કરું છું કે, આપના સૌના સમર્થનથી રાજય સરકાર અને કેન્દ્ર સરકારને કડકમાં કડક એકશન લેવા માટે હું અનુરોધ કરું છું.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અઘ્યક્ષશ્રી: बिनसरकारी संकल्प पारित करना और उपस्थित सभी विधायक एक मत से पारित करना वह अपने आप एक बहूत बड़ी बात है। और ये बात से ये प्रतिती होती है कि,

जनमानस में बीबीसी डोक्युमेंटरी के बारे में कितना आक्रोश है। वो ये संकल्प पारित होने के कारण मुझे लगता है कि ये प्रतित होता है । और ऐसी घटनाएं बहोत कमबार ये एसेंबली में हुइ हैं कि बिनसरकारी संकल्प को सर्वानुमते, एकमत बनकर पारित करना। इसलिए मैं ये कोमेंट इस हाउस कि ओर से अवश्य करुंगा, Any media house while publishing any news about India should henceforth bear in mind and reasonably understand the fact that India is world's largest democracy following principles based on Panchsheel. These principles are mutual respect for its other territorial integrity and sovereignty, mutual non-aggression, mutual non-interference in each other's internal affairs, equality and mutual benefits and peaceful co-existence. We firmly believe in the establishment of a new international economic order through the above principle. The rule of law is for value of our governance and the same is enshrined in our Constitution which is backed by a strong and independent Judiciary. Any willful attempt to tarnish the pious image of the world's largest proven democracy and characterization of its most popular Prime Minister is reprehensible which this August House condemn vehemently. આ હાઉસ આ પોતાનો સંદેશો એ ભારત સરકાર સુધી પહોંચાડવા માટેનો આ સંકલ્પ છે તેને પારિત કર્યો છે, ધન્યવાદ.

**મિલેટ્સ યર દરમિયાન જાડા અનાજના ઉપયોગ વિશે લોકજાગૃતિ અંગે**

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશી ધાન્યનો વપરાશ યુવાધનથી લઇને સૌ કોઇના સ્વાસ્થ્ય માટે ખૂબ અગત્યનો છે. તેથી દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા બાજરો, જુવાર, રાગી વગેરે જેવા દેશી પ્રાકૃતિક ધાન્યોનો વપરાશ વધે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ જાડા ધાન્યનું મહત્ત્વ સમજીને ચાલુ વર્ષને '' ઇન્ટરનેશનલ મિલેટ યર'' તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

મિલેટ્સ એ નાના બીજનું સામૂહિક જૂથ છે, જે અનાજ તરીકે ઉગાડવામાં આવે છે અને મુખ્યત્વે સૂકી જમીન પર ૧૩૧ દેશોમાં તેનું વાવેતર કરવામાં આવે છે. બાજરી પરંપરાગત રીતે એશિયા અને આફ્રિકાના ૫૯ કરોડ લોકો માટેના મુખ્ય ખોરાક છે. ચાલુ વર્ષને International Year Of Millets (1YOM)-**2023** તરીકે જાહેર કરાતાં કેટલાક રાજ્યોએ "મિશન ઓન મિલેટ્સ" ચાલુ કર્યું છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય દ્વારા પોષણ મિશન હેઠળ બાજરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સેન્ટર ઓફ એક્સેલેન્સ દ્વારા વધુ ઉત્પાદન આપતી બાજરીની બાયોફોર્ટીફાઇડ ચાર જાતો સહિત કુલ તેર જાતો વિકસાવવામાં આવી છે પરિણામે બાજરીનું ઉત્પાદન વધતાં તેની નિકાસ પણ વધી છે. ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ વર્ષ ૨૦૨૩ને International Year Of Millets (IYOM) તરીકે જાહેર કરવા પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે જેથી ભારતીય મિલેટ્સની વાનગીઓ અને તેના મૂલ્યવર્ધિત ઉત્પાદનોનો વૈશ્વિક સ્તરે સ્વીકાર કરવામાં આવે.

આપણે સૌ એ તો જાણીએ છીએ કે, વિશ્વ કક્ષાએ "ઇન્ટરનૅશનલ યર ઓફ મિલેટ્સ- ૨૦૨૩ ની ઉજવણી થઇ રહી છે, પ્રાચીન સમયથી બાજરી, જુવાર, જવ, રાગી, કોદરી, બંટી જેવાં જાડાં ધાન્યનો ઉપયોગ આપણે કરતા આવ્યા છીએ. આ પ્રકારનાં જાડાં ધાન્યોમાં લોહતત્ત્વ, કેલ્શિયમથી લઇને વિવિધ વિટામિનને કારણે ખોરાકમાં તેનો ઉપયોગ મનુષ્યને અનેક રોગો સામે રક્ષણ આપીને નીરોગી જીવન બક્ષે છે. આથી જ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ મિલેટ ઉત્સવની તાજેતરમાં ઉજવણી કરી છે, ત્યારે મિલેટ વર્ષ દરમિયાન જાડાં અનાજના ઉપયોગ વિશે લોકોમાં જાગૃતિ આવે અને લોકો તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરીને નીરોગી રહે તે માટેના જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની દૃષ્ટિએ વૈદિક કાળથી ચાલી આવતી આપણી પરંપરાને પુનર્જાગૃત કરી દુનિયાને પણ તેનો લાભ આપવાનું સૌભાગ્ય ભારતને પ્રાપ્ત થયું છે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીય પરંપરાનો મૂળ મંત્ર 'વસુધૈવ કટુંબકમ્' છે. માત્ર ભારત જ નહિ પણ દુનિયામાં પણ સ્વાસ્થ્યની દૃષ્ટિએ સુધારો આવે તે માટે દુનિયાને યોગની ભેટ આપણે જ આપી છે. કોરોનાકાળમાં જ્યારે માનવજાત સંકટમાં હતી ત્યારે મોતના મુખમાં ગયેલી માનવજાતને રસી આપી અને દેશના યશસ્વી વડાપ્રધાને 'વસુધૈવ કુટુંબકમ્'નો આપણો જે મૂળ સિદ્ધાંત છે એને ચરિતાર્થ કર્યો છે અને હવે દુનિયાને આરોગ્યની દૃષ્ટિએ મિલેટના ઉપયોગનું આહ્વાન કરી માત્ર ભારત જ નહિ પણ દુનિયા જાગૃત થાય એ માટે યુનાઇટેડ નેશન્સમાં પ્રસ્તાવ મૂકી અને સર્વાનુમતે ભારતના પ્રસ્તાવને સ્વીકારવામાં આવ્યો. હું એમ માનું છું કે એ દુનિયામાં ભારત અને ભારતીય પરંપરાના મહત્ત્વનું દર્શન કરાવે છે. એનો શ્રેય જો કોઇને જતો હોય તો એ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે. જાડાં ધાન્યના ગુણધર્મને જોઇએ તો જવને દિવ્ય ગણવામાં આવે છે એટલે જ વૈદિક કાળથી શરૂ કરીને અત્યાર સુધી આપણે યજ્ઞ કે હોમ - હવનમાં જવ અને તલને હોમીએ છીએ. જવ એ વિટામિન બી-૧૨નો મહાસ્ત્રોત છે. તે કિડની, તાવ,

મહિલાને થતા કેટલાંક રોગો, ડાયાબિટીસ, પેટના રોગ જેવા અસાધ્ય રોગોને મટાડે છે. જુવાર, બાજરીના તાજા લોટમાં રાગીનો લોટ ઉમેરીને બનાવેલા રોટલા સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ છે. બાજરીના લોટમાં સર્વાધિક આઠ ટકા જેટલું લોહતત્ત્વ હોય છે. તે આંખોનું તેજ વધારનાર કેરાટિન ઉપરાંત અન્ય ખનીજ તત્ત્વો ધરાવે છે. બાજરીમાં રહેલ મૅંગેનિઝ હાડકાને લગતા સાંધાના રોગથી બચાવે છે. વધુમાં તે કફનાશક અને સરળતાથી પચી જાય તેવો ખોરાક છે. જેથી કબજિયાત જેવી બીમારી પણ થતી નથી. તેથી જ અગાઉના સમયમાં બાળકો બીમાર પડતાં હતાં ત્યારે બાજરીના લોટમાંથી રાબ બનાવીને ખવરાવવામાં આવતી હતી. જુવાર પણ બાજરીની જેમ સુપાચ્ય છે. રાગી પૃથ્વી ઉપરનું એક માત્ર અનાજ છે કે જે ૩૫ ટકા કેલ્શિયમ ધરાવે છે. રાગીનું સેવન શરીરના હાડકાં, દાંત તેમજ વાળને સ્વસ્થ રાખે છે. જે લોકો રાગી, બાજરો, જુવાર જેવા ધાન્યોનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે તેમને ૧૦૦ વર્ષની વયે પણ ઘૂંટણ, ઢીંચણ કે કમરનો દુ:ખાવો થતો નથી. રાજગરો સ્ત્રીઓને લગતી કેટલીક સમસ્યાઓના નિવારણ માટેનું પરમ ઔષધ છે. તેમજ તે શરીરની અંદર કે બહારના રક્તસ્ત્રાવો અને હરસને મટાડે છે. સામો પરમ મેદનાશક છે. વળી સુપાચ્ય પણ છે અને તાવ તેમજ કફને લગતી બીમારીઓને મટાડે છે. આમ, માનવીને ઉક્ત ધાન્યો અને તેના જેવા અન્ય જાડાં ધાન્યોથી નીરોગી જીવન મળે છે અને આથી જ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પણ તાજેતરમાં મિલેટ ઉત્સવની ઉજવણી કરી છે ત્યારે મિલેટ વર્ષ દરમિયાન જાડાં અનાજના ઉપયોગ વિશે લોકોમાં જાગૃતિ આવે અને લોકો તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરીને નીરોગી રહે તેવી માહિતીનો વ્યાપક ફેલાવો કરવામાં આવે. આ સાથે આ સભાગૃહના તમામ સભ્યો આ સંકલ્પને સમર્થન કરે તેવી સવિવેક વિનંતી કરું છું.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા(ધ્રાંગધ્રા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા બિન સરકારી સંકલ્પ ઇન્ટરનૅશનલ યર ઓફ મિલેટ્સ-૨૦૨૩નો સંકલ્પ લાવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. વિશ્વનું કલ્યાણ કરવાનો ભાવ ધરાવતા યુગપુરુષ માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે અનેક મિશનો શરૂ કર્યા છે. એના ભાગરૂપે માનનીય વડાપ્રધાનશ્રીએ વિશ્વને એક દિશા આપી છે. ઇન્ટરનૅશનલ યર ઓફ મિલેટ્સ એ બહુ મહત્ત્વનું મિશન છે. ખેડૂતોની આવક ડબલ કરવા માટે એ આહ્વાનને પરિપૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે. ગુજરાતની વાત કરીએ તો ગુજરાત પણ કૃષિ ક્ષેત્રે અપાર વૈવિધ્ય ધરાવે છે. કચ્છના રણપ્રદેશથી લઇ દક્ષિણ ગુજરાતની નદીના કાંપવાળી જમીનનો પ્રદેશ છે. સૌરાષ્ટ્રમાં ગિરનારની તળેટીમાં ઉછરેલા ખેતરો છે. અહીં સંશોધનની નવી ટૅકનૉલૉજીના ઉદાહરણરૂપ આધુનિક ખેતી પણ છે અને સાથે-સાથે સજીવ ખેતી કરતાં લાખો ખેડૂતો પણ છે. બનાસકાંઠા અને કચ્છનો સૂકો પ્રદેશ બાજરીની સાથે સાથે ખારેક અને દાડમની વૈવિધ્યતા ધરાવે છે. આમ, આપણા દેશની વૈવિધ્યતાની સાથે સાથે કૃષિ ક્ષેત્રની વૈવિધ્યતા સાથે પણ જોડાયેલો છે. મિલેટ્સ ખેતીના વિચાર પાછળ મુખ્ય વાત ખેતીમાં સામાજિક તેમજ આર્થિક ટકાઉપણું આવે અને લોકોનું સ્વાસ્થ્ય અને દેશના ખેડૂતો અને અન્ય લોકો મિલેટ્સના ફાયદાઓથી પ્રેરણા મેળવી વ્યાપ વધારે છે. મિલેટ્સના વાવેતર વિસ્તાર વધારવા માટે તેની સમજ હોવી, જાગૃતતા હોવી અનિવાર્ય છે. શહેરોની જીવનશૈલીના કારણે ખોરાકમાં અનિયમિતતા અને અપર્યાપ્ત પોષણયુક્ત ખોરાકથી શહેરોના લોકોનું આરોગ્ય દિવસે દિવસે કથળી રહ્યું છે. આ સ્થિતિમાં મિલેટ્સનો ઉપયોગ વધારીને સ્વાદિષ્ટ, પૌષ્ટિક અને આરોગ્યવર્ધક ખોરાક પદ્ધતિનો ઉપયોગ કરી શકે એમ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા મિલેટ મિશન ચાલુ કરેલ છે જે ખૂબ જ સરાહનીય પગલું છે. બોડી બંચ ઓફ ફૂડ હોય છે. વનસ્પતિ, માનવ કીટકો, પશુ-પંખીઓ સહિતના બધા જ ૬૫ લાખ સજીવોનું શરીર પંચ મહાભૂતોથી નિર્માણ થયું છે. આ પાંચ મૂળભૂત તત્ત્વો પૃથ્વી-ખનીજ, જલ-વરસાદ, અગ્નિ, વાયુ, આકાશ. વળી આ પંચ મહાભૂતો અનેક તત્ત્વોના એકત્રીકરણથી બને છે. આવા ૧૦૮ તત્ત્વોમાંથી આપણું પંચ મહાભૂતયુક્ત શરીર બને છે. દરેક વનસ્પતિનું શરીર આ પંચ મહાભૂતોમાંથી નિર્માણ થાય છે. આ પંચ મહાભૂતો પૈકી પૃથ્વીમાંથી નાઇટ્રોજન, પોટાશ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ગંધક, લોહતત્ત્વ અને અન્ય સૂક્ષ્મ ખાદ્ય તત્ત્વો પ્રાપ્ત થાય છે જેને ખનીજ કહેવામાં આવે છે. આ ખનીજ સુકાયેલા વનસ્પતિ શરીરના માત્ર દોઢ ટકા ભાગ હોય છે. બાકીના ચાર જલ, વાયુ, આકાશ અને અગ્નિનો ૯૮.૫ ટકા ભાગ હોય છે. પંચ મહાભૂતોથી બનેલા મિલેટ્સના અનેક ફાયદા છે. તેમાં કુદરતી રીતે એવા તત્ત્વો છે જે જટિલ પ્રકારના રોગો સામે રક્ષણ આપે છે. લોકપ્રિય ખાદ્ય પદાર્થમાં મિલેટ્સનો ઉપયોગ વધારવાના પ્રયાસો કરવામાં આવે છે. જે હેલ્થી ફૂડ્સ અથવા હાઈ ન્યુટ્રિશનલ ફૂડ્સ તરીકે ઓળખ પામશે. મિલેટ્સ ઉત્પાદન બજાર વ્યવસ્થાને અસરકારક બનાવવા માટે મહાનગરપાલિકા સ્તરે મિલેટ્સનો રોજિંદા ખોરાકમાં વપરાશ અને વાનગીઓ અંગે લોક જાગૃતિ સારું મિલેટ એક્સપોનું આયોજન તથા ખેડૂતો મિલેટ્સ ઉત્પાદન કરે તે સારુ ટેકાના ભાવે બાજરી, જુવાર અને રાગીની ખરીદી પર ઈન્સેન્ટિવ આપવા અંગેનું આયોજન ખૂબ સરાહનીય છે. મિલેટ્સના વ્યાપ વધવાથી ભારતના ખેડૂતો સમૃદ્ધ બનશે અને દેશના નાગરિકનું સ્વાસ્થ્ય સુધારી અર્થતંત્રની કાયાપલટ કરી શકવાની ક્ષમતા ધરાવે છે. મિલેટ્સની વાનગીઓની વૈશ્વિક બજારમાં માંગ વધવાથી મિલેટ્સની ખેતી કરતા ખેડૂતોને વિશ્વ બજાર સાથે જોડવા સરકાર કટિબદ્ધ છે. જેવા અન્ન એવા વિચાર હોય છે. ભારતનું ફૂડ ખાવાથી સમગ્ર માનવજાતનું કલ્યાણ થશે તેવા વિશ્વના વિચારો ભારતનું બહુ મોટું દાયિત્વ છે. બધા લોકો દરેક સમયે સક્રિય અને સ્વસ્થ જીવન માટે તેમની આહારની જરૂરિયાત અને ખોરાકની પસંદગીઓ પૂરી કરવા માટે પૂરતા સલામત અને પૌષ્ટિક ખોરાકની ભૌતિક અને આર્થિક અનુકૂળતા હોય ત્યારે ખાદ્ય સુરક્ષા પ્રાપ્ત થાય છે. જ્યારે આજે ખાદ્ય સુરક્ષાની સમજણ, પોષણને સમાવવા માટે માત્ર ખોરાકની ઉપલબ્ધતા એ જ સુલભતાથી આગળ વધી ગઈ છે. ભારત દ્વારા પ્રયોજિત એક ઠરાવ યુ.એન. જનરલ એસેમ્બલીએ સર્વસંમતિથી અપનાવ્યો છે. જેમાં વર્ષ ૨૦૨૩ને મિલેટ્સના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે

જાહેર કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ બદલાતી આબોહવાની પરિસ્થિતિઓમાં અનાજના સ્વાસ્થ્ય, લાભો અને તેમની ખેતી માટે યોગ્યતા વિશે જાગૃતિ લાવવાનો હતો. આમ, ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ-૨૦૨૩ મિશન કૃષિના બિનસરકારી સંકલ્પને આવકારતાં રાજ્ય સરકાર તેમાં આગળ વધવા માટે આવશ્યક પગલા ભરશે તેવા નિર્ધાર સાથે સર્વનો આભાર. '**सर्व जन हिता, सर्व जन सुखाय।**' માટે કામ કરતી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને હું અંતઃકરણથી અભિનંદન આપું છું.

શ્રી વિજયભાઇ ર. પટેલ(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ-૨૦૨૩ના બિનસરકારી સંકલ્પ સન્માનનીય સભ્યશ્રી મહેશભાઈ કસવાલા લઈને આવ્યા છે તેને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. માનવ જીવનના સ્વાસ્થ્ય માટે ભોજન એ મુખ્ય આધાર છે. દેશના ધાન્યનો વપરાશ સ્વાસ્થ્ય સુરક્ષા માટે મહત્ત્વનો છે ત્યારે આપણા ગુજરાતના સપૂત અને દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે બાજરો, જુવાર, રાગી, સામો, રાજગરો જેવા ધાન્યોનો ઉપયોગ કરવા માટે ખૂબ ભાર મૂકેલો છે અને એટલા માટે જ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબ એમના પ્રયત્નો થકી આજે વર્ષ ૨૦૨૩ને International Year Of Millets(IYOM) તરીકે ઊજવણી કરી રહ્યા છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબે એમના 'મનકી બાત' કાર્યક્રમમાં પણ આ માટે ખૂબ ભાર મૂક્યો હતો અને મિલેટ્સ જેવા જાડા અનાજો પ્રત્યે જાગૃતતા વધારવા માટે જનઆંદોલન ચલાવવાની વાત કરી હતી. જાડા ધાન્યો કુપોષણ દૂર કરવાથી માંડીને ડાયાબિટીસ અને હાઈપર ટેન્શન જેવી બીમારીઓ સામે લડવા માટે ખૂબ મદદરૂપ થાય છે. કુપોષણથી માંડીને જળવાયુ પરિવર્તન જેવી સમસ્યાઓ સામે લડી રહેલી દુનિયામાં મિલેટ્સને 'સુપર ફૂડ' કહેવામાં આવી રહ્યું છે. 'સુપરફૂડ' નો મતલબ એવી ખાદ્ય સામગ્રીઓ કે જેમાં પોષકતત્વો અપેક્ષા કરતાં પણ વધારે હોય. મિલેટ્સને પણ એવા જ પાકમાં ગણવામાં આવે છે. આ જે મિલેટ્સ છે એની અંદર અગાઉ કહ્યું એ પ્રમાણે જુવાર, બાજરો, રાગી, સાંબા, કંગની, ચીણો, કોદરા, કુટ્ટી અને કુટુ જેવા પાકો આવરી લેવામાં આવે છે. મિલેટ્સનું ૧૩૧ દેશોની અંદર મુખ્યત્વે સૂકી જમીનમાં ઓછા પાણીએ વાવેતર કરવામાં આવે છે. લગભગ ૫૯ લોકોનો આ મુખ્ય ખોરાક છે. મિલેટ્સથી આપણને અનેક પ્રકારના લાભો પણ થાય છે. આવા પ્રકારના ધાન્યોનો આપણે જ્યારે ઉપયોગ કરીએ ત્યારે એ શક્તિમાં વધારો કરે છે. ઘંઉ અને ચોખાની તુલનામાં હલકા ધાન્યોમાં અનેકઘણી એનર્જી હોય છે. જેમાં બાજરાના રોટલા ઘી સાથે ખાવાથી તેનું ન્યૂટ્રીશન અનેકગણું વધી જાય છે. તેના નિયમિત સેવનથી શરીર મજબૂત અને શક્તિશાળી બને છે. આ પ્રકારના ધાન્યો મોટાપાને દૂર કરે છે, વજન ઓછું કરવાનું હોય તો હલકા ધાન્યનું સેવન કરવાથી ફાયદો મળે છે. તેમાં ત્રીપ્ટોફેન નામનું એમિનો એસિડ હોય છે કે જેનાથી પેટ ભરેલું લાગે છે અને લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી, વજનને કંટ્રોલ કરવામાં મદદરૂપ થાય છે. હલકાં ધાન્યોને કેલ્શિયમનો ભરપૂર સ્ત્રોત માનવામાં આવે છે. બાળકો અને વૃદ્ધોમાં હાડકાંની મજબૂતી આપે છે. કેલ્શિયમની ખામીને લીધે ઓસ્ટીયોપોરોસિસ નામનો રોગ થાય છે જે હલકા ધાન્યોના સેવનથી દૂર થાય છે. હૃદયની તંદુરસ્તી માટે પણ આ પ્રકારના ધાન્યો ખૂબ ઉપયોગી છે. હલકા ધાન્યોને મેગ્નેશિયમ અને પૉટેશિયમનો સારો સ્ત્રોત માનવામાં આવે છે. જે કૉલેસ્ટ્રોલના લેવલને ઓછું કરી હૃદયને તંદુરસ્ત રાખે છે અને હૃદયની બિમારીઓના જોખમને ઓછું કરે છે. બ્લડપ્રેશરને પણ નિયંત્રણમાં રાખે છે. પાચનક્રિયામાં પણ આ પ્રકારના ધાન્યો ખૂબ જ ઉપયોગી છે. હલકા ધાન્યોની અંદર ફાઈબર ભરપૂર માત્રામાં મળી આવે છે. જે પાચનક્રિયાને મજબૂત બનાવે છે. જેના લીધે કબજિયાત, ગેસ, એસીડીટી જેવી બીમારીઓથી છૂટકારો મળે છે. હમણાં સૌથી વધારે ડાયાબિટીસનો રોગ જોવા મળે છે ત્યારે ડાયાબિટીસ માટે પણ આ પ્રકારના ધાન્યો ખૂબ ઉપયોગી છે. નિયમિત રીતે આ પ્રકારના ધાન્યોનું સેવન એ ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ ફાયદાકારક છે. લોહીમાં સુગરની માત્રાને કંટ્રોલ કરવામાં પણ મદદ કરે છે. આથી, ડાયાબિટીસના દર્દીઓ માટે બાજરો વરદાનરૂપ છે. આવા પ્રકારના ધાન્યોથી મગજ પણ શાંત રહે છે. હલકા ધાન્યો ખાવાથી ડિપ્રેશન, તણાવ, ઊંઘ ન આવવી વગેરે જેવી સમસ્યાઓને દૂર થાય છે. બાજરામાં જે મૅગ્નેશિયમ તત્વ મળી આવે છે એ માથાનો દુઃખાવો અને માઈગ્રેનમાં રાહત આપે છે. હું ડાંગ જિલ્લામાંથી આવું છું. અમારા ડાંગ જિલ્લામાં અમે રાગીને 'નાગલી' કહીએ છીએ. અમે નાગલીનો ખોરાક ખાઇએ છીએ. નાગલીમાંથી રોટલો, બિસ્કિટ, પાપડ અને નાનખટાઇ બને છે. નાગલી એ એક એવું અનાજ છે કે જેમાં ૩૫ ટકા કૅલ્શિયમ હોય છે. એમાં આયર્નનું પણ પ્રમાણ છે. નાગલી ખાવાથી ખૂબ ફાયદા થાય છે. આ બિન-સરકારી સંકલ્પ માનનીય સભ્યશ્રી જે લાવ્યા છે એમાં મારું સમર્થન આપું છું. ખૂબ ખૂબ આભાર.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ-૨૦૨૩ના મીશન અંગેનો જે બિન- સરકારી સંકલ્પ લઈને આવ્યા છે એમાં, હું મારા વિચારો વ્યકત કરું છું અને તેને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મિલેટ્સ વિશ્વમાં ઉગાડવામાં આવતો પ્રસિદ્ધ અને પ્રાચીન પાક છે. તે આગલી પેઢીને ખેતીનું વચન આપતી અનન્ય લાક્ષણિકતા સાથેનું શ્રેષ્ઠ અનાજ છે. તેથી મિલેટ્સને આશાસ્પદ પાક ગણવામાં આવે છે. મિલેટ્સ અત્યંત પૌષ્ટિક અને આબોહવાને અનુરૂપ પાક છે પણ, ભારતમાં એકંદરે મિલેટ્સના વપરાશમાં વર્ષોથી ઘટાડો થઇ રહ્યો છે. મિલેટ્સની માંગને પુનર્જીવિત કરવા માટે નવીન તકનીકો લાવવાનો પ્રયાસ કર્યો છે. આ વર્તમાન યુગમાં ગ્રાહકો લાંબા જીવનગાળા માટે ઉચ્ચ ગુણવત્તા અને આરોગ્યપ્રદ ખોરાક પસંદ કરે છે. મેદસ્વિતા, ડાયાબિટીશ અને અન્ય જીવનશૈલીના

રોગો અંગે સંભવિત સ્વાસ્થ્યના લાભો અને જાગૃતિ લાવવા માટે મિલેટ્સ આધારિત ખોરાકોનો ઉપયોગ કરવાની ભલામણ આયુર્વેદિકમાં પણ દર્શાવેલ છે. રાજ્યના ખેડૂતોને મિલેટ્સના વાવેતરના વિસ્તારને વધારવાની પ્રેરણા મળે એને મૂલ્યવર્ધક કરી આવક વધારો કરે અને લોકોને મિલેટ્સથી થતાં સ્વાસ્થ્ય અંગેના લાભોની માહિતી મળે એ હેતુથી રાજ્યમાં સેમિનાર, વર્કશોપ, મેગા એક્સ્પો કરવામાં આવનાર છે, તે ખૂબ સરાહનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોષક તત્વોના ભંડાર અને અનન્ય ગુણધર્મોના કારણે મિલેટ્સને ન્યુટિલ સિરિયલ્સ કહેવામાં આવે છે અને તેમને છૂપી ભૂખ માટે સક્ષમ બનાવે છે. મિલેટ્સમાં મહત્ત્વના ગુણધર્મો જેવા કે, ઉચ્ચ ગુણવત્તાના ધાન્ય, લોટમાં રહેલું નાત્રિલ દ્રવ્ય મુક્ત પ્રોટીન, ઓછું ગાયનેકીક ઈન્ડેક્ષ, ઓછી કાર્બન હાઈડ્રિક સામગ્રી બિન ગુલેટીન હોવાના કારણે પચાવવામાં ખૂબ જ સરળ છે. ડાયેટરી, ફાઈબર, એમિની એસિડ, વિટામિન વિગેરે છે. વધુમાં, બાજરામાં સૌથી ઓછી કાર્બોહાઈડ્રિક હોવાથી કાર્ડિયો વાસ્કયુલર રોગો, ડાયાબિટીશ પ્રકાર-રનું જોખમ, જઠરાગ્નિ કેન્સર અને અન્ય વિકૃતીઓના દર્દીઓ માટે બાજરાની એક આદર્શ ખોરાક તરીકે ભલામણ કરવામાં આવે છે. આ શરીરમાં ખાંડના સ્તરને સમતુલિત કરવામાં મદદ કરી શકે છે તેથી ડાયાબિટીશ પ્રકાર ૧ અને રની સંભાવના ઘટે છે. મિલેટ્સના નિયમિત સેવનથી વિવિધ પ્રકારના કેન્સરનું જોખમ ઓછું થાય છે. તાજેતરના કેટલાક સંશોધન દર્શાવે છે કે દરરોજ ૩૦ ગ્રામ ડાયટેરિંગ ફાઈબર સેવનથી મહિલાઓને સ્તર કેન્સરથી ૫૦ ટકા સંભાવના ઘટાડી શકાય છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છેવાડાના માનવી સુધી ચિંતા કરતા હોય છે ત્યારે રોગ-પ્રતિકારક શક્તિ વધારે એના માટેનો આ એક ઉત્તમ ખોરાક છે. સાથો સાથ છેવાડાના માનવીની આરોગ્ય અને શિક્ષણની ચિંતા કરતા કરતા, અનેક પ્રકારની નવી-નવી યોજનાઓ ડિકલેર કરી અને વધારેમાં વધારે લોકો આરોગ્ય બાબતે સ્વસ્થ રહે એના માટેની ચિંતા કરતાં હોય છે તો આજે આપણે વડાપ્રધાનશ્રીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ. બધી બીમારીઓની દવા એ છે કે આપણે લોકોને અપનાવવા જોઈએ. મિલેટ્સની ખેતી પદ્ધતિ અપનાવનાર આવનાર પેઢીની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય સારા પર્યાવરણની ભેટ ગણી શકાય. ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ-૨૦૨૩ના મીશન કૃષિના આ બિન-સરકારી સંકલ્પને આવકારતા રાજ્ય સરકાર તેમાં આગળ વધે તે માટે આવશ્યક પગલા ભરશે, તેવા નિર્ધાર સાથે હું આ ગૃહના સર્વ સભ્યશ્રીઓનો આભાર માનું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ રજૂ કરેલ International Year Of Millets (IYOM) ના સંકલ્પને રાજય સરકાર સ્વીકારે. એનો પ્રચાર, પ્રસાર માટેની જરૂરી વ્યવસ્થા કરે એના માટે અનુરોધ કરતો જે આ સંકલ્પ રજૂ કર્યો છે, એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતના પનોતા પુત્ર, દેશના યશસ્વી વડાપ્રધાન અને દેશના સર્વોચ્ચ લોકપ્રિય નેતા નરેન્દ્રભાઈ મોદીએ જયારથી દેશનું વડાપ્રધાન પદ સ્વીકાર્યુ છે, ત્યારથી સમગ્ર દુનિયામાં ભારતનો પ્રભાવ વધ્યો છે. ભારતની ખ્યાતિ વધી છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતનું પ્રભુત્વ પણ વધ્યું છે અને એનો જો કોઈ દાખલો હોય તો આ ૨૦૨૩ના વર્ષને International Year Of Millets (IYOM) તરીકે સંયુકત રાષ્ટ્ર સંઘે મંજૂરી આપી છે, એ એનું પ્રમાણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર માનવ જાતના સ્વાસ્થ્ય માટે, પર્યાવરણની સમતુલા માટે અને ઓછા ખર્ચે જે પાકો થઈ જાય છે, જેને આપણે જાડા ધાન્ય કહેતા હતા એ જાડા ધાન્ય સમગ્ર વિશ્વની જનતા ખોરાકમાં વધુ ઉપયોગ કરે. એનું વધુ ઉત્પાદન થાય. એ સમગ્ર માનવ જાત માટે પણ ફાયદાકારક છે. આ પહેલા માનવીના આરોગ્ય માટે આપણી જે પ્રાચીન પદ્ધતિ હતી યોગ. આ યોગની પદ્ધતિને સમગ્ર ગુજરાતમાં અને દેશમાં પ્રસારિત કરી. એટલું જ નહીં, પણ એને પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માન્યતા અપાવી. ૨૧ જૂનનો દિવસ છે એ યોગ દિવસ તરીકે સમગ્ર દુનિયા મનાવે એવી જે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુનો સમક્ષ દરખાસ્ત કરી હતી, એને પણ સંયુકત રાષ્ટ્ર સંઘે માન્ય કરી.

અગાઉ એમ કહેવાય છે કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતનું કોઈ ઉપજણ નહોતું. આજે આપણા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે છવાઈ ગયા છે. એટલું જ નહીં, પણ સમગ્ર દુનિયા એમનો પડ્યો બોલ ઝીલવા માટે તૈયાર છે. એવી આજે ભારતની સ્થિતિ છે. એનું જો કોઈ કારણ હોય તો નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વ શક્તિ અને સમગ્ર માનવ જાત માટે એમના મનમાં જે ભાવના છે, એનો હમણા જ આપણને દાખલો મળ્યો કે જી-૨૦ના નરેન્દ્રભાઈ અધ્યક્ષ બન્યા. દુનિયાના ૨૦ વિકસિત દેશોના સમૂહના સંગઠનના અધ્યક્ષ થયા પછી એમણે જે થીમ રજૂ કરી. 'વસુધૈવ કુટુંબકમ્'એ શબ્દો તો આપણા પ્રાચીન શબ્દો છે. આપણી સંસ્કૃતિમાં વણાયેલા છે. એને સમગ્ર દુનિયા સ્વીકારે. એનું જો કોઈ કારણ હોય તો માત્ર ને માત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ. શ્રી નરેન્દ્રભાઈનું વિઝન બહુ મોટું છે. માનવ માત્રના ભલા માટે તેઓ વિચારે છે. સમગ્ર દુનિયાની માનવ જાત કેમ સુખી થાય, સમૃદ્ધ થાય, રોગમુકત થાય, કેમ એનું જીવન આરોગ્યમય બને અને વિશ્વમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ પ્રસરે એના માટે સમગ્ર વિશ્વનો જો કોઈ વિચાર કરતા હોય તો એ આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદી કરે છે. એટલા માટે જયારે International Year Of Millets (IYOM) તરીકે જયારે સંયુકત રાષ્ટ્ર સંઘે આપણી વાત, કેન્દ્ર સરકારની વાતને સ્વીકારી છે, ત્યારે હું આ સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને કહેવા માગું છું. મારી અગાઉ શ્રી મહેશભાઈ, શ્રી પ્રકાશભાઈ, શ્રી વિજયભાઈ પટેલ, સન્માનનીય સભ્યશ્રી રમેશભાઈ ટીલાળા જેવા આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ આ અંગે પોતાના વિચારો રજૂ કર્યા છે. હું પણ એમાં મારો સૂર પુરાવું છું અને હું કહેવા માગું છું કે આજે રાજય સરકાર મિલેટ્સની

ખેતી ઉપર નિષ્ઠાપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ખેડૂતોની આવક બમણી થાય એના માટેનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું વિઝન સાકાર કરવામાં પણ આ મિલેટ્સની ખેતી ખૂબ સહાયક છે. આ એવી કૃષિ પદ્ધતિ છે કે જેમાં જમીનના સ્વાસ્થ્યનું, માનવ જાતના સ્વાસ્થ્યનું, પર્યાવરણનું આ બધાનું રક્ષણ થાય છે. અને પાણી અને વીજળીની પણ બચત થાય છે. આ ઉપરાંત આ ખેતી દરેક ખેડૂતને પરવડે તેવી છે. મિલેટ્સની ખેત પદ્ધતિમાં ઇનપુટ ખર્ચ પણ ઓછો આવે છે. રાસાયણિક ખાતરોનો ઓછો ઉપયોગ, જંતુનાશક દવાઓનો ઓછો ઉપયોગ, અને એના પરિણામે જમીનની ફળદ્રુપતાને પણ આ ધાન્યની ખેતી ઓછું નુકસાન થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, અમારા જામનગરના જામ સાહેબ માટે એવું કહેવાય છે કે અમારા જામ સાહેબ એના ખાવા માટે બાજરીનો જે પાક જામનગર જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં આવેલ એક ગામમાં, અજાબ ટાપુ છે તેના ઉપર એના માટે ખાસ બાજરી ઉગાડવામાં આવતી હતી. કારણ કે એના સ્વાસ્થ્ય માટે એ બાજરી એને ખૂબ જ ઉપયોગી થતી હતી. એવી જ રીતે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના બાબરકોટની બાજરી આજે પણ માર્કેટમાં ખૂબ ઊંચા ભાવે વખણાય છે. કારણ કે તેનું પોષણ મૂલ્ય ખૂબ ઊંચું છે. કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકાના ખડીર વિસ્તારની બિન પિયત બાજરી કે જે સંપૂર્ણપણે સેન્દ્રીય રીતે પકાવવા માટે ખૂબ જાણીતી છે. ગુજરાતમાં અમે ખાસ કરીને ગાય આધારિત કુદરતી ખેતીને પ્રોત્સાહન આપી રહ્યા છીએ ત્યારે મિલેટ્સની ખેતીને ખૂબ મોટો વેગ મળશે. મિલેટ્સ એ નાના બીજના સામૂહિક જૂથ છે. જે અનાજ તરીકે ઉગાડવામાં આવે છે. ગુજરાત રાજયમાં હાલ બાજરી, નાગલી અને જુવારનો વાવેતર વિસ્તાર લગભગ ૫.૮ લાખ હેકટર, અને અંદાજિત ઉત્પાદન ૧૦.૯૫ લાખ મેટ્રિક ટન છે. જેનુ મુખ્યત્વે સૂકી અને સીમાંત જમીન પર ૧૩૧ જેટલા દેશોમાં વાવેતર કરવામાં આવે છે. બાજરી એ પરંપરાગત એશિયા અને આફ્રીકાના ૫૯ કરોડ જેટલા લોકો માટે મુખ્ય ખોરાક છે. મિલેટ્સ સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. મિલેટ્સ એન્ટી ઓક્સિડન્ટ પ્રવૃતિનું ઉચ્ચ સ્તર દર્શાવે છે. બાજરીના અંકૂર કેટલાક ખનીજોને વધુ ઉપલબ્ધ બનાવે છે. મિલેટ્સ એ કુદરતી રીતે ધાન્યના લોટમાં રહેલું ગ્લુટન મુકત છે. મિલેટ્સના સેવનથી શરીરમાં ટ્રાયગ્લીસરાય અને સીરીએક્ટિવ પ્રોટીન ઘટે છે, કાંગ એ બ્લડ સુગર અને કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. મોરૈયામાં હાઇપોકેમિકલ ગુણધર્મો, કેન્સર, ડાયાબિટીસ, હૃદય રોગ અને હાયપરટેન્સન જેવા રોગોથી રક્ષણ પૂરું પાડવામાં મદદ કરી શકે છે. મિલેટ્સ એ પોલીફલેનિક સંયોજનો ધરાવે છે. જે ડાયાબિટીસ ટાઇપ ટુ ના સંચાલનમાં પણ ખૂબ ફાયદો કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાગીમાં ટ્રીપ્ટોફેન નામનું એમીનો એસીડ હોય છે જે ભૂખ ઓછી કરે છે, અને વજનને નિયંત્રણમાં રાખવાનું કામ કરે છે. આજ કાલના સ્વાસ્થ્ય માટે નાગલી રાગી ઓસ્ટીયોપોરાયસીસ જેવા રોગોને દૂર રાખે છે અને અસ્થીભંગનું જોખમ પણ ઘટાડે છે. રાગીના લોટમાં એવા પરિબળોની હાજરી છે જેના કારણે સ્ટાર્ચનું પાચન અને શોષણ ઘટે છે, નાગલી, રાગી બ્લડ કોલેસ્ટોરલ ઘટાડવામાં મદદરૂપ થાય છે. રાગીનું સેવન એનિમિયાની ગંભીર સ્થિતિમાં પણ ખૂબ ઉપયોગી થાય છે. નાગલી, રાગી આધુનિક ખોરાકની એલર્જીથી પીડાતા લોકો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ખોરાક છે. રાગીનું સેવન શરીરને કુદરતી રીતે આરામ આપવામાં મદદ કરે છે. અને ચિંતા, ડિપ્રેશન અને અનિંદ્રાની સ્થિતિમાં ખૂબ જ ફાયદાકારક છે. રાગી માયગ્રેન માટે પણ ખૂબ જ ઉપયોગી છે. સ્નાયુના સમારકામમાં, લોહીની રચનામાં, હાડકાની રચનામાં અને ત્વચાની તંદુરસ્તી વધારવામાં આ મિલેટ્સ ધાન્ય ખૂબ ઉપયોગી થાય છે. જો રાગી નિયમિતપણે ખાવામાં આવે તો કુપોષણ, ડીજનરેટીવ રોગો અને અકાળે વૃદ્ધત્વને દૂર રાખવામાં મદદરૂપ થાય છે. બ્લડપ્રેશર, લીવર ડીસઓર્ડર, અસ્થમા અને હૃદયની નબળાઇની સ્થિતિ માટે લીલી રાગીની ભલામણ કરવામાં આવે છે. દૂધ ઉત્પાદનની અછતની સ્થિતિમાં સ્તનપાન કરાવતી માતાઓને પણ લીલી રાગીની ભલામણ કરવામાં આવે છે. આમ મિલેટ આધારિત ખોરાક લેવાથી અનેક પ્રકારના અસાધ્ય રોગોમાંથી છૂટકારો મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ' વસુધૈવ કુટુમ્બકમ્ ' સનાતન ધર્મની મૂળભૂત વિધિઓ અને વિચારધારા છે. જે મહાઉપનિષદ સહિત ઘણાં ગ્રંથોમાં લખાયેલી છે. તેનો અર્થ એ છે કે પૃથ્વી એ કુટુંબ છે. આ વાક્ય ભારતીય સંસદના પ્રવેશદ્વાર પર પણ અંકિત થયેલ છે. જે અનુસાર પરિવારના સારા સ્વાસ્થ્ય હેતુથી ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્રને વર્ષ ૨૦૨૩ને મિલેટ્સ આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે જાહેર કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. વર્ષ ૨૦૨૩ને ઇન્ટરનેશનલ ઇયર ઓફ મિલેટ તરીકે જાહેર કરતાં કેટલાય રાજ્યોએ ' મિશન ઓન મિલેટ્સ' ચાલુ કર્યું છે. મહિલા અને બાળમંત્રાલય દ્વારા પોષણ મિશન હેઠળ બાજરીનો સમાવેશ કરવામાં આવેલ છે. આઇ.સી.એ.આર.એ એક નવી જાત કિવેનોઆ બહાર પાડી છે. જેને પોષક અનાજ તરીકે જાહેર કરવામાં આવેલ છે. દેશના વિવિધ સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા કુલ ૬૭ મૂલ્યવર્ધિત ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે જેના કારણે બાજરીની નિકાસ પણ વધી છે. બાજરીની બાયોફોર્ટીફાઇડ ચાર જાત સહિત વધુ ઉત્પાદન આપતી ૧૩ જાત વિકસાવવામાં આવી છે. ભારત સરકારે ઇન્ટરનેશનલ ઇયર ઓફ મિલેટ - ૨૦૨૩ ઊજવવાનું નક્કી કર્યું છે, જેથી ભારતીય મિલેટ્સની વાનગીઓ, મૂલ્યવર્ધિત ઉત્પાદનો વૈશ્વિક સ્તરે સ્વીકારવામાં આવે. મિલેટના પ્રોત્સાહન માટે રાજ્ય સરકારે ખૂબ પ્રયત્નો શરૂ કર્યા છે. ગુજરાત રાજ્યમાં મિલેટ કૃષિનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઝુંબેશના રૂપમાં પ્રયત્નો કરવામાં આવેલ છે. રાજ્ય સરકારે પણ ઇન્ટરનેશનલ ઇયર ઓફ મિલેટ - ૨૦૨૩ અંતર્ગત નવી યોજના અમલમાં મૂકેલ છે. જેમાં મિલેટ્સનો પ્રચાર, પસાર, તાલીમ, પ્રદર્શન, નિદર્શન, મિલેટ્સ વાનગીઓને લગતી બાબતોનો સમાવેશ થાય છે. રાજ્યમાં મિલેટ અવેરનેસ માટે રાજ્ય સરકાર દ્વારા તાલુકા લેવલે ખેડૂતોમાં મિલેટ પાકોની ખેતી પ્રત્યે અને અગત્યતા માટે મિલેટ

સેમિનાર અને વિવિધ યોજનાઓ દ્વારા નિદર્શન, જ્યારે મહાનગરપાલિકા સ્તરે મિલેટનો રોજિંદા ખોરાકમાં વપરાશ અને વાનગીઓ અંગે લોકજાગૃતિ સારું કુલ ૮ મિલેટ એક્સપોનું આયોજન તથા ખેડૂત મિલેટ્સ ઉત્પાદન કરે તે સારુ ટેકાના ભાવે બાજરી, જુવાર, રાગીની ખરીદી પર ઇન્સેન્ટીવ આપવા પણ આયોજન કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મિલેટ્સ પાકોના ઉત્પાદન તથા મૂલ્યવર્ધિત ઉત્પાદનોની જાણકારી માટે રાજ્ય કક્ષાએ વર્કશોપ અને સેમિનારનું આયોજન કરવામાં આવશે. મિલેટ્સ પાકોનું પ્રમોશન અને તેની જાગૃતતા માટે મહાનગરોમાં મિલેટ્સ એક્સપોનું આયોજન કરવામાં આવશે. શહેરી વિસ્તારોમાં મિલેટ્સની જાગૃતતા કેળવવા માટે ગુજરાતના ૨૪ જિલ્લાઓમાં વર્કશોપ, સેમિનારના આયોજન કરવા માટે રાજ્ય સરકારે નક્કી કર્યું છે. ખેડૂતો મિલેટ્સ પાકોનું વાવેતર વધારે અને પ્રોત્સાહન મળે તે માટે લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત  ખરીદી પર ઇન્સેન્ટીવ આપી અને મિલેટ પ્રકારના ધાન્યોનું ઉત્પાદન વધે તેના માટે ૭૦ કરોડ રૂપિયાના ખર્ચે ૧ લાખ મેટ્રિકટનના લક્ષ્યાંક સાથે અમે આયોજન કર્યું છે. મિલેટ્સનું વાવેતર કરતાં ખેડૂતો માટે વધુ ઉત્પાદન ધરાવતી જાતોની કીટ વિતરણ સહાયથી કરવા માટેનું પણ આયોજન અમે કર્યું છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે ત્યારે જાડા ધાન્ય મિલેટ, મિલેટ્સની વાનગીઓ અને તેની પોષક ઉપયોગિતાથી પરિચિત કરાવવા માટે વિશ્વના ઘણા દેશોમાં વિવિધ પ્રકારના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે. ત્યારે રાજ્યના કૃષિ વિભાગ દ્વારા મિલેટ્સથી થતા ફાયદાઓ જણાવવા ઉપરાંત તેમાંથી તૈયાર થતી વાનગીઓ અને તેમાં રહેલા પોષક તત્વો વિશે માહિતીસભર વિશેષ અંક પ્રકાશિત કરવાનું પણ આયોજન છે.  જેમાં વિશ્વના તમામ દેશોમાં કુપોષણને લીધે વધતી બીમારીઓના કારણે પૈષ્ટિક જાડા ધાન્ય (મિલેટ્સ) તરફ ધ્યન દોરવામાં આવ્યું છે.  આ પૈષ્ટિક મિલેટ્સ અન્ય અનાજની તુલનામાં ઘણા પોષક મૂલ્યો ધરાવે છે. ભારત વિશ્વમાં મિલેટ્સનો સૌથી મોટો ઉત્પાદક અને ગ્રાહક છે. કેન્દ્ર સરકારે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય ગેઝેટ નોટિફિકેશન નંબર ૧૩૩, તારીખઃ ૧૩-૪-૨૦૧૮થી જાહેર કરેલ મિલેટ્સમાં જુવાર, બાજરી, રાગી અને નાની મિલેટ્સ એટલે કે કાંગણી, ચીનો, કોડો, સનવા, કુટકીના વપરાશ અને વેપારના દૃષ્ટીકોણ માટે પૈષ્ટિક અનાજ તરીકેનો સમાવેશ થાય છે.  દેશમાં મિલેટ્સને પ્રોત્સાહન આપતા, સરકારે વર્ષ ૨૦૦૭માં શરૂ કરાયેલ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન (એનએફએસએમ) હેઠળ મિલેટ્સ મિશનનો પ્રારંભ કર્યો હતો.  મિલેટ્સ ખેતીને વેગવાન બનાવવા રાજયમાં હાલના તબકકે ચાલી રહેલ કામગીરીની વાત કરું તો રાજયના જિલ્લાઓમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન અંતર્ગત ન્યુટ્રીસિરિયલ યોજના હેઠળ મિલેટ્સ ફેસ્ટિવલની ઊજવણી ચાલુ છે.  જેમાં મિલેટ્સ અંગે ખેડૂતોમાં જાગૃતતતા, મિલેટ્સથી થતા સ્વાસ્થ્ય લાભો તેમજ મિલેટ્સથી તૈયાર થતી વિવિધ વાનગીઓના પ્રદર્શનો થકી લોકોમાં જાગૃતતા લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.  હાલમાં ભારત સરકારે તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી જી-૨૦ સમિટના પ્રમુખપદ પર આગેવાની કરેલ છે જે અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજી રહી છે.  જેમાં ગુજરાત રાજયમાં ૨૦૨૩માં થનાર કાર્યક્રમોમાં મિલેટ્સ થીમ પર યોજવા નિર્ધાર કરેલ છે. જેમાં મિલેટ્સ આધારીત હેમ્પર્સ, મિલેટ્સ બ્રાન્ડિંગ માટે એરપોર્ટથી કાર્યક્રમના સ્થળ સુધી શહેરી વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે.  કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો માટે ભોજનમાં પણ મિલેટ્સની વાનગીઓ પીરસવામાં આવે છે.  તેમજ મિલેટ્સ સ્ટોલ અને કાફે પણ ખોલવામાં આવે છે.  દરેક કાર્યક્રમના શણગાર, ગુજરાતની પરંપરા મુજબ રંગોળીથી કરવામાં આવતા હોય છે જે ''મિલેટ્સ રંગોલી''થી સજાવવામાં આવે છે.  દરેક ક્ષેત્રની જેમ મિલેટ્સ ખેતીમાં પણ ગુજરાત રાજ્ય પ્રેરણારૂપ રાજ્ય તરીકે ઉભરી આવે તેવા રાજ્ય સરકારશ્રીના પ્રયાસો સહ માનનીય સભ્યશ્રી મહેશ કસવલાનો આ બિનસરકારી સંકલ્પ '' ઇન્ટરનેશનલ ઇયર ઓફ મિલેટ્સ-૨૦૨૩ મિશન''ને આવકારતા રાજ્ય સરકાર તેમાં જે જરૂરી લાગે તે માટે આવશ્યક પગલાં ભરશે તેવા નિર્ધાર સાથે સર્વનો આભાર.  માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ મિલેટ્સનું ભોજન એમના બંગલે કરાવ્યું હતું.  મિલેટ્સ ઉત્પાદન કરતા ખેડૂતોને પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સન્માન્યા હતા, મેં પણ હમણાં જે ભોજન સમારંભ રાખ્યો હતો એમાં પણ મિલેટ્સની વાનગીઓનો સમાવેશ કર્યો હતો અને હું બધા સભ્યશ્રીઓને વિનંતી કરું કે આપણા નેતા નરેન્દ્રભાઇ મોદીના જે વિચાર થી દુનિયા આખીએ, યુનોએ તેને આંતરરાષ્ટ્રીય ઇયર તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે, મિલેટ્સ ધાન્યોનું વધુને વધુ ઉત્પાદન થાય, વધુમાં વધુ પ્રચાર થાય, વધુમાં વધુ ખોરાકમાં લોકો એનો ઉપયોગ કરે એના માટે આપણે બધા જો મહેનત કરીએ, પ્રયત્નો કરીએ તો હું માનું છું કે સરકાર તો આમાં કરવાની જ છે, અમે તો નિર્ધાર કર્યો છે પણ માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા જે ભાવનાથી આ સંકલ્પ લઇને આવ્યા છે એ ભાવનાને ચરિતાર્થ કરવા માટે સભાગૃહના સૌ સન્માનનીય સભ્યો મિલેટ્સના પ્રચાર, પ્રસાર, ઉત્પાદનના કાર્યોમાં મદદરૂપ થાય એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મિલેટ્સના સંકલ્પ પર મોડું થયું છે પણ બધાએ મિલેટ્સના સંકલ્પને સ્વીકાર્યો છે.  માનનીય સભ્યશ્રીઓએ પણ આ ચર્ચામાં ભાગ લીધો છે એવા શ્રી પ્રકાશભાઇ વરમોરા, શ્રી વિજયભાઇ પટેલ, શ્રી રમેશભાઇ ટીલાળા અને માનનીય મંત્રીશ્રીએ ખૂબ જ વિસ્તૃત સમજ આપી રાજ્ય સરકારના આયોજન વિશે વાત કરી છે ત્યારે સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું. ગૃહના તમામ સભ્યશ્રીઓ આ સંકલ્પને સ્વીકારે એવી વિનંતી સાથે અનુરોધ કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ રાત્રિના ૮.૪૧ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શનિવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શનિવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૨૩**

**ફાલ્ગુન ૨૦, ૧૯૪૪ શાકે**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ આહિર અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**છોટાઉદેપુર જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

*૧૫૧૭ **શ્રી જયંતિભાઇ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૧૧,૨૯૦ |

- - - - - - - - -

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સંરક્ષણની તાલીમનો હેતુ શું છે? અને મહિલાઓના સ્વરક્ષણ માટે મહિલાઓને જે તાલીમ આપવામાં આવે છે એના માટે રાજ્ય સરકારે કંઇ કંઇ વિગતો હાથ ધરેલ છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલીન મુખ્યમંત્રીશ્રીની દૂરદર્શી હતી કે પોલીસ ફક્ત ગુનો નોંધવા કે આરોપીને પકડવાનું કામ ન કરે પરંતુ પોલીસ એ પ્રજાનો મિત્ર બને. પોલીસ અને પ્રજા સાથે મળીને મહિલા સુરક્ષાના વિષયમાં આગળ કામગીરી કરે તે માટે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે છેલ્લા એક વર્ષમાં અનેક મહત્ત્વનાં પગલાંઓ ભર્યાં છે. પોલીસ પ્રજાનો વિશ્વાસ સંપાદિત કરવા પહેલ કરે અને પોલીસને કાયદો વ્યવસ્થા સહિતની કામગીરીમાં વિશાળ જન-સમૂદાયનો સહકાર મળે અને રાજ્યની નારીશકિતને રાષ્ટ્ર નિર્માણના પાયામાં જોડવી એ ખૂબ જરૂરી છે. જે રાષ્ટ્ર નારીની ઉપેક્ષા કરે છે તેની પ્રગતિ થઇ શકતી નથી. આ સરકારનો મંત્ર નારી તું નારાયણી છે. વર્તમાન સમયમાં મહિલાઓની સુરક્ષા દુનિયાભરમાં એક અતિ મહત્ત્વની બાબત બનતી જાય છે. બદલાતા સમય સાથે તાલ મિલાવવામાં મહિલાઓએ ઘરની બહાર અને અનેક કામોની અંદર જોડાવવાની જયારે આવશ્યકતા બની હોય તો એની સુરક્ષાની પણ અનેક જરૂરિયાતો અવાર-નવાર ઊભી થતી હોય છે. આવા વખતમાં મહિલાઓને તેઓની સુરક્ષા માટે આત્મનિર્ભર બનવા માટે શારીરિક અને માનસિક રીતે સશક્ત બનવાની આવશ્યકતા ઊભી થયેલ હોઇ, સંપૂર્ણ વિશ્વ ખૂબ ઝડપથી બદલાય છે. આમ, વર્તમાન સમયની મહિલાઓએ મહિલા સંરક્ષણની તાલીમ લેવી એ ખૂબ જરૂરી અંગ બન્યું છે. આ પ્રકારે મહિલાઓને સ્વરક્ષણની અલગ-અલગ તાલીમો ગુજરાતભરનાં ગામડાઓથી લઇને શહેરો સુધી આપવામાં આવે છે.

ડો .દર્શના ચં .દેશમુખ :માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહિલાઓને સ્વરક્ષણની તાલીમ સાથે પોતાના અધિકારો માટે વાકેફ કરવા શું પગલાં લેવાયાં છે? તથા મહિલા સુરક્ષા માટે અન્ય કયા પગલાં લેવામાં આવ્યાં છે? વધુમાં, મહિલાઓની તેમના સ્વરક્ષણ અંગેની કામગીરીમાં ભાગીદારી વધારવા શાં પગલાં લેવાયાં છે .

શ્રી હર્ષ ર .સંઘવી :માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વાર એવું પણ બનતું હોય છે કે મહિલાઓ પોતાને મળતાં અધિકારો પ્રત્યે વાકેફ હોતા નથી .જેને ધ્યાનમાં રાખીને મહિલાઓને મળતા કાયદાકીય હક્કો અંગે તેઓને માહિતગાર કરવામાં આવતા હોય છે .જેમાં મુખ્યત્વે ડોમેસ્ટિક વાયોલન્સ, કામનાં સ્થળો ઉપર થતી જાતીય સતામણીઓ સામે ન્યાય મેળવવા ક્યાં ફરિયાદ કરવી અને તે ફરિયાદ કઈ રીતે કરવી તે અંગે તેઓને સમજ આપવામાં આવે છે .મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અભિગમ અપનાવવામાં આવેલ છે .જેમાં પ્રથમ અભિગમમાં મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવે છે .બીજો અભિગમ એ છે કે મહિલાઓ વિરોધના ગુના ન થાય તેવું વાતાવરણ ઊભું કરવું .જેમાં મહિલાઓ પર અત્યાચાર ન થાય તેના પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે .જે અન્વયે સ્વરક્ષણની તાલીમ સાથે સાથે વિવિધ હેલ્પ લાઈન નંબર અભયમ-૧૮૧ અને સાઈબર બુલિંગ તથા મહિલા સુરક્ષા માટે સામે ફરિયાદ માટે-૧૯૩૦ શરૂ કરવામાં આવેલ છે .આજના સમયમાં ગુજરાત રાજ્યમાં અભયમે અનેક મહિલાઓનો જીવ બચાવવાની કામગીરી કરી છે .ટેકનોલોજીના જમાનામાં દુનિયાભરમાં સાઈબર બુલિંગના અનેક કેસો આપણી સમક્ષ આવતા હોય છે .દુનિયાભરમાં આ બહુ સામાન્ય બાબત બનતી જાય છે, ત્યારે સાઈબર બુલિંગમાં કઈ રીતે મહિલાઓને સ્વરક્ષણ આપી શકાય, તે લોકોને રક્ષણ અને ન્યાય કઈ રીતે આપી શકાય તે માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આ પ્રોજેક્ટને વધુ ઝડપથી આગળ વધારતા મહિલાઓને રક્ષણ અને ન્યાય આપવા માટે ગુજરાત પોલીસે કામગીરી હાથ ધરેલ છે .

ફાલ્ગુન ૨૦, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરક્ષા સેતુ અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણની તાલીમ ઉપરાંત અન્ય કોઇ તાલીમ આપવામાં આવે છે? અને આ યોજના અંતર્ગત કરવામાં આવતી વિવિધ પ્રકારની કામગીરીઓ અને તેના ઉપર દેખરેખ રાખવા શું વહીવટી માળખું છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષા સેતુ અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણની તાલીમ ઉપરાંત તે મહિલાઓને હસ્તકલા કામગીરીની તાલીમ પણ આપવામાં આવે છે. સાથોસાથ આપને જણાવ્યું તેમ સાઇબર ક્રાઇમ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ મહિલાઓને સાઇબર સુરક્ષા અંગેની તાલીમ આ જ પ્રોજેક્ટ હેઠળ આપવામાં આવે છે. મહિલાઓ સાથે બાળકો અને વૃદ્ધો સુધી સુરક્ષા સેતુ યોજનાનો લાભ પહોંચાડવા માટે વિવિધ કામગીરી ગુજરાતભરમાં ગોઠવવામાં આવી છે. જેમાં બાળકોને સ્ટૂડન્ટ પોલીસ કેડેટ પ્રોગ્રામ અંતર્ગત શારીરિક અને માનસિક રીતે સબળ બનાવવામાં આવે છે. તે ઉપરાંત બાળકોના માનસમાં પોલીસની છાપ સારી ઊભી થાય અને પોલીસની કામગીરી અંગે તેમને જ્ઞાન મળે એ હેતુથી બાળકોને પોલીસ સ્ટેશનની મુલાકાત અને ટ્રાફિકના નિયમોની તાલીમ આપવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં ૯૯,૫૭૫ બાળકોને પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવી અને ૫,૧૦,૨૩૩ બાળકોને ટ્રાફિકના નિયમો અંગે તાલીમ આપવામાં આવી છે. બાળકોમાં જે પ્રકારે ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા અને તેમાં વ્યસનને હીરોઇઝમ બતાવે છે, એનાથી ધીરે ધીરે જે રીતે વેસ્ટર્ન કલ્ચરમાં જેમ વ્યસન પ્રત્યે લોકોને વ્યસન કરવું એ હીરોઇઝમ દેખાય છે, તેના કારણે બાળકોમાં વ્યસન અંગે જાગૃતિ અને વ્યસન મૂક્તિ કઇ રીતે કરી શકાય. સમાજમાં, ઘરમાં, પરિવારમાં કોઇ સિનિયર વ્યક્તિ વ્યસન સાથે જોડાયેલું હોય તો તેમાંથી તેમને મૂક્ત કઇ રીતે કરાવી શકાય તે માટે આ જ પ્રોજેક્ટ હેઠળ બાળકોને ટ્રેનિંગ આપવામાં આવે છે. સ્ટુડન્ટ પોલીસ કેડેટ એક ખૂબ સારો પ્રોજેક્ટ છે. સ્વચ્છ ભારત, વ્યસન મૂક્તિ જેવા અલગ અલગ સામાજિક વિષયો સાથે બાળકોને નાની ઉંમરથી જોડવાથી ભવિષ્યમાં આ વિષય સાથે જોડીને સમાજના અનેક દૂષણોને નાથવા માટે આ બાળકો ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી,આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે સુરક્ષા સેતુ યોજના હેઠળ મહિલાઓને સ્વરક્ષણ માટે જે તાલીમ આપવામાં આવે છે, એ દરેક માધ્યમિક શાળામાં ફરજિયાત આપવામાં આવે, એવી જોગવાઇ સરકાર કરવા માગે છે કે કેમ? અને બીજું કે, મારી મહિલા તરીકે વ્યક્તિગત ગૃહમંત્રીશ્રીને વિનંતી છે કે સમય પરિવર્તિત થયો છે, ત્યારે ક્રાઇમ પણ મહિલાઓ ઉપર વધારે પ્રમાણમાં બને છે. એવા સંજોગોમાં તમામ મહિલા જે સ્વરક્ષણ માટે હથિયાર માગે, રિવોલ્વર માગે, સ્વરક્ષણ માટે રિવોલ્વર માગે તો એને લાયસન્સ આપવા માગો છો કે કેમ? પોતાના રક્ષણ માટે, હિંસા માટે નહીં. બીજું કે, તાલુકા કક્ષાએ મહિલા પોલીસ સ્ટેશન કરવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગુજરાતના મહિલા નેતૃત્વ અને આ મહિલા નેતૃત્વને હું માત્ર એટલું જ કહેવા માગું છું કે ગુજરાતની મહિલાઓને પીસ્તોલ કે બંદૂકની કયારેય જરૂર નહીં પડે. ગુજરાતના ભાઇઓ તેમની સુરક્ષા માટે કાબેલ છે અને ગુજરાતની મહિલાઓ એટલું સરસ મહિલા નેતૃત્વ જયારે આપ્યું હોય ત્યારે આપણી મહિલાઓને બંદૂક રાખવાની જરૂર પડે ખરી? સમય પરિવર્તિત થયો. માનનીય અધ્યક્ષશ્રી, સમય કયો પરિવર્તિત થયો? ક્રાઇમના આંકડા જોવા જોઇએ અને સત્ય હકીકત અહીંયા આંકડા જાણીને જરૂરથી પ્રસ્તુત કરવા જોઇએ, કારણ કે મહિલાઓ વિરુદ્ધમાં ગુનાઓ છેલ્લાં ૧૦ વર્ષમાં આ વર્ષે ઘટયા છે. આંકડા દેખાય છે. એનું કારણ શું? કારણ કે કોઇ નાની મોટી કોઇપણ ઘટના બને તો એ ઘટનાને છૂપાવ્યા વગર એ ઘટનામાં તાત્કાલિક ન્યાય મળે. એ મહિલા જેને નાની મોટી કોઇ પણ પ્રકારની તકલીફ પડી હોય તેના દોષિતોને કડકમાં કડક સજા થાય અને સરકાર એ વાતને છૂપાવ્યા વગર જાહેર જનતાને એ વાતની જાણકારી આપે કે આ પ્રકારના ગુનાઓ કઇ રીતે બને છે? આ ગુનાઓ ન બને તેના માટે તમારે આ રીતે સાવધાન રહેવું જોઇએ. તે માટે સોશિયલ મીડિયાના જમાનામાં હવે એક નાની ઘટના પણ બહુ ઝડપથી પ્રચલિત થતી હોય છે. તેના કારણે ઘણી વાર આપણને એવું લાગતું હોય છે કે ઘટનાઓ વધી પરંતુ ઘટનાઓ ખરેખર ઘટી છે. સન ૨૦૧૩ પછી પોક્સોનો કાયદો આવ્યો. પોક્સોના કાયદા પછી જે પ્રકારે ફરિયાદો ઝડપથી લેવામાં આવી. પોક્સોના કાયદા અંતર્ગત જે પ્રમાણે નિર્ણયો આપવામાં આવ્યા. તેના કારણે ગુજરાતની મહિલાઓને ઝડપથી ન્યાય મળવાની શરૂઆત થઇ છે અને હું આપને ખાતરી આપું છું કે મારી ગુજરાતની બહેનો ઉપર અગર કોઇપણ પ્રકારનો અત્યાચાર ભૂલથી પણ કોઇ કરશે તો તેને જરૂરથી કડકમાં કડક સજા થશે અને એ માટે શ્રીભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું કે સેકન્ડરી સ્કૂલ્સની અંદર બહેનોને સ્વરક્ષણની તાલીમ ફરજિયાત આપવા માટે સરકાર વિચારણા કરે છે કે કેમ? બહેનોને નાનપણથી જ આ પ્રકારની તાલીમ આપવા માટે સરકાર અલગ અલગ પ્રોજેક્ટો ચલાવે છે. આપ પણ આપના વિસ્તારના ધારાસભ્ય તરીકે સ્કૂલોમાં જે પ્રોજેક્ટ ચાલે છે તેનું એકવાર જરૂરથી નિરીક્ષણ કરવા જાવ. આપની જ્યારે પણ અનુકૂળતા હોય આપ મને જાણકારી આપજો. આપ સારી રીતે નિરીક્ષણ કરી શકો તે માટે હું આપની વ્યવસ્થા કરાવીશ. તેના પછી આપને લાગે કે આ તાલીમ મરજિયાત નહીં પણ ફરજિયાત કરવા જેવી છે તો જરૂરથી હકારાત્મક રીતે અમે વિચારીશું.

**સુરત અને નવસારી જિલ્લામાં જિંગા ઉછેર માટે જમીનની ફાળવણી**

*૭૦૧ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩
## તારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને નવસારી જિલ્લામાં જિંગા ઉછેર માટે કેટલી સંસ્થા/વ્યક્તિઓને કેટલી જમીન ફાળવવામાં આવેલ છે, | (૧) |

| જિલ્લાનું નામ | સંસ્થા / વ્યક્તિની સંખ્યા | ફાળવેલ જમીન (હેક્ટર) |
|---|---|---|
| સુરત | ૨ | ૧૦ |
| નવસારી | ૦ | ૦ |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ફાળવેલ જમીન કરતા વધારાની જમીન ઉપર દબાણ કરી જિંગા ફાર્મ ચાલતા હોવાનું કેટલા કિસ્સામાં ધ્યાનમાં આવેલ છે, | (૨) એકપણ નહીં. |
| (૩) ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે કાનૂની અથવા રીકવરીની કાર્યવાહી કરવાની જોગવાઇ છે કે કેમ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪)જો હા, તો તે સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સુરત અને નવસારી જિલ્લામાં ગેરકાયદેસર રીતે સરકારી જમીન પર જિંગા ઉછેરનો પ્રશ્ન છે. હું માનું છું કે ઘણી બધી સરકારો, મુખ્યમંત્રીશ્રીઓ બદલાયા પણ આ પ્રશ્નનું હજુ સુધી નિવારણ થયું નથી. આ બે રીતે રાજ્યમાં નુકસાનકારક છે. એક તો સરકારી જમીન પર દબાણ થાય છે, ગેરકાયદેસર કબજા થાય છે અને બીજું, કોસ્ટલ એક્વાકલ્ચર એક્ટ-૨૦૦૫નો ભંગ થાય છે. જવાબમાં છેલ્લાં બે વર્ષની માહિતી આપી છે, પણ મારી પાસે રેકર્ડ પર માનનીય મંત્રીશ્રી મુકેશભાઇના સમયના પત્રો પણ છે. ગ્રામ પંચાયતની રજૂઆતો પણ છે. ખૂબ મોટા પ્રમાણમાં અત્યારે આ મિત્રકાળમાં મિત્રો દ્વારા જિંગા ફાર્મ બનાવીને દબાણ કરવામાં આવ્યું છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસોથી એટલી જ માહિતી જોઇએ છે કે આજની સ્થિતિએ સુરત અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા દબાણો છે? કેટલા લોકોને નોટિસ આપવામાં આવી છે અને કેટલા લોકો પર કાર્યવાહી કરવામાં આવી છે? આ દબાણ છે એ દરિયાકાંઠો છે. મેન્ગ્રૂવ્ઝના ઝાડનો ખૂબ મોટા પ્રમાણમાં નાશ કરી અને આખો ગેરકાયદેસર ધંધો ચાલે છે. એક્વાકલ્ચર એક્ટ મુજબ આ જોવાની જવાબદારી સ્થાનિક કલેક્ટરશ્રીની છે, તો એ લોકો સામે પણ આપણે કોઇ જવાબદારી ફિક્સ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નનો મેં સ્પષ્ટ જવાબ આપ્યો છે. છેલ્લા બે વર્ષમાં એક પણ આવું ગેરકાયદેસર કામ થયું નથી એ જવાબમાં સ્પષ્ટ થાય છે. તેમણે પૂછ્યું છે ત્યારે આજની તારીખમાં તેમની પાસે કોઇ વિગત હોય કે આવું કોઇ દબાણ થયું છે અથવા આવું કોઇ કામ થયું છે તો આપ મને આપજો, હું ચોક્કસપણે તપાસ કરાવીશ અને આપણે કાયદેસરની કાર્યવાહી કરીશું.

શ્રી અમિત ચાવડા : મારે તો એટલું જ જાણવું છે, સરકારના રેકર્ડમાં છે. વિધાનસભાની ગત વખતની પ્રશ્નોત્તરીના જવાબ મારી પાસે છે. ઓલપાડ, ચોર્યાસી, મજુરા તાલુકામાં કેટલા લોકોને નોટિસ અપાઇ છે. તો આજની સ્થિતિએ કેટલા લોકોનો ગેરકાયદેસર કબજો છે?

ઉપાધ્યક્ષશ્રી : તમારા પ્રશ્નના જવાબમાં કંઇ બાકી રહેતું નથી. જે પૂછ્યું છે તેનો જવાબ આપી દીધો છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારનું એક ગંભીર બાબત તરફ ધ્યાન દોરવા માગું છું કે સુરત જિલ્લાના ઓલપાડ અને ચોર્યાસી તાલુકામાં સરકારી જમીન ઉપર જે ગેરકાયદેસર અસંખ્ય જિંગાના તળાવો બનેલા છે અને ખાસ કરીને સુરત એરપોર્ટની આજુબાજુ વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાંપણ એને દૂર કરવામાં આવ્યા નથી. આજથી થોડા દિવસ પહેલાં સુરતથી દિલ્હી જતી ફલાઇટના ટેક ઓફ વખતે બર્ડ હીટની ઘટના બની હતી જેનું ઇમરજન્સી લેન્ડિંગ અમદાવાદ કરવું પડ્યું હતું. એમાં લગભગ ૧૯૫ પેસેન્જર હતા અને ૧૦ જેટલા ક્રૂ મેમ્બર હતા તો શું આપણે આવી કોઇ ઘટના બને એની રાહ જોઇએ છીએ? શું સરકાર તાત્કાલિક પગલાં લઇને આ ગેરકાયદેસર જિંગાનાં તળાવો દૂર કરવા માગે છે એ જવાબ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી માગું છું?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન માત્ર બે વર્ષ માટેનો છે પણ માનનીય સભ્યશ્રીએ જયારે સૂચન કર્યું છે એટલે અમે એ બાબતે ચોક્કસ જે યોગ્ય થતું હશે એ કરીશું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે વર્ષનો સવાલ જ નથી. બિલકુલ સ્કોપનો જ પ્રશ્ન છે. પ્રશ્ન બે વર્ષનો છે પણ આજની તારીખમાં કેટલા દબાણો છે? માનનીય તુષારભાઇએ કહી એ ખૂબ ગંભીર બાબત કહી છે.

ઉપાધ્યક્ષશ્રી : આમાં વિમાનનો કયાં પ્રશ્ન છે?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, વિમાનનો પ્રશ્ન નથી, આ જિંગા તળાવના લીધે પક્ષીઓ આવે છે, પક્ષીઓને લીધે બર્ડ હીટ થાય છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન પતી ગયો છે. હવે શ્રી તુષારભાઇએ એ પૂછી લીધું છે, માનનીય અમિતભાઇ, આપ બેસી જાવ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જવાબ પણ ન આપ્યો. આ વિધાનસભાના જવાબો છે. (અંતરાય)કોના દબાણ પર કે કોની ફેવર કરવા માગીએ છીએ? (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : કોઇની ફેવર કોઇ કરતું નથી, આપ બેસો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જમીન ઉપર કોઇ દબાણ કરતું હોય તો સામે ચાલીને આપણે એ ખુલ્લું કરાવવું જોઇએ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : કરશે, સરકારનું કામ છે, સરકાર કરશે. (અંતરાય) શ્રી અમિતભાઇ, પ્લીઝ, આપ બેસી જાવ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સ્કોપનો પ્રશ્ન છે અને જવાબ ના આપે એવું કેવી રીતે ચાલે?

ઉપાધ્યક્ષશ્રી: મંત્રીશ્રી કોઇ એમની પાસે માંગે એવો જવાબ ના આપે. મંત્રીશ્રીને ફાવે તેવો જવાબ આપી શકશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ ગંભીર બાબત છે.. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, પ્લીઝ, આપ બેસી જાવ. (અંતરાય) પ્રશ્ન નં. ૩.....

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તમે પ્રશ્ન પૂછવા દો, પહેલો પ્રશ્ન ૧૨ મિનિટ ચાલ્યો, આટલો ગંભીર પ્રશ્ન છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પણ આપણે આગળ ચાલવું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી ખાલી એટલું જ જાણવું છે કે પ્રશ્ન પૂછ્યો છે સુરત અને નવસારી જિલ્લામાં જિંગા ઉછેર માટે જમીન ફાળવણી કરી છે એમાં દબાણો કેટલા થયેલા છે? ગઇ વિધાનસભામાં તાઃ૬-૩-૨૦૨૧ના રોજ આજ વિધાનસભા ગૃહની અંદર માનનીય સભ્યશ્રી ચિરાગભાઇ કાલરીયાએ પ્રશ્ન પૂછ્યો હતો. એમાં પૂછ્યું હતું કે તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નવસારી જિલ્લાની સરકારી પડતર ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણો અને કયા સ્થળે જિંગા ઉછેર કેન્દ્ર અને જિંગાના સરકારી ફાર્મ ચાલી રહ્યા છે? સરકારે જવાબ આપ્યો હતો કે નવસારીના જલાલપુર તાલુકાના કરાડી, ખરાડ, વાસી તથા બોરસી ગામોમાં સરકારી પડતર અને ખરાબાની જમીન ઉપર ગેરકાયદેસર દબાણ કરીને જિંગાના ઉછેરની રજૂઆતો મળેલી છે અને મંત્રીશ્રી આપ એમ કહો છો કે બે વર્ષમાં આવી કોઇ ફરિયાદ મળી નથી. સન ૨૦૨૧ના વિધાનસભાગૃહમાં નવસારી માટેનો જે પ્રશ્ન હતો એ વખતના મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો કે નવસારીમાં આ જગ્યા ઉપર અમને રજૂઆત મળેલી છે અને ગેરકાયદેસર બાંધકામો થયા છે તો માનનીય મંત્રીશ્રી આપ શું કહેવા માગો છો?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મેં પહેલાં પણ કીધું છે અને આજે પણ ફરીથી કહું છું કે કલેકટરશ્રીએ મને લેખિતમાં આપ્યું છે કે છેલ્લાં બે વર્ષની અંદર આજે કોઇપણ જાતનું દબાણ ત્યાં આગળ થયું નથી અને તમે જે પૂછ્યું છે એ જ જવાબ તમને મેં લેખિતમાં આપેલો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષ તો એટલા માટે પૂછવું પડે છે કે આપણે મર્યાદા બાંધી છે,

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, તમે દરેક વખતે ઊભા થાવ છો એ બરાબર નથી. શ્રી શૈલેષભાઇએ પ્રશ્ન પૂછ્યો છે, તમે વારંવાર કેમ ઊભા થાવ છો? એમને જવાબ આપી દીધો છે. પ્રશ્ન ક્રમાંક.. ૩... (અંતરાય)

### મહેસાણા જિલ્લામાં રેલ્વે માટે જમીન સંપાદન કરવા એવોર્ડ જાહેર કરવા બાબત

*૧૪૯૫ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કટોસણ-બેચરાજી-ચાણસ્મા-રણુજ રેલ લાઇન ગેઝ કન્વર્ઝન પ્રોજેક્ટ માટે મહેસાણા જિલ્લામાં કુલ કેટલા હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવાની થાય છે, | (૧) હે.આરે.૨-૨૭-૯૨ ઓ.મી. |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટર જમીન સંપાદન કરવા માટે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો, અને | (૨) હે.આર.૨-૨૭-૯૨ ઓ.મી. |
| (૩) કુલ જાહેર કરેલા એવોર્ડ પૈકી કેટલા હેક્ટર જમીન માટે સંમતિ એવોર્ડ જાહેર કરવામાં આવ્યો ? | (૩) શૂન્ય |

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પ્રશ્ન પૂછવા માગું છું કે કટોસણ-બેચરાજી-ચાણસ્મા-રણુંજનું ગેજ પરિવર્તન શા માટે કરવામાં આવ્યું અને એમાં મહેસાણા જિલ્લાની કયા કયા સરવે નંબરની કેટલી જમીન સંપાદિત કરવામાં આવી છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે રેલવે મંત્રાલય દ્વારા તમામ રાજ્યની મિટર ગેજ રેલવે લાઇનોને અગ્રતાના ધોરણે બ્રોડ ગેજમાં ફેરવવામાં આવી રહી છે. જેમાં ગુજરાત સરકારે કટોસણ-બેચરાજી-ચાણસ્મા-રણુંજ રેલ લાઇન પર મિટર ગેજમાંથી બ્રોડ ગેજમાં ફેરવવા જરૂરી પ્રાથમિક ધોરણે ૬૫.૧૦ કિ.મિ.ની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉપરોક્ત બાબતમાં મહેસાણા અને પાટણ જિલ્લામાં ફરી જમીન સંપાદનની કામગીરી પૂર્ણ

કરવામાં આવેલ છે અને કટોસણ -બેચરાજી-ચાણસ્મા-રણુજ ગેજ હાલમાં મહેસાણા અને પાટણ જિલ્લામાંથી પસાર થઇ રહી છે. આ વિસ્તાર ઔદ્યોગિક રીતે વિકસિત હોઇ, આ વિસ્તારમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓ વેગવાન તથા સરળ બને અને નાગરિકો માટે સુવિધાયુક્ત ઝડપી પેસેન્જર ટ્રેન મળી શકે તે હેતુથી કટોસણ-બેચરાજી-ચાણસ્મા-રણુજ ગેજ પરિવર્તનની કામગીરી કરવામાં આવી રહી છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં રેલવે માટે જમીન સંપાદન ચાલી રહ્યું હોય તેવા અન્ય પ્રોજેક્ટોની વિગતો અને સંપાદિત કુલ વિસ્તારની વિગતો શું છે? જમીન સંપાદન માટે ગતિશીલ ગુજરાત પોર્ટલ ઉપર કેટલા જાહેરનામાં મંજૂર કરવામાં આવ્યાં છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં વેસ્ટર્ન ફ્રેઇટ કોરિડોર માટેના ઓવરબ્રિજ માટે કુલ ૨૧,૭૫૪ ચોરસમિટર જમીન સંપાદનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને જમીન સંપાદન ગતિશક્તિ પોર્ટલ દ્વારા વર્ષ ૨૦૨૨ દરમિયાન કલમ-૧૦(એ)ના ૬૭ અને કલમ-૧૧ના ૨૭ એમ કુલ ૯૪ જાહેરનામા મંજૂર કરવામાં આવ્યા છે. જ્યારે વર્ષ ૨૦૨૩ દરમિયાન કલમ-૧૦(એ)ના ૧૫ અને કલમ-૧૧ના ૧૫ એમ કુલ ૩૦ જાહેરનામાં મંજૂર કરવામાં આવ્યા છે.

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સંપાદિત થયેલ જમીન બદલ કેટલા ખેડૂતોને કુલ કેટલું વળતર ચૂકવવામાં આવ્યું અને કટોસણ-બેચરાજી-ચાણસ્મા-રણુજ રેલવે લાઇન ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ માટે મહેસાણા જિલ્લાના કયા તાલુકાના કયા કયા ગામોની કેટલી જમીન સંપાદન કરવામાં આવી છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કુલ ૨૧ ખેડૂતો પાસેથી રૂપિયા ૨ કરોડ ૩ લાખ ૧૨ હજારનું વળતર ચૂકવવામાં આવ્યું છે અને બેચરાજી તાલુકાના બેચર ગામે ૫૦.૫૭ ચોરસમિટર જમીનનું સંપાદન કરવામાં આવેલ છે. શંખલપુરમાં ૧૭,૭૩૫ ચોરસમિટર જમીન સંપાદન કરવામાં આવેલ છે. કુલ ૨૨, ૭૯૨ ચોરસમિટર જમીન સંપાદન થયેલ છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે જમીન સંપાદન રેલવે અને નર્મદામાં થાય એના કોર્ટના ઓર્ડર થઇ ગયા હોય અને પૈસા ચૂકવવાના બાકી હોય એ ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સભ્યશ્રીનું સૂચન સારુ છે. મારા ધ્યાને વિગતો મૂકશો તો ચૂકવાઇ જશે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : મારા વિસ્તારમાં બાકી છે.

ઉપાધ્યક્ષશ્રી : જવાબ આપી દીધો.

**પાટણ જિલ્લામાં રેલ્વે માટે જમીન સંપાદન કરવા એવોર્ડ જાહેર કરવા બાબત**

* ૧૪૯૩ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કટોસણ-બેચરાજી-ચાણસ્મા-રણુજ રેલ લાઇન ગેઝ કન્વર્ઝન પ્રોજેક્ટ માટે પાટણ જિલ્લામાં કુલ કેટલા હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવાની થાય છે, | (૧) હે.આરે.૦-૨૧-૧૫ ચો.મી. |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટર જમીન સંપાદન કરવા માટે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો, અને | (૨) હે.આરે.૦-૨૧-૧૫ ચો.મી. |
| (૩) કુલ જાહેર કરેલા એવોર્ડ પૈકી કેટલા હેક્ટર જમીન માટે સંમતિ એવોર્ડ જાહેર કરવામાં આવ્યો ? | (૩) શૂન્ય |

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પાટણ જિલ્લામાં કટોસણ-બેચરાજી-ચાણસ્મા પ્રોજેક્ટમાં પાટણ જિલ્લામાં કુલ કેટલા સરવે નંબરની કુલ કેટલી જમીન સંપાદન કરવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે, સંપાદિત થયેલી જમીનના બદલે કેટલા ખેડૂતોને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, કુલ પાંચ સરવે નંબરની કુલ ૨૧.૧૫ ચો.મી. જમીન સંપાદન કરવામાં આવી છે અને કુલ સાત ખેડૂતોને રૂપિયા ૪,૮૭,૪૪૩/-નું વળતર ચૂકવવામાં આવ્યું છે.

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જમીન સંપાદનની કાર્યવાહી ઝડપી થાય એના માટે શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ થકી જમીન સંપાદન ઝડપી અને સરળ બને તે માટે ખાનગી જમીનનું વળતર ખેડૂતોને ઝડપથી મળે તે માટે જમીન સંપાદન જાહેરનામા ઓન લાઇન મંજૂર કરવા ગતિ શક્તિ ગુજરાત પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે અને જમીન સંપાદન માટે સંસ્થાઓ દ્વારા સંભવિત જિલ્લાના કલેક્ટરશ્રીને ઓનલાઇન દરખાસ્ત કરવામાં આવે છે અને આ દરખાસ્તની ચકાસણી જમીન સંપાદન અધિકારી દ્વારા કરવામાં આવ્યા બાદ જરૂરી દસ્તાવેજો સાથે મહેસૂલ વિભાગને મોકલવામાં આવે છે અને મહેસૂલ વિભાગ દરખાસ્તની કાર્યવાહી કર્યા બાદ સક્ષમ કક્ષાએ જાહેરનામાની મંજૂરી મેળવવામાં આવે છે. ત્યારબાદ જમીન સંપાદન માટે જમીન

સંપાદન અધિનિયમ ૨૦૧૩ કલમ-૧૦(એ), કલમ-૧૧(૧) અને કલમ-૧૯(૧) હેઠળ જાહેરનામાની ઓનલાઇન જમીન સંપાદન અંગેની ગુજરાત ગતિ શક્તિ પોર્ટલ દ્વારા તબક્કાવાર મંજૂરી આપવામાં આવે છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પાટણ જિલ્લામાં જમીન સંપાદન ચાલી રહેલ હોય તેવા અન્ય પ્રોજેક્ટ હેઠળની વિગત અને સંપાદિત થતી જમીનની વિગત જણાવવા વિનંતી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં વેસ્ટર્ન ફ્રેટ કોરીડોરના રેલ્વે ઓવરબ્રિજ માટે ૩૮-૨૩-૫૦ ચો.મી. જમીન સંપાદનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નર્મદા નિગમ દ્વારા ખેડૂતની જમીન સંપાદન થઇ ગઇ હોય ત્યારબાદ તેને ચૂકવણું થઇ ગયા પછી જાણકારી મળી કે આ ભૂલથી જમીન સંપાદન થઇ છે. હવે આ જમીનની જરૂરિયાત રહેતી નથી. બાજુમાંથી આ નહેર જતી રહે છે. એટલે ખેડૂત પાસેથી બેંકમાં પૈસા પરત કરવામાં આવ્યા તો પરત કર્યા પછી એ જમીન હાલ સરકારના નામ ઉપર છે તો એ જમીન સરકાર મૂળ ખેડૂતના નામ પર કરવા માગે છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આમ, તો પ્રશ્ન સ્કોપ બહારનો છે. એમનું સૂચન છે. આપ મને વિગત આપજો હું તપાસીને નિયમોનુસાર થતું હશે એ ચોક્કસ કરીશું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, પ્રોજેક્ટ માટે સરકાર જમીન સંપાદન કરતી હોય છે અથવા તો પ્રાઇવેટ કંપનીઓ ખેડૂતોની જમીન એના પ્રોજેક્ટ માટે જમીન સંપાદનથી લઇ લે છે તો એમાં કોઇ સમય મર્યાદા હોય છે કે નહીં? સંપાદનની પ્રક્રિયા પતી ગયા પછી કેટલા વર્ષમાં પ્રોજેક્ટ ચાલુ કરવો જોઇએ અથવા તો મૂળ પ્રક્રિયાઓ જેના આધારે સંપાદન થઇ હોય એ પ્રોજેક્ટ એમણે ચાલુ કરવો પડે અને ના કરે તો કેટલા વર્ષમાં જમીન ખેડૂતોને પરત આપી શકીએ એ માટે સરકારના કાયદામાં જોગવાઇ ખરી કે નહીં? કેટલા વર્ષમાં સંપાદિત જમીનનો ઉપયોગ કરી લેવો જોઇએ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી પ્રોજેક્ટ પૂરો થાય અને મોટાભાગે સંપાદન કરેલી જમીન ઉપર કામ કરી લેતા હોઇએ છીએ પણ ચોક્કસ સમય મારી પાસે નથી એ હું આપને ટેબલ ઉપર આપી દઇશ.

**ખેડા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

* ૧૫૧૮ **શ્રી કલ્પેશભાઇ પરમાર** (માતર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૪૭૫૬ |

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરક્ષા સેતુ યોજનાની શરૂઆત કયારે થઇ? તેના ઉદ્દેશો શું છે? અને સુરક્ષા સેતુ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલી મહિલાઓએ તાલીમનો લાભ મેળવ્યો અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? તથા મહિલા સંરક્ષણની તાલીમ સાથે મહિલાઓના પુનર્વસન માટે કોઇ કામગીરી કરવામાં આવે છે કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પહેલા જ પ્રશ્નના જવાબમાં આની મોટામાં મોટી માહિતી તમામ લોકોને આપી છે. આ દેશમાં ડિસેમ્બર-૨૦૧૨માં રાજધાની દિલ્હીમાં એક ગોઝારી ઘટના બની હતી. જે ઘટના યાદ કરતા આજે પણ હૃદય દ્રવી ઉઠે છે. એ ઘટનાને નિર્ભયા કેસ તરીકે આપણે સૌ લોકોએ જોયેલો છે. આ ઘટનાએ સમગ્ર રાષ્ટ્રને હચમચાવી મૂકેલ અને બધાને સ્તબ્ધ કરી દીધા હતા. આ ઘટનાની પૂર્વ સંધ્યાએ ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ આ રાજયની મહિલાઓની સુરક્ષા વિશે ચિંતા કરી અને તા.૨૬-૯-૨૦૧૨ના રોજ રાજયમાં સુરક્ષા સેતુ સોસાયટીની રચના કરી તે હેઠળ સુરક્ષા સેતુ કેન્દ્રની સ્થાપના કરી હતી. પોલીસ અને પ્રજા એકબીજાના પૂરક બને, પોલીસ અને પ્રજા વચ્ચે સેતુ બને. આ સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત અનેક સકસેસ કેસો પણ આપણા સૌની સમક્ષ હું મૂકવા માગું છું. ચંદીગઢથી અમદાવાદ આવતી ટ્રેનમાં મુસાફરી કરતા રૂચિરા બહેનની એક અજાણ્યા વ્યક્તિએ છેડતીનો પ્રયાસ કર્યો ત્યારે આવી સંરક્ષણની તાલીમ લીધેલ રૂચિરાબહેને હિંમત દાખવી પોતાનો બચાવ કરેલ હતો અને એમના સ્ટેટમેન્ટમાં આ સંરક્ષણની જે તાલીમ લીધી હતી તે માટે નાનામોટા જે આઇડિયા હતા, જે ટ્રેનિંગ લીધેલી હતી એ ટ્રેનિંગના ઉપયોગથી એમણે સ્વબચાવ કર્યો. એવા અનેક ઉદાહરણો ગુજરાતના જુદાજુદા જિલ્લાઓમાં નજરે પડયા છે. છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ મળીને ૪૭૫૬ મહિલાઓને તાલીમ

આપેલ છે. છેલ્લાં બે વર્ષમાં સમગ્ર રાજયમાં ૨,૮૪,૨૩૧ મહિલાઓ, ખેડા જિલ્લામાં ૧૭૮૪૧ મહિલાઓએ આ વર્ષે તાલીમ લીધી. યોજનાના અમલથી આજ દિન સુધી સમગ્ર રાજયમાં કુલ ૧૪,૭૬,૧૭૨ મહિલાઓએ તાલીમ લીધેલ છે.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાનો વધુને વધુ પ્રચાર, પ્રસાર થાય અને બાળકોને આ યોજનામાં વધુને વધુ જોડવા માટે કઇ કામગીરી હાથ ધરવામાં આવી છે? સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાને ધ્વજ લોગો આપવામાં આવેલ છે કે કેમ? જો હા, તો તેની વિગત શું છે?

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાનું મુખ્ય વિઝન આદર્શ નાગરિક થકી આદર્શ સમાજનું નિર્માણ કરવાનું છે. આ વિઝનની પ્રાપ્તિ માટે વધુને વધુ બાળકો અને રાજયના લોકો આ યોજનાથી માહિતગાર થાય તે જરૂરી છે. જેને ધ્યાનમાં રાખીને સુરક્ષા સેતુ યોજના અંતર્ગત વિવિધ પ્રચાર પ્રસારની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં મુખ્ય છે સુરક્ષા સેતુ રથ. રાજયમાં કુલ ૧૨ સુરક્ષા સેતુ રથ કાર્યરત છે. આ રથો ઉપર ટી.વી. મારફતે વિવિધ ડોકયુમેન્ટરી સકસેસ સ્ટોરી મારફતે વધુને વધુ બાળકોને જોડાવા પ્રેરિત કરવામાં આવે છે. તે સિવાય સુરક્ષા સેતુ સોસાયટીની વેબસાઇટ યુ-ટ્યૂબ ચેનલ મારફતે સ્ટુડન્ટ પોલીસ કેડેટનો પ્રચાર પણ કરવામાં આવે છે. સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાના પ્રચાર, પ્રસારનું જ પરિણામ છે કે છેલ્લાં બે વર્ષમાં ગુજરાત રાજયના હજારો વિદ્યાર્થીઓએ આ યોજનાનો લાભ મેળવ્યો. મને આશા છે કે આ બાળકો ભવિષ્યમાં આદર્શ સમાજ થકી આદર્શ રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બનશે. સ્ટુડન્ટ પોલીસ કેડેટનું પોતાનું પ્રતીક ચિહ્ન અને ધ્વજ તથા બાળકોને યુનિફોર્મ પણ આપવામાં આવ્યો છે કે જેથી બાળકોને નાની વયે યુનિફોર્મ ધ્વજથી આકર્ષાઇને પોતાના દેશ સેવાના કાર્યમાં અગ્રિમ હિસ્સેદારી અનુભવે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓ માટેની સ્વરક્ષણની જે તાલીમ અપાય છે તે કામગીરી ખૂબ સારી છે. માનનીય મંત્રીશ્રી મારે બે વસ્તુની માહિતી આપની પાસે જોઇતી હતી. આપે અગાઉના પ્રશ્નના જવાબમાં ખૂબ વિસ્તૃત માહિતી અમને આપી છે. નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના આધારે તા.૫-૯-૨૦૨૨ની સ્થિતિએ આપણા ગુજરાતમાં ૭૩૪૮ મહિલા અત્યાચારના કેસ નોંધાયા છે. ઓવરઓલ ગુજરાતમાં અત્યાચારના બનાવમાં ગુજરાતમાં દરરોજ ૧૪ કેસ બને છે. અમદાવાદ જેવા શહેરમાં દર છ દિવસે એક રેપનો કેસ બને છે. યોજના ખૂબ સારી છે. આના અનુસંધાનમાં જ છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, આ તાલીમનો પ્રશ્ન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, આ રાજકીય નહીં પણ પોઝિટિવ વાત છે. માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, મહિલાઓની સુરક્ષા માટે સ્વરક્ષણની યોજના છે તેમ છતાં આવા કિસ્સાઓ તો બને જ છે. જે કિસ્સાઓ બન્યા હોય કે બન્યા છે તેમાં એવી કોઇ મહિલા કે જેમણે સ્વરક્ષણની તાલીમ લીધેલી હોય અને તેણે સરકારશ્રી દ્વારા જે તાલીમ આપેલી હોય તેનો ઉપયોગ કર્યો હોય અને બીજું જે મહિલાઓ સ્વરક્ષણના સ્વરૂપમાં બહાર આવી હોય તેને સરકાર દ્વારા કોઇ પ્રોત્સાહન આપવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નનો જવાબ તો માત્ર બે જ લાઇનનો છે અને મેં પહેલાં આપ્યો છે. ચંદિગઢથી અમદાવાદ આવતી ટ્રેનમાં મુસાફરી કરતી રૂચિરાબેનને કોઇ અજાણ્યા વ્યક્તિએ છેડતીનો પ્રયાસ કરેલ. ત્યારે આવી સ્વરક્ષણની તાલીમ લીધેલ રૂચિરાબહેને હિંમત દાખવી પોતાનો બચાવ કરેલ. તેમણે સ્ટેટમેન્ટમાં સુરક્ષા સેતુ અંતર્ગત જે તાલીમ લીધેલી તેના લીધે આ સ્વરક્ષણ કરી શકી તેવું બતાવેલ છે. પોલીસના સ્ટેટમેન્ટમાં આ રીતે જણાવેલ હતું. આ પ્રોજેક્ટ હેઠળ ગુજરાતની અનેક મહિલાઓ અને દીકરીઓને આપણે આ પ્રકારની તાલીમ આપતા હોઇએ છીએ. માનનીય શૈલેષભાઇએ એન.સી.આર.બી.ના ડેટાની વાત કરી. શ્રી શૈલેષભાઇ ખૂબ સમજુ ધારાસભ્ય છે. એમના અમદાવાદ શહેરમાં તેઓ જન્મ્યા છે અને તે શહેરને તે મારા કરતાં સારી રીતે ઓળખે છે. તે અમદાવાદમાં છ દિવસે એક દીકરી પર રેપની ઘટના બતાવી છે તેમાં મારી આપને વિનંતી છે કે, આપણા શહેર અમદાવાદ માટે આ તમામ કેસોને જાણી લેવા ખૂબ જરૂરી છે. કાયદો, કલમ આ તમામ ટેકનિકલ હોય છે. પોક્સોનો કાયદો આવ્યા પછી મહિલાઓના રક્ષણ માટે જે અરજીઓ આવે છે તેમાં કોઇપણ પ્રકારની હેરાનગતિ વગર મહિલાઓને ન્યાય મળે તે માટે કેસ દાખલ કરવાની શરૂઆત આદરણીય મોદી સાહેબના સમયથી કરવામાં આવી છે. જેનાથી મહિલાઓને તાત્કાલિક ન્યાય મળે. રેપની કલમ લાગેલા તમામ કિસ્સાઓમાં જયારે ચાર્જશીટ થાય ત્યારે તે કેસનું જરૂરથી નિરીક્ષણ કરવું જોઇએ. કારણ કે ઘણી ઘટના તમને અને મને બંનેને ખબર છે કે, અમુક નાના મોટા ઇસ્યુ હોય અને આજના જમાનામાં જે રીતે પ્રેમ પ્રકરણમાં ભાગી ગયેલા લોકોના કેસમાં કઇ કલમ લાગે છે તે આપણને સૌને ખબર છે. પરંતુ સુરત શહેરની અંદર આજે પણ અમદાવાદ શહેર કરતાં આવી ઘટનાઓ વધુ બને છે. અમદાવાદ શહેરમાં આજે પણ આ પ્રકારની ઘટનાઓ ખૂબ જ કંટ્રોલમાં છે. સુરત શહેરમાં આ પ્રકારની ઘટનાને તાત્કાલિક કંટ્રોલ આવે તે માટે આ વર્ષે માત્ર ૧૦૦ દિવસની અંદર સાત લોકોને ફાંસીની સજા અપાવવામાં આવી છે. આખા દેશમાં કોઇપણ રાજ્ય એવું નથી કે તે રાજ્યની અંદર સળંગ આટલા કેસોની અંદર ન્યાય અપાવ્યો હોય. આજે પણ મોટાં રાજ્યોમાં અને આપણે દાદરા નગર હવેલી, સેલવાસા તે બધાને છોડી દઇએ તો આપણે આ પ્રકારના ક્રાઇમમાં સેકન્ડ લાસ્ટ નંબર પર છીએ. આપણું રાજ્ય છે તેમાં કોઇ સરકારની હું તારીફ નથી કરતો. આ રાજ્યના નાગરિકોએ અને આપણે બધાએ ભેગા મળીને સુરક્ષિત રાજ્ય બનાવ્યું છે. ખરેખર દરેક

ઘટનાઓનું આપણે નિરીક્ષણ કરવું જોઇએ, દરેક આ પ્રકારની અરજીઓમાં કાયદાકીય રીતે આપણે એ કલમ લગાડવી પડે છે, પરંતુ આપણે એને રેપ સાબિત ન કરવું જોઇએ કારણ કે, ખરેખર જે રેપની ઘટના બની છે એજ ઘટનાઓને રેપમાં ગણવી જોઇએ આજ વિષય છે એને ખરેખર નિરીક્ષણ કરીને બે વાતને અલગ અલગ તારવશો ત્યારે જ આપને અંદાજ આવશે કે આપણું શહેર આ રાજયમાં, આ દેશમાં સૌથી સુરક્ષિત શહેર છે અને હું આપને વિશ્વાસ અપાવું છું કે, આ પ્રકારની કોઇ પણ ઘટના, હું એના નંબરોમાં પડવા નથી માગતો, કોઇ કોમ્પિટેશનમાં નથી પડવા માગતો આપણી જે ચિંતા છે એ ચિંતા આપણે સાથે મળીને આ એક નવો ટ્રેન્ડ લાવ્યા છીએ અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં ત્વરિત ન્યાયનો જે ટ્રેન્ડ આવ્યો છે એ ટ્રેન્ડને આપણે આગળ વધારતા આ પ્રકારની નાની મોટી કોઇ પણ ઘટના બને તો અમે એની પાછળ પડી જઇએ છીએ. પાછળ કેમ પડીએ છીએ? આવા બહેનોને અને એના પરિવારને જો તાત્કાલીક ન્યાય મળશે તો આ પ્રકારના ગુનેગારોને ભવિષ્યમાં આવા ગુના કરતા પહેલા ડર લાગશે કારણ કે, તારીખ પે તારીખનો જમાનો જતો રહ્યો છે હવે ત્વરિત ન્યાયથી એક પછી એક ફાંસીઓનું ડિક્લેરેશન ચાલુ થઇ ગયું છે. મારી આપને ફરી એક વાર વિનંતી છે કે, આપણે સૌ જવાબદાર નાગરિકો છીએ, આપણે સૌ ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ, આપણે રાજયનું પ્રતિનિધિત્વ જ્યારે કરતા હોઇએ ત્યારે આ પ્રકારના તમામ સ્ટેટમેન્ટો પર આપણે ખૂબ ધ્યાન આપવું જોઇએ એવી મારી હાથ જોડીને સૌને વિનંતી છે. (અંતરાય) તમારી ચિંતા સારી છે અને હું એને પોઝિટિવ લઉં છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જે રીતે સંકલન સમિતિની મિટિંગો દરેક જગ્યાએ મળતી હોય છે તો મારું એક સૂચન છે કે, જે રીતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બાબતમાં જે પણ ડી.એસ.પી. હોય કે પોલીસ કમિશનર હોય એમના નેજા હેઠળ દર બે મહિને કે ત્રણ મહિને ધારાસભ્યશ્રીઓની પણ એક મિટિંગ રાખવામાં આવે અને એમાં એનાલિસિસ કરીને એક સરવે કરવામાં આવે અને એમના મંતવ્યો લેવામાં આવે તો ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે અમે પણ સરકારશ્રીને અને પોલીસ ખાતાને મદદ કરી શકીશું એવું મારું સૂચન છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સારું સૂચન છે હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, મુખ્યમંત્રીશ્રીનો પહેલા તમારે આભાર માનવો જોઇએ કારણ કે, ગયા અઠવાડિયે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં તમામ જિલ્લાઓને સૂચના આપવામાં આવી છે. કલેકટરની સંકલનમાં તો એસ.પી. હાજર હોય જ છે પરંતુ અલગથી એસ.પી.એ દર મહિને એક દિવસ નક્કી કરીને ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળીને એ લોકોના નાના મોટા કોઇ પ્રશ્ન ધ્યાનમાં આવ્યા હોય કે કોઇ સામાજીક પ્રશ્ન હોય તો એને પોઝિટિવલી સાંભળીને એના નિરાકરણ માટે સમય કાઢવો જોઇએ એ માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં આખા ગુજરાતમાં આ સૂચના અપાઇ ગઇ છે. આપશ્રી પણ અમદાવાદ શહેરની તમામ બેઠકોમાં હાજર રહીને જે સૂચન આપશો એ સારા સૂચનને અમે સો ટકા સ્વીકારીને આગળ વધારીશું.

**ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૩ મંજૂર જગ્યાઓ**

* ૧૫૩૪ **શ્રીમતી કંચનબેન રાદડિયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૩ની કેટલી જગ્યાઓ મંજૂર કરેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૩ ની કુલ-૮૧૨ જગ્યાઓ મંજૂર થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ગ-૩ની કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે, અને | (૨) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ગ-૩ ની ૫૬ જગ્યાઓ ભરવામાં આવેલ છે. અને ઉકત સ્થિતિએ કુલ-૫૦૦ જગ્યાઓ ખાલી છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે? | (૩) અત્રેની કચેરીમાં ખાલી જગ્યાઓ સીધી ભરતીથી, બઢતીથી અને પ્રતિનિયુક્તિ એમ કુલ ત્રણ રીતે જગ્યાઓ ભરવામાં આવે છે.<br>- સીધીભરતીથી ખાલી જગ્યાઓ ભરવા માટે વિકલાંગતા નિશ્ચિત થયેથી તે મુજબ માંગણાપત્રક બનાવી જગ્યાઓ ભરવામાં આવશે.<br>- બઢતીથી ખાલી જગ્યાઓ બઢતીપાત્ર ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.<br>-પ્રતિનિયુક્તિની વિવિધ જગ્યાઓ ભરવા સંબધિત કચેરીને જણાવેલ છે. |

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વર્ગ-૩માં કુલ કેટલા સંવર્ગનો સમાવેશ થાય છે અને, છેલ્લા બે વર્ષમાં વર્ગ-૩ની નવી કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે?

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આમ કુલ ૩૦ કેડર છે. રોયલ્ટી ઇન્સ્પેકટર, માઇનિંગ સુપરવાઇઝર, સિનિયર સર્વેયર, ડીલર, મદદનીશ ડીલર, સિનિયર કેમિકલ આસિસ્ટન્ટ, કેમિકલ આસિસ્ટન્ટ, સિનિયર લેબોરેટરી આસિસ્ટન્ટ, લેબોરેટરી આસિસ્ટન્ટ, મિસ્ત્રી, લાઇબ્રેરિયન, સંશોધન મદદનીશ કેડર, હિસાબી કેડર, અંગ્રેજી સ્ટેનો, ગુજરાતી સ્ટેનો,અધિક હેડકલાર્ક, સિનિયર કલાર્ક, જુનિયર કલાર્ક, ગુજરાતી ટાઇપીસ્ટ અને ડ્રાયવર. માનનીય સભ્યશ્રીએ એક બીજો પ્રશ્ન પૂછયો છે છેલ્લાં ૨ વર્ષમાં ૧૫૨ જગ્યા મંજૂર કરવામાં આવી છે. રોયલ્ટી ઇન્સ્પેકટરની ૨૮, માઇન્સ સુપરવાઇઝરની ૫૩, સર્વેયરની ૪૩, અધિકની ૭, હેડકલાર્કની ૧૯, સિનિયર કલાર્કની ૨ અને કુલ-૧૫૨ જગ્યા નવી મંજૂર કરવામાં આવી છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, અમારા પંચમહાલ જિલ્લામાં ખાલી જગ્યા ભરવા માગો છો કે કેમ ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પંચમહાલનું પૂછયું છે તો તેની માહિતી મારી પાસે નથી.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, વર્ગ-૩ની ૮૧૨ જગ્યાઓ મંજૂર થઇ છે તેમાંથી ૫૦૦ જગ્યાઓ તો ખાલી છે એટલે ૩૧૨ ભરાયેલી છે. આ જગ્યાઓ કઇ રીતે ભરવામાં આવશે ? તો જવાબમાં કહ્યું છે કે સીધી ભરતીથી ખાલી જગ્યાઓ ભરવા માટે વિકલાંગતા નીચી થયેથી એટલે હેન્ડીકેપ માટેનું જે ધોરણ છે તે નક્કી કરવાનું સરકાર પાસે દસ વર્ષથી પડેલું છે તે થતું નથી એટલે આ ભરતીઓ પેન્ડિંગ છે. બીજું તેમણે કહ્યું છે કે બઢતીથી ખાલી જગ્યાઓ બઢતીપાત્ર ઉમેદવારો મળવાથી ભરવામાં આવશે. હવે વર્ગ-૩ની બઢતીથી ભરવી હોય તો વર્ગ-૪માંથી લેવા પડે એટલે વર્ગ-૪માંથી વર્ગ-૩માં આપવી પડે તેને બઢતી કહેવાય. હવે છેલ્લાં ૨૭ વર્ષથી સરકારે કોઇ પણ ડિપાર્ટમેન્ટમાં વર્ગ-૪માં કોઇ ભરતી જ કરવામાં આવી નથી તો તમે બઢતી કયાંથી આપશો? કોને આપશો? સાહેબ, એટલે આ બહુ મોટો પ્રશ્ન છે અને આ ડિપાર્ટમેન્ટમાં જે ખાણ-ખનિજ માફિયાઓ છે તે આઉટ સોર્સિંગથી જે ભરતી કરવામાં આવે છે તેમાં તે માફીયાઓ જ તેમના માણસો આઉટ સોર્સિંગમાં ગોઠવી દે છે, તો આવી કોઇ ફરિયાદ મળી છે ખરી? અને ખાણ-માફિયાઓને કન્ટ્રોલ કરવા માટે આ ભરતી તાત્કાલિક કરવા માગો છો કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, ૫૦૦ જગ્યાઓ ખાલી છે. મેં જેમ હમણાં કહ્યું તેમ કે તા.૧૦-૬-૨૦૨૨ના ઠરાવમાં ૧૫૨ જગ્યાઓ અમે નવી મંજૂર કરી દીધી છે. ડ્રાઇવરોની જે ખાલી જગ્યા છે તેમાં આઉટ સોર્સિંગની કામગીરીમાં તે ૪૬ જગ્યાઓ છે, ખનિજ સંશોધનને લગતી જે ૬૫ ખાલી જગ્યાઓ છે તે આપણે રદ કરવાની છે. કેડર પોસ્ટ છે તે અન્ય વિભાગમાં ભરતીની જગ્યાએ ગમે ત્યાં લઇ શકાય એવી ૫ જગ્યાઓ છે. સરવે માટેની ગૌણ સેવા પસંદગી મંડળનું જો વેઇટિંગ ઓપરેટ કરવામાં આવે ત્યારે એ ૧૭ જગ્યાઓ આપણે લઇ શકાય એવી સ્થિતિમાં છે. કેમિકલ આસિસ્ટન્ટની નિમણૂકની જગ્યાઓ છે તે ૬ છે અને રોયલ્ટી ઇન્સ્પેકટરની બઢતી જે ચાવડા સાહેબ કહે છે તે બઢતી આપણે આપીને ૩૧ જગ્યાઓ ચોક્કસપણે ભરવાના છીએ અને ઉપરોકત જે વિકલાંગો માટેની જગ્યાઓ થશે તો આ પ્રમાણે ૩૩૦ જગ્યાઓ તો તાત્કાલિક ધોરણે આપણે ભરી દેવાના છીએ અને બાકીની ૧૭૮ જગ્યાઓ છે તેના માટેની કાર્યવાહી ચાલે છે તે જલ્દીથી ભરી દઇશું અને આ બાબતની કોઇ માફિયાઓની અમારી પાસે આ કર્મચારી બાબતમાં કે આ ભરી દીધા અને તેના કારણે કોઇ ફરિયાદ આવી નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતે જ જવાબમાં કહ્યું છે કે, ૮૧૨માંથી ૫૦૦ જગ્યાઓ વર્ગ-૩ની ખાલી છે તે ઉપરાંત જે કલાસ-૨ની છે તે ૬૭ મંજૂર થયેલ જગ્યાઓમાંથી ૪૨ જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૧ની ૫૦ જગ્યાઓમાંથી ૨૦ જગ્યાઓ ખાલી છે. આ આખું જે ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રી હેઠળનું તંત્ર છે તે આખું ખાલી છે અને સાચી વાત કરી છે ખનિજ માફિયાઓના હવાલે છે. અને તેના કારણે રાજય સરકારને ખૂબ મોટું અબજો રૂપિયાનું કરોડોનું નહીં પણ અબજો રૂપિયાનું નુકસાન જાય છે અને ઇરાદાપૂર્વક વર્ષોથી આ જગ્યાઓ ભરવામાં આવતી નથી, એટલું જ નહિ આ લોકો જ્યારે પણ દરોડા પાડતા હોય છે ત્યારે કાનૂન અને વ્યવસ્થાની સ્થિતિ ઊભી થતી હોય છે. પોલીસને એક્ઝિક્યુટિવ પાવર છે. એમની પાસે હથિયારો છે. ફૉરેસ્ટમાં હથિયાર છે એની પાસે પણ એક્ઝિક્યુટિવ પાવર છે. જ્યારે આ તંત્રને આપણે કોઇ પણ પ્રકારના પાવર આપ્યા નથી એટલે બિચારા થઇને ત્યાં રહેવું પડે છે. એ વાત સાચી છે કે ખનિજ માફિયાઓ આ આખું તંત્ર ચલાવે છે. જો આપણે આ તંત્રને કાર્યરત કરીએ તો બીજો વધારાનો કોઇ કરવેરો નાંખવો ન પડે. મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ જગ્યાઓ તાકીદે ભરીને એ અધિકારીઓને અત્યારના લાઇસન્સ આપીને એમ્પાવર કરવા માગો છો કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જેમ કહ્યુ એમાં ગુજરાત સરકાર, આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારમાં કોઇ પણ ખનિજ ચોર સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે છે. આમ તો આ પ્રશ્ન બહારનો હતો પણ માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે ત્યારે વર્ષ ૨૦૧૮-૧૯માં ૭૭૩૪ કેસ કર્યા છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ૭૪૪૬ કેસ કર્યા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૧૫૫ કેસ કરવામાં આવ્યા છે અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૭૬૭૨ કેસ કરવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૪૭૬ કેસ કરવામાં આવ્યા છે. આમ જ્યારે-જ્યારે જરૂર પડી ત્યારે આ પ્રકારના કેસ આપણે ચોક્કસ કરતાં હોઇએ છીએ.

**જૂનાગઢ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

*૧૪૮૩ **શ્રી ભગવાનજીભાઇ કરગટીયા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૯ | ૦૯ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની તમામ ૯ જગ્યાઓ ભરાઇ ગઇ છે. એના માટે માનનીય મંત્રીશ્રીને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે જૂનાગઢ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ક્યારે અને કઇ રીતે ભરવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે જૂનાગઢ જિલ્લામાં જે રીતે તાલુકા વિકાસ અધિકારીની ભરતી થઇ અને પૂરેપૂરી જગ્યાઓ ભરાઇ ગઇ એ રીતે તલાટી-મંત્રીની પણ ભરતી થઇ જાય એવી મારી વિનંતી છે.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લાની ૯ તાલુકા વિકાસ અધિકારીની જગ્યા માટેનો આ પ્રશ્ન હતો. એમાં માનનીય સભ્યશ્રીએ આ જગ્યાઓ કેવી રીતે અને ક્યારે ભરવામાં આવી એની માહિતી માગી છે ત્યારે મારે સભ્યશ્રીને જણાવવાનું કે ભેંસાણ તાલુકા પંચાયતમાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારીની બઢતીથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા તા.૧૭/૩/૨૦૨૨ના રોજ ભરવામાં આવી છે. જૂનાગઢ તાલુકામાં સીધી ભરતીથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા તા.૨૭/૯/૨૦૨૨ના રોજ ભરવામાં આવી છે. કેશોદ તાલુકામાં નાયબ ચિટનીસની બઢતીથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા તા.૨૯/૧૦/૨૦૨૨ના રોજ ભરવામાં આવી છે. માળિયા-હાટીના તાલુકામાં નાયબ ચિટનીસની બઢતીથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા તા.૩૦/૧૨/૨૦૨૧ના રોજ ભરવામાં આવી છે. માણાવદરમાં સીધી ભરતીથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા તા.૩૦/૧૨/૨૦૨૧ના રોજ ભરવામાં આવી છે. માંગરોળ તાલુકામાં સીધી ભરતીથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા તા.૨૯/૯/૨૦૨૦થી ભરવામાં આવી છે. મેંદરડા તાલુકામાં સીધી ભરતીથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા તા.૨૨/૭/૨૦૨૧થી ભરવામાં આવી છે. વંથલી તાલુકામાં બઢતીથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા તા.૨૯/૧૦/૨૦૨૨થી ભરવામાં આવી છે. વિસાવદર તાલુકામાં બઢતીથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા તા.૨૦/૧/૨૦૨૩ના રોજ ભરવામાં આવી છે. આમ ૯ તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીની ૧૦૦ ટકા જગ્યાઓ ભરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ તલાટી-મંત્રીની જગ્યાઓ ભરવાની જે વાત કરી છે એ મને અલગથી કહેશે ત્યારે જવાબ આપીશું અને એ જગ્યાઓ પણ આગામી દિવસોમાં ભરવા માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ બધી જ તૈયારી કરી છે.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તાલુકા વિકાસ અધિકારી દ્વારા સરકારના કેટલા વિભાગની કામગીરી કરવામાં આવે છે અને વિભાગવાર કામગીરી સોંપણીની વિગતો શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી**,** તાલુકા વિકાસ અધિકારી તેના તાલુકાને લગતા તમામ વિભાગની કામગીરી કરે છે. મહેસૂલ વિભાગની જમીન મહેસૂલની વસૂલાત, જમાબંધી**,** લોકલ ફંડ અને તગાવી વસૂલાતની કામગીરી કરે છે. સાથે શિક્ષણ વિભાગ, સિંચાઈ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી કામગીરી, એ.ટી.વી.ટી. યોજનાના અમલીકરણ અધિકારી તરીકે જન્મ મરણની નોંધણી, ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશન થકી આરોગ્ય અને સુખાકારી માટેની પણ કામગીરી કરે છે. સાથે સાથે ગૃહ વિભાગને લગતી કામગીરી અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી થાય અને શાંતિ સ્થપાય તે માટે ગ્રામ સભાની પણ કામગીરી કરે છે. તીર્થ ગામ/પાવન ગામ જેવી યોજના, ગ્રામ વિકાસ પ્રયાગની પંચાયત વિભાગની કામગીરી અને માનનીય પ્રધાનમંત્રીશ્રીના મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, મિશન મંગલમ, કુપોષણ વગેરે વિભાગની પણ કામગીરી કરે છે. સામાન્ય વહીવટ વિભાગની કામગીરી હેઠળ મતદાર યાદીના નોંધણી અધિકારી તથા વિવિધ ચૂંટણી સમયે ચૂંટણી અધિકારી તરીકેની કામગીરી કરે છે. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગમાં અન્ન સલામતી ધારા અને અનુપમ યોજના અંતર્ગત સસ્તા અનાજની દુકાનોમાં બધાને અનાજનું વિતરણ યોગ્ય રીતે થાય તે માટેની સમિતિના સભ્ય તરીકેની પણ કામગીરી કરે છે. આ સિવાય ગ્રામ્ય વિસ્તારમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત તાલુકા વિકાસ અધિકારી તરીકે પ્રધાનમંત્રી સન્માન નિધિના અમલીકરણની કામગીરી કરવામાં આવે છે. આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ આદિવાસી

વિસ્તારમાં સબપ્લાન અને આદિજાતિ વિકાસ વિભાગની તમામ યોજનાઓનું તાલુકા વિકાસ અધિકારી દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. આ ઉપરાંત તાલુકા વિકાસ અધિકારી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની અનુસૂચિ ભાગ-૧ અને ભાગ-૨માં દર્શાવેલ કાર્યો અને ફરજો વધારાની કામગીરી તરીકે નિભાવે છે.

**અમરેલી જિલ્લામાં સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત ખેલાડીઓને લાભ**

* ૧૪૬૪ **શ્રી મહેશ કસવાલા** (સાવરકુંડલા) : **માનનીય રમત-ગમતમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત કેટલી શાળાઓ આવેલ છે, | (૧) ૦૧ (એક) શાળા |
| (૨) આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ કેટલા ખેલાડીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે, અને | (૨) ૨૪૮ ખેલાડીઓ |
| (૩) આ યોજના અંતર્ગત આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેલાડીઓ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ. ૪,૧૩,૧૨,૦૫૩/- (અંકે રૂપિયા ચાર કરોડ તેર લાખ બાર હજાર તેપ્પન પૂરા) |

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સંકુલ યોજના શું છે? અને આ યોજના ક્યારથી શરૂ કરવામાં આવી છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપથી રમતનું પ્રશિક્ષણ અને શાળાકીય શિક્ષણના બેવડા ધ્યેયને ચરિતાર્થ કરવા માટે સંયોજિત યોજના જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ વર્ષ ૨૦૧૩-૧૪થી અમલમાં મૂકવામાં આવેલ છે. રાજ્યની નામાંકિત શાળાઓ સાથે પબ્લિક અને પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડલ અંતર્ગત શિક્ષણ સાથે રમતનો સમન્વય ધરાવતી યોજનાઓ જેમાં ખેલાડીઓની પ્રતિભા શોધ કરી નિષ્ણાંત કોચ તથા ટ્રેનર દ્વારા વૈજ્ઞાનિક ઢબે રમતની તાલીમ આપી સંવર્ધન કરવામાં આવે છે. આ યોજના હેઠળ પ્રત્યેક ખેલાડીદીઠ સરેરાશ વાર્ષિક રૂ.૧ લાખ ૬૮ હજારનો ખર્ચ સરકારશ્રી તરફથી કરવામાં આવે છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જિલ્લામાં એકમાત્ર સ્પોર્ટ્સ સ્કૂલ અંતર્ગત આ શાળા ચાલે છે તો બીજા કોઈ તાલુકામાં આપવા માગો છો કે કેમ? અને ખાસ કરીને કાંઠા વિસ્તારના યુવાનો સ્પોર્ટ્સમાં ખૂબ આગળ પડતા જઈ રહ્યા છે ત્યારે આવા કાંઠા વિસ્તારમાં કોઈ સ્કૂલને આવો લાભા આપવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં હું તેમનું ધ્યાન દોરવા માગું છું કે સમગ્ર ગુજરાતની અલગ-અલગ નામાંકિત સ્કૂલો શોધવામાં આવે છે કે જેમાં સ્પોર્ટ્સના ગ્રાઉન્ડ અવેલેબલ હોય, અલગ-અલગ પ્રકારની સ્પોર્ટ્સની ટ્રેનિંગ આપી શકાય તે પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ હોય. આ વ્યવસ્થા જિલ્લાવાર કરવામાં આવતી નથી. જિલ્લાવાર અલગ-અલગ સ્કૂલો આપી છે, પરંતુ કયો વિદ્યાર્થી કઈ રમતમાં સારો દેખાવ કરી શકે છે તે પ્રમાણે રાજ્યની અલગ-અલગ સ્કૂલની પસંદગી કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રી અમરેલી જિલ્લાના છે. અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષાના સ્પોર્ટ્સ સેન્ટરની કામગીરીની શરૂઆત માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે પ્લાનિંગ કરી લીધું છે. શ્રી કૌશિકભાઈ, શ્રી જનકભાઈ અને તમામ સભ્યશ્રીઓની જે માંગણી હતી તે માંગણી પણ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**નવસારી જિલ્લામાં મુંબઇ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

૧૪૯૫ **શ્રી આર. સી. પટેલ** (જલાલપોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મુંબઇ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ (બુલેટ ટ્રેન) માટે કુલ કેટલા હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવાની થાય છે, | (૧) ૮૧.૫૬૬૦ હેક્ટર |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટર જમીન સંપાદન કરવા માટે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો, અને | (૨) ૮૧.૫૨૯૦ હેક્ટર |
| (૩) કુલ જાહેર કરેલા એવોર્ડ પૈકી કેટલા હેક્ટર | (૩) કુલ ૮૧.૫૨૯૦ હેક્ટર ખાનગી જમીન માટે |

| | |
|---|---|
| જમીન માટે સંમતિ એવોર્ડ જાહેર કરવામાં આવ્યો ? | એવોર્ડ જાહેર થયેલ છે તે પૈકી ૭૩.૨૨૩૭ હેક્ટર જમીન માટે સંમતિ એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે. |

### એસીબી તંત્ર દ્વારા અપ્રમાણસર મિલકતના કેસો

૬૬ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાંચ રૂશ્વત બ્યુરો (ACB) દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના કેટલાં અધિકારીઓ/કર્મચારીઓ સામે અપ્રમાણસર મિલકતના કેસો કરવામાં આવ્યા, | (૧) ૦૧ (એક) |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા અધિકારીઓ કે કર્મચારીઓની સામે તપાસ ચાલુ છે, | (૨) ૦૧ (એક) |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા અધિકારીઓ કે કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે, અને | (૩) એક પણ નહી. |
| (૪) કેટલા સામે ચાર્જશીટ કરવામાં આવી ? | (૪) એક પણ નહી. |

- - - - - - - - -

### સરદાર સરોવર ડેમમાંથી કાંપ કાઢવા બાબત

૧૧૩૪ **ડૉ. કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર બંધ બાંધ્યા પછી આ બંધમાંથી કાંપ કાઢવા માટે બજેટમાં વર્ષવાર કેટલી રકમ ફાળવાઈ, અને | (૧) શૂન્ય, જરૂરિયાત નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ અન્વયે વર્ષ વાર કેટલો કાંપ દૂર કરીને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

### કચ્છ જિલ્લામાં બોર્ડ/કોર્પોરેશનને જમીન ફાળવણી

૧૫૪૦ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી, | (૧) ૧૯ |
| (૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩ |
| (૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કયા બોર્ડ કોર્પોરેશનને કેટ કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ? | (૩) ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. ૧૪,૭૦૦ ચો.મી. |

- - - - - - - - -

### સાપુતારા-સ્ટેચ્યૂ ઓફ યુનિટી રોડ માટે જમીન સંપાદન કરવા બાબત

૧૩૯૯ **શ્રી ચૈતરભાઈ વસાવા**(દેડીયાપાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ સાપુતારા-સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ માટેની જમીન સંપાદનની કામગીરી ચાલુ છે એ હકીકત સાચી છે, | (૧) ના, જી. સંપાદક સંસ્થા માર્ગ અને મકાન વિભાગ તરફથી જમીન સંપાદન માટેની દરખાસ્ત મળેલ નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંપાદન પ્રક્રિયા માટે ગ્રામસભા લોક સુનાવણી કે ખેડૂતોની સંમતિ લેવાની કામગીરી કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**સુરત અને દાહોદ જિલ્લામાં લોક દરબાર યોજવા બાબત**

૧૫૧૪ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ કોઈ ઝુંબેશ કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે સુરત અને દાહોદ જિલ્લામાં કેટલા લોક દરબાર યોજાયા ? | (૨) |

| **તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૩ સુધી** | |
|---|---|
| **શહેર / જિલ્લાનું નામ** | **યોજાયેલ લોક દરબારની સંખ્યા** |
| સુરત શહેર | ૮૭ |
| સુરત ગ્રામ્ય | ૧૫ |
| દાહોદ | ૫૨ |

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત ખેલાડીઓને લાભ**

૧૪૬૫ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત કેટલી શાળાઓ આવેલ છે, | (૧) ૦૨ (બે) શાળા |
| (૨) આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ કેટલા ખેલાડીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે, અને | (૨) ૩૦૩ ખેલાડીઓ |
| (૩) આ યોજના અંતર્ગત આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેલાડીઓ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ.૪,૭૮,૯૬,૦૧૬/- (અંકે રૂપિયા ચાર કરોડ ઇઠ્યોતેર લાખ છન્નુ હજાર સોળ પૂરા) |

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

૧૫૫૭ **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ (બુલેટ ટ્રેન) માટે કુલ કેટલા હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવાની થાય છે, | (૧) ૪૭.૩૦૩૦ હેક્ટર |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટર જમીન સંપાદન કરવા માટે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો, અને | (૨) ૦.૧૪૨૧ હેક્ટર |
| (૩) કુલ જાહેર કરેલા એવોર્ડ પૈકી કેટલા હેક્ટર જમીન માટે સંમતિ એવોર્ડ જાહેર કરવામાં આવ્યો ? | (૩) કુલ ૪૭.૩૦૩૦ હેક્ટર ખાનગી જમીન માટે એવોર્ડ જાહેર થયેલ છે તે પૈકી ૩૪.૨૮૩૯ હેક્ટર જમીન માટે સંમતિ એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

**રાજ્યમાં પ્રારંભિક નગર રચના યોજનાની પડતર દરખાસ્તો**

૧૪૭૧ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પ્રારંભિક નગર રચના યોજનાઓની મંજૂરી માટે કેટલી દરખાસ્તો સરકારમાં પડતર છે, અને | (૧) ૨૨(બાવીસ) |
| (૨)ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી પ્રારંભિક નગર રચના યોજનાઓને મંજૂરી આપવામાં આવી ? | (૨) ૩૭(સાડત્રીસ) |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લાની નગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૪૭૪ **શ્રી કાળુભાઈ ડાભી** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં અમદાવાદ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં અમદાવાદ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ નીચે મુજબની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

રૂ. લાખમાં

| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **વર્ષ ૨૦૨૦-૨૧** | **વર્ષ ૨૦૨૧-૨૨** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | વિરમગામ | ૧૧૩૬.૬૮ | ૩૬૦.૦૦ | **૧૪૯૬.૬૮** |
| ૨ | ધોળકા | ૩૬૦.૦૦ | ૩૬૬.૨૫ | **૭૨૬.૨૫** |
| ૩ | ધંધુકા | ૧૬૩૬.૧૧ | ૨૭૦.૦૦ | **૧૯૦૬.૧૧** |
| ૪ | બાવળા | ૨૭૦.૦૦ | ૨૭૦.૦૦ | **૫૪૦.૦૦** |
| ૫ | સાણંદ | ૨૮૫.૦૦ | ૧૪૩૭.૮૧ | **૧૭૨૨.૮૧** |
| ૬ | બારેજા | ૬૯૨.૪૫ | ૧૩૦.૦૦ | **૮૨૨.૪૫** |
| | **કુલ..** | **૪૩૮૦.૨૪** | **૨૮૩૪.૦૬** | **૭૨૧૪.૩૦** |

(૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

(૨) તે પરત્વે નીચે મુજબના કામો મંજૂર થયેલ છે અને કામો પૂર્ણ થયેલ છે.

| **ક્રમ** | **ન.પા.નું નામ** | **મંજૂર થયેલ કામો** | | | **પૂર્ણ થયેલ કામો** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૨૦-૨૧** | **વર્ષ ૨૦૨૧-૨૨** | **કુલ** | **વર્ષ ૨૦૨૦-૨૧** | **વર્ષ ૨૦૨૧-૨૨** | **કુલ** |
| ૧ | વિરમગામ | ૧૫ | ૨૯ | **૪૪** | ૧૦ | ૯ | **૧૯** |
| ૨ | ધોળકા | ૨૪ | ૮ | **૩૨** | ૧૮ | ૮ | **૨૬** |
| ૩ | ધંધુકા | ૨૭ | ૪૩ | **૭૦** | ૨૬ | ૧૮ | **૪૪** |
| ૪ | બાવળા | ૨૯ | ૧૩ | **૪૨** | ૧૪ | ૭ | **૨૧** |
| ૫ | સાણંદ | ૭ | ૯ | **૧૬** | ૫ | ૪ | **૯** |
| ૬ | બારેજા | ૨૪ | ૯ | **૩૩** | ૨૦ | ૪ | **૨૪** |
| | **કુલ..** | **૧૨૬** | **૧૧૧** | **૨૩૭** | **૯૩** | **૫૦** | **૧૪૩** |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૫૧૯ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઊંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૯૭૮૪

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૫૨૦ **શ્રી મહેશભાઈ ભુરીયા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨)જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૭૧૧૭

આવેલ છે ?

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો**

૧૫૩૮ **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મળી, | (૧) ૦૮ (આઠ). |
| (૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૪ (ચાર). |
| (૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે ? | (૩) હે.૨૮-૬૭-૧૩ પ્ર.આરે. |

- - - - - - - - -

**ખંભાત નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટ**

૮૪૮ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખંભાત નગરપાલિકાને ક્યા વિકાસના કામો માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખંભાત નગરપાલિકાને વિકાસના કામો માટે નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| યોજનાનું નામ | ફાળવેલ રકમ રૂ. | |
|---|---|---|
| | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ |
| ૧૫મું નાણાપંચ | ૩,૩૮,૩૦,૬૪૭.૦૦ | ૩,૦૩,૪૭,૬૫૭.૦૦ |
| SJMMSVY | ૩,૦૦,૦૦,૦૦૦.૦૦ | ૩,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| વ્યવસાય વેરા | ૦.૦૦ | ૬,૫૭,૫૩૮.૦૦ |
| જમીન મહેસૂલ | ૩,૬૩,૧૭૨.૦૦ | ૧૨,૧૩,૦૭૦.૦૦ |
| રોડ રીસર્ફેસીંગના કામો | ૬૦,૦૦,૦૦૦.૦૦ | ૧,૩૦,૦૦,૦૦૦.૦૦ |
| અમૃત ૨.૦ મિશન | ૦.૦૦ | ૧૫,૨૦,૦૦૦.૦૦ |

(૨) જો આ પૈકી વપરાયેલ ગ્રાન્ટ ખંભાત નગરપાલિકાના હદની બહાર વપરાયેલ હોય તો તેના કારણો શા છે ?

(૨) આ પૈકી વપરાયેલ ગ્રાન્ટ ખંભાત નગરપાલિકાના હદની બહાર વપરાયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૧૪૮૨ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૧૪ | ૧૪ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૧ મંજૂર જગ્યાઓ**

૧૫૩૬ **પાયલ કુકરાની** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | કિંમત (રૂ.) | જથ્થો (બોટલ) | કિંમત (રૂ.) | જથ્થો (લીટર) | કિંમત (રૂ.) | જથ્થો (બોટલ) | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો |
| આણંદ | ૩૭૧૮૫૮૮૮ | ૧૫૨૭૨૧ | ૩૮૩૫૪૦ | ૧૯૧૭૭ | ૯૯૭૮૩૫ | ૮૮૬૦ | ૮૮૪૩૨૩૦ | ૮૮૪.૩૨૩ કિ.ગ્રા. | ૬૬૬૯૯૪ | ૨૧૯.૨૮૪ કિગ્રા | ૫૧૩૦૦ | ૩૪૨ ગ્રામ | ૦ | ૦ |
| ભરૂચ | ૨૬૬૩૦૦૧૫ | ૨૦૧૫૯૯ | ૯૭૨૦૪૦ | ૪૮૫૯૨ | ૩૧૪૯૭૦૦ | ૩૧૪૯૭ | ૮૦૧૪૪૦ | ૮૦.૯૬૬ કિગ્રા | ૦ | ૦ | ૦ | ૦ | ૯૪૬૦૦૦ | ૭૩૦ ગ્રામ ૪ લીટર |

**તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨**

| જિલ્લાનું નામ | વિદેશી દારૂ | | દેશી દારૂ | | બિયર | | ગાંજો | | પોષડોડા | | એમ.ડી.ડ્રગ્સ | | મેફેડ્રોન | | ચરસ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કિંમત (રૂ.) | જથ્થો (બોટલ) | કિંમત (રૂ.) | જથ્થો (લીટર) | કિંમત (રૂ.) | જથ્થો (બોટલ) | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો |
| આણંદ | ૩૨૩૭૮૧૧૪ | ૧૩૪૭૩૨ | ૪૩૫૪૫૨ | ૪૭૫૫૦ | ૧૧૧૬૮૫૫ | ૧૦૭૮૩ | ૫૦૭૬૫૦ | ૫૦.૭૬૫ કિગ્રા | ૭૯૯૮૧૫ | ૨૬૩.૬૦૫ કિગ્રા | ૪૧૮૧૭૦ | ૪૧ ગ્રામ ૮૧૪ મીલી | ૦ | ૦ | ૦ | ૦ |
| ભરૂચ | ૩૬૪૭૮૪૫૮ | ૨૩૮૨૯૩ | ૧૦૭૮૩૪૦ | ૫૩૯૧૭ | ૧૮૧૨૯૪૦ | ૧૭૬૪૯ | ૧૪૬૩૫૧૦ | ૧૪૬.૩૫૧ કિગ્રા | ૦ | ૦ | ૦ | ૦ | ૮૨૫૪૩૮૭૦૦ તથા ૧૩૦૦૦૦૦૦૦૦ | ૮૨ કિલો ૫૪૩ ગ્રામ ૭૯૮ મીલી તથા ૧૩૦૦ લીટર | ૧૬૧૪૦૦ | ૧.૦૭૬ કિગ્રા |

- - - - - - - - -

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૨૧-૨૨નો દહેજ સેઝ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**,** ઓડિટ અહેવાલ તથા સમીક્ષા

**શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ,ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૭-૧૮નો ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, સમીક્ષા તથા નિવેદન

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (કૃષિ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની

ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, સમીક્ષા તથા નિવેદન

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (પશુપાલન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા

**શ્રી જગદીશ વિશ્વકર્મા (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ,ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૦-૨૧નો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ તથા નિવેદન

**શ્રી બળવંતસિંહ રાજપૂત ( ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૯-૨૦થી ૨૦૨૧-૨૨ના ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળના વાર્ષિક અહેવાલ, હિસાબો તથા નિવેદન

**શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળના સન ૨૦૧૯-૨૦થી સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તેમજ સન ૨૦૨૧૯-૨૦ અને સન ૨૦૨૦-૨૧ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલો, હિસાબો તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત રાજ્ય અન્ન આયોગનો વાર્ષિક અહેવાલ

**શ્રી કુંવરજીભાઇ બાવળીયા (અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**અનુમતિ મળેલાં વિધેયકો**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાના ચાલુ (બીજા) સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક- ૧, ૨ અને ૩ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

***વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન**

ઉપાધ્યક્ષશ્રી : આજે સને ૨૦૦૭-૨૦૦૮, સને ૨૦૦૮-૨૦૦૯, અને સને ૨૦૧૩-૧૪ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન છે. આ માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવતા સભાગૃહના ધ્યાન ઉપર મૂકવાનું કે વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૩(૪)ની જોગવાઇ મુજબ વધારાના ખર્ચની માગણીઓની બાબતમાં અંદાજપત્રમાંની માગણીઓ બાબતમાં જે કાર્યરીતિ અનુસરવામાં આવે છે તે જ કાર્યરીતિ અધ્યક્ષ તેમાં ફેરફાર કરે તે સિવાય અનુસરવામાં આવે છે. વિધાનસભાએ મંજૂર કરેલ નાણાં કરતા કોઇ વર્ષમાં વધારે ખર્ચ થઇ ગયો હોય તો તેવા કિસ્સામાં ઉંડી તપાસ કરીને તે ખર્ચને નિયમિત કરવા માટે જાહેર હિસાબ સમિતિ ગૃહને ભલામણ કરે છે. આ ભલામણ પછી ગૃહે મંજૂર કરેલા

* સન સન ૨૦૦૭-૨૦૦૮, ૨૦૦૮-૨૦૦૯, અને ૨૦૧૩-૧૪ ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ વધારાના અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

ખર્ચ કરતા થયેલ વધારાના ખર્ચને નિયમિત કરવા સારું આ વધારાની માગણીઓ રજૂ કરવામાં આવે છે. આમ, આ ખર્ચ તો ક્યારનોય થઇ ગયેલ છે. ઉપરાંત વધારાના ખર્ચ સંબંધમાં જાહેર હિસાબ સમિતિએ વિગતવાર તપાસ કરીને તેનો અહેવાલ પણ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો હોવાથી હવે તો બંધારણીય જોગવાઇ પ્રમાણે આ ખર્ચ નિયમિત કરવો જરૂરી છે, તેથી સરકાર સભાગૃહ પાસે આવી છે. આવી જાહેર હિસાબ સમિતિએ થયેલા વધારાના ખર્ચ સંબંધે ઊંડાણપૂર્વક તપાસ કરેલ હોવાથી પ્રસ્થાપિત પરંપરા અનુસાર વધારાના ખર્ચની માગણીઓ ઉપર સભાગૃહમાં ચર્ચા કરવામાં આવતી નથી અને માગણીઓ સીધી ગૃહના મત ઉપર મૂકવામાં આવે છે, તેથી હું નાણામંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ રજૂ કરવા વિનંતી કરું છું.

સન ૨૦૦૭-૨૦૦૮, ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૧૩-૧૪ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણામંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ માટેના વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંકઃ ૩, ૫, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૩૧, ૩૨, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૪, ૫૦, ૫૧, ૫૩, ૫૫, ૫૭, ૬૧, ૬૨, ૬૪, ૬૬, ૭૩, ૭૪, ૭૫, ૭૮, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૯૫ રજૂ કરું છું.

**વધારાના ખર્ચ માટેની માગણી ક્રમાંકઃ ૩, ૫, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૩૧, ૩૨, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૪, ૫૦, ૫૧, ૫૩, ૫૫, ૫૭, ૬૧, ૬૨, ૬૪, ૬૬, ૭૩, ૭૪, ૭૫, ૭૮, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૯૫ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ માટેના વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંકઃ ૫, ૮, ૯, ૧૩, ૨૧, ૨૨, ૨૩, ૨૬, ૩૮, ૩૯, ૪૧, ૪૩, ૪૪, ૫૫, ૫૮, ૬૨, ૬૬, ૭૩, ૭૯, ૮૦, ૮૧, ૮૬, ૮૭, ૧૦૪ અને ૧૦૬ રજૂ કરું છું.

**વધારાના ખર્ચ માટેની માગણી ક્રમાંકઃ ૫, ૮, ૯, ૧૩, ૨૧, ૨૨, ૨૩, ૨૬, ૩૮, ૩૯, ૪૧, ૪૩, ૪૪, ૫૫, ૫૮, ૬૨, ૬૬, ૭૩, ૭૯, ૮૦, ૮૧, ૮૬, ૮૭, ૧૦૪ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

કનુભાઇ મો. દેસાઇ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૧૩-૧૪ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી પૂરક માગણી ક્રમાંક- ૯, ૨૬, ૬૬, ૬૮, ૭૩, ૮૭ અને ૮૮ રજૂ કરું છું.

વધારાના ખર્ચને લગતી પૂરક માગણી ક્રમાંક ૯, ૨૬, ૬૬, ૬૮, ૭૩, ૮૭ અને ૮૮ રજૂ કરવામાં આવી.

વધારાના ખર્ચને લગતી પૂરક માગણી ક્રમાંક ૯, ૨૬, ૬૬, ૬૮, ૭૩, ૮૭ અને ૮૮ મત પર મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

પ્રો-રેટા પ્રમાણે ચર્ચામાં સમય ફાળવવા અંગે

ડો. સી.જે. ચાવડા (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૫૬ તરફ આપનું ધ્યાન દોરું છું. માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૫૬માં આપશ્રીને એવી સત્તા છે કે આ નિયમોમાં જેનો ખાસ પ્રબંધ કરવામાં ન આવ્યો હોય તેવી સઘળી બાબતો અને આ નિયમોના વિગતવાર અમલને લગતા સઘળા પ્રશ્નોનું અધ્યક્ષ વખતોવખત નિર્દેશ કરે તેવી રીતે નિયમન કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નિયમના અનુસંધાને આપને સત્તા છે કે જેમાં ક્લિયર-કટ નિયમ ન હોય. ૩૩ નિયમ ઉપર એવી વાત મૂકવામાં આવી છે કે અધ્યક્ષને યોગ્ય લાગે તો તેઓ વકતવ્ય માટે સમય મર્યાદા નક્કી કરી શકશે. અધ્યક્ષને યોગ્ય લાગે તો ધારાસભ્યશ્રીના અથવા સભ્યશ્રીના વકતવ્યનો સમય નકકી કરી શકશે, પણ માનનીય અધ્યક્ષશ્રી, આ નિયમોમાં એવો કોઇ ખાસ પ્રબંધ કરવામાં આવ્યો નથી કે સત્તાધારી પક્ષ. ધારો કે અત્યારે એમના ૧૫૬ ચૂંટાયા છે. ૧૭ કોંગ્રેસના ચૂંટાયા છે. ૪ અપક્ષ ચૂંટાયા છે અને ૫ આપ પાર્ટીના છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, એવી કોઇ નિયમમાં જોગવાઇ નથી કે ચૂંટાયેલા પ્રતિનિધિઓની સંખ્યાના પ્રમાણમાં પ્રોરેટા પ્રમાણમાં જ એમને બોલવા દેવા.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછી આ વિધાનસભાની રચના થઇ. એ પહેલા રાજા રજવાડાઓમાં પણ વિધાનસભા હતી. ભાવનગરના રાજવી શ્રી ભાવસિંહજીએ એમને ત્યાં લોક પ્રતિનિધિ મંડળ. એ નામે રિપ્રેઝન્ટેટીવ ઓફ ધ એસેમ્બલી. ભાવનગર સ્ટેટમાં ઊભી કરેલી અને એમાં જે પ્રતિનિધિઓ હતા, એમને બોલવાનો હક્ક હતો. એ પછી શ્રી કૃષ્ણકુમારસિંહજી રાજવી તરીકે આવ્યા ત્યારે એમણે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ ૩૩ જેટલા એમની વિધાનસભામાં ઉમેર્યા અને ૧૬ સભ્યો રાજા પોતે નિમણૂક આપતા હતા. જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ હતા એમને એમની વિધાનસભામાં આખો દિવસ પ્રજાના પ્રશ્નો રજૂ કરવાનો હક્ક હતો. પ્રજાના પ્રશ્નો રજૂ કરતી વખતે અત્યારે સરકાર છે, તો સરકાર પ્રજાના પ્રશ્નો ઉકેલે. એ તો એમને રસ હોય.

પરંતુ પ્રજાના પ્રશ્નો ઉકેલતા ઊભી થતી મુશ્કેલીઓ, રહી ગયેલા પ્રશ્નો, જે વિસ્તારમાંથી વિપક્ષના સભ્યો ચૂંટાઇને આવ્યા,જે વિસ્તારમાંથી વિપક્ષના ધારાસભ્યો ચૂંટાઇને આવ્યા છે તેમાં કોઇ પ્રશ્નો રહી જાય છે કે કેમ અથવા તો કયા કયા પ્રશ્નો છે તે માટે ધ્યાન દોરવું એ અમારે માટે જરૂરિયાત છે. રાજા-રજવાડાઓમાં પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓને આખો દિવસ પ્રજાના પ્રશ્નો રજૂ કરવાનો હક્ક હતો. તો અત્યારે અહીં જે પ્રો-રેટા નક્કી કરી દેવામાં આવે છે, આજે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણીઓ આવી છે. ગુજરાતમાં અનેક પ્રશ્નો છે. સરકારની સાથે બેઠેલા ધારાસભ્યો તો સરકારે જે કામગીરી કરી છે એ કહેશે પણ સરકારે જે કામગીરી નથી કરી એ કોણ કહેશે? તેના માટે ફક્ત પ્રો-રેટા પ્રમાણે ૮ કે ૧૦ મિનિટ બોલવાનું આવે તો ધારાસભ્યો આખો દિવસ બેસે અને સરકારનું ફક્ત ૮ મિનિટમાં શું ધ્યાન દોરે? તેમાં પાછા એક-બે પોઇન્ટ ઓફ ઓર્ડર આવે. ૩ કે ૪ મિનિટ વધે. એટલે આપનું ખાસ ધ્યાન દોરું છું કે ખરેખર પ્રો-રેટા પ્રમાણે નહીં, પરંતુ અગાઉ જ્યારે કોંગ્રેસના શાસનમાં કે બીજા શાસનોમાં જ્યારે ૧૫૦ બેઠકો હતી અને વિપક્ષની ૩૦ કે ૩૨ બેઠકો હતી એવા સમયે દરેક ધારાસભ્યને જેટલું બોલવું હોય એટલું બોલવા દેવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. કારણ કે પ્રજાના પ્રશ્નો જેટલા સરકાર સમક્ષ મૂકાશે એટલું સરકારને પણ જાગૃત રહીને કામ કરવાની મજા આવશે અને કામ કરશે. પરંતુ અત્યારે લોકશાહી પ્રણાલિકાઓનું, વિધાનસભાની પ્રણાલિકાઓનું આ રીતે ગળું ટૂંપવાની કામગીરી ચાલી રહી છે. આમાં પુખ્ત વિચારણા કરવામાં આવે અને આમાં પ્રો-રેટા ન હોય. ભલે એ બે કલાક સરકારની રજૂઆત કરે તો અડધો કલાક પ્રજાના પ્રશ્નોને વાચા આપવા માટે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ જો વાચા નહીં આપે તો અનેક પ્રશ્નો ઊભા થશે કે જે પ્રશ્નો ગુજરાતને કઇ દિશામાં લઇ જાય એ નક્કી નહીં રહે. એટલા માટે આ પ્રો-રેટા સિસ્ટમ દૂર કરવામાં આવે અને દરેકને બોલવા દેવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : સને ૨૦૦૮થી પ્રો-રેટા મુજબ સમય ફાળવણી કરવા અંગેનો નિર્ણય પૂર્વ અધ્યક્ષશ્રીએ કરેલો છે. પ્રો-રેટા મુજબ સમય ફાળવવાનું ધોરણ સંસદ તથા અન્ય રાજ્ય વિધાનસભા, મંડળોમાં વિદ્યમાન હતું. તે ધ્યાને લઇને જ ગુજરાત વિધાનસભામાં પ્રો-રેટા મુજબ સમય ફાળવવાનો નિર્ણય કરવામાં આવેલો છે એટલે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

**માગણી ક્રમાંક.૨૨**

કુંવરજીભાઇ બાવળીયા(અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠો સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૪,૭૪,૬૧,૭૮,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૨૨ રજૂ કરવામાં આવી.**

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

---

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સન ૨૦૨૩-૨૪ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ફાલ્ગુન ૨૦, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

**માગણી નં. ૨૩**

શ્રી કુંવરજીભાઇ બાવળીયા (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા સેવાને લગતી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૦૫,૭૬,૩૮,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૪,૯૭,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી નં. ૬૬**

શ્રી કુંવરજીભાઇ બાવળીયા (નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૫,૪૪,૦૧,૫૮,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૮૫,૨૬,૮૭,૪૩,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૬૬ રજૂ કરવામાં આવી.**

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરવામાં આવી.

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી નં. ૬૭**

શ્રી કુંવરજીભાઇ બાવળીયા(પાણી પુરવઠા મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા સેવાને લગતી નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૬૪,૧૪,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪૫,૨૮,૭૮,૮૧,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૬૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૬૭ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૯ રજૂ કરવામાં આવી.

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

સન ૨૦૨૩-૨૪ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્યસદરઅનેસંદર્ભ | કાપદરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **અન્ન, નાગરિકપૂરવઠાઅનેગ્રાહકોનીબાબતોનોવિભાગ**<br>**માંગણીનં. ૨૨** | | | | |
| ૧ | ૩૪૫૬-નાગરિકપુરવઠા<br>૦૦૧-નિર્દેશઅનેવહીવટ<br>૦૧-PDS-6નાગરિક..કચેરી<br>રૂ.૫,૨૦,૬૩,૦૦૦<br>અ.પ્ર.નં.૭<br>પાનાનં.૧૬ | ૧૦૦ | નાફેડપાસેલાંબા સમયથી પડી રહેલ મગફળીનો પુરવઠો સમયસર છુટો નહીં કરાતા ખાદ્ય તેલના વધતા ભાવ પર નિયંત્રણ લાવવામાં તંત્રનીનિષ્ફળતા | ડૉ. સી.જે.ચાવડા |
| *૨ | --"-- | ૧૦૦ | રેશનીંગ દુકાનદારો દ્વારા કાર્ડ ધારકોના નામે ખોટી રીતે અનાજનો જથ્થો વેચવામાં આવે છે જે સામે સત્વરે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીદિનેશભાઈઠાકોર |
| *૩ | --"-- | ૧૦૦ | સરકારીઅનાજનાગોડાઉનોમાંથીલાખોરૂપિયાનુઅનાજચોરાઈજાયછેતેમાટેજવાબદારોસામેપગલાલેવામાંતંત્રનીનિષ્ફળતા | શ્રીઇમરાનખેડાવાલા |
| ૪ | --"-- | ૧૦૦ | રેશનીંગ દુકાનદારના આકસ્મિક અવસાન સમયે તેની વારસાઈ સંબંધેની કાર્યવાહી સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીઅર્જુનભાઈમોઢવાડિયા |
| ૫ | --"-- | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોના કાર્ડ ધારકોને નિયમિત રીતે અનાજ નહીં આપનાર સંચાલકો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઅનંતકુમારપટેલ |
| ૬ | --"-- | ૧૦૦ | તહેવારોમાં કાર્ડ ધારકોને અપાતા ખાદ્યતેલ કઈ કંપનીઓ પાસેથી શા ભાવે ખરીદ્યું તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહચૌહાણ |
| ૭ | --"-- | ૧૦૦ | નાગરિકપુરવઠા પ્રભાગની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રનીનિષ્ફળતા | શ્રી અમીતચાવડા |
| ૮ | --"-- | ૧૦૦ | સરકારી અનાજનો જથ્થોગેરકાયદેસર રીતે વેચનાર અને ખરીદનાર સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈખરાડી<br>(ગેનીબેન ઠાકોર) |
| *૯ | ૩૪૫૬-નાગરિકપુરવઠા<br>૦૦૧-નિર્દેશઅનેવહીવટ<br>૦૧-PDS-6નાગરિક..કચેરી<br>રૂ.૫,૨૦,૬૩,૦૦૦<br>અ.પ્ર.નં.૭<br>પાનાનં.૧૬ | ૧૦૦ | અનાજના સંગ્રહખોરો પર નિયમિતપણે દરોડા પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમૃતજીઠાકોર |
| *૧૦ | --"-- | ૧૦૦ | રાજયમાં કેન્દ્ર સરકારના કોમોડીટીઝ રૂલ્સનો અમલ કરાવવામાં થયેલ વિલંબ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમારપટેલ |
| ૧૧ | --"-- | ૧૦૦ | રેશનીંગ દુકાનદારોને ઓપરેટર તોલાટ સ્ટેશનરી, ઇન્ટરનેટ, લાઇટબીલ, દુકાન ભાડુ યોગ્ય રીતે મળે તેવી વ્યવસ્થા કરવામાંતંત્રની નિષ્ફળતા | ડૉ. તુષારચૌધરી |
| *૧૨ | --"-- | ૧૦૦ | બોટાદના સરકારી અનાજના ગોડાઉનમાં લાગેલ આગ અંગે જરૂરી તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| ૧૩ | --"-- | ૧૦૦ | સસ્તા અનાજની દુકાન દ્વારા આપવામાં આવતા અનાજના જથ્થા અને ગુણવત્તાની યોગ્ય ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હેમંતભાઇ આહિર |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | ૩૪૫૬-નાગરિકપુરવઠા<br>૦૦૧-નિર્દેશઅનેવહીવટ<br>૦૨-ભાવ..અમલ<br>રૂ.૧૪,૦૮,૯૭,૦૦૦/-<br>અ.પ્ર.નં.૭<br>પાનાનં.૧૬અને૧૭ | ૧૦૦ | ખાદ્યાન્નના વધતા જતા ભાવોને અંકુશમાં રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇચુડાસમા |
| *૧૫ | ૩૪૫૬-નાગરિકપુરવઠા<br>૦૦૧-નિર્દેશઅનેવહીવટ<br>૦૪-PDS-૨૩ગ્રાહક..પંચ<br>રૂ.૪,૬૮,૨૮,૦૦૦<br>અ.પ્ર.નં.૭<br>પાનાનં.૧૬થી૧૮ | ૧૦૦ | ગ્રાહકલક્ષી બાબતોના પ્રભાગની કામગીરીનું સુચારુ રીતે સંચાલન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીઅરવિંદભાઇલાડાણી |
| ૧૬ | __"__ | ૧૦૦ | રાજયના અનેક શહેરો અને જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ અંગેના લાંબા સમયથી પડતર કેસોનો નિકાલ કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી શૈલેષપરમાર |
| | | **માગણીનં. ૨૩** | | |
| ૧૭ | ૪૪૦૮-ખાદ્ય..જોગવાઇ<br>૦૨-સંગ્રહ..વ્યવસ્થા<br>૮૦૦ - અન્યખર્ચ<br>૦૧- ગોડાઉનનુંબાંધકામ<br>રૂ. ૮,૫૦,૦૦,૦૦૦<br>અ. પ્ર. નં- ૭<br>પાના. નં. - ૩૩અને૩૪ | ૧૦૦ | અનાજ સંગ્રહ માટે પૂરતી સુવિધાઓ યુકત નવા ગોડાઉનો તૈયાર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચિરાગકુમારપટેલ |
| | | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | | |
| *૧૮ | ૨૭૦૧-મધ્યમ સિંચાઇ<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશઅનેવહીવટ<br>રૂ. ૯૩,૮૧,૦૬,૦૦૦<br>અં.પ્ર.નં.-૧૮ (ભાગ-૧)<br>પાનાનં. ૭૧ થી ૮૪ | ૧૦૦ | બોટાદ જિલ્લામાં સિંચાઇ માટે મધ્યમ કેનાલનું નિર્માણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| ૧૯ | __"__ | ૧૦૦ | જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકામાં સિંચાઇની મજબૂત કેનાલો બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હેમંતભાઇ આહિર |
| *૨૦ | ૨૭૦૨-નાનીસિંચાઇ<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશઅનેવહીવટ<br>રૂ. ૬૪,૫૦,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં.-૧૮ (ભાગ-૧)<br>પાનાનં. ૧૦૦થી૧૦૫ | ૧૦૦ | પાટણ જિલ્લાના સમી અને ચાણસ્મા તાલુકાઓના ગામડામાં સિંચાઇની વ્યવસ્થાના અભાવે ખેડૂતોને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇઠાકોર |
| *૨૧ | __"__ | ૧૦૦ | લાંબા સમયથી બનાવેલ કેનાલોમાં સમયસર પાણી છોડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમૃતજીઠાકોર |
| *૨૨ | __"__ | ૧૦૦ | સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ઉનાળામાં જરૂરીયાતના સમયે સિંચાઇ માટે પૂરતું પાણી પૂરૂં પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇલાડાણી |
| ૨૩ | __"__ | ૧૦૦ | કેનાલોનું બાંધકામ ટૂંક સમયમાં તૂટીજાય છે તે માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેનઠાકોર |
| ૨૪ | __"__ | ૧૦૦ | કેનાલોમાં સફાઇની કામગીરીના અભાવે ઝાડી-ઝાંખરા વધવાથી કેનાલો તૂટી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહચૌહાણ |
| ૨૫ | __"__ | ૧૦૦ | સિંચાઇની સુવિધા વિનાના વિસ્તારોમાં સત્વરે | શ્રી કાન્તીભાઇખરાડી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સિંચાઇની સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | ઓવરફ્લો થતી કેનાલોને કારણે પાણીનો થતો બગાડ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીતચાવડા |
| ૨૭ | _ _ " _ _ | ૧૦૦ | ખેડૂતોને ખેતરોમાં સમયસર પાણી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીવિમલભાઇચુડાસમા |
| | | | **માગણીનં. ૬૭** | |
| *૨૮ | ૨૨૧૫-પાણી.. સ્વચ્છતા<br>૦૧- પાણીપુરવઠો<br>૦૦૧-<br>નિર્દેશઅનેવહીવટરૂ.૧,૨૩,૨૦,૦૦,<br>૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ-૧)<br>પાનાનં. ૧૨ | ૧૦૦ | પીવાના પાણીની નબળી ગુણવત્તાવાળી પાઇપો અવારનવાર તૂટી જવાથી થતો પાણીનો બગાડ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીગ્નેશમેવાણી |
| *૨૯ | ૨૨૧૫-પાણી.. સ્વચ્છતા<br>૦૧- પાણીપુરવઠા<br>૦૦૧-<br>નિર્દેશઅનેવહીવટરૂ.૧,૨૩,૨૦,૦૦,<br>૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ-૧)<br>પાનાનં. ૧૨ | ૧૦૦ | પાણીના સ્ત્રોતનું નિશ્ચિતિકરણ/ આઇડેન્ટીફિકેશન તેમજ તેની યોગ્ય જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમારપટેલ |
| ૩૦ | _ _ " _ _ | ૧૦૦ | દર વર્ષે રાજયમાં ઉભી થતી પીવાના પાણીની તંગી દૂરકરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષપરમાર |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | છેવાડાના આદિવાસી વિસ્તારોમાં પીવાનું પાણી પહોચાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમારપટેલ |
| *૩૨ | _ _ " _ _ | ૧૦૦ | બનાસકાંઠા જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં પીવાના પાણીની તંગી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીગ્નેશમેવાણી |
| *૩૩ | _ _ " _ _ | ૧૦૦ | કેન્દ્રના જળ શકિત મંત્રાલયના રિપોર્ટ અંતર્ગત રાજયના જે વિસ્તારોમાં એકાંતરે પાણી મળે છે તે સંદર્ભે ખુલાસો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઅર્જુનભાઇમોઢવાડિયા |
| ૩૪ | _ _ " _ _ | ૧૦૦ | રાજયના અનેક જિલ્લાઓમાં મળતાં બિનઆરોગ્યપ્રદ પીવાના પાણીને બદલે આરોગ્યપ્રદ પીવાનું પાણી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તુષારચૌધરી |
| ૩૫ | _ _ " _ _ | ૧૦૦ | પાણીપુરવઠાબોર્ડમાંઇજનેરોનીવ્યાપકઘટનિવાર વામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રીચિરાગકુમારપટેલ |
| *૩૬ | _ _ " _ _ | ૧૦૦ | પૂરતો વરસાદ હોવા છતાં ઉનાળામાં ઉભી થતી પીવાના પાણીની તંગી અંગે સર્વે કરાવી યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઇમરાનખેડાવાલા |
| ૩૭ | _ _ " _ _ | ૧૦૦ | નલસે જલ યોજના અંતર્ગત સ્થાનિક જળસ્ત્રોતના અભાવે નિયમિત પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| *૩૮ | _ _ " _ _ | ૧૦૦ | બોટાદ શહેરમાં ભૂગર્ભ ગટરની યોજના અંતર્ગત થયેલ ગેરરીતિ સામે તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| ૩૯ | _ _ " _ _ | ૧૦૦ | જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકામાં સ્થાનિક સોર્સ (બોર)થી પાણી મેળવતા ગામોમાં પાઇપલાઇન દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હેમંતભાઇ આહિર |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

ઉપાધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજની જળસંપત્તિ, અન્ન અને નાગરિક પુરવઠો, પાણી પુરવઠો અને અન્ય માગણીઓ ઉપર મારી માગણીઓ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં આ વખતે બજેટમાં રૂપિયા ૨,૧૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. અન્ન અને નાગરિક પુરવઠા માટે વર્ષ ૨૦૧૩માં કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે દેશના તમામ રાજ્યોને પૂરતું અન્ન મળી રહે અને મધ્યમ અને ગરીબ વર્ગને પોતાને રાહત રહે એ હેતુથી ગુજરાતની અંદર ૭૧ લાખ રેશન કાર્ડ ધારકોને આનો લાભ મળતો હતો. એ વખતે સરવેમાં ઘણા બધા પરિવારો બાકી રહી ગયા છે. એને મળવાપાત્ર છે પણ મળતું નથી. આ લોકોનો સરવે કરીને એમને લાભ આપવામાં આવે એવી માગણી કરું છું. ખાસ કરીને આપણે રાજસ્થાનના અનેક દાખલાઓ આપીએ કે રાજસ્થાનમાં ક્રાઇમ રેટ આટલો છે, રાજસ્થાનમાં દેવું આટલું છે, રાજસ્થાનમાં પેપરો આટલા ફૂટે છે પણ કમસે કમ રાજસ્થાનનો દાખલો લઇ જેમ રાજસ્થાનની સરકાર ત્યાં મહિલાઓને અને ખાસ કરીને ગરીબ લોકોને મદદરૂપ થાય એટલા માટે ગેસનો બાટલો ૫૦૦ રૂપિયામાં આપે છે એ રીતે ગુજરાત સરકારે પણ અહીંયા ગેસનો બાટલો ૫૦૦ રૂપિયામાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ મારફત આપવામાં આવે એવી માગણી કરું છું. અત્યારે સૌથી વધારે તકલીફ ગરીબ અને મધ્યમવર્ગને છે. સસ્તા અનાજની દુકાનો મારફતે જે કાંઇ વિતરણ કરવામાં આવે છે એ તમામ વિભાગનો જે માલ આપવામાં આવે છે એ ૮૦ ટકા પ્રમાણે આપવામાં આવે છે ત્યારે દરેક સસ્તા અનાજની દુકાનોના સંચાલકો હોય એના મારફતે એવી માગણી આવી છે કે દરેક ગામમાં આ પૈકીના ૨૦ ટકા લોકો રહી જાય છે. તમામને ૧૦૦ ટકા ફાળવણી કરવામાં આવે એવી માગણી કરું છું. ખાસ કરીને જળસંપત્તિ વિભાગની જે માગણીઓ છે એમાં રૂપિયા ૯,૦૦૫ કરોડની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. જળસંપત્તિને એક સંપતિ તરીકે એનો ઉલ્લેખ કરવામાં આવે છે. તળાવો ઊંડા કરવા, તળાવોને જ્યાં નર્મદા સાથે જોડાણ કરેલ હોય એને પાણીથી ભરવા વગેરે ખેડૂતલક્ષી અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે. પણ એનું પારદર્શક રીતે અમલીકરણ થતું નથી. મારા મત વિસ્તારમાં ભારતમાલા રોડનાં કામો છેલ્લાં બે વર્ષથી ચાલુ છે. આ ભારતમાલા રોડની એજન્સીઓ છે એ એજન્સીઓએ એટલા ઊંડા તળાવો ખોદ્યા છે કે લગભગ દરેક તળાવ ૩૦થી ૩૫ મિટર ઊંડું ખોદી અને જ્યાં સુધી ખારું પાણી ન આવ્યું ત્યાં સુધી માટી આવી ત્યાં સુધી એમણે ખોદકામ ચાલુ રાખ્યું એના કારણે આ તળાવોની અંદર ખારું પાણી આવી ગયું છે. આ અંગે તપાસ કરવી જોઇએ. હદ તો ત્યારે થાય છે કે જ્યારે ભારતમાલા રોડનું કામ ચાલુ કર્યું એ સમયે આ એજન્સીઓએ તમામ નજીકનાં તળાવોની માટી લઇ રોડમાં નાખી. આ તમામ હાલનાં સમયમાં કામો પૂરાં થઇ ગયાં છે અને આ જ તળાવો ૧૫-૨૦ દિવસ પહેલાં એના એ જ સરવે નંબરમાં સિંચાઇ વિભાગ મારફતે ફરી મંજૂર કરવામાં આવ્યા છે. એટલા માટે કે લોકલ અધિકારીઓ અને એજન્સીઓની મીલીભગતથી ભારતમાળા રોડમાં એસ્ટિમેટમાં જે માટી બતાવેલી હતી અને કોન્ટ્રાકટરને સરકારમાં રોયલ્ટી ન ભરવી પડે એટલા માટે ફરી ભ્રષ્ટાચાર કરવા માટે વર્તમાન સમયમાં આ તળાવો ઊંડા કરવા માટેની ભલામણ જિલ્લા લેવલથી સરકારમાં કરવામાં આવેલ છે. આ બાબતમાં અનેક વખત રજૂઆત કરી કે તમે વિકાસ કરો એનો વાંધો નથી, પણ જયાં તળાવો એટલાં ઊંડા ખોદીને પાણી ખારું આવ્યું ત્યાં સુધી આ સ્થિતિનું નિર્માણ કર્યું છે. એટલે આવનાર સમયમાં એ વિસ્તારના ખેડૂતોને મોટું નુકસાન થવાની ભીતિ છે. આ બાબતમાં વિગતથી મેં રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીને લખાણ આપ્યું છે અને ખાણ અને ખનિજ વિભાગ અને સિંચાઇ વિભાગને આ વિધાનસભા ગૃહમાં વિનંતી કરું છું. કે આ જે ૭૦ કિલોમિટર કામગીરી મારા મત વિસ્તારમાં થઇ છે તેના માટે તપાસ કમિટી રચવામાં આવે. આ તપાસ કમિટીને ડોક્યુમેન્ટ અને પુરાવા આપવા માટે અમે તૈયાર છીએ. વહીવટી તંત્ર કે એજન્સી હોય એની સામે કાર્યવાહી કરે એની પણ હું આ તબક્કે માગણી કરું છું. ખાસ કરીને નર્મદા વિભાગની અંદર સિંચાઇ સાથે તળાવોનું જોડાણ કરવામાં આવ્યું છે એની મર્યાદા ત્રણ કિલોમિટર છે. ત્રણ કિલોમિટરની મર્યાદા હોવાથી નર્મદાના નેટવર્ક સાથે જોડાયેલું ના હોવાથી એ ખેડૂતોને સિંચાઇ માટે પૂરતું પાણી મળતું નથી તો ત્રણ કિલો મિટરની મર્યાદાને વધારીને પાંચ કિલોમિટર સુધી મર્યાદા કરવામાં આવે એવી પણ હું માગણી કરું છું, જેથી કરીને ચોમાસાનું પાણી હોય કે નર્મદાનું વધારાનું પાણી હોય એ આ તળાવોમાં ભરાય અને નર્મદા કેનાલ બંધ હોય એ સમયે ખેડૂતોને અને ગામના લોકોને આ પાણી ઉપયોગમાં આવી શકે. ખાસ કરીને બનાસકાંઠા જિલ્લો એ ટપક અને ફુવારા પદ્ધતિ સાથે મોટા પ્રમાણમાં સંકળાયેલો છે. પાણીની પણ બચત થઇ શકે તે માટે ખેડૂતોને ૫૦ ટકા સબસિડી આપવામાં આવે છે એ ૫૦ ટકાના બદલે આ સબસિડી ૯૦ કે ૧૦૦ ટકા આપવામાં આવે તો ૫૦ ટકા પાણીનો બચાવ થઇ જશે અને વધુ પડતા ઉપયોગ કરવાના કારણે જમીન નીચેથી ખાર આવે છે એ ખાર આવતો પણ બંધ થઇ જાય. ખેડૂતોને આ સબસિડી લેવા માટે દર વર્ષે અરજી કરવી પડે છે એના બદલે જે વર્ષમાં એને લાભ મળી ગયો હોય અને બાકીના ખેડૂતોનો નંબર ના આવ્યો હોય એને વેઇટિંગમાં રાખવાથી બીજી વખત એને કાગળોની પ્રોસેસ ના કરવી પડે એ રીતની થોડીક વ્યવસ્થા કરવામાં આવે તો ખેડૂતના ત્રણ-ચાર હજાર રૂપિયા ઓનલાઇન અરીજી અને બીજા બધા કાગળોની કાર્યવાહી કરવામાં વપરાય છે એની પણ બચત થઇ શકે.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને પાણી પુરવઠા વિભાગની માગણીઓની અંદર રૂપિયા ૬ હજાર કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવેલી છે અને ખાસ કરીને ''નલ સે જલ'' પીવાનું પાણી આવા વર્તમાન સમયની અંદર મે-જૂન-એપ્રિલના ઉનાળાના સમયમાં કેનાલોનું પાણી બંધ કરી દેવામાં આવે છે અને સો ટકા પાણી પીવા માટે માત્રને માત્ર પાણી પુરવઠા વિભાગ મારફત એના ઉપર જ આધાર રહે છે એવા સમયની અંદર જે પાણી પુરવઠા વિભાગ મારફત પાણી પુરવઠાની જૂથ યોજના દ્વારા પાણી આપવામાં આવે છે એની અંદર પ્રાઇવેટ એજન્સીઓને કામ આપવામાં આવે છે. આ તમામ પ્રાઇવેટ એજન્સીઓના લાઇનમેનો કે કોન્ટ્રાક્ટર હોય એ પૈસા લઇને ગેરકાયદેસર કનેકશન આપીને ક્યાંક નાનો-મોટો ધંધો કરતા હોય એને આપી દે છે એના પરિણામે રેગ્યુલર છેવાડાના ગામડાંના લોકોને પાણી મળવું જોઇએ એ પાણી મળતું નથી એની પણ કાર્યવાહી કરવામાં આવે. ખાસ કરીને મારો પોતાનો મત વિસ્તાર બોર્ડરનો વિસ્તાર હોવાથી પાણી પુરવઠા માટે જે બી.એ.ડી.પી.ની ગ્રાન્ટ મળે છે, એમાં પણ અમે જોગવાઇ કરેલી છે અને એનાં કામો પાણી પુરવઠા દ્વારા અમલીકરણ થતું હોવાથી એ કામોની અંદર ઝડપ આવતી નથી એના હિસાબે વાવ અને સૂઇગામ તાલુકાના ૧૭ ગામોને પીવાનું પાણી પૂરતું મળતું નથી તો આ કામો ઝડપી પૂરાં કરવામાં આવે એવી પણ હું માગણી કરું છું. ખાસ કરીને પાણી પુરવઠા વિભાગમાં બીજી પણ મારી માગણી છે કે લાઇન નાખવા માટે કોન્ટ્રાકટરોને આપવામાં આવે છે એને કામ પૂરું કરે એ પહેલા અધિકારીઓ મારફત મોટાભાગનું ચૂકવણું કરી દેવામાં આવે છે. ચૂકવણું કરી દેવામાં આવે છે એટલે એ અધૂરાં કામ છોડીને જતાં રહે છે એવા બે-ચાર વર્ષથી કામો પેન્ડિંગ પડ્યાં છે તો આવાં કામો તાત્કાલિક પૂરાં કરી જે તે ગામોને પાણી આપવામાં આવે એ બાબતે પણ હું માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જળ-સંપત્તિની માગણીઓમાં અગાઉ મેં કહ્યું એ પ્રમાણે જે તળાવો સિંચાઇ વિભાગ મારફત ઊંડા કરવામાં આવે છે એમાં ૬૦ : ૪૦નો રેશિયો છે. હવે એ ૬૦ :૪૦ના રેશિયાની અંદર લોકફાળો ગ્રામ્ય વિસ્તારમાં કોઇ ભરી શકતું નથી, તો આ યોજનામાં ૧૦૦ ટકા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે એવી પણ હું માગણી કરું છું. ખાસ કરીને નર્મદાના કેનાલોનાં સફાઇ કામો હોય કે વરસાદી પાણી રોકવા માટેની વાત હોય એ માટે એકાદ મહિનો, મે મહિનામાં કેનાલો બંધ રાખીને એનું સફાઇ કામ કરવામાં આવે છે અને સફાઇ કામ કરતી વખતે જે એજન્સીઓને કામ આપે એ એજન્સીઓ સમય મર્યાદાની અંદર કામ પૂરું કરતી નથી અને સમય મર્યાદાની અંદર કામ પૂરું ન કરે ત્યારે એકબાજુ ખેડૂતો પાણીની ઉઘરાણી કરે અને બીજી બાજુ જે એજન્સીઓને કામ આપ્યું હોય એ સમય મર્યાદામાં કામ ન કરે એટલે નછૂટકે વિભાગ મારફત પાણી છોડી દેવામાં આવે છે અને વારંવાર કેનાલો તૂટે છે તો જે કાંઇ કામગીરી આપવામાં આવે એ સમય મર્યાદાની અંદર કામગીરી પૂર્ણ થાય એવી પણ હું માગણી કરું છું અને ખાસ કરીને નર્મદા વિભાગની અંદર જે સાઇફન બનાવવાના હોય, કેનાલોની હાઇટ વધારવાની હોય, જે નર્મદાની મેઇન કેનાલ છે એ કેનાલના એક કિલોમીટરની અંદર વધુ પડતું પાણી રિચાર્જ થતાં તમામ ખેડૂતોની જમીન બગડી ગયેલી છે અને બગડી ગઇ હોવાના કારણે આધુનિક ટેકનિકલ રીતે ગમે તેમ કરી આ ખેડૂતોની જમીન બચે એના માટે સરકાર કંઇક નવી યોજના અમલમાં મૂકે એવી પણ હું માગણી કરું છું. ખાસ કરીને આ વિભાગની જે માગણીઓ હતી એ માગણીઓમાં ભૂમિ રક્ષણ માટેની વાત કરવામાં આવી છે. એક બાજુ ગ્રામ્ય વિસ્તારનો ગરીબ માણસ મફત પ્લોટ માગે તો એને પ્લોટ આપવામાં આવતો નથી અને જમીન ગૌચરની હોય, તળાવની હોય, સરકારી હોય આ તમામ જમીનો ગેરકાયદેસર કયાંકને કયાંક દબાણ કરીને અથવા તો અનઅધિકૃત રીતે જે લોકો કબજો લઇને બેઠા છે એને લીધે જે તે ગામોના ગામતળ પણ નીમ થતા નથી અને ગામતળ નીમ થતા નથી એને કારણે આપણે કોઇ ગરીબ લોકોને પ્લોટ પણ આપી શકતા નથી તો આ બાબતમાં સરકારશ્રી વારંવાર સરવે કરાવે છે પણ હજુ સુધી ગ્રામ્ય વિસ્તાર સુધી આનો લાભ મળવો જોઇએ એ મળ્યો નથી, એટલે આ બાબતમાં એ પણ મારી માગણી છે. ખાસ કરીને નલ સે જલ યોજનામાં શુદ્ધ પાણી લોકોને પીવાનું મળી રહે એ માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ પાણી જે કંઇ આપવામાં આવે છે એ તમામ જૂથ યોજના મારફત પાણી આપવામાં આવે છે અને જૂથ યોજના એ તમામ નર્મદા કેનાલના નેટવર્ક સાથે જોડાયેલી છે, ત્યારે આ કેનાલની અંદર જયાં ઇન્ડસ્ટ્રીઝ આવે છે, જયાં ઔદ્યોગિકરણ આવે છે એવા વિસ્તારોની અંદર રાત્રિના સમયે જે કેમિકલ ભરેલા ટેન્કરોને આ મુખ્ય કેનાલની અંદર ઠાલવવામાં આવે છે એ પ્રદૂષિત પાણી છેવાડાના ગામોને પાણી પુરવઠા જૂથ યોજના મારફત આપવામાં આવે છે. તો રાત્રિનો ઉપયોગ કરીને જે કેમિકલ ઠાલવવામાં આવે છે એનું મોનિટરિંગ કરીને એને રોકવા માટે સરકાર કોઇ પગલાં લે એવી પણ આ તબક્કે મારી માગણી છે. ખાસ કરીને પાણી પુરવઠા જૂથ યોજના સાથે જે ગામો સંકળાયેલા છે એને બાદ કરતા જો પંચાયતો પોતે સ્વ રીતે પાણી ગામના લોકોને આપે છે અને જયાં બોર બનાવવા માટેની માગણી છે આ ગામોને ૧૦ ટકા લોકફાળો ભરવા માટેની પોતે ગ્રામ પંચાયત આર્થિક સદ્ધર ન હોવાથી ભરી શકતી નથી તો આવા ગામોને પોતાનો ગ્રામ પંચાયતનો બોર બને. ભૂતકાળમાં ૧૦૦ ટકા ગ્રાન્ટ પ્રમાણે મંજૂર કરવામાં આવતું એ પ્રમાણે મંજૂર કરી જાતે મેનેજમેન્ટ કરીને આવી પંચાયતોને બોર મંજૂર કરવા માટે મારી ભલામણ છે. જે કંઇ મારી માગણીઓ છે એ માગણીઓને ધ્યાનમાં લઇને યોગ્ય કાર્યવાહી કરી જે માગણીઓ છે એમાં સોલ્યુશન કરે એવી અપેક્ષા સાથે આપનો આભાર માનું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી**(**ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહક સુરક્ષા અંગેની બાબતો માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ માગણી લઇને આવ્યા છે ત્યારે માગણી નં. ૨૨ અને ૨૩ને હું અનુમોદન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે જયારે માગણી લઇને ગૃહ સમક્ષ આવે છે ત્યારે વિપક્ષના લોકો પણ પોતાની માગણી મૂકતા હોય છે. મને એવું લાગે છે કે જયારે સત્તા પક્ષે હતા ત્યારે લોકોની માગણી જો એમણે માની હોત તો એમણે ૨૮ વર્ષથી પણ વધારે સમય બહાર રહેવું ન પડયું હોત. માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણમાં ભાગ-૩માં મૂળભૂત અધિકારોની વાત કરવામાં આવી છે. ભાગ-૪માં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની વાત કરવામાં આવી છે. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ બંધારણના આર્ટિકલ-૩૬થી ૫૧ સુધીમાં વર્ણવવામાં આવ્યા છે. આપણા બંધારણે વેલફેર સ્ટેટ એટલે કે કલ્યાણ રાજ્યની વિભાવના વ્યક્ત કરી છે. બંધારણમાં જુદી જુદી કલ્યાણ રાજ્યની વિભાગના રેખાંકિત કરવામાં આવેલ છે. પરંતુ આર્ટિકલ-૩૮ની જોગવાઇ કલ્યાણ રાજ્યની સ્થાપના માટે એક વ્યાપક પ્રમાણમાં માળખું પૂરું પાડે છે. બંધારણના આર્ટિકલ-૩૮ માં લખ્યું છે. The State shall strive to promote the welfare of the people by securing and protecting as effectively as it may a social order in which justice, social, economic and political, shall inform all the institutions of the national life. આ જ પ્રમાણે  જરૂરિયાતમંદ લોકોને અન્નની સહાય કરવી. અન્ન અને નાગરિક પુરવઠા ઉપર મારા વિચારો રજૂ કરું છું. દેશના યશસ્વી વડાપ્રધાન, વૈશ્વિક નેતા નરેન્દ્રભાઇ મોદી અને પ્રજાવત્સલ મુખ્યમંત્રી, મૃદુ અને મક્કમ એવા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની કલ્યાણ રાજ્યની ભાવના સાર્થક કરે છે. પ્રજા વાત્સલ્ય માટે શાસનની વાત આવે ત્યારે અહીંથી ભાવનગરના શ્રી ભાવસિંહજીને અમારા સાથી મિત્ર ડો. સી.જે.ચાવડા યાદ કરતા હતા, ત્યારે મને શ્રી કૃષ્ણકુમારસિંહજીની વાત આ તકે યાદ આવે છે. સરદાર પટેલની હાકલ પડી અને પહેલું રજવાડું તેમણે અર્પણ કર્યું. હું એ ગામમાંથી આવું છું કે જે શ્રી કૃષ્ણકુમારસિંહજીનું ભાવેણું કહેવાતું. એક રૂપિયાના ટોકન દરે ગવર્નર થવું. રજવાડું સમર્પિત કરવું તે બહુ મોટી બાબત છે પણ એક અખબારમાં ટાંકવામાં આવ્યું હતું કે, મદ્રાસ ગયા પછી ભાવનગરની અંદર સતત દુષ્કાળ પડયો. સન ૧૯૪૮થી ૧૯૫૨માં એક વેપારી મંડળ, મહાજન મદ્રાસ ગયું. માનનીય કૃષ્ણકુમારસિંહજીને વિનંતી કરી કે અમારી સ્થિતિ ખૂબ ખરાબ થઇ છે. આપ ભાવનગર આવો. તેઓ ભાવનગર આવ્યા. એરપોર્ટ ઉપર ભાવનગરની પ્રજા, જનતા પોતાના રાજાનું અદકેરું સ્વાગત કરવા માટે આવી હતી. સંવેદના શું કહેવાય, એક રાજવી પ્રજાવત્સલ કેવા કહેવાય? જનતાની આંખમાં તેમણે એક અલગ પ્રકારનો ભાવ જોયો. તેમણે પૂછ્યું કે તમે દુઃખી હોવ તેવું લાગે છે. એક સામાન્ય માનવીએ કહ્યું કે, આપ ભાવનગર છોડીને ગયા છો ત્યારથી દુષ્કાળની સ્થિતિ ઊભી થઇ છે. અમારી મુશ્કેલી અમે કોઇને વર્ણવી શકીએ તેમ નથી. ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે, એ જ દિવસે અનરાધાર વરસાદ પાંચ દિવસ સુધી ભાવનગરની ધરતી ઉપર થયો. આવી જ એક ઘટના મદ્રાસમાં બની. તેઓ મદ્રાસના ગવર્નર હતા ત્યારે ત્યાં દુષ્કાળની સ્થિતિ ઊભી થઇ હતી. કોઇએ કહ્યું કે અમારા ગામમાં આપ પધારો. તે વખતે સમયની મર્યાદા હતી અને તેના એ.ડી.સી.એ તે વખતે કહ્યું કે સાહેબ સમય નથી. તેમણે કહ્યું કે આમને સમય આપજો. આ ઘટના એટલા માટે વર્ણવવી મહત્ત્વની છે કે, તેઓ ગયા. તે વખતે સુલુન હતા. સુલુનમાં જતા હોય ત્યારે તે ગામમાં પહોંચ્યા અને મુશળધાર વરસાદ થયો. સુલુનમાંથી કલાકો સુધી બહાર ન નીકળી શક્યા. મને લાગે છે કે, આવા વ્યક્તિએ પુનઃ એકવાર જન્મ લીધો છે. લાગણીસભર નેતૃત્વ શ્રી નરેન્દ્રભાઇ મોદીનું આવ્યું અને આ રાજયમાં સતત વરસાદ થયો. દેશને એક નવી દિશામાં લઇ જવા માટે સૌ કોઇ નીકળી પડ્યા છે. મને એવું લાગે છે કે, પુનઃ એકવાર ઈતિહાસે જન્મ લીધો હોય તેવી પ્રતીતિ સમગ્ર ભારત વર્ષમાં થઇ રહી છે. એક પ્રજાવત્સલ નેતૃત્વ કોને કહેવાય અને તે સ્વરૂપે આપણને શ્રી નરેન્દ્રભાઇ મોદી મળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇના સંવેદનશીલ નેતૃત્વ હેઠળ રાજયની અમારી સરકારે ગરીબ અને છેવાડાનો વ્યક્તિ, અંત્યોદયની વાત પંડિત દીનદયાળજી જે અમારા વાહક છે જે દેશ માટે વાત કરતા, અહીંયા છેવાડાના માણસને દેશ અને રાજયની નીતિઓ, નિયમો અને આયોજન બનાવીને પહોંચાડવાના પ્રયાસની શરૂઆત કરી એ આ કલ્યાણકારી રાજયની જે કલ્પના હતી, રામ રાજયની જે કલ્પના હતી એના થકી આ કલ્પના સાકાર થતી હોય એવું લાગે છે અને એ પ્રકારે ગરીબોને ભોજન મળી રહે એની સતત ચિંતા ભારતીય જનતા પાર્ટીની માનનીય નરેન્દ્રભાઇની સરકાર કેન્દ્રમાં અને માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર રાજયમાં કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જરૂરિયાતમંદ લોકોને અન્નની સુરક્ષા આપવા માટે એ.એ.વાય. અગ્રતા ધરાવતા કુટુંબો કુલ ૭૧ લાખથી વધુ રેશન કાર્ડ ધારકોની ૩.૪૮ કરોડ જેટલી જનસંખ્યાને રાજયની ૧૭ હજાર કરતા વધુ વાજબી ભાવની દુકાનો પરથી અનાજ અને આવશ્યક ચિજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. એક સમય એવો હતો કે બધું ભૂતિયા ચાલતું, ભૂતિયા રેશન કાર્ડ, ભૂતિયા ગેસ કનેકશન, ભૂતિયા વિદ્યાર્થીઓ, ભૂતિયા નેતાઓ,  ન જાણે કેટલું કેટલું ભૂતિયાઓ વિપક્ષના શાસન વખતે ચાલતું હતું એ બંધ થઇ ગયું છે. પરિણામ સ્વરૂપ માનનીય વડાપ્રધાને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો" પ્રારંભ કોરોનાની સ્થિતિમાં કર્યો અને ક્રમે ક્રમે જનતાની જરૂરિયાત સમજીને એ યોજનાની સમય મર્યાદા વધારવામાં આવી અને એના કારણે સામાન્ય જનતા સુખ-ચેનથી ભોજન મેળવી શકે છે. બહાર કોઇ મજૂરી કરવા જતો હોય એમના કુટુંબનું ભરણ-પોષણ કરવા માટે પણ એમના ઘરે અન્ન મળી રહેશે આ પ્રકારનો ભાવ આજે ગરીબોમાં ઊભો થયો છે અને દેશની ૧૩૫ કરોડની વસતિમાંથી ૮૦ કરોડ લોકોને એ ઘઉં-ચોખા જેવા પાયાના અનાજની ચિંતા ન રહે એ પ્રકારે વ્યવસ્થા કરી. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સાથી સભ્ય એક વાર વાત કરતા હતા કે ૩.૫૦ કરોડ ગુજરાતીઓને અનાજ આપવામાં આવે છે એટલે ગુજરાત ગરીબ છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા માટે કહી શકે, હું કોઇ ટીકા-ટિપ્પણમાં પડવા નથી માગતો, સરકારને અને નેતાને કહી શકે પણ ન જાણે કેમ ગુજરાતને બદનામ કરવા માટે ગુજરાતમાં અને ગુજરાતની બહાર પણ એ નેતાએ કોઇ કસર

છોડી નથી. જેમ દેશના એક નેતા દેશમાં અને વિદેશમાં જઇને ભારતને બદનામ કરવાની કોઇ કસર છોડતા નથી. ભારતને અને ગુજરાતને બદનામ ન કરો, અમને કરો કશો વાંધો નથી. ૩.૫૦ કરોડ લોકોને અનાજ આપવું એટલે ગુજરાત ગરીબ છે એ પ્રકારની વ્યાખ્યા અહીંથી જે કરવામાં આવી એનું મને અત્યંત દુઃખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ.એ.વાય. નીચે કુટુંબોને ૧૫ કિલોગ્રામ અનાજ આપવામાં આવે છે. (અંતરાય) અગ્રતાક્રમવાળી વાત છે બી.પી.એલ.વાળી વાત નથી. (અંતરાય) માનનીય શૈલેષભાઇ, અગ્રતાક્રમવાળી વાત છે, ગરીબીની રેખા નીચે જીવતા લોકોની વાત નથી. આપ અભ્યાસુ છો, આપ જરા જોઇ લેશો. માનનીય અધ્યક્ષશ્રી, હું બોલ્યા પછી આપ કહેજો માનનીય શૈલેષભાઇ, આ અગ્રતાક્રમના કુટુંબો સન ૨૦૧૧માં નક્કી થયા છે એ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગું છું કે ૩.૫૦ કરોડની જનતાને અગ્રતાક્રમવાળાને ગુજરાતમાં આપવાનું બંધ કરી દેવું છે? કોંગ્રેસનું આ કહેવાનું છે તો ફ્લોર ઉપર કહે કે હા, બંધ કરી દો. તમે કહો કે અગ્રતાક્રમવાળાને આપવાની જરૂર નથી બી.પી.એલ.વાળાને આપો એવું અહીંયા ફ્લોર ઉપર કહે. મારે કહેવું નથી *(xxx) છે. (અંતરાય) માનનીય શૈલેષભાઇ આપ કહો, માનનીય શૈલેષભાઇ ઊભા થઇને આપ કહો કે, આ અગ્રતાક્રમવાળા કુટુંબને ગુજરાતમાં આપવાની જરૂર નથી, બી.પી.એલ.વાળાને જ આપો.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વાંગી કુટુંબને, સમાજને મદદ કરવાની વાત છે ત્યારે ૧૫ કિલોગ્રામ ઘઉં, ૨૦ કિલોગ્રામ ચોખા, ૩૫ કિલોગ્રામ અનાજ અને અગ્રતાક્રમ કુટુંબોને પ્રતિ વ્યકિત ૨ કિલોગ્રામ ઘઉં અને ૩ કિલોગ્રામ ચોખા મળીને કુલ-૫ કિલોગ્રામ અનાજ જાન્યુઆરી-૨૦૨૩થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી હું પુનઃ કહું છું પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના જે શ્રી નરેન્દ્રભાઇ મોદી લાવ્યા છે તેમના કારણે સુરક્ષાનો ભાવ તે આપણને જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કરોડો કરોડો લોકોને જે ફાયદાઓ મળી રહ્યા છે તે સમાવિષ્ટ વસતિની વાર્ષિક ૯ લાખ ૬૦ હજાર મે.ટન ઘઉં અને ૧૩ લાખ ૮૦ હજાર મે.ટન ચોખા મળીને કુલ ૨૩ લાખ ૪૦ હજાર મે.ટન અનાજ ઘઉં અને ચોખા ઉપાડ સામે રાજયમાં ૨૨ લાખ ૪૬ હજાર મે.ટન અનાજનું વિતરણ તે રાજયમાં કરવામાં આવે છે. માસિક સરેરાશ જે ૯૬ ટકા થાય છે રાજયની ૫૦ ટકાથી પણ વધુ વસતિને નિયમિતપણે આ મદદ મળી રહી છે ત્યારે અલગ અલગ પ્રકારે ૩૩ લાખ કુટુંબોને ૧.૬૬ કરોડ જનસંખ્યાને સાદા ચોખાના સ્થાને આર્યન્સ, ફોલિક એસિડ તથા વિટામિન ડી મિશ્રિત ફોર્ટીફાઇડ ચોખાનું વિનામૂલ્યે રાજ્ય સરકાર વિતરણ કરી રહી છે આ વધારાની જોગવાઇઓ છે, જે લઇને આવ્યા છે તેમાં આ પણ સામેલ છે. રૂપિયા ૬૨૧ કરોડની માતબર જોગવાઇ તે પણ આ વખતે બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક-૨૨, રૂપિયા ૩૯૭ કરોડ મંજૂર થયેલ હતી. જેમાં ભારત સરકારશ્રી દ્વારા આ યોજનામાં એપ્રિલથી ડિસેમ્બર જે લંબાવી તેમાં ભારત સરકારે ઘઉંની ફાળવણીમાં થોડોક ફેરફાર કર્યો અને ચોખાનું વિતરણ કર્યું. એટલે ચોખાની સબસિડી જે વધી અને તેનો બોજ તે પણ રાજય સરકારે ઉઠાવ્યો પણ પ્રજાજનોને મુશ્કેલી આવવા દીધી નહીં. જે તે વખતે ચોખાનું વિતરણ વધારે કર્યું તેની જોગવાઇઓ રૂપિયા ૪૮૨.૨૦ કરોડ રજૂ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાથી વાત થઇ રાજસ્થાનની. રાજસ્થાનમાં ફકત ખાંડનું વિતરણ કરવામાં આવે છે જયારે ગુજરાત રાજયમાં પણ અલગ અલગ પ્રકારે જે ખાસ લોકોને મદદ કરવામાં આવે છે. છત્તીસગઢમાં એવરેજ મીઠું, ચણા તથા ખાંડનું વિતરણ જયાં તેમની સરકારો છે. પંજાબમાં કોઇ યોજના નથી. દિલ્હીમાં ફકત ખાંડનું વિતરણ થાય છે જયારે આપણી શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર રાજયના જરૂરિયાતમંદ કુટુંબો માટે ભારત સરકાર તરફથી મળવાપાત્ર ઘઉં, ચોખા ઉપરાંત રાજય સરકાર પોતાની યોજનાઓ દ્વારા લાભાર્થીઓને પ્રોટીનયુકત પોષણક્ષમ આહાર તથા અન્ય આવશ્યક ચીજ-વસ્તુઓ રાહત દરે મળી રહે તેની ચિંતા કરીને દર માસે ઘઉં, ચોખાની સાથે સાથે તુવેરદાળ, ચણા, ખાંડ, આયોડીન વત્તા આર્યનયુકત ડબલ ફોર્ટીફાઇડ મીઠું દિવાળી, જન્માષ્ટમીમાં પણ અલગ અલગ મદદ કરવામાં આવે છે ત્યારે મને કહેતા આનંદ અને ગર્વ થાય છે ભારત સરકારની જે જાહેર વિતરણ વ્યવસ્થા છે તેના મૂલ્યાંકનના આધારે સ્ટેટને રેન્ક આપે છે. ગત સન ૨૦૨૨માં ગુજરાતનો ચોથો ક્રમ એ વિતરણ વ્યવસ્થા માટે મળ્યો છે તેના માટે શ્રી ભૂપેન્દ્રભાઇને, શ્રી કુંવરજીભાઇને અભિનંદન આપું છું અને રાજસ્થાનનો ૧૫મો ક્રમ, છત્તીસગઢનો ૧૯મો ક્રમાંક, પંજાબનો ૧૬મો ક્રમાંક, દિલ્હીનો ૧૮મો અને ગુજરાતનો ૪થો આ પ્રકારની વ્યવસ્થાઓ તે કરી રહ્યાં છે ત્યારે આ સરકાર છે આ ઘરકાર નથી. પહેલાં કેટલાક વિપક્ષના લોકો ઘરકાર ચલાવતા, સરકાર નહોતા ચલાવતા. જયારે અમે સરકાર ચલાવીએ છીએ તે નીતિ-નિયમથી ચાલે છે તેના ઓડિટ થાય છે, તેના પેરા સોલ્વ થાય છે. આ માગણીઓ પણ એ રીતે આવતી હોય છે ત્યારે આ સરકાર છે ઘરકાર નથી, ઘરકારો ચલાવવાવાળા અત્યારે ઘરે છે, ત્યારે શ્રી ભૂપેન્દ્રભાઇ હંમેશા એક મોટાભાઇ તરીકે વિપક્ષને નાનાભાઇ તરીકે જુએ છે. નાનાભાઇ જો સાચી વાત કરે તો મોટાભાઇ શ્રી ભૂપેન્દ્રભાઇ મુખ્યમંત્રી અવશ્ય માનવાના છે. એટલે આ જે માગણીઓ લઇને શ્રી કુંવરજીભાઇ આવ્યા છે. મને પૂરો વિશ્વાસ છે તે જયારે જવાબ આપશે, ત્યારે તમારા બધા જ પ્રશ્નોનું સંતોષકારક સોલ્યુશન મળી જશે. ત્યારે આ કાપ દરખાસ્ત પાછી ખેંચીને રાજયના હિતમાં, ગરીબોના હિતમાં, રાજયની જનતા જરૂરિયાતમંદ લોકો છે તેમની ચિંતા રાજયની અને કેન્દ્રની સરકાર કરે છે ત્યારે હું આ જે માગણીઓ લાવ્યા છે તેને અનુમોદન કરું છું અને વિપક્ષને કહું છું કે ગરીબોને મળતી રોજીરોટીમાં આડો હાથ કરવાનું મહેરબાની કરીને બંધ કરો, એમની આંતરડી દુભાવવાનું બંધ કરો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૦, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી હાર્દિક ભ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા ક્ષેત્રે વર્ષ ૨૦૨૩-૨૪ના અનુદાન માટેની માગણીઓ ઉપરની ચર્ચામાં ગૃહ સમક્ષ હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી,સર્વ પ્રથમ રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ તથા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો હૃદયપૂર્વક ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરું છું જેમણે પાણી પુરવઠા પ્રભાગ માટે રૂ.૬ હજાર કરોડની જોગવાઇ કરી છે. મને ચોક્કસ ભરોસો છે અને સમગ્ર ગૃહમાં બેઠેલા સૌ સદસ્યોને પણ ભરોસો છે કે ગુજરાતના ગામડાના વ્યક્તિને પાણી પુરવઠા ક્ષેત્રે ખૂબ મહત્ત્વની સુવિધાઓ અને સવલતો આ જોગવાઇ દ્વારા મળશે. રાજ્યના દૂરંદેશી નેતૃત્વ અને પાણી પુરવઠા વિભાગના રાજ્યના પીવાના પાણીની દૃષ્ટિએ જળ સલામતીના લીધેલા છેલ્લાં ૨૦ વર્ષના આયોજનના કારણે આજે દૈનિક ૩૨૦૦ એમ.એલ.ડી. જેટલું પાણી ગ્રામ્ય વિસ્તારમાં પૂરું પાડી ગુજરાત મૉડલનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પાણી એ પરમાત્માનો પ્રસાદ છે અને દેશના પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જળ જીવન મિશન અંતર્ગત દેશના તમામ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘરે-ઘરે શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે માટે નલ સે જલ યોજનાની શરૂઆત કરી છે અને ખૂબ ખુશીની વાત છે કે રાજ્ય સરકારે આ લક્ષ્યાંક વર્ષ ૨૦૨૨ના ઓક્ટોબર માસમાં સિદ્ધ કરેલ છે. રાજકીય વિવાદમાં પડ્યા વગર મારી ગુજરાતની ભાજપ સરકારે ગુજરાતના લોકોને નળ મારફત શુદ્ધ, નિયમિત અને પૂરતી માત્રામાં પીવાનું પાણી મળી રહે તે માટે બલ્ક પાઇપલાઇન, નવી જૂથ યોજના તેમજ હયાત જૂથ યોજના સુધારણાના કામો, ફળિયાઓને જૂથ યોજનામાં આવરી લેવા માટે ફળિયા જોડાણના કામો તેમજ ગામમાં નળ જોડાણ માટે ગ્રામ્ય આંતરિક વિતરણ વ્યવસ્થાનાં કામો પણ હાથ ધર્યાં છે. મને કહેતાં વિશેષ આનંદ થાય છે કે જ્યારે શ્રી નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તે એવો પ્રયાસ કરતાં કે ભારતમાં હંમેશા ગુજરાત પ્રથમ સ્થાને રહે અને તે પ્રયાસોમાં તેમણે મહદંશે નહિ પણ સંપૂર્ણ રીતે ગુજરાતે સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાને શોભાવ્યું છે ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે જ્યારે શ્રી નરેન્દ્રભાઇ દેશના યશસ્વી પ્રધાનમંત્રી બન્યા તે બાદ અનેક મુખ્યમંત્રીશ્રીઓ એમાં ખાસ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ આ વારસાને બરાબર જાળવી રાખવાનું કામ કર્યું છે. ગુજરાતની ૬૫૦૦ ગ્રામ પંચાયતોએ વૉટર ઓડિટનું કામ પૂર્ણ કરેલ છે. પાણી પુરવઠા તંત્ર દ્વારા કુલ ૩૬૩ જૂથ યોજના હેઠળના ૨૦૦૦ પાણી વિતરણ સ્થળોનું વૉટર ઓડિટ પૂર્ણ કરેલ છે અને આટલા મોટા પ્રમાણમાં વૉટર ઓડિટની જાગૃતિ લાવનાર સમગ્ર ભારતમાં ગુજરાત પ્રથમ સ્થાને છે અને એનો ગૌરવ વારંવાર ગુજરાતના સૌ નાગરિક લેતા હોય છે. જેના કારણે ફરી એકવાર વર્ષ ૨૦૨૨માં માત્ર પૂર્ણ બહુમત નહિ પણ ૧૫૬ સીટ સાથે ગુજરાતમાં ફરી એકવાર ભાજપની સરકાર બની છે. પાણી બચાવવાની આપણી સૌની ફરજ છે. આપણે ત્યાં કહેવત છે કે 'જાગ્યા ત્યારથી સવાર, પાણીનો હવે ન કરીએ બગાડ.' પાણીનો બગાડ ન જ થવો જોઇએ અને આપણે ગુજરાતના ગામડાઓમાં જોઇએ છીએ કે જ્યાં પાણી વિતરણની જગ્યા હોય છે ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થતો હોય છે. આ વાતને રાજ્ય સરકારે ખૂબ ગંભીરતાથી લીધી છે.

ઉપાધ્યક્ષશ્રી : ગૃહનો વિરામનો સમય થયો છે. ગૃહ વિરામ બાદ બપોરે ૧૨:૩૦ કલાકે મળશે.

(વિરામ બપોરના ૧૨:૦૦થી ૧૨:૩૦)

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી હાર્દિક પટેલ (ક્રમશઃ) :માનનીય અધ્યક્ષશ્રી, હાલ રાજ્યના ૩૩ જિલ્લાના ૨૪૧ તાલુકાઓમાં આઇ.ટી.આઇ. કેન્દ્ર મારફતે એક સ્થાને પ્રતિ ૨૫ આપરેટર પ્રમાણે તાલીમ શરૂ કરવામાં આવી છે. આ તાલીમમાં ઓપરેટરને પોતાના ગામના પાણી વિતરણ સ્થળની મરામત અને જાળવણી કઈ રીતે કરવી તેમજ રોજબરોજનું રિપેરિંગ કામ સમયસર થઈ શકે તે માટે જુદાં જુદાં સાધનો સાથેની ટૂલ કિટ આપવામાં આવે છે. ચાલુ વર્ષે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ૮,૫૦૦ ઓપરેટરોને પાણી પુરવઠાની મરામત અને નિભાવણી માટેની તાલીમ આપી છે અને તેમને ૭,૬૦૦ ટૂલ કિટ ફાળવવામાં આવી છે. મને કહેતા વિશેષ આનંદ થાય છે કે થોડા દિવસ પહેલાં જ મારા વિરમગામ તાલુકામાં ૨૫ ઓપરેટરોને તાલીમ આપીને અમે હોથોહાથ ટૂલ કિટ આપવાનું કામ કર્યું છે. સરકારના વિવિધ વિભાગોમાં કોઈ ફરિયાદ હોય તો શું કરીએ તેવી વાત થતી હોય છે. સ્વાભાવિક છે કે જે તે વિભાગમાં ફરિયાદોના નિવારણ કરવા માટે ટોલ ફ્રી નંબરોની જાહેરાત કરવામાં આવે છે. પોલીસ વિભાગ અને આરોગ્ય વિભાગના ટોલ ફ્રી નંબરની માફક ગુજરાતમાં પ્રથમ વાર માનનીય ભૂપેન્દ્રભાઈની સરકાર અને પાણી પુરવઠા મંત્રીશ્રીના નેતૃત્વમાં પાણી પુરવઠા વિભાગની ફરિયાદોના નિવારણ અર્થે ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર ૧૯૧૬ કાર્યરત કરવામાં આવેલ છે તેમજ મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે ૨૪ કલાકનો કન્ટ્રોલ રૂમ કાર્યરત છે. જેમાં અત્યાર સુધીની તમામ ફરિયાદોનો સંતાષપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ જિલ્લામાંથી આવું છું ત્યારે સ્વાભાવિક છે કે પાણી પુરવઠા મંત્રશ્રીએ વિશેષ ધ્યાન આપીને મારા અમદાવાદ જિલ્લાના ૪૮૧ ગામોનો જૂથ યોજના હેઠળ આવરી લીધા છે. જ્યારે અન્ય ગામો પોતાના સ્થાનિક સ્ત્રોતમાંથી પાણી મેળવે છે. આ તમામ ગામોને નવી જૂથ યોજના હેઠળ આવરી લેવાનું કામ અમારી સરકારે કર્યું છે. રાજ્ય સરકાર અમદાવાદ જિલ્લામાં સતત મદદરૂપ થતી હોય છે. અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ-૮૦૦ ગામોની આંતરિક ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. 'નલ સે જલ' કાર્યક્રમ હેઠળ અમદાવાદ જિલ્લામાં તમામ ઘરોમાં નળ જોડાણ પૂર્ણ કરવામાં આવેલ છે. મારી વિરમગામ વિધાનસભાના વિરમગામ તાલુકાના ૬૬ ગામોનો સમાવેશ

કરવામાં આવેલ હતો. જેમાં તમામ ગામોને નર્મદા તેમજ અન્ય સ્ત્રોતોમાં આવરી લેવામાં આવ્યા છે અને તેના માટે હું માનનીય મંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આ ગૃહ ખૂબ સારી રીતે જાણે છે કે એક સમયે ગુજરાતમાં પાણીને લઈને કેટલી તકલીફો હતી. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છમાં ટેન્કરો અને રેલવે મારફતે પાણી પહોંચાડવામાં આવતું હતું. આપણી માતા-બહેનો ૪-૫ કિ.મી. સુધી માથે બેડા મૂકીને પાણી લેવા માટે દૂર દૂર જતા પરંતુ જ્યારથી ગુજરાતને ભારતીય જનતા પાર્ટીનું સશક્ત, મજબૂત, પ્રભાવશાળી અને વિકાસને મહત્ત્વ આપતું નેતૃત્વ મળ્યું છે ત્યારથી પાણી પુરવઠા ક્ષેત્રમાં એક ઐતિહાસિક અને સફળ ક્રાંતિ જોવા મળી છે. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય કે, એશિયાની સૌથી મોટી ૧ લાખ ૨૦ હજાર કિ.મી.ની પાણી પુરવઠાની લાઈન જો કોઈ જગ્યાએ હોય તો તે આપણા ગુજરાતમાં છે. જેના કારણે ગુજરાતીઓએ ખૂબ રાહત અનુભવી છે. રાજ્ય સરકારે પીવાના પાણીના ક્ષેત્રે વિશાળ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કર્યું છે. જેના પરિણામે રાજ્યના દરેક ગામોમાં ગુણવત્તાયુક્ત પૂરતા પ્રમાણમાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક ૬૬ અને ૬૭ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો, આ રાજ્યને કરવેરામુક્ત બજેટ આપવા માટે હું આ ગૃહના નેતા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આભાર વ્યક્ત કરું છું. આજે મને અતિ મહત્ત્વના વિભાગની ચર્ચા કરવાનો મોકો મળ્યો છે. ''પાણી વિનાનું જીવન નકામું છે અને પાણી વિનાની ખેતી પણ નકામી છે'' ત્યારે સન્માનનીય ગૃહની અંદર બેઠેલા તમામ લોકોએ આજે આ વાતને ગંભીરતાથી વિચારવી જોઇએ. વરસાદ વધારે માત્રામાં પડે છે ત્યારે પાણીના તળનું એનાલિસિસ કરીએ છીએ અને વિશ્વના નિષ્ણાંતો પાણી માટેની જે ભવિષ્યવાણી કરે છે એના પરથી અંદાજો લગાવી શકાય કે આપણે જે રીતે પાણીનો બગાડ કરીએ રહ્યાં છીએ, એ જોતાં આવનારા સમયમાં આપણને કદાચ પીવાના પાણીની પણ મુશ્કેલીઓ પડે એવું લાગી રહ્યું છે. 'જળ એ જીવન છે' એ સૂત્રને આપણે બધા સાર્થક કરીએ, પાણીનો બગાડ અને વપરાશ ઓછો કરીએ. આ બાબત ઉપર આપણે બધા મંથન કરીને સંકલ્પ કરીએ એવી મારી આપ સૌને વિનંતી છે. અમારા દરિયાકાંઠાના વિસ્તારમાં દરિયાનું ખારું પાણી આગળ વધી રહ્યું છે અને એના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી જાય છે અથવા તો ખેડૂતો ચોમાસા સિવાય પાક લઇ શકતા નથી. આને અટકાવવા માટે જળસંપત્તિ વિભાગના માનનીય મંત્રીશ્રીએ થોડા સમય પહેલાં જ યોજના બનાવી અને આ યોજનાના ભાગ તરીકે મારા વિસ્તારના આદ્રી-બંધારાથી લઇ શિંગોડા નદી સુધીની લિંક કેનાલમાં રૂ. ૧૧૦ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી પણ વિભાગે આપી દીધી છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીનો અને સરકારશ્રીનો આભાર વ્યક્ત કરું છું. હમણાં થોડાક સમય પહેલાં જ મારા વિસ્તારમાં વડોદરા-ઝાલા બંધારા લિંક કેનાલ આવેલી છે. જે દરિયાના ખારા પાણીને અટકાવે છે અને મીઠા પાણીનો સંગ્રહ કરે છે. ઘણાં વર્ષો પહેલાં આ યોજના બનાવવામાં આવી હતી. આ યોજનાના દરવાજા થોડા ખરાબ થઇ ગયેલ હતા. આ માટે ખેડૂતોની રજૂઆતો આવી અને સાઇટ વિઝિટ કરવામાં આવી. ત્યારબાદ અધિકારી દ્વારા એના પ્લાન એસ્ટિમેટ બનાવવામાં આવ્યા અને વિભાગ દ્વારા સરકાર સુધી દરખાસ્ત મોકલવામાં આવી અને ચાર જ મહિનાની અંદર રૂ.૪૩ લાખની આ યોજનાનું અમલીકરણ કરી વિભાગ દ્વારા ગઇકાલે જ વહીવટી મંજૂરી આપી દીધી છે. આ માટે હું માનનીય મંત્રીશ્રીનો ફરી વખત આભાર માનું છું. મેં જે લિંક કેનાલની વાત કરી છે એ લિંક કેનાલનું જયારે કામ પૂર્ણ થઇ જશે, ત્યારે આદરી બંધારા જે વેરાવળનું છેવાડાનું ગામ છે અને વેરાવળથી લઇ સિંગવડા નદી એટલે બાજુમાં અમારા કોડીનાર તાલુકાની દરિયાઇ પટ્ટીના ખેડૂતોની હજારો હેકટર જમીન આવશે એને આવનાર સમયમાં ખેડૂતો ત્રણે પાક લઇ શકે એના માટે મીઠું પાણી મળી રહેવાની યોજના એ ત્રણ કે ચાર વર્ષના સમયગાળામાં પૂર્ણ થશે ત્યારે સાકાર થશે. સરકાર પાસે જયારે કોઇપણ દરખાસ્ત કે વાત લઇને આવીએ છીએ ત્યારે વહેલી તકે એ કામ થાય એના પ્રયત્નો હાથ ઉપર લેવામાં આવે છે. હું ફકત મારા ગીર સોમનાથ જિલ્લાની વાત કરું તો થોડા સમય પહેલા, મારા વિસ્તારના વેરાવળ, તાલાલા અને સુત્રાપાડા તાલુકાનાં ગામડાઓને પીવાના પાણીની મુશ્કેલીઓ હતી એની રજૂઆતો સરકારશ્રી અને માનનીય મંત્રીશ્રી સુધી પહોંચાડી ત્યારે સરકારશ્રી, માનનીય મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ ગયા વખતના બજેટમાં રૂપિયા ૧૧૦ કરોડની ફાળવણી કરી છે. નર્મદાના પીવાના પાણીની પાઇપ લાઇન માટે મારા વિસ્તારમાં રૂપિયા ૧૧૦ કરોડ જેવી માતબર રકમની સરકારશ્રીમાંથી મંજૂરી આપી દીધી છે. થોડા સમય પહેલા, વર્ષ ૧૯૯૫માં વેરાવળ તાલુકામાં દરિયાઇ પટ્ટીના ૪૨ ગામો માટે પીવાના પાણીની યોજના બનેલી હતી. ઘણાં વર્ષો થઇ ગયા એટલે એની પાઇપલાઇનો ખરાબ થઇ ગઇ હોઇ અને પાણી અનિયમિત મળતું હોઇ એની રજૂઆત પણ સરકારશ્રીમાં કરવામાં આવી અને સરકારશ્રીએ તાત્કાલિક ઓછા સમયગાળામાં રૂપિયા ૫૦ કરોડ જેવી રકમ માટેની સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. આ ફક્ત મારા ગીર સોમનાથ જિલ્લાની વાત કરું છું. આજે એ કામ પણ ટેન્ડર લેવલ ઉપર પહોંચી ગયેલ છે ત્યારે હું સરકારશ્રીને એ માટે અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી કરવી છે કે મારા વિસ્તારનું વડોદરા (ઝાલા) ગામ દરિયાઇ પટ્ટીની બિલકુલ નજીક આવેલું હોઇ એમાં, બાકીનાં ગામડાઓમાં વેકરાઓનું પાણી આવે છે અને લગભગ ૨૦૦૦ જેટલા ખેડૂતોની ખેતીની જમીનમાં ચોમાસામાં એ પાણી ફરી વળે છે અને ખેડૂતોના બે પાક નિષ્ફળ જાય છે. તો એના માટેની પણ વિભાગ દ્વારા એક યોજના બનાવવામાં આવે, જેનાથી ખેડૂતો પોતાનો પાક લઇ શકે અને ખેતરમાં પાણી ભરાતું અટકાવી શકે. મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, મારી ઘણા સમયથી એક માગણી છે કે, અમારું સૌરાષ્ટ્ર રકાબી આકારનું છે.

અમારી નદીઓના ઢાળ સમુદ્ર તરફના છે. વરસાદી પાણી આવે છે પણ દરિયામાં જતું રહે છે. એટલે મારા વિસ્તારની હેરણ નદીને ઊંડી ઉતારવા માટેની મેં એક યોજના બનાવી સરકારશ્રી સુધી પહોંચાડી છે. આ ગુજરાતનો ફર્સ્ટ પ્રોજેક્ટ ૧૧.૫ કિ.મી.નો છે. તેથી હું માનનીય મંત્રીશ્રી અને સરકારશ્રીને વિનંતી કરું છું કે, વહેલી તકે એ યોજનાને જો મંજૂરી આપવામાં આવે તો આવનારા સમયમાં આપણે બીજા ગામોની પાણીની સમસ્યા હલ કરી શકીશું. આભાર.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબ, પાણી પુરવઠા મંત્રીશ્રી જયારે માગણી લઇને આવ્યા છે એમાં હું મારા વિચાર રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં અત્યારે પાણીની મોટામાં મોટી સમસ્યા દૂર થઇ હોય તો આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એ પછી થયેલ છે. એના માટે હું મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વર્ષ ૨૦૨૪ સુધી આપણા દેશના વડાપ્રધાનશ્રી ઘર ઘર નળ કનેક્શનની યોજના પૂર્ણ કરવાના છે. અંતે પાણી શું કહેવાય એની અમે કચ્છી લોકોએ જે તકલીફો ભોગવી છે તે આજદિન સુધી એક-એક લોકો જાણે છે. બલ્ક પાઇપ લાઇન યોજના હેઠળ ૧૫૦૦૦ કિ.મી.નું કામ કર્યું છે. નર્મદાથી સૌરાષ્ટ્ર અને સૌરાષ્ટ્રથી કચ્છ તથા ઉત્તર ગુજરાત સુધી આ પાણીની લાઇનનું કામ પૂર્ણ થઇ ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપને જણાવું તો બહુ ખુશી થશે કે અબડાસાના વડકોબા સુધી નર્મદાની લાઇન પંહોચી ગઇ છે. વડકુંબાથી અબડાસામાં પાણી વહેલી તકે આવે એવી મંત્રીશ્રી પાસે હું માગણી પણ મૂકું છું અને રજૂઆત પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો જે ખાસ વિસ્તાર કહેવાય અબડાસા જે ઘોરાડ પક્ષી આખા દેશમાં કાં તો રાજસ્થાનમાં છે, કાં તો અમારી પાસે છે. એટલે ત્યાં પાણીની ખાસ જરૂર છે. વહેલી તકે નર્મદાનું પાણી આવે એના માટે મારી રજૂઆત છે. પાણીની વાત કરું તો આપણા મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકારે ૧,૦૦,૧૨૦ કિલોમીટરની લાઇન, બીજી પણ ૧૪૪૦૦ ઘરોને અત્યાર સુધી ઘર ઘર કનેકશન મળી ગયા છે. એના સિવાય જો આપને વાત કરું પાણીની તો જે ઉદ્યોગો કચ્છમાં આવતા હોય છે. પાણીની વાત કરીએ તો નર્મદાના પાણી મળ્યા એટલે બાકી તો અમારે પીવાનું પાણી નહોતું તો ઉદ્યોગ ત્યાં આવીને શું કરે? અત્યારે આપ સાહેબ જોઇ લો. દૂધની ડેરીઓ જો વિકસી હોય તો આજે આ પાણીના કારણે વિકસી છે. ઉદ્યોગ જુઓ, સફેદ રણ જુઓ, ધોળાવીરા જુઓ. એક એક વસ્તું જુઓ તો એની પાછળ ફકત નર્મદા અને નર્મદા જો આવી હોય તો આપણા માનનીય દેશના વડાપ્રધાનશ્રીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે અત્યારે ભૂગર્ભમાં જે પાણી છે. જમીનમાં જે પાણી છે. એને રિઝર્વ રાખીને નર્મદાનું પાણી આપીને જે અમારા ઉપર ઉપકાર કર્યો છે એના માટે આભાર માનું છું. એના સિવાય માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે જે જે મોટા મોટા તળાવ છે. એનામાં આપણી જે કૂવાની જૂની સિસ્ટમ હતી, એ કૂવા અમુક જગ્યાએ થાય તેમ છે. એનાથી ૫૦ ફૂટ કરીએ તો રીચાર્જિંગ કૂવા સૂકાઇ જાય. પછી રીચાર્જિંગ કરીને એમાં પાણી ભરાય તો એ પાણી આપણે પશુને આપી શકીએ. જયારે પાણીમાં લાઇટમાં કોઇ ફોલ્ટ થાય તો ઇમરજન્સીમાં પાણી આપણે પીવડાવી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી પરિસ્થિતિ જે તે વખતે એક વખતે એવી હતી કે અમારું પશુધન લઇને કચ્છમાંથી અમારે હિજરત કરવી પડતી હતી. ટેન્કર રાજ હતું. એક ગામમાં એક એક ટેન્કર, બે બે ટેન્કર જોઇતા હતા. જો ટેન્કર રાજ નાબૂદ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. માનનીય અધ્યક્ષશ્રી, એના સિવાય જો આપણે વાત કરીએ તો હું મંત્રીશ્રીનો અને સરકારનો આભાર માનું છું કે એક મોટામાં મોટો ડેમ અત્યારે અમારી પાસે નખત્રાણામાં છાલીફોલાઇમાં જે પાસ કરી આપ્યો છે. એક છાપરી ડેમ પાસ કરી આપ્યો છે. માતાનો મઢ એ કચ્છના દેવી આશાપુરા એના માટે પણ કાયમના માટે પાણી આવતું રહે એના માટે પણ ડીવાઇડ કરીને પાણી ગામમાં ન આવે અને માતાજીના મંદિરમાં ન ભરાય એના માટે પણ મંત્રીશ્રીએ આ જે ગ્રાન્ટ ફાળવી છે, એના માટે પણ હું આભાર માનું છું. હવે અત્યારે કચ્છમાં કોઇપણ આવે. અમિતાભ બચ્ચન આવે તો એને પણ એમ કહેવું પડે કે કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા. એના સિવાય માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે રણમાં અમુક જગ્યાએ પાણી હોય. પાણી ન લઇ શકીએ તો ઉપર સોલાર પ્લેટ મૂકીને નાની મોટર કે એકની મોટર રાખીને રણમાં જયાં દાદા મેંકણ જે તે વખતે અમારે ત્યાં થઇ ગયા એ પાણી પાતા. એ જગ્યાએ ૫૦-૫૦ કિલોમીટર, ૧૦૦-૧૦૦ કિલોમીટર રણમાં પાણી ન મળતું. આપણે સફેદ રણમાં જયાં આપણે ઉજવણી કરી રહ્યાં છીએ એ જગ્યા પર સોલાર પ્લેટ રાખીને પાણી અમે જંગલી પશુઓ માટે કે જાનવરો માટે પણ અત્યારે અમને મળી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આપણે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. વાત કરું નર્મદાની તો નર્મદાની કેનાલો જે મોટા ભાગની કચ્છ સુધી, રાપર, ભચાઉ સુધી અને મોરકોપા સુધી થઇ ગઇ છે અને ડિસેલિટેશન પ્લાન્ટ એ પણ અમારે ત્યાં મુંદ્રામાં મૂકવાના છે. એના લીધે પણ અમને ખૂબ ફાયદો થશે અને જલદી અમને પીવાલાયક પાણી મળી રહેશે. એના માટે પણ હું એમનો આભાર માનું છું. અત્યારે જે સુજલામ્ સુફલામ્ દ્વારા તળાવોનું કામ થઇ રહ્યું છે, એ તલાવડીઓનું આજ દિન સુધી કોઇ કામ નહોતું થતું. દર સાલે સફાઇ કરી એની ઝાડી કટિંગ કરીને એની આવ(આવરો) તૂટેલી હોય. તળાવ સાફ કરે પણ આવ ન હોય તો અર્થ નથી. એટલે એક એક વસ્તુ ઉપર મંથન કરીને એની આવ સાફ કરી એની પાણીની આવ વધારી, ઊંડી કરી એ તળાવો અત્યારે ભરાઇ રહ્યાં છે. એના લીધે રીચાર્જિંગ થઇ બાજુના

ખેડૂતના જે બોર હોય, એનામાં પણ રીચાર્જિંગ થઇ રહ્યું છે. પશુઓ પાણી પી રહ્યા છે. ગામ લોકોને પણ કયારેક પાણીની તકલીફ હોય તો એ પણ ખૂબ કામ આવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાત કરું અને ઊર્જા મંત્રીનો ખૂબ ખૂબ આભાર માનું કે એક અમારી એવી સાઇટ છે અબડાસા વિસ્તારમાં કે કયાંય પોઇન્ટ જ નથી ત્યાં સિમેન્ટના કે માટીના ડુંગર કે ડેમ બાંધે. સમતળ જમીન છે, તો એના માટે ઇઝરાયેલ પદ્ધતિથી ટી મારી અને ખાઇ કરીને એનામાં પ્લાસ્ટિક નાંખી, એનામાં માટી નાંખી અને તેમાં માટી નાખીને પાણી વહી ન જાય, ભેજ ટકી રહે તેના લીધે ગામના કૂવામાં પાણી સૂકાય નહીં તેના માટે પાણી પુરવઠા મંત્રીશ્રી દ્વારા ખૂબ સારું કામ કરેલ છે. તો આના માટે જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા છે. અત્યારે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણાં મંત્રીશ્રી અને પાણી પુરવઠા મંત્રીશ્રીનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. મારો વિસ્તાર દેશના છેવાડાનો છે. ૪૬૦ ગામ છે. અહીંથી ૭૦૦ કિલોમીટર થાય. તો જે ખૂટતી કડી છે તે માટે રજૂઆત કરેલી છે. તેમાં વહેલી તકે અગ્રતા મળે એવી મારી વિનંતી છે. આભાર.

શ્રી હર્ષદભાઇ ર. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અનુદાનમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી દ્વારા રજૂ થયેલ માગણી નં. ૨૨ અને ૨૩ ઉપર હું મારા વિચાર રજૂ કરવા અને તેને સમર્થન આપવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ એ સૂત્ર સાથે લોકઉપયોગી અનેક યોજનાઓથી દેશવાસીઓના જીવનધોરણમાં સુખદ પરિવર્તન લાવી રહી છે. ગુજરાતની સર્વાંગી વિકાસયાત્રા દેશ-દુનિયા માટે રોલ મોડલ સાબિત થઇ રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેકવિધ નીતિઓ, યોજનાઓ, વહીવટી પ્રતિબદ્ધતા, સેવાનું સરળીકરણ જેવા સામાન્ય જનતાને અસર કરે તેવા અનેક અસરકારક નિર્ણયોને લઇ ગુજરાત વિશ્વભરમાં શાંતિ, સલામતી અને સંસ્કૃતિના જતન માટે પ્રોગ્રેસીવ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થયું છે. ગુજરાતની આ યશગાથા પાછળ કેન્દ્ર અને રાજ્યની ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિનની સરકાર મુખ્ય ચાલકબળ તરીકે સતત કાર્યરત છે. અત્રે હું રામચરિત માનસના તુલસીદાસજીની એક ચોપાઇની વાત કરું. **मणि माणेक महंगे किए, सहजे तृण जल, नाज़, तुलसी सोइ जानीए, राम गरीब नवाज़।** અર્થાત આ ચોપાઇમાં તુલસીદાસજી ગરીબોના પેટનો ખાડો પુરવાની રામરાજ્ય વખતે પણ કલ્પના કરી છે. જેમાંથી પ્રેરણા લઇ ભારતીય જનતા પાર્ટીની સરકાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો લાવી છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો તા.૧-૪-૨૦૧૬થી અમલમાં આવ્યો. જેમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારની કુલ મળીને ૩૮૨.૨૪ લાખની વસતિને આ કાયદામાં આવરી લેવાનું થયું છે. આ કાયદા હેઠળ બે પ્રકારના કુટુંબો અસ્તિત્વમાં આવેલ છે. અંત્યોદય અન્ન યોજના હેઠળના કુટુંબો એએવાય અને અગ્રતા ધરાવતા કુટુંબો પીએચએચ. આ કાયદા હેઠળ ઘઉં અને ચોખા મળીને ૧, ૮૧, ૮૨૬.૫૮ મેટ્રિકટન અનાજની ફાળવણી થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ પણ થાય અને ગૌરવ પણ થાય કે કોવિડ-૧૯ની વિષમ પરિસ્થિતિમાં પણ સમગ્ર લોકડાઉન દરમયાન રાજ્ય સરકાર દ્વારા રાહત દરના રેશન જથ્થાનું વિતરણ ઉપરાંત વિનામૂલ્યે અન્ય ચીજવસ્તુઓનું વિતરણ કરવાની પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. વધુમાં ગુજરાતની સંવેદનશીલ સરકાર દ્વારા લોકડાઉનમાં ફસાઇ ગયેલા પરપ્રાંતિય લોકોને સ્થળ ઉપર વિનામૂલ્યે ફૂડ બાસ્કેટ પહોંચાડી માનવીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા તથા નાગરિકોને રેશનકાર્ડ સંબંધિત ઓનલાઇન સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા વહીવટી સુધારણાના ભાગ રૂપે માય રેશન મોબાઇલ એપ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં રેશનકાર્ડને લગતી જુદી જુદી માહિતી, સેવાઓ જાહેર જનતાને પૂરી પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરની વાત કરું તો અમદાવાદ શહેરની ૩.૪૮ લાખ કાર્ડ ધારકોની આશરે ૧૮ લાખ વસતિને હાલમાં એન.એફ.એસ.એ. હેઠળ દર મહિને સબસિડાઇઝ રેશનનો લાભ આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ૪૮ હજારથી વધુ કુટુંબોને, ૨ લાખ જેટલી જનસંખ્યાને આ કાયદા હેઠળ સમાવવામાં આવેલ છે તે બદલ હું શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને અભિનંદન પાઠવું છું અને સાથે સાથે વિનંતી કરું કે હજી પણ અમદાવાદ શહેરમાં ૭ લાખથી વધુ જનસંખ્યાને આ કાયદા હેઠળ સમાવવાનો અવકાશ રહેલો છે. અન્ન બ્રહ્મ યોજના ભૂખમરા અને કુપોષણથી થતા મૃત્યુને રોકવા માટે ઘરવિહોણા વ્યકિત, કુટુંબ તથા અનાથ બાળકો ને અન્ન સલામતી આપવા માટે રાજય સરકારે અન્ન બ્રહ્મ યોજના અમલમાં મૂકી છે. રેશનકાર્ડ ન ધરાવતી વ્યકિત, અત્યંત ગરીબ, અશકત, નિરાધાર વ્યકિત, ઘરવિહોણી વ્યકિત, એકલી વ્યકિત અથવા કુટુંબ તેમજ ઘરવિહોણા અને અનાથ બાળકોનો પણ આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ છ માસ માટે પ્રતિમાસ ૧૦ કિલો ગ્રામ ઘઉં અને ૫ કિલો ચોખા મળી કુલ ૧૫ કિલોગ્રામ અનાજ વિનામૂલ્યે સરકાર દ્વારા આપવામાં આવે છે. એન.એફ.એસ.એ હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓ જે તે રાજયના નક્કી કરેલા વિતરણ પ્રમાણ મુજબ સમગ્ર દેશમાં કોઇપણ રાજયના કોઇપણ ગામ કે શહેરની વ્યાજબી ભાવની દુકાન ઉપરથી પોતાના આધારકાર્ડ આધારીત ઓળખ પ્રસ્થાપિત કરીને મળવાપાત્ર અનાજ મેળવી શકે છે. આ યોજનાનો આરંભ અનેક જુદી જુદી યોજનાઓથી પણ થયેલો છે, એની અંદર પ્રધાનમંત્રી ગરીબ અન્ન યોજના આ યોજનાનો આરંભ પ્રધાનમંત્રી દ્વારા કોરોના મહામારી સમયે જરૂરિયાતમંદ કુટુંબોને અન્ન સલામતિ પૂરી પાડવા માટે એપ્રિલ -૨૦૨૦થી ચાલુ કરવામાં આવેલ છે અને આ યોજના હેઠળ કુલ ૭૧ લાખ પરિવારો

અને અને ૩.૪૭ લાખની જનસંખ્યાને પ્રતિવ્યકિત પાંચ કિલો અનાજ વિનામૂલ્યે વિતરણ કરાયેલું છે. પી.એમ.જે.કે.વાય ફેઝ-૭ અંતર્ગત ઓકટોબર ૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં પ્રતિ માસ વ્યકિતદીઠ એક કિલો ઘઉં અને ચાર કિલો ચોખા મળી પાંચ કિલો અનાજના વધારાના રાશનને વિનામૂલ્યે આપવાનો પણ લાભ કરેલો છે. ફોર્ટીફાઇડ મીઠું એટલે ગુજરાત રાજયના તમામ અંદાજિત ૭૧ લાખ કાર્ડધારકોને આયોડીનની ઉણપના થાય તેમજ એનીમિયાથી રક્ષણ મળી રહે તે હેતુથી કુટુંબદીઠ એક કિલો ફોર્ટીફાઇડ મીઠાનો રૂ.એક પ્રતિ કિલોગ્રામના રાહત ભાવથી વિતરણ કરવામાં આવેલ છે. આજ રીતે ખાંડની પણ વિતરણ વ્યવસ્થા કરેલી છે. વર્ષની અંદર બે તહેવારો જન્માષ્ટમી અને દિવાળીએ વધારાની ખાંડનો પ્રતિકાર્ડ એક કિલો લેખે ઉપરોકત રાહતદરથી વિતરણ કરવામાં આવેલ છે. સાથેસાથે ખાદ્યતેલ, બે તહેવારો જન્માષ્ટમી અને દિવાળી દરમિયાન રાજયના તમામે તમામ ૭૧ લાખ રેશનકાર્ડ ધારકોને પણ સસ્તાદરે આ વ્યવસ્થા આપવામાં આવે છે. આ ઉપરાંત મને કહેતાં આનંદ થાય કે અન્ન સલામતીની સાથે સાથે પોષણની સલામતિની ચિંતા કરી ચણાનું વિતરણ પણ પ્રતિકિલો એક-૩૦ રૂપિયાના ભાવે કરેલ છે તો પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ફેઝ-૨ અંતર્ગત ઇંધણના અભાવે લાકડા અને છાણા જેવા ઇંધણનો વપરાશ થવાથી તેના ધુમાડાના કારણે મહિલા અને બાળકોના આરોગ્ય જોખમાય એને દૂર કરવા માટે દેશની અંદર એક કરોડથી વધુ લાભાર્થીઓને આવરી આ ઉજ્જવલા ફેઝ-૨માં આનો લાભ આપવામાં આવેલ છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના-૨ અંતર્ગત કુલ ૯.૪૨ લાખ કુટુંબોને વિનામૂલ્યે ગેસનો ચૂલો તથા ભરેલું સિલિન્ડર આપવામાં આવેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ -પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં પાણી પુરવઠા વિભાગની અનુદાન માટેની માગણીઓ માનનીય મંત્રીશ્રીએ જે મૂકી છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું. ખાસ કરીને પાણી એટલે આપણા જીવનનું ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે કારણ કે એમ કહેવાય છે કે મનુષ્યના શરીરની અંદર ૭૦ ટકા પાણીનો ભાગ હોય છે.એટલે આપણે કહીએ છીએ કે જળ એ જ જીવન છે. સૂત્રમાં પણ કહીએ છીએ કે 'પાણીને ફૂટી છે વાણી, વાપરો મને અમૃત જાણી.' ખાસ કરીને આ ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી આવી ત્યારથી પાણી માટે જે કામો કરેલા છે એ ન ભૂતો ન ભવિષ્યતિ. હું એટલા માટે કહું છું કે, એક ખૂબ જ કરુણ કહેવાય એવી એક કહેવત હતી. આમ, જોવા જઇએ તો આપણા ગુજરાતની જનતાની ભૂતકાળમાં એક કહેવત હતી એ કહેવત આજે રહી નથી. માત્ર પાણીના હિસાબે કહેવત હતી કે 'દીકરીને બંદૂકે દેવાય પણ ધંધૂકે ન દેવાય.' ભૂતકાળમાં ત્યાં પાણી મળતું ન હતું એટલા માટે આ કહેવત હતી. આ તો ધંધૂકાનું નામ હતું. બાકી ધંધૂકા, બરવાળા, વલભીપુર, ઢસા, અમરેલી, સાવરકુંડલા, તળાજા, મહુવા, પાલીતાણા, ભાવનગર, શિહોર, સોનગઢ, ગારીયાધાર, રાજકોટ, કાલાવાડ, આટકોટ, જસદણ, ગોંડલ, વિરપુર, જેતપુર, ધોરાજી, જૂનાગઢ, ઉપલેટા જાઓ, ઉત્તર ગુજરાતમાં મહેસાણા, ડીસા, નડાબેટ, કચ્છમાં નખત્રાણા, અબડાસા, ભુજ, માંડવી હોય, આ પ્રજાએ પાણીની પીડા શું છે એ જોઇ છે. હું રાજકોટમાંથી આવું છું. એક જમાનામાં ટ્રેનમાં પાણી આવતું એ ગામથી આવું છું. મને પણ કોર્પોરેશનનો ૨૦ વર્ષનો અનુભવ છે. અમે ભૂતકાળમાં પાણીની સમસ્યા જોઇ છે. કારણ કે મેં મેયર, ડેપ્યુટી મેયર તરીકે અને બે વખત સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તરીકે લોકો એક-બે બેડા પાણી માટે તડપતા જોયા છે. શેરીની અંદર ખાડો ખોદે અને નાની નાની બહેનો પોતે ડબલું હાથમાં લઇ અને પાણી ઉલેચતી ભૂતકાળમાં મેં જોઇ છે. ગુજરાતની પ્રજાએ આ પીડા શા માટે સહન કરવી પડી? કહેવાય છે કે કૂવામાં હોય તો હવેડામાં આવે. આપણી મા નર્મદા અને સરદાર સરોવર યોજના છે એની હાઇટ વધારવાની મંજૂરી મળતી ન હતી. તત્કાલીન મુખ્યમંત્રી અને આ દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઉપવાસ કરવા પડ્યા ત્યારે હાઇટ વધારવાની મંજૂરી મળી. ત્યારપછી દરવાજા ચડાવવાની મંજૂરી નહોતી મળતી. જો દરવાજા ચડાવે તો આખા સૌરાષ્ટ્ર અને કચ્છને પાઇપલાઇન દ્વારા પીવાનું પાણી પૂરું પાડી શકાય, ૧૧૫ ડેમ સૌની યોજનાના ભર્યા છે પ્રધાનમંત્રીશ્રીના વકતવ્યમાં મેં સાંભળેલું છે કે, જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તત્કાલિન પ્રધાનમંત્રીશ્રીને મળવા જતાં અને કહેતા કે અમને દરવાજાની મંજૂરી આપો. '**अभी तक नहीं हुआ है?**' ૧૦ વર્ષ સુધી આવો જવાબ દિલ્હીથી આવતો હતો. આપણે ગુજરાતની જનતા અને દેશની જનતાને વંદન કરીએ. ગુજરાતની જનતાએ તો મોદી સાહેબને અપાર સમર્થન આપ્યું. પણ જ્યારે આખા દેશની જનતાએ ગુજરાતના વિકાસ માટે સમર્થન આપ્યું અને આ દેશના પ્રધાનમંત્રી થયા પછી ૧૭મા દિવસે આ નર્મદા ડેમના દરવાજાને મંજૂરી મળી. સૌરાષ્ટ્ર હોય, કચ્છ હોય, ઉત્તર ગુજરાત હોય કે મધ્ય ગુજરાત હોય, આખા ગુજરાતમાં પાઇપલાઇનનું જે નેટવર્ક છે એ આપણે પૂરું પાડી શક્યા છીએ. હું તો એમ કહું કે રાજા ભગીરથે ગંગાજીનું અવતરણ કરાવ્યું હતું તો આજે ઘેર ઘેર નલ સે જલ દ્વારા નર્મદા આવી છે એનું અવતરણ જો કોઇએ કરાવ્યું હોય તો શ્રી નરેન્દ્ર મોદીએ કરાવ્યું. ખાસ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, જળ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા દેશના તમામ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ૨૦૨૪ સુધીમાં ઘર ઘર સુધી પાણી ઉપલબ્ધ થવાનું છે. ખાસ કરીને પાઇપલાઇન યોજના દ્વારા હોય, જૂથ યોજના દ્વારા હોય, જૂથ યોજનાના સુધારણાના કામો હોય, ફળિયાઓને જૂથ યોજના હેઠળ આવરી લેવાના હોય કે ગામમાં નળના જોડાણની યોજના હોય. ખાસ કરીને આપણે ફોરેનમાં ગલ્ફના દેશો દુબઇ કે ઇઝરાયેલમાં જોતા અને નવાઇ લાગતી કે આ લોકો દરિયાનું ખારું પાણી મીઠું કરે છે. ત્યાં આવું બધું થાય છે. આ દેશમાં માત્ર ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે વિચાર કર્યો કે કાંઠાળા દરિયાઇ પટ્ટીના વિસ્તારો છે ત્યાં પાઇપ લાઇન દ્વારા

પાણી પહોંચાડવું ખૂબ અઘરું છે એના માટે ડિસેલીનેશન પ્લાન્ટ ભાવનગરમાં ૭ કરોડ લિટર પ્રતિ દિવસ, ગીર-સોમનાથ ખાતે ૩ કરોડ લિટર પ્રતિ દિવસ, દેવભૂમિ દ્વારકા ખાતે ૭ કરોડ લિટર પ્રતિ દિવસ અને કચ્છ ખાતે ૧૦ કરોડ લિટર પ્રતિ દિવસ કુલ ૨૭ કરોડ લિટર પ્રતિ દિવસની ક્ષમતાના ડીસેલિનેશન પ્લાન્ટની સ્થાપનાનાં કામો મંજૂર કરવામાં આવ્યાં અને એ કામો અત્યારે પ્રગતિ હેઠળ છે. તમે વિચાર કરો ખારું પાણી મીઠું કરીને લોકોને પહોંચાડવું એ કેવું પુણ્યનું કામ છે ત્યારે ખાસ કરીને જે કાંઇ પાણી પુરવઠા યોજનાનાં કામો થયાં છે એ ખૂબ સરસ થયાં છે અને મારા રાજકોટ જિલ્લાની વાત કરું. રાજકોટ જિલ્લાના ૫૬૩ ગામોનો સમાવેશ કરીને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ જોડવામાં આવ્યાં છે અને અત્યારે જે કાંઇ નાના-મોટા પાણી પુરવઠાને લગતાં કામો હોય એ દરેક કામો ખૂબ પ્રગતિમાં છે અને હું રાજ્ય સરકારના પાણી પુરવઠા વિભાગના મંત્રીશ્રીને હૃદયથી ધન્યવાદ આપું છું, સૌને ધન્યવાદ.

શ્રી દેવાભાઇ પું. માલમ(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ની જળ સંપત્તિ વિભાગની માગણી નંબર ૬૬ હેઠળ ચિંચાઇ અને ભૂમિ સંરક્ષણ માગણીમાં મારું સમર્થન કરું છું અને મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જલ છે તો જીવન છે. પાણીનો યોગ્ય ઉપયોગ કરવો, છેવાડાના માનવી સુધી પાણીની સુવિધા પહોંચાડવી, સિંચાઇની નવી સુવિધા ઊભી કરવી જેવી અનેક જન ઉપયોગી યોજનાઓ અમારી સરકારે અમલમાં મૂકી છે. સિંચાઇ અને પીવાના પાણી માટે ગયા વર્ષ કરતા આ વર્ષના બજેટમાં વધારો કરવામાં આવેલ છે. જળ સંપત્તિ વિભાગના કાર્યો જેવા કે, હયાત સિંચાઇ યોજનાની ક્ષમતામાં વધારો કરવા માટે હયાત નહેરોની સુધારણા, સહભાગી સિંચાઇ યોજના અને માળખાઓની મરામતની કામગીરી હાથ ધરાઇ રહેલ છે. સિંચાઇથી વંચિત વિસ્તારોમાં સિંચાઇના લાભ આપવા માટે નવી સિંચાઇ યોજના, વિયરબેરેજ ઉદવહન યોજના વગેરે કામગીરી હાથ ધરી રહેલ છે. જળ સંગ્રહમાં વધારો કરવા તથા ભૂગર્ભ જળ રિચાર્જ કરવા માટે ચેક ડેમો રિચાર્જ કરવા તથા વિયર તળાવો ઊંડા કરવા વગેરે કામગીરી હાથ ધરાઇ રહી છે જેના થકી સ્થાનિક સ્તરે વરસાદી પાણીનો સંગ્રહ થઇ શકે જેથી ભૂગર્ભ જળ સપાટી ઊંચી આવી શકે. દરિયા કાંઠે બંધારા, રેડિયલ કેનાલ વગેરે કામગીરી સાર્થક કરવાની કામગીરી હાથ ધરી છે. જે વિસ્તારમાં પાણીના સ્ત્રોત ઉપલબ્ધ નથી તે વિસ્તારમાં અન્ય રિવર બેઝીનના પાણી ઉપલબ્ધ કરવા આયોજન હાથ ધરેલ છે. ઉત્તર ગુજરાતમાં થરાદથી સીપુ ડેમની પાઇપ લાઇન, ખોરસંભ-માતપુર-ડીંડરોલ પાઇપ લાઇન, કંસારાથી દાંતીવાડા પાઇપ લાઇન, ધરોઇ ડેમથી સંત સરોવર બેરેજ ગાંધીનગર ખાતે આવેલ ગિફ્ટ સિટી નજીક સાબરમતિ નદીના કાંઠા, સંરક્ષણ દીવાલ વગેરે જેવી અનેકવિધ કામગીરી કરવામાં આવેલ છે. કચ્છ વિસ્તારમાં પણ પાણીની સુવિધા મળવાના કારણે પાણીની તેમજ સિંચાઇના પાણીની તંગી દૂર થશે જેથી દુષ્કાળ ભૂતકાળ બનશે. સૌરાષ્ટ્ર વિસ્તારની વાત કરું તો સૌની યોજના એ સૌરાષ્ટ્ર માટે અમૃત સાબિત થઇ રહ્યું છે. પરિણામે સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં પીવાનું પાણી, સિંચાઇનું પાણી ઉપલબ્ધ થવાથી સૌરાષ્ટ્રની ધરતીને જીવન મળ્યું છે. સૌની યોજનામાં જળાશયો, તળાવો, ચેકડેમ વગેરેમાં નર્મદાના પાણી ભરવામાં આવે છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભરતી નિયંત્રક બંધારા, રિચાર્જ ટેન્ક, રિચાર્જ વેલ, વનીકરણ, નહેરો, કેનાલો, ચેકડેમો વગેરે ક્ષાર નિવારણ યોજના પૂર્ણ કરવામાં આવેલ છે. ઘેડ વિકાસ યોજના ક્ષાર અંકુશ યોજનાના કામો માટે અંદાજે રૂ. ૩૭ કરોડનું આયોજન કરેલ છે. આદિવાસી વિસ્તારોમાં સવલતો પૂરી પાડવા માટે ચેકડેમ બાંધવા, તળાવો, ઉદવહન સિંચાઇ યોજના વગેરે કામોનું આયોજન કરેલ છે. ઉદવહન પાઇપલાઇન સિંચાઇ યોજનાઓ આદિવાસી વિસ્તાર જ્યાં અંતરિયાળ પહાડી વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટે કડાણા, કરજણ, કાકરાપાર અને ઉકાઇ આધારિત ૧૩ મોટી ઉદવહન યોજના સિંચાઇ સુવિધા આપવા માટે હાથ ધરેલ છે. નવસારી જિલ્લાના વાગરેજ, ટાઇડલ રેગ્યુલેટર યોજના, નવસારી જિલ્લામાં પૂર્ણા ટાઇડલ રેગ્યુલેટર યોજના, વડોદરા જિલ્લાના વિવિધ ગામોમાં સિંચાઇ સુવિધા આપવા માટે મહી નદી ઉપર વિઅર બાંધવા માટેનું આયોજન કરેલ છે. જળસંચયની કામગીરી માટે સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તળાવો ઊંડા કરવા, નવા તળાવો, ચેકડેમ રિપેરિંગ કામો કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત પાંચ વર્ષમાં થયેલ કામોથી જળસંગ્રહ શક્તિમાં વધારો થયેલ છે તથા રોજગારી ઊભી થયેલ છે. અટલ ભૂજલ યોજના ગટરને લગતી અને તેને સંરક્ષણ અને ગટર ઉપર લાવવા ગુજરાત, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, કચ્છ એમ ૬ જિલ્લાઓનો આયોજન હેઠળ સમાવેશ કરવામાં આવેલો છે. અન્ય યોજનાઓ ઉદવહન સિંચાઇ યોજના પાઇપલાઇન દ્વારા પાણીની સૂક્ષ્મ સિંચાઇ યોજના, પાણીની વપરાશની ક્ષમતામાં વધારો કરી પાણી અને વીજળી બચત કરી કેન્દ્ર સરકાર દ્વારા.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ(ઉધના):માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં અન્ન અને નાગરિક પુરવઠા ઉપરની ચર્ચામાં બોલવાની તક મળી છે ત્યારે મારે વાત કરવી છે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાની. આપણા દેશની અને આપણા રાજયની લાખો, કરોડો બહેનોને રસોઇ માટે સ્વચ્છ ઇંધણ મેળવવા માટેની રાહ જોવી પડતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના સમયમાં ગેસ એજન્સીઓ પાસેથી કનેકશન મેળવવા માટે ધક્કા ખાવા પડતા હતા અને ઘરમાં ગેસનો બાટલો જો પતી જાય તો એ દિવસોમાં એક એક મહિના સુધી ગેસનો બાટલો આવવાની રાહ જોવી પડતી હતી. મારે વાત કરવી છે મારી પોતાની સન ૧૯૮૫ની અંદર અમે સુરતમાં હતા. સુરતની અંદર સન ૧૯૮૫ની અંદર છાણા અને કોલસાથી અમે અમારો જીવન નિર્વાહ પૂરો કરતા હતા. અમારા ઘણા બધા પરિવારો, ઘણા બધા કુટુંબો સન ૧૯૮૫-૮૬માં અમારા ઘરની અંદર પહેલીવાર ગેસનો બાટલો, ગેસનું કનેકશન આવ્યું. સુરત જેવા શહેરની અંદર સન ૧૯૮૫માં અમારા જેવા

વ્યક્તિઓના ઘરની અંદર એક સામાન્ય પ્રવાહના વ્યક્તિના ઘરની અંદર જયારે સન ૧૯૮૫માં ગેસનો બાટલો જો મળતો હોય તો એ વખતની સરકારની કન્ડિશન કેવી હશે? માનનીય અધ્યક્ષશ્રી, લાખો બહેનો-માતાઓને રસોઇ માટે ગેસના ચૂલાના અભાવે લાકડા અને છાણાંનો ઉપયોગ કરવો પડતો હતો. તે લાકડાં અને છાણાંના ઉપયોગ કરવા માટે આપણી બહેનો ફૂંકણી મારતી હતી અને તેમને છાતીના ફેફસાં અને હૃદયની અંદર આ ધુમાડાના કારણે વર્ષો પહેલા ટી.બી.નો રોગ થતો હતો. આ આપણી આગળની સરકારોના સમયની વાત છે. મારે વાત કરવી છે કે, આ લાકડાં અને છાણાંને વિષય હતો તેને નેસ્તનાબૂદ કરવા માટે સન ૨૦૦૨માં આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા સૌના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી ગુજરાતની ગાદી ઉપર બેઠા ત્યારે તેમણે એક લક્ષ્ય બનાવ્યું. ગુજરાતના રહીશો અને ગુજરાતના પરિવારોને તેમાં છેવાડાંના ગામડામાં રહેતો માણસ હોય કે સિટીની અંદર રહેતો માણસ હોય તેને ગેસના કનેકશન જે તે સમયે મળતા ન હતા તેને અગ્રિમતા આપવાનું કામ શરૂ કર્યું. હવે મારે વર્ષ ૨૦૧૪ પછીની વાત કરવી છે. સન ૨૦૧૪માં માનનીય વડાપ્રધાનશ્રીએ આપણા દેશનું સુકાન સંભાળ્યું ત્યારે આખા દેશની પરિસ્થિતિમાં એક પલટો આવ્યો. ભારત સરકાર દ્વારા લાકડાં અને છાણાંને વપરાશ કરવાથી તેના ધુમાડાના કારણે આપણી મહિલાઓ અને બાળકોના આરોગ્યને થતા નુકસાનને અટકાવવા માટે વિનામૂલ્યે એલ.પી.જી. ગેસ જોડાણ પૂરું પાડવા માટે ૧ એપ્રિલ ૨૦૧૬થી સમગ્ર ભારતમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાને અમલમાં મૂકવામાં આવી. આ યોજના દ્વારા કેન્દ્ર સરકારે રાજ્યની મહિલાઓને વિનામૂલ્યે ગેસ કનેકશન પૂરાં પાડયાં. માનનીય વડાપ્રધાનશ્રીએ આ કામ સન ૨૦૨૨થી શરૂ કરી દીધું હતું. તેનો રોડમેપ સન ૨૦૦૨થી તેમના મગજમાં ચાલતો હતો. સન ૨૦૧૪માં જયારે આ દેશની ગાદી ઉપર માનનીય વડાપ્રધાનશ્રી આરૂઢ થયા ત્યારે તેમણે એક જીવનમંત્ર બનાવ્યો કે મારા દેશની દરેક મહિલાઓ, દરેક પરિવારો, છેવાડાની મારી મા-બહેન આ દરેકના ઘરમાંથી ફૂંકણી મારવાનું દૂર કરી ત્યાં ગેસના સિલિન્ડર આપવા. તે માટે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાને અમલમાં મૂકવામાં આવી. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના પહેલા ફેઝની અંદર ભારત સરકારે એટલે કે આપણા પ્રધાનમંત્રીશ્રીએ દરેક રાજ્યમાં આઠ કરોડથી વધારે ગેસ કનેકશન આપવાનું કામ કર્યું. તેમાં આપણા ગુજરાત રાજ્યની મહિલાઓને ૨૯ લાખ ગેસ કનેકશન મળ્યાં. અહીંથી પૂરું ન થયું તો તેના માટે બીજો ફેઝ શરૂ કર્યો અને તે ફેઝમાં ૧ કરોડથી વધારે વિનામૂલ્યે ગેસ કનેકશન આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની ભારત સરકારે કર્યું છે. તેની અંદર આપણને ૩૯ લાખ કનેકશન મળ્યાં. તે પછી આપણા મક્કમ અને મૃદુ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ સન ૨૦૨૧ની અંદર ૩૯ લાખ પરિવારોને ગેસ કનેકશન આપ્યાં અને તે પણ ફ્રીમાં આપ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા આ લોકપ્રિય બની રહેલી યોજનાને આવનારા નાણાકીય વર્ષમાં આપણા મુખ્યમંત્રીએ રૂપિયા ૫૦૦ કરોડના ખર્ચે લંબાવી છે એ માટે રાજયના ૩૮ લાખ કુટુંબો વતી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા તેમજ રાજય કક્ષાના મંત્રીશ્રી ભીખુભાઇ પરમારનો ખૂબ ખૂબ આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે કે, આવી પ્રજાલક્ષી યોજના માટે હું રાજય સરકારનો આભારી છું. હું મારી રાજય સરકારના પુરવઠા મંત્રીશ્રી, નાણામંત્રીશ્રી તથા માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ ગરીબોના બેલી જેવી આપણી આ રાજય સરકાર આગામી વર્ષે ગેસની બે બોટલના બદલે ચાર બોટલ આખા વર્ષ દરમ્યાન આપે એવી મારી રજૂઆત છે.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહમાં સિંચાઇ હસ્તકના હાથ ધરવામાં આવનાર અને પ્રગતિ હેઠળના મહત્ત્વના કામોની રૂપરેખા રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મધ્ય ગુજરાતમાં આવેલ આદિજાતિ અને પછાત વિસ્તાર તથા અન્ય વિસ્તારોમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ કરવા માટેની ઉદવહન સિંચાઇ યોજના અમલમાં આવી છે જેમાં મધ્ય ગુજરાતમાં આવેલ આદિજાતિ અને પછાત વિસ્તારમાં રૂપિયા ૧૫૬૨ કરોડના ખર્ચે કડાણા-દાહોદ ઉદવહન સિંચાઇ યોજના, પાડેલી-ખાનપુર ઉદવહન સિંચાઇ યોજના, કડાણા ડાબાકાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારીત સામળા-સિયામ ઉદવહન સિંચાઇ યોજના, મોરલ નાકા-બાબરી ઉદવહન સિંચાઇ યોજના, નર્મદા નહેર આધારીત વડા તળાવ ઉદવહન સિંચાઇ યોજના આમ કુલ ૫ ઉદવહન સિંચાઇ યોજનાઓ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. જેના થકી મહિસાગર-દાહોદ-પંચમહાલ અને અરવલ્લી જિલ્લાના કુલ ૧૩ તાલુકાના ૧૧૪ ગામોના ૩૫૯૦૦ એકર વિસ્તારને સિંચાઇની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. મધ્ય ગુજરાતમાં આવેલ આદિજાતિ અને પછાત વિસ્તારમાં રૂપિયા ૯૭૮ કરોડની પાનમ જળાશય આધારીત પંચમહાલ જિલ્લાના પરા વિસ્તારના જુદા જુદા ગામોનાં તળાવો ભરવાની ઉદવહન સિંચાઇ યોજના, પાનમ હાઇલેવલ કેનાલ આધારિત ઉદવહન સિંચાઇ યોજના, કડાણા જળાશય આધારીત દાહોદ જિલ્લાના સિંચાઇથી વંચિત સંજેલી-સીંગવડ-ધાનપુર અને દેવગઢ બારિયા તાલુકાને સિંચાઇનો લાભ આપવાની ઉદવહન સિંચાઇ યોજના, કરજણ વાડી ઉદવહન સિંચાઇ યોજના આમ કુલ ૪ ઉદવહન સિંચાઇ યોજનાઓનું કાર્ય પ્રગતિ હેઠળ છે જે પૂર્ણ થયે પંચમહાલ-દાહોદ-નર્મદા-સુરત અને ભરુચ જિલ્લાના કુલ ૧૨ તાલુકાઓના ૩૦૪ ગામના ૧૩૭૨૬૦ એકર વિસ્તારને સિંચાઇની સુવિધાનો લાભ મળશે. મધ્ય ગુજરાતમાં આવેલ આદિજાતિ અને પછાત વિસ્તારમાં રૂપિયા ૧૮૧૩ કરોડની સરસડી ઉદવહન સિંચાઇ યોજના, વાંકડી ઉદવહન સિંચાઇ યોજના, મેશ્વો જળાશય આધારીત ઉદવહન સિંચાઇ યોજના, વાત્રક જળાશય આધારીત ઉદવહન સિંચાઇ યોજના, હાથમતી જળાશય આધારીત ઉદવહન સિંચાઇ

યોજના, હાથમતી જળાશય આધારીત ભિલોડા તાલુકાના વિસ્થાપિત ગામોના તળાવો ભરવાની ઉદવહન સિંચાઇ યોજના, ધરોઇ જળાશય આધારીત ડોભાળા ઉદવહન સિંચાઇ યોજના, મધ્ય ગુજરાતના સિંચાઇથી વંચિત જિલ્લાઓ ખેડા-અરવલ્લી અને મહિસાગરના કપડવંજ, કઠલાલ, બાલાસિનોર, લુણાવાડા, વિરપુર, બાયડ, મહુધા અને ગલતેશ્વર તાલુકાના હયાત પાણીના સ્ત્રોતો સાથે નેટવર્કીંગ તળાવોની કેપેસિટી વધારવાની યોજના આમ કુલ ૮ ઉદવહન સિંચાઇ યોજનાઓ આયોજન હેઠળ છે. જે પૂર્ણ થયે મહીસાગર, અરવલ્લી, ખેડા અને સાબરકાંઠા વિસ્તારના કુલ-૧૫ તાલુકાઓના ૩૩૬ ગામના ૫૯૧૦૦ એકર વિસ્તારને સિંચાઇની સુવિધાઓનો લાભ મળશે તે બદલ હું માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ છે અમારી ગુજરાતની સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ સૂત્રને સાકાર કરતી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વની સરકાર જેને ખૂબ ખૂબ અભિનંદન આપું છું, જય જય ગરવી ગુજરાત.

શ્રી સુખાજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં પાણી પુરવઠાની જે માગણીઓ માનનીયશ્રી કુંવરજીભાઇ લઇને આવ્યા છે તેને મારા સમર્થન સાથે મારી વાત મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના દુરંદેશી નેતૃત્વ અને પાણી પુરવઠા વિભાગની રાજયને પીવાના પાણીની દૃષ્ટિએ જળ સલામતીમાં લીધેલાં છેલ્લાં ૨૦ વર્ષના આયોજન અને અમલના લીધે આજે દૈનિક ૩૨૦૦ એમ.એલ.ડી જેટલું પીવાનું પાણી ગ્રામ્ય વિસ્તારમાં પૂરું પાડી ગુજરાત મોડલનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા દેશના તમામ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘરે ઘરે શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય તે માટે આપણાં માનનીય વડાપ્રધાનશ્રી જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજનાની ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ શરૂઆત કરવામાં આવી છે. રાજય સરકારે આ લક્ષ્યાંક ઓકટોબર-૨૦૨૨માં સિદ્ધ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નળ મારફતે શુદ્ધ, નિયમિત અને પૂરતી માત્રામાં પીવાનું પાણી મળી રહે તે માટે બલ્ક પાઇપ લાઇન નવી યોજના તેમજ હયાત જૂથ યોજનાનાં સુધારણાનાં કામો ફળિયાઓ અને જૂથ યોજના હેઠળ આવરી લેવા માટેના ફળિયા જોડાણનાં કામો ગામમાં નળ જોડાણ માટેની ગ્રામ્ય આંતરિક વિતરણ વ્યવસ્થાના કામો હાથ ધરવામાં આવેલ છે. સરકારે પાણી પુરવઠા માટે માત્ર ભૂગર્ભ જળ ઉપર આધાર નહીં રાખતા મહદ્અંશે સર્ફેશ વોટર પૂરું પાડવા માટે સરદાર સરોવર કેનાલ તેમજ પાણીના અન્ય સોર્સ આધારિત પાણી પુરવઠા યોજના માટે ૩૧૧૨ કિલોમીટરની રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીલ પાઇપ લાઇન અને ૧ લાખ ૨૦ હજાર કિલોમીટરથી વધુ લંબાઇના વિતરણ નેટવર્ક દ્વારા રાજયના ૧૪૪૦૨ ગામો, ૨૪૦ શહેરોને પીવાનું પાણી પૂરું પાડવાની સુવિધા પૂરી પાડવામાં રાજય સરકાર સફળ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમયે હું કહેવા માગું છું કે, સન ૧૯૮૯-૯૦માં જયારે હું અમરેલી જિલ્લામાં સર્વિસ કરતો હતો, ત્યારે સવારે ઉઠું ત્યાં પહેલો જ મારા ઘરવાળાનો સવાલ હોય કે, ઉઠો વાડીએ જઇને કૂવામાંથી પીવાનું પાણી ભરી લાવો. એટલે આ નિયમિત મારો કાર્યક્રમ હતો, એટલે પીવાના પાણી માટે પણ રાત્રિનું પાણી જે કૂવામાં એકઠું થયેલું હોય તે પાણી પીવા માટે બે-ત્રણ કલાકમાં લોકો ભરી જાય એટલે પીવાના પાણી માટે જો આટલી મુશ્કેલી હોય અને આજે ૧ લાખ અને ૨૦ હજાર કિલોમીટર પીવાના પાણી માટે લાઇન નાંખી હોય ત્યારે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય પાણી પુરવઠા મંત્રીનો હું આભારી છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૬૫૦૦ ગ્રામ પંચાયતોએ વોટર ઓડિટનું કામ પૂર્ણ કરેલ છે. પાણી પુરવઠા તંત્ર દ્વારા કુલ-૩૬૩ જૂથ યોજનાઓ હેઠળ ૨ હજાર હેડવર્કસ પાણી વિતરણના સ્થળોનું વોટર ઓડિટ કરેલ છે. આટલા મોટા પ્રમાણમાં વોટર ઓડિટની જાગૃતિ લાવનાર ભારતનું આ ગુજરાત રાજય પ્રથમ રાજય બનેલ છે માટે સરકારનો હું ખૂબ ખૂબ આભારી છું. રાજયમાં હાલ ૩૩ જિલ્લાઓ અને ૨૪૧ તાલુકામાં પ્રતિ બેચ ૨૫ ઓપરેટરોને તાલીમ આપી છે કેમ કે જયાં જયાં ક્ષતિ જણાય તો તેના માટે પણ માણસોને તાલીમ આપી ઉપલબ્ધ રાખ્યા છે. પાણી પુરવઠા પ્રભાગની સેવાઓને લગતી ફરિયાદોના નિવારણ અર્થે ટોલ ફ્રી હેલ્પ લાઇન ૧૯૧૬ કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે ૨૪ કલાક કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધીની તમામ ફરિયાદોનો સંતોષપૂર્વક નિકાલ કરવામાં આવેલ છે. જે માટે સરકારનો ખૂબ-ખૂબ આભાર. હું મહેસાણા જિલ્લાના ૪૨ વિધાનસભા વિસ્તારમાંથી આવું છું. મહેસાણા જિલ્લામાં ૬૦૧ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં હાલ તમામ ગામોને જૂથ યોજના હેઠળ જોડવામાં આવેલ છે. આ તમામ ગામોને નવી સુધારણા જૂથ યોજના હેઠળ આવરી લેવા માટેનાં કામોનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. મહેસાણા જિલ્લામાં અત્યાર સુધી કુલ ૯૪૪ ગામોમાં આંતરિક ગ્રામ્ય પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવેલ છે અને નલ સે જલ કાર્યક્રમ હેઠળ મહેસાણા જિલ્લાના તમામ ઘરમાં નળ જોડાણનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. મારી વિધાનસભામાં કુલ ૫૨ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં તમામ ગામોને નર્મદા કે અન્ય સ્ત્રોત હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ તમામ ગામો માટે નર્મદા મુખ્ય કેનાલ આધારિત એન.સી.ટી.ડી.- ૫, એન-૨ જૂથ સુધારણા યોજના હેઠળ કામોના અમલીકરણ હાથ ધરવામાં આવ્યા છે. આમ રાજય સરકાર દ્વારા પીવાના પાણી ક્ષેત્રે વિશાળ માળખાકીય સુવિધાનું નિર્માણ કરવામાં આવેલ છે. જેના પરિણામે રાજયના દરેક ગામમાં ગુણવત્તાયુક્ત પાણીનો પૂરતો જથ્થો પૂરો પાડવામાં આવી રહ્યો છે. શુદ્ધ અને પૂરતા પાણીની સુવિધા સાથે રાજયની મહિલાઓ અને બાળકોને દૂર-દૂરથી પાણી ભરવાની હાડમારીમાંથી મહદંશે મુક્તિ મળેલ છે. જેના લીધે

માનવ વિકાસ સૂચકાંકમાં વધારો થયેલ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે જ્યારે આટલી મોટી વિશાળકાય યોજનાને સાકાર કરી ઘરે-ઘરે નળથી પાણી આપ્યું એ બદલ મારા મહેસાણા જિલ્લા અને ત્યાંની પ્રજાવતી હું ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય નાણામંત્રીશ્રી, માનનીય કુંવરજીભાઇ બાવળિયા સાહેબનો ખૂબ-ખૂબ આભારી છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું. ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એમાં પણ આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે હર-હંમેશ ખેડૂતોની ચિંતા કરી છે. ભૂતકાળમાં લોકો ચિંતા કરતાં હતા કે ખેડૂતોને પાણી મળશે કે નહિ મળે ત્યારે આ નર્મદા ડેમ બન્યો. નર્મદા ડેમ બન્યા પછી કોઇએ કલ્પના પણ નહિ કરી હોય કે ત્યાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી બનશે. વિશ્વમાં સૌથી ઊંચામાં ઊંચી મૂર્તિ, એકતાનું એક સ્વરૂપ, માનનીય સરદાર પટેલ સાહેબનું સ્ટેચ્યૂ ઓફ યુનિટી બનાવાવમાં આવ્યું. નર્મદા કેનાલ બન્યા પછી ગુજરાતના ખેડૂતની પાણીની સમસ્યાનું તમામ પ્રકારે નિરાકરણ થઇ ગયું. આ નર્મદા કેનાલ વિશ્વની સૌથી મોટી કેનાલ બની. પાણીને ઊંચાઇ સુધી લઇ જવું ક્યારેક અશક્ય લાગતું હતું. નેવાના પાણી મોભે ચડાવ્યાં. એનો જશ જો કોઇને જતો હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે એટલે જ આપણે નમો નર્મદે કહીએ છીએ. આ સૂત્ર પણ આપણને આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપ્યું છે. બીજી વાત કરું તો આ સરકારે મારી રજૂઆતને ધ્યાનમાં રાખીને ભૂતકાળમાં મારા અરવલ્લી જિલ્લામાં જ્યાં પથરાળ વિસ્તાર છે એ વિસ્તારમાં પાણીની સમસ્યા હતી એ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે સિંચાઇ મંત્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારે રૂ.૧૬૭ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરી. એના કારણે આજે ત્યાંના તળાવો, માલપુર તાલુકો હોય, મારો બાયડ તાલુકો હોય, મેઘરજ, મોડાસા આ બધો સૂકો વિસ્તાર છે, આદિવાસી પટ્ટો છે. એ વિસ્તારમાં પાણીની સમસ્યાનું નિરાકરણ થાય તે માટે રૂ.૧૬૭ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા(અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગની માગણી ક્રમાંકઃ ૨૨ અને ૨૩ તેમજ જળસંપત્તિ, પાણી પુવરઠા અને કલ્પસર વિભાગની મારી માગણી ક્રમાંકઃ ૬૬ અને ૬૭માં કુલ ૧૨ સભ્યોએ ભાગ લીધો છે. એમણે સૌએ જે સૂચનો/વિચારો મૂક્યા છે તેની મેં નોંધ લીધી છે અને આગામી દિવસોમાં તેમના સૂચનો મૂર્તિમંત થાય અને તેમની માગણીઓ સંતોષાય તે માટે મારો પ્રયત્ન રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણી ક્રમાંકઃ ૨૨માં મહેસૂલી ખર્ચ રૂ.૧ હજાર ૪૭૪ કરોડ ૬૧ લાખ ૭૮ હજાર અને માગણી ક્રમાંકઃ ૨૩માં મહેસૂલી ખર્ચ રૂ.૨૦૫ કરોડ ૭૬ લાખ ૩૮ હજાર, મૂડી ખર્ચ માટે રૂ.૨૪ કરોડ ૯૭ લાખ રૂપિયાની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોની માગણીઓ ગૃહ સમક્ષ રજૂ કરતાં હું આનંદ અનુભવું છું. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મક્કમ નેતૃત્વ હેઠળ રાત-દિવસ કામ કરતી આ સરકાર માટે હું ગર્વ સાથે કહીશ કે જરૂરિયાતમંદોને અન્ન સુરક્ષા અને પોષણ સુરક્ષા પૂરી પાડવી એ અમારી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. જે માટે અમારી સરકાર દ્વારા સમયસર સુચારુ અને સુદૃઢ રીતે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્યની ૧૭ હજાર કરતાં વધુ વ્યાજબી ભાવની દુકાનો પરથી દર માસે મળવાપાત્ર વિતરણ પ્રમાણ મુજબ રાહત ભાવથી આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ થાય, રાજ્યના જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદય અન્ન સુરક્ષા તથા અગ્રતા ધરાવતાં કુટુંબો મળી કુલ ૭૧ લાખથી પણ વધુ રેશનકાર્ડ ધારકોને ૩.૪૮ કરોડ જનસંખ્યાને દર માસે ઘઉં અને ચોખાનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે. તાજેતરમાં જ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ૧૨ માસ એટલે જાન્યુ.-૨૦૨૩થી ડિસે.-૨૦૨૩ સુધી લંબાવવામાં આવી છે. તે અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને દર માસે પાત્રતાના ધોરણે વિનામૂલ્યે અનાજનું વિતરણ નિયત સમયમાં કરવામાં આવેલ છે. જે માટે ફરી એક વાર માનનીય વડાપ્રધાનશ્રીનો આભાર માનું છું. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગે ગુજરાત રાજ્યની જરૂરિયાતમંદ અને છેવાડાની પ્રજાને ધ્યાનમાં રાખીને આગામી વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૬૩૯.૧૪ કરોડથી પણ વધારે એટલે કે ૪૨ ટકા કરતાં વધુના માતબર વધારા સાથે રૂ.૨,૧૬૫.૧૪ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે તે બદલ આ તકે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગનું કામ રાજ્યમાં જરૂરિયાતમંદોને અન્ન સલામતી અને અન્ન પુરવઠાનું કાયદાનુસાર નિયમન કરવાનું અને કાયદો તોડીને કાળાબજાર કરનાર કે ગ્રાહકોને છેતરનાર કાળાબજારિયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરીને ગ્રાહક હિતોનું રક્ષણ કરવાનું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ગરીબ અને છેવાડાના માનવીના ઘરમાં બે ટંકનું પોષણયુક્ત ભોજન મળી રહે તેની સતત ચિંતા કરી છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના આ પ્રયત્નને ચરિતાર્થ કરવા માટે મારો વિભાગ સંપૂર્ણ કટિબદ્ધ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો- ૨૦૨૩ની વાત કરું તો, ૧લી એપ્રિલ, ૨૦૧૬થી સમગ્ર રાજ્યમાં આ કાયદાની અમલવારી શરૂ થઇ. આ કાયદા હેઠળ બે પ્રકારના કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અંત્યોદય અન્ન યોજના A A Y અને બીજી અગ્રતા ધરાવતા કુટુંબોને P H H યોજના હેઠળ સમાવેશ કરીને એને પૂરતું અનાજ મળી રહે એ માટેની જોગવાઇ કરવામાં આવી છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ રાજ્યમાં ઘઉં અને ચોખા મળી વાર્ષિક કુલ

૨૧ લાખ મેટ્રિક ટન અનાજનું વિતરણ કરવામાં આવે છે. રાજ્યના લાભાર્થીઓને અન્ન સલામતીની સાથોસાથ પોષણક્ષમ આહાર મળી રહે તે માટે ભારત સરકાર દ્વારા પ્રથમ તબક્કામાં ચાલુ વર્ષે રાજ્યના ૧૪ જિલ્લાઓ અને ૩૩ લાખ કુટુંબોને ૧.૬૬ કરોડની જનસંખ્યામાં સાદા ચોખાના સ્થાને આર્યન, ફોલિક એસિડ તથા બી-૧૨ મિશ્રિત ફોર્ટિફાઇડ ચોખાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. આ કાયદા હેઠળ હાલમાં અંત્યોદય કુટુંબોને કુટુંબદીઠ કુલ. ૩૫ કિલોગ્રામ અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. જ્યારે અગ્રતા ધરાવતા કુટુંબોને પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિલોગ્રામ અનાજનું વિતરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ઘઉં અને ચોખાના વિતરણ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૬૧૭.૮૨ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ અનાજના વિતરણની વાત કરીએ તો, ચાલુ વર્ષે એટલે કે, ૨૦૨૨-૨૩માં એપ્રિલ ૨૦૨૨થી ડિસેમ્બર ૨૦૨૨ સુધી કુલ ૧૪.૯૮ લાખ મેટ્રિકટન અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ. આ વર્ષે જાન્યુઆરી-૨૦૨૩થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ વિનામૂલ્યે અનાજ વિતરણ ચાલુ રહેશે. 'વન નેશન, વન રેશન કાર્ડ' યોજના અંતર્ગત એન.એસ.એફ.એ. હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓ સમગ્ર દેશમાં કોઇપણ રાજ્યના કોઇપણ ગામ કે શહેરમાં વ્યાજબી ભાવની દુકાનમાં પોતાના આધાર-ઓળખ આપીને પોતાને મળવાપાત્ર જથ્થો મેળવી શકશે. મને જણાવતાં આનંદ થાય છે કે, ફેબ્રુઆરી-૨૦૨૩માં આ યોજનાના અમલીકરણ માટે આપણું ગુજરાત રાજ્ય દેશમાં ત્રીજા ક્રમે રહ્યું છે. જે લોકો બહારથી આપણા ઇન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં આવે છે અને અન્ય રાજ્યના હોય એવા લોકો પણ આ યોજના હેઠળ અનાજ મેળવી શકે છે. અનાજ સિવાયના અન્ય ધાન્યોના વિતરણની વાત કરું તો, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાહતદરે તુવેરદાળ તથા ચણાનું વિતરણ પણ કરવામાં આવે છે. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ લાભાર્થીને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર મળી રહે એ માટે રાજ્યના ૭૧.૪૬ લાખ કુટુંબોને દરમાસે પ્રતિકુટુંબ એક કિલોગ્રામ તુવેરદાળ ૫૦ રૂપિયા લેખે અને પ્રતિકુટુંબ એક કિલોગ્રામ ચણા ૩૦ રૂપિયા લેખે આપવામાં આવે છે. રાજ્યસરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં આ યોજના માટે રૂ.૨૭૬.૭૯ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ખાદ્યતેલનું વિતરણ પણ કરવામાં આવે છે. રાજ્યના ૭૧ લાખ જેટલા કુટુંબોને જન્માષ્ટમી તથા દિવાળીના તહેવારમાં એમ બે વખત રૂ.૧૦૦ પ્રતિ લિટરના રાહતદરે ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવે છે. એના માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૨૮.૧૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ખાંડનું વિતરણ રાજ્યના એ.એ.વાય. તથા બી.પી.એલ. કુટુંબો માટે કુલ ૩૧.૨૩ લાખ કાર્ડધારકોને દર માસે રાહતદરે ખાંડનું વિતરણ કરવામાં આવે છે. આ માટે આગામી વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૧૫૩.૦૫ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ડબલ ફોર્ટીફાઇડ મીઠાનું વિતરણ રાજ્યના ૭૧ લાખ કુટુંબોને દરમહિને કુટુંબદીઠ એક કિલોગ્રામ ડબલ ફોર્ટીફાઇડ મીઠાનું રૂ.૧ના રાહતદરે વિતરણ કરવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૬૦.૪૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અહીંથી ગેસ સિલિન્ડરની વાત થતી હતી ત્યારે વિનામૂલ્યે એલ.પી.જી. રિફિલિંગની યોજના, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના તથા રાજ્ય પી.એન.જી. અને એલ.પી.જી. સહાય યોજના વિગેરેનો લાભ લાભાર્થીઓને મળી રહે તે માટે કુલ ૩૮.૨૦ લાખ લાભાર્થીઓ માટે તેઓ દ્વારા એલ.પી.જી. બોટલની રિફિલિંગ કરાવવામાં સહાય રૂપે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકાર દ્વારા સદર યોજના હેઠળ ઓકટોબર-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ના કવાર્ટર અને જાન્યુઆરી -૨૦૨૩થી માર્ચ-૨૦૨૩નું કવાર્ટર, એટલે ત્રણ મહિને એક વખત, આમ, વર્ષમાં બે વખત મફતમાં રિફિલિંગ માટેની જોગવાઇ કરેલ છે. એના માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ આમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકાના ભાવે ખરીદી કરવી એ અમારો વિષય નથી, પણ અમે ખેડૂતોને પણ ફાયદો થાય અને સારી ગુણવત્તાવાળું અનાજ મળી રહે એ માટે રાજ્યના ખેડૂતોને પૂરેપૂરું વળતર મળી રહે તે માટે મારા વિભાગની નોડલ એજન્સી એટલે, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ઘઉ, ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઇ વિગેરેની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ખરીફ માર્કેટિંગ સિઝન એટલે વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત રાજ્યના ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે કુલ ૧.૭૬ લાખ મેટ્રિક ટન ડાંગરની તેમજ ૭૬૪ મેટ્રિક ટન બાજરીની ખરીદી કરવામાં આવેલ. જે અંતર્ગત રાજ્યના કુલ ૨૮૬૨૯ ખેડૂતોને અંદાજિત કુલ રૂપિયા ૩૬૩ કરોડનું સીધું ઓનલાઇન ચૂકવણું પણ કરવામાં આવેલું. રવી માર્કેટિંગ સિઝન વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાજ્યના કુલ ૨૩૭ ખરીદ કેન્દ્રો ઉપરથી ટેકાના ભાવે ઘઉ ખરીદી માટેનું અમારું આયોજન છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૨૩-૨૪ને આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ તરીકે જયારે આપણે ઉજવી રહ્યા છીએ અને દેશના પ્રધાનમંત્રીશ્રીએ એમાં પણ ખૂબ ભારપૂર્વક આપણને જે કંઇ યોજનાઓ મૂકી છે એના ઉપલક્ષ્યમાં રાજ્યના ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે સૌ પ્રથમ વખત આપણે ઉનાળું બાજરી ખરીદવા માટેનું નક્કી કર્યું છે. એને ધ્યાનમાં રાખીને બાજરી, રાગી, જુવાર અને મકાઇની ખરીદી કરવાનું આયોજન છે. એના માટે રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ કરી છે. ખાસ કરીને, બાજરીની ખરીદી માટે ક્વિન્ટલ દીઠ રૂપિયા ૩૦૦/- ની સહાય આપવાનું પણ આમાં આયોજન કર્યું છે. જાહેર વિતરણ વ્યવસ્થામાં અસરકારકતા અને પારદર્શિતા લાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. રાજયના ૯૯.૪ ટકા લાભાર્થીઓને આધાર વેરિફિકેશન દ્વારા વિતરણ કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રી ગેનીબેન એવું કહેતા હતા કે, એમાં ૮૦ ટકા માલનું વિતરણ દુકાનદાર જ કરે છે. અમે સો ટકા માલ જે તે દુકાનધારકને આપીએ છીએ. આમાં કંઇ નાનું-મોટું થાય છે એવું એમના ધ્યાન ઉપર હશે તો અમે ચોક્કસ આમાં કોઇને પણ બાંધછોડ કરવા માગતા નથી. દરેક દુકાનો ઉપર અમે સો ટકા માલ આપીએ છીએ. આ બધી સીધી

ઓનલાઇન સિસ્ટમ છે. એમાં કોઇ વચ્ચે થતું હશે તો એના માટે પણ અમે ચોકકસ પગલાં લઇશું. રાજ્યમાં વાજબી ભાવની દુકાન સંચાલકો, એમના સહાયકોને કોરોના કાળના સમય દરમ્યાન કોઇનું મૃત્યુ થયું હોય તો પ્રત્યેક કિસ્સા દીઠ રૂપિયા ૨૫ લાખ લેખે કુલ ૬૫ કિસ્સાઓમાં, રૂપિયા ૧૬ કરોડ ૨૫ લાખની સહાય પણ ચૂકવવામાં આવી છે. જિલ્લા અને રાજ્ય કક્ષાએ અનાજના પરિવહન, વિતરણ અને સ્ટૉરેજ અંગે ટેકનોલોજી આધારિત મોનિટરિંગ કરવામાં આવે છે. નિગમ દ્વારા સમગ્ર સપ્લાય ચેઇન મેનેજમેન્ટ ઉપર દેખરેખ રાખવા માટે નિગમની વડી કચેરી ખાતે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ઉભું કરવામાં આવેલું છે. જેની મદદથી રાજ્ય સ્તરે ટ્રાન્સપોર્ટેશનની કામગીરી સંદર્ભે વાહનોનું લાઇવ મોનિટરિંગ પણ કરવામાં આવે છે. જેની શંકાસ્પદ ગતિવિધિઓને ઓળખી શકાય છે અને પકડી પણ શકાય છે. નિગમ દ્વારા ગોડાઉન ખાતેથી સી.સી.ટી.વી. કૅમેરાની કામગીરી આજે પ્રગતિમાં છે અને ટૂંક સમયમાં એ પૂર્ણ થશે. જેનું મોનિટરિંગ જિલ્લા પુરવઠા અધિકારી, જિલ્લા કક્ષાએથી કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટેશનના વાહનો, મોનિટરિંગ, જી.પી.એસ. સિસ્ટમથી એને ટ્રેકિંગ કરવામાં આવે છે. રેશનકાર્ડનું ડિજિટાઇલેઝશન કરવા જાહેર જનતા માટે ટ્રાન્સફરન્સી પોર્ટલ પણ ઉપલબ્ધ છે. અહીંથી બીજા એક સભ્યશ્રીનું પણ સૂચન હતું. એ પ્રમાણે અમારા વિભાગ મારફતે તોલ-માપ તથા ગ્રાહક સુરક્ષા અને જાગૃતિ અંગેની વાત કરીએ તો, વેપારી વર્ગને કાનૂની વિજ્ઞાન માપ ખાતા પાસેથી મેળવવાના થતાં વજનમાપ સાધનોના વેરિફિકેશન, પરવાનાના રજિસ્ટ્રેશન, પરવાના પ્રમાણપત્રો વગેરે પણ, ઓનલાઇન એની વ્યવસ્થા પણ રાજ્ય સરકારે, અમારા વિભાગે કરી છે. ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં દાખલ થતાં કેસ પણ વહેલી તકે કન્ઝ્યુમર કમિશન હેઠળ ન્યાય નિર્ણયની પ્રક્રિયા ઝડપથી થાય એ માટે મીડીએશન સેન્ટર પણ એક વૈકલ્પિક તકરાર નિવારણ મિકેનિઝમ પણ અમે ઊભું કરવા જઇ રહ્યાં છીએ. જેના અનુસંધાને રાજ્ય કમિશન તેમજ જિલ્લા કમિશનનો ટૂંક સમયમાં મીડીએશન સેન્ટર્સની રચના પણ કરીને એ કાર્યરત કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, દાખલ થતાં કેસોને ૧૦૦ ટકા ઓનલાઇન અપલોડ કરવા માટેનું પણ અમારું આયોજન છે. વિના મૂલ્યે ગેસ સિલિન્ડરની વાત થઇ, એટલે હવે એનો સવાલ રહેતો નથી, પણ વર્ષે દહાડે બે વખત રીફિલિંગના એટલે કે વિના મૂલ્યે એ બે ગેસ સિલિન્ડર ભરી આપવામાં આવશે. હાર્ડવેર, સોફટવેરની ખરીદી તથા પ્રોજેકટ મેનેજમેન્ટ યુનિટના ગઠન માટે રૂપિયા ૧૦.૯૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આ સરકારે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થાય અને રાજયના નાગરિકોની અન્ન સલામતી સુનિશ્ચિત કરવાનો નિશ્ચય કરેલ છે. અમારી સરકારનો એક મહામંત્ર છે. ગુજરાતની પ્રજાનું કલ્યાણ. ગુજરાતની પ્રજાનું કલ્યાણ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા હસ્તકના વિભાગ દ્વારા થતી કામગીરીથી મેં આ સન્માનનીય સભાગૃહને વાકેફ કર્યું છે. હું વિરોધ પક્ષના અને અમારા સાથી મિત્રો જેમણે જે કોઇ સૂચનો કર્યા છે અને અમારા વિરોધ પક્ષના બેન શ્રી ગેનીબેને એમનાં જે કાંઇ સૂચનો કર્યાં છે, એની મેં નોંધ લીધી છે ત્યારે બધા જ સાથી ધારાસભ્યોને અને વિપક્ષના ધારાસભ્યોને પણ મારી વિનંતી છે કે મારી માગણીઓ પર તેઓએ મૂકેલી કાપ દરખાસ્તો પાછી ખેંચે અને હું જે માગણીઓ આ ગૃહ સમક્ષ લઇને આવ્યો છું, તેને વિના વિરોધે સર્વાનુમતે પસાર કરે તેવી વિનંતી સાથે મારી અન્ન નાગરિક પુરવઠાની મારી વાત માગણી નંબર ૨૨ અને ૨૩ની પૂરી કરું છું. જય જય ગરવી ગુજરાત. જય જય ગરવી ગુજરાત.

મારા બીજા પણ બે વિભાગો છે. એની પણ સાથે વાત કરું. માગણી નંબર ૬૬ કે જે જળ સંપત્તિ વિભાગ. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ની વિભાગની માગણી ક્રમાંક ૬૬ હેઠળ સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ માટે મહેસૂલી ખર્ચ રૂપિયા ૨૫૪૪.૦૨ કરોડ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૮૫૨૬.૮૭ કરોડની વિગતો સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરતા મને આનંદ થાય છે. જળ સંપત્તિ વિભાગ દ્વારા સિંચાઇ યોજનાઓની કાર્યક્ષમતામાં વધારો કરવો. નવી માળખાકીય સુવિધાઓ ઊભી કરવી. નવી સિંચાઇ યોજનાઓ. જળસંગ્રહ માટેના સ્ટ્રકચરો બનાવી સિંચાઇથી વંચિત વિસ્તારોમાં સિંચાઇની સુવિધા ઉપલબ્ધ કરાવવી. ક્ષાર પ્રવેશ નિયંત્રણ તેમજ ભૂગર્ભ જળની પરિસ્થિતિમાં સુધારો કરવા જેવા બહુહેતુક કાર્યો આ અમારા વિભાગ મારફતે થઇ રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિસ્તાર પ્રમાણે થોડી વાત કરું તો સિંચાઇની વાત કરીએ તો ઉત્તર ગુજરાતની અંદર મારા બેન ગેનીબેન અને બીજા સભ્યશ્રીઓ અહીંથી વાત કરતા હતા, એમને હું વિભાગવાર એટલા માટે કહેવા માગું છું કે અમારા સિંચાઇ વિભાગે જે કામગીરી કરી છે અને આવતા દિવસોમાં અમારું જે આયોજન છે. એનાથી એ વાકેફ થાય એટલા માટે હું વિસ્તારવાઇઝ પણ થોડી વાત કરીશ. કાયમી જળ સમસ્યાવાળો અમારો આ ઉત્તર ગુજરાતનો વિસ્તાર. જેમાં પ્રગતિ હેઠળની થરાદથી સીપુ ડેમ સુધીની પાઇપલાઇન માટે રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેનાથી બનાસકાંઠા જિલ્લાના વિવિધ વિસ્તારોને પૂરક સિંચાઇનો લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખોરસંગ-માતપુર ડીંડરોલ પાઇપલાઇનને લંબાવી મુકતેશ્વર જળાશયમાં નર્મદાના પૂરના વધારાના પાણી પંહોચાડવા માટેની કામગીરી માટે રૂપિયા ૧૦૯ કરોડની જોગવાઇ. કસરાથી દાંતીવાડા પાઇપલાઇન માટે રૂપિયા ૬૫૦ કરોડની જોગવાઇ. તેનાથી પાટણ અને બનાસકાંઠા વિસ્તારને પૂરક સિંચાઇનો લાભ મળતો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ધરોઇ ડેમથી સંત સરોવર બૅરેજ સુધીમાં વિવિધ ગામો જે વચ્ચે આવે છે, એમાં પાંચેક જગ્યાએ અમે આ ધરોઇ ડેમનું પાણી, નદીનું પાણી રોકીને બેરેજ વિઅર બનાવવા માટેની કામગીરી પણ કરવા અમારું આગામી આયોજન છે. એના માટે રૂપિયા ૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મેશ્વો, ખારી, પુષ્પાવતી અને રૂપેણ નદી ઉપર

સિરીઝ ઓફ ચેકડેમની કામગીરી માટે રૂપિયા ૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેનાથી ગાંધીનગર, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાને તેનો લાભ મળશે. ગાંધીનગર ખાતે આવેલ ગિફ્ટ સિટી નજીક સાબરમતી નદીના કાંઠા પર પ્રોટેક્શનની કામગીરી માટે રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખારીકટ કેનાલને અન્ડરગ્રાઉન્ડ કરવા માટેની કામગીરી માટે રૂ.૩૦૦ કરોડની કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કચ્છ વિસ્તારના અબડાસાના ધારાસભ્ય હમણાં વાત કરતા હતા, કચ્છ વિસ્તારની વાત કરીએ તો એક સમય એવો હતો કે પશુપાલકો હિજરત કરી જતાં. આ જે તે ‘ કછડો બારે માસ' હરિયાળો પ્રદેશ બન્યો છે. કચ્છ વિસ્તારમાં નર્મદાના વધારાના પાણી વિતરણ માટે ઉદવહન પાઇપ લાઇનોના તબક્કા-૧ અને તબક્કા-૨ અન્વયેના કામો માટે રૂ.૪,૩૬૯ કરોડની અંદાજિત રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનાથી પ્રથમ તબક્કા હેઠળ કચ્છ જિલ્લામાં છ તાલુકાની સિંચાઇ યોજના બનીને લાભ મળવાનો છે. પ્રથમ તબક્કામાં ત્રણ લીંકોના કામ પૈકીના નોર્ધન લિંક અંદાજિત ૧,૩૯૪.૧૧ કરોડ રૂપિયામાં બનવાની છે. સધર્ન લિંક અને હાઇ સ્ટૉરેજ લિંક રૂ.૨૦૧૦.૯૯ કરોડમાં આ યોજના બનવા જઇ રહી છે. સારણ લિંકની કામગીરી, રૂ.૭૨૦.૧૪ કરોડના ટેન્ડરો મંજૂર કરવામાં આવેલ છે અને પ્રથમ અને દ્વિતિય તબક્કાના કામો માટે બજેટમાં રૂ.૧૯૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આવતા દિવસોમાં કચ્છ હરિયાળો વિસ્તાર બને તેના માટે તમામ પ્રકારનું આયોજન અમારા વિભાગે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર વિસ્તારની વાત કરીએ તો એક જમાનામાં સૌરાષ્ટ્રના વિસ્તારો સૂકાભઠ્ઠ હતા. પીવાના પાણી માટે અને સિંચાઇ માટે લોકો વલખાં મારતાં. સૌરાષ્ટ્રના વિસ્તારો માટેની સૌની યોજના પૂર્ણતાના આરે છે, જે આશીર્વાદરૂપ પુરવાર થઇ છે. સૌની યોજનાની કુલ ૧,૩૭૧ કિલોમીટરની લંબાઇ પૈકીની ૧૨૯૮ કિલોમીટરની પાઇપ લાઇનનાં કામો પૂર્ણ થયાં છે. પૂર્ણ થયેલી કામગીરીથી ૮૫ જળાશયો, ૧૬૫ કરતા વધુ તળાવો અને ૯૬૩ કરતા વધુ ચેકડેમો, આશરે ૫૮,૦૦૦ મિલિયન ઘનફૂટ નર્મદાના પાણી ભરવામાં આવ્યા છે. રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, જામનગર, ભાવનગર જેવા શહેરોને પીવાના પાણી માટેનો ફાયદો પણ થયો છે. આશરે ૫ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇની સુવિધા પણ સુદ્રઢ બની છે. થોડા સમય પહેલાં અમે અને મંત્રીશ્રી રાઘવજીભાઇ બેઠાં હતા ત્યારે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં સૌની યોજનાનું પાણી જ્યાં પહોંચ્યું છે એ લોકો એટલા બધા ખુશ હતા. થોડું પાણી ઘટતું હતું. મુખ્યમંત્રીશ્રીને અમે વિનંતી કરી. નર્મદાનું વધારાનું પાણી આપીને સૌરાષ્ટ્રથી કચ્છ વિસ્તાર સુધી સૌની યોજનાનું પાણી પહોંચાડવા માટે રાજ્ય સરકારે પ્રયાસ કર્યો છે. એટલે હું મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીનો આભાર માનું છું. સૌરાષ્ટ્ર અને કચ્છના ભરતી નિયંત્રક બંધારા, રિચાર્જ, રિચાર્જ ટૅંક, રિચાર્જ વેલ, વનીકરણ, નાળા પ્લગ, વિસ્તરણ નહેરો, રેડિયલ કેનાલો અને ચેકડેમો વગેરે ક્ષાર નિવારણ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી રહી છે. જેના થકી સૌરાષ્ટ્રમાં અને કચ્છ વિસ્તારોમાં ૪૩૯ લાખ ઘનમીટર મીઠા પાણીનો સંગ્રહ થવાનો છે. જેના લીધે સિંચાઇની જમીનને સીધો અથવા આડકતરો ફાયદો થવાનો છે. આ કામો થકી ભૂગર્ભજળની ગુણવત્તામાં સુધારો થશે. ભૂગર્ભજળની સપાટીમાં નોંધપાત્ર વધારો થશે. સરકારશ્રી દ્વારા આ ઉપરાંત નીચે મુજબનાં કામો હાથ ધરવા માટેનું આયોજન છે. દરેક વિસ્તારને ન્યાય મળે તે માટેનો અમે પ્રયાસ કર્યો છે. ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં મેથળા બંધારાનું કામ જે વર્ષોથી પડતર હતું. માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર આવતાની સાથે આવી લાંબા સમયથી જે કોઇ યોજનાઓ પડતર હોય તેનું વહેલીતકે આયોજન થાય અને આગામી વર્ષમાં તેનો સમાવેશ થાય તે માટેના પ્રયાસના ભાગ રૂપે મેથળા બંધારાનું કામ અને ભાવનગરના સરતારપુર બંધારાનું કામ આગામી દિવસોમાં કાર્યરત થશે. ગીર-સોમનાથ જિલ્લામાં આવેલ હયાત આદરી બંધારાથી મૂળ દ્વારકા ટાઇડલ રેગ્યુલેટરને જોડતી વિસ્તરણ કેનાલનું કામ અંદાજિત રૂ.૧૦૧.૯૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી પણ આપવામાં આવી છે. ઘેડ વિકાસ યોજનાની માનનીય ભગાભાઇ પણ હમણાં વાત કરત હતા, ક્ષાર અંકુશ યોજનાના કામો માટે અંદાજિત રૂપિયા ૩૭ કરોડની પણ અલગથી જોગવાઇ કરી છે જે દરિયાકાંઠાની અંદર ખાસ કરીને દરિયાનું પાણી આગળ વધતું હોય અને ખેતી લાયક જમીન બગડતી હોય તો એને રોકવા માટે, પાણીના નિકાલ માટેની જે જોગવાઇ કરવાની થતી હશે તે આ ઘેડ વિસ્તાર યોજના હેઠળ સમાવેશ કરીને ખારા પાણીને આગળ વધતું અટકાવવા માટેનો પ્રયાસ મારા વિભાગ મારફતે કરવામાં આવશે. માલણ બંધારા તથા સમઢીયાળા બંધારાને જોડતી વિસ્તરણ નહેર માટે અંદાજે રૂ.૩૯.૧૫ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી પણ આપવામાં આવી છે. નાની સિંચાઇ યોજનાઓ, જૂના સ્ટ્રકચર અનુશ્રવણ તળાવો, ચેકડેમો કે જે રિપેર થઇ શકે તેવા કામોને સેઇફ સ્ટેજે લઇ જવા માટે ડીપનિંગ થઇ શકે તેવા ચેકડેમો કે જે યોજનાઓમાં થયા હોય પરંતુ રિપેરિંગ થઇ તેવા તમામ કામોને સલામત સ્થિતિએ લઇ જવા માટેનાં કામોને ચાલુ વર્ષે અમે એને અગ્રતા આપવાના છીએ. માનનીય સૌ સભ્યશ્રીઓને પણ મારી વિનંતી છે કે આવા જે વર્ષો પહેલાં આ સ્ટ્રકચરો બન્યા હોય અને જે રિપેરિંગ ન થઇ શકયા હોય અને એને કારણે પાણીની સંગ્રહશકિત ઘટી હોય એને વધારવા માટે ફરી પાછા મૂળ સ્થિતિમાં લઇ જવા માટે, એના પાળા તૂટી ગયા હોય કે બીજી કોઇ મુશ્કેલી હશે તો એના અનુશ્રવણ તળાવોનો પણ આમાં સમાવેશ કરીને અગ્રતાના ધોરણે એમાં પાણી વધારે સંગ્રહ થઇ શકે એના માટે અમે આયોજન કરવા જઇ રહ્યા છીએ. આદિવાસી વિસ્તાર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો રાજયમાં ઉમરગામથી અંબાજી સુધીના પૂર્વપટ્ટી આદિવાસી વિસ્તારના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાને સિંચાઇની સવલતો પૂરી પાડવા માટે, નવા ચેકડેમો બાંધવા, તળાવો ઊંડા કરવા, ઉદવહન સિંચાઇ યોજનાઓ, હાઇલેવલ કેનાલ વગેરે કામોનું આયોજન પણ અમે કર્યું છે. વધુમાં ગુજરાત સરકાર દ્વારા વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત રૂ.૫૯૦૩ કરોડના ખર્ચે ૧૫,૭૯૮ના વિવિધ કામો થકી ૫, ૫૫,૮૦૫ એકર વિસ્તારમાં સિંચાઇનું આયોજન આના માટે

કરવામાં આવ્યું છે. ઉદવહન પાઇપલાઇન સિંચાઇ યોજના, આદિવાસી વિસ્તારમાં જયાં અંતરિયાળ કે પર્વતીય વિસ્તારોમાં પાણી પહોંચાડવું ખૂબ મુશ્કેલ હોય છે. કડાણા જળાશય, કરજણ જળાશય, કાંકરાપાળ જળાશય અને ઉકાઇ જળાશય આધારીત ૧૩ મોટી ઉદવહન યોજનાઓ રૂ.૫૦૪૨ કરોડના ખર્ચે સિંચાઇની સુવિધા આપવા માટેનું કામ અમે હાથ ધર્યું છે. આ પૈકીની ૭ યોજનાની કામગીરી પૂર્ણ થઇ છે અને ૬ યોજનનાં કામો એ પ્રગતિ હેઠળ છે. પ્રગતિ હેઠળની રૂપિયા ૧૦૨૦ કરોડની યોજનાઓ જે ઉકાઇ જળાશય આધારીત સોનગઢ, ઉચ્છલ, નીઝર ઉદ્વહન પાઇપલાઇન માટે રૂ. ૧૭૫ કરોડની જોગવાઇ આ બજેટમાં અમે કરી છે. સુરત જિલ્લામાં રૂ.૫૯૦ કરોડના ખર્ચે, કાંકરાપાળ ગોરધા-વડ ઉદવહન પાઇપલાઇન યોજનાની કામગીરી પૂર્ણ થવામાં છે. પ્રગતિ હેઠળના નર્મદા જિલ્લાના કરજણ જળાશય આધારિત રૂ.૪૧૮ કરોડની કિંમતની ઉદવહન પાઇપલાઇન યોજના માટે રૂ.૪૫ કરોડની જોગવાઇ કરી છે, જેનાથી નર્મદા જિલ્લાના, સુરત જિલ્લાના અને ભરૂચ જિલ્લાના વિવિધ વિસ્તારોને સિંચાઇનો લાભ મળતો થશે. પ્રગતિ હેઠળની રૂ. ૭૧૧ કરોડની અંદાજિત રકમની તાપી, કરજણ લિંક પાઇપલાઇન યોજનાના કામો માટે રૂ.૧૩૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. પ્રગતિ હેઠળની અંદાજિત રકમ રૂ.૨૨૬.૩૪ કરોડની કડાણા જળાશય આધારીત કડાણા-દાહોદ પાઇપલાઇનનું વિસ્તૃતીકરણનાં કામોથી સિંચાઇથી વંચિત રહેતા આદિવાસી વિસ્તારનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પંચમહાલ જિલ્લાના તેમજ મહિસાગર જિલ્લાના વિસ્તારોમાં પાનમ ઉચ્ચસ્તરીય કેનાલ આધારિત યોજના માટે તથા પંચમહાલ જિલ્લાના વિસ્તારો માટે પાનમ જળાશય આધરીત પંચમહાલ જિલ્લાના પૂર્વપટ્ટી વિસ્તાર માટેની યોજનાઓ માટે પણ આ બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય કેનાલ આધારીત યોજના માટે મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના વિવિધ તળાવો ભરવાની યોજનાથી વિવિધ વિસ્તારને લાભ થશે એના માટેની પણ આમાં જોગવાઇ કરી છે. સંતરામપુર તાલુકાનાં ગ્રામ્ય તળાવો તથા મોરલનાકા અને બાબરી નાની સિંચાઇ યોજનાને પાઇપલાઇન દ્વારા લિંક કરી પાણી ભરવાની યોજનાથી વિવિધ વિસ્તારોને એનો લાભ થવાનો છે. ઉકત બન્ને કામો પૂર્ણ કરવાનાં આરે છે. વાત્રક નદીના બંને કાંઠા પાસે વેલ પોઇન્ટ બનાવી અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારના તળાવો ભરવાની જોગવાઇ કરી છે. શામળાજી પાસે આવેલ મેશ્વો જળાશયમાંથી પાણી ઉદવહન કરીને ભિલોડા અને મેઘરજ તાલુકાના વિવિધ તળાવો ભરવાનું આયોજન છે. કડાણા તાલુકાના સરસડીથી કડાણા ઉત્તર ભાગે એલ.આઇ. સ્કીમ તથા કડાણા તાલુકાના ગામ તળાવોને પાઇપલાઇન દ્વારા લિંક કરી પાણી ભરવાની યોજના બનાવી સિંચાઇ સુવિધા આપવા માટેની અમે જોગવાઇ કરી છે. પાનમ જળાશય આધારિત સંતરામપુર તાલુકાના ગામોના તળાવો ભરવા માટે અંદાજિત રૂપિયા ૧૩૨.૭૨ કરોડની ઉદવહન સિંચાઇ યોજના પણ આયોજન હેઠળ છે. જેનાથી ૨૩ ગામોનો લાભાન્વિત તરીકે આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિયર રિચાર્જ યોજનાઓ તથા અન્ય બીજાં કામો છે, ખાસ કરીને નવસારી જિલ્લાના દરિયા કિનારાની પટ્ટીમાં હોય એવા વિસ્તારનો પણ સમાવેશ કર્યો છે. નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના વાઘરેજ ટાઇડલ રેગ્યુલેટર યોજના માટે રૂપિયા ૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નવસારી જિલ્લાના વેરાવળ કસ્બાપાર ખાતે પૂર્ણા ટાઇડલ રેગ્યુલેટર યોજના માટે રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરી છે. વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના વિવિધ ગામોને સિંચાઇ સુવિધા આપવા માટે પોઇચા ગામે મહી નદી ઉપર વિયર બનાવવાનું આ બજેટમાં આયોજન છે. જળ સંચયની કામગીરી જોઇએ તો, હમણાં ગેનીબેન વાત કરતા હતા કે જળસંચયનાં કામોમાં જે અગાઉ કામો થયાં એ ફરી રિપીટ થાય છે. એમના ધ્યાન ઉપર મૂકું કે એક જગ્યાએ કામ થયું હોય તો ફરી એ જ કામ ત્રણ વર્ષ સુધી લઇ શકાતું નથી. એને ધ્યાનમાં રાખીને તમે જે મારા ધ્યાન ઉપર મૂક્યું છે એ બાબતે ચોક્કસ એ કામ ફરી હાથ ઉપર ન લેવાય એ માટેની પૂરી કાળજી રાખીશું. જળ સંચયની કામગીરી માટે રૂપિયા ૨૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરદાર સરોવર જળ અભિયાન અંતર્ગત છેલ્લા ૫ વર્ષમાં ૭૪,૫૦૯ કામો હાથ ધરવામાં આવેલ જે પૈકી મુખ્યત્વે તળાવો ઊંડા કરવા, નવા તળાવોના ૨૭,૭૯૯ કામો, ચેકડેમ, ડિશિલ્ટિંગના ૧૬,૨૯૧ કામો, ચેકડેમ રિપેરિંગના ૪,૫૦૮ કામો કરવામાં આવેલ છે. આમ, કુલ ૫૬,૭૭૮ કિલોમિટર લંબાઇની નહેરોનું પણ રિનોવેશન અને કાંસ કાઢવા માટેની આમાં જોગવાઇ કરેલ છે અને કામો થયાં છે. અભિયાન અંતર્ગત છેલ્લા ૫ વર્ષમાં થયેલા કામોની જળ સંગ્રહ શક્તિમાં કુલ ૮૬,૧૯૬ લાખ ઘનફૂટ જેટલો વધારો થયો છે. ૧૭૮ લાખ માનવદિનની રોજગારી મળી છે. ગુજરાત રાજ્યમાં ૧ લાખ ૮૦ હજારથી વધારે ચેકડેમો બાંધવામાં આવેલ છે. આ ચેકડેમો પૈકીના અમુક ચેકડેમોને મરામત, સુદઢીકરણની જરૂરિયાત હોવાથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આમાં જે કોઇ જોગવાઇઓ હોય એમાં ખૂબ મદદ કરી છે. વિવિધ બિન સરકારી સંગઠનોના માધ્યમથી, હમણાં ગેનીબેન કહેતા હતા કે ૬૦:૪૦ના બદલે આ વખતે ઘનમિટરનો ભાવ ૪૦ રૂપિયા હતો એના બદલે હવે માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરતાં નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૪૦ રૂપિયાના બદલે ૫૨ રૂપિયા ઘનમિટરનો ભાવ વધારી આપ્યો છે. ૬૦:૪૦ના બદલે એન.જી.ઓ. મારફતે કામ કરે તો ૮૦:૨૦નો રેશિયો કરવા માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપી છે. વધારેને વધારે લોકભાગીદારીથી લોકો આમાં જોડાય એ માટેનો અભિયાનનો અમારો કાર્યક્રમ છે. આ જળ સંચયના અભિયાનની અંદર સૌ ધારાસભ્યશ્રીઓને અમારી વિનંતી છે કે આપણે આપણા વિસ્તારમાં આ જળ સંચયના અભિયાનમાં સામેલ થઇએ. એમાં લોક ભાગીદારીમાં અને ખાસ કરીને કોઇ એન.જી.ઓ. સારું કામ કરતાં હોય, તમારા ધ્યાન ઉપર હોય તો એને સામેલ કરીને સાથે સાથે લોકભાગીદારીમાં ખાસ કરીને વિસ્તારની અંદર નાની મોટી ઈન્ડસ્ટ્રીઝ હોય એ સિવાયના કોઇ લોકફાળો આપી શકે એવા લોકો આમાં સામેલ થાય અને આ જળ અભિયાનનું કામ ખૂબ સારી રીતે તમારા વિસ્તારમાં થાય એવી આપ સૌ કાળજી લેશો એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધું કરવા છતાં કોઇ જગ્યાએ લોકફાળો ન ભરી શકે એમ હોય તો એવો વિસ્તાર હોય તો એવા વિસ્તારને ધ્યાનમાં રાખીએ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમાં છૂટ આપી છે. ખાસ કિસ્સામાં ત્યાં એવું હશે તો ૧૦૦ રૂપિયાના ખર્ચથી પણ રાજ્ય સરકાર અને સિંચાઇ વિભાગ કામ કરશે. જૂનાં કામો, હયાત બાંધકામ, ચેકડેમો, નહેરની સુધારણા અને સહભાગી સિંચાઇ યોજના, એના વ્યવસ્થાપનના ભાગરૂપે તમારા વિસ્તારમાં ખૂબ જૂનું સ્ટ્રકચર હોય, રાજ્યમાં ૨૫ વર્ષથી જૂના સ્ટ્રકચર હયાત હોય અને તેની સુધારણા કોઇપણ સ્કીમ હેઠળ અગાઉ ન થયેલ હોય,તેવા સ્ટ્રકચરનું નવીનીકરણ ઝુંબેશના સ્વરૂપે હાથ ધરવામાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દભાઇ પટેલે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. વર્ષોથી જૂના સ્ટ્રકચરો છે તે તમામનું તબક્કાવાર ઓછા ખર્ચે નવીનીકરણ થશે. આ ઝુંબેશના કારણે સ્વાભાવિકપણે એના સિંચાઇ હેઠળનો વિસ્તાર વધશે, પાણીની સંગ્રહ શકિત વધશે, પાણીનો બગાડ થતો ઘટશે અને ખેડૂતોને સમયસર પૂરતા પ્રમાણમાં સિંચાઇ અને પીવાના પાણી માટે વિશેષ સુવિધા ઊભી થાય એના માટેનો પણ પ્રયાસ થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ''અટલ ભૂ જલ યોજના'' ની વાત કરું તો હમણાં અમારા અબડાસાના માનનીય ધારાસભ્યશ્રી વાત કરતા હતા વિયર-બંધારાને જોડતી વિસ્તરણ નહેર માટે આ પાણી રિચાર્જ કરવા માટે અને પાણીનો સંગ્રહ કરવા માટે, પાણીના મેપિંગ માટે આ એક ભારત સરકારની સરસ મઝાની યોજના છે. ''અટલ ભૂ જલ યોજના'' ની વાત કરું તો આપણા લોકલાડિલા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી અટલબિહારી વાજપઇજીની જન્મજયંતિ વખતે એમણે ૨૫મી ડિસેમ્બર, ૨૦૧૯થી આ યોજનાનો આરંભ કરાવેલ. આ યોજનાનો સમયગાળો પાંચ વર્ષનો છે. આ યોજના ભૂગર્ભજળને લગતી છે અને તેનું લક્ષ્ય દેશના જે ભાગોમાં ભૂગર્ભજળ સ્તર ઘણું નીચું ઊતરી ગયું છે, તેવા ભાગોમાં ભૂગર્ભજળનું સ્તર ઉપર લાવવા માટેના પ્રયાસના ભાગરૂપે આ યોજના મૂકી છે. ગુજરાતના ૬ જિલ્લા ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા અને કચ્છનો સમાવેશ થયો છે એમાં ખાસ કરીને સાબરકાંઠા અને કચ્છના બધા જ માનનીય સદસ્યોશ્રીઓને મારી વિનંતી છે કે આના અમલ માટે અમે પ્રચાર-પ્રસાર માટેના રથનું ૧૫ દિવસ પ્રસ્થાન કરાવ્યું હતું. હજુ પણ પ્રચાર-પ્રસાર માટે કાંઇ સુવિધા કરવાની થતી હોય તો અમને ચોક્કસ ધ્યાન ઉપર મૂકજો અને આ યોજનાનો ૬ જિલ્લામાં વિશેષ લાભ લેવાય એ માટે આપ સૌ કાળજી રાખો એવી મારી વિનંતી છે. અન્ય અગત્યની બાબતો માટે સૂક્ષ્મ સિંચાઇથી ''પર ડ્રોપ, મોર ક્રોપ'' ની વિભાવના સાર્થક કરવા માટે ઉદવહન સિંચાઇ યોજનાઓની સાથે જોડીને, ઉદવહન સિંચાઇ યોજનામાં પાઇપલાઇન દ્વારા અપાતા પાણીમાં સૂક્ષ્મ સિંચાઇના ઉપયોગથી વોટર યૂઝ એફિસિયન્સીમાં વધારો થાય, પાણી અને વીજળીની બચત થાય, ખેત ઉત્પાદનમાં વધારો થાય એ માટે ઉદવહન સિંચાઇ યોજનાની સાથે સૂક્ષ્મ સિંચાઇને જોડવા માટે આ વખતે અમે પ્રયાસ અને પ્રયત્ન કર્યો છે અને આવી જુદી જુદી યોજનાઓનો આમાં સમાવેશ થાય એ માટે વધારેમાં વધારે સૂક્ષ્મ સિંચાઇ યોજનાનો સૌ વિસ્તારમાં લાભ લેવાય એવી પણ મારી આપ સૌને વિનંતી છે, એના માટે રૂપિયા ૪૮૨ કરોડની જોગવગાઇ અલગથી કરવામાં આવી છે. અહીંયા આપણાં માનનીય સભ્યશ્રીઓએ જે કાંઇ સૂચનો અને સિંચાઇને લગતી વાત મૂકી છે એની મેં નોંધ લીધી છે. હું છેલ્લે થોડાક સૂચનો આવ્યાં છે એની વાત કરીશ. જે કાંઇ સિંચાઇને લગતા કામો હોય, કેનાલ બનાવવાના પ્રશ્નો હોય, સિંચાઇની વ્યવસ્થા અંગેની વાત હોય, સિંચાઇ માટે પૂરતું પાણી છોડવાની બાબતની વાત હોય એ પ્રશ્ન ઉઠાવીને જે થોડાક દસેક માનનીય ધારાસભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત રજૂ કરી છે. એમને મારી વિનંતી છે કે લગભગ અમે સિંચાઇ વિભાગમાં સતત મોનિટરિંગ કરીએ છીએ. પૂરતા પ્રમાણમાં ખેડૂતોને પાણી મળી રહે એના માટે વિવિધ યોજનાઓ સૂજલામ સૂફલામ યોજના, સૌની યોજના કે કેનાલ મારફતે પાણી સમયસર મળે એ માટે પ્રયત્ન કરીએ છીએ. ક્યાંક કેનાલોનો પ્રશ્ન હશે અને જે પણ અમારાં ધ્યાન ઉપર આવશે તો ચોક્કસ એનું વહેલી તકે સમારકામ અને રિપેરિંગ થાય અને ખેડૂતોને સિંચાઇની સુવિધામાં કોઇ મુશ્કેલી ના પડે તે માટે અમારો વિભાગ સતત પ્રયત્નશીલ છે. જળસંપત્તિ વિભાગ દ્વારા રાજ્યના દરેકે દરેક જિલ્લા અને તાલુકા ભલે તે બોટાદ, જામનગર, પાટણ હોય એ તમામ જિલ્લામાં જ્યાં બાકી હશે ત્યાં જરૂરિયાત મુજબ પાકી અને મજબૂત કેનાલ બનાવવા માટે અમારું આયોજન છે. આ સિંચાઇ યોજનામાં પીવાના પાણીનો જથ્થો અનામત રાખ્યા બાદ શ્રી અર્જુનભાઇએ એક વાત મારા ધ્યાન પર મૂકી હતી એ ધ્યાને લીધી છે. સિંચાઇ યોજનામાં પીવાના પાણીનો જથ્થો અનામત રાખ્યા બાદ સિંચાઇ માટે ઉપલબ્ધ થતા પાણી માટે ખડૂતો, અધિકારીઓ અને પદાધિકારીઓને સમાવતી સિંચાઇ સલાહકાર સમિતિની બેઠક મળતી હોય છે અને એમાં જે પ્રમાણેના વિસ્તારમાંથી સૂચન આવશે કે આ ડેમની અંદર આટલું પાણી છોડવા અને આટલું પાણી અનામત રાખીને આ પાણી છોડવામાં વાધો નથી એ પ્રમાણે દરેક ડેમમાંથી વધારે પાણી સિંચાઇ માટે છોડવાની સલાહ મુજબ અમે પાણી દરેક ખેડૂતને આપવા માટેનો નિર્ણય કર્યો છે અને એ પ્રમાણે પાણી આપીએ છીએ. સમગ્ર સિંચાઇ વિભાગની કામગીરીનો ચિતાર અહીં જે આપ્યો છે તે ધ્યાને લેતાં મને એવું લાગે છે કે, સિંચાઇ સુવિધા તંત્રની નિષ્ફળતાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતાંય અમારી એમાં ક્ષતિ હશે તો એ સુધારવા માટેની અમારી તૈયારી છે અને જે કોઇ સદસ્યોશ્રીઓ અહીંયા કાપ દરખાસ્ત લઇને આવ્યાં છે એ બધા જ મિત્રોને મારી વિનંતી છે કે અમે શક્ય છે ત્યાં સુધી અમારો વિભાગ સતત પ્રયત્નશીલ રહ્યો છે. ત્યારે આપ સૌએ મૂકેલી કાપ દરખાસ્ત પાછી ખેંચો અને સમર્થન આપો એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા મારા ત્રીજા વિભાગની માગણી નં. ૬૭ પાણી પુરવઠા વિભાગ એમાં પણ જે સભ્યશ્રીઓનાં સૂચનો અને કેટલાકની પીવાના પાણી માટેની જે લાગણી છે એ મુદ્દાઓની પણ મેં નોંધ કરી છે અને એ અંગે

પણ પૂરી કાળજી લઇને પીવાના પાણી માટેની જે વિસ્તારની અંદર સમસ્યા હશે, મારે ન કહેવું જોઇએ કોરોનાકાળના સમય દરમિયાન પણ જયારે આ વિભાગ મારી પાસે હતો એ વખતે કોરોનાકાળના સમયમાં લગભગ આખા ગુજરાતમાં હું જેટલી જગ્યાએ જઇ શકાય ત્યાં પીવાના પાણીની લોકોને મુશ્કેલી ન પડે, ત્યાં અમારું હેડવર્કસ હોય અથવા તો જયાંથી પાણીના સોર્સ હોય એ જગ્યાએ જઇને અમે અધિકારીઓને સાથે રાખીને જે સૂચનો હોય અને મુશ્કેલીઓ હોય એને ધ્યાનમાં રાખીને પીવાનું પાણી એ હેડવર્કસ ઉપરથી કયાંય જતું હોય, ડબલ્યુ ટી.પી. એટલે અમારો ફીલ્ટર પ્લાન્ટ બન્યા પછી કામ ન થતું હોય, કયાંક પાઇપો નખાઇ હોય અને કાર્યરત ન હોય, કયાંક એવું બન્યું હોય કે યોજના બની હોય અને હમણા જેમ ગેનીબહેને વાત કરી તેમ કે કોઇ કોન્ટ્રાકટર એવા મળી ગયા હોય કે જેણે કદાચ ત્યાં નાનું મોટું કામ અધવચ્ચેથી છોડી દીધું હોય આવું અમે સ્થળ ઉપર જઇને પીવાના પાણી માટેની જે કંઇ સુવિધાઓ કરવાની થતી હોય એ કરવા માટે પ્રયત્ન કરીએ છીએ. એવા વિભાગની માગણી ક્રમાંક -૬૭ હું આપની સમક્ષ લઇને આવ્યો છું. વર્ષ ૨૦૨૩-૨૪ની પાણી પુરવઠા વિભાગની માગણી ક્રમાંક-૬૭ મુજબ મહેસૂલી ખર્ચ રૂ.૨૬૪.૧૪ કરોડ અને મૂડી ખર્ચ રૂ.૪૫૨૮.૭૯ કરોડની માગણી ગૃહ સમક્ષ રજૂ કરતા હું આનંદ અનુભવું છું. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદષ્ટિથી રાજય સરકારે ત્રણ આયામી વ્યવસ્થા દ્વારા પીવાના પાણીના ક્ષેત્રે એક અભૂતપૂર્વ કામ કરેલ છે. આજે જોઇએ તો પીવાના પાણીની દષ્ટિએ રાજયના તમામ વિસ્તારો માટે જળ સલામતીની વ્યવસ્થા જે ઊભી કરવામાં આવી છે તે પરિવર્તનકારી વહીવટ એટલે કે ટ્રાન્સફર્મેટીવ ગવર્નન્સનું એક ઉદાહરણ પૂરું પાડે છે. અમે ભૂતકાળની અંદર જોયું છે અને અમે પણ સાક્ષી છીએ કે ભૂતકાળની અંદર જો આ સૌની યોજના કે પીવાના પાણી માટેની ગ્રીડ બની ન હોત તો લગભગ સૌરાષ્ટ્ર કે કચ્છનો વિસ્તાર અથવા તો ઉત્તર ગુજરાતનો વિસ્તાર એને પીવાના પાણી માટે થઇને હિજરત કરવી પડે એવી સ્થિતિ હતી પરંતુ જયારે આ યોજના બની સૌની યોજના, સુજલામ સુફલામ યોજના બની કે વોટર ગ્રીડની યોજના બની કે જેને કારણે લગભગ મોટાભાગની પીવાના પાણી માટેની સમસ્યા હતી એ હલ કરવા માટે આ યોજનાઓ ખૂબ સારી સાબિત થઇ છે. રાજય સરકારના વ્યવહારિક અને સકારાત્મક નેતૃત્વ હેઠળ રાજયની પાણીની અછતની પરિસ્થિતિને ટકાઉ ધોરણે નિવારવાના લક્ષ્ય સાથે રાજયવ્યાપી પાણીપુરવઠા ગ્રીડ બનાવવાની પહેલ કરી તમામને પૂરતા પ્રમાણમાં પાણી સુનિશ્ચિત કરવા માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડથી વધુ રકમના ખર્ચે મજબૂત માળખું બનાવવામાં આવ્યું છે. એ થકી ૩૧૧૨ કિલોમીટરની બલ્ક પાઇપલાઇનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પાણી પુરવઠા ગ્રીડ દ્વારા રાજયના લગભગ ૧૮૦૦૦ ગામડાંઓ પૈકી ૧૪૪૦૨ ગામો તેમજ ૨૪૦ શહેરો સરફેસ સ્ત્રોતથી જોડાયેલા છે. એ પૈકીના ૧૦,૦૧૬ ગામો નર્મદા આધારિત છે. જો આ યોજના ન બની હોત તો મેં આપને કહ્યું તેમ આ વિસ્તારમાં પીવાના પાણી માટેની સમસ્યા દર ઉનાળામાં ઊભી થતી હતી તેથી એ ગામડાંઓ ખાલી થયા હોત એટલે આજે ૧૦૦૧૬ ગામો નર્મદા આધારિત પીવાના પાણી યોજના સાથે જોડાયેલા છે. એ પૈકી સમગ્ર રાજયમાં ૩૫૨ જૂથ યોજનાઓ બનેલી છે. એની હેઠળ ૧૪૩૨ હેડ/સબ હેડવર્કસ આવેલા છે. એના માધ્યમથી ૪.૩૬ કરોડ લોકોને દૈનિક લગભગ ૩૪૦૦ એમ.એલ. પાણી પૂરું પાડવામાં આવે છે. ચાલુ વર્ષની પાણી પુરવઠા વિભાગના બજેટની મહત્ત્વની જોગવાઇ વર્ષ ૨૦૨૩-૨૪માં રાજય સરકાર દ્વારા કુલ રૂ.૬૦૦૦ કરોડની જોગવાઇ પાણી પુરવઠા યોજનાઓ માટે રાખવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીનો પણ હું આભાર માનું છું કે જેમણે પીવાના પાણી માટેની ચિંતા વ્યકત કરીને આટલી મોટી રકમની આ વખતે પણ પીવાના પાણી માટે જોગવાઇ કરી છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા આ વર્ષે રૂપિયા ૨૬૯૨ કરોડની રકમ ભારત સરકાર પાસેથી ગ્રાન્ટ સ્વરૂપે મેળવવામાં આવનાર છે. મુખ્ય યોજનાઓની થોડીક વાત કરીએ તો જલ જીવન મિશન અંતર્ગતની યોજના માટે રૂ. ૨૬૦૧.૮૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓમાં કયાંક સુધારણાની યોજના હોય, કયાંક નવી યોજના બનાવવાની હોય, નવા સોર્સ શોધવાના હોય તેના માટે ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ માટે રૂ.૧૩૦૦ કરોડની જોગવાઇ કરી છે. નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠાની જોગવાઇ માટે રૂ.૮૦૦ કરોડની જોગવાઇ, રિયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વૉટર માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરી છે. રાજ્ય સરકાર આદિવાસી વિસ્તારોમાં ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજનાઓ જે ખાસ કરીને ગામની અંદરની જે પાણી પુરવઠાની યોજના બનાવવાની હોય તેમાં ૧૦ ટકા લોકફાળો લેવાનો થતો હોય છે. આવા જે વિસ્તારો છે, આદિવાસી વિસ્તારો છે તેમને ૧૦ ટકા લોકફાળો ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે. તે જ રીતે અનુસૂચિત જાતિ કે જયાં ગામમાં તેમની વસતિ ૪૦ ટકા હોય અથવા ૨૫૦ થી વધુ લોકો ગામમાં અનુસૂચિત જાતિના લોકો વસતા હોય તેમને માટે પણ લોકફાળામાંથી મુક્તિ આપવામાં આવે છે. આના કારણે અનેક ગામડાંની અંદર આવી ૧૦ ટકાની રકમ ભર્યા વિના આંતરિક પેયજળ યોજના, જે અંદરની પાણીની વ્યવસ્થા ગોઠવવાની હોય છે તે થઇ શકશે. તે રીતે આ રાજ્ય સરકારનો પાણી પુરવઠા વિભાગ કામ કરી રહ્યો છે. જલ જીવન મિશન, હર ઘર જલ યોજના. દેશના પ્રધાનમંત્રીનું જે સ્વપ્ન છે તે સ્વપ્નને સાકાર કરવા માટે અમારો વિભાગ સતત પ્રયત્નશીલ છે. ભારત સરકાર દ્વારા દેશના તમામ નાગરિકને ૨૦૨૪ સુધીમાં ઘરે ઘરે શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય તે માટે.....

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ ( દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે (થોડીવાર બાદ) માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : આભાર માનનીય અધ્યક્ષશ્રી, જલ જીવન મિશન હેઠળ હર ઘર જલ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા દેશના તમામ નાગરિકોને વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘરે ઘરે શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે માટે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ હર ઘર જલ યોજના જાહેર કરી છે. જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ કાર્યક્રમની શરૂઆત સન ૨૦૧૯-૨૦માં થઇ અને ગુજરાત રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં લગભગ ૯૧.૭૭ લાખ ઘરોને નળ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવા માટેના નળ જોડાણ આપવામાં આવેલ છે. પહેલાં જે જૂની યોજનાઓ બની હતી તે યોજનાઓને ધ્યાનમાં રાખી સુધારણાના જે કામો થાય છે તેમાં પહેલાં માથાદીઠ ૭૫ લિટરની યોજનાઓ બનતી. તેના પછી આ જલ જીવન મિશન અંતર્ગત નવી યોજના બની રહી છે તેમાં માથાદીઠ ૧૦૦ લિટર પાણી આપવા માટેની યોજનાઓ બનાવવા જઇ રહ્યા છીએ. જે બિન કાર્યક્ષમ યોજનાઓ હોય તેવી યોજનાઓને સુધારણાની યોજનાઓમાં લઇ તેના સોર્સ ઊભા કરીને, સરફેસ સોર્સના માધ્યમથી ગામ સુધી પાણી પહોંચે અને ત્યાં સ્ટૉરેજ થાય અને ત્યાંથી જે ગામની આંતરિક યોજનાઓ બનેલી છે તે યોજનાઓ સાથે જોડીને ગામને પૂરતું પાણી મળે તે માટેની યોજનાઓ કરવા માટે અમે જઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાની વાત કરું તો ગ્રામ્ય કક્ષાએ ઓછામાં ઓછા એક દિવસના પાણીનો સંગ્રહ થઇ શકે તેને ધ્યાનમાં રાખીને જરૂરિયાતવાળા વિસ્તાર, ગામની અંદર નવા સ્ટૉરેજ બનાવવા અને કદાચ જરૂર પડે તો વધારાના સમ્પ અને ભૂગર્ભ ટાંકા બનાવીને તે ગામની અંદર એક દિવસના પાણીનો સ્ટોક રહે તે પ્રમાણેની યોજનાઓ બનાવવા જઇ રહ્યા છીએ. રાજ્ય સરકારના તમામ જિલ્લાઓ, તાલુકાને સરફેસ વૉટર આધારિત કાયમી અને વિશ્વસનિયતા સાથે પાણી આપવા માટે સંકલ્પબદ્ધ છીએ. જેથી આદિજાતિ વિસ્તારો કે જ્યાં ઉપરના વિસ્તારોમાં સરફેસ સોર્સ નથી ત્યાં બલ્ક પાઇપલાઇન મારફતે સરફેસ સોર્સ ઊભા કરવાનો નિશ્ચય કર્યો છે. જેના ભાગરૂપે રૂ.૧૫૪૧ કરોડની ૧૪૩૦ ગામોને આવરી લેતી પાંચ બલ્ક પાઇપલાઇનની યોજનાઓ અમે મંજૂર કરી છે. તે અંતર્ગત વડોદરા બ્રાન્ચ કેનાલ આધારિત યોજનાનાં કામો પ્રગતિમાં છે. કડાણા બલ્ક પાઇપલાઇન યોજના પાંચ પેકેજનાં કામો પ્રગતિમાં છે. છોટાઉદેપુર જિલ્લાના, પંચમહાલ અને દાહોદ જિલ્લાના વિવિધ વિસ્તારો માટેની બલ્ક પાઇપલાઇન માટેના બે પેકેજ પૂર્ણ કર્યા છે અને બાકીના કામ પ્રગતિ હેઠળ છે. દમણગંગા બલ્ક પાઇપ લાઇનના યોજનાનાં કામો કે જે દક્ષિણ ગુજરાતના બે જિલ્લાને જોડતી આ યોજના છે. સુરત જિલ્લાના અને નવસારી જિલ્લાના વિવિધ વિસ્તારો માટે બલ્ક પાઇપ લાઇન યોજનાનાં કામો પણ પ્રગતિમાં છે. નર્મદા કેનાલ આધારીત પાણી પુરવઠા યોજનાઓ. માનનીય અધ્યક્ષશ્રી, અમે નિશ્ચય કર્યો છે કે, જ્યાં ભૂતળમાં પીવાના લાઇવ પાણી ન હોય, ખારા પાણી હોય, ઊંડા ઉતરી ગયા હોય એવા બધા વિસ્તારોને બલ્ક પાઇપ લાઇન આધારીત અથવા તો કેનાલ આધારીત યોજના બનાવીને પીવાનું ચોખ્ખું પાણી મળે, સરફેસ વૉટર મળે, શુદ્ધ મળે અને પૂરતું મળે એ માટે અમારો વિભાગ સતત પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઢાંકી અને નાવડા આધારીત સૌરાષ્ટ્ર-કચ્છ વોટર ગ્રીડની કેપેસિટી ૨૫૦૦ એમ.એલ.ડી.ની છે તેમાં બોટાદ, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ, અમરેલી, પોરબંદર, ગીર સોમનાથ અને છેક સૌરાષ્ટ્રના છેવાડાના ભગવાનજીભાઇના વિસ્તાર ગીર સોમનાથ જિલ્લાને પણ આ જે ક્ષમતા છે તેમાં સુધારો કરવાના ઉદેશ સાથે બુધેલથી બોરડા સુધીની બલ્ક પાઇપ લાઇનના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. નાવડાથી ચાવંડ સુધીની પાઇપ લાઇનનાં કામો પ્રગતિ હેઠળ છે. ઢાંકીથી નાવડા સુધી પાઇપ લાઇન અને કેનાલ મારફત નાવડા સુધી પાણી મળે જ છે પણ ભવિષ્યમાં મુશ્કેલી ન પડે એના માટે પણ અમે અગાઉથી આયોજન કરીને ઢાંકીથી નાવડા સુધીની પાઇપ લાઇનનાં કામો કરી રહ્યા છીએ અને એ કામો પણ આજે પ્રગતિમાં છે. ઘરાઇથી ભેસાણ સુધીની પાઇપ લાઇનના કામો પણ આગામી દિવસોમાં અમે શરુ કરવા જઇ રહ્યા છીએ. આદિજાતિ વિસ્તારો માટે ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ, ભૂતકાળમાં આદિજાતિ વિસ્તારમાં ખાસ કરીને હેન્ડપંપ આધારીત મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારમાં પીવાનું પાણી મળતું હતું જેને કારણે પાણીના તળ ઊંડા જવાથી અથવા તો સોર્સ ન મળવાથી પીવાના પાણી માટે મુશ્કેલી પડતી એને નિવારવા માટે અમે આગામી દિવસોમાં સરફેસ વૉટર કઇ રીતે આપી શકાય, મીની પાણીની યોજનાઓ કઇ રીતે આપીને પીવાનું પાણી પહોંચાડી શકાય એ માટેનું પણ અમે આયોજન કર્યું છે. આદિજાતિ વિસ્તારોમાં ઘરે ઘરે નળ ઉપલબ્ધ બને એ આશયથી છેલ્લાં ત્રણ વર્ષમાં અમારી સરકારે આદિજાતિ વિસ્તારમાં વિવિધ કામોનું અમલીકરણ પણ અમે શરૂ કર્યું છે. પહાડી વિસ્તારોમાં હેન્ડપંપની જગ્યાએ સરફેસ વૉટર માટે મીની પાણી પુરવઠા યોજનાઓ અને બલ્ક પાઇપ લાઇન મારફતે જૂથ યોજનાઓ બનાવવા માટેનું અમારું આયોજન છે. હાલમાં ૪૫૯૦ ગામ ફળિયાને આવરી લેતી અંદાજિત લગભગ રૂપિયા ૫૬૭૭ કરોડની ૧૧૬ યોજનાઓનું કામ પ્રગતિ હેઠળ છે તેમજ ૧૪૮૦ ગામ ફળિયાને આવરી લેતી અંદાજે રૂપિયા ૧૩૯૮ કરોડની ૩૧ યોજનાનાં કામો ટેન્ડરના સ્ટેજે છે. આદિજાતિ વિસ્તારના દાહોદ-પંચમહાલ-છોટા ઉદેપુર-વલસાડના બલ્ક પાઇપ લાઇનનાં કામો પણ આજે પ્રગતિમાં છે. આદિજાતિ વિસ્તારોમાં પણ જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ આંતરિક પેય જળ યોજના સાકાર કરવા માટેની કામગીરી સતત ચાલુ છે. અત્યાર સુધીમાં જે કાંઇ શહેર કે ગ્રામ્ય વિસ્તારમાંથી કે નગરપાલિકા વિસ્તારમાંથી વપરાયેલું પાણી જે નીકળતું એ પાણીનો દુરુપયોગ થતો એને કારણે ગામમાં ગંદકીઓ થતી અને શહેરોમાં ગંદકીઓ વધતી એ જે ગંદુ પાણી હોય એને એકઠું કરીને ફરી પાછું એને કઇ રીતે ઉપયોગમાં લઇ

શકાય એ માટેની યોજનાઓ અમે શરૂ કરી છે. ગુજરાત રાજય દ્વારા તા.૨૮.૫.૨૦૧૮ના રોજ ગટરના શુદ્ધિકરણ કરેલા પાણીના પુનઃ ઉપયોગ અંગેની નીતિ જાહેર કરવામાં આવી. આ નીતિનો ધ્યેય ગટરના ગંદા પાણીનું મહતમ એકત્રિકરણ કરવું તેનું શુદ્ધિકરણ કરી પીવા સિવાયના અન્ય હેતુ જેવા કે ઔદ્યોગિક વપરાશ, બાગ બગીચા, બાંધકામના હેતુસર ઉપયોગ કરી શુદ્ધ પાણીના જળસંશાધન પરની નિર્ભરતા ઘટાડવા માટે નગરપાલિકા, મહાનગરપાલિકા વિસ્તારમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ એ પણ અમે દરેક નગરપાલિકાઓમાં કરવા જઇ રહ્યા છીએ અને એને કારણે એક તો શુદ્ધ પીવાનું પાણી છે એનો બચાવ થશે અને આ ગંદા પાણીનો ઉદ્યોગો અને બાગ બગીચામાં ઉપયોગ થશે. ડી-સેલિનેશન પ્લાન્ટ. દરિયા કિનારા પર જ્યાં ઘણી વખત યોજના બન્યા પછી છેવાડાના વિસ્તાર સુધી કોઇ સિસ્ટમમાં ખામી ઊભી થવાના કારણે પીવાનું પાણી પહોંચાડવાની મુશ્કેલી થાય તો એવા સમયે ખારા પાણીને શુદ્ધ કરીને પીવા લાયક કેવી રીતે બનાવી શકાય એના માટેનો ડી-સેલિનેશન પ્લાન્ટ સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કાંઠાના છેવાડાના ગામોમાં પીવાના પાણીનો વૈકલ્પિક સ્ત્રોત ઊભો કરી સ્થાનિક વિસ્તારમાં જળ સલામતિ પ્રદાન કરવાના હેતુથી દરિયાકાંઠાના કુલ-૪ સ્થળોએ સ્થાનિક જરૂરિયાત મુજબ દરિયાના ખારાં પાણીમાંથી મીઠું પાણી બનાવવા માટેનું આયોજન છે. એમાં ભાવનગર જિલ્લાના ઘોઘા ગામે નવા રતનપર જયાં ૭ કરોડ લિટર જેટલું પાણી આ યોજના પૂર્ણ થતાં શુદ્ધ થશે. ગીર-સોમનાથ નજીકના વડોદરા ઝાલા ખાતે તેમાં ૩ કરોડ લિટર તેની ક્ષમતાવાળો, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામે ૭ કરોડ લિટર અને કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગુંદીયાણી ગામે ૧૦ કરોડ લિટર આટલી ક્ષમતાના આ ડિસ-સેલીનેશન પ્લાન્ટ લગભગ ૨૭ કરોડ લિટર દૈનિક ક્ષમતાવાળા આ પ્લાન્ટ સ્થાપવા માટેની કામગીરી, પ્રગતિ ચાલુ છે. આ પ્રોજેકટ થકી અછતની પરિસ્થિતિમાં સંપૂર્ણપણે નર્મદા આધારિત રહેવાની જગ્યાએ દરિયાના પાણી થકી પાણી સુરક્ષાની બાબતમાં સરકારનો આ એક નિર્ણાયક કદમ છે. હાલ આ કામગીરી પ્રગતિમાં છે આગામી દિવસોમાં આ કામગીરી ઝડપથી થાય તે માટેનો અમારો વિભાગ સતત પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં આપણાં ઘણાં સભ્યશ્રીઓનાં સૂચનો પણ હતા અને બહેનશ્રી ગેનીબેન અને બીજાના જે સૂચનો થયા છે તેની પણ અમે નોંધ લીધી છે અને તેની પણ જે કંઇ તેમની વાત થઇ છે પીવાના પાણી માટે આગામી દિવસમાં તેમના વિસ્તારના કે અન્ય કોઇ સભ્યશ્રીના વિસ્તારમાં કંઇ સમસ્યા હશે તો ચોક્કસ તેની નોંધ લઇને તે બાબતે અમારો વિભાગ કરવા માટે તત્પર છે. વિવિધ જિલ્લાના પાણીની પાઇપ લાઇનોની ગુણવત્તા, પીવાના પાણીની તંગી, તે અંગેનો સરવે, પાણીના સ્ત્રોતોનું આઇડેન્ટિફિકેશન અને જાળવણી, પીવાના પાણીની ગુણવત્તા, ભૂગર્ભ ગટર યોજનામાં ગેરરીતિ, ઇજનેરોની ઘટ જેવા પ્રશ્નો ઉઠાવી કુલ લગભગ ૧૨ જેટલા સભ્યશ્રીઓએ જે કાપ દરખાસ્તો મૂકી છે તેની પણ મેં નોંધ લીધી છે અને આગામી દિવસોમાં તેના માટે જે કંઇ કરવાનુ થતું હશે તેમાં અમે ચોક્કસ પગલાં લઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, નવભારતના સ્વપ્નદ્રષ્ટા અને ગુજરાતના પનોતા પુત્ર એવા દેશના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ " હર ઘર નલ સે જલના" સ્વપ્નને સિદ્ધ કરવા માટે આ સંકલ્પને ગુજરાત રાજયે પરિપૂર્ણ કરેલ છે. મારા હસ્તકના વિભાગ દ્વારા થતી કામગીરીથી મેં આ સન્માનનીય ગૃહને વાકેફ કરવા માટેનો પ્રયત્ન કર્યો છે. "જલ એ જ જીવન" આ ઉકિતને ચરિતાર્થ કરવા માટે હું મારા સાથી ધારાસભ્યોને વિનંતી કરીશ કે મારી માગણીઓ પર તેઓએ કરેલ કાપ દરખાસ્ત પાછી ખેંચે અને સૌના માટે પાણી એ જીવન જરૂરી અને આવશ્યક છે તેની ઉકિતઓ અહીંયાથી ઘણી કહેવાયેલી છે એટલે તેમાં હું વિશેષ નહીં કહેતા હું રાજયના પાણી પુરવઠા મંત્રી તરીકે મારી માગણી લઇને આ ગૃહ સમક્ષ આવ્યો છું અને સૌને વિનંતી કરું છું કે આપણે સૌ આ મારી માગણીઓ સર્વાનુમતે પસાર કરે એટલી જ વિનંતી સાથે, આભાર.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા બે-ત્રણ પ્રશ્નો છે. એક માનનીય મંત્રીશ્રીએ જે ગુજરાતમાં અને ખાસ કરીને પોરબંદર, જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકા ત્રણ જિલ્લાની અંદર એક દરિયાની સપાટી કરતા નીચો ઘેડ વિસ્તાર આવેલો છે. તેમાં જયારે વરસાદ ખૂબ હોય ત્યારે પાણીની ભરાયેલો હોય અને તે સિવાય પછી પીવાનું પાણી પણ મળે નહીં. એટલે જયારે જોઇતું હોય ત્યારે પાણી ના મળે અને ના જોઇતું હોય ત્યારે આખો વિસ્તાર ભરાયેલો હોય. એટલા માટે જે તે વખતની સરકારોએ એક ઘેડ વિકાસ યોજના અમલમાં મૂકી હતી તે આજે પણ બજેટરી જોગવાઇ હેઠળ અમલમાં છે તો તેના માટે માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન છે કે, તેમાં બજેટરી એલોકેશન વધારીને તે ઘેડના જે પ્રશ્નો છે તે ઉકેલવા જરૂરી છે, તે ઉકેલવા માગો છો કે કેમ ? બીજો જે ગુજરાતની અંદર સૌથી લાંબો દરિયા કિનારો છે તે દરિયા કિનારાની અંદર દરિયાનું પાણી જમીન ઉપર જમીનની અંદર જે ભૂતળ છે, ભૂગર્ભ જળ છે તે ખારું થતું રહ્યું છે અને ગુજરાત સરકારે હાઇ લેવલ કમિટી-૧ અને હાઇ લેવલ કમિટી-૨ બનાવીને જે તે વખતના ચીફ સેક્રેટરીના અધ્યક્ષપદે અહેવાલ આપેલો છે અને તેણે પ્રિડકશન એવું કરેલું છે કે દર વર્ષે ૫૦૦ મીટર ખારું પાણી આગળ વધે છે તો એ અટકાવવા માટે પણ અત્યારે પૂરતી જોગવાઇઓ થતી નથી તો એમાં જોગવાઇ વધારવા માગે છે કે કેમ ? અને ત્રીજો અને છેલ્લો પ્રશ્ન એ છે કે આપણે જે ડેમ બનાવ્યા એ બનાવ્યા પછી જે સૂચિત કમાન્ડ એરિયા છે. એના માટેની કૅનાલનું નેટવર્ક ન બનાવવાને કારણે વર્ષોથી આ ડૅમની ક્ષમતાનો પૂરો ઉપયોગ થતો નથી. ડૅમ બની ગયા પછી સિંચાઇ વિભાગે આ કમાન્ડ એરિયા ડેવલપ કરવા માટે જે આગળની કાર્યવાહી કરવી જોઇએ એ થતી નથી. એના કારણે આપણી પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતાનો પૂરો ઉપયોગ થઇને ખેડૂતના ખેતર સુધી પાણી આવતું નથી. બધા ડૅમોના કમાન્ડ એરિયાનો ફરીથી ટૅક્નિકલ ઓડિટ કરાવીને, સરવે કરાવીને આ બધા જ ડૅમોનું પાણી ખેડૂતોના ખેતર સુધી પહોંચે એના માટેની કાર્યવાહી સાર્વત્રિક રીતે કરવા માગો છો કે નહિ?

## તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે વાત મૂકી એમાં ઘેડ વિસ્તાર વિકાસ માટેની જે જોગવાઇઓ છે એમાં જે કાંઇ પ્રોજેક્ટ યોજના જે વિસ્તારમાં મૂકાઇ હશે એમાંના કોઇ કામ નાણાંના અભાવે નહિ અટકવા દઇએ. અત્યારે જે કાંઇ જોગવાઇ છે એમાં જરૂર પડશે તો વધારો કરીને કરીશું. બીજી સાહેબે હાઇ લેવલ કમિટી-૧ અને ૨ની જે વાત કરી એ બાબતે હું વિશેષ અભ્યાસ કરીને જોઇ લઇશ. એમાં પહેલાં શું નિર્ણયો કર્યા છે અને હવે એમાં શું કરવા જેવું છે? એમાં મારી પાસે પૂરતું નૉલેજ નથી. જો એવું હશે તો એમાં એ માટેની કમિટીઓ મળે અને એમાં જે નિર્ણયો થતા હોય એ છેવટે પ્રજા હિત માટે, પાણીના સંગ્રહ માટે હશે તો એમાં જે કાંઇ કરવાનું થતું હશે એ હું કરાવીશ. ત્રીજી વાત છે એમાં ભૂતકાળમાં જે કાંઇ ડેમ બન્યા છે અને એનો જે તે વખતે કમાન્ડમાં સમાવેશ થયો હોય. પાણી પૂરતું હોય અને કેનાલને કારણે પહોંચાડી ન શક્યા હોય એવું મારા ધ્યાન પર નથી. કદાચ આપના ધ્યાન ઉપર કોઇ જગ્યાએ હોય તો કહેજો. કોઇ કોર્ટના ઇશ્યુ કે જમીન સંપાદનના ઇશ્યુ નહિ હોય તો જ્યાં શક્ય હોય ત્યાં પાણીનો જથ્થો વધતો હોય અને એ આમાં લીધું હોય અને ત્યાં પહોંચાડી ન શક્યા હોય એવા વિસ્તારમાં સરવે કરાવીને ત્યાં સુધી પાણી પહોંચે એમાં કાંઇ ખૂટતું નહિ હોય તો એ પણ અમે પૂર્ણ કરાવીશું. ડબલ કમાન્ડ તો થયો છે પણ જે તે વખતે સમાવેશ થયો હોય એમાં કાંઇ રહી જતું હોય તો કરીશું. કાંઇ વધારવાનું થતું હોય તો એ પછીની વાત છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો જ છે કે કમાન્ડ એરિયામાં સમાવેશ થયો હોય, સૂચિત કૅનાલ હોય અને છતાં એ કૅનાલ બની ન હોય કારણ કે, એ કૅનાલ બનાવવામાં કોઇ અધિકારીઓને રસ હોતો નથી. ડેમ બનાવવામાં જરૂર રસ હોય. એના કારણે આ ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ થતો નથી. એ ક્ષમતાનો ઉપયોગ થઇ શકે એ પ્રમાણે નેટવર્ક પૂરેપૂરું બનાવેલું ન હોય તો એ ઝડપથી બની જાય એ જોવડાવીને કહો એટલી મારી વિનંતી છે.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, એમની જે કાંઇ વિગતો છે એ હું મારા વિભાગમાંથી મેળવી લઇશ. કોઇ મોટો ડેમ ક્યાંય બન્યો હોય અને અધૂરું રહી ગયું હોય અને ત્યાં ક્ષમતા હોય એ પ્રમાણે ત્યાં પાણી પહોંચે એ માટે કેનાલનો બાકી ભાગ રહેતો હશે તો ચોક્કસ પૂર્ણ કરાવીશું.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જળસંચયના કામો માટે જે લોકફાળો ભરવામાં આવે છે એ ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ભરી શકાશે કે કેમ? બીજું સૂઇ તાલુકાનું ગામ સેડાવ ગામ છે ત્યાં નાનો ચેકડેમ છે એની કૅપેસિટી વધારવામાં આવે તો ૨૦ ગામોને ફાયદો થાય એમ છે.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું પહેલું સૂચન લોકફાળા માટેનું છે એ અમે જોઇ લઇશું. એવું કોઇ ગામ કે વિસ્તાર હોય તો અમે ૧૦૦ ટકા રકમથી પણ કરવા તૈયાર છીએ. બીજું આપે કહ્યું એમાં ચેકડેમનું નામ આપજો. અત્યારે જળસંચય અભિયાનમાં લઇશું. એની ક્ષમતા વધે એ માટે કામ કરીશું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, દરેક બાબતે પોઝિટિવ છે.

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારો મત વિસ્તાર ચોટીલા, સાયલા અને ચૂડા ઊંચાણવાળો વિસ્તાર છે. એનું અગાઉ પ્લાનિંગ પણ થઇ ગયું છે. અત્યારે પીવાનું પાણી તો ઉપલબ્ધ છે જ. ત્યાંથી જે સૌની યોજના નીકળે છે એમાંથી મેં મંજૂરી માગી છે એ મળી જાય તો એ લોકોને પીવા લાયક પાણી મળી શકે. અત્યારે ત્યાં પીવાલાયક પાણી નથી મળતું.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર હશે છતાં પણ જણાવું છું કે પીવાના પાણી માટેની યોજના હાલ કાર્યરત છે. ધોળીધજા ડેમથી લીંબડી, લીંબડીથી સાયલા અને સાયલાથી ચોટીલા સુધીની બલ્ક પાઇપલાઈનનું કામ મંજૂર થયું છે. એક ભાગ, તબક્કો-૨ ટેન્ડરની કામગીરી પૂર્ણ થશે એટલે તાત્કાલિક થઈ જશે. હાલ લીંબડી સુધી ડબલ્યુ.ટી.પી. અને પમ્પિંગ સ્ટેશનની કામગીરી કાર્યરત છે. આ યોજના પૂર્ણ થતાં પીવાનું પાણી માટેનો પ્રશ્ન લગભગ હલ થઈ જશે. માનનીય સભ્યશ્રીએ સિંચાઈની વાત કરી છે તેમાં સૌની યોજના માટેનું કામ કાર્યરત છે. મોરસલ ડેમ અંગે એજન્સીના કારણે કામ ડીલે થયું છે પણ મેં ૧૦ દસ દિવસ પહેલાં જ બંને સ્થળની મુલાકાત લીધી હતી અને બંને એજન્સીઓ સાથે અધિકારીઓની હાજરીમાં મિટિંગ કરી અને વહેલી તકે કામ પૂર્ણ થાય તો સૌની યોજનાનું પાણી થોરિયાળી ડેમ અને મોરસલ ડેમ સુધી પહોંચે. આમ, મોટાભાગના વિસ્તારોનો સૌની યોજનામાં સમાવેશ થાય છે. વહેલી તકે કામ પૂર્ણ થાય તેના માટે અમે સતત પ્રયત્નો કરીએ છીએ.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૧, ૪, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૩૦, ૩૧, ૩૪, ૩૫, ૩૭ અને ૩૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૨૨, ૨૩, ૬૬ અને ૬૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૦૨.૪૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૩**
**ફાલ્ગુન ૨૨, ૧૯૪૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

તારાંકિત પ્રશ્નો

**અબડાસા તાલુકાની સુથરી જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના**

*૧૬૩૮ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અબડાસા તાલુકાની સુથરી જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના ક્યા તબક્કે છે, | (૧) યોજના પ્રગતિના તબક્કે છે. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) માહે ઓગષ્ટ-૨૦૨૩ |
| (૩) આ યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે ? | (૩) ૦૪ ગામો. |

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફત જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ અબડાસા વિસ્તારમાં સુથરી જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામો આવરી લીધા છે? અને આ કામો કયાં સુધીમાં પૂરાં થશે? કેટલા ગામોને આ યોજનાનો લાભ મળશે?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રદ્યુમનસિંહજીનો વિસ્તાર એટલે રણ કાંઠાનો છેવાડાનો વિસ્તાર. જયાં લગભગ પીવાના પાણી માટે કાયમી સમસ્યા રહે છે એવો વિસ્તાર. ભૂતકાળમાં કચ્છ જિલ્લામાં પીવાના પાણીની ખૂબ જ વિકટ પરિસ્થિતિ રહેતી હતી. પીવાના પાણી માટે કાયમી સોર્સના અભાવે કચ્છ જિલ્લામાં ટેન્કરો મારફતે પાણી વિતરણ થતું હતું. ત્યાંના માલધારીઓ અને પશુપાલકોને હિજરત કરીને બહાર જવું પડતું હતું. રાજય સરકાર દ્વારા પીવાના પાણીને પ્રાથમિકતા આપવામાં આવી છે અને એટલે જ ચાલુ વર્ષે પણ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રૂપિયા ૬ હજાર કરોડ જેવી માતબર રકમની જોગવાઇ પણ કરી છે. દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૫મી ઓગસ્ટ ૨૦૧૯ના જલ જીવન મિશન અંતર્ગત ‘હર ઘર જલ, નલ સે જલ’ અંતર્ગત ૨૦૨૪ સુધીમાં દેશમાં દરેક ઘર સુધી પાણી પહોંચાડવા માટેના ઉદ્દેશ સાથે રાજયમાં બલ્ક પાઇપલાઇનની સાથોસાથ કચ્છ જિલ્લામાં વિવિધ જૂથ યોજનાઓ તેમજ સુધારણા જૂથ યોજનાનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે. જેમાં ૭૦ લિટર પ્રતિ વ્યક્તિ દીઠના બદલે ૧૦૦ લીટર પ્રતિ વ્યક્તિ દીઠની યોજનાઓ હવે બનવા જઇ રહી છે, બની રહી છે. જેથી પીવાનું પાણી શુદ્ધ, ચોખ્ખું અને પૂરતા પ્રમાણમાં મળી રહે એ માટે માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે ત્યારે એમનો પ્રશ્ન છે અબડાસા તાલુકાનો એટલે એટલા પૂરતો સિમિત જવાબ હું એમને દઇશ. માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવરથી અબડાસા તાલુકાના છેવાડાના ગામ સુધી પાણી પહોંચાડવા રાજયમાં....

<u>અધ્યક્ષશ્રી :</u> માનનીય મંત્રીશ્રી, એમના બે જ પ્રશ્ન છે. એક એવું છે કે કેટલા ગામ અને બીજું એવું છે કે કયાં સુધીમાં પૂરું થશે? કયાં સુધી પૂરું થશે એ નીચે જવાબમાં લખેલું છે. હવે તમે ખાલી કેટલા ગામ એનો આંકડો બોલી જાઓ. બધા ગામ ન વાંચતા.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા: માનનીય અધ્યક્ષશ્રી, એમને અગાઉની પૂર્વ ભૂમિકા એટલા માટે આપું કે..

<u>અધ્યક્ષશ્રી :</u> આવી ગઇ છે. ભૂમિકા બધી આવી ગઇ છે. આપે મૂકી દીધી છે.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા: માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવરથી ૬૫૦ કિલોમીટર અંતર સુધી પાણી પંહોચાડવા માટેની આ યોજના. આ યોજનામાં ૪ ગામ અને ૪ પરાનો સમાવેશ થયો છે. ગામની વાત કરીએ તો ભવાનીપર, કંઢાઇ, અમરાવાંઢ, પેથાપર અને પરાંની વાત કરીએ તો કનકાવતી એની સાથે ટીંબાવાન, સરગુઆ. આમ કનકાવતી સાથેના ૪ પરા અને ૪ ગામનો સમાવેશ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૬૬૬ લાખની આ યોજના મંજૂર થઇ છે. એમાં એક, જુદા જુદા હેડવર્કસ અને ગામોમાં આર.સી.સી. ભૂગર્ભ સંપના કામો, બે- જુદા જુદા હેડ વર્કસ, સબ હેડવર્કસ પર આર.સી.સી. પંપ હાઉસનાં કામો, ત્રણ- ઇલેક્ટ્રો મિકેનિકલ વર્કસનાં કામો, ચાર- જુદા જુદા વ્યાસની પી.વી.સી. પાઇપ લાઇન પાથરવાનાં કામો, પાંચ- જુદા જુદા વ્યાસની જી.આઇ. પાઇપ લાઇન પાથરવાનું કામ, છ- જમીન સંપાદનનું કામ, સાત- વિવિધ હેડ વર્કસ ખાતે કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ, આઠ- હેડ વર્કસ ખાતે એપ્રોચ રોડ બનાવવાનું કામ, આમ કુલ આઠ કામોનો સમાવેશ થાય છે.

**આણંદ જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

* ૧૬૭૨ **શ્રી કમલેશભાઇ પટેલ** (પેટલાદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૧૩મીમાર્ચ, ૨૦૨૩
## તારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૧૦૨૮૪ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે.

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૩૯૯૧૧ કિલોવોટ છે.

ડો. કમલેશભાઇ ર. પટેલ **:** માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં સન ૧૯૮૦થી ૧૯૯૦ના દાયકામાં જે રાજયમાં વીજળી વેરણ થયેલી હતી એ વીજળીને જયોતિગ્રામ યોજનાથી સૂર્યોદય યોજના થકી જુદા જુદા સ્ત્રોતોથી ગુજરાત સરકારે ઉપભોગતા પોતે વીજળીનું ઉત્પાદન કરે તેવી યોજના લાવી રહી છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સૂર્ય ગુજરાત યોજના શું છે અને મારા આણંદ જિલ્લામાં આ યોજનાનો લાભ કેટલાએ લીધો અને એનાથી કેટલા વીજ ગ્રાહકોને ફાયદો થયો? બીજું કે મારું એક સૂચન છે કે આપણે સરકારી સ્કૂલો અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં પણ આ યોજનાનો લાભ આપીએ, આજે સરકાર પોતે જ એ વીજ બિલ ભરે છે ત્યારે આ સોલાર રૂફ ટોપ મૂકી અને જે તે સંસ્થામાં જ વીજ ઉત્પાદન થાય એ મારું સૂચન છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની ગુજરાતની વીજ કંપનીની સૌથી લોકપ્રિય કોઇ યોજના હોય તો સૂર્ય ગુજરાત યોજના છે. રહેણાક શ્રેણીના વીજ ગ્રાહકો ઘરની છત ઉપર સોલાર પેનલ લગાડી તેના દ્વારા સૂર્ય ઊર્જા ઉત્પન્ન કરી તેના વપરાશ થકી વીજ બિલ ઘટાડી શકે અને સ્વવપરાશ ઉપરાંતની વધારાની વીજળી વીજ કંપનીને વેચી શકે અને આવક પણ મેળવી શકે તેવા ઉમદા હેતુથી રહેણાક શ્રેણીના વીજ ગ્રાહકો માટે સોલાર રૂફ ટોપ સબસિડી યોજના સૂર્ય ગુજરાત નામથી રાજય સરકારે જાહેર કરેલી છે. ગુજરાત સરકારે આ સૂર્ય ગુજરાત યોજના ઓગસ્ટ ૨૦૧૯થી શરૂ કરેલ છે. આ યોજનામાં રહેણાક શ્રેણીના વીજ ગ્રાહકો માટે સબસિડીની જોગવાઇ છે. આ યોજના અંતર્ગત રહેણાક શ્રેણીના વીજ ગ્રાહકો દ્વારા વીજળીનો વપરાશ થયા બાદ સ્વવપરાશ બાદ ગ્રીડમાં આપેલ વધારાની વીજળી પર પ્રતિ યુનિટ બે રૂપિયા પચીસ પૈસાના દરે વીજ કંપની ખરીદે છે. આ યોજનાને લોકો તરફથી બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. સોલાર રૂફટોપ લગાડવામાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. સમગ્ર દેશની રહેણાક શ્રેણીની સ્થાપિત રૂફ ટોપ ક્ષમતા ૧,૬૫૧ મેગાવોટ છે. જેમાંથી ૧,૩૫૬ મેગાવોટ એટલે કે લગભગ ૮૨ ટકા જેટલી ક્ષમતા ગુજરાતે પેદા કરેલી છે.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે સૂર્ય ગુજરાત યોજના હેઠળ સબસિડી માટેની જોગવાઇ શું છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના સૂર્ય ગુજરાત છે એનો વધુમાં વધુ લાભ આપણા સામાન્ય વર્ગના વીજ ગ્રાહકો લઇ રહ્યા છે. અને જે રીતે ઘર ઘર આને પ્રતિસાદ સાંપડયો છે એના માટે ૩ કિલો વોટ સુધી ૪૦ ટકા સબસિડી આપવામાં આવે છે. ૩ કિલો વોટથી વધુ અને ૧૦ કિલો વોટની મર્યાદા સુધી ૨૦ ટકા, પ્રથમ ૩ કિલો વોટ સુધી ૪૦ ટકા અને ૩ કિલો વોટથી વધુ અને ૧૦ કિલો વોટ સુધીમાં ૨૦ ટકા અને ૧૦ કિલો વોટથી વધુ હોય તો પ્રથમ ૩ કિલો વોટ સુધી ૪૦ ટકા અને પછીના ૩ કિલો વોટથી વધુ અને ૧૦ કિલો વોટથી ઓછાની ક્ષમતા માટે ૨૦ ટકા અને ૧૦ કિલો વોટથી વધુ ક્ષમતા હોય તો એમાં કોઇ સબસિડી મળવાપાત્ર નથી.માનનીય અધ્યક્ષશ્રી, ગૃપ હાઉસિંગ સોસાયટી, રેસિડેન્શિયલ વેલ્ફેર એસોસિયેશન, સોસાયટીની લાઇટ, સોસાયટીનું વોટર વર્કસ, લિફ્ટ, જીમ, સ્વિમિંગ પુલ, બગીચો વગેરે જેવી કોમન ફેસિલિટી માટે સોલાર રૂફ ટોપ પ્લાન્ટ સ્થાપિત કરવા પર ઘર દીઠ ૧૦ કિલોવોટની મર્યાદામાં વધુમાં વધુ ૫૦૦ કિલોવોટ સુધી સોલાર રૂફ ટોપ પ્લાન્ટ કાર્યાન્વિત કરી શકાશે. જે માટે ૫૦૦ કિલોવોટની મહત્તમ મર્યાદામાં ૨૦ ટકાની સબસિડી આપવામાં આવે છે. રહેણાક ગ્રાહકો જેઓએ અગાઉ યોજના હેઠળ સોલાર રૂફ ટોપ શરૂ કરી દીધેલ છે અને સૌર ક્ષમતામાં વધારો કરવા માગે છે તેઓને પણ આ ધારા-ધોરણો મુજબ સબસિડી મળવાપાત્ર છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ઊર્જાના સ્ત્રોત ખૂબ જ વિકસ્યા છે. પંચાયતોની અંદર લાઇટ બિલના કારણે સ્ટ્રીટ લાઇટ વાપરી શકતાં નથી અને બીજો ઉપયોગ થઇ શકતો નથી. તો સ્પેસિફિકેશન સાથે બિલ આવે છે તેમાં રાહત થઇ જાય તો પંચાયતને ભારણ ઓછું થઇ જાય. રાત્રે ગરીબોને માટે સ્ટ્રીટ લાઇટ આપીએ છીએ એ પંચાયતના બિલના કારણે મળતી નથી. તો એવી કોઇ યોજના આપણે બહાર પાડવા માગીએ છીએ કે જેના કારણે પંચાયતોને સીધો ફાયદો થાય અને ગામડામાં ખેડૂતો અને ગામના રહીશોને સ્ટ્રીટ લાઇટમાં ક્યાંય અડચણરૂપ ન થાય?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે પરંતુ દરેક પંચાયતોમાં આપણે એવી પંચાયતોની બોડી ચૂંટવી જોઇએ કે જે આવા નવા પ્રયોગો માટે તૈયાર રહે અને જ્યાં પંચાયતની આવક ઓછી છે ત્યાં સરકાર આ બાબતમાં ચોક્કસ વિચાર કરશે.

ફાલ્ગુન ૨૨, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું છે કે સોલર રૂફ ટોપ યોજનામાં ૧૦,૨૮૪ વીજ ગ્રાહકોની અરજી આવી. તેમાંથી કેટલા લોકોને આ સવલત પૂરી પાડવામાં આવી અને ૩૯,૯૧૧ કિલોવોટ વીજ ક્ષમતા બતાવી છે તો કેટલી ક્ષમતા ઊભી થઇ અને કેટલી સબસિડી આપવામાં આવી?

અધ્યક્ષશ્રી : માહિતી વધુ હોય તો ટેબલ ઉપર પણ મૂકી શકશો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં 'સૂર્ય ગુજરાત ' યોજના હેઠળ ઘરવપરાશના વીજ ગ્રાહકોની નોંધણી થયેલ અરજીઓ પૈકી જે ઘરવપરાશના વીજ ગ્રાહકોના મકાન ઉપર સોલર સિસ્ટમ કાર્યાન્વિત થઇ ગયેલ છે તેની સંખ્યા અને વીજ ક્ષમતાની વિગતમાં કુલ નોંધાયેલ અરજીઓની સંખ્યા ૧૦,૨૮૪ છે. ક્ષમતા ૩૯,૯૧૧ કિલોવોટ છે. સોલર અરજીની સંખ્યા છે ૮,૯૮૫ અને સિસ્ટમની ક્ષમતા કિલોવોટમાં ૩૫,૧૨૮. જે રીતે ગ્રાહકો પોતે વપરાશ કરીને વીજ કંપનીને જે વીજળી વેચી છે અને મધ્યમ વર્ગના ગ્રાહકોને જે રાહત થઇ છે એ ૭ કરોડ ૩૭ લાખ રૂપિયા છે.

**વલસાડ જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન**

* ૧૫૯૬ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૩૨ |
| (૨)તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૬૫૭.૩૯ લાખનો ખર્ચ થયો. |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને એટલા માટે અભિનંદન આપું છું કે એમણે ઊર્જા ક્ષેત્રે ઘણા પ્રશ્નોનો હલ કર્યો છે. અમારા માટે ગૌરવની બાબત છે કે ગુજરાતના નાણામંત્રી તો છે પણ અમારા વિસ્તાર વલસાડનું ગૌરવ છે અને વલસાડના વતની છે. ભૂતકાળમાં વલસાડના નાણામંત્રીશ્રી અમૂલભાઇ દેસાઇ પણ હતા અને સ્વ. વડાપ્રધાન મોરારજીભાઇ દેસાઇ પણ વલસાડ તાલુકાએ આપ્યા છે.એટલું જરૂર કહી શકાય કે શ્રી દેસાઇનું મેનેજમેન્ટ સારું છે. વધુમાં વસલાડની તાસીર છે કે વલસાડની જે વિધાનસભા જીતે એની ગુજરાતમાં સરકાર બનતી હોય છે. આ વર્ષોથી ચાલતી પરંપરા છે, ચાલુ છે અને રહેશે. આપના માધ્યમથી માનનીય ઊર્જા મંત્રીશ્રીએ મને જવાબ તો આપ્યા છે પણ એક સવાલ પૂછવા માગું છું કે આ ફિડરનું વિભાજન કરવાની જરૂર કયારે પડે છે અને આ ફિડરનું વિભાજન કઇ કઇ યોજનાઓ હેઠળ કરવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધીનો ભારતનો રેકોર્ડ છે કે જે વલસાડ લોકસભા જીતે એની કેન્દ્રમાં સરકાર બને અને શ્રી ભરતભાઇએ જે કીધું છે તે સાચું છે. વીજ ગ્રાહકોને વીજપુરવઠો પૂરો પૂરો પાડવા ૬૬ કે.વી. સબસ્ટેશનમાંથી (અંતરાય) વીજ ગ્રાહકના સ્થળ વિસ્તાર પાસે ઊભા કરવામાં આવેલ ટ્રાન્સફોર્મર સુધી વીજ પુરવઠો પૂરો આપવા માટે ઊભી કરવામાં આવતી ૧૧ કે.વી. ભારે દબાણની વીજ લાઇનને ફિડર કહેવામાં આવે છે. વીજ ગ્રાહકના સ્થળ, વિસ્તાર પાસે ઊભા કરવામાં આવેલા ટ્રાન્સફોર્મર સુધી વીજ પુરવઠો પહોંચ્યા બાદ ટ્રાન્સફોર્મર ઉપરથી હળવા દબાણની વીજ લાઇન વીજ ગ્રાહકના મકાન, સ્થળ સુધી ઊભી કરીને હળવા દબાણની વીજ લાઇન ઉપરથી ગ્રાહકોને વીજ પુરવઠો આપવામાં આવે છે. હયાત ફિડર ઉપરનો લોડ ઘટાડવા માટે ફિડર જે સબસ્ટેશનમાંથી નીકળતું હોય તેનાથી અથવા તો અન્ય સબસ્ટેશનોમાંથી ૧૧ કે.વી. ભારે દબાણની વીજ લાઇન ઊભી કરીને આ વીજ લાઇન ઉપર હયાત ફિડર ઉપરનો વીજ લોડ ટ્રાન્સફર કરીને હયાત ફિડર ઉપરનો લોડ ઘટડવામાં આવે છે જેને ફિડરનું વિભાગન કહેવામાં આવે છે. જયારે ૧૧ કે.વી. ફિડર ઉપર ફિડર લોડ વહન કરવાની ક્ષમતા કરતા લોડ વધે, જયારે નવા કનેકશનો આવતા જાય ત્યારે નવા વીજ ગ્રાહકોને વીજ પુરવઠો આપવા ઊભી કરવામાં આવતી લાઇનને કારણે ફિડરની લંબાઇ વધવા પામે છે અને ફિડરની લંબાઇ વધવાને કારણે ફિડરમાં છેલ્લે આવેલ ગ્રાહકને પૂરતો વોલ્ટેજ ના મળે ત્યારે ફિડરનું વિભાજન કરવામાં આવે છે. વધુમાં કોઇપણ ફિડરનું વોલ્ટેજ રેગ્યુલેશન ૯ ટકા હોવું જોઇએ એટલે કે તે ફિડરના છેવાડાના વીજ ગ્રાહકને મળવાપાત્ર વોલ્ટેજ, ૯ ટકાથી ઓછા વોલ્ટેજ મળે ત્યારે ફિડરનું વિભાજન કરવામાં આવે છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર ભૌગોલિક દષ્ટિએ મુંબઇથી નજીક આવે છે. વાઇબ્રંટ ગુજરાત યોજના ગુજરાત સરકારે ચાલુ કરી ત્યાર પછી ખૂબ મોટા પ્રમાણમાં ઉદ્યોગો મારા વિસ્તારમાં આવી રહ્યા છે. સરકારને અભિનંદન આપવા પડે કે મારા વિસ્તારમાં ૭ જેટલા ૬૬ કે.વી. સબસ્ટેશનો મંજૂર કર્યાં છે અને કાર્યાન્વિત થયા છે, પરંતુ મારી એક જૂની માગણી છે, માનનીય મંત્રીશ્રીને આપના મારફતે પૂછવા માગું છું કે કલગામ ખાતે મોટા ઉદ્યોગો આવી રહ્યા છે તો ત્યાં ૨૨૦ કે.વી.નું સબસ્ટેશન આપવા માગો છો કે કેમ? અને બીજું ૫૦ ટકા વિસ્તારની અંદર સૂર્યોદય યોજના અમલમાં છે, ૫૦ ટકા વિસ્તાર હજી બાકી છે તો ત્યાં કયારે સૂર્યોદય યોજનાનો અમલ કરશો?

તા. ૧૩મીમાર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમણભાઇ અમારા વલસાડ જિલ્લાના સૌથી સિનિયર ધારાસભ્યશ્રી છે, અને એમણે જે સબસ્ટેશનની વાત કરી છે એની વાયેબિલિટી ચકાસીને ચોક્કસ રીતે આપણે એમાં કામ કરીશું.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શ્રી ભરતભાઇએ નાણામંત્રીશ્રીની ખૂબ પ્રશંસા કરી છે, ખાલી વલસાડ જિલ્લાના નહીં પણ સમગ્ર શાસક પક્ષ અને વિપક્ષના બધાનાં જ કામો કરે છે તેથી ખૂબ ખૂબ ધન્યવાદ. મારો પ્રશ્ન છે, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ફીડરોના પ્રકાર મુજબ તાલુકાવાર કેટલા હયાત ફીડરોનું વિભાજન કરીને નવા ફીડરો બનાવવામાં આવ્યા છે અને તે માટે કેટલી નવી વીજલાઇન ઊભી કરવામાં આવી છે અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ફિડરના પ્રકાર મુજબ કરવામાં આવેલ વિભાજનની વાત કરી છે એમાં ખેતીવાડી ફિડરમાં ૧૧ ફીડરો બનાવવામાં આવ્યા છે, એના માટે ૨૦.૫૪ કિલોમીટરની લાઇન નાખવામાં આવી છે અને રૂ. ૨,૩૦,૩૬,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે. જયોતિગ્રામ યોજના હેઠળ ૧૦ ફિડરની સંખ્યા છે, એમાં ૨૩.૨૬ કિલોમીટરની લાઇન નાખવામાં આવી છે, ૧ કરોડ ૮૨ લાખ ૧૦ હજાર રૂપિયા, અર્બનમાં ૨ ફીડરો છે એમાં ૫૬.૫૬ કિલોમિટરની લાઇનો પાછળ રૂપિયા ૩૦.૫૬ લાખ ખર્ચ થયો છે. ઇન્ડસ્ટ્રીઝ માટે ૯ ફિડર ૧૦ કિલોમિટરની લાઇન પાછળ રૂપિયા ૨૧૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ તો સરકારને અભિનંદન આપું છું કે આ જે ફિડરની વાત આવે ત્યારે અમારો નવસારી જિલ્લો વલસાડ સાથે જોડાયેલ છે. ભૂતકાળમાં ૬૦-૭૦ કિ.મિ. સુધીની લંબાઇના ફીડરોના કારણે ગુણવત્તાયુક્ત વીજળી ન મળવાના કારણે અનેક પ્રકારનું અમે સહન કર્યું છે. જ્યારે આજે વિભાજન કરીને નવા ફિડર નાખ્યા છે તો મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ચોમાસા દરમિયાન આ વખતે નવસારી જિલ્લામાં ગણદેવી, નવસારી અને જલાલપોર કાંઠા વિસ્તાર છે એવા ૩ તાલુકામાં નવા કેટલા ફીડરો ઊભા કરવામાં આવ્યા અને નવી કેટલી લાઇનો ઊભી કરવામાં આવી કે જેથી ચોમાસા પહેલાં આ લોકોને ગુણવત્તાયુક્ત વીજળી આપી શકીએ? કારણ કે એ દરિયાઇ પટ્ટાના કારણે ફોલ્ટમાં જતી રહી છે, એ ફીડરો ખૂબ લાંબા હતા તો ત્યાં નવી લાઇનો નાખવામાં આવી છે કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ સવાલ વલસાડ જિલ્લાનો હતો પરંતુ શ્રી નરેશભાઇ મારા ખાસ સિનિયર ધારાસભ્ય અને મિત્ર છે ત્યારે જણાવવાનું કે.....

અધ્યક્ષશ્રી : તમારે મિત્રો ઘણા બધા લાગે છે. વલસાડની આજુબાજુમાં અને સામે પણ ઘણા બધા મિત્રો છે. બહુ સરસ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : જિલ્લા ભા.જ.પ.ના પ્રમુખ હતા ત્યારથી મિત્ર છે. સ્પેશિયલ ઇમ્પ્રુવમેન્ટ સ્કીમ હેઠળ ગણદેવીમાં ૭ ફિડર રૂપિયા ૮૨ લાખના ખર્ચે, ચીખલીમાં ૨ ફિડર રૂપિયા ૧૯ લાખના ખર્ચે, જલાલપોરમાં ૮ ફિડર રૂપિયા ૧ કરોડ ૯૩ લાખના ખર્ચે, નવસારીમાં ૧ ફિડર રૂપિયા ૪૮ લાખના ખર્ચે, વાંસદામાં ૧ ફિડર રૂપિયા ૧૮ લાખના ખર્ચે એમ કુલ ૧૯ ફિડર રૂપિયા ૩.૬૨ કરોડના ખર્ચે કરેલ છે. સરદાર જ્યોતિ યોજના હેઠળ ગણદેવીમાં ૨ ફિડર રૂપિયા ૨૩ લાખના ખર્ચે, ચીખલીમાં ૪ ફિડર રૂપિયા ૧૭૨ લાખના ખર્ચે, વાંસદામાં ૬ ફિડર રૂપિયા ૧૨૫ લાખ, અને વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વાંસદામાં ૨ ફિડર રૂપિયા ૧૫ લાખ ૯૯ હજારના ખર્ચે કરવામાં આવ્યા છે. શ્રી રમણભાઇના જવાબમાં મારે એક વસ્તુ કહેવી છે કે કલગામ ખાતે ૬૬ કે.વી.એ. સ્ટેશન મંજૂર કરવામાં આવેલ છે અને જગ્યા માટે કલેકટરશ્રી પાસે અરજી પેન્ડીંગ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ફીડરો છે એની સંખ્યા અને એની કેપેસિટી ઓછી હોવાથી આજે આપણે પૂરતી વીજળી હોવા છતાં ખેડૂતોને દિવસે આપી શકતા નથી. એનું કારણ માત્ર એટલું છે કે આપણી કેપેસિટી દિવસના વીજળી આપવાની હોવી જોઇએ એટલી કેપેસિટી લોડ વહન કરવાની હોતી નથી. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દિવસના ખેડૂતોને વીજળી આપી શકાય એટલા માટે ફીડરો સહિત ૧૧ કે.વી.એ. થી શરૂ કરીને ૬૬ કે.વી.એ. અને ૪૪૦ કે.વી.એ. સુધીની લાઇનોની સંખ્યા વધારવી જોઇએ અને કેપેસિટી વધારવા માટે કોઇ આયોજન છે કે કેમ? અને ખેડૂતોને ક્યાં સુધીમાં દિવસના ભાગે વીજળી આપવાનું આયોજન છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ ચિંતા કરીને જે સવાલો પૂછે છે એમાં લોકોની લાગણી હોય છે. ખાસ કરીને જ્યારે પણ આપણે દિવસે વીજળી આપવી હોય ત્યારે હયાત ફીડરો હોય છે એની ક્ષમતા ઓછી હોય છે એટલા માટે દર વર્ષે બજેટમાં આ અંગેની સ્પેશિયલ જોગવાઇ કરવામાં આવે છે. આ વર્ષે પણ રૂપિયા ૧,૫૯૦ કરોડ આપણે ફીડરોને વધારે સ્ટ્રેન્ધન કરવા માટે જોગવાઇ કરી છે. જે રીતે આપણે ગુજરાતમાં સોલાર રૂફટોપ અને સોલારની યોજનાઓ ખેડૂતોના ખેતરોમાં કરવા જઇ રહ્યા છીએ, મને લાગે છે કે આવતાં બે વર્ષમાં સંપૂર્ણ રીતે ખેડૂતોને દિવસે વીજળી મળે એવું આયોજન કરવામાં આવ્યું છે.

ફાલ્ગુન ૨૨, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

* ૧૬૨૪ **શ્રી અરુણસિંહ રણા** (વાગરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૮૭૨૩ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૩૪૪૪૧ કિલોવોટ છે. |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઇને ખૂબ ખૂબ અભિનંદન એટલા માટે આપું છું કે, સાચા અર્થમાં કોઝ વે કમ પુલના ૧૭૦૦ કરોડ રૂપિયા અને ૮૦૦ કરોડ રૂપિયા ભરૂચથી દહેજના મંજૂર કર્યા છે એના માટે ધન્યવાદ આપું છું. તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત યોજના''માં ઘર વપરાશના વીજ ગ્રાહકોની નોંધણી થયેલી અરજીઓ પૈકી કેટલા ઘર વપરાશના તાલુકાવાર કેટલા વીજ ગ્રાહકોના મકાન ઉપર સોલાર સિસ્ટમ કાર્યાન્વિત થઇ ગયેલી છે? અને તે વીજળીની ક્ષમતા કેટલી છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં ટોટલ ૮,૭૨૩ અરજીઓ થયેલી છે એમાં તાલુકાવાર જોઇએ તો આમોદમાં ૨૩૯, અંકલેશ્વરમાં ૨,૫૪૯, ભરૂચમાં ૫,૧૧૬, હાંસોટમાં ૭૯, જંબુસરમાં ૨૭૬, ઝઘડિયામાં ૧૬૫, નેત્રંગમાં ૧૧, વાગરામાં ૧૫૬, વાલિયામાં ૧૩૨ અરજીઓ થયેલી છે એની ટોટલ ૩૪,૪૪૧ મેગાવોટ કેપેસિટી છે. કાર્યાન્વિત સોલાર સિસ્ટમની સંખ્યા ૭,૫૭૩ એટલે કે લગભગ ૮,૭૦૦માંથી ૭,૫૦૦ સિસ્ટમ કાર્યાન્વિત થયેલી છે એની કિલોવોટની સંખ્યા ૨૯,૭૨૦ છે.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત યોજના'' હેઠળ ઘર વપરાશના વીજ ગ્રાહકોએ તેમના મકાન પર લગાવેલ સોલર સિસ્ટમથી તાલુકાવાર કેટલી સૌર ઊર્જા ઉત્પાદિત થયેલી છે અને આ વીજ ગ્રાહકો દ્વારા સ્વવપરાશ ઉપરાંતની સૌર ઊર્જા ગ્રીડમાં આપવાથી તાલુકાવાર ઘર વપરાશના વીજ ગ્રાહકોને કેટલી આવક થયેલી છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી રમેશભાઇએ પ્રશ્ન પૂછ્યો છે એ ખરેખર આ યોજનાનું હાર્દ છે કે લોકોને ઘર વપરાશ કરતા વીજળી વધે તો એ પોતે કમાણી કરી શકે અને એ ભરૂચ જિલ્લાએ સાર્થક કર્યું છે. ખાસ કરીને આમોદ તાલુકામાં ૧૭૮૦૦૦ મિલિયન યુનિટ જનરેટ થયા છે. ગ્રાહકો દ્વારા ૧૩૪૦૦૦ મિલિયન યુનિટ વાપરવામાં આવ્યા છે અને વીજ કંપનીને ૪૩૦૦૦ યુનિટ વેચવામાં આવ્યા છે જેના લીધે આમોદ તાલુકામાં રૂપિયા ૯૭૮૦૦૦/- આવક થઇ છે. અંકલેશ્વરમાં ૩૧.૯૭ મિલિયન યુનિટ પેદા કરવામાં આવ્યાં છે એમાં ૨૬.૧૩ મિલિયન યુનિટ વાપરવામાં આવ્યાં છે. ૫.૮૪ મિલિયન યુનિટ વીજ કંપનીને વેચવામાં આવ્યાં છે એમાંથી રૂપિયા ૧ કરોડ ૩૧ લાખ ૫૦ હજારની ઇન્કમ થઇ છે. એ જ રીતે ભરૂચ તાલુકામાં ૫૨.૦૪ મિલિયન યુનિટ પેદા કરવામાં આવ્યાં છે અને ૩૮.૬૭ મિલિયન યુનિટ વાપરવામાં આવ્યાં અને ૧૩.૩૬ મિલિયન યુનિટ વીજ કંપનીને વેચવામાં આવ્યાં છે રૂપિયા ૩ કરોડ ૬૩ હજારની ઇન્કમ થઇ છે. હાંસોટમાં ૧,૦૮,૦૦૦ મિલિયન યુનિટ પેદા કરવામાં આવ્યાં છે ૮૯,૦૦૦ મિલિયન યુનિટ વાપરવામાં આવ્યાં ૧૯,૦૦૦ મિલિયન યુનિટ વીજ કંપનીને વેચવામાં આવ્યાં અને એના લીધે રૂપિયા ૪ લાખ ૧૭ હજારની ઇન્કમ થઇ છે. જંબુસરમાં ૨.૪૩ મિલિયન યુનિટ પેદા કરવામાં આવ્યાં અને વપરાયેલ યુનિટ ૧.૭૬ મિલિયન યુનિટમાંથી ૬૭ મિલિયન યુનિટનું વીજ કંપનીને વેચાણ કરવામાં આવ્યું અને એના લીધે રૂપિયા ૧૫ લાખ ૮ હજારની ઇન્કમ થઇ. ઝઘડિયામાં ૧.૩૭ મિલિયન યુનિટ જનરેટ કરવામાં આવ્યાં છે. ૧.૦૭ મિલિયન યુનિટ વાપરવામાં આવ્યાં અને .૩૦ મિલિયન યુનિટ વીજ કંપનીને વેચવામાં આવ્યાં જેના લીધે રૂપિયા ૬ લાખ ૮૪ હજારની ઇન્કમ થઇ છે. નેત્રંગમાં ૮,૦૦૦ મિલિયન યુનિટ જનરેટ થયા ૭,૦૦૦ મિલિયન યુનિટ વાપરવામાં આવ્યાં અને ૧,૦૦૦ મિલિયન યુનિટ વીજ કંપનીને વેચવામાં આવ્યાં એના લીધે રૂપિયા ૧૯ હજારની ઇન્કમ થઇ. વાગરા તાલુકામાં ૧.૨૮ મિલિયન યુનિટ જનરેટ થયાં ૧.૦૪ મિલિયન યુનિટ વાપરવામાં આવ્યાં અને ૨૩ મિલિયન યુનિટ વેચવામાં આવ્યાં એના લીધે રૂપિયા ૫ લાખ ૨૯ હજારની ઇન્કમ થઇ. વાલિયામાં ૧.૪૦ મિલિયન યુનિટ જનરેટ થયા ૧.૦૯ મિલિયન યુનિટ વાપરવામાં આવ્યાં અને પોઇન્ટ ૩૧ (૦.૩૧)મિલિયન યુનિટ વેચવામાં આવ્યાં જેના લીધે રૂપિયા ૬ લાખ ૯૮ હજારની ઇન્કમ થઇ. ટોટલ ૯૩.૪૨ મિલિયન યુનિટ જનરેટ કરવામાં આવ્યાં. એમાંથી ૭૨.૬ પોતે ઘરવપરાશમાં વાપર્યા. આટલા ગ્રાહકોનું બિલ ઝીરો આવ્યું અને એમણે વીજ કંપનીને ૨૧.૩૫ મિલિયન યુનિટ વેચ્યા એના લીધે રૂપિયા ૪,૮૦,૪૬,૦૦૦ની આવક થઇ.

તા. ૧૩મીમાર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સોલાર રૂફ ટોપ યોજનામાંથી એકસેસ જનરેશન થાય છે અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એ બાયબેક કરીને પૈસા ચૂકવવામાં આવે છે પણ આપણે જે કન્ઝયુમ કરીએ છીએ એની જે યુનિટ કોસ્ટ હોય છે અને આપણું જે એકસેસ જનરેશન હોય અને ચૂકવવામાં આવતા હોય એની યુનિટ કોસ્ટ હોય એ અસમાન છે તો વધારે પૈસા વસૂલવામાં આવે છે અને વધારે જનરેશન થાય છે એના પૈસા કેમ ઓછા ચૂકવવામાં આવે છે? (અંતરાય)

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ વલસાડ જિલ્લાનો નથી આ તો આખા ગુજરાતનો સવાલ છે. પહેલી વાત તો એ છે કે જયારે એ પોતે વાપરે છે ત્યારે જે યુનિટ ભરતો હતો એની કોસ્ટ તો એની બચી જ ગઇ. વીજળી કંપની જે ખરીદે છે એ ખરીદવાના એના કોન્ટ્રાકટસ હોય એ કોન્ટ્રાકટ પ્રમાણે જ ખરીદવામાં આવે છે. જેને જર્કે મંજૂર કરેલા હોય છે.

અધ્યક્ષશ્રી : લાઇન લોસ થાય અને વધારાનું પ્રોડકશન કરે તો એનો ચાર્જ વધારાનો થાય.

**મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે દરોડા**

* ૧૮૩૭ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદે સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧) ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલના પાડેલ દરોડા

| અ.નં. | જિલ્લો | વર્ષ | દરોડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૨૦૨૧ | શૂન્ય |
| | | ૨૦૨૨ | ૦૧ |
| | | **કુલ** | **૦૧** |
| ૨ | અમદાવાદ | ૨૦૨૧ | ૦૨ |
| | | ૨૦૨૨ | ૦૪ |

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો ક્યા પ્રકારનો ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૨) મહેસાણા જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન / ખાદ્યતેલ | જથ્થો (કિ.ગ્રામ / લીટર) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૨ | ઘઉં | ૧૬,૦૬૦/૦૦ | ૩,૫૩,૩૨૦/૦૦ |
| | ચોખા | ૨૨,૭૮૦/૦૦ | ૫,૨૩,૯૪૦/૦૦ |
| | **કુલ** | **૩૮,૮૪૦/૦૦** | **૮,૭૭,૨૬૦/૦૦** |

અમદાવાદ જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન | જથ્થો (કિ.ગ્રામ) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૧ | ઘઉં | ૫,૧૨૩/૦૦ | ૯૦,૩૩૦/૦૦ |
| | **કુલ** | **૫,૧૨૩/૦૦** | **૯૦,૩૩૦/૦૦** |
| ૨૦૨૨ | ચોખા | ૫,૧૭૫/૦૦ | ૧,૦૭,૧૫૦/૦૦ |
| | **કુલ** | **૫,૧૭૫/૦૦** | **૧,૦૭,૧૫૦/૦૦** |

(૩) ગેરકાયદે સંગ્રહ કરવા બદલ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરી ?

(૩) ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ ઉક્ત જિલ્લાવાર નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- ❖ મહેસાણા જિલ્લામાં ૧-ઇસમ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનીયમ – ૧૯૫૫ અન્વયે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.
- ❖ અમદાવાદ જિલ્લામાં કુલ ૯-ઇસમ સામે ઉપર મુજબનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠાતંત્ર દ્વારા જે દરોડા પાડવામાં આવે છે એની સંખ્યા ઓછી છે એનું કારણ એ હોઇ શકે કે જગ્યાઓ ભરાયેલી નહીં હોય. એના કારણે રાજયમાં જે મોંઘવારી વધી છે ખાદ્યતેલના ભાવ વધ્યા છે એ આપણે કન્ટ્રોલ કરી શકતા નથી, એનો પણ વાંધો નથી તો મારે આપના મારફત રાજ્ય સરકારને અને માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે તમે કાર્ડધારકોને દર વર્ષે બે વખત તેલ આપો છો. આ બધું ન કરો તો વાંધો નહીં પણ તમે બે વખતના બદલે ચાર વખત, છ વખત કે દર મહિને તેલ આપવા માગો છો કે કેમ? અને જો આપવા માગતા હોય તો આ વખતે બજેટની જોગવાઇમાં

જોગવાઇ નથી તો નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી તો દાદા ભગવાનની ખાસ વિચારધારા ધરાવે છે તો એમના સાથે પરામર્શ કરી અને નાણાકીય જોગવાઇ કરવા માગો છો કે કેમ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વિવિધ પ્રશ્નો પૂછ્યા છે તો જવાબ હું થોડો વિગતવાર આપવા માગું છું. એક તો સ્ટોક મર્યાદાથી વધુ સંગ્રહ થયેલ હોય કેન્દ્ર સરકાર દ્વારા જયારે જયારે જણસી ઉપર આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૯૫ હેઠળ સ્ટોક મર્યાદા લાદવામાં આવી હોય ત્યારે એ મર્યાદાથી વધુ સંગ્રહ કરેલ જથ્થો અનઅધિકૃત ગણાય. દરોડાની જે વાત કરી છે એના અનુસંધાનમાં જ વાત કરવા માગું છું. જથ્થો અનઅધિકૃત રીતે સંગ્રહ થયેલ હોય ત્યારે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જથ્થો અનઅધિકૃત રીતે સંગ્રહ કે પરિવહન કરતો ઝડપાય ત્યારે તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષમાં બે વાર મહેસાણામાં-૧ અને અમદાવાદ જિલ્લામાં ૬ એમ કુલ ૭ દરોડા પાડવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨માં મહેસાણાના વિજાપુરમાં એક દરોડો, વર્ષ ૨૦૨૧માં અમદાવાદના સાણંદ તાલુકામાં -૧, દસક્રોઇ તાલુકામાં-૧, વર્ષ-૨૦૨૨માં બાવળા તાલુકામાં ૨, વિરમગામ તાલુકામાં બે દરોડા એમ કુલ ૬ તપાસ કરવામાં આવેલ છે. મહેસાણા જિલ્લામાં ઘઉં ૧૬,૦૬૦ કિલોગ્રામ એની કિંમત થાય છે રૂપિયા ૩,૫૩,૩૨૦, ચોખા ૨૨,૭૮૦ કિલોગ્રામ એની કિંમત થાય છે રૂપિયા ૫,૨૩,૯૪૦, કુલ કિલોગ્રામ ૩૮,૮૪૦ એની કિંમત થાય છે રૂપિયા ૮,૭૭,૨૬૦. અમદાવાદ જિલ્લામાં ઘઉં કિલોગ્રામ ૧૨,૭૬૪ રકમ રૂપિયા ૨૨૬૮૦૬. ચોખા ૫૧,૭૫૦ કિલોગ્રામ અને તેની કિંમત ૧૦,૭૧,૫૦૦ રૂપિયા થાય છે. કુલ ૬૪,૫૧૪ કિલોગ્રામ અને તેની કિંમત ૧૨,૯૮,૩૦૬ રૂપિયા થાય છે. હવે રાજ્યસાત કરેલ જથ્થાની વાત કરું તો વર્ષ ૨૦૨૧ માં ૫,૧૨૩ કિલોગ્રામ છે અને તેની કિંમત ૯૦,૩૩૦ રૂપિયા થાય છે. જેમાં ચોખા ૫,૧૭૫ કિલોગ્રામ જેની કિંમત ૧,૦૭,૧૫૦ રૂપિયા થાય છે. રાજ્યસાત કરેલ કુલ જથ્થો ૧૦,૨૯૮ કિલોગ્રામ થાય છે અને તેની રકમ ૧,૯૭,૪૮૦ રૂપિયા જેટલી થાય છે. તપાસની માહિતી આપું તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં પુરવઠા તંત્ર દ્વારા વ્યાજબી ભાવની દુકાનોની કરવામાં આવેલ તપાસ અન્વયે નીચે મુજબની કાયર્વાહી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧ માં કુલ ૨૧૭ તપાસ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨માં ૨૫૮ તપાસ કરવામાં આવી છે. આ તપાસમાં સીઝ કરેલ જથ્થાની કિંમત જોઇએ તો ૨૦૨૧ ના વર્ષમાં ૨,૪૯,૩૮૬ રૂપિયાની થાય છે. જયારે વર્ષ ૨૦૨૨માં ૩,૮૫,૪૧૯ રૂપિયા થાય છે. રાજ્યસાત જથ્થાની કિંમત જોઇએ તો વર્ષ ૨૦૨૧ માં ૧૦,૨૮,૧૬૦ રૂપિયા જયારે વર્ષ ૨૦૨૨ માં ૧,૭૮,૨૫૬ રૂપિયા થાય છે. વર્ષ ૨૦૨૧માં ચાર પરવાના રદ કરેલ અને વર્ષ ૨૦૨૨ માં ચાર પરવાના રદ કરેલ છે. વર્ષ ૨૦૨૧માં ૨૬ પરવાના અને વર્ષ ૨૦૨૨માં ૦૯ પરવાના મોકૂફ કરેલ છે. વર્ષ ૨૦૨૧માં પરવાના અનામત રકમ ૮,૫૮,૨૫૦ રૂપિયા જયારે વર્ષ ૨૦૨૨માં ૬,૩૯,૫૦૦ રૂપિયા થાય છે. દંડની વાત કરીએ તો વર્ષ ૨૦૨૧માં ૭૫,૬૭,૫૪૯ રૂપિયા જયારે વર્ષ ૨૦૨૨માં ૪૦,૬૨,૮૦૫ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ બીજી માગણી કરી છે કે, તમે બજેટમાં જોગવાઇ કરી નથી. તમે વર્ષમાં બે વખત તેલ આપો છો તે સારી બાબત છે પણ તે વધારે વખત આપવા માગો છો કે કેમ? કોઇ માહિતી હોય તો જાહેરાત કરો, નહીં તો સૂચન છે એમ કહો.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય સભ્યશ્રીએ જે વાત મૂકી છે તે તેમનું સૂચન છે. અમારી રાજ્ય સરકાર તે બાબતે ચોક્કસ વિચારણા કરશે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, દુકાનદાર દ્વારા ગ્રાહકને મળવાપાત્ર જથ્થા કરતાં ઓછો જથ્થો આપવા બાબતેની ફરિયાદો અન્વયે સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્યના ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા એન.એફ.એસ.એ. (નેશનલ ફૂડ સિક્યોરિટી એજન્સી) અને પી.એચ.એસ.વાય. યોજના હેઠળ રેશનકાર્ડ ધારકોને દરમાસે મળવાપાત્ર જથ્થો વિતરણ કરવા સંબંધિત વ્યાજબી ભાવની દુકાનદાર દ્વારા કરવામાં આવતી ગેરરીતિ કે રેશનકાર્ડને લગતી અન્ય રજૂઆત અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારા ઓનલાઇન વેબસાઇટ પર કે નીચે મુજબના ટોલફ્રી નંબર પર ફરિયાદ નોંધાવી શકે છે. પીડીએસ યોજના હેઠળ હેલ્પલાઇન નંબરઃ ૧૮૦૦૨૩૩૫૫૦૦ અને વન નેશન વન રેશનકાર્ડ યોજના હેઠળ હેલ્પલાઇન નંબર ૧૪૪૪૫ છે. રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ કોઇપણ રેશનકાર્ડ ગ્રાહકને નિયત ભાવે અનાજ ઓછું મળવા અંગે જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રીને ફરિયાદ કરી શકે છે અને નિવાસી અધિક કલેકટરશ્રીના નિર્ણયથી નારાજ હોય તો ગુજરાત રાજ્ય અન્ન આયોગ ગાંધીનગરને અપીલ કરી શકે છે.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા શાના માટે ખાસ તપાસ દળ (એસઆઇટી)ની રચના કરવામાં આવી છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા ઠરાવ નંબરઃ ૧૦૨૦૨૩/૮૪૫-ક/ તારીખઃ ૪-૩-૨૦૨૩ થી પુરવઠા વિભાગ હેઠળના સરકારશ્રીના ગોડાઉન કે સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિ કે ચોરીની ઘટના નિવારવા માટે અને થયેલ બનાવોના મૂળ સુધી પહોંચીને આરોપીઓને સજા કરી શકાય તે

માટે રાજ્ય સરકારના ખાસ તપાસ દળ (એસઆઈટી)ની રચના કરવામાં આવેલ છે. ખાસ તપાસ દળ નો મુખ્ય ઉદ્દેશ પુરવઠાતંત્ર તથા પોલીસતંત્ર વચ્ચે સંકલન સાધીને આચરવામાં આવેલ ગુનાના મૂળ સુધી પહોંચીને કોઈ ગુનેગાર છટકી ન જાય તે માટેની પરિણામલક્ષી કામગીરી કરવાની છે. એસ.આઈ.ટી.ના સભ્યોની નિમણૂક, સિટની અંદર અધ્યક્ષ સહિત ૬ સભ્યોનો સમાવેશ કરવામાં આવે છે જેમાં સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલવેના પોલીસ મહાનિર્દેશકશ્રી અધ્યક્ષ, અન્ન અને નાગરિક પુરવઠાના નિયામકશ્રી સભ્ય, સી.આઇ.ડી. ક્રાઇમના અને રેલવેના પોલીસ અધિક્ષકશ્રી સભ્ય, ગુજરાત રાજ્ય, નાગરિક પુરવઠા નિગમના મેનેજિંગ ડિરેકટરશ્રી સભ્ય સચિવ, સંબંધિત જિલ્લાના જિલ્લા પુરવઠા અધિકારી સભ્ય, સંબંધિત જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષકશ્રી સભ્ય. ખાસ તપાસ દળ, સીટની કામગીરી અંગે જણાવું તો દાખલ થયેલા ગુનાઓની સીટ દ્વારા સમીક્ષા કરીને તપાસ અધિકારીએ હાથ ધરેલ કાર્યવાહીની સમીક્ષા અને માર્ગદર્શન આપશે. પોલીસ દ્વારા ગુનાઓની તપાસ પૂર્ણ થયેલ છે તે ગુનાઓની પણ સમીક્ષા કરીને સૂચિત કાર્યવાહી અને સંબંધિત પોલીસ અધિકારીશ્રીને જરૂરી સૂચનો કરશે. આ સમિતિએ દર માસે બેઠક કરીને કાર્યવાહીની સમીક્ષા નોંધ અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ અને માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી ગૃહને રજૂ કરવાની રહેશે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલા ઈસમો અનધિકૃત રીતે જથ્થાનો સંગ્રહ કરે અને પકડાય તો તેના વિરુધમાં શું પગલાં લેવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનું એવું કહેવું છે કે પી.બી.એમ. કે એવું કાંઇ કરવામાં આવે છે કે કેમ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલ ઇસમો અનધિકૃત જથ્થાનો સંગ્રહ કરતા પકડાય તો તેની વિરુધ નીચે મુજબનાં પગલાં લેવામાં આવે છે.

ખાતા રાહે પરવાના માટે પરવાનેદારનો પરવાનો મોકૂફ કરી નિયમાનુસાર સુનાવણીના અંતે તેનો પરવાનો જરૂર જણાયે રદ કરવામાં આવે છે, પરવાના અનામત પૂર્ણ અથવા અંશતઃ રાજયસાત કરવામાં આવે છે, જે તે નિયમ અનુસાર નાણાકીય દંડ વસૂલ કરવામાં આવે છે. આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ અંતર્ગત અનધિકૃત જથ્થા બાબતે કરવા પાત્ર કાર્યવાહી, તપાસ સમયે જે પણ શંકાસ્પદ જથ્થો જણાઇ આવે તેને તપાસણી અધિકારી દ્વારા અન્ય નિર્ણય લેવાય ત્યાં સુધી સીઝ એટલે કે જે તે સ્થિતિમાં જાળવી રાખવા હુકમ કરવામાં આવે છે. તે સીઝ થયેલ જથ્થા પર સક્ષમ અધિકારીશ્રી દ્વારા કેસ ચલાવી નિયમાનુસારની પ્રક્રિયા અનુસરી રાજયસાત કરવામાં આવે છે. ફોજદારી કાર્યવાહી, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ફોજદારી અધિનિયમ હોય તેના ભંગ બદલ ફોજદારી કાર્યવાહી એટલે કે પોલીસ કેસની જોગવાઇ પણ છે. ગુનો સાબિત થયેથી ૩ મહિનાથી ૭ વર્ષ સુધીની જેલની સજા કે દંડની જોગવાઇ છે. અટકાયતી પગલાં, કાળા બજાર નિવારણ અધિનિયમ ૧૯૮૦ હેઠળ આવશ્યક ચિજ વસ્તુ અધિનિયમ ૧૯૫૫માં સમાવિષ્ટ આવશ્યક ચીજવસ્તુ ભંગની જોગવાઇઓ સામે અટકાયતી પગલાં લેવાની પણ જોગવાઇ છે.

**રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, પીએનજી અને સીએનજીના વેરામાં રાહત**

* ૧૬૫૧ **શ્રી અમુલ ભટ્ટ** (દાહોદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પરના વેરાના દર શું છે, અને | (૧) ઉક્ત સ્થિતિએ પેટ્રોલ અને ડીઝલ ઉપર મૂલ્યવર્ધિત વેરાનો દર અનુક્રમે ૧૩.૭% અને ૧૪.૯% છે તથા બન્ને ઉપર ૪% સેસ લાગુ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વેટ કાયદા હેઠળ પેટ્રોલ, ડીઝલ, પીએનજી અને સીએનજી પર વેરાના દરમાં કેટલી રાહત આપવામાં આવી ? | (૨) ઉક્ત સ્થિતિએ પેટ્રોલ અને ડીઝલ ઉપરના મૂલ્યવર્ધિત વેરાના દરમાં કોઈ ફેરફાર નથી. જ્યારે Household Domestic Consumerને પીએનજીમાં તેમજ Retail Consumerને વિહીકલમાં ફ્યુલ તરીકે વપરાતા સીએનજીમાં મૂલ્ય વર્ધિત વેરાનો દર ૧૫% હતો તેમાં ૧૦% નો ઘટાડો કરી ૫% નક્કી કરવામાં આવેલ છે. |

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલ અને ડીઝલના ભાવો એ કાયમ માટે ચર્ચાનો વિષય રહ્યો છે. આપણે સૌ જાણીએ છીએ તેમ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવોના સાપેક્ષ પેટ્રોલ ડીઝલના ભાવોમાં વધારો-ઘટાડો થતો હોય છે, પરંતુ મારી અને ગૃહની જાણકારી માટે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પર હાલ વેરાનો દર શું છે અને, પેટ્રોલ અને ડીઝલ પરના વેરામાં કોઇ રાહત છેલ્લા કેટલાક સમયમાં આપવામાં આવી છે કે કેમ?

ફાલ્ગુન ૨૨, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હાલની સ્થિતિએ રાજયમાં પેટ્રોલ અને ડીઝલ પર વેરાના દર નીચે મુજબ છે.

પેટ્રોલ ઉપર ૧૩.૭ ટકા વેટ અને ૪ ટકા સેસ લેવામાં આવે છે અને ડીઝલ ઉપર ૧૪ ટકા વેટ અને ૪ ટકા સેસ લેવામાં આવે છે. ગુજરાત રાજયમાં પેટ્રોલ ઉપર તા.૪-૧૧-૨૦૨૧ના રોજ વેરાનો દર ૨૦ ટકા હતો તે ઘટાડીને ૧૩.૭ ટકા કરવામાં આવેલ છે આમ, પેટ્રોલના વેરામાં ૬.૪ ટકાનો ઘટાડો કરવામાં આવેલ છે. ડીઝલ ઉપર આપવામાં આવેલ રાહત, ગુજરાત રાજયમાં ડીઝલ પર તા.૪-૧૧-૨૦૨૧ના રોજ વેરાનો દર ૨૦.૨ ટકાથી ઘટાડીને ૧૪.૯ ટકા કરવામાં આવેલ છે આમ, વેરાના દરમાં ૫.૩ ટકાનો ઘટાડો કરવામાં આવેલ છે. બજેટ પરની ચર્ચામાં જે સભ્યશ્રીઓએ સરકારને અભિનંદન આપ્યા કે એક પણ રૂપિયાનો કરવેરો વધાર્યા વગરનું બજેટ છે એની સાથે સાથે આ રાહત પણ ઘણી મોટી આપવામાં આવેલ છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કેમ કે તેમણે ચૂંટણી પછી ગુજરાત ગેસમાં ૧૨ રૂપિયા ઘટાડયા. સમગ્ર ઉદ્યોગ સારી રીતે ચાલે તેના માટે જે રકમ ઘટાડી તેનો હું આભાર માનું છું પણ સમગ્ર ગુજરાતમાં ગુજરાત ગેસ દ્ધારા જે આપણે ગુજરાતના ગેસના પમ્પ કરવા માગીએ છીએ એ વધારેમાં વધારે પમ્પ થાય તો પ્રજાને ફાયદો થાય તો એ કરવા માગે છે કે નહીં ?

અધ્યક્ષશ્રી : તમે ટેક્સમાંથી સીધા પેટ્રોલ પમ્પ ઉપર આવી ગયા. કાન્તિભાઇનો પ્રશ્ન સારો છે. માનનીય મંત્રીશ્રી, જો આ માહિતી હોય તો આપો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ માટેની એક નીતિ હોય છે તે બધા પમ્પ વચ્ચેનું જે અંતર હોય છે અને બધાને પોતાનો યોગ્ય ન્યાય મળી શકે તે રીતે વિતરણ થાય તેના માટેના જે નિયમો પ્રમાણે મુખ્યમંત્રી સહભાગી યોજના હેઠળ આ યોજના ચાલે છે અને તેના માટે યોગ્ય નિર્ણય નિર્ણય લેવામાં આવશે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પીએનજી અને સીએનજી આમાં દસ ટકા વેરાનો ઘટાડો કર્યો છે એટલે હવે પાંચ ટકા જ વેરો લાગશે. આ ઘટાડાથી વેચાણમાં કેટલો ફરક પડયો ? અને સરકારની આવકમાં કેટલી રકમની ઘટ પડી ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલ તથા ડીઝલમાં તા.૪-૧૧-૨૧થી ઘટાડેલા વેરાના દરના પરિણામે તારીખઃ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ અંદાજિત રૂપિયા ૯૫૦૦ કરોડનો વેરો જતો કરીને આ રાહતના લીધે સામાન્ય પ્રજાને સીધે સીધો ફાયદો થયો છે. સીએનજી અને પીએનજીના વેચાણ ઉપર આપવામાં આવેલા રીમિસનને કારણે રાજય સરકારે રૂપિયા ૧ હજાર કરોડનો વેરો જતો કરેલ છે.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સીએનજી અને પીએનજીના વેરામાં કેટલી રાહત મળે છે તેની માહિતી આપી દીધી છે એટલે મારો પ્રશ્ન રહેતો નથી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્ધારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ ખૂબ ઘટયો છે તે મુજબ પેટ્રોલ અને ડીઝલનો ભાવ ઘટયો નથી તો આંતરરાષ્ટ્રીય બજારમાં જેમ ક્રૂડનો ભાવ ઘટયો છે તેમ પેટ્રોલ અને ડીઝલનો ભાવ ઘટાડવા માટે આપ કેન્દ્ર સરકારમાં વિનંતી કરવા માગો છો કે કેમ ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિમલભાઇ હંમેશા લોકોને સ્પર્શતા પ્રશ્નો માટેની ચિંતા કરે છે પણ મારે એટલુ જ કહેવાનું છે કે, આપણા ગુજરાતમાં જે પેટ્રોલનો દર છે તે ૯૬ રૂપિયા ૪૨ પૈસા છે અને ડીઝલનો દર છે તે ૯૨ રૂપિયા ૧૭ પેસા છે. આપણા બાજુના રાજય રાજસ્થાનમાં ૧૦૮.૩૧ રૂપિયા છે અને ડીઝલનો ભાવ ત્યાં ૯૩ રૂપિયા ૫૭ પૈસા છે. આપણે આ બજેટમાં એક પણ જાતનો વેરો વધાર્યો નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પેટ્રોલ અને ડીઝલના ભાવ જે વધારે છે તેનુ કારણ એ છે કે, વીએટી હેઠળ આવે છે તો જો જીએસટી હેઠળ લાવવામાં આવે તો આપણને પરવડે તે ભાવમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસ મળી શકે. મારો પહેલો પ્રશ્ન એ છે કે, આ જીએસટી હેઠળ લાવવા માટે આ રાજય સરકાર જીએસટી કાઉન્સિલમાં રજૂઆત કરવા માગે છે કે કેમ ? અને બીજું જયારે આંતરરાષ્ટ્રીય બજારની અંદર ક્રૂડ ઓઇલનો ભાવ ૧૪૭ ડોલર હતો ત્યારે આપણે ૬૫ થી ૭૦ રૂપિયામાં પેટ્રોલ અને ડીઝલ આપતા હતા. જયારે અત્યારે ૮૩ ડોલર છે છતાં આપણે ત્યાં રૂપિયા ૯૩-૯૪ સુધી આ ભાવો પહોંચી ગયા છે તેનું કારણ એ છે કે, સેન્ટ્રલ...

અધ્યક્ષશ્રી : તમે જવાબ ના આપશો. કારણ પછી કહેજો પહેલાં આપ પ્રશ્ન પૂછી લો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું સેન્ટ્રલ એકસાઇઝનો ભાવ ખૂબ વધી ગયો છે, તેનો દર ખૂબ વધારે છે ત્રણ કે ચાર ગણો છે તો કેન્દ્ર સરકાર પાસે આ સેન્ટ્રલ એકસાઇઝનો દર ઘટાડે એટલા માટે તેની રજૂઆત આપણી ગુજરાત સરકારે કરેલી છે કે કેમ ? અને જો ના કરી હોય તો જે ૧૪૭ ડોલરની પેરીટીમાં જે એકસાઇઝનો દર હતો તે લઇ આવવા માટે આપણે રજૂઆત કરવા માગીએ છીએ કે કેમ ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે ચિંતા વ્યકત કરી છે તેમાં જીએસટી કાઉન્સિલ હંમેશા સર્વાનુમતે એ નિર્ણય લેતી હોય છે અને તે પહેલાં એક ફિટમેન્ટ કમિટી હોય છે. એ કમિટીમાં પણ શરૂઆતમાં

આ બધા પ્રશ્નોની ચર્ચા થાય છે. ત્યાર પછી જ્યારે એની કાઉન્સિલ મળે ત્યારે નિર્ણય લેવાતો હોય છે. આ નિર્ણય જ્યારે સમગ્ર રાષ્ટ્રના હિતમાં હશે ત્યારે લેવામાં આવશે.

**રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, પીએનજી અને સીએનજીના વેરામાં રાહત**

* ૧૬૫૧ **શ્રી કનૈયાલાલ કિશોરી** (દાહોદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૨૦ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૨૭૦.૧૨ લાખનો ખર્ચ થયો. |

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, મારો ઊર્જા વિભાગનો પ્રશ્ન છે ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતમાં જ્યાં પ્રથમ સૂર્યનું કિરણ પડે એ દાહોદ છે. ગુજરાતના દાહોદમાંથી જ માનનીય વડાપ્રધાનશ્રીએ સૂર્યોદય યોજના લૉન્ચ કરી છે, ત્યારે મારો પ્રશ્ન એ છે કે તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા હયાત ફિડરનું વિભાજન કર્યું અને તે ફિડર પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? મારો બીજો પ્રશ્ન એ છે કે દાહોદ જિલ્લામાં મોટાભાગે એલ.આઇ. યોજના થકી સિંચાઇનું કામ થતું હોય છે. જો માત્ર એલ.આઇ. યોજના દ્વારા જ સિંચાઇ થતી હોય તો આ એલ.આઇ. યોજનામાં જે લાઇટ આપવામાં આવે છે એના કલાકોમાં વધારો કરવા માગો છે કે કેમ? આ મારું સૂચન છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કનૈયાલાલ એકદમ ઉત્સાહી ધારાસભ્ય છે. વર્ષ ૨૦૨૧માં દાહોદમાં એક ફિડર રૂ.૨ લાખ ૪૦ હજાર, લીમખેડામાં ચાર ફિડર રૂ.૫૪ લાખ ૨૯ હજાર, ફતેપુરામાં ચાર ફિડર રૂ.૪૦ લાખ ૧૩ હજાર, ઝાલોદમાં એક ફિડર રૂ. ૮ લાખ, દેવગઢ બારીયામાં એક ફિડર રૂ.૨૪ લાખ ૩૪ હજાર, ગરબાડામાં એક ફિડર રૂ.૧ લાખ ૯૫ હજાર, ધાનપુરમાં નવું ફિડર નથી કરવામાં આવ્યું. આમ, કુલ ૧૨ ફિડર રૂ.૧ કરોડ ૩૧ લાખ ૧૧ હજારના ખર્ચે કરવામાં આવ્યાં. જ્યારે વર્ષ ૨૦૨૨માં દાહોદમાં ત્રણ ફિડર રૂ.૮૪ લાખ ૭૫ હજાર, ઝાલોદમાં એક ફિડર રૂ.૨૬ લાખ ૯૮ હજાર, ગરબાડામાં ત્રણ ફિડર રૂ.૧૭ લાખ ૯૫ હજાર, ધાનપુરમાં એક ફિડર રૂ.૯ લાખ ૩૩ હજારના ખર્ચે કરવામાં આવ્યા. આમ, કુલ આઠ ફિડર રૂ.૧ કરોડ ૩૯ લાખના ખર્ચે કરવામાં આવ્યા.

**ખેડા જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન**

* ૧૫૮૪ **શ્રી કલ્પેશભાઇ પરમાર** (માતર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૪૨ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૪૦૮.૧૭ લાખનો ખર્ચ થયો. |

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા હયાત ફિડરનું વિભાજન કરીને નવા ફિડર કરવામાં આવ્યા અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧માં નડિયાદમાં બે ફિડર રૂ.૧૫ લાખ ૪૪ હજાર, કઠલાલમાં બે ફિડર રૂ.૨૭ લાખ ૩૯ હજાર, કપડવંજમાં ૯ ફિડર રૂ.૮૯ લાખ ૦૧ હજાર, માતરમાં ત્રણ ફિડર રૂ.૫ લાખ ૧૧ હજાર, ગલતેશ્વરમાં એક ફિડર રૂ.૫ લાખ ૮૫ હજાર, મહુધામાં એક ફિડર રૂ.૮ લાખ ૪ હજાર, વસો, મહેમદાવાદ, ઠાસરા અને ખેડામાં કોઇ નવા ફિડર કરવામાં આવ્યા નથી. વર્ષ ૨૦૨૨માં નડિયાદમાં ચાર ફિડર રૂ.૧૯ લાખ ૪૨ હજાર, કઠલાલમાં એક ફિડર રૂ.૧૯ લાખ ૯૧ હજાર, કપડવંજમાં બે ફિડર રૂ.૧૪ લાખ ૫૪ હજાર, માતરમાં એક પણ ફિડર નવું કરવામાં નથી આવ્યું. ગલતેશ્વરમાં બે ફિડર રૂ.૨૨ લાખ ૮૫ હજાર, વસોમાં એક ફિડર રૂ.૧૪ લાખ ૭૩ હજાર, મહેમદાવાદમાં આઠ ફિડર રૂ.૧ કરોડ ૧૨ લાખ ૨૫ હજાર, ઠાસરામાં એક ફિડર રૂ.૫ લાખ ૨૭ હજાર અને ખેડામાં પાંચ ફિડર રૂ.૪૮ લાખ ૩૬ હજારના ખર્ચે કરવામાં આવ્યા. આમ, કુલ ૨૪ ફિડર રૂ.૨ કરોડ ૫૭ લાખ ૭૩ હજારના ખર્ચે કરવામાં આવ્યા.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફિડરના પ્રકાર મુજબ તાલુકાવાર કેટલા હયાત ફિડરનું વિભાજન કરીને નવા ફિડર બનાવવામાં આવ્યા અને તે માટે કેટલી વીજ લાઇન ઊભી કરવામાં આવી અને તે માટે કેટલો ખર્ચ થયો?

અતારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ખેતીવાડી ફિડરમાં ૨૦ નવા ફિડરની સામે ૨૧.૫૫ કિ.મી.ની લાઇન નાંખવામાં આવી અને રૂ.૨ કરોડ ૨૬ લાખ ૩૧ હજારનો ખર્ચ કરવામાં આવ્યો. જ્યોતિગ્રામ યોજના હેઠળ ૧૬ નવા ફિડરની સામે ૧૫.૮૮ કિ.મી.ની લાઇન નાંખવામાં આવી અને રૂ.૧ કરોડ ૧૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. અર્બન વિસ્તારમાં ૪ નવા ફિડરની સામે ૧.૬૮ કિ.મી.ની લાઇન નાંખવામાં આવી અને રૂ.૩૨ લાખ ૩૬ હજારનો ખર્ચ કરવામાં આવ્યો. ઉદ્યોગો માટે ૨ નવા ફિડરની સામે ૩.૬૦ કિ.મી.ની લાઇન નાંખવામાં આવી અને રૂ.૩૪ લાખ ૫૯ હજારનો ખર્ચ કરવામાં આવ્યો. આમ, જુદી જુદી કેટેગરીમાં કુલ ૪૨ નવા ફિડરની સંખ્યાએ ૪૩ કિ.મી.ની નવી લાઇન નાંખવામાં આવી અને રૂ.૪ કરોડ ૮ લાખ ૧૭ હજારનો ખર્ચ કરવામાં આવ્યો.

**માંગરોળ તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના**

* ૧૬૩૯ **શ્રી કાંતીભાઇ બલર** (સુરત ઉત્તર): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં પાણી પુરવઠા માટે જૂથ પાણી પુરવઠા યોજનાથી વંચિત ગામો માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૧) જૂથ પાણી પુરવઠા યોજનાથી વંચિત ગામો માટે સરફેસ સ્ત્રોત આધારીત મહુવેજ જૂથ પાણી પુરવઠા યોજનાના અમલીકરણની કાર્યવાહી હાથ ધરેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આવા કેટલા ગામ જૂથ પાણી પુરવઠા યોજનાથી વંચિત છે ? | (૨) ૯ ગામો |

શ્રી કાંતિભાઇ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, મહુવેજ જૂથ પાણી પુરવઠા યોજનાને વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવી અને તેની અંદાજિત કિંમત કેટલી છે? આ યોજના હેઠળ ક્યા ગામો તેમજ શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે? તેમજ કેટલી વસ્તીને પાણી પૂરી પાડવાની યોજના છે? આ યોજનાનો સોર્સ શું છે? અને ભૌતિક પ્રગતિ કયા તબક્કે છે?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં મહુવેજ જૂથ પાણી પુરવઠા યોજના બની રહી છે. આ જુદી જુદી જૂથ પાણી પુરવઠા યોજના સાથે કુલ-૯૦ ગામો પૈકી ૮૧ ગામો જોડાયેલા છે. સ્થાનિક સોર્સ બોર, કૂવા અને મીની પાઇપલાઇન મારફતે નવ ગામો જોડાયેલા છે. મહુવેજ જૂથ પાણી પુરવઠા યોજનામાં માંગરોળ તાલુકાના ૨૯ ગામો અને શહેર, માંડવી તાલુકાના ૩ ગામ, ઓલપાડ તાલુકાનું ૧ ગામ મળી કુલ ૩૧ ગામ અને ૨ શહેરોનો સમાવેશ થયો છે. મહુવેજ જૂથ પાણી પુરવઠા યોજનાની વહીવટી મંજૂરી તા.૧૮/૧૦/૨૦૨૧થી આપવામાં આવી. તેની અંદાજિત રકમ રૂ. ૧૨૬.૩૪ કરોડ છે. કુલ ૩૩ ગામ/શહેર પૈકી આ યોજના થકી ભવિષ્યના ૩૦ વર્ષને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૫૧ સુધીમાં ૨ લાખ ૮૪ હજાર ૭૯૧ની વસ્તીને ૩૫.૭૭ એમ.એલ.ડી. પાણી આપવાનું આયોજન છે. યોજનાકીય કામગીરી હાલ પ્રગતિમાં છે. ભૌતિક કામગીરી ૭૧ ટકા જેટલી પૂર્ણ થયેલ છે અને વર્ષ ૨૦૨૩માં આ યોજના પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહુવેજ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ ઘટકોની વિગતો શું છે?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં કુલ-૧૨ ઘટકોનો સમાવેશ થાય છે. (૧) ઈન્ટેક વેલ એપ્રોચ વીજ સાથે ૧૫૦ મીટર (૨) જળ શુદ્ધીકરણ પ્લાન્ટ ૨૪ એમ.એલ.ડી. (૩) હેડવર્કસ ખાતે આર.સી.સી. ભૂગર્ભ સંપ (૪) હેડવર્ક્સ ખાતે આર.સી.સી. ઈ.એસ.આર. બે ટાંકીઓ (૫) ગ્રેવિટી મેઈન પાઈપલાઈન (૬) રાઈસિંગ મેઈન પાઈપલાઈન (૭) પંપ હાઉસ અને સ્ટાફ ક્વાર્ટર્સ (૮) કમ્પાઉન્ડ વૉલ બનાવવાનાં કામ અને એમ.એસ. ગેટ (૯) ઈન્ટેક વેલ અને હેડવર્ક્સ ખાતે પંપિગ મશીનરી (૧૦) આર.સી.સી. ભૂગર્ભ સંપ ગામના લેવલ સુધી ૧૫ નંગ (૧૧) ગામતળે પંપ હાઉસ (૧૨) ગામતળે પંપિગ મશીનરી. આમ, કુલ-૧૨ ઘટકોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**વલસાડ જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૦૯ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૩૮૭૭ વીજ ગ્રાહકોની અરજી નોંધણી થયેલ છે. |

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૫૬૭૨ કીલો વોટ છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં એપીએમસી માર્કેટોમાં બોગસ લાયસન્સની ફરિયાદો**

૧૮૬૮ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવેલ એપીએમસી માર્કેટોમાં ગેરરીતિઓ અંગેની તેમજ ગુમાસ્તાધારા હેઠળ બોગસ લાયસન્સ આપવાની કેટલી ફરિયાદો સરકારને મળી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ફરિયાદો બાબતે સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)
- બજાર સમિતિ-ધાનેરાઃ ૦૧
  બજાર સમિતિ-દાંતાઃ ૦૨
  બજાર સમિતિ-લાખણીઃ ૦૪
  બજાર સમિતિ-ભાભરઃ ૦૧
  આમ, કુલ-૦૪ બજાર સમિતિઓની સામે ગેરરીતિની ૮ (આઠ) ફરિયાદો મળેલ છે.
- ગુમાસ્તાધારા હેઠળ બોગસ લાયસન્સ આપવાની ફરિયાદ ''શૂન્ય'' છે.

(૨) ઉક્ત ૪(ચાર) બજાર સમિતિઓ સામેની ફરિયાદો અંગેની કાર્યવાહી ચાલુ છે.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૨૦ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૫૦૨૫ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે.

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૭૬૪૮ કીલો વોટ છે.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૨૭ **શ્રી મહેશભાઈ કસવાલા** (સાવરકુંડલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૩૭૩૨ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે.

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૨૨૬૪ કીલો વોટ છે.

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન**

૧૫૮૦ **શ્રી રાકેશભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફિડર કરવામાં આવેલ છે, અને

(૨)તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૩૩

(૨) ૩.૭૦૧.૨૪ લાખનો ખર્ચ થયો.

**ભાવનગર જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૨૩ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૭૩૩૦ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૨૬૨૨૭ કીલો વોટ છે. |

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન**

૧૫૮૭ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફિડર કરવામાં આવેલ છે, અને | (૧) ૨૦ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૭૦.૧૨ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૦૫ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૨૩૪૫ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૯૩૫૫ કિલોવોટ છે. |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૬૮ **શ્રી કેશુભાઈ પટેલ** (ભુજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૭૭૩૬ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૩૧૬૩૨ કિલોવોટ છે. |

- - - - - - - - -

તા. ૧૩મીમાર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ અનાજ વિતરણ**

૧૫૬૮ **શ્રી મહેન્દ્રભાઈ ભાભોર** (ગરબાડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કેટલા પ્રમાણમાં અને કયા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં ૮૮,૨૧૭ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત માહે જાન્યુઆરી-૨૦૨૩ દરમ્યાન રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૭,૮૩૯ મે. ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

આમ, કુલ ૯૬,૦૫૬ મે. ટન અનાજનું વિતરણ થયેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

(૧) માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી મે-૨૦૨૨ સુધી.

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.)** | **વિતરણ ભાવ (રૂ-પૈસા)** |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૨૫-૦૦૦ | ૨-૦૦ |
| | ચોખા | કાર્ડદીઠ ૧૦-૦૦૦ | ૩-૦૦ |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૩-૫૦૦ | ૨-૦૦ |
| | ચોખા | વ્યક્તિદીઠ ૧-૫૦૦ | ૩-૦૦ |
| | કુલ | વ્યક્તિદીઠ ૫-૦૦૦ | |

(૨) માહે જૂન-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી તથા જાન્યુઆરી-૨૦૨૩ માટે

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.)** | **વિતરણ ભાવ (રૂ-પૈસા)** | |
|---|---|---|---|---|
| | | | **જૂન-૨૨ થી ડીસે.-૨૨ સુધી** | **જાન્યુઆરી-૨૩ માટે** |
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ | ૨-૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦ | ૨-૦૦ | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | વ્યક્તિદીઠ ૫- | | |

**પંચમહાલ જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન**

૧૬૦૩ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત

**જવાબ**

(૧) ૨૨

અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફિડર કરવામાં આવેલ છે, અને

(૨)તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૧૭૨.૧૮ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**ધંધુકા તાલુકાના ગામોમાં નર્મદાનું પાણી આપવા બાબત**

૧૬૪૧ **શ્રી કાળુભાઈ ડાભી** (ધંધુકા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ગામોમાં વ્યક્તિદીઠ કેટલું પાણી આપવામાં આવે છે, | (૧) વ્યક્તિદીઠ સરેરાશ ૭૦ લીટર. |
| (૨) ઉક્ત સ્થિતિએ સદરહુ તાલુકાના ગામોમાં પૂરતા સ્ટૉરેજ સ્ટ્રક્ચર બનાવી આપવા કોઇ યોજના હાથ ધરેલ છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરી, કેટલા ગામોને નર્મદાનું પાણી પહોંચાડવામાં આવનાર છે, અને | (૩) આ સુધારણા યોજના માર્ચ-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરી ધંધુકા તાલુકાના ૪૨ ગામોને નર્મદાનું પાણી પહોંચાડવાનું આયોજન છે. |
| (૪)આ યોજના પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ? | (૪) આશરે રૂ.૨૪.૨૬ કરોડ. |

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૧૦ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૩૩૯૧૮ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૩૬૮૧૦ કિલોવોટ છે. |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૨૫ **શ્રી અનિકેત ઠાકર** (પાલનપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૨૮૪૬ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૦૨૭૮ કિલોવોટ છે. |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૭૦ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૭૩૩૦ વીજ |

અરજીની નોંધણી થયેલ છે, અને

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે.

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૨૬૨૨૭ કિલોવોટ છે.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૧૪ **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૨૪૧૧૮ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે.

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૯૩૫૪૫ કિલોવોટ છે.

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૧૮૫૧ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' અને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' નો અમલ ક્યારથી કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અંતર્ગત નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' નો અમલ ૧લી એપ્રિલ-૨૦૧૬થી કરવામાં આવેલ છે અને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' નો અમલ એપ્રિલ-૨૦૨૦ થી કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' અને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત નવસારી જિલ્લામાં તાલુકાવાર કુલ ૨૦૭૭૪૩.૪૫૧ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

માહે જાન્યુઆરી-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૨

| ક્રમ | તાલુકાનું નામ | કુલ અનાજ (મે.ટન) |
|---|---|---|
| ૧ | ખેરગામ | ૧૧૪૨૨.૨૪૬ |
| ૨ | ગણદેવી | ૪૧૨૪૨.૧૩૪ |
| ૩ | ચીખલી | ૩૯૧૮૭.૭ |
| ૪ | જલાલપોર | ૨૪૭૩૮.૭૦૧ |
| ૫ | નવસારી (ગ્રામ્ય) | ૧૬૭૯૮.૧૫૪ |
| ૬ | નવસારી (શહેર) | ૩૧૩૭૨.૬૨૯ |
| ૭ | વાંસદા | ૪૨૯૮૧.૮૮૭ |
| | **કુલ** | **૨૦૭૭૪૩.૪૫૧** |

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૧૩ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૪૬૮૨ વીજ

અરજીની નોંધણી થયેલ છે, અને

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે.

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૬૦૭૯ કિલોવોટ છે.

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૨૨ **શ્રી જયંતીભાઈ પટેલ** (માણસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૭૫૬૬ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૩૦૬૬૬ કિલોવોટ છે. |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૭૫ **શ્રી સંદિપ દેસાઈ** (ચોર્યાસી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૩૦૯૧૮ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૩૪૮૮૧ કિલોવોટ છે. |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન**

૧૫૮૧ **શ્રી હીરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૪૫ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૫૪૩.૦૫ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**સૌની યોજનાની કામગીરી**

૧૩૯૧ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૦૯-૧૨-૨૦૧૯(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૧૭૧ (અગ્રતા-૨૬૯)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌની યોજનાની કામગીરી તા.૦૬-૦૨-૨૦૧૩ના રૂ.૧૦,૦૦૦ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવેલ તે કામગીરી માટે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, | (૧) રૂ.૧૬,૧૪૮/- કરોડ. |
| (૨) ઉક્ત કામગીરીમાં કુલ કેટલો ખર્ચ થનાર છે, અને | (૨) સૌની યોજના અન્વયે મળેલ રૂ.૧૮,૫૬૩/- કરોડની સુધારેલ વહીવટી મંજૂરી સામે ઉક્ત સ્થિતિએ |

રૂ.૧૬,૧૪૮/ - કરોડનો ખર્ચ થયેલ છે તથા રૂ.૨૪૧૫/ - કરોડનો ખર્ચ થનાર છે.

પરંતુ સૌની યોજનાની આસપાસના વિસ્તારની માગણીઓને ધ્યાને લઈ વધારાનો ખર્ચ થવાની શક્યતા રહેલ છે.

(૩) ઉક્ત કામગીરીમાં મંજૂર કરવા સમય કરતાં ખર્ચ વધુ થયેલ હોઈ તો તેના મુખ્ય કારણો શા છે ?

(૩)

- સૌની યોજનાના પ્રાથમિક વહીવટી મંજૂરી મેળવવા સમયે પાઈપલાઈનની લંબાઈનો પ્રાથમિક સર્વે કરવામાં આવેલ તેમજ પ્રથમ અને બીજા તબક્કા દરમ્યાન વિગતવાર સર્વે કરતાં નકશા અંદાજમાં પાઈપલાઈનની લંબાઈમાં વધારો થવા પામેલ.
- સૌની યોજનાના પ્રથમ તબક્કાના અંદાજો GWSSB ના SOR ૨૦૧૧-૧૨ મુજબ તૈયાર કરવામાં આવેલ. જે દરમ્યાન માર્કેટમાં સ્ટીલના ભાવ વધારાના કારણે GWSSB SOR સુધારો થતા તે મુજબ નકશા અંદાજો સુધારવામાં આવેલ.
- આ યોજના પ્રથમ વખત ૩૦૦૦ મી.મી. વ્યાસની માઈલ્ડ સ્ટીલ પાઈપલાઈનનો સમાવેશ કરવામાં આવેલ. આ સાઈઝની પાઈપલાઈનના મેન્યુફેક્ચર માટે પાઈપ મેન્યુફેક્ચરોએ તેમની હયાત કેપેસિટીમાં વધારો કરવો પડેલ હતો જેના કારણે આ મોટી સાઈઝના પાઈપમાં માર્કેટના ભાવો ઉંચા રહેવા પામેલ.
- પ્રાથમિક મંજૂરીમાં રાઈટ ઓફ યુઝના ખર્ચની તથા પીજીવીસીએલ દ્વારા ઈલેક્ટ્રિસિટીના કનેક્શનની લાઈનના ખર્ચને ગણતરીમાં લીધેલ ન હતો, જેને સુધારેલ વહીવટી મંજૂરીની દરખાસ્તમાં ધ્યાને લીધેલ છે.
- પ્રથમ અને બીજા તબક્કાનાં કામો માટે ટેન્ડરની રકમ મુજબ સુધારેલ વહીવટી મંજૂરીની દરખાસ્તમાં ગણતરીમાં લીધેલ છે.

- - - - - - - - -

## મહેસાણા જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના

૧૬૧૭ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઉંઝા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૭૬૧૮ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે.

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૨૬૫૬૮ કીલો વોટ છે.

- - - - - - - - -

## અમદાવાદ જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન

૧૫૯૯ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને

(૧) ૭૫

(૨)તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૧૮૯૯.૨૭ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

## મહેસાણા જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના

૧૬૬૭ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૭૬૧૮ વીજ ગ્રાહકોની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્બારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્બારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૨૬૫૬૮ કિલોવોટ છે. |

- - - - - - - - -

## ગાંધીનગર જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન

૧૬૫૫ **શ્રીમતી રીટાબેન પટેલ** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૫૩ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૧૪૫૩.૯૫ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

## સુરેન્દ્રનગર જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના

૧૬૧૧ **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધ્રાંગધ્રા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૩૦૧૦ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્બારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્બારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૧૦૬૨ કીલો વોટ છે. |

- - - - - - - - -

## મહીસાગર જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન

૧૬૦૪ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૧૬ |

(૨)તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૧૫૨.૫૨ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૨૮ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૩૪૭૯૪ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે. |
| (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૫૪૩૬૮ કિલોવોટ છે. |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન**

૧૬૫૨ **શ્રી સંજયસિંહ મહીડા** (મહુધા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૪૨ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૪૦૮.૧૭ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન**

૧૬૫૬ **શ્રી બાબુસિંહ જાદવ** (વટવા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૭૫ |
| (૨)તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૧૮૯૯.૨૭ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**અમરેલી શહેરમાં નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ યોજના હેઠળ જનસંખ્યા**

૧૫૬૯ **શ્રી પ્રદ્યુમન વાજા** (કોડીનાર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ હેઠળ ૮૨૬ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૮૨૬ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૨,૯૫૮ છે. |

- - - - - - - - -

**કલોલ તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૧૬૪૦ **શ્રી લક્ષ્મણજી ઠાકોર** (કલોલ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કલોલ તાલુકાને કઈ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, | (૧) એમ-૧ ભાગ-૨ જૂથ પાણી પુરવઠા યોજના. |

(૨) આ યોજના હેઠળ કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) ૬૪ ગામો.

(૩) આ યોજના અંતર્ગત કેટલી વસ્તીને આવરી લેવામાં આવેલ છે?

(૩) હાલની ગ્રામ્ય વિસ્તારની ૨.૨૩ લાખ માણસો અને શહેરી વિસ્તારની ૩.૧૪ લાખ માણસો.

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૩૦ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૨૩૮૭ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે.

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૮૩૭૬ કિલોવોટ છે.

- - - - - - - - -

**મોરબી જિલ્લામાં સોલર રૂફ ટોપ યોજના**

૧૬૧૬ **શ્રી કાંતીલાલ અમૃતિયા** (મોરબી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કેટલા વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે, અને

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ ૨૭૭૬ વીજ ગ્રાહકોની અરજીની નોંધણી થયેલ છે.

(૨) ઉપરોક્ત ઘરવપરાશના વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૦૪૭૪ કિલોવોટ છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પાતાળકુવા**

૧૬૩૬ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩માં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા કેટલા પાતાળકુવા કરવામાં આવ્યા, અને

(૨) જે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પાતાળકુવામાંથી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩માં બનાસકાંઠા જિલ્લામાં કરવામાં આવેલ પાતાળકુવાની વિગત નીચે મુજબ છે.

(૩) (૧) જૂનાગઢ જિલ્લામાં ૧૬ ઈસમ સામે FIR દાખલ કરવામાં આવેલ છે.

(૨) જામનગર જિલ્લામાં ૦૪ (ચાર) ઈસમ સામે FIR દાખલ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**ખંભાત શહેર/જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલ પંપની ઓચિંતી તપાસ**

૮૫૨ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખંભાત શહેર/જિલ્લામાં કેટલા પેટ્રોલ અને ડીઝલ પંપની ઓચિંતી તપાસ કરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખંભાત શહેર/જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલ પંપની કરવામાં આવેલ તપાસ નીચ મુજબ છે.

| વર્ષ | શહેર/જિલ્લો | તપાસ |
|---|---|---|
| ફેબ્રુઆરી-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ | ખંભાત શહેર | ૦૦ |
| | આણંદ જિલ્લો | ૦૦ |
| | **કુલ** | **૦૦** |
| ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩ | ખંભાત શહેર | ૦૦ |
| | આણંદ જિલ્લો | ૦૧ |

(૨) તે પૈકી ક્યા સ્થળના ક્યા પેટ્રોલ/ડીઝલ પંપ ઉપર ભેળસેળ કે ગેરરીતિ અને પેટ્રોલ/ડીઝલની નબળી ગુણવત્તા હોવાનું સામે આવ્યું,

(૨) ઉક્ત પૈકી આંકલાવ તાલુકામાં આવેલ દાનેવ પેટ્રોલપંપ વિરૂધ્ધ ડીઝલમાં ભેળસેળની ફરિયાદ આધારિત તપાસણી કરવામાં આવેલ.

(૩) આવા પેટ્રોલ/ડીઝલ પંપના માલિક સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) હાલ કાર્યવાહી ચાલુમાં છે.

(૪) પેટ્રોલ પંપ ઉપર રાખવામાં આવેલ ફરિયાદ બુકોમાં લખેલ ફરિયાદ બાબતે શી કાર્યવાહી કરી ?

(૪) ઉક્ત ફરિયાદ આધારિત તપાસણી વખતે સદરહુ ફરિયાદ બાબતે ફરિયાદ બુકમાં કોઈ નોંધ થયેલ નથી.

વધુમાં, પેટ્રોલ પંપ ઉપર રાખવામાં આવેલ ફરિયાદ બુક નિભાવવા બાબત, અત્રેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબત વિભાગના કાર્યક્ષેત્રની બાબત નથી.

નોંધઃ- ઓઈલ માર્કેટીંગ કંપનીની માર્કેટિંગ ડિસિપ્લીન ગાઈડલાઈનની શરતો મુજબ ડીલરો દ્વારા ફરિયાદ બુક રાખવાની જોગવાઈ છે. જેની કાર્યવાહી કેન્દ્ર સરકારશ્રીના હસ્તકની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા કરાતી હોય છે.

- - - - - - - - -

**રાજ્યમાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, પી.એન.જી. અને સી.એન.જી. ગેસ પર વેરો**

૯૭૪ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, પી.એન.જી. અને સી.એન.જી. ગેસ ઉપર કેટલો વેરો વસૂલવામાં આવે છે, અને

**જવાબ**

(૧)

| **કોમોડીટી** | **જીએસટીનો દર** | **સેસ** |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૫% | લાગુ પડતું નથી |
| | | |
| **કોમોડીટી** | **મૂલ્યવર્ધિત વેરાનો દર** | **સેસ** |

| | | |
|---|---|---|
| પેટ્રોલ | ૧૩.૭% | ૪% |
| ડીઝલ | ૧૪.૯% | ૪% |
| પી.એન.જી. (કોમર્શિયલ) | ૧૫% | લાગુ પડતું નથી |
| પી.એન.જી.(હાઉસહોલ્ડ) | ૫% | લાગુ પડતું નથી |
| સી.એન.જી.(હોલસેલર) | ૧૫% | લાગુ પડતું નથી |
| સી.એન.જી. (રીટેલર) | ૫% | લાગુ પડતું નથી |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કોમોડીટીવાર વેરા પેટે કેટલી રકમ રાજ્ય સરકાર દ્વારા વસૂલવામાં આવી ?

(૨)

**(રકમ રૂ.કરોડમાં)**

| કોમોડીટી | તા.૦૧/૦૧/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧ | તા.૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ |
|---|---|---|
| રાસાયણિક ખાતર | માલ અને સેવા કર પ્રણાલિ અંતર્ગત આ કોમોડીટીની આવકની માહિતી અલગથી ઉપલબ્ધ થતી નથી. | |
| પેટ્રોલ | ૫૮૬૫.૪૨ | ૬૦૦૫.૩૮ |
| ડીઝલ | ૧૨૫૫૧.૩૯ | ૧૩૮૩૨.૬૫ |
| પી.એન.જી. | ૬૯.૦૦ | ૫૯.૦૦ |
| સી.એન.જી. | ૧૭૭.૫૬ | ૧૯૯.૯૯ |

- - - - - - - - -

**ભરૂચ અને આણંદ જિલ્લામાં ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે દરોડા**

૧૮૪૯ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧) ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલના પાડેલ દરોડા

| અ.નં. | જિલ્લો | વર્ષ | દરોડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૨૦૨૧ | ૦ |
| | | ૨૦૨૨ | ૩ |
| | | કુલ | ૩ |
| ૨ | આણંદ | ૨૦૨૧ | ૦ |
| | | ૨૦૨૨ | ૦ |

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો ક્યા પ્રકારનો ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૨) ભરૂચ જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૨ | ઘઉં | ૦ | ૦ |
| | ચોખા | ૨૨,૯૦૦ | ૮,૫૩,૦૦૦/૦૦ |

(૩) ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરી ?

(૩) ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ ભરૂચ જિલ્લામાં ૬ ઈસમો સામે પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**પાટણ અને બોટાદ જિલ્લામાં ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે દરોડા**

૧૮૬૧ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલના

વર્ષમાં વર્ષવાર પાટણ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

પાડેલ દરોડા

| અ.નં. | જિલ્લો | વર્ષ | દરોડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૨૦૨૧ | ૦૩ |
| | | ૨૦૨૨ | ૦૪ |
| | | કુલ | ૦૭ |
| ૨ | બોટાદ | ૨૦૨૧ | ૦૨ |
| | | ૨૦૨૨ | ૨૩ |

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો ક્યા પ્રકારનો ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૨) પાટણ જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન / ખાદ્યતેલ | જથ્થો (કિ.ગ્રામ / લીટર) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૧ | ઘઉં | ૨૩૩૭.૬૪/૦૦ | ૫૬,૦૭૦/૦૦ |
| | ચોખા | ૭૦૦/૦૦ | ૩૮,૫૦૦/૦૦ |
| | **કુલ** | **૩૦૩૭.૬૪/૦૦** | **૯૪,૫૭૦/૦૦** |
| ૨૦૨૨ | ઘઉં (આટો) | ૧૧,૨૫૦/૦૦ | ૧,૮૦,૭૫૦/૦૦ |
| | ચોખા | ૪૭૦૦/૦૦ | ૧,૪૧,૦૦૦/૦૦ |
| | **કુલ** | **૧૫,૯૫૦/૦૦** | **૩,૨૧,૭૫૦/૦૦** |

બોટાદ જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન | જથ્થો (કિ.ગ્રા./લી.) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૧ | ઘઉં | ૧૦૭૫ /૦૦ | ૨૧,૫૦૦/૦૦ |
| | ચોખા | ૨૩૫/૦૦ | ૫,૧૭૦/૦૦ |
| | સીંગતેલ | ૮૬૦/૦૦ | ૧,૩૭,૬૦૦/૦૦ |
| | **કુલ** | **૨,૧૭૦/૦૦** | **૧,૬૪,૨૭૦/૦૦** |
| ૨૦૨૨ | ઘઉં | ૧૫૭૬૬ /૦૦ | ૪,૨૪,૧૪૪/૦૦ |
| | ચોખા | ૬૩૩૭/૦૦ | ૧,૭૪,૨૩૩/૦૦ |
| | કપાસીયા તેલ | ૨૬/૦૦ | ૪,૨૩૫/૦૦ |

(૩) ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરી ?

(૩) ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ ઉક્ત જિલ્લાવાર નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- ❖ પાટણ જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ કુલ ૭ દરોડાઓ પૈકી કુલ-૪ ઈસમો સામે ઉપર મુજબનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે. તેમજ અન્ય ૩ કેસોની કાર્યવાહી ચાલુમાં છે.
- ❖ બોટાદ જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ કુલ-૨૬ ઈસમો સામે ૬-એ હેઠળ કેસ ચલાવી ઉપર મુજબનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે.

---------

## કેન્દ્ર સરકાર પાસેથી જી.એસ.ટી.ની બાકી રકમ

૧૧૩૭ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જી.એસ.ટી.ના વળતર અન્વયે કેન્દ્ર સરકાર પાસેથી કેટલી રકમ મેળવવાની થાય છે, અને

**જવાબ**

(૧) તા.૦૧-૦૨-૨૧ થી તા.૩૧-૦૧-૨૨ માટે રૂ.૨૧,૬૭૨.૯૦ કરોડ
તા.૦૧-૦૨-૨૨ થી તા.૩૦-૦૬-૨૨ માટે રૂ.૭,૧૩૭.૫૦ કરોડ (જી.એસ.ટી. વળતરનો પાંચ વર્ષનો સમયગાળો તા.૩૦-૦૬-૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે.)

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે ક્યારે કેટલી રકમ રાજ્ય સરકારને ફાળવી ?

(૨)

(રૂ.કરોડમાં)

નીચે જણાવેલ તારીખે તેની સામે દર્શાવેલ રકમ વળતર તરીકે મળેલ છે.

| તારીખ | રકમ | તારીખ | રકમ |
|---|---|---|---|
| ૩૧-૦૫-૨૨ | ૩૩૬૪.૦૦ | ૨૪-૧૧-૨૨ | ૮૫૫.૭૩ |

જે રકમ વળતર તરીકે મળેલ નથી તેની સામે લોન પેટે રૂ.૧૫,૦૩૬.૮૫ કરોડ મળેલ છે. જેની વ્યાજ સહિતની ચૂકવણી કેન્દ્ર સરકાર સેસ ફંડમાંથી કરશે.

## નવસારી અને તાપી જિલ્લામાં ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે દરોડા

૧૮૫૩ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને તાપી જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧) ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલના અંગે પાડેલ દરોડા

| અ.નં. | જિલ્લો | વર્ષ | દરોડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | નવસારી | ૨૦૨૧ | ૦૧ |
| | | ૨૦૨૨ | ૦૫ |
| | | **કુલ** | **૦૬** |
| ૨. | તાપી | ૨૦૨૧ | ૦૨ |
| | | ૨૦૨૨ | ૦૧ |

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો કયા પ્રકારનો ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૨) નવસારી જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન / ખાદ્યતેલ | જથ્થો (કિ.ગ્રામ / લીટર) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૧ | ઘઉં | ૯૭,૫૭૫/૦૦ | ૨૦,૨૭,૯૬૩/૦૦ |
| | **કુલ** | **૯૭,૫૭૫/૦૦** | **૨૦,૨૭,૯૬૩/૦૦** |
| ૨૦૨૨ | ઘઉં | ૩૬૩/૦૦ | ૭,૮૬૦/૦૦ |
| | ચોખા | ૩૫૫/૦૦ | ૮,૬૩૫/૦૦ |
| | **કુલ** | **૭૧૮/૦૦** | **૧૬,૪૯૫/૦૦** |

તાપી જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન / ખાદ્યતેલ | જથ્થો (કિ.ગ્રામ) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૧ | ઘઉં | ૩૫૦/૦૦ | ૮,૬૨૫/૦૦ |
| | **કુલ** | **૩૫૦/૦૦** | **૮,૬૨૫/૦૦** |
| ૨૦૨૨ | ઘઉં | ૮૬૦/૦૦ | ૧૫,૪૮૦/૦૦ |
| | ચોખા | ૪૬૦/૦૦ | ૮,૨૮૦/૦૦ |

(૩) ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરી ?

(૩) ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ ઉક્ત જિલ્લાવાર નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- નવસારી જિલ્લામાં ૧ (એક) ઇસમ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.
- તાપી જિલ્લામાં કુલ ૩ પેઢીઓનો કુલઃ- ૩૮,૩૬૬/- કિ.ગ્રા. જથ્થો કબ્જે લેવામાં આવેલ

તથા કબજે લિધેલ જથ્થાના કુલ ૧૬૭૦/- કિ.ગ્રા. જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ જેની કિંમત રૂ.૩૨,૩૮૫/- છે.

- - - - - - - - -

**રાજ્યમાં નાગરિક પુરવઠા નિગમના આવેલ ગોડાઉનો**

૧૩૯૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૨૨/૦૭/૨૦૧૯ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંકઃ ૧૯૦૮૨ (અગ્રતા-૨૩૧)ના અનુસંધાને માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા **મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાગરિક પુરવઠા નિગમના ૨૧૧ ગોડાઉનો રાજ્યમાં આવેલ છે તે ગોડાઉનોમાં સીસિટીવી કેમેરા લગાવવા સર્વેની કામગીરી આખરી તબક્કામાં હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સર્વેની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત કાર્યવાહી પૂર્ણ કરીને કેટલા ગોડાઉનોમાં સીસિટીવી કેમેરા લગાવવા કઈ એજન્સીને કેટલા સમયમાં કામ પૂર્ણ કરવાની શરતે કામગીરી સોંપવામાં આવી છે, અને | (૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ૨૫૭ ગોડાઉનમાં સીસિટીવી કેમેરા લગાવવા માટે M/S Exileo Technology Inc. ને ૧૮૦ દિવસમાં કામગીરી પૂર્ણ કરવાની શરતે કામગીરી સોંપવામાં આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સર્વેની કામગીરી અન્વયે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવાની થઈ? | (૩) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યૌગિકી વિભાગ હસ્તકના ઉપક્રમ Gujarat Informatics Ltd. ને નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનો ખાતે સીસિટીવી કેમેરા લગાવવા માટેની શક્યતા, ટેન્ડર કામગીરી, સુપરવિઝન, ટેસ્ટીંગ તથા સહિતની તમામ કામગીરી સોંપાયેલ છે. સર્વે માટે GIL ને હાલ કોઈ ચૂકવણું કરાયેલ નથી. |

- - - - - - - - -

**અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તાબા હેઠળના નિગમોમાં આઉટસોર્સીંગથી ભરતી**

૧૮૬૩ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી કરવામાં આવી, અને | (૨) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના તાબા હેઠળના ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમમાં વર્ષ ૨૦૨૧માં કુલ-૬૦૬ તેમજ વર્ષ ૨૦૨૨માં કુલ-૬૦૧ માનવબળની આઉટસોર્સીંગથી સેવાઓ જાહેર વિતરણ વ્યવસ્થાને લગત તથા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદીની કામગીરી માટે જુદા જુદા સમયગાળા માટે લેવામાં આવેલ છે. |
| (૩) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી કરવાના મુખ્ય કારણો શા છે? | (૩)<br>• ''રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા'' (NFSA) હેઠળ સમાવિષ્ટ રાજ્યના ૭૦ લાખ કુટુંબની ૩.૭૫ કરોડ જન સંખ્યાને જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત ઘંઉ, ચોખા, તુવેરદાળ, ચણા, ખાંડ, મીંઠુ, ખાદ્યતેલ જેવી ચીજવસ્તુઓ એફ.સી.આઈ./નાફેડ/ખાનગી |

સપ્લાયર્સ પાસેથી પ્રાપ્ત કરી, નાગરિક પુરવઠા નિગમના સમગ્ર રાજ્યમાં આવેલ ૨૫૦ જેટલા ગોડાઉનોમાં સંગ્રહ કરી, રાજ્યની ૧૭,૦૦૦ જેટલી વ્યાજબી ભાવની દુકાનો સુધી ડોર સ્ટેપ ડિલિવરી કરીને દર માસે વિતરણ કરવા માટે જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે વિશાળ સંખ્યામાં માનવબળની જરૂરીયાત હોવાથી,

- કોરોના મહામારીમાં એન.એફ.એસ.એ. અંતર્ગતના રાહતદરના અનાજ તથા આવશ્યક ચીજવસ્તુઓના જથ્થા ઉપરાંત 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત વર્ષ-૨૦૨૧ માં મે-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી તથા વર્ષ-૨૦૨૨ માં જાન્યુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણની કામગીરીને પહોંચી વળવા માટે વિશાળ સંખ્યામાં માનવબળની જરૂરીયાત હોવાથી,
- રાજ્યના ખેડૂત ખાતેદારો પાસેથી સ્થાનિકે નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ખાતે, એ.પી.એમ.સી. ખાતેના ખરીદ કેન્દ્રો ખાતે હાજર રહીને ટેકાના ભાવે ઘંઉ, ડાંગર, મકાઈ, બાજરી, મગફળી વિગેરે જણસીની ખરીદીની કામગીરી કરવા માટે માનવબળની જરૂરીયાત હોવાથી,
- ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ની મુળ કામગીરીમાં છેલ્લા બે વર્ષમાં બમણાંથી ત્રણ ગણા જેટલો વધારો થવા સામે નિગમના મંજૂર થયેલ **૧૪૩૧** ના મહેકમ સામે વર્ષ ૨૦૨૧ માં ફક્ત **૫૦૩** નું તેમજ વર્ષ ૨૦૨૨ માં ફક્ત **૪૫૯** નું માનવબળ (વર્ગ-૪ સિવાય) કાર્યરત હોવાથી સરકારશ્રી દ્વારા સોંપાયેલ વિવિધ કામગીરીને પહોંચી વળવા સામે હયાત માનવબળ ખુબ જ ઓછું હોવાથી નિગમ દ્વારા આઉટસોર્સીંગ દ્વારા જરૂરી માનવબળની સેવાઓ જુદા જુદા સમયગાળા માટે મેળવવામાં આવેલ છે.

---------

**અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તાબા હેઠળના નિગમોમાં આઉટસોર્સીંગથી ભરતી**

૧૮૪૧ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી કરવામાં આવી, અને | (૨) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના તાબા હેઠળના ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમમાં વર્ષ ૨૦૨૧માં કુલ-૬૦૬ તેમજ વર્ષ ૨૦૨૨માં કુલ-૬૦૧ માનવબળની આઉટસોર્સીંગથી સેવાઓ જાહેર વિતરણ વ્યવસ્થાને લગત તથા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદીની કામગીરી માટે જુદા જુદા સમયગાળા માટે લેવામાં |

આવેલ છે.

| | |
|---|---|
| (૩) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી કરવાના મુખ્ય કારણો શા છે ? | (૩)<br>• ''રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા'' (NFSA) હેઠળ સમાવિષ્ટ રાજ્યના ૭૦ લાખ કુટુંબની ૩.૪૫ કરોડ જન સંખ્યાને જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત ઘંઉ, ચોખા, તુવેરદાળ, ચણા, ખાંડ, મીંઠુ, ખાદ્યતેલ જેવી ચીજવસ્તુઓ એફ.સી.આઈ./નાફેડ/ખાનગી સપ્લાયર્સ પાસેથી પ્રાપ્ત કરી, નાગરિક પુરવઠા નિગમના સમગ્ર રાજ્યમાં આવેલ ૨૫૦ જેટલા ગોડાઉનોમાં સંગ્રહ કરી, રાજ્યની ૧૭,૦૦૦ જેટલી વ્યાજબી ભાવની દુકાનો સુધી ડોર સ્ટેપ ડિલિવરી કરીને દર માસે વિતરણ કરવા માટે જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે વિશાળ સંખ્યામાં માનવબળની જરૂરીયાત હોવાથી,<br>• કોરોના મહામારીમાં એન.એફ.એસ.એ. અંતર્ગતના રાહતદરના અનાજ તથા આવશ્યક ચીજવસ્તુઓના જથ્થા ઉપરાંત 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત વર્ષ-૨૦૨૧ માં મે-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી તથા વર્ષ-૨૦૨૨ માં જાન્યુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણની કામગીરીને પહોંચી વળવા માટે વિશાળ સંખ્યામાં માનવબળની જરૂરીયાત હોવાથી,<br>• રાજ્યના ખેડૂત ખાતેદારો પાસેથી સ્થાનિકે નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ખાતે, એ.પી.એમ.સી. ખાતેના ખરીદ કેન્દ્રો ખાતે હાજર રહીને ટેકાના ભાવે ઘંઉ, ડાંગર, મકાઈ, બાજરી, મગફળી વિગેરે જણસીની ખરીદીની કામગીરી કરવા માટે માનવબળની જરૂરીયાત હોવાથી,<br>• ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ની મુળ કામગીરીમાં છેલ્લા બે વર્ષમાં બમણાંથી ત્રણ ગણા જેટલો વધારો થવા સામે નિગમના મંજૂર થયેલ **૧૪૩૧** ના મહેકમ સામે વર્ષ ૨૦૨૧ માં ફક્ત **૫૦૩** નું તેમજ વર્ષ ૨૦૨૨ માં ફક્ત **૪૫૯** નું માનવબળ (વર્ગ-૪ સિવાય) કાર્યરત હોવાથી સરકારશ્રી દ્વારા સોંપાયેલ વિવિધ કામગીરીને પહોંચી વળવા સામે હયાત માનવબળ ખુબ જ ઓછું હોવાથી નિગમ દ્વારા આઉટસોર્સીંગ દ્વારા જરૂરી માનવબળની સેવાઓ જુદા જુદા સમયગાળા માટે મેળવવામાં આવેલ છે. |

---------

**દેવભૂમિ દ્વારકા અને ખેડા જિલ્લામાં ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે દરોડા**

૧૮૪૪ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧) ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે પાડેલ દરોડા

| અ.નં. | જિલ્લો | વર્ષ | દરોડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | દેવભૂમિ દ્વારકા | ૨૦૨૧ | ૦ |
| | | ૨૦૨૨ | ૧ |
| | | **કુલ** | **૧** |
| ૨. | ખેડા | ૨૦૨૧ | ૩ |
| | | ૨૦૨૨ | ૭ |

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો કયા પ્રકારનો ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૧ | **૦** | **૦** | **૦** |
| ૨૦૨૨ | ઘઉં | ૮,૬૦૦.૦૦ | ૧,૯૭,૮૦૦/- |
| | ચોખા | ૨૯,૧૦૦.૦૦ | ૭,૨૭,૫૦૦/- |
| | **કુલ** | **૩૭,૭૦૦.૦૦** | **૯,૨૫,૩૦૦/-** |

ખેડા જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૧ | ઘઉં | ૪,૭૨૫ | ૮૧,૫૬૨/- |
| | ચોખા | ૨૫૦ | ૭,૮૧૫/- |
| | બાજરી | ૩૦ | ૬૬૦/- |
| | **કુલ** | **૫,૦૦૫** | **૯૦,૦૩૭/-** |
| ૨૦૨૨ | ઘઉં | ૮,૮૪૬ | ૧,૬૮,૭૪૬/- |
| | ચોખા | ૪,૮૩૭ | ૬૫,૪૨૮/- |
| | બાજરી | ૭૪ | ૧,૬૯૮/- |

(૩) ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરી ?

(૩) (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નીચે મુજબની ઈસમો સામે કાર્યવાહી કરેલ છે.

- આઠ ઈસમો સામે પોલીસ ફરિયાદ
- ચાર દુકાનદારોના પરવાના રદ
- ડોરસ્ટેપ ડીલીવરના ઈજારદારનો ઈજારો રદ

(૨) ખેડા જિલ્લામાં કુલ-૧૦ ઈસમોના કેસોમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- ૦૨ કેસમાં બજાર ભાવના તફાવતની રકમ રૂ.૬૩,૯૭૫/- રાજ્યસાત
- ૦૧ કેસમાં કબજે લીધેલ જથ્થો હરાજીથી વેચાણ કરીને રૂ.૨૬,૦૬૨/- સરકારશ્રીમાં જમા કરેલ છે.
- ૦૫ કેસમાં રૂ.૧,૪૧,૫૦૯/- રાજ્યસાત કરેલ છે.
- ૧ કેસમાં ૧૦% રકમ રૂ.૫૦૮૭/- રાજ્યસાત,
- ૧ કેસમાં ૧૫% રકમ રૂ.૮૯,૨૭૬/- રાજ્યસાત કરવામાં આવેલ છે.

---------

**આણંદ જિલ્લામાં સસ્તા અનાજની દુકાન શરૂ કરવા બાબત**

૮૫૩ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં સસ્તા અનાજની દુકાન નથી,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લાના ૩૪ (ચોત્રીસ) ગામોમાં સસ્તા અનાજની દુકાન નથી. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| આણંદ | આણંદ (શહેર) | ૦૦ |
| | આણંદ (ગ્રામ્ય) | ૦૦ |
| | ઉમરેઠ | ૦૪ |
| | આંકલાવ | ૦૧ |
| | બોરસદ | ૦૩ |
| | પેટલાદ | ૦૩ |
| | સોજીત્રા | ૦૧ |
| | તારાપુર | ૧૩ |
| | ખંભાત | ૦૯ |

(૨) ઉક્ત સ્થિતિએ એક જ ગામમાં એક કરતાં વધારે સસ્તા અનાજની દુકાનો ધરાવતા ગામોની સંખ્યા કેટલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોને નજીકની ગામની સસ્તા અનાજની દુકાન સાથે જોડવામાં આવ્યા છે અને કેટલા ગામોએ પોતાના ગામમાં સસ્તા અનાજની દુકાન શરૂ કરવા માટે સરકારમાં રજૂઆત કરેલ છે, અને

(૪) ઉક્ત મળેલ રજૂઆતો સંદર્ભે શા પગલાં ભરવામાં આવ્યા ?

(૨) ઉક્ત સ્થિતિએ એક જ ગામમાં એક કરતાં વધારે સસ્તા અનાજની દુકાનો ધરાવતા ગામોની સંખ્યા ૧૩૪ (એકસો ચોત્રીસ) છે.

(૩) ઉક્ત સ્થિતિએ ૩૪ (ચોત્રીસ) ગામોને નજીકની ગામની સસ્તા અનાજની દુકાન સાથે જોડવામાં આવ્યા છે અને ૦૪ (ચાર) ગામોએ પોતાના ગામમાં સસ્તા અનાજની દુકાન શરૂ કરવા માટે સરકારશ્રીમાં રજૂઆત કરેલ છે.

(૪) ઉક્ત મળેલ રજૂઆતો સંદર્ભે નીચે મુજબના પગલાં ભરવામાં આવ્યા છે.

(૧) ૦૧ (એક) નવીન સસ્તા અનાજની દુકાન ખોલવા માટે જાહેરનામું બહાર પાડવાની કાર્યવાહી ચાલુમાં છે.

(૨) ૦૧ (એક) નવીન સસ્તા અનાજની દુકાન ખોલવા માટેની બાબત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસારની કાર્યવાહી હેઠળ છે.

(૩) ૦૨ (બે) નવીન સસ્તા અનાજની દુકાન સને-૨૦૧૧ની વસ્તીના ધોરણે ખોલવાપાત્ર થતી નથી.

**જામનગર જિલ્લામાં પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૯૭૫ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવે છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે,

**જિલ્લો: જામનગર**

| અનુ | તાલુકો | પાઈપલાઈનથી પાણી અપાતા ગામો |
|---|---|---|
| ૧ | જામનગર | ૯૮ |
| ૨ | લાલપુર | ૭૩ |
| ૩ | ધ્રોલ | ૪૧ |
| ૪ | જોડીયા | ૩૮ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર ક્યા ગામોમાં પીવાનું પાણી ક્યા કારણોસર પાઈપલાઈનથી પૂરું પાડવાનું બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગામોમાં ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવશે ?

| | | |
|---|---|---|
| ૫ | કાલાવડ | ૯૮ |
| ૬ | જામજોધપુર | ૬૯ |

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૧૮૫૦ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' અને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' નો અમલ ક્યારથી કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અંતર્ગત મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' નો અમલ ૧લી એપ્રિલ-૨૦૧૬ થી કરવામાં આવેલ છે અને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' નો અમલ એપ્રિલ-૨૦૨૦ થી કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' અને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કુલ ૧,૬૩,૬૨૦.૮૯ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

માહે જાન્યુઆરી-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૨

| ક્રમ | તાલુકાનું નામ | કુલ અનાજ (મે.ટન) |
|---|---|---|
| ૧ | કડાણા | ૨૦,૯૧૫.૮૭૪ |
| ૨ | ખાનપુર | ૧૮,૭૭૦.૦૬૯ |
| ૩ | બાલાસિનોર | ૨૫,૧૫૩.૧૩૫ |
| ૪ | લુણાવાડા | ૪૦,૫૮૪.૭૫૭ |
| ૫ | વિરપુર | ૧૭,૨૮૬.૩૬૩ |
| ૬ | સંતરામપુર | ૪૦,૯૧૦.૬૯૨ |
| | **કુલ** | **૧,૬૩,૬૨૦.૮૯** |

- - - - - - - - -

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે દરોડા**

૧૮૬૨ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧) ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે પાડેલ દરોડા

| અ.નં. | જિલ્લો | વર્ષ | દરોડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | બનાસકાંઠા | ૨૦૨૧ | ૪ |
| | | ૨૦૨૨ | ૦ |
| | | **કુલ** | **૪** |
| ૨. | કચ્છ | ૨૦૨૧ | ૧ |
| | | ૨૦૨૨ | ૦ |

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો કયા પ્રકારનો ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૨) બનાસકાંઠા જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૧ | ઘઉં | ૫૯,૧૫૦/- | ૪,૮૪,૦૦૦/- |
| | ચોખા | ૪૧,૩૫૦/- | ૫,૯૨,૬૫૦/- |
| | **કુલ** | **૧,૦૦,૫૦૦/-** | **૧૦,૭૬,૬૫૦/-** |
| ૨૦૨૨ | ઘઉં | ૦ | ૦ |
| | ચોખા | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૦** |

કચ્છ જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત |
|---|---|---|---|
| ૨૦૨૧ | ઘઉં | ૮૮૫૦ | ૧,૪૧,૬૦૦/- |
| | ચોખા | ૦ | ૦ |
| ૨૦૨૨ | ઘઉં | ૦ | ૦ |

(૩) ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરી ?

(૩)
(૧) બનાસકાંઠા જિલ્લામાં ૧ ઇસમ સામે FIR દાખલ કરવામાં આવેલ છે.
(૨) કચ્છ-ભુજ જિલ્લામાં ૧ (એક) દુકાનદાર સામે નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે.

- રૂ. ૫૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત.
- રૂ. ૨૩૦૦/- દંડ.
- દુકાનદારનો પરવાનો કાયમી ધોરણે રદ.

---------

**રાજ્ય સરકાર દ્વારા વીજ ખરીદી**

૧૧૩૮ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કઈ કઈ ખાનગી વીજ કંપનીઓ પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી ?

**જવાબ**

તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર જી.યુ.વી.એન.એલ દ્વારા વિવિધ ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ ઉત્પાદિત વીજળી અને તેના પ્રતિ યુનિટ દરની વિગત પત્રક અ મુજબ છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૭૫(અગ્રતા-૮)ના અનુસંધાને વધારાની માહિતી**

શ્રી કુંવરજીભાઇ બાવળીયા **(**અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.**)**: માનનીય અધ્યક્ષશ્રી**,** હું તા.૨૭-૦૨-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્ય શ્રીમતી દર્શના વાઘેલાના '' અમદાવાદ શહેરમાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા '' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૭૫ (અગ્રતા-૮)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૭૫(અગ્રતા-૮)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**સામાન્ય વહીવટ વિભાગ**

**માગણી ક્રમાંક- ૩૦**

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ ગ. પટેલ આ તબક્કે હાજર ન હોવાથી માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ મો. દેસાઇએ માંગણી રજૂ કરી.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૬,૮૬,૫૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૩૧**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૫૫,૯૨,૦૮,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૩૩**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૪૦,૧૧,૮૧,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક- ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી ક્રમાંક-૬૫**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : (નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો હવાલો ધરાવતાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૦૦,૦૦,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩૩,૩૪,૨૬,૧૧,૦૦૦/-ની માગણી ક્રમાંક-૬૫ રજૂ કરું છું.

તા. ૧૩મીમાર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

**માગણી ક્રમાંક - ૬૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

**માગણી ક્રમાંક-૧૦૧**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૦,૨૯,૦૮,૦૮,૦૦૦/ -ની માગણી ક્રમાંક-૧૦૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૧૦૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરવામાં આવી.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

**માગણી ક્રમાંક-૧૦૨**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭૩,૫૭,૪૦,૨૮,૦૦૦/ -ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૭૭,૮૪,૫૭,૯૦,૦૦૦/ -ની માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૧૦૨ રજૂ કરવામાં આવી.**

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૨ રજૂ કરવામાં આવી.

સન ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંદાજપત્રની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્ય શ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| **સામાન્ય વહીવટ વિભાગ** | | | | |
| **માગણીનં. ૩૦** | | | | |
| ૧ | ૨૦૧૩- મંત્રી પરિષદ<br>૧૦૧-મંત્રીઓ..પગાર<br>૦૧-મંત્રીઓ..સચિવો<br>રૂ. ૬,૮૬,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાનાનં. ૧૭ | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા વારંવાર બદલાતા નીતિ વિષયક નિર્ણયોને કારણે આમ જનતાને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨ | - - - " - - - | ૧૦૦ | ધારાસભ્યોના પ્રજાલક્ષી પ્રશ્નોનાનકકર પરિણામ મળે તેવી કાર્યવાહી કરવામાંતંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| ૩ | - - - " - - - | ૧૦૦ | પ્રજાની પ્રાથમિક સુવિધાઓ અંગેના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં મંત્રી પરિષદની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા |
| ૪ | - - - " - - - | ૧૦૦ | પ્રજાને ત્રસ્ત કરનારા ભાવવધારો કરનારા-મોંઘવારી જેવા પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | ગેનીબેન ઠાકોર |
| ૫ | - - - " - - - | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા મધ્યમ વર્ગની હાડમારીઓની સામે ઉપેક્ષાભર્યુ વલણ અપનાવાય છે જે નિવારવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઈ ઠાકોર |
| **માગણીનં.૩૧** | | | | |
| ૬ | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૧-ચૂંટણી પંચ<br>૦૧-રાજ્ય...પંચ<br>રૂ. ૧૨,૧૦,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાનાનં. ૨૧ | ૧૦૦ | મતદાર યાદી સુધારણા અંગેની શિથિલ કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૭ | - - - " - - - | ૧૦૦ | મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત જે તે વિસ્તારના સ્થાનિક કર્મચારીઓને બી.એલ.ઓની કામગીરી સોંપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૮ | - - - " - - - | ૧૦૦ | આચાર સંહિતાના નામે આમ જનતાને કરવામાં આવતી હેરાનગતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| **માગણીનં. ૩૩** | | | | |
| ૯ | ૨૦૫૨-સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૨-સામાન્ય વહીવટ વિભાગ<br>રૂ. ૪૪,૯૨,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાનાનં. ૩૫ અને ૩૬ | ૧૦૦ | અધિકારીઓને વધારાના ચાર્જની સોંપણીને કારણે નિયમિત વહીવટી કામગીરી ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૧૦ | - - - " - - - | ૧૦૦ | સરકારી નોકરીની ભરતી પ્રક્રિયામાં થતો વિલંબ અને પેપર ફૂટવાની ઘટનાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૧૧ | - - - " - - - | ૧૦૦ | સચિવાલયના વહીવટી કામમાં થતી શિથિલતા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જિજ્ઞેશ મેવાણી |
| *૧૨ | - - - " - - - | ૧૦૦ | જોગવાઇઓનો ભંગ કરીને નિવૃત કર્મચારીઓને ૬૨ વર્ષ પછી પણ અપાતી કરાર આધારીત નિમણૂકો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઈ લાડાણી |
| **નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ** | | | | |
| **માગણીનં.૬૫** | | | | |
| *૧૩ | ૪૭૦૦-મોટી સિંચાઈ...જોગવાઈ<br>૩૧-નર્મદા...એકમ-૧<br>૧૯૦-જાહેર...રોકાણ<br>૦૧-IRG-1 સરદાર...ફાળો | ૧૦૦ | નર્મદા નિગમના વાહનોની લોગ બુકની યોગ્ય ચકાસણી દ્વારા પેટ્રોલ-ડીઝલનો દૂરૂપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઈ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૧,૪૨,૫૧,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ-૧)<br>પાનાનં. ૧૩૧ | | | |
| *૧૪ | ---"--- | ૧૦૦ | નર્મદા ઓથોરીટી દ્વારા નર્મદાના પાણીના વપરાશ અને તેની સામે કરેલ વસૂલાતની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઈ લાડાણી |
| *૧૫ | ---"--- | ૧૦૦ | નર્મદા કેનાલ માટે ખેડુતોની જમીન સંપાદન સંદર્ભે કોર્ટના આદેશ થવા છતાં ખેડૂતોને સમયસર વળતર નહિ ચૂકવતા જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| *૧૬ | ---"--- | ૧૦૦ | સરદાર સરોવરમાં એકત્રિત જળ રાશિની વપરાશ સામેનબળી વસૂલાતને કારણે નિગમને થતું આર્થિક નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૧૭ | ---"--- | ૧૦૦ | વારંવાર તૂટી જતી નર્મદાની કેનાલોનું કાયમી ધોરણે મજબુતીકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગકુમાર પટેલ |
| ૧૮ | ---"--- | ૧૦૦ | સરદાર સરોવર બંધમાંથી કાંપ દુર કરવાની બજેટમાં જોગવાઈ ન હોવાને કારણે જળસંચય ઘટતું જાય છે જે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૧૯ | ----"---- | ૧૦૦ | બોટાદ જિલ્લામાં સિંચાઇ માટે મોટી કેનાલનુંનિર્માણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| ૨૦ | ૪૭૦૦-મોટી સિંચાઈ...જોગવાઈ<br>૩૧-નર્મદા...એકમ-૧<br>૧૯૦-જાહેર...રોકાણ<br>૦૧-IRG-1 સરદાર...ફાળો<br>રૂ. ૧,૪૨,૫૧,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ-૧)<br>પાનાનં. ૧૩૧ | ૧૦૦ | નર્મદા યોજનાનું પીવાનું પાણી જામનગર શહેર અને જિલ્લાના ગામોને નિયમિત રીતે પૂરતા પ્રમાણમાં આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હેમંતભાઇ આહિર |
| **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણીનં.૧૦૧** | | | | |
| ૨૧ | ૨૨૧૬-આવાસન<br>૦૨-શહેરી ગૃહનિર્માણ<br>૧૦૩-ગૃહનિર્માણ..સહાય<br>રૂ.૨૦,૫૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાનાનં. ૧૯ થી ૨૧ | ૧૦૦ | હાઉસિંગ બોર્ડની નીતિના કારણે સોસાયટીઓ રીડેવલપમેન્ટમાં જતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| ૨૨ | ----"---- | ૧૦૦ | ગરીબ લાભાર્થીઓ માટે બનાવેલ આવાસોમાં પાયાની સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૨૩ | ૨૨૧૬-આવાસન<br>૮૦-સામાન્ય<br>રૂ. ૧,૦૫,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાનાનં. ૩૧ અને ૩૨ | ૧૦૦ | ગરીબ લાભાર્થીઓને ફળવેલ આવાસો ગેરકાયદેસર રીતે ભાડેથી અપાતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| **માગણીનં.૧૦૨** | | | | |
| ૨૪ | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના..વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૮૨,૪૪,૧૫,૦૦૦ | ૧૦૦ | ટી.પી. સ્કીમ અંતર્ગત પ્લોટના લોકેશનમાં ગેરવાજબી રીતે ફેરબદલી કરનાર અધિકારીઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૨૬ પાનાનં. ૩૫ થી ૪૦ | | | |
| *૨૫ | ૨૨૧૭-શહેરી વિકાસ ૦૩-નાના...વિકાસ ૧૯૧-મહાનગરપાલિકાઓને સહાય રૂ. ૧૧,૧૪,૬૩,૫૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાનાનં. ૪૪ થી ૫૧ | ૧૦૦ | મ્યુનિસિપલ ટેક્સ ભરવા છતાં આમ જનતાને પાયાની સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| *૨૬ | ----"---- | ૧૦૦ | મહાનગરપાલિકાઓ દ્વારા રસ્તાઓની ક્ષતિ- ખાડાના કામો સમયસર કરાવી રોડ સેફ્ટી એક્ટનું કડક પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૨૭ | ----"---- | ૧૦૦ | રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના રોજબરોજના હિસાબો વેબસાઇટ પર મુકવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| ૨૮ | ૨૨૧૭-શહેરી વિકાસ ૦૩-નાના...વિકાસ ૧૯૧-મહાનગરપાલિકાઓને સહાય રૂ. ૧૧,૧૪,૬૩,૫૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાનાનં. ૪૪ થી ૫૧ | ૧૦૦ | અમદાવાદ શહેરમાં પૂરતા પ્રમાણમાં બજેટ તથા સહાય ફાળવવા છતાં આમજનતાને પૂરતા પ્રમાણમાં પાણી મળતું નથી તે માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૯ | ----"---- | ૧૦૦ | શહેરોમાં રખડતા કુતરાઓના ખસીકરણ માટે માતબર રકમ ખર્ચવા છતા કુતરાઓની વધતી જતી વસ્તીની સમસ્યા માટે કાર્યવાહી ન કરનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૩૦ | ૨૨૧૭-શહેરી વિકાસ ૦૩-નાના..વિકાસ ૧૯૨-નગરપાલિકાઓ... સહાય રૂ.૧૬,૫૩,૮૪,૨૧,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાનાનં. ૫૨ થી ૫૯ | ૧૦૦ | નગરપાલિકાઓની નબળી આર્થિક સ્થિતિને કારણે સમયસર વિજ બીલો ન ભરતા વિજ જોડાણો કપાઈ જતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા |
| ૩૧ | ----"---- | ૧૦૦ | તમામ નગરપાલિકાઓમાં ટાઉન પ્લાનીંગ એક્ટ તેમજ જી.ડી.સી.આર.ના નિયમોનું કડક પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૩૨ | ----"---- | ૧૦૦ | નગરપાલિકાઓની લાપરવાહીથી થતી જાનહાનિ માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાના બજેટના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું. રૂપિયા ૫,૯૫૦ કરોડની જે ફાળવણી કરી, એમાં એવો ઉલ્લેખ કરેલ છે કે નર્મદા યોજનાના કમાન્ડ હેઠળ અંદાજે ૧૮ લાખ હેકટર વિસ્તાર આવરી લેવાયો છે. વાત સાચી પણ, લખે છે, જેથી આ વિસ્તારની કાયાપલટ થયેલ છે. મારી શુદ્ધ જાણકારી મુજબ હજી આ ૧૮ લાખ હેકટરમાંથી આપણે ૭ કે ૮ લાખ હેકટરથી વધારે જમીનોને સિંચાઇ આપી શક્યા નથી. એટલે એ જમીનો કે જયાં આપણે સિંચાઇનો લાભ આપ્યો નથી એની કાયાપલટનો કોઇ પ્રશ્ન રહેતો નથી. વર્ષ ૧૯૭૯માં આનો આપણને એવોર્ડ મળ્યો. આ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતની આંતરરાજ્ય યોજના છે. ૯૦ ટકાથી વધારે કેચમેન્ટ એરિયા મધ્યપ્રદેશમાં છે. જે ૮૫ હજાર સ્ક્વેર કિ.મી. છે. મહારાષ્ટ્રનો કેચમેન્ટ એરિયા ૧૬૦૦ સ્કવેર કિ.મી. છે અને ગુજરાતનો કેચમેન્ટ એરિયા ૯૮૦૦ સ્ક્વેર કિ.મી. છે. એટલે મધ્યપ્રદેશ ગુજરાત કરતા લગભગ ૧૦ ગણો કેચમેન્ટ એરિયા ધરાવે છે, છતાં જે તે વખતની ગુજરાત સરકારની ધારદાર રજૂઆતોના કારણે ૨૮ મિલિયન એકર ફીટમાંથી આપણા ભાગમાં ૯ મિલિયન એકર ફીટ પાણી આવ્યું. મધ્યપ્રદેશને ૧૮ મિલિયન એકર ફીટ પાણી ગયું. ગુજરાતને ૯ મિલિયન એકર ફીટ પાણી આવ્યું. એમાંથી સન ૨૦૨૪-૨૫ સુધીમાં આપણે ૧૮ લાખ હેકટર જમીનને સિંચાઇ પૂરી પાડવાની હતી. પણ દુઃખ સાથે કહેવું

પડે છે કે હજુ પણ ૫૦ ટકા  કામ પત્યું નથી. ૫૦ ટકા પણ કામ નહીં પતેલું હોવાના કારણે લગભગ ૧૦ લાખથી વધારે ખેડૂતો આ સરદાર સરોવર પ્રોજેકટના સિંચાઇના લાભથી વંચિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાજુ રાજસ્થાનના હિસ્સામાં આ આંતર રાજ્ય યોજનાના ભાગરૂપે ફકત અર્ધો મિલિયન એકર ફીટ પાણી આવ્યું અને એ છતાં રાજસ્થાન સરકારે એમાંથી ૧.૩ લાખ હેકટરના એમના ટાર્ગેટની સામે ૨.૪ લાખ હેકટરને સિંચાઇ કરી અને નવપલ્લવિત કરી, એટલે આપણે રાજસ્થાન સરકારમાંથી શીખવા જેવું છે. ડેમના એકસ્પર્ટ, વોટર મેન, તજજ્ઞો, એન્જિનિયરો, પ્લાનિંગ કમિશનના માણસો એ બધા રાજસ્થાન પાસે શીખવા જાય છે. કયું પરિબળ કામ કરે છે કે ગુજરાતની અંદર રાજસ્થાન કરતા સાડાનવ ગણું પાણી હોવા છતાં, નવ મિલિયન એકર ફીટ પાણી હોવા છતાં આપણે ૫૦ ટકાનો આંકડો પણ પાર કરી શકયા નથી. એટલું જ નહીં, આ યોજનાના જે લક્ષ્યો હતા, એમાં એવું હતું કે ગુજરાતની જમીનોને સિંચાઇ મળે, જમીનો નવપલ્લવિત થાય, જમીનો સમૃદ્ધ થાય. જમીનો નવપલ્લવિત અને સમૃદ્ધ થાય એટલે એગ્રીકલ્ચર પ્રોડક્ટિવિટી વધે. એગ્રીકલ્ચર પ્રોડક્ટિવિટી ખેડૂતની વધે એટલે બે પૈસા એ ખેડૂતના ગજવામાં વધારે આવે એટલે દાડિયાને કે ખેતમજૂરને એ બે પૈસા ચૂકવણી વધારે કરે. એટલે ખેતમજૂર અને ખેડૂત, બધાનો સર્વાંગી વિકાસ થાય. આટલું મોટું નર્મદાની કેનાલોનું નેટવર્ક બને તો હજારો, લાખો લોકોને રોજગાર મળે. આ જ આખું પોવર્ટી એલિવેશન, ગરીબી નાબૂદીનું આયોજન હતું. સિંચાઇનું આયોજન હતું. એમ્પ્લોયમેન્ટ આપવાનું આયોજન હતું. એ તમામ આયોજનો અત્યારે આપણા લગભગ ખોરંભે ચડી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં, પિયત મંડળીઓની એક લોક ભાગીદારી આખા ગુજરાતમાં સ્ટેટવાઇઝ દરેક જિલ્લામાં, દરેક તાલુકામાં ગ્રામ્ય કક્ષાએ ઊભી કરવાની હતી. એમાં પણ આપણે ફેઇલ ગયા હતા. એક નોટિફિકેશન બહાર પડીને ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ આખા ગુજરાતના પાણીના આયોજન માટે એક ગુજરાત વોટર રેગ્યુલેટરી ઓથોરિટીનું નિર્માણ કરવાની ઓફિસિયલ ગેઝેટમાં જાહેરાત થઇ. આજ દિન સુધી એની કયાંય ઓફિસ બની નથી. કમાન્ડ એરિયાની બહાર કયાંય પાણી આપી શકાય નહીં એવી સ્પષ્ટ એવોર્ડમાં જોગવાઇ છે. જો એ એવોર્ડનું વાયોલેશન કરવામાં આવે તો સન ૨૦૨૪-૨૫માં રિવ્યુ માટે આપણે ચારેય રાજ્યોએ બેસવાનું છે. મારે બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે કમાન્ડ એરિયાની બહાર પાણી આપી શકાતું નહીં હોવા છતાં સાણંદ જોડેના કેન્સ વિલાના ગોલ્ફ કોર્સમાં, અદાણીના શાંતિગ્રામમાં અને સી પ્લેન ઉડાડવા માટે રિવરફ્રન્ટમાં આ સિંચાઇનું પાણી આપવામાં આવેલ છે. and everything is on record. આ બધું જ નર્મદા સ્ટેટ કંટ્રોલ ઓથોરિટીના રેકર્ડમાં જમા થઇ રહ્યું છે. એટલે જયારે આપણે બધા રાજયો ચારેય સિંચાઇ માટે બેસીશું, આ એવોર્ડના રિવ્યુ માટે બેસીશું ત્યારે ગુજરાતની પરિસ્થિતિ અંગે આપણે બહુ ભીંસમાં મૂકાવાના છીએ. આ બધું આપણા પગમાં આવવાનું છે. આપણે પિયત મંડળીઓ બનાવી નહીં. આપણે ૫૦ ટકા કામ કર્યું નહીં. આપણે કમાન્ડ એરિયાને કવર કર્યો નહીં. કમાન્ડ એરિયાની જોગવાઇનું ઉલ્લંઘન કરીને બીજી જગ્યાએ પાણી આપ્યું. આ બધા પ્રશ્નોના કારણે જો કાલે ઉઠીને મધ્યપ્રદેશ એવી પોઝિશન લે કે ગઇ વખતે તો અમે સદભાવના બતાવીને ગુજરાતની જનતા, ગુજરાતની સિંચાઇ અને ગુજરાતના ખેડૂતોના હિતમાં અમે ૯ મિલિયન એકર ફીટ પાણી આપ્યું, પણ આ વખતે તમારું જે પ્રમાણેનું મીસમેનેજમેન્ટ છે. આપણે મોન્યુમેન્ટલ મીસમેનેજમેન્ટનું એકઝામ્પલ જે સેટ કર્યું. જે વિતરણની વ્યવસ્થા ઊભી ના કરી. ગાંધીનગરમાં એક સેન્ટ્રલાઇઝ કંટ્રોલ બોડી હોવી જોઇતી હતી.  ટોટલ ડિસ્ટ્રિબ્યુશન જે થઇ રહ્યું છે એની ઉપર એક નજર રાખે. આ કશું નહીં કરવાને કારણે કાલે ઉઠીને જો મધ્યપ્રદેશ એવી પોઝિશન લે કે હવે તમને ૯ મિલિયન એકર ફીટ પાણી નહીં આપી શકીએ અને ગુજરાતનો ખેડૂત જે ૧૦ લાખ ખેડૂતો ઓલરેડી વંચિત છે, એ હજી વધારે વંચિત રહેશે તો Who will be responsible? આના માટે કોણ જવાબદાર રહેશે?

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યપ્રદેશ છે, એણે આના માટેનું સ્પેશ્યલ સેક્રેટરીએટ ઉભું કરી દીધું. હજી રિવ્યુ માટેનો આપણો કોઇ ડિફેન્સ, આપણું કોઇ પેપર વર્ક કશું તૈયાર નથી. આ એવા સમયમાં થઇ રહ્યું છે માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર જયારે એકથી વધારે પોતાના અહેવાલોમાં સતત એવું કહે છે કે ગુજરાતમાં ૬૯ તાલુકા એ સેમી ક્રિટિકલમાં આવે છે. ૧૨ તાલુકા ક્રિટિકલ અને ૩૧ તાલુકા ખાસ કરીને ઉત્તર ગુજરાતના છે એ ઓવર એકસ્પ્લોઇટરની કેટેગરીમાં છે, તો નર્મદાના સિંચાઇના પાણીનો લાભ આપણને જો મળતો હોય, રેઇન વોટર હાર્વેસ્ટિંગ કરતા હોય, ભૂગર્ભ જળ રીચાર્જ કરવાની સ્ટેટ વાઇડ, રાજય વ્યાપી, કોમ્પ્રિહેન્સીવ યોજના હોય તો સવાસો તાલુકા ક્રિટિકલ, સેમીક્રિટીકલ અને ઓવર એકસ્પ્લોઇટરની કેટેગરીમાંથી છેલ્લાં ૧૦ વર્ષથી કેમ બહાર નથી આવતા? આ બહુ ગંભીર સવાલ છે, આપણા રાજયની સરકારે બાજુની ત્રણ રાજયોની સરકારો પાસેથી ૭,૨૨૫ કરોડ રૂપિયા લેવાના નીકળે છે, થોડા હળવાશના ટોનમાં કહું તો આપણા મુખ્યમંત્રીને આપણે જાહેર જીવનમાં દાદા તરીકે ઓળખીએ છીએ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીને મામા તરીકે ઓળખીએ છીએ. તો ગુજરાતના આપણા દાદા મધ્યપ્રદેશના મામા ને લખે કે અમારા ભાગના જેટલા લેણા નીકળે છે તે બધા તમે ચૂકવણું કરો. માનનીય પ્રધાનમંત્રીશ્રી ગુજરાતના છે અને દિલ્હીમાં બેઠા છે અને એ છતાં ૭,૨૨૫ કરોડ જેટલી માતબર રકમનું આપણું ચૂકવણું ન થાય?

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના આદિવાસી ભાઇઓએ સરદાર સાહેબના નામે બનેલા સરોવરમાં, સરદાર સાહેબના નામે બનેલા સ્ટેચ્યૂમાં હજારોની હજારો એકર જમીન આપી. પણ હજુ પણ એ આદિવાસી પટ્ટાના હજારો આદિવાસીઓને ન

સિંચાઇનું પાણી મળે છે કે ન પીવાનું પાણી મળે છે. એવા પણ કેટલાક આદિવાસી વિસ્તારના ટેકરા અને પર્વતો છે જેના ઉપર તમે ચડો તો સામે તમને કરજણ ડેમનું પાણી દેખાય, તમારી આંખ સામે તમને સરદાર સરોવરનું પાણી દેખાય, પણ એ આદિવાસી ભાઇઓને સિંચાઇનું કે પીવાનું પાણી મળતું નથી. એટલે કોઇ બાળક આઇસક્રીમની ફેકટરીમાં કામ કરે છે. પણ એમાંથી એક ચમચી પણ એને ખાવા મળતું નથી. ગરુડેશ્વર વિયરની ઉપરના અને આજુ બાજુના ૭૦ ગામોમાં, હું જવાબદારીપૂર્વક કહું છું કે આજે પણ સિંચાઇ અને પીવાના પાણીના બન્નેના ગંભીર પ્રકારના પ્રશ્નો છે. ઉત્તર ગુજરાતની અંદર થરાદની અંદર ૯૭ ગામોમાં પીવાના પાણીનો પ્રશ્ન છે. ૨૫ વર્ષથી મારા વિધાનસભા વિસ્તાર વડગામના લોકો રાયજી નામના એક ખેડૂત આગેવાનના સમયથી ૨૫ વર્ષથી એકધારું વડગામ કહી રહ્યું છે કે અમારા મુકતેશ્વર ડેમ અને કરમાવ તળાવમાં નર્મદાનું પાણી આપો. આ ૨૫ વર્ષથી એકધારી ડિમાન્ડ કર્યા પછી રૂપિયા ૧૦૯ કરોડની જોગવાઇ કરી, આ વખતના બજેટમાં પણ રૂપિયા ૧૦૯ કરોડની જોગવાઇ કરી પણ એક ઇંટ હજુ સુધી મૂકવામાં આવી નથી. એટલે રેઇન વોટર હાર્વેસ્ટિંગનું એક કોમ્પ્રિહેન્સીવ આયોજન નહીં. નર્મદાની સિંચાઇનું ૯ મિલિયન એકર ફીટ પાણી આપણા કવોટામાં આવ્યું તેનું આપણને ગૌરવ હોવું જોઇએ. પણ તેનું પણ કોઇ આયોજન નહીં. કેટલા જળાશયો છે, કેટલા ડેમ છે એ બધાના કન્ટ્રોલ માટે એક સ્ટેટ લેવલનું મિકેનિઝમ ડેવલપ કરવું જોઇએ તે કરવામાં આપણે ફેઇલ ગયા છીએ. આ બધાના કારણે આવતા વર્ષે જયારે રિવ્યુમાં આપણે બેસીશું ત્યારે ગુજરાતની પરિસ્થિતિ ભીંસમાં ન મૂકાય તેના માટે રાજય સરકારને હાથ જોડીને ગુજરાતના લાખો ખેડૂતોના હિતમાં વિનંતી કરું છું કે તાબડતોબ રિવ્યુ માટેની તૈયારી ચાલુ કરે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે એટલું કહેવા માગું છું કે પર ડ્રોપ, મોર ક્રોપ, આપણે ખરેખર આ બાબતમાં જો ગંભીર હોઇએ તો છેલ્લે એટલી વાત કરીને મારી વાત પૂરી કરીશ, કે દરેકે દરેક નર્મદાના ડ્રોપનો હિસાબ આપણે એક પ્રકારનું જેને વ્હાઇટ પેપર કહેવાય એ બહાર પાડીને ગુજરાતની જનતા સમક્ષ અને આ સન્માનનીય વિધાનસભા સમક્ષ મૂકવું જોઇએ. ખૂબ ખૂબ આભાર.

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્ર ઉપર મને બોલવાની આપે સંમતિ આપી છે તે બદલ આપનો આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા સામાન્ય વહીવટ વિભાગ ઉપર આવું તે પહેલા મારે મહાભારતની એક વાર્તા આપને યાદ કરાવવી છે. શ્રી કૃષ્ણ ભગવાન રાજ દરબાર ભરતા હતા, શ્રી કૃષ્ણ ભગવાને સહદેવ જોષીને એવું કહ્યું, કે સહદેવ જોષી વરસાદ કયારે પડશે? સહદેવ જોષી ત્રિકાળ જ્ઞાની હતા, પણ એ વચને એવા બંધાયેલા હતા કે કોઇ પૂછે તો એનો જવાબ આપે, એટલે શ્રી કૃષ્ણ ભગવાને પૂછ્યું કે કયારે વરસાદ પડશે? સહદેવ જોષી ઘેર આવે છે, આઘા પાછા થાય છે, એમને ખબર હતી કે ભગવાને મને પ્રશ્ન તો પૂછયો છે પણ મારી તો કાલે ફિલમ જ ઉતરવાની છે. એટલે આઘા પાછા થતા હતા એટલે ભીમસેને પૂછયું કે કેમ શું થયું છે? એટલે સહદેવજીએ કહ્યું કે કશું નથી થયું. આજુબાજુવાળાને ભીમસેને પૂછયું કે કાલે કંઇ થયું હતું? એટલે જાણવા મળ્યું કે કાલે શ્રી કૃષ્ણ ભગવાને સહદેવને પૂછયું છે કે સહદેવ વરસાદ કયારે પડશે? એટલે ભીમસેન કહે કે ઠીક છે. હવે જે દિવસે રાજસભામાં સહદેવને જવાનું થયું એટલે ભીમસેને કહ્યું કે હું પણ તારી સાથે આવું છું. સહદેવ જોષીને ખબર હતી કે કાલે મારી ફિરકી લેવાવાની છે, મારું જે થવાનું છે એમાં આ ભીમસેનને કયાં લઇ જવો. વળી પાછી કંઇક બીજી તકલીફ થાય. એટલે એણે ભીમસેનને ના પાડી કે કંઇ આવવાની જરૂર નથી. ઠીક છે, સહદેવ જોષી આગળ ચાલતા થયા, અને પાછળ પાછળ ભીમસેન જવા માંડયા, રસ્તામાં જતા ભીમસેને વાડમાંથી બે હોલીના બચ્ચા લઇ લીધા અને પોતાના બન્ને ખિસ્સામાં મૂકી દીધા. રાજ દરબાર ચાલુ થાય એ પહેલા ભીમસેન બોલ્યા ભગવાન હું તો કોઇ દિવસ આવતો નથી, મારો આ વિષય નથી, પણ મારો એક નાનો સરખો જવાબ છે એટલે એ જરા કહી દો તો હું મારા કામે નીકળું અને તમારી સભા ચાલે. કૃષ્ણ ભગવાને પણ કહ્યું કે ઠીક છે, બોલો ભીમસેન, શું હતું? તો ભીમસેને કહ્યું કે તમે તો ત્રિકાળજ્ઞાની છો. ભગવાન છો. મારા ગજવામાં શું હશે? એટલે ભગવાને કહ્યું કે ભલા માણસ, પૂછી પૂછીને આ સવાલ પૂછ્યો? કહે કે તારા ગજવામાં હોલીના બચ્ચાં છે. તો કહે કે ભગવાન, હોલીના બચ્ચાં તો છે પણ એ મરેલાં છે કે જીવતાં છે એમ કરીને બે ગજવામાં ભીમસેને હાથ નાખ્યા. ભગવાન સમજી ગયા કે જો હું કહીશ કે આ જીવતાં છે તો આ મુઠ્ઠીમાં મારી નાખશે અને હું કહું કે મરેલા છે તો આ કશું નહીં કરે. એટલે કૃષ્ણ ભગવાને કહ્યું કે જો ભાઇ, મારે તો પણ તું અને તારે તો પણ તું. એટલે તારે જે કરવું હોય એ બધું તારા હાથમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ વાત એટલા માટે કરવી પડે છે કે સામાન્ય વહીવટ વિભાગના બજેટની વાત કરું છું ત્યારે જે લોકો ઘોડિયામાં હતા ત્યારે સન ૧૯૬૧માં પથરો મૂકાયો. અનેક લોકોએ, અનેક કૂતરાઓએ ત્યાં આંટા માર્યાં અને સન ૨૦૧૪માં દેશના પ્રધાનમંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદી દેશની ગાદી પર બેઠાં અને દરવાજા મૂકવાની મંજૂરી મળી. એ લોકો આજે અમને પૂછે છે કે ક્યારે વરસાદ પડશે?

માનનીય અધ્યક્ષશ્રી, અમે પણ આંકડાની માયાજાળના જાણકાર માણસો છીએ. માત્ર આંકડાની માયાજાળથી આ વહીવટ ચાલતો નથી એટલા માટે જ્યારે સમાન્ય વહીવટ વિભાગ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી હસ્તક છે ત્યારે આ વિભાગ ગુજરાતની કરોડરજ્જુ સમાન છે. સમગ્ર ગુજરાતની કરોડરજ્જુ એટલે સામાન્ય વહીવટ વિભાગ. વર્ષોથી જે પણ માનનીય મુખ્યમંત્રી હોય એમના હસ્તક વહીવટ રહેતો હોય છે અને એટલા માટે આજે અંદાજપત્રમાં રૂ.૧,૯૮૦ કરોડ જેટલી માતબર રકમ મૂકવામાં આવી છે. એ સિવાય અવિકસિત તાલુકા હોય, વાઇબ્રન્ટ ગુજરાતનો તાલુકો હોય, આમાં કુલ મળીને રૂ.૧,૩૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આટલું પૂરતું હોતું નથી. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ એટલે

એસ.ડી.જી. નીતિ આયોગ-૨૦૩૦. આપણી માત્ર ગુજરાતની વ્યવસ્થા છે, દરેક ભૂ-ભાગની વ્યવસ્થા કરવી હોય તો માત્ર એકલું ગુજરાત નથી. ગુજરાત પણ હોય, કેન્દ્ર સરકાર પણ હોય, સંયુક્ત રાષ્ટ્ર સંઘ પણ હોય, નીતિ આયોગ પણ હોય, આ બધાને ધ્યાનમાં રાખીને બધાનો સરવાળો કરીને તેનો સૂચકાંક વધે એ દિશામાં રાજ્ય સરકાર પ્રયત્નો કરે છે. નીતિ આયોગે નક્કી કર્યું છે, એસ્પિરેશનલ તાલુકાઓ તરીકે ૧૩ તાલુકાઓ નક્કી કર્યા છે જેમાં રૂ.૧ કરોડની ગ્રાન્ટ વધારે આપીએ છીએ. અનેકવિધ યોજનાઓ છે. ગુજરાતની વસતિ દેશના પ્રમાણમાં ૫ ટકા છે અને દેશનો વિકાસ દર છે તેમાં આપણાં ૮.૩૬ ટકા છે અને એટલા માટે આપણે કહીએ છીએ કે ગુજરાત એ હિંદુસ્તાનનું ગ્રોથ એન્જિન છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક-બે બાબતની ચિંતા મારા મનમાં પણ છે. આઝાદીના ૭૫ વર્ષ આપણે ઊજવી રહ્યા છીએ. આપણે બધા અહીં બેઠેલાં છીએ. હું કોઇ પક્ષની વાત નથી કરતો. કોઇ રાજકીય માણસે કોઇ ભૂલ પણ કરી હશે પણ આજે બજારમાં કોણ જાણે કેમ હજુય આપણી આબરૂ નથી. કારણ શું? હું કોઇ પક્ષની ટીકા માટે કહેતો નથી પણ નેગેટીવ હોય છે એ કાયમી પ્રભાવી હોય છે. એટલે ૧૦૦માં એક જણ ગુનો કરે તો પણ બધાને લાગુ પડતું હોય છે પરંતુ એ વાતની રજૂઆત લોકો સમક્ષ કરી શકતા નથી અને એટલા માટે પહેલાં સ્પીપા નામની સંસ્થા છે કે નહીં એ જ કોઇને ખબર ન હતી. આજે ગુજરાતના નવયુવાન મિત્રો સ્પીપામાં સારી રીતે તાલીમ લે છે. યુ.પી.એસ.સી. માટે અનેક લોકો તાલીમ કેન્દ્રમાં જાય છે અને મને જણાવતાં આનંદ થાય છે કે અત્યાર સુધીમાં ગુજરાતના ૨૪૪ જેટલા નવયુવાનો કામગીરી કરી રહ્યા છે. થોડાક સમય પહેલાંજ આપણે બધાએ જોયું છે, ચૂંટણી પ્રભાગની અંદર બિલકુલ નિષ્ઠા અને પ્રમાણીકતાપૂર્વક આ ચૂંટણી થાય છે. શાસક પક્ષને લાભ થાય, વિરોધપક્ષને નુકસાન થાય એ લોકશાહી નથી, ગુજરાતનો મતદાર પોતાનું મતદાન પોતાની રીતે કરે એના માટેની વ્યવસ્થા આ ચૂંટણી પ્રભાગમાં કરી છે ત્યારે એના માટેનું જે કંઇ પણ વહીવટી બજેટ જોઇએ તે રાજ્ય સરકાર પૂરું પાડે છે. આપણી પાસે વિકેન્દ્રિત આયોજનની વ્યવસ્થા કરેલી છે, આપણે બધા જયારે આયોજનની મિટિંગમાં જતા હોઇએ છીએ, તો વિવેકાધીન યોજનામાં આપણને લાભ મળે છે, પ્રોત્સાહક જોગવાઇ હોય છે, ભૌગોલિક રીતે જે અતિ પછાત તાલુકા હતા, વિકસિત તાલુકાઓ નથી એને પણ મળે છે, વિકાસશીલ તાલુકાને પણ મળે છે. રાષ્ટ્રીય પર્વની ઉજવણી, આ પહેલા ગુજરાતમાં માત્ર ગાંધીનગરમાં તા. ૧૫મી ઓગસ્ટ અને તા.૨૬મી જાન્યુઆરી ઉજવાતી હતી, જે તે વખતે આદરણીય નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે નક્કી કર્યું કે દર વખતે દરેક જુદા જુદા જિલ્લામાં તા.૧૫મી ઓગસ્ટ અને તા. ૨૬મી જાન્યુઆરી ઉજવીશું, એના કારણે એ જિલ્લાનો પણ વિકાસ થશે અને એ જિલ્લાને પણ અનુદાન અપાય, જે તાલુકામાં કાર્યક્રમ થયો છે એ તાલુકામાં પણ આયોજન થાય, આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના કારણે આપણે આ કામ કરી શકયા છીએ. વાઇબ્રન્ટ ગુજરાત સન ૨૦૦૩થી ચાલુ થયું. આપણે એને વિકાસનાં કામમાં જોડીને આપણો તાલુકો વાઇબ્રંટ તાલુકો, હું પહેલી વખત ધારાસભ્ય થયો ત્યારે આવી કોઇ ગ્રાંટ જ નહોતી, આજે સવા કરોડ, દોઢ કરોડ રૂપિયા, જેવો તાલુકો, દોઢ કરોડ રૂપિયાની માતબર ગ્રાન્ટથી આપણે લોકોના જે નાના મોટા કામો હોય છે એ સારી રીતે કરી શકીએ છીએ. એ સિવાય રાજ્ય સરકાર અનેકવિધ બાબતોમાં લોકોને સહાય કરે છે. જે જીવન નિર્વાહ માટેના નિરાધાર વૃદ્ધો હોય અથવા એમાં પણ વર્ગ-૩ અને વર્ગ-૪ના જે કર્મચારીઓ છે એમને અકાળે અવસાનના કિસ્સામાં અત્યાર સુધી ઉચ્ચક ૮ લાખ રૂપિયા ચૂકવવામાં આવતા હતા એમાં આજે આ રાજ્ય સરકાર રૂ. ૧૪ લાખ ચૂકવીને આ લોકોને મદદ કરવાનું કામ કરે છે. એજ રીતે ફીકસ પગારવાળા અથવા કરાર આધારિત જે લોકો છે એમને ચાર લાખ રૂપિયા આપવામાં અવતા હતા એમને સાત લાખ રૂપિયા આપવામાં આવે છે અને આપણે જોયું છે, કોરોના કાળમાં સગા ભાઇ પોતાને અડવા તૈયાર નહોતો, સગો બાપ દીકરાને અડવા તૈયાર નહોતો એવા સમયે આપણા કર્મયોગી ભાઇઓ-બહેનો, જેને આપણા કર્મચારી ગણીએ છીએ એમણે જીવના જોખમે કામ કર્યું છે, આપણે એમની સરાહના કરીએ. પરંતુ એ કામ કરતા કરતાં એમને જો કોઇ અડચણ થઇ અને ન કરે નારાયણ અને એનું મૃત્યુ થાય તો પણ રાજ્ય સરકાર એમના પરિવારને કોઇ તકલીફ ન પડે એના માટે રૂ. ૨૫ લાખની સહાય આ રાજ્ય સરકાર આપે છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા અનેકવિધ પરીક્ષા થાય છે. મારે આપની જાણ માટે મૂકવું છે, રાજ્ય સરકાર ભરતી કેવી રીતે કરે છે? એમને એમ ભરતી નથી થતી. એના માટે ટેબલ નક્કી કરેલું છે કે આ વર્ષે કેટલા લોકો નિવૃત્ત થવાના છે? કોઇ અકાળે અવસાન પણ પામે, કોઇ વચ્ચેથી નોકરી પણ છોડે, આ બધા વિભાગોનું દસ વર્ષનું ટેબલ તૈયાર કરીને, આ વર્ષે આટલા, આ વર્ષે આટલા તો દસ વર્ષમાં કેટલા લોકો જશે એનું પ્લાનિંગ પહેલા વર્ષથી કરવામાં આવે છે. જેના કારણે દર વર્ષે કેટલા નિવૃત્ત થાય, કોઇનું અકાળે અવસાન થાય અથવા કોઇ રાજીનામું આપે તો એની પૂરતી જગ્યાઓને સામેલ કરીને ગણીને પછી એની જાહેરાત આપવામાં આવે છે અને હવે તો કોમ્પ્યુટરનો જમાનો છે, ઘેર બેસીને તમે ઓનલાઇન જાહેરાત જોઇ શકો છો, ઓનલાઇન ફોર્મ ભરી શકો છો, ઓનલાઇન પરીક્ષા પણ આપી શકો છો અનેકવિધ કામગીરી આ કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે. મેં ચૂંટણી પ્રભાગની વાત કરી એમાં વાત કરું તો મતદાર યાદી તૈયાર કરે છે. દર વખતે ઘરદીઠ મતદાર યાદીમાં સન ૨૦૨૨ના આંકડાઓની માત્ર વાત કરું.આ વર્ષે ૧૧ લાખ ૬૨ હજાર ૫૨૮ નવા મતદારો ઉમેરાયા. એમાંથી કમી કેટલા થયા? એક વ્યક્તિ અહીંથી બીજે ગયા હોય અને ત્યાં નોંધાવે તો અહીં કમી થાય. એક વ્યક્તિ બે જગ્યાએ મતદાર યાદીમાં ન હોય. કુલ ૪ લાખ ૮૮ હજાર ૬૦૯ લોકોને કમી કરવામાં આવ્યા. એકંદર વધારો ૭ લાખ ૧૩ હજાર ૯૧૯ અને કુલ મતદારો ૪ કરોડ ૯૦ લાખ ૮૯ હજાર ૭૬૫. આ પૂરતી વ્યવસ્થાઓ લોકશાહીને અનુરૂપ. સરકાર એક્સ હોય, વાય હોય ગમે તે હોય, એને ફોટાવાળા ઓળખપત્રની સાથે કોઇપણ ગેરરીતિ ન થાય એટલા માટે મતદાર જાગૃતિના

કાર્યક્રમો કરીને વધારેમાં વધારે ગુજરાતના લોકો એમાં પોતાનો સહયોગ આપી પોતાના મતદાનનો ઉપયોગ કરી અને પોતાને જે સારી લાગતી હોય એ સરકારને ચૂંટે. કોઇ મતદાર એકાદ વખત ભૂલ કરે, બે વખત ભૂલ કરે, ચાર વખત ભૂલ કરે પણ કાયમી ભૂલ કરે એવું ક્યારેય બનતું નથી. ૨૭ વર્ષ પછી અમારી તો કાંઇક તો કમી હશે. અમે સર્વગુણ સંપન્ન, અમે સોનાના નળિયા કરી દીધા એવો કોઇ દાવો નથી. ક્યાંક અમારી પણ આ ગુજરાતની જનતાએ એ ક્ષતિને માફ કરીને તમે જ જોઇએ એમ કરીને ૨૭ વર્ષના શાસન પછી વિક્રમી ૧૫૬ સીટો આપી એ ગુજરાતને વંદન સાથે મારી વાત પૂરી કરું છું.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અમિત શાહ(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યોજનાઓ બાબતમાં હું સભાગૃહમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૧ હજાર કરોડ રૂપિયા જેવી માતબર રકમ આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે કે અગાઉની સરકારે મેટ્રો રેલ માટે ફાળવી. મને જણાવતા આનંદ થાય છે કે હું એ શહેરમાંથી આવું છું. ૨૫ વર્ષ કોર્પોરેટર રહ્યો, વિરોધ પક્ષનો નેતા હતો, મેયર હતો. જે શહેરને ૧૧૦૦ કરોડ રૂપિયા ટેક્સ આવતો હોય, ૧૫૦૦ કરોડ રૂપિયા એસ્ટાબ્લિસમેન્ટ ખર્ચ થતો હોય, ૩૦૦ થી ૪૦૦ કરોડ રૂપિયા લાઇટ બિલ આવતું હોય, ૩૦૦ કરોડ રૂપિયા એ.એમ.ટી.એસ.માં આપતા હોય અને ૧૫૦ કરોડ રૂપિયા થકી વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ ચાલતી હોય એવા સમયમાં શહેરમાં કોઇ નવું ડેવલપમેન્ટ કઇ રીતે કરી શકે? હું ભૂતકાળમાં જતો રહ્યો. અહીંયા પણ ઘણા બધાએ ભૂતકાળની વાતો કરી છે. હું પણ ભૂતકાળની વાત કરું છું. ૧૯૮૫નો પિરિયડ હતો. ઓરિજિનલ અમદાવાદ કોટ વિસ્તાર અને વાસણાથી સાબરમતી સુધી હતું. ૧૯૮૫માં પૂર્વ વિસ્તારને અમદાવાદમાં સમાવવાની જાહેરાત કરવામાં આવી. જે તે વખતના મુખ્યમંત્રી, આજે એમના પુત્ર અહીંયા ગૃહના સભ્ય છે. એમણે કહેલું કે અમે ૧૫ કરોડ રૂપિયા અમદાવાદ કોર્પોરેશનને આપીશું. પૂર્વ વિસ્તાર મિલમજૂરોનો વિસ્તાર, કોંગ્રેસ સંચાલિત ઇન્ટુક અને મજૂર મહાજનનો એ વિસ્તારમાં દબદબો. ચૂંટણી આવી અને પહેલા દિવસના રિઝલ્ટમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ સરખે સરખા રહ્યા. બીજા દિવસે ૨૧ સીટો માટેનું રિઝલ્ટ આવવાનું હતું. જનતા દળના પ્રમુખે જાહેરાત કરી દીધી કે અમે ભારતીય જનતા પાર્ટીને કોઇ ટેકો નહીં કરીએ. ભગવાનની મહેરબાની થઇ અને ૨૧ સીટો અમારી નીકળી અને ૧૫ કરોડ રૂપિયાવાળી વાત આવી ત્યારે ફરી ગયા. એ ૧૫ કરોડ ન આપ્યા. મને ગૌરવ થાય છે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી ઉપર. હું એક વાત આ ગૃહને કહેવા માગું છું. કોંગ્રેસનું શાસન, શ્રી હિંમતસિંહ પટેલ આ ગૃહના સભ્ય હતા એ મેયર હતા અને સાબરમતી રિવરફ્રન્ટની ફાઇલ એમના પાસે ગઇ હતી. ગુજરાત સરકારની જમીન કોર્પોરેશનને આપવા માટેની વાત હતી. ખાસ્સા દિવસથી એ ફાઇલ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પાસે પડી હતી તો શ્રી હિંમતસિંહભાઇને કોઇકે કહ્યું કે તમે ફોન કરો તો કાંઇક મેળ પડે. શ્રી હિંમતસિંહે શ્રી નરેન્દ્રભાઇને ફોન કર્યો અને સાંજે પી.પનીરવેલ, મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ હિંમતસિંહને ફોન કરીને કહ્યું કે શ્રી નરેન્દ્રભાઇએ ફાઇલમાં સહી કરી દીધી છે. કોંગ્રેસનું શાસન અને છતાં પણ હિંમત રાખવાની. હું તફાવત બતાવું છું. ૧૫ કરોડ રૂપિયા ન આપ્યા. આપણે જમીન આપી દીધી (અંતરાય) તમે આ બધું કરીને હારી ગયા. (અંતરાય) આ બે બચ્યા છો એ પણ નહીં બચો. અમદાવાદની પ્રજાની ભૂલ થઇ ગઇ.

ઉપાધ્યક્ષશ્રી : ઇમરાનભાઇ, તમારી જગ્યાએ તો બેઠા નથી. બેઠા બેઠા બોલો નહીં.

(અંતરાય)

શ્રી અમિત શાહ : અમારાં ભાઇએ એસ.વી.પી.માં સારવાર લીધી એ એસ.વી.પી.માં ૩૫૦ કરોડ રૂપિયા ગુજરાત સરકારે આપ્યાં છે. ખારીખટ કેનાલ માટે પૈસા આપવાનું ગુજરાત સરકારે કહ્યું છે. વિશાલા બ્રિજથી ગીતા ભારતી સર્કલ જેમાં અમદાવાદનો સૌથી વધારે ટ્રાફિક છે એના માટે ગુજરાત સરકારે પૈસા આપવાનું નક્કી કર્યું છે. સરખેજ-ગાંધીનગર હાઇવે ઉપર બે-બે કલાકે જતાં હતાં આજે મને આનંદ થાય છે કે મિનિટોમાં તમે ગાંધીનગર પહોંચી જાવ છો એ ગુજરાત સરકાર અને ભારત સરકારની દેન છે.

સાહેબ, મેટ્રો રેલ પર આવું છું. મેટ્રો રેલની ૪૦ કિલોમિટરની લંબાઇમાં સાડા છ કિલોમિટર અંડર ગ્રાઉન્ડ. દેશના ઇતિહાસમાં કોઇ બ્રિજ બનતો હોય તો એ વિસ્તારની પ્રજા ત્રાંસી જાય છે. આ સાડા છ કિલોમિટર અંડર ગ્રાઉન્ડમાં મેટ્રો બની એની અમદાવાદના કોઇ નાગરિકને ખબર નથી કે નીચે ટનલ બની રહી છે. આ કામગીરી થઇ છે એ વિશ્વની શ્રેષ્ઠ કામગીરી થઇ છે. ૩૩ કિલોમિટરનો એલીવેટર કોરીડોર, ૩૨ સ્ટેશનો છે અને રૂપિયા ૧૦ હજાર ૭૦૦ કરોડ જેટલી માતબર રકમ ગુજરાત સરકારે મેટ્રો રેલ માટે ફાળવી છે. ફેઇઝ-૧ ની વાત કરું તો સાડા છ કિલોમિટર વસ્ત્રાલ ગામથી શરૂ થાય છે અને શ્રી નરેન્દ્રભાઇએ પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ કોરીડોરનું ઓપનિંગ લાખો માણસોની હાજરીમાં કર્યું છે. સાહેબ, મેટ્રો-૨ની વાત કરું તો મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધી મેટ્રો આવવાની છે. જે.એન.યુ., ગિફ્ટ સિટી અમદાવાદથી કર્મચારીઓની બસો ભરાઇને આવે છે આ બધા જ કર્મચારીઓ વર્ષ ૨૦૨૪ પછી આ મેટ્રો ટ્રેનમાં આવતા હશે. સાહેબ, મને જણાવતાં આનંદ થાય છે. હમણાં મેચ હતી. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન આવ્યા હતા. માનનીય અમિતભાઇ અને અમારે ત્યાંથી પોણો કલાક, કલાકે મોટેરા પહોંચાય એના બદલે ૨૩ મિનિટમાં ૨૦ રૂપિયામાં વર્લ્ડ ક્લાસ એરકંડીશન મેટ્રો ટ્રેનમાં માણસ પહોંચી જાય. આ અમારી દેન છે અને તમે જોયાં કરો. તમે ગમે તેટલું કરશો તો પણ આવતાં દસ વર્ષ સુધી તમારો મેળ પડવાનો નથી. એમાં રૂપિયા ૨૭૭૯ કરોડની લોન મંજૂર કરી છે. મેટ્રો-૨ વર્ષ ૨૦૨૪ માં પૂર્ણ કરવાની છે. સાહેબ, સુરતની વાત કરું

તો સુરતમાં પણ રૂપિયા ૧૧૦૦ કરોડ જેવી નાની રકમનો ટેક્સ આવતો હોય એને રૂપિયા ૧૨૦૦૦ કરોડ જેવી માતબર રકમ ગુજરાત સરકારે આપી છે અને સુરતમાં પણ મેટ્રોનું કામ શરૂ થયું છે એમાં ૨૦ સ્ટેશનો હશે. સરથાણાથી માંડીને ભેંસાણ સુધીના એરિયાને જોડી દેવાના છે. સુરત મેટ્રો માટે ગુજરાત સરકારે રૂપિયા ૫,૩૩૪ કરોડની બ્રાહ્ય લોનની મંજૂરી અપાઇ છે. સુરત મેટ્રો વર્ષ ૨૦૨૫માં પૂર્ણ કરવાનો નિર્ધાર છે અને અમે જે કામ હાથ પર લઇએ છીએ એ યુદ્ધના ધોરણે કરીએ છીએ. માનનીય ઇમરાનભાઇ, સરદાર સરોવર જેવું નહીં થાય. (અંતરાય) સુરત મેટ્રોમાં રૂપિયા ૮૦૪ કરોડની બ્રાહ્ય લોનની તૈયારી કરી દીધી છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી શહેરી યોજના હેઠળ ઓવરબ્રિજ અને આર.ઓ.બી. રેલવેના છે એમાં લગભગ કેન્દ્ર સરકાર ૫૦-૫૦ ટકા પૈસા લઇને આપણે કામ કરીએ છીએ પણ કેટલાંક કિસ્સામાં ગુજરાત સરકારે પોતે રેલવેના ઓવરબ્રિજ અને અંડરબ્રિજના સો ટકા કામો કર્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને વાહનવ્યવહાર માટે કેટલીય યોજનાનાં કામો કરવામાં આવ્યાં છે એમાં ૧૨ કામો રૂપિયા ૧૫૫ કરોડના મંજૂર થયા છે, બીજા ૧૩ કામો મંજૂરી હેઠળ છે, ૩ કામ ટેન્ડરની યોજનામાં છે, ૨૨ કામ ડી.પી.આર.માં છે અને સ્થાનિક સ્વરાજ્યની ઇ-યોજનામાં પણ ગુજરાત સરકારે મહેનત કરી છે. માનનીય ઇમરાનભાઇ, ગુજરાત સરકારે સહાય ના કરી હોય તો આમાંથી કોઇ પણ પ્રોજેક્ટ અમે ના કરી શકીએ. ગુજરાત સરકારનો ખૂબ ખૂબ આભાર. વંદે માતરમ્.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કેયુર ના. રોકડિયા(સયાજીગંજ):માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ઐતિહાસિક બજેટ અને કર વધારા વગરના બજેટ ૨૦૨૩ના વર્ષના અનુદાનોની માગણીની ચર્ચામાં ભાગ લેવા માટે આપશ્રીનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો હું આભાર વ્યકત કરું છું. આ બજેટમાં શહેરી વિકાસ શહેરી ગૃહનિર્માણ વિભાગમાં ૩૭ ટકાનો વધારો કર્યો છે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન પણ આપું છું અને શહેરના સૌ નગરજનોવતી આભાર પણ વ્યકત કરું છું.

શહેરી વિકાસની અંદર ગુજરાત સરકાર, આપણી સરકાર કઇ દિશામાં આગળ વધી રહી છે એ મંતવ્યો માટે આજે હું ઊભો થયો છું. આ મંતવ્યો આપતા પહેલાં શહેરો અને નગરજનો, શહેરો અને એના નાગરિકોને આપણે સમજવા પડશે. આ નગરોનો ઉદભવ કેમ થયો એ સમજવું પડશે. એક સમય એવો હતો કે જયારે ગામડાંઓ ઉત્પાદનનું કેન્દ્ર હતા અને શહેરો એ વેચાણનું કેન્દ્ર હતા. ધીમેધીમે આ ગામડાંઓમાં વસ્તુઓ બને, આ ગામડાંઓના સેન્ટરમાં કોઇ ગામડું પડે અથવા જયાં વસ્તી વધારે હોય ત્યાં વેચાણ અર્થે આવે અને ધીમેધીમે નગરો મોટા થયા નગરોનો ઉદભવ થયો. કાળક્રમે થયો, આઝાદી પછીનો સમય આવ્યો અને આ સિસ્ટમ તૂટી. આ સિસ્ટમની અંદર જે નગરો હતા. આ નગરોની અંદર જ ઉત્પાદનનું કેન્દ્ર અને વેચાણનું કેન્દ્ર બંનેનું સ્થાન છે અને આના કારણે ગામડાંમાંથી એક આખો ઘસારો નગરો તરફ આવ્યો. નગરોની જનસંખ્યામાં વિસ્ફોટ થયો અને એવું કહેવાય કે આજે ગુજરાતની ૪૨ ટકા જનસંખ્યા નગરોમાં વસે છે. નગરો ડેવલપ થયા અને ક્રમશઃ ત્યાં સારા રસ્તા, પાણીની વ્યવસ્થા, ગટરની વ્યવસ્થા, સ્ટ્રીટલાઇટની વ્યવસ્થા બધી વ્યવસ્થા ક્રમશઃ સરકારે કરી આપી પરંતુ જે સિસ્ટમ તૂટી આઝાદી પછી ઉત્પાદનની અને વેચાણની જે સિસ્ટમ તૂટી, આ જેણે સિસ્ટમ તોડી એ પૈકીના કેટલાક સભ્યો કાપ દરખાસ્ત લઇને આવ્યા છે અને કાપ દરખાસ્ત કયા વિષયમાં? તો પાણી, રસ્તા, ટી.પી. વગેરે વિશે ખરેખર મારે એમને થોડાક પાછળ લઇ જવા છે. ૨૫ વર્ષ પાછળ લઇ જવા છે. ૨૫ વર્ષ પહેલાની હકીકત જો ગૃહ સમક્ષ મૂકીએ તો ફાઇલો બનતી હતી પણ રસ્તા નહોતા બનતા. આ ૨૫ વર્ષનું ભારતીય જનતા પાર્ટીનું શાસન છે એમાં ફાઇલો બને છે તો રસ્તા પણ બને છે. અને હવે માત્ર રસ્તાની જ ચર્ચા નથી થતી. માત્ર રસ્તા બનતા નથી હવે સ્માર્ટ રોડ વીથ સેન્ટ્રલ, ડિવાઇડર, લાઇટિંગ, સારી ક્વોલિટીના પેવર બ્લોક, રોડની સાઇડ ઉપર ગ્રીનરી, સારા બસ સ્ટેન્ડ આની સુવિધા સાથેના સ્માર્ટ રોડ અને હવે તો એકસપ્રેસ વે સ્ટેટ એકસપ્રેસ વે કોરીડોર ત્યાં લગી સરકારનું વિઝન છે અને ત્યાં લગી સરકાર કામ કરી રહી છે. આવા જ પાણીના વિષયની અંદર પહેલા પાણી ડિસ્ટ્રિબ્યુશનની અંદર વાત થતી હતી અને હવે તો માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જે રીતે ૧૦૦ ટકા નલ સે જલ દરેક ઘરે પાણી પહોંચે એની વાત કરી છે અને ગુજરાત સરકારને અભિનંદન આપવા પડે કે આ દિશાની અંદર ૧૦૦ ટકા કામગીરી ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. અમૃત મિશન-૨ અંતર્ગત હવે સ્કાડા સિસ્ટમથી સ્માર્ટ મીટર લગાવીને ડબલ્યુટીપી સાથે પાણીના નવા સ્ત્રોત ઊભા કરીને પાણી ડિસ્ટ્રિબ્યુશનનું કાર્ય હાથ ધરવામાં આવે છે. માનનીય સભ્યશ્રી ઉદયભાઇ કાનગડે કાલે જે રીતે રાજકોટની અને એની આજુબાજુના જિલ્લાઓની, નગરપાલિકાઓની વાત એક સાથે ક્રમમાં કરી ખરેખર એમણે ઘણાં બધાં નામો આપ્યાં. હું નામોનું રિપિટેશન નથી કરતો. ત્યાં પહેલા શું હતું? તો ૨૫ વર્ષ પહેલા ત્યાં ટેન્કર રાજ હતું. આજે ત્યાં નર્મદાનું પાણી પહોંચાડીએ છીએ તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારની દેન છે. પહેલા આપણે એકલી ગટર વ્યવસ્થાની વાત કરતા હતા. હવે ગટર વ્યવસ્થાની સાથે એ.પી.એસ. ઓબ્ઝીલરી પંમ્પિંગ સ્ટેશન, એસ.ટી.પી. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને એના દ્વારા ટ્રીટેડ પાણી છોડવાની પણ ગટર વ્યવસ્થામાં વાત કરી છે. એનાથી પણ એક સ્ટેપ આગળ હવે મહાનગરપાલિકાઓની અંદર આ એસ.ટી.પી. અને ટર્સરી ટ્રીટેડ પાણી એ કંપનીઓને વેચીને આવકની પણ વાત આ સરકારની અંદર કરી છે. ૨૫ વર્ષ પહેલાની વાત કરું તો માત્ર સિટી બસ સેવાની વાત સરકાર કરતી હતી. હવે સિટી બસ નહીં પણ સ્માર્ટ પરિવહન સિસ્ટમ શહેરી બસ સર્વિસ શહેરોની અંદર બી.આર.ટી.એસ. ચાલે છે અને તેમાં પણ સરકાર હવે નવો કન્સેપ્ટ લાવી રહી છે. પર્યાવરણનું રક્ષણ કરવાનું, લોકોની સુવિધા, સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટે ઇલેક્ટ્રિક બસને સરકાર હવે પ્રોજેક્ટ કરી રહી છે. તેમાં પણ ૨૫ (પચ્ચીસ) રૂપિયે પ્રતિ કિલોમિટર વાયેબિલિટી ગેપ ફન્ડિંગ સરકાર આપી રહી છે. આના

માટે બજેટની અંદર રૂપિયા ૩૦૦ કરોડની રકમનું પ્રાવધાન કર્યું છે માટે હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હવે વાત કરીએ ઇન્ટીગ્રેટેડ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સિસ્ટમની. આ એવી સિસ્ટમ છે કે જેના દ્વારા આપણે બસ સ્ટેન્ડ પર ઊભા હોઇએ અને ત્યાં સ્ક્રિન પર આપણને દેખાય કે કેટલી મિનિટમાં બસ આવશે. એપ દ્વારા પણ ઘરે બેઠેલો માણસ જોઇ શકશે કે હાલમાં બસ કયાં ફરે છે અને કેટલી મિનિટમાં બસ સ્ટેન્ડ પહોંચવાની છે. આનાથી નાગરિકોના ટાઇમની અને પૈસાની બચત થવાની છે અને આ બધુ આ સરકારની અંદર જ શક્ય છે. પર્યવારણ સંદર્ભની વાત કરીએ તો બાગ-બગીચાં, રોડ ડિવાઇડર અને ડિવાઇડરની સાઇડમાં વૃક્ષારોપણથી વધુ આગળ વધીને આ સરકારની અંદર મહાનગરપાલિકા હોય, નગરપાલિકા હોય તેના ફેફસાં સમાન અર્બન ફોરેસ્ટ અને લિનિયર પાર્ક બનાવી રહ્યા છે. આના માટે આ બજેટની અંદર સરકાર દ્વારા દરેક મહાનગરપાલિકાને ૨૦-૨૦ કરોડ રૂપિયાની ફાળવણી આ અર્બન ફોરેસ્ટ માટે કરી છે તેથી હું મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વૃક્ષારોપણની વાત આવી તો મને આની પહેલાં આ સભાગૃહની પ્રશ્નોતરીની ચર્ચા યાદ આવી. તેમાં એક સભ્યશ્રી પૂછતા હતા કે કેટલા વૃક્ષો વાવ્યા, કેટલા વૃક્ષો ઉછર્યા અને કેટલાં ખાડા રહી ગયા. તો સામેથી માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે આટલા ટકા વૃક્ષો વાવ્યા. આ પર્સન્ટેજ મેં સાંભળ્યા તો મને ખરેખર વિધાનસભાનો માહોલ જ યાદ આવી ગયો. ૧૮૨ છોડ ઉછેર્યા, રોપા રોપ્યા. તેમાંથી ૧૫૬ ઉગ્યાં અને બાકીના ખાડા રહી ગયા. તેની અંદર બે-ત્રણને રિપ્લાન્ટ કરી શકાય એવું છે. આમ તો ગુજરાતની જમીન ફળદ્રુપ છે અને નર્મદાના કારણે આપણે ઘરે ઘરે પાણી પહોંચાડી શક્યા છીએ. ભવિષ્યમાં એકપણ ખાડો નહીં રહે તેવા નાગરિકોના આશિર્વાદ આપણને મળવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત માત્ર તળાવોની સ્વચ્છતાની વાત નથી કરતા. તળાવોના બ્યુટિફિકેશનની વાત પણ કરીએ છીએ. ડોર ટુ ડોર સેગ્રિગેશન એટ સોર્સ, બાયોરિમેડીએશન પદ્ધતિથી ઘન કચરાનો નિકાલ, કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીસ વેસ્ટનો નિકાલ અને પર્યાવરણની સાથે નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા કરતા સિંગલ યુઝ પ્લાસ્ટિકની પ્રોસેસથી આગળ વધીને ઇ.પી.આર. (એક્સટેન્ડેડ પ્રોડ્યુસર રિસ્પોન્સિબિલિટી) એટલે કે જે વ્યક્તિ આ કચરાને પ્રોડ્યુસ કરે છે તે કચરાને રિકલેકશન, રિસાઇકલ, રિયુઝના માધ્યમથી ઝીરો વેસ્ટ પ્લાસ્ટિક તરફ સરકાર આગળ વધી રહી છે. નેશનલ ક્લિન એર પ્રોગ્રામ અંતર્ગત મોટાં શહેરોની અંદર અને આમ તો દિલ્હી માટેની કહેવત છે કે, દિલ્હી મે યે જિંદગી હૈ અબ તો હવાઓમેભી ગંદકી હૈ. આ ગુજરાતના શહેરોને દિલ્હી બનતું અટકાવવા માટે કન્ટીન્યુઅસ એમ્બીઅન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સિસ્ટમના માધ્યમથી ગુજરાતનાં શહેરોની અંદર વાતાવરણની અંદર કાર્બન ડાયોક્સાઇડ, કાર્બન મોનોક્સાઇડ છે, નાઇટ્રોજન, હાઇડ્રોજનના કેટલા તરતા પાર્ટીકલ્સ છે. સલ્ફર, ઓક્સાઇડના કેટલા તરતા પાર્ટીકલ્સ છે. ૨.૫ પી.એમ. ૧૦ પી.એમ. માઇક્રોનના કેટલા પાર્ટીકલ્સ છે. આ બધુ જાણીને સરકાર એ દિશાની અંદર આગોતરું આયોજન કરવા જઇ રહી છે. આ માટે ગુજરાત સરકારને અભિનંદન આપવા પડે. અમદાવાદમાં સાબરમતી પર રિવરફ્રન્ટ બનાવીને જે રીતે પોતાની પ્રબળ ઇચ્છાશક્તિના દર્શન સરકારે કરાવ્યા છે, તેમાં એન.આર.સી.પી.માં આ બજેટની અંદર સુરતમાં તાપી રિવર માટે ૨૫૦ કરોડની ફાળવણી કરી છે. ત્યારે વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના ડ્રેનેજના પાણીને ટ્રીટ કરીને છોડવા માટે વડોદરા મહાનગરપાલિકાએ એન.આર.સી.પી.માં ૫૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ મૂક્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ જયારે ગુજરાત સરકારની ઇચ્છા પ્રમાણે મંજૂરી મળશે ત્યારે વડોદરા શહેરના નાગરિકો માટે પણ ઘણું મોટું કામ થવાનું છે. જે રીતે પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના, ઇ.ડબલ્યુ.એસ., એલ.આ.જી., એમ.આઇ.જી.ના આવાસો થકી અંધારિયા રૂમ, ટપકતી છત, ટોઇલેટ-બાથરૂમ વગેરેની ફેસિલિટીમાંથી સારી ફેસિલિટીમાં આ ઝૂંપડાવાસીઓને ખસેડીએ છીએ. તેના માટે આ સરકારને અભિનંદન આપવા પડે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. ડૉ.દર્શિતાબેન શાહ.

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ -પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રની માગણી ક્રમાંક ૧૦૧ અને ૧૦૨ અંતર્ગત હું ગૃહ સમક્ષ મંજૂરી અર્થે ઉપસ્થિત થઇ છું અને આ સન્માનનીય ગૃહ આ માગણીઓ સર્વાનુતે મંજૂર કરે તે માટે મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિની ઉત્તમોતમ વ્યવસ્થા એટલે પરિવાર વ્યવસ્થા અને આ પરિવાર વ્યવસ્થા કે જ્યાં દરેક લોકો સુખ, શાંતિ અને સંપથી રહી શકે એટલે ઘર. ઘર એટલે કાના માત્ર વગરનો શબ્દ એટલે ઘર, ઘર એટલે માત્ર બ્રિક્સ અને બિંબથી બનેલું મકાન નહીં, પરંતુ જ્યાં દરેક લોકોને લાગણી, હુંફ, પ્રેમ, સન્માન અને માન મળે એટલે ઘર. ઘર એટલે તમારા સ્વપ્નાનું ઘર. કહેવત છેને કે દુનિયાનો છેડો એટલે ઘર અને એટલા માટે થઇને જ દરેક નાગરિકને પોતાના પરિવારજન સમજીને આ સરકાર પોતાના પરિવાર માનીને દરેક વ્યક્તિને પોતાના ઘરનું ઘર મળે એ માટે થઇને આપણા લોક લાડીલા વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ૨૦૧૫માં હાઉસિંગ ફોર ઓલ એટલે કે પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં લાવવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર એ ઘરનું મહત્ત્વ સમજે છે અને એટલા માટે થઇને એ આવાસને માત્ર આવાસ નથી સમજતા, પરંતુ આવાસ યોજનાને ગૃહ મંદિર નિર્માણ યોજના સમજે છે કે જે જગ્યાએ એક લાગણીરૂપી પુજા અને પ્રેમરૂપી પ્રસાદ મળે છે આવા આવાસને મંદિર સમા બનાવીને એને રજૂ કરવામાં આવે છે.

તા. ૧૩મીમાર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા અને ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ડબલ એન્જિન સરકાર જે કહે છે એ કરીને બતાવે છે અને એટલા માટે કહેવાય છે કે, તીન જરૂરતે હોતી હે જહાં, રોટી-કપડાં ઔર મકાન કી, ભાવનાઓ સે બને મંદિર જહા હોતી તલાશ ઉસ મુકામ કી, તુલશી પુજા હોતી હે જહા, હોતી હે ખ્વાઇશ ઉસ આંગન કી, પરિવાર કો આશિષ મિલે જહા વહ સફલ યોજના આવાસ કી. આવા જ સફળ આવાસ આપણી ભારતીય જનતા પાર્ટીની ભરોસાની સરકાર, વિશ્વાસની સરકાર અને વિકાસની સરકાર દ્વારા બનાવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને ખરેખર વેદના થાય કે, જ્યારે ઝૂંપડપટ્ટીમાં રસ્તા ઉપર રહેતા લોકો જે કાળઝાળ ગરમી અને વરસતા વરસાદ નીચે એનાં નાનાં નાનાં બાળકોને માત્ર એક પ્લાસ્ટિકના છાપરા નીચે રહેતા હોય ત્યારે આની જો કોઇ વેદના સમજી હોય તો આ વેદના ભારતીય જનતા પાર્ટીની સરકારે સમજી છે અને એટલા માટે આવા ઝૂંપડાની જગ્યાએ સરકારશ્રી દ્વારા ત્યાં પાકા મકાન બનાવવામાં આવ્યા છે અને એટલું જ નહીં ૫૬,૦૦૦થી પણ વધુ આવા આવાસો અત્યારસુધીમાં મંજૂર થઇ ગયા છે. માત્ર ઝૂંપડપટ્ટીના લોકો જ નહીં, પરંતુ નબળા, ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે પણ સરકાર આટલી જ સંવેદનશીલ છે અને એટલે જ આવા લોકો માટે થઇને એફોર્ડેબલ હાઉસિંગ યોજના અંતર્ગત આવા લોકોને પણ આવાસ આપવામાં આવે છે, જેમાં ૧.૫૦ લાખ રૂપિયાની સહાય કેન્દ્ર સરકાર દ્વારા, ૧.૫૦ લાખ રૂપિયાની સહાય રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે અને આવા લોકોને પોતાના સ્વપ્નાનું ઘર મળી રહે એ મુખ્ય ઉદ્દેશ ભારતીય જનતા પાર્ટીનો રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપને જણાવતા હું ગર્વથી અને આનંદપૂર્વક કહું છું કે, અત્યાર સુધીમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ૧.૭૫ લાખથી પણ વધુ આવા આવાસો મંજૂર થઇ ગયા છે અને એમાંથી ૧.૨૦ લાખથી પણ વધારે આવાસો બનાવી અને લાભાર્થીને સોંપી પણ દેવામાં આવેલ છે. હું રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર તરીકેની જ્યારે જવાબદારી સંભાળતી હતી ત્યારે મને બહુ ગર્વ થાય છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ ૩૨,૦૦૦થી પણ વધારે આવા આવાસો બનાવવામાં આવ્યા છે. આ માત્ર આવાસ નથી પણ આમાં એકદમ અલ્ટ્રા મોર્ડન ફ્લેટ જેવી સુવિધા દરેક લાભાર્થીને આપવામાં આવે છે અને એટલે જ રાજકોટ મહાનગરપાલિકાને આવા તમામ આવાસો માટે કેન્દ્ર સરકાર દ્વારા અનેકવિધ એવોર્ડ પણ મળ્યાં છે જેનું મને ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં દૂરંદેશી વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા સમગ્ર ભારતમાં ઇનોવેશન ટેકનોલોજીના માધ્યમથી આવાસ બનાવવામાં આવ્યા છે. આપના માધ્યમથી હું સન્માનનીય ગૃહને આ વાત જણાવવા માગું છું કે, રાજકોટ ખાતે પણ આ લાઇટ હાઉસ પ્રોજેકટ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માધ્યમથી આ ઇનોવેશન ટેકનોલોજીના માધ્યમથી મળેલો છે કે જેમાં જર્મન ટેકનોલોજી યુઝ કરીને તેમાં મોનોલેથિક પ્રકારનું બાંધકામ ટનલ ફોર્મવર્ક ટેકનોલોજીના આધારે કરવામાં આવ્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય ગૃહને જણાવવા માગું છું કે, આ લાઇટ હાઉસ પ્રોજેકટની વિશેષતા એ છે કે, જી પ્લસ ૧૩ એટલે કે ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ ૧૩ માળનું એક ટાવર માત્ર એક મહિનાના ટૂંકાગાળામાં સંપૂર્ણ તૈયાર થઇ જાય છે. આમ, આ લાઇટ હાઉસ પ્રોજેકટના માધ્યમથી ૧,૧૪૪ જેટલા આવાસો આપણે લાભાર્થીને આપેલા છે. માત્ર આવાસ નહીં પરંતુ આ આવાસમાં ૨ બેડરૂમ, ડાઇનિંગ રૂમ, કિચન, કિચનનું ફર્નિચર, બેડરૂમમાં ફર્નિચર, કમ્પાઉન્ડ વોલ, ગાર્ડન, રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, સોલાર સિસ્ટમ અને આવી અનેકવિધ સુવિધાઓ જયારે આવા નાના અને મધ્યમ વર્ગના લોકોને મળી છે ત્યારે આવા લોકો વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને દેવદૂત સમા સમજે છે અને એટલા માટે જ ગત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ખોબલે અને ખોબલે મત આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ ગૃહ નિર્માણનું કાર્ય કરવુ એ ભગીરથ કાર્ય અને અઘરું કાર્ય છે, પરંતુ અમારી ભારતીય જનતા પાર્ટીની મક્કમ અને મનોબળ સરકાર દરેક લોકોને પોતાના ઘરનું ઘર મળી રહે અને સ્વપ્નનું ઘર મળી રહે તેના માટે કટિબદ્ધ છે અને એટલા માટે જ કહેવાય છે કે,

**अगर फलक को ज़ीद है बिजलियाँ गिराने की,**

**तो हमें भी ज़ीद है वहीं पे आशियाना बनाने की।**

આપનો ખૂબ ખૂબ આભાર.

શ્રી કિરીટકુમાર કે. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ નર્મદા વિકાસની માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને નર્મદા વિકાસ અંગેની માગણી ક્રમાંક-૬૫ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ નદી ઉપર ડેમ બાંધવાનો હેતુ પાણીનો સંગ્રહ કરીને કેનાલોના નેટવર્કથી સિંચાઇમાં વધારો કરવાનો હોય છે, પરંતુ નર્મદા યોજનામાં સૌપ્રથમવાર ચોમાસા દરમિયાન નદીમાં વહી જતાં આશરે ૩ મિલિયન એકર ફીટ વધારાના પાણીનો ઉપયોગ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં પાણીની સમસ્યા ઘટાડવા વિવિધ પ્રયત્નોના ભાગરૂપે કરવાનું વિચારાયુ છે. માનનીય અધ્યક્ષશ્રી, તે અંતર્ગત ઉત્તર ગુજરાતમાં સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા ૧ મિલિયન

એકર ફીટ પાણીથી ૯ જળાશયો ધરોઇ, હાથમતી, ગોહાઇ, વાત્રજ, માજમ, મેશ્વો, મુકતેશ્વર, દાંતીવાડા અને સીપુમાં નર્મદાનું પાણી નાંખી સદર પથરેખામાં આવતા તળાવો ભરવા કુલ-૧૪ ઉદવહન સિંચાઇ પાઇપલાઇનોનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સદર કામગીરીમાં કુલ-૧૨ પાઇપલાઇનોની કામગીરી રૂપિયા ૩,૮૭૬ કરોડના ખર્ચે પૂર્ણ કરી ૪૪૦ ગામોનાં ૭૪૨ તળાવો તથા ૭ જળાશયોને જોડાણ આપી આશરે ૯૨,૨૦૦ હેક્ટર વિસ્તારને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સિંચાઇના લાભ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. તે જ રીતે સૌરાષ્ટ્રમાં સૌની યોજના દ્વારા નર્મદાના પુલના વધારાના ૧ મિલિયન એકર ફીટ પાણીથી સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના ૧૧૫ હયાત જળાશયો ભરીને ૯૭૦ કરતા વધુ ગામોના ૮ લાખ ૨૪ હજાર ૭૮૨ એકર જેટલા ગામોમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ કરવા તથા પીવાના પાણીનો લાભ આપવા રૂપિયા ૧૮,૫૬૩ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવ્યું છે, તે જ પ્રમાણે કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફૂટ પાણીના વિતરણ અનુસંધાને ઉદવહન પાઇપલાઇનની યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે. જે દ્વારા કચ્છ જિલ્લાના છ તાલુકાની ૩૮ સિંચાઇ યોજનાઓમાં નર્મદાના પૂરના વધારાનું પાણી ભરવામાં આવે છે. જેનાથી ૭૭ ગામોના ૧,૦૪,૨૧૬ હેક્ટર વિસ્તારને લાભ મળશે. આ પ્રસંગે નર્મદા યોજનાના ભૂતકાળ વિશે પણ થોડી વાત કરવા માગું છું. નર્મદા યોજનાનો સૌપ્રથમ વિચાર વર્ષ ૧૯૪૬માં રજૂ કરવામાં આવ્યો હતો. જેના આશરે ૧૫ વર્ષ પછી ૫ એપ્રિલ, ૧૯૬૧ના રોજ તે વખતના વડાપ્રધાન માનનીયશ્રી જવાહરલાલ નહેરુએ તેનું ખાતમુહૂર્ત કર્યું હતું, પરંતુ ગુજરાતનું ભલું થાય તેવું તે વખતની કૉંગ્રેસની નેતાગીરીના ધ્યાનમાં આવ્યું નહિ અને કરી શક્યા નહિ, એટલા માટે પાડોશી રાજ્યોના યોજના માટેના વિરોધનો ઉકેલ લાવવામાં અક્ષમ્ય વિલંબ થતો ગયો અને આઠ વર્ષ પછી વર્ષ ૧૯૬૯ નર્મદા વૉટર ડિસ્પ્યુટ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી. ત્યારપછીનાં ૧૦ વર્ષમાં જ્યારે જ્યારે ટ્રિબ્યૂનલની બેઠક મળે ત્યારે ગુજરાતની જનતા કાગડોળે રાહ જોઇને બેઠી હોય કે હવે ચુકાદો આવશે અને યોજનાનું કામ શરૂ થશે. ૧૦ વર્ષ પછી ૧૯૭૯માં ટ્રિબ્યુનલનો ચુકાદો જાહેર કરવામાં આવ્યો અને વર્ષ ૧૯૮૦માં ડૅમનું કામ શરૂ કરવામાં આવ્યું. ત્યાં પણ ગુજરાતનું અહિત ઇચ્છતી ટોળકીઓએ મેધા પાટકરના નેતૃત્વમાં 'નર્મદા બચાવો આંદોલન' શરૂ કર્યું અને આ યોજના વિરુદ્ધમાં સુપ્રીમકોર્ટમાં કેસ દાખલ કર્યો. આપણે સૌ જાણીએ છીએ કે કોર્ટમાં નિર્ણય આવવામાં કેટલી લાંબી પ્રક્રિયા થતી હોય છે. તે વખતે ગુજરાત સરકારે વચન આપીને પુનર્વસનની યોજના રજૂ કરી જે આંદોલનકારીઓએ ફગાવી દીધી. સુપ્રીમકોર્ટે વર્ષ ૧૯૯૬માં સ્ટે ઓર્ડર મૂક્યો. જેના લીધે ડૅમનું કામ વધુ વિલંબમાં પડ્યું. ત્યારબાદ ૧૮ ઓક્ટોબર, ૨૦૦૦ના રોજ સુપ્રીમકોર્ટે ૨:૧ની બહુમતીથી ચુકાદો આપી પુનર્વસનનું કામ પૂરું કરવાની શરતે ૧૩૮ મીટરની ઊંચાઇ સુધી ડૅમનું કામ ચાલુ કરવાની મંજૂરી આપી. આ સમયગાળા દરમિયાન પાડોશી રાજ્યોમાં અત્યારે ગુજરાતમાં છે તેવી ડબલ એન્જિનની સરકાર અસ્તિત્વમાં હતી. આ ડબલ એન્જિનની સરકારનો ફાયદો તે વખતની કૉંગ્રેસની સરકારને લેતા ન આવડ્યો. આમ, ડૅમનું મોટાભાગનું કામ ગુજરાત રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી તે વખતે જ થયું છે. વર્ષ ૨૦૧૪માં જ્યારે માનનીયશ્રી નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા તેના ૧૭મા દિવસે ડૅમના દરવાજા લગાવવાના કામનો ઓર્ડર આપવામાં આવ્યો અને વર્ષ ૨૦૧૭માં માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના ૬૯મા જન્મદિવસે એટલે કે ૧૭મી સપ્ટેમ્બરે ડૅમનું કામ પૂર્ણ થયેલું જાહેર કરવામાં આવ્યું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા**(**સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ૯૦-સોમનાથ વિધાનસભામાં ૧૧ વોર્ડ આવેલા છે. એમાં વોર્ડ નં - ૧માં આવાસ યોજના બનાવવામાં આવી છે. જ્યારે આ આવાસ યોજના બનતી હોય છે ત્યારે કેવી ગુણવત્તાવાળી બનતી હોય છે, કેવી પરિસ્થિતિમાં બનતી હોય છે, કામ સારા થાય છે કે નહિ એ કોઇ ચેક કરતું નથી. અંદાજિત ૭ વર્ષ પહેલાં વોર્ડ નં - ૧માં આવાસ યોજના બનાવામાં આવી હતી અને એ એટલી ખરાબ હાલતમાં બનાવવામાં આવી હતી કે ત્યાં ગટરો ઊભરાય છે. ટોયલેટના પાઇપ તૂટેલા છે, સાત-સાત વર્ષથી ત્યાંના લોકો રજૂઆત કરે છે, છતાં પણ નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ કોઈ જવાબ આપતા નથી. આજે પણ એ જ પરિસ્થિતિ છે અને ત્યાં લોકો ગંદકીના કારણે બીમાર પડે છે. આ સાથે હું તેના ફોટાના પુરાવા પણ લાવ્યો છું જે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને આપવા માગું છું, જેથી માનનીય મંત્રીશ્રીને ખ્યાલ આવે કે ત્યાંના લોકો કેવી પરિસ્થિતિમાં જીવી રહ્યા છે. અહીંથી શહેરી વિકાસ વિભાગની સ્પેશિયલ ટીમ મોકલવી જોઈએ અને ત્યાંના લોકોની સમસ્યાનું નિવારણ લાવવું જોઈએ. સાથે સાથે જે અધિકારીઓ કે ત્યાંના સત્તાધીશોએ ખોટું કર્યું છે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ અને સ્પેશિયલ કેસમાં ગ્રાન્ટ ફાળવીને આવાસો રિપેર કરાવવા જોઈએ. કારણ કે તે આવાસો પડી જાય તેવી અત્યંત જર્જરિત હાલતમાં છે. નગરપાલિકાની પડતર જગ્યામાં ત્યાંના સત્તાધીશો દ્વારા કોમ્પ્લેક્ષ અથવા ફૂડ ઝોન બનાવવામાં આવે છે ત્યારે ત્યાંના લોકોને ખરેખર આવાસની જરૂર છે. હજારોની સંખ્યામાં લોકોએ આવાસ માટે માંગણી કરેલી છે, પરંતુ ત્યાંના સત્તાધીશો દ્વારા તે માંગણી શહેરી વિકાસ વિભાગમાં મોકલવામાં આવતી નથી. જો તે પડતર જગ્યામાં આવાસ બનાવવામાં આવે તો લોકોને પોતાનું ઘરનું ઘર મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, વેરાવળ-પાટણ-ભીડિયા સંયુક્ત નગરપાલિકાના અંદાજિત દોઢ લાખ જેટલા મતદારો છે છતાં યુવાનો માટે રમત-ગમતનું મેદાન નથી. દેવકા નદી પાસે હુડકો સોસાયટી આવેલી છે ત્યાં પડતર જગ્યામાં યુવાનો માટે રમત-ગમતનું મેદાન મંજૂર કરવામાં આવે તો ત્યાંના યુવાનોને સુવિધા પ્રાપ્ત થઈ શકે. વેરાવળ શહેરના વૉર્ડમાં આજે પણ ૬૦

ટકા પરિસ્થિતિ એટલી ખરાબ છે કે ત્યાં રસ્તા, લાઈટ કે પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ નથી. આ પહેલાં પણ મેં વિધાનસભામાં રજૂઆત કરેલી અને માનનીય મંત્રીશ્રી દ્વારા પણ ત્યાંની નગરપાલિકાને આદેશ આપવામાં આવ્યા છતાં પણ પાઈપલાઈનનો સરવે કરવામાં આવેલ નથી અને આજે પણ ત્યાંના લોકો નગરપાલિકાની બેદરકારીના કારણે નલ સે જલ યોજનાની સુવિધાથી વંચિત છે. આજે ૬૦ ટકા વિસ્તારોમાં પાણી, લાઈટ અને રસ્તાઓ જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે ત્યારે આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે નગરપાલિકા દ્વારા સરવે કરવામાં આવતો નથી એટલે અહીંથી સ્પેશિયલ ટીમ ત્યાં મોકલવામાં આવે. જરૂર પડે તો હું પણ સાથે જવા તૈયાર છું અને સરવે કરીને નવી પાઈપલાઈન નાખવામાં આવે તો લોકોને ઘરે જ પાણી મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા દ્વારા જે બાંધકામની મંજૂરી આપવામાં આવે છે તેમાં પાર્કિંગની વ્યવસ્થા ન હોવાના કારણે ટ્રાફિકની સમસ્યા થાય છે. અવારનવાર નગરપાલિકાને રજૂઆત કરવા છતાં પણ આવા બાંધકામની મંજૂરી આપવામાં આવે છે. જૂનાગઢ જિલ્લાના માળિયા તાલુકામાં મારું વતન ચોરવાડ આવેલું છે ત્યાં અંદાજિત ૬૪ ગામ આવેલા છે. જે વિસ્તારમાં શહેરની નજીક વધારે ગામ આવતા હોય તેને તાલુકો બનાવવામાં આવે તો તે શહેરનો સંપૂર્ણ વિકાસ થઈ શકે. ચોરવાડ શહેરને તાલુકો બનાવવામાં આવે તો આજુબાજુના ૪૦થી ૫૦ ગામોના અંદાજિત ૪૦થી ૫૦ હજાર લોકોને આ સુવિધા મળી શકે. આજે લોકોને બે દિવસ બગાડીને સરકારી કામે ૮થી ૧૦ કિ.મી.ના અંતરે તાલુકામાં જવું પડે છે. ત્યારે અમારી આ જૂની માગણી છે કે ચોરવાડને તાલુકો બનાવવામાં આવે. જેથી, ત્યાંના લોકોની સમસ્યાઓ દૂર થઇ શકે. મારા વતન ચોરવાડમાં હોલિડે કેમ્પ આવેલું છે. જ્યારે કોઇ પ્રવાસન નિગમને વેગ આપવામાં આવે તો ત્યાંના લોકોને પણ ઘણી આવક અને રોજગારી મળતી હોય છે. વર્ષો પહેલાં અહીંયા હોલિડે કેમ્પ મંજૂર થયેલ હતો. ચોરવાડના આ હોલિડે કેમ્પમાં આખા વિશ્વમાંથી હજારોની સંખ્યામાં ટુરિસ્ટો આવતા હતા પરંતુ, હાલમાં તે જર્જરિત થઇ ગયેલ છે. આ કામની મંજૂરી મળી ગયેલ હોવા છતાં કામ કરવામાં આવતું નથી. ત્રણ વખત ટેન્ડરની પ્રક્રિયા પણ કરવામાં આવેલ છે પરંતુ, ટેન્ડરો મોંઘા હોવાથી કોઇ કોન્ટ્રાક્ટરો ટેન્ડર ભરતા નથી. આથી, આમાં સુધારો કરી ટેન્ડર બહાર પાડવામાં આવે અને વહેલી તકે ચોરવાડનું આ કામ ચાલુ કરવામાં આવે.

શ્રી યોગેશ આર. પટેલ(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યોજના ઉપર મારા વિચારો આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

શહેરી ગરીબ કુટુંબોને લાભપ્રદ સ્વરોજગાર અને કૌશલ્યપૂર્ણ રોજગાર થકી પૂર્ણ વેતન મળે એવી તકો પૂરી પાડવા માટે સરકારશ્રી દ્વારા 'રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના' અમલમાં મૂકેલ છે. એમાં સોનામાં સુગંધ ભળે તેમ ભારતીય જનતા પક્ષની ગુજરાત સરકાર દ્વારા એક અલાયદા સેલ તરીકે 'ગુજરાત શહેરી આજીવિકા મિશન'ની પણ રચના કરવામાં આવેલ છે. આ માટે હું સમગ્ર ગુજરાતના ગરીબો તરફથી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સંવેદનશીલ સરકારને અભિનંદન આપું છું. આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧ની વસ્તીગણતરી મુજબ એક લાખ અથવા એક લાખથી વધુ હોય અને સાથે જિલ્લાનું મુખ્યમથક હોય તેવા ગુજરાત રાજ્યમાં ૩૦ નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકાઓ અમલીકૃત થયેલી. પરંતુ, ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે તા.૨૯/૧૧/૨૦૧૬થી રાજ્યમાં રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજનાનું ૮ મહાનગરપાલિકાઓ સહિત તમામ ૧૬૨ નગરપાલિકાઓમાં અમલીકરણ કરાવ્યું છે. આ માટે પણ હું ગુજરાતની સંવેદનશીલ સરકારને અભિનંદન આપું છું. રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અંતર્ગત વિવિધ છ ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પહેલું છે શહેરી શેરી ફેરિયાઓને સહાય આપવી. જેનો ઉદ્દેશ શહેરી શેરી ફેરિયાઓનો સરવે કરી તેમને ઓળખકાર્ડ આપવા તેમજ શહેરી વિસ્તારોમાં શેરી ફેરિયાઓ માટે વેન્ડિંગ ઝોન નક્કી કરી તેમની વાણિજ્ય પ્રવૃત્તિઓ માટે અલાયદી વ્યવસ્થાઓનું આયોજન કરવાનું છે. બીજું, ઘરવિહોણા શહેરીજનો માટે આશ્રયની યોજના. આ યોજનાનો ઉદ્દેશ શહેરી સમાજના સૌથી ગરીબવર્ગને કાયમી બારમાસી આશ્રય અને તમામ આવશ્યક સેવાઓ પૂરી પાડવાનો છે. ત્રીજું છે કૌશલ્ય તાલીમ મારફત રોજગારી આપવી. રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત કૌશલ્ય, તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા શહેરમાં રહેતા ગરીબ બિનકુશળ લોકોને તાલીમ પૂરી પાડવામાં આવશે. જેથી તેઓ સ્વરોજગારી મેળવી શકે. ચોથું છે સ્વરોજગાર કાર્યક્રમ. શહેરોમાં રહેતા ગરીબ જૂથો માટે કૌશલ્ય, તાલીમ, વિશેષ અભિરુચિ અને સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ હોય તેવા લાભપ્રદ સ્વરોજગાર સાહસો, લઘુઉદ્યોગો ઊભા કરવા અને નાણાકીય સુવિધાઓ પૂરી પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. બેંકમાંથી લોન મેળવતા તમામ વ્યક્તિઓ/જૂથોને સાત ટકાના વ્યાજદરથી વધુ વ્યાજ ચૂકવવામાં આવશે અને લોન આપવામાં આવશે. સામાજિક અને સંસ્થાકીય વિકાસ કે જેનો ઉદ્દેશ ૧૦થી ૨૦ પુરુષો કે મહિલાઓના સ્વસહાય જૂથો બનાવી તેઓ બચત કરી અને લોન લઇ પોતાનું જીવનધોરણ સુધારી શકે તે માટેનો છે. આ માટે તેમને એકવખત રૂ.૧૦ હજારના ફરતા ભંડોળની સહાય પૂરી પાડવામાં આવશે. રાજ્યના શહેરોમાં વસ્તીના આધારે આજીવિકા કેન્દ્રો સ્થાપવામાં આવશે અને તે માટે રૂ.૧૦ લાખની નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે. છઠ્ઠું અને છેલ્લું છે ગરીબ લોકોની ક્ષમતા નિર્માણ અને તાલીમ. જેનો હેતુ રાજ્યમાં આવાસન અને શહેરી ગરીબ નિવારણ મંત્રાલય તથા શહેરી ગરીબ નિવારણનો હવાલો ધરાવતી રાજ્યકક્ષાની એજન્સીઓ શહેરી આજીવિકાને પ્રોત્સાહન આપી શકે તથા શહેરી ગરીબ નિવારણ ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતાં લોકો કામ કરી શકે તે માટેની ક્ષમતા વધારવાનો છે.ભારત સરકારશ્રી અને આદરણીય વડાપ્રધાન શ્રી

નરેન્દ્રભાઇ મોદી સાહેબની સ્વનિધિ યોજના હેઠળ કોવિડ-૧૯ના સમયથી અસરગ્રસ્ત શેરી ફેરિયાઓને આજીવિકા માટે તેઓનો વ્યવસાય ચાલુ રહે તે માટે તેઓને વર્કીંગ કેપિટલ આપવા, સો ટકા કેન્દ્ર પુરસ્કાર યોજના લાગુ કરવામાં આવેલ છે. શેરી ફેરિયાઓને ભારત સરકારશ્રી દ્વારા લોન આપવા માટે શિબિર સ્કોર પણ ધ્યાનમાં લેવામાં આવતો નથી. સરહદી યોજના હેઠળ કુલ ૨ લાખ ૭૩ હજાર ૭૦૦ શેરી ફેરિયાઓને લોન ચૂકવવામાં આવેલ છે. ભાવિ શહેરી યોજના અને આયોજન માટે રાજ્યની સરકારે શહેરી આયોજનની કામગીરીમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવાના ભાગરૂપે શહેર આયોજનની વિવિધ કામગીરી સાથે સંકળાયેલી કચેરીઓમાં કોમ્પ્યુટરકરણ કરી, તેના મારફતે જી.આઇ.એસ. તથા અમૃત યોજના દ્વારા સુયોજિત વિકાસ કરવાનો ઉદ્દેશ છે. નગરરચના યોજના દ્વારા જનતા ઓનલાઇન જોઇ શકે અને જાણી શકે તે માટે સિંગલ પ્લેટફોર્મ બનાવેલ છે. જેમાં, હાલ ગુગલ ઇમેજ સાથે ૪૦૦ નગર યોજના ધરાવતી ખાતાની વેબસાઇટ ઉપલબ્ધ છે. રાજ્યમાં ઓનલાઇન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ એટલે કે ઓ.ડી.પી.એસ., તારીખ ૦૧-૦૫-૨૦૧૮થી લાગુ કરવામાં આવેલ છે. જે અન્વયે ઓનલાઇન વિકાસ પરવાનગી પ્રક્રિયા વધુ સરળ, ઝડપી અને પારદર્શક બને તથા અરજદારોના પોતાનાં સપનાનો આશરો ઝડપી આકાર પામે એવા શુભ આશયથી તારીખ ૦૩-૧૨-૨૦૨૦થી ઓનલાઇન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ ૨.૦ ગુજરાત સરકારશ્રી દ્વારા અમલીકૃત કરવામાં આવી છે. એ માટે ગુજરાતની સરકારને અભિનંદન પાઠવીએ છીએ. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨માં, ૧ વિકાસ યોજના, ૩૦ મુસદ્દારૂપ નગર રચના યોજના, ૨૫ પ્રારંભિક નગર રચના યોજના અને ૫ આખરી નગર યોજના મંજૂર કરવામાં આવેલ છે. છેલ્લે ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૬ નગરપાલિકા વિસ્તારોમાં આવેલી તમામ ધાર્મિક સંસ્થાઓ અને તેની સાથે જોડાયેલી અન્ય મિલકતો જેવી કે, મંદિર સાથે પૂજારીના રૂમ, જૈન મુનિઓને રહેવા માટેના ઉપાશ્રય, આશ્રમ, પરબ અને ધર્મશાળા વિગેરેને પ્રોપર્ટી ટેક્સમાંથી મુકિત આપવામાં આવેલ છે. જે દર્શાવે છે કે ગુજરાતની સરકાર કેટલી સંવેદનશીલ છે. આભાર. અસ્તુ.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વર્ષ ૨૦૨૩-૨૪ના અનુદાનો માટેની માગણીઓ લઇને આવ્યા છે, તેને હું મારું સમર્થન આપું છું અને માગણી નંબર-૬૫, નર્મદા વિકાસ ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા એટલે એના દર્શનથી જ આપણે બધા ધન્ય થઇ જઇએ છીએ ત્યારે કહેવાનું મન થાય કે, **દર્શન કરવા દેવના જાય ગંગા જમુના ઘાટ પણ જેની જોવી પડે નહીં વાટ, એ ઘરે ઘરે પહોંચી મા નર્મદા.** હમણાં હમણાં જ મારા ફતેવાડી વિસ્તાર અને ખારીકટ કેનાલના બાકીના ૩૩ ગામો તથા અમદાવાદના ગ્રામ્ય વિસ્તારોનો નર્મદાના કમાન્ડ એરિયામાં સમાવેશ કરવામાં આવ્યો છે તે બદલ હું આદરણીય અમારા લોકસભાના સાંસદ અને દેશના ગૃહપ્રધાન, સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબ, શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છે. હમણાં હમણાં જ અમારા સાથી ધારાસભ્ય શ્રી જિજ્ઞેશભાઇએ કહ્યું કે, નર્મદાનું પાણી સાણંદ વિધાનસભા વિસ્તારના કમાન્ડ એરિયા બહાર આપવામાં આવે છે. તો મારે એમને કહેવું છે કે, જયારે પણ નર્મદા પાસે વધારાનું પાણી હોય અને પાણી દરિયામાં વહી જાય એના કરતાં, ખેડૂતોના ખેતરમાં જાય અને એના માટે મારા વિસ્તારના ખેડૂતોના ખેતરમાં પાણી આપ્યું છે એટલા માટે હું સરકારશ્રીનો આભાર વ્યકત કરું છું. એમાં પણ વાત કરવામાં આવી છે કે, હમણાં હમણાં આટલા કમાન્ડ એરિયા વધારવામાં આવ્યા છે એ જગ્યાએ ખેડૂતોને લીલાલહેર છે. તો એમણે કીધું કે, કમાન્ડ એરિયામાં તો હજી હમણાં ભેળવવામાં આવ્યા છે તો ખેડૂતોને લીલાલહેર કેવી રીતે છે? નર્મદાનું જે વધારાનું પાણી હતું એ ખેડૂતોના ખેતરમાં આપ્યું એટલા માટે ત્યાં લીલાલહેર છે. એ પાણી વહેવા દીધું નથી. એનો પૂરેપૂરો સદ્ઉપયોગ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, દરેકે દરેક મારા વિસ્તારના જે ફતેવાડી વિસ્તાર અને ખારીકટ કેનાલ હમણા જેનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ ફતેવાડી વિસ્તારનું હેન્ડલીંગ અત્યારે ફતેવાડી વિસ્તાર દ્વારા કરવામાં આવે છે અને એના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. તો એ જે ફતેવાડી જે આખો વિભાગ, એ વિભાગ નર્મદાને સોંપવામાં આવે અને એ વિભાગનું પૂરેપૂરું સંચાલન જો નર્મદા દ્વારા કરવામાં આવે તો અમારા વિસ્તારના ખેડૂતોને તાત્કાલિક પાણી મળી રહે અને અમારી પાણીની જે જરૂરિયાત હોય છે એ સમયસર અને ઝડપથી મળી રહે. એ કામ થઇ શકે તેમ છે.

ચાલુ વર્ષે રીવર હેડ પાવર હાઉસ, કેનાલ હેડ પાવર હાઉસ થકી કુલ ૪૨૧ કરોડ અને વીજ યુનિટ અંદાજે ૧૬૮૪ કરોડનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. નર્મદા યોજનાના ઇતિહાસમાં સૌથી વધારે વીજ ઉત્પાદન આ વખતે થયેલું છે. ચાલુ વર્ષે નહેર પરના નાના જળ વિદ્યુત મથકો થકી ૪.૧૩ કરોડ યુનિટ વીજ ઉત્પાદન થતા કુલ ૩૦.૮ કરોડ વીજ ઉત્પાદન થયેલું છે. સમગ્ર ગુજરાતની વાત કરીએ તો કુલ ૬૩,૫૩૯ કિલોમીટરની લંબાઇની નહેરોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. હમણા એમ કહેતા હતા કે ૫૦ ટકા કામ બાકી છે, ત્યારે મારે એમને કહેવું છે કે લગભગ ૧૦૦ ટકા કામ નર્મદાનું પૂર્ણ થયું છે.

ચાલુ વર્ષે માઇનોર કેનાલ જે કહેવાય ૬,૧૬૪ હેકટર સિંચાઇ ક્ષમતા વિકસાવીને કુલ સિંચાઇ ક્ષમતા ૧૬.૯૯ લાખ હેકટર થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૭,૧૭૧ હેકટર પિયત વિસ્તાર વિકસાવીને કુલ ૧૫.૩૮ લાખ હેકટર પિયત વિસ્તાર વિકસાવવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે મારી વાત પૂર્ણ કરું, ત્યારે મારે કહેવું છે કે મા નર્મદા વિશે તો જેટલી પણ વાતો કરીએ એટલી ઓછી છે.

તા. ૧૩મીમાર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

''તુજ પરિક્રમા કરતાં પાવન થનાર છે અહીંયા,
તારી શ્રદ્ધાના મીઠા ફળ ખાનારા છે અહીંયા,
ભિક્ષુક યાત્રી હો કે પથિક હો, સાધુ સંત હો કે શ્રમિક હો,
વરસાદ વિનાના ગામોમાં ધરતીની હથેળી કોરી છે,
ત્યાં નહેરના પાણી પહોંચાડી, જુઓ હરિયાળી મ્હોરી છે.
તુજ વીજળીથી, તુજ ઊર્જાથી ને તુજ સિંચાઇના પાણીથી,
ઉત્તર ગુજરાતથી કચ્છ સુધી ખેતી મોસમ ફોરી છે.''

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિચારો વ્યકત કરું છું અને માગણીઓને સમર્થન આપું છું. આપનો ખૂબ ખૂબ આભાર.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત-પૂર્વ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ દ્વારા સામાન્ય વહીવટ વિભાગની માગણી નંબર ૩૦, ૩૧ અને ૩૩ જે રજૂ થઇ છે તેને હું અનુમોદન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ એ સરકારના હૃદય સમાન વિભાગ છે. જેમ માનવ શરીરમાં હૃદય શરીરને શુદ્ધ લોહી પૂરું પાડીને રૂધિરાભિસરણ તંત્ર દ્વારા શરીરના તમામ અંગોને પંહોચાડીને શરીરને ચેતનવંતુ રાખે છે, તેમ જ સરકારના તમામ વિભાગોને ચેતનવંતા રાખવાનું કામ આ વિભાગ કરે છે. એટલા માટે જ કોઇપણ સરકારમાં માનનીય મુખ્યમંત્રીશ્રી આ વિભાગ પોતાની પાસે જ રાખતા હોય છે. રાજયના તમામ વિભાગો, બોર્ડ, નિગમ, નગરપાલિકા, કોરપોરેશનના બધા જ સિનિયર અધિકારીઓ ઉપર નિયંત્રણ, તેમની બદલી, દરેક વિભાગની કામગીરીનું મૂલ્યાંકન, સુચારુ વહીવટ થાય છે કે કેમ તેનું માર્ગદર્શન આ જી.એ.ડી.વિભાગ દ્વારા આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સનદી અધિકારી તરીકે યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી.ની પરીક્ષાના અંતે પણ આઇ.પી.એસ., આઇ.એ.એસ. કે આઇ.એફ.એસ. અધિકારીઓને જો કેડર પસંદ કરવાનો વખત આવે તો સ્વાભાવિક તેઓ પોતાની પહેલી પસંદગી પોતાના વતનની રાખતા હોય છે, પરંતુ વતન સિવાયની કેડરના સિલેકશન વખતે બધાની પહેલી નજર એ ગુજરાત હોય છે. ગુજરાત એટલા માટે હોય છે કે ગુજરાત એક શક્તિશાળી, સમૃદ્ધ અને સુરક્ષિત એવું ભારતનું એક આદર્શ રાજય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારનું કામ નાના, ગરીબ અને વંચિત, છેવાડાના લોકોનું જીવનધોરણ ઊંચું આવે એવી નીતિ અને યોજનાઓ ઘડવાનું હોય છે. સરકાર દ્વારા યોજનાઓ અમલમાં મૂકાય, પરંતુ જરૂરતમંદ લોકો સુધી એ યોજનાના લાભો જાય, એ લોકો લાભ મેળવે એ ખૂબ જરૂરી છે.માનનીય અધ્યક્ષશ્રી, મારે ગર્વ સાથે આ સભાગૃહમાં કહેવું છે કે રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા સેવા સેતુના કાર્યક્રમ થકી આખા રાજયમાં ઠેર ઠેર સરકાર પ્રજાના દ્વારે આવી સરકારી યોજનાના જરૂરિયાતમંદ લોકોને સરકારી અધિકારીઓ દ્વારા એક જ જગ્યાએ સરકારની તમામ સેવાઓ જેવી કે આવકના દાખલા, 'મા' આયુષ્યમાન કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ, ઇ-શ્રમ કાર્ડ, રેશન કાર્ડ, સિનિયર સિટીઝન પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃદ્ધ સહાય, દિવ્યાંગતા પ્રમાણપત્ર, જાતિના દાખલા, ૭/૧૨ અને ૮/અ ના ઉતારા જેવી ૬૮ પ્રકારની સેવાઓ અને દાખલાઓ છે કે જે પહેલા જુદી જુદી કચેરીઓમાં જઇને લોકોએ મેળવવા પડતા હતા. લોકોને ધક્કે ચડાવાતા હતા, કંટાળીને લોકો ટાઉટને મન ફાવે એટલા રૂપિયા આપીને આવી સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવતા હતા જે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં એક ભૂતકાળ બની ગયું છે.

જી.એ.ડી. દ્વારા રાજયભરમાં સેવાસેતુનું કામ ૮ તબક્કામાં પૂર્ણ કરીને લાખો જરૂરિયાતમંદ લોકોના આંસુ લૂંછવાનું કામ કર્યું છે. જે અભિનંદનને પાત્ર છે. મારે કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા ધારાસભ્ય, કોર્પોરેટર કે જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો તો સરકારી સેવાઓ ઘરે ઘરે પહોંચે તેના માટે કામ કરે જ છે. પરંતુ અમારા પ્રદેશ પ્રમુખ આદરણીય સી.આર. પાટીલ સાહેબે સમગ્ર સંગઠનને અને કાર્યકર્તાઓને પણ આ સેવાના કામમાં જોડીને જરૂરિયાતમંદ લોકોને ઘરે બેઠા આ સરકારી સહાય પહોંચાડવાનું કામ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા પાટીલ સાહેબે રાજય અને કેન્દ્ર સરકારની જુદી જુદી યોજનાઓની માહિતી લોકોને મળે એ માટે એક મોબાઇલ એપ બનાવી છે. જેનો નંબર દરેકે જાણવા જેવો છે. આ નંબર છે ૦૨૬૧૨૩૦૦૦૦૦ જેની ઉપર સરકારની તમામ માહિતી અને સહાય એને કેવી રીતે મળે તેની સંપૂર્ણ વિગત અને માહિતી આ એપમાં છે. અને આ એપ દ્વારા ગામે ગામ એનો પ્રચાર કરીને લાખો જરૂરિયાતમંદ લોકોને આ રાજય અને કેન્દ્રની યોજનાઓ પહોંચાડી છે અને એનું જ પરિણામ છે કે ગત ચૂંટણીમાં ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને ખોબે ખોબે મત આપ્યા છે અને આજે આ સન્માનનીય ગૃહમાં ૧૫૬ ધારાસભ્યોને પ્રજાના આશીર્વાદ મળેલા છે. મારી ઓફિસે પણ રાજય અને કેન્દ્ર સરકારની યોજનાની માહિતી અને તેનું ફોર્મ એક જ કિલકમાં મળે એવું એ.ટી.એમ. જેવું એ.ટી.ડી. મશીન એટલે કે એની ટાઇમ ડોક્યુમેન્ટ મશીન બનાવીને લોકોની સેવામાં મૂકયું છે. જેમાંથી લગભગ ૨૦૦ જેટલી સરકારી યોજનાઓની વિગત સાથે જે યોજનામાં વ્યક્તિ ફીટ થતો હોય તે વ્યક્તિ ક્લીક કરે એટલે તરત જ એ ફોર્મ એ વ્યક્તિને મળી જાય અને એના મોબાઇલ ઉપર એ યોજનામાં કયા ડોક્યુમેન્ટની જરૂરિયાત છે અને કયા ફોર્મ એ કઇ જગ્યાએ ભરવાનું છે તેની માહિતી પણ મળી જાય છે. રોજના ૨૦૦થી ૩૦૦ કરતા વધુ જરૂરિયામંદ લોકો આ મશીનનો લાભ લે છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજયના વિદેશમાં વસતા ગુજરાતીઓને એકત્રિત કરીને એન.આર.જી. વિભાગ દ્વારા ગુજરાતના ભવ્ય વારસાને જાળવી રાખવા

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આપણા લોકપ્રીય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે સન ૨૦૦૩થી શરૂ કરવામાં આવી હતી. આજે આ ગુજરાત મૉડલને દેશના તમામ રાજયોએ સ્વીકારી હવે બિઝનેસ સમિટ અન્ય રાજયમાં પણ થાય છે. જેનું આપણને ગૌરવ છે.

કોરોના કાળમાં વિદેશમાં વસતા રાજયના નાગરિકોને વંદે ભારત મીશન દ્વારા સહી સલામત લાવી તમામ પ્રકારની સગવડ પૂરી પાડી ઘર સુધી પહોંચાડવાનું કામ આ જી.એ.ડી. વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં રાજયના વિદ્યાર્થીઓને ઓપરેશન ગંગા દ્વારા યુક્રેનમાં ફસાયેલા રાજયના હજારો વિદ્યાર્થી ભાઇ-બહેનોને સહી સલામત દરેક વિદ્યાર્થી પોતાના ઘર સુધી પહોંચે એવી ચિંતા આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. જે ખૂબ અભિનંદનને પાત્ર છે. પેપરલેસ વિધાનસભાની કાર્યવાહી થાય, ટેકનોલોજીનો ઉપયોગ કરી સોફ્ટ ફોર્મેટની અંદર માહિતી દ્વારા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું સૂચન આપણા માનનીય અધ્યક્ષશ્રીએ ધારાસભ્યશ્રીઓને કાર્ય શિબિરમાં કર્યું હતું. છેલ્લાં ૩ વર્ષથી આપણી વિધાનસભામાં ...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અરવિંદભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. ગૃહ વિરામ બાદ બપોરના ૩-૦૦ કલાકે ફરીથી મળશે.

**(વિરામ બપોરના ૦૨.૩૦થી ૦૩.૦૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રીમતી દર્શના એમ. વાઘેલા(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સિદ્ધિઓ વિશે ચર્ચા કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની શરૂઆત ભારત સરકારની કેબિનેટ દ્વારા તા.૧૭-૬-૨૦૧૫ના રોજ હાઉસિંગ ફોર ઓલ ૨૦૦૨ને મંજૂરી આપવામાં આવી. તેના દ્વારા અલગ અલગ રાજ્યોમાં પણ આ સ્કીમ દ્વારા જે ઘર વિહોણા લોકો, ગરીબ લોકો જેમણે પોતાના ઘરના સપના જોયા છે પણ તેને પૂરા કરી શકતાં નથી. તેમના સપના પૂરા કરવાનું કામ આપણી સરકાર અને માનનીય નરેન્દ્રભાઇ મોદી કરી રહ્યા છે. આ યોજનાનો મુખ્ય હેતુ એ છે કે રાજયના શહેરો, નગરો, મહાનગરપાલિકાઓમાં જે ઝૂંપડાઓ છે તેનાથી મુક્ત કરવા અને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વ્યાજબી કિંમતે મકાન મળે તે માટે હાઉસિંગ ફોર ઓલ ૨૦૨૨ના લક્ષ્યાંકને સિદ્ધ કરવા કેન્દ્ર સરકારની પોલિસીના અનુસંધાને રાજ્ય સરકારે પણ આ પોલિસી ઘડી છે અને રાજયમાં અલગ અલગ શહેરોમાં આ પ્રકારના મકાનો બની રહ્યા છે. મારા મનમાં એક વિચાર આવે છે. એક સમય એવો હતો કે પંચાયતથી પાર્લામેન્ટ સુધી કોંગ્રેસનું શાસન હતું. ઘણાં વર્ષો સુધી કોંગ્રેસે શાસન કર્યું પરંતુ આવી પ્રજા ઉપયોગી યોજનાઓ લાવવાનો તેમને ક્યારેય પણ વિચાર આવ્યો નથી. આજના આપણાં વડાપ્રધાને આખા દેશમાં પ્રવાસ કરેલો છે. નાના માણસો સાથે રહી ચૂક્યા છે. નાના માણસોની તકલીફો શું છે એ સમજે છે. જ્યારે સન ૨૦૧૪માં વડાપ્રધાન બનીને દિલ્હી ગયા અને તરત જ સન ૨૦૧૫માં આ યોજના બનાવી. આ યોજના દ્વારા ગરીબ લોકોને ખૂબ મદદરૂપ થઇ રહ્યા છે. જેને ઘર નથી, જે ઝૂંપડપટ્ટીમાં રહે છે તેના માટે આ યોજના આશીર્વાદરૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદની વાત કરીશ. અમદાવાદમાં ડેપ્યુટી મેયર તરીકે મેં ફરજ બજાવી છે. અમદાવાદમાં શું પરિસ્થિતિ હતી અને અત્યારે શું પરિસ્થિતિ છે તેના વિષે વિશે હું વાત કરીશ. ઇ.ડબ્લ્યુ.એસ. આવાસો. અમદાવાદ શહેરમાં હાલ ૧૧,૯૭૯ આવાસોની કામગીરી પૂર્ણ થયેલ છે અને ૨૧,૬૩૩ આવાસોની કામગીરી ચાલુ છે. તેમજ સન ૨૦૨૮ આવાસોની કામગીરી ટૂંક સમયમાં શરૂ થવાની છે. આ યોજના દ્વારા લાભાર્થીઓને પાણી પુરવઠો, ગટર લાઇન, વીજ પુરવઠો અને એક બેઠક રૂમ, બેડ રૂમ, રસોડું, સંડાસ-બાથરૂમ અને ચોકડી સહિતનું ૨૮ ચોરસમીટર એરિયાનું આવાસ આપવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે સરકારી આવાસોની પહેલાં આપણે કલ્પના કરી હતી તે આવાસો કેવા હતા. આજે આ આવાસ જૂઓ તો કોઇ પ્રાઇવેટ ફ્લેટ હોય તે પ્રકારના આવાસો છે. તેમાં આકર્ષણ એ છે કે તેનું એલિવેશન ખૂબ સારું છે. ભૂકંપપ્રૂફ મકાનો બાંધવામાં આવ્યા છે. વિટ્રિફાઇડ ટાઇલ્સ ફ્લોરિંગ, કિચન, પ્લેટફોર્મ અને વિવિધ સુવિધાઓ સાથેનું આ મકાન છે. વિશેષમાં રાંધણ ગેસની લાઇન પણ આમાં ઉપલબ્ધ હોય છે. આર.સી.સી.નું ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવે છે અને ગ્રીન એરિયા પણ તૈયાર કરવામાં આવે છે. આ યોજનામાં કેન્દ્ર સરકારે અમદાવાદ શહેરને કુલ રૂ.૩૯૫.૩૮ કરોડની ગ્રાન્ટ આપેલ છે અને રાજ્ય સરકાર તરફથી છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ શહેરને કુલ રૂ.૧૫૫.૫૦ કરોડની ગ્રાન્ટ આપેલી છે. આપણા સમાજમાં એક મધ્યમવર્ગ એવો વર્ગ છે કે ના કહેવાય, ના સહેવાય એવી પરિસ્થિતિ આ વર્ગની છે. આ વર્ગને ટૂંકા પગારમાં કે ટૂંકી આવકમાં ઘર ચલાવવાનું હોય છે, બાળકોને ભણાવવાનાં હોય છે અને નાનું મકાન હોય, જો બે દીકરા હોય તો એક વહુ આવે તો એ વહુનો સમાવેશ કયાં કરવો એ મધ્યમવર્ગ માટે ખૂબ મોટી ચિંતાનો વિષય હોય છે. મધ્યમવર્ગના લોકો માટે આશીર્વાદરૂપ એક સ્કીમ છે, એલ.આઇ.જી.ફેઝ-૨ આ સ્કીમમાં ૧૯૦૮ આવાસોની કામગીરી પૂર્ણ થયેલી છે તથા ૫૯૩ આવાસોની કામગીરી હાલ ચાલુ છે. આ યોજના દ્વારા લાભાર્થીઓને ૫૦ ચોરસ મીટરનું સરસ મકાન આપવામાં આવે છે. આ એક એવું મકાન કે જેમાં પૂરતી વ્યવસ્થાઓ હોય છે જે મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ભૂકંપપ્રૂફ એલીવેશન પણ ખૂબ સારું અને જે બીજા જનરલ સારા કે જે અમદાવાદ શહેરમાં ૫૦ થી ૮૦ લાખ સુધીના જે મકાનો બની રહ્યા છે એ ટાઇપનું આ મકાન હોય છે અને આ મકાનમાં ખૂબ સારી સગવડો હોય છે, એટલે મધ્યમવર્ગના લોકોને આ મકાનમાં એને રહેવા માટે જોઇતી પૂરતી

સુવિધાઓ જોવા મળે છે. આગામી વર્ષમાં ૨૫૦૦ જેટલા એલ.આઇ.જી. આવાસોની કામગીરી હાથ ધરવામાં આવેલી છે. હું બીજી એક સરસ વાત કહીશ કે અમદાવાદના પોશ વિસ્તાર એવા થલતેજ અને બોડકદેવમાં એવી સ્કીમ છે, અમદાવાદ શહેર એવું શહેર છે કે બહારથી ત્યાં લોકો નોકરી ધંધા માટે આવે છે. નાના લોકો એવા છે કે જેમને પોતાનું ઘર નથી એ લોકોને ભાડેથી આપણે ઘર સરકારી મકાન બનાવી અને ઓછા ભાડે એ લોકોને માત્રને માત્ર રૂ.પાંચ હજારના ભાડા ઉપર આ મકાન આપવામાં આવે છે. આ મકાનો જે બહારથી અહીંયા આવીને જોબ કરી રહ્યા છે એમના માટે ખૂબ ઉપયોગી બને છે. એ મકાનો દ્વારા એ પોતાની સુખસુવિધા સાથે ત્યાં રહે છે અને પોતાનું જીવન નિર્વાહ કરે છે. હું આ તબક્કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા(માંગરોળ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ નર્મદા વિભાગ માટે રૂ.૩,૪૩૪ કરોડની સૂચિત બજેટમાં જોગવાઇ કરી છે એ બદલ હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ જોગવાઇને હું અનુમોદન આપું છું, સાથે સાથે હું મારા વિચારો પણ વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર યોજના એ બહુહેતુક યોજના છે. ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની આ આંતરરાજય યોજના છે. ૧૭ જિલ્લા અને ૭૭ તાલુકા, ૩,૧૭૭ ગામોમાં ૧૭.૯૨ લાખ હેક્ટર વિસ્તારમાં નર્મદાના પાણીથી સિંચાઇ પૂરી પાડવામાં આવે છે. ચાલુ વર્ષે નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં ખરીફ અને રવી સિઝનમાં કુલ ૯.૪૪ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ થયેલ છે. જાન્યુઆરી અંતિત તે પૈકી સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખરીફ અને રવી સિઝન દરમિયાન ૩.૬૬ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ થયેલ છે. જયારે નર્મદા યોજનાનું આપણે નામ લઇએ તો જે તે વખતના મુખ્યમંત્રી અને હાલના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી આપણને યાદ આવે છે. કારણ કે જયારે હું સને ૨૦૦૭માં ધારાસભ્ય હતો ત્યારે માનનીય નરેન્દ્રભાઇએ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના બધા ધારાસભ્યોની એક મિટિંગ રાજકોટ મુકામે રાખેલી ત્યારે સૌની યોજનાનું ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવેલું ત્યારે અમને પણ એમ થતું હતું કે આ યોજનાનો અમલ કેવી રીતે થાય? નર્મદાનું પાણી આખા ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં કેવી રીતે પહોંચશે એનો વિચાર આવતો હતો અને કોંગ્રેસના લોકો એવું કહેતા કે આ પાઇપલાઇનમાં પાણી નહીં આવે પરંતુ હવા આવશે. પરંતુ શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદષ્ટિને હિસાબે અત્યારે નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર અને કચ્છમાં પહોંચ્યું છે. મારો વિસ્તાર એવો વિસ્તાર છે કે લગભગ સો ગામડાં છે. જયારે ચોમાસાની સિઝનમાં ચાર-પાંચ ફૂટ ઉપરવાસમાં પાણી ભરાઇ જાય છે અને ચોમાસા પછી ત્યાં પીવાનું પાણી પણ ન મળતું, પરંતુ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કોસ્ટલ કેનાલ બનાવી દરિયાના ખારા પાણીને અંદર આવતું અટકાવ્યું અને કેનાલના હિસાબે મીઠા પાણીનો સંગ્રહ થયો. આ ખારું પાણી આવતું બંધ થયું એટલે જમીન ખૂબ જ ફળદ્રુપ બની અને ખેડૂતો બે-ત્રણ સિઝન લે એટલે ખેડૂતો આર્થિક રીતે સદ્ધર થયા છે. અમારા છેવાડાના દરિયા કિનારાના વિસ્તારના દરેક ગામમાં નર્મદાનું પીવાનું પાણી મળે છે. મારા વિસ્તારમાં નાની સિંચાઇ યોજનાના ૫ ડેમો આવેલા છે. એ ડેમો છેલ્લા ૪૦-૫૦ વર્ષ જૂના હોઇ, કાંપ ભરાઇ ગયો છે. એને ઊંડા કરવાની ખાસ જરૂર છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ ૫ ડેમો ઊંડા કરવામાં આવે તો પાણીની સંગ્રહશક્તિ વધશે અને ખેડૂતોને સિંચાઇનું અને લોકોને પીવાનું પાણી મળી રહે અને લોકોને લાભ થાય એમ છે. આ નર્મદા યોજના થકી સૌરાષ્ટ્રમાં પાણીની તકલીફવાળા અને અછતવાળા વિસ્તારમાં પાણી પહોંચાડી સિંચાઇ અને પીવાનું પાણી આપવામાં આવે છે. જેના થકી મબલખ પાકનું ઉત્પાદન થાય છે અને લોકોના જીવન-ધોરણમાં આમૂલ પરિવર્તન થયેલ છે. પીવાના પાણી માટે દૂર દૂર સુધી ચાલીને પાણી લાવવું પડતું હતું. અછતના સમયમાં પણ પીવાના પાણી માટે ટેન્કરો દ્વારા અમારા વિસ્તારમાં પાણી પૂરું પાડવામાં આવતું હતું. નર્મદા થકી સૌરાષ્ટ્રના તમામ શહેરો અને ગામડામાં પીવાનું પાણી પહોંચાડવાની આ યોજનાનું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા અમલીકરણ થાય છે. જેથી નર્મદા યોજના સૌરાષ્ટ્રના લોકો માટે ખૂબ જ વરદાનરૂપ છે. અમારો વિસ્તાર છે એને સરકારે બક્ષીપંચ પછાત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે અને અમારો વિસ્તાર ખૂબ જ આર્થિક અને સામાજિક રીતે પછાત છે. સરકાર દ્વારા ઘેડ વિકાસ માટે અલગથી ગ્રાન્ટ પણ ફાળવી છે. આ ગ્રાન્ટની રકમમાં વધારો કરવામાં આવે તો આ વિસ્તારનો ખૂબ જ વિકાસ થઇ શકે તેમ છે. સિંચાઇના પાણી સૌની યોજના હેઠળ મારા વિસ્તારમાં ભાખરવડી ડેમ અને વ્રજમી ડેમમાં નાખવામાં આવે છે. એની બાજુમાં એક કિલોમિટર નજીક બીજા ૩ ડેમો આવેલા છે એમાં પણ પાણી નાખવામાં આવે તો મારા વિસ્તારના ખેડૂતો ખૂબ જ આર્થિક રીતે સદ્ધર થાય તેમ છે. મારી વિનંતી છે કે આ ૩ ડેમોમાં નર્મદાનું પાણી નાખવામાં આવે. એક કિલોમિટરનું અંતર છે. અત્યારથી આયોજન થાય તો અમારા વિસ્તારના ખેડૂતો અને લોકોને પીવાનું અને સિંચાઇનું પાણી મળી રહે. આ યોજના માટે સરકારે જે ગ્રાન્ટ ફાળવી છે એના માટે અને માનનીય નાણામંત્રીશ્રીએ વધુમાં વધુ ગ્રાન્ટ સૌરાષ્ટ્રને આપી છે એના માટે એમનો આભાર માનું છું અને અનુમોદન આપું છું.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ(નારણપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ ઉપર ચર્ચામાં ભાગ લેતા મને ખૂબ આનંદ થાય છે. શહેરી વિકાસ એ ખૂબ વિશાળ વિષય છે અને આ વિષયમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે વિકાસની જે હરણફાળ ભરી હતી એના હિસાબે આજની આ ગુજરાતની પ્રજાએ ૧૫૬ સીટ આપી અને જે વિશ્વાસ સંપાદન કર્યો છે એના વતી સાડા છ કરોડની જનતાનો પણ હું આભાર માનું છું.

## ફાલ્ગુન ૨૨, ૧૯૪૪ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર જૂન ૨૦૧૫માં અમૃત યોજના લાવેલી અને એમાં રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ, ૨૩ નગરપાલિકાઓ મળી કુલ ૩૧ શહેરોનો સમાવેશ કરવામાં આવેલ. અમૃત-૨ મિશન ઓકટોબર-૨૦૨૧માં લોન્ચ કરવામાં આવેલ. જેમાં રાજ્યનાં તમામ શહેરો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવેલ. શહેરી જીવનની ગુણવત્તા સુધારવા અમૃત-૨ મિશન થકી માળખાકીય સુવિધાનાં વિવિધ કામો જેવાં કે પાણી પુરવઠો, ભૂગર્ભ જળ યોજના, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વરસાદી પાણીના નિકાલ માટે શહેરોમાં વોટર ડ્રેનેજ, શહેરી વિકાસ માટે શહેરી પરિવહનના કામો, તળાવોનું નવીનીકરણ, ગાર્ડનના નિર્માણ વગેરેની કામગીરી આ હેઠળ કરવામાં આવેલ. અમૃત મિશન-૨ માટે આંતર માળખાકીય ડેવલપમેન્ટ માટે રૂપિયા ૫,૩૬૭ કરોડના ૪૬૭ કામો મંજૂર કરવામાં આવેલાં, જેમાં રૂપિયા ૪,૩૭૩ કરોડના ૩૯૩ કામો પૂર્ણ થયેલ છે અને બાકીનાં કામો સત્વરે પૂર્ણ થશે. અમૃત મિશન-૨ અંતર્ગત રૂપિયા ૧૭ હજાર કરોડના કામો ત્રણ હપતામાં મંજૂર કરવામાં આવેલાં. આ કામો થકી રાજ્યના શહેરી ઘરોને ૧૦૦ ટકા નળનું જોડાણ આપવામાં આવેલ. આ ઉપરાંત રાજ્યના ૩૧ નાનાં-મોટાં શહેરોમાં ૧૦૦ ટકા ગટર લાઇનનું કનેકશન પણ જોડવામાં આવશે. વધુમાં અમૃત સરોવર થકી વરસાદી પાણીના સંગ્રહ હેતુસર રાજ્યના ૫૫ તળાવોનું સુદઢીકરણ કરવામાં આવ્યું છે. આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૭માં જ્યારે ગિફ્ટ સિટી પ્રોગ્રામ ગુજરાતમાં મૂકેલો ત્યારે અમુક લોકો એવું કહેતા હતાં કે કેટલા વર્ષે થશે? અહીંયા બેઠલાંમાંથી ઘણાંએ એવું કીધું કે નર્મદામાં આવું થયું પણ આ વડાપ્રધાન કે જેમણે પોતાનું સપનું કંડારેલું છે એ સપનું સાકાર કરવામાં માને છે અને એના માટે ૨૦૦૭નું ગિફ્ટ સિટીના સપનાની અત્યારે કામગીરી ચાલુ થઇ ગઇ છે અને ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ એક માત્ર આંતરરાષ્ટ્રીય સેવાનું કેન્દ્ર છે, જેમાં ભારતની અને વિદેશની નામાંકિત બેંકો, ઇન્સ્યુરન્સ કંપનીઓ, બે આંતરરાષ્ટ્રીય એક્ષચેન્જો, મૂડી બજાર સાથે જોડાયેલા ઇન્ટરમિડિયેટ ગિફ્ટ સિટી ખાતે કાર્યરત છે. ગિફ્ટ સિટી ખાતે કાર્યરત વિવિધ કંપનીઓ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન નવેમ્બર-૨૦૨૨ સુધીમાં રૂપિયા ૫,૯૫૭.૯૭ કરોડના નાણાકીય વ્યવહારો થયેલાં છે, જે અગાઉના વર્ષોમાં રૂપિયા ૩,૪૦૨ કરોડ હતાં. તાજેતરમાં ગિફ્ટ સિટી ખાતે નવી બિઝનેસ ગતિ-વિધિઓ જેવી કે, એરક્રાફ્ટ લિઝિંગ, ફાઇનાન્સિંગ ગ્લોબલ ઇન હાઉસ સેન્ટર, શિપ લિઝિંગ, ફાનાન્સિગ ગ્લોબલ એજ એ વેધર રિગાર્ડિંગ મંજૂરી આપવામાં આવેલી છે. ગિફ્ટ સિટી આઇ.એસ.એફ.સી. એક્ષચેંજો ખાતે યુ.એસ.બી.૫૦ બિલિયનથી પણ વધારે બોન્ડનું લિસ્ટિંગ થયેલું છે. ગિફ્ટ સિટી ખાતે ભારતીય કોર્પોરેટને વિદેશી મૂડી બજારમાં મૂડી અને ઋણ મેળવવા માટેની મોટી તક પૂરી પાડે છે. ગુજરાત રાજ્યમાં વધતા શહેરીકરણ અને વસ્તીની ગીચતાને કારણે ઘટતી જુદી જુદી ઘટનાઓને ધ્યાનમાં લઇ તેમજ આગ લાગવાના બનાવ સમયે અસરકારક રીતે પગલા લેવા અને જાન-માલના રક્ષણ માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ફાયર પ્રિવેન્ટ એન્ડ લાઇફ સેફ્ટિ એક્ટ-૨૦૧૩, ગુજરાત ફાયર પ્રિવેન્ટિગ એન્ડ લાઇફ સેફ્ટિ બેઝ રૂલ્સ-૨૦૧૪ અને ગુજરાત ફાયર પ્રિવેન્ટિગ એન્ડ લાઇફ સેફ્ટિ રેગ્યુલેશન-૨૦૧૬ને અમલીકૃત કરીને રાજ્યમાં અગ્નિ નિવારણ સેવાના અસરકારક અમલીકરણ માટે સદર એક્ટ રૂલ્સમાં સને ૨૦૨૧માં સુધારો કરેલો અને એમાં રાજ્ય અગ્નિ નિવારણ સેવાના તાબા હેઠળ ૩૨ વિભાગીય કચેરીના વડામથક ખાતે મહાનગરપાલિકા અને તે સિવાયની નગરપાલિકાઓમાં અગ્નિ સમન સેવાઓને સૃદઢ કરવા માટે સાધનો અને વાહનોની ખરીદી કરીને મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને પૂરા પાડવામાં આવેલ, જેમાં હાલ ૨૪ નંગ અલ્ટ્રા હાઇપ્રેશર મીની ફાયર ટેન્કર, ૩૨ ઇમરજન્સી બેક ટુ વ્હીકલ, ૪૫ નંગ વોટર બ્રાઉઝરની ખરીદી કરી જેમાંથી સને ૨૦૨૨-૨૩માં ૨૪ નંગ હાઇ પ્રેશર મીની ફાયર ટેન્કર અને ૪૫ નંગ વોટર બ્રાઉઝર નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને આપવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા વિભાગની જે માગણી નં. ૬૫ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ નર્મદા યોજનાના વિકાસની ઘણી વાતો કરી છે જેમાં હું મારા મત વિસ્તારની વાત કરું તો બોટાદ જિલ્લામાં નર્મદા કેનાલનું પ્રમાણ ખૂબ ઓછું છે ખાસ કરીને મધ્ય કેનાલનું. સાથોસાથ આ જે કેનાલો છે એમાં કોઇપણ પ્રકારની સેફ્ટી કે તાર ફેન્સિંગ કરવામાં નથી આવ્યું. જેના કારણે અમારે ત્યાં કષ્ટભંજન દેવનું સાળંગપુર ગામ આવ્યું છે ત્યાં બોટાદથી સાળંગપુર મંદિરે હજારો લોકો ચાલીને જતા હોય છે. તાજેતરમાં જ હમણાં ધુળેટી ઉપર ચાર વિદ્યાર્થીઓ અકસ્માતે કેનાલમાં મોઢું ધોવાના કારણે પાણીમાં પડી ગયા અને મૃત્યુ પામ્યા. એના ઘરે હું ગયો તો કોઇ બાળક ૧૪ વર્ષનું હતું, કોઇ બાળક ૧૫ અને કોઇ બાળક ૧૭ વર્ષનું હતું. ત્રણ બાળક એવાં હતાં કે એ એનાં માતાપિતાના એકના એક બાળક હતાં. એની માતાનું રૂદન જોઇને મારું હૃદય પણ કાંપી ઉઠયું. આ કેનાલમાં આવી ઘટના ત્રીજીવાર બની. અગાઉ પણ આવી ઘટના બની ગઇ છે તો તાજેતરમાં આ ન્યૂઝમાં મેં સાંભળ્યું કે સુરેન્દ્રનગરમાં પણ કેનાલમાંથી ત્રણ અજાણ્યા વ્યક્તિઓની એક મહિલાની અને બીજા બે અન્યની લાશ જોવા મળી તો આવા અનેક કિસ્સાઓ આપણા ગુજરાતમાં બનતા આવ્યા છે તો જયારે આપણે નર્મદા કેનાલની વાત કરી કે ખૂબ સારો વિકાસ થઇ રહ્યો છે પણ સાથોસાથ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ પણ કહેવા માગું છું કે આવી ઘટનાઓને રોકવી હોય તો આના વિશે કંઇક આપણે વિચારી લેવું જોઇએ અને સાથોસાથ મંત્રીશ્રીને આપના માધ્યમથી કહેવા માગું છું કે જો આપણી આ કેનાલોનું નેટવર્ક ગુજરાતમાં ખૂબ મોટું છે તો એની ઉપર જો સોલાર પેનલ બિછાવવામાં આવે અને સોલાર પેનલ બિછાવીને જો પ્રોજેકટ કરવામાં આવે તો આપણે ગ્રીન

ઊર્જાનું ઉત્પાદન કરી શકીએ તેમ છીએ. આપણે જે વીજળી ખૂબ મોંઘી અદાણી પાસેથી વેચાતી લાવીએ છીએ, એમાં પણ થોડીક રાહત મળે અને આપણા ગુજરાતના લોકોને આપણે વીજળી સસ્તા દરે આપી શકીએ અને સાથોસાથ આવી જે ઘટના બની રહી છે કે કેનાલમાં અકસ્માતે લોકો પડી જાય છે, સાથોસાથ જંગલી પ્રાણીઓ, નીલગાયો પણ આમાં અકસ્માતે પડે છે એને પણ આપણે બચાવી શકીએ. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે કેનાલ ઉપર સોલાર પેનલ બિછાવીને જો આપણે ગ્રીન વીજળીનું ઉત્પાદન કરીએ તો સાથોસાથ આ ઘટના પણ અટકી જાય અને ગ્રીન ઊર્જાને કારણે આપણે ગુજરાતની જનતાને ઓછા દરે વીજળી પણ આપી શકીએ. સાથોસાથ નર્મદાની કેનાલોમાં કેમિકલ માફિયાઓ રાત્રે મોટાં જે શહેરો હોય છે ત્યાં કેમિકલ છોડી દે છે અને એના કારણે કેનાલનું પાણી ખૂબ દૂષિત થઇ જાય છે. આવા અનેક કિસ્સાઓ છે. જરૂર પડશે તો હું માનનીય મંત્રીશ્રીને પુરાવા પણ આપીશ કે રાત્રે કેનાલોમાં કેમિકલ માફીયાઓ એનું કેમિકલ છોડતા જાય છે તો એના માટે પણ માનનીય મંત્રીશ્રી યોગ્ય તાત્કાલિક પગલાં લે એવી મારી માગણી છે. કેનાલના પાણીમાં કેમિકલ અંદર ભળે છે અને આ કેનાલના પાણીનો પીવા માટે પણ આપણે ઉપયોગ કરીએ છીએ તેથી એ આપણા શરીરને નુકસાન કરે છે તો આના માટે મંત્રીશ્રી થોડું વિચારી લે અને સાથોસાથ કેનાલ બનાવતી વખતે જે થોડું ગુણવત્તાવિહીન કામ થાય તેથી પાણી છોડવામાં આવે છે ત્યારે કેનાલ તૂટી જાય છે તો આપના મારફતે થોડું એ પણ કહેવા માગું છું.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કહે છે કે નર્મદા કેનાલની અંદર કેમિકલવાળું પાણી છોડવામાં આવે છે. માનનીય સભ્યશ્રી પાસે કંઇ ઓથેન્ટીક માહિતી હોય તો કહે. નર્મદા કેનાલ આખા ગુજરાતની જીવાદોરી છે એટલે ખોટી માહિતી ગૃહના રેકર્ડ ઉપર ન જાય એટલે આ શબ્દો દૂર કરવા જોઇએ અધરવાઇઝ માનનીય સભ્યશ્રી એના પુરાવા આપે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એવી કોઇ માહિતી હોય તો માનનીય મંત્રીશ્રીને આપજો. સ્પેસિફિક માહિતી હોય તો આપવી જોઇએ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને ચોક્કસ આપીશ. મારી પાસે જે કંઇક ડેટા આવ્યા છે. તેને તમે ચેક કરી લેજો.

અધ્યક્ષશ્રી : આપણે ચકાસવું પણ જોઇએ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : તમે ચેક કરી લેજો. માનનીય મંત્રીશ્રીને કહીશ કે આવા જે કેમિકલ માફિયાઓ છે અને કેનાલોમાં પાણી છોડી રહ્યા છે તેની ઉપર તાત્કાલિક પગલાં લે.

અધ્યક્ષશ્રી : હવે આપનો સમય પૂરો થઇ ગયો છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય મંત્રીશ્રીએ મારો એક મિનિટનો સમય લીધો છે તો મને એક મિનિટ વધુ આપવા વિનંતી.

અધ્યક્ષશ્રી : કંઇ વાંધો નહીં અડધી મિનિટ બોલો. એમણે તો ખાલી તમારી સેકન્ડો જ લીધી છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, બીજું કંઇ કહેવું નથી પણ માનનીય મંત્રીશ્રી આ જે કેનાલો છે તેના ઉપર સોલાર પેનલ લગાવવામાં આવે તો સારું કામ થઇ શકે તેમ છે. સાથોસાથ કેમિકલ માફીયાઓ તેમનું કેમિકલ નિકાલ કરવાનું સાધન આવી કેનાલોને બનાવે છે તે અટકાવવામાં આવે તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને ખબર હશે કે માનનીય મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ જે વાત ઉપાડી છે. તેનો વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે કોઇપણ વાત કરીએ તો તે પુરાવા સાથે જ કરી શકાય. ખાલી અખબારના કટિંગ અથવા તો બહાર ચાલતી ચર્ચાઓ મુજબ આ વિધાનસભા ગૃહની અંદર આપણે ચર્ચા કરી શકતા નથી. આપની પાસે જે માહિતી હોય તે માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે તો તેમને તાત્કાલિક પહોંચતી કરજો.

શ્રી જયંતિભાઇ સો. પટેલ(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિકાસ માટે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ માગણી ક્રમાંક-૬૫ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે તેને હું મારું સમર્થન આપું છું. નમામિ દેવી નર્મદે. ગુજરાતની સૌથી વિપુલ પાણીનો જથ્થો ધરાવતી સમૃદ્ધ બારમાસી નદી નર્મદા પર બનાવેલ સરદાર સરોવર યોજના રાજ્યના માનવ, પશુધન અને દ્વારકાધીશની ભૂમિ ગુજરાતની તરસ છિપાવતી અતિ મહત્ત્વની વિકાસલક્ષી, આંતરરાજ્ય બહુહેતુક યોજના છે. આઝાદી પહેલાં રાષ્ટ્રના લોખંડી પુરુષ માનનીય સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબે નર્મદા યોજનાની રૂપરેખાનો વિચાર સને ૧૯૪૬માં રજૂ કર્યો હતો. તારીખ ૫ એપ્રિલ ૧૯૬૧ના રોજ આ યોજનાનું ખાતમુહૂર્ત થયું હતું. એ બાબત સ્વીકૃત બની રહી છે કે, સરદાર સાહેબના દીર્ઘદષ્ટિ ધરાવતા વિચારોનો અમલ નહીં થવાના કારણે આજે રાષ્ટ્ર અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તે આપણી કમનસિબી છે. રાષ્ટ્ર સામેની આવી વિકટ સમસ્યાઓ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આદરણીય ગૃહમંત્રી માનનીય શ્રી અમિતભાઇ શાહ સાહેબ ઉકેલી રહ્યા છે તે પ્રશંસનીય છે. ગુજરાતની તમામ જનતા બંને મહાનુભાવો માટે ગૌરવ અનુભવે છે. આ બંને બાહોશ નેતૃત્વને કારણે આજે આ ગૃહમાં ૧૫૬ ધારાસભ્યો મોજૂદ છે. આ ગૃહના તમામ સભ્યો એ બાબતનો અસ્વીકાર નહીં કરી શકે કે, આઝાદી પછી કેંદ્રીય વહીવટ કરતી નેતાગીરીની ગુજરાતના વિકાસ પ્રત્યેની સૂગના કારણે સરદાર સરોવર નર્મદા યોજનાના અમલીકરણમાં અનેક દશકાઓથી વધારે સમય વ્યતિત થયો છે. ચાર રાજ્યો વચ્ચે પાણીની વહેંચણી અને નર્મદા બંધની ઊંચાઇ નક્કી કરવા માટે રચાયેલા

નર્મદા જળ વિવાદ પંચે માનનીય વડાપ્રધાન સ્વ.મોરારજીભાઇ દેસાઇની સરકારમાં સને ૧૯૭૯માં ચુકાદો આપતાં નર્મદા યોજનાનું કામ શરૂ થઇ શક્યું હતું. ત્યારબાદ પણ ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા નર્મદા વિરોધીઓના કારણે બંધની ઊંચાઇ વધારવાની મંજૂરીઓ ટુકડે ટુકડે મળતી ગઇ અને તેમાં પણ વર્ષો વીતી ગયાં. અમને ખબર છે કે, ત્યાં દરબારમાં જતા હતા અને સમય પણ આપતા ન હતા તેવા દિવસો હતા. રાષ્ટ્રના ઇતિહાસની એ અભૂતપૂર્વ ઘટના છે કે, રાજ્યની પ્રજાની જીવાદોરી સમાન બહુહેતુક સરદાર સરોવર યોજનાના અમલીકરણ અને મંજૂરીઓ માટે વર્ષ ૨૦૦૬માં તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતની પ્રજા માટે કેન્દ્ર સરકાર સામે ઉપવાસ કરવા પડ્યા હતા અને તેના કારણે કેન્દ્ર સરકારે બંધની ઊંચાઇ વધારવાની મંજૂરી આપવી પડી હતી અને ગુજરાતની પ્રજાની લાગણીનો વિજય થયો હતો. નર્મદા બંધની ઊંચાઇનું કામ ૧૨૧.૯૦ મિટર પૂર્ણ થયેલું હતું અને સને ૨૦૧૪ માં દઢ રાજકીય ઇચ્છાશક્તિ અને નિર્ણયશક્તિ તથા અસાધારણ કુનેહ અને દીર્ઘદ્રષ્ટિ ધરાવતા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દિલ્હીની ગાદી ઉપર બિરાજતાંની સાથે જ ફક્ત ૧૭ દિવસમાં જ ૧૨ જૂન ૨૦૧૪ ના રોજ બંધની ઊંચાઇ વધારીને ૧૩૮.૬૮ મિટર સુધી લઇ જવા મંજૂરી આપી હતી. આ કામગીરી ગુજરાત સરકારે ૯ માસ પહેલાં પૂર્ણ કરી હતી. ત્યાર બાદ નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી દ્વારા નર્મદા ડેમના દરવાજા માટેની મંજૂરી આપતા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આમ, બંધમાં પાણીની સંગ્રહ ક્ષમતા ૪.૭૪ મિલિયન એકર ફૂટ થઇ છે એટલે જળ સંગ્રહ ક્ષમતામાં ૩.૭૫ ગણો વધારો થયો છે. જ્યારથી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારથી મા જગદમ્બાની અસીમ કૃપાથી મેઘરાજાની પણ રાજ્ય ઉપર કૃપા બની રહી છે, કોંગ્રેસના શાસનમાં છાશવારે દુષ્કાળ પડતો હતો તે હવે ભૂતકાળ બની ગયો છે. સમગ્ર રાષ્ટ્રની પાણીની સમસ્યાના સમાધાન માટે તત્કાલીન વડાપ્રધાન આદરણીય સ્વર્ગસ્થ અટલબિહારી વાજપેયજીએ રાષ્ટ્રની નદીઓને જોડી સમુદ્રમાં વહી જતા પાણીને ઉપયોગમાં લઇ રાષ્ટ્રમાં હરિયાળી ક્રાન્તિ લાવવા માટે રૂપિયા ૫૫ હજાર કરોડની નદીઓને લિંક કરવાની યોજના બનાવેલી હતી, પરંતુ કોંગ્રેસ સરકારે તેનો અમલ નહીં કરી રાષ્ટ્રની કુસેવા કરી છે તેમ કહેવું કંઇ ખોટું નથી. વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં નર્મદા યોજના માટે રૂ. ૫,૯૫૦ કરોડની જોગવાઇ કરી છે એ બદલ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દભાઇ પટેલને અભિનંદન પાઠવું છું. આ બહુહેતૂક યોજના પૂર્ણ થતાં રાજ્યના ૧૦ હજાર ગામો અને શહેરોને ઘર વપરાશ માટે પાણી પૂરું પાડવામાં આવે છે. નર્મદા યોજના અંતર્ગત રાજયમાં કેનાલનું મોટું નેટવર્ક પથરાયલ છે જેની કુલ લંબાઇ ૭૦ હજાર કિલોમીટર છે. નર્મદા યોજનાના કમાન્ડ હેઠળ અંદાજે કુલ ૧૮ લાખ હેક્ટર વિસ્તાર આવરી લેવાયેલ છે. સરદાર સરોવર ડેમ અને કેનાલ પર ૧,૪૫૦ મેગાવોટની કુલ સ્થાપિત ક્ષમતાવાળા ૨,૦૦૦ વિદ્યુત મથકો પણ કાર્યરત છે. આ યોજનાથી ૧૭ જિલ્લાના ૭૯ તાલુકાના ૩,૧૨૫ ગામોમાં ૧૭.૯૨ લાખ હેક્ટર જમીનમાં ખાતરીપૂર્વક સિંચાઇનું પાણી પૂરું પાડવામાં આવનાર છે જેનાથી ૧૦ લાખ ખેડૂતોને લાભ થશે. ચાલુ વર્ષે રીવરબેટ પાવર હાઉસ અને કેનાલબેટ પાવર હાઉસ થકી કુલ ૪૨૧ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયેલ છે કે જેની કિંમત અંદાજે ૧,૬૮૪ કરોડ થવા જાય છે જે નર્મદા યોજનાના ઇતિહાસમાં સૌથી વધારે વીજ ઉત્પાદન છે. ચાલુ વર્ષે નહેરો પરના નાના નાના જળ વિદ્યુત મથકો થકી ૪.૧૩ કરોડ યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે જેની કિંમત કુલ ૩૦.૮ કરોડ થવા જાય છે. ચાલુ વર્ષે નર્મદા યોજનાની નહેરોનું ૫૮૫ કિલોમીટર લંબાઇનું બાંધકામ પૂર્ણ થયેલ છે અને કુલ ૬૩,૫૩૯ કિલોમીટરની લંબાઇની નહેરોનું બાંધકામ પણ પૂર્ણ કરવામાં આવેલ છે. આપશ્રી અને આ ગૃહના સન્માનનીય સભ્યો એ વાતથી સુવિદિત છે કે, ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભ જળ દર વર્ષે ત્રણથી ચાર મીટર જેટલા નીચા જતા હતા. આ સ્થિતિ ચાલુ રહે તો ભવિષ્યમાં આ વિસ્તારની બે કરોડથી વધુ જનતાને પાણી વિના હિજરત કરવી પડશે તેવી આગોતરી દીર્ઘદ્રષ્ટિ ધરાવતા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભવિષ્યમાં ઊભી થનાર સમસ્યાના ઉકેલ માટે સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ યુદ્ધના ધોરણે અમલમાં મૂકી કામગીરી પૂર્ણ કરેલ છે. આથી જ રાષ્ટ્રની જનતા એવું માને છે કે, દેશના રાજકીય નેતાઓની વિચારવાની ક્ષમતા પૂર્ણ થાય છે ત્યાંથી આદરણીય નરેન્દ્રભાઇ મોદી વિચારવાનું શરુ કરે છે. આ યોજના અંતર્ગત નર્મદા મુખ્ય નહેર આધારિત કુલ ૧૨ ઉદવહન પાઇપ લાઇનો થકી કાર્યાન્વિત થવાથી જાન્યુઆરી ૨૦૨૩ સુધી કુલ ૪,૧૮,૪૦૦ મિલિયન ઘનફૂટ પાણીનો જથ્થો સિંચાઇ તથા પીવાના હેતુસર વિતરિત કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામ યોજના અંતર્ગત ૧૪ પાઇપ લાઇનો દ્વારા ચોમાસાના પુરનું વધારાનું વહી જતું પાણી ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે. ૮૮૪.૨ કિલોમીટર લંબાઇની ૧૨ પાઇપ લાઇનો તેમજ ૩૨ પમ્પિંગ સ્ટેશનોનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે જેના પરિણામે ઉત્તર ગુજરાતના ૪૪૦ ગામોના ૭૪૨ તળાવો થકી ૯૨,૨૦૦ હેક્ટર વિસ્તારને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સિંચાઇનો લાભ થયેલ છે. આમ નર્મદાનું જળ સુજલામ સુફલામ કેનાલમાં પહોંચાડીને જળ સ્તર જે નીચે જતા હતા તે અટકાવવાનું ભગીરથ કાર્ય આ સરકારે કર્યું છે તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ તમામ મંત્રીશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સરદાર સરોવર યોજનાની મુખ્ય નહેરથી પ્રશાખા નહેર સુધી આશરે ૫૩,૦૦૦ હેક્ટરથી વધુ ખાનગી જમીન સંપાદન કરવાનું થાય છે તે તબક્કાવાર સંપાદન કરવામાં આવેલ છે. સૂર્ય ઊર્જા અને કેનાલ ટોપ સોલાર પ્લાન્ટ દ્વારા વપરાશમાં લઇ શકાય તેવી ઊર્જામાં પરિવર્તિત કરવા વડોદરા શાખા નહેર ઉપર ૧૦ મેગાવોટનો કેનાલ ટોપ સોલાર બનાવી રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૦ અને ૫ મેગાવોટ ક્ષમતાના નહેરના બંને કાંઠે કેનાલ બેંક સોલાર પ્લાન્ટ બનાવી કુલ ૨૫ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ સ્થાપી કાર્યરત કરવામાં આવેલ છે. આમ કુલ મળીને ૨૫ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે. આ યોજના હેઠળ

સોલાર ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતા ૩૫ મેગાવોટ થયેલ છે અને આમ જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં એકંદરે કુલ ૩૧.૭૯ કરોડ યુનિટ વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે. કુદરતી ઊર્જા એટલે કે સૂર્ય ઊર્જા દ્વારા પ્રદૂષણ મુક્ત વીજળી પેદા કરી રાષ્ટ્રને સમૃદ્ધ કરવાની આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના અભિગમને સિદ્ધ કરવા ગુજરાત સરકાર જાગૃત્ત રહી કામગીરી કરે છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવું છું.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યોજનાઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિચાર સ્વચ્છ ભારત અભિયાન જે આપણું શહેરોમાં મિશન છે તેના ઉપર છે. સ્વચ્છ ભારત મિશન અભિયાન તત્કાલીન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતમાં મુખ્યમંત્રી બન્યા હતા ત્યારે તેઓએ સ્વચ્છ ભારત મિશન અભિયાન ગુજરાતમાં ચલાવ્યું હતું. તેના આધારે તેમણે ગુજરાતમાં તો કોંગ્રેસને સાફ કરી પણ ત્યાર બાદ સમગ્ર ભારત દેશમાં સ્વચ્છ ભારત અભિયાન ચલાવીને કોંગ્રેસને સાફ કરી અને ત્યાર બાદ તેઓએ સ્વચ્છ ભારત અભિયાનના હિસાબે મહિલાઓ, મારી બહેનો, મારી માતાઓ જે ખુલ્લામાં શૌચક્રિયા કરવા જતી હતી તેઓને ૫,૬૦,૦૪૬ વ્યકિતગત શૌચાલય બનાવીને તેઓને શરમથી દૂર કરી અને સાચા અર્થમાં તેમને યોગ્ય માર્ગદર્શન કર્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘન કચરા વ્યવસ્થાપન વિભાગની વાત કરું તો રાજયની ૧૬૫ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૧,૩૮૧ વોર્ડમાં ઘન કચરાનું ૧૦૦ ટકા ડોર ટુ ડોર કલેકશન થયુ છે. આ કામગીરી સતત જળવાય તે માટે મહાનગરપાલિકા/નગરપાલિકામાં સ્વચ્છ ભારત મિશન અર્બન દ્વારા સતત મોનિટરિંગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં એકત્ર થયેલા ૧૦,૦૬૯ મેટ્રિક ટન પ્રતિ દિવસ કચરામાંથી આશરે ૮૬ ટકા પ્રોસેસિંગ થાય છે. આ પ્રોસેસિંગ ૧૦૦ ટકા સુધી કરાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત વિવિધ પ્રકારની કામગીરી માટે તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના ડીઆરપી પ્રોજેકટ રિપોર્ટ મંજૂર કરવામાં આવેલ છે. નગરપાલિકાઓમાં ૪૧૦.૮૦ કરોડની ગ્રાન્ટ અને મહાનગરપાલિકાઓમાં કુલ ૫૯૭.૭૬ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. આમ, કુલ મળીને ૧૦૦૮.૫૬ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. તારીખ-૩૧મી જુલાઇ, ૨૦૧૮ના રોજ સેનિટેશન પોલિસી મુખ્ય ૧૦ લક્ષ્યાંક સાથે પબ્લિશ કરવામાં આવી છે. રાજયની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૫ નગરપાલિકાઓમાં પબ્લિક હેલ્થ બાયલોઝ પ્રસિદ્ધ કરી અને તેનો અમલ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ૮ મહનાગરપાલિકાઓ અને ૧૫૫ નગરપાલિકાઓમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ પ્રસિદ્ધ કરી તેનો અમલ કરવામાં આવેલ છે. કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલેશન વેસ્ટ એટલે કે શહેરી વિસ્તાર માટે જે કોન્ટ્રાકટરોનો જે કચરો હોય છે તેની પણ અલગ પ્રકારે કર્ણાવતી મહાનગરે તેની વ્યવસ્થા કરેલી છે તેના માટે હું અભિનંદન પાઠવું છું. સ્વચ્છ ભારત મિશન અર્બન-૨ હેઠળ સ્વચ્છ ભારત મિશનની કચેરી દ્વારા રાજયમાં શહેરી વિસ્તારોમાં ઘન કચરાના વ્યવસ્થાપન, સેનિટેશન, વ્યકિતગત શૌચાલય, જાહેર શૌચાલય માટેનું પંચવર્ષીય આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત, ઉકત કામગીરી લોકો સુધી પહોંચી શકે અને અસરકારક બની રહે તે માટે....

<u>અધ્યક્ષશ્રી :</u> માનનીય કૌશિકભાઇ, તમે આમ થોડા ફરી જાવ એટલે તમારા કેમેરાનું એંગલ સારું આવે. ભવિષ્યમાં વીડિયો આપવાનો વિચાર ચાલે છે તો તેમાં સારા વીડિયો આવે. આ તરફ જોઇને કરો, આ તરફ જોશો નહીં.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, અસરકારક બની રહે તે માટે આઇઇસી મારફતે પ્રચાર પ્રસારનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ મહાનગરપાલિકા અને નગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓ તથા ચૂંટાયેલા સભ્યો સ્વચ્છ ભારત મિશન અર્બન અંતર્ગત ચાલી રહેલ કામગીરીની માહિતી મળી રહે તે માટે આપવાની થતી તાલીમ માટે પંચવર્ષીય આયોજન કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ હિસાબે આપણાં શહેરી વિસ્તારને અનેક એવોર્ડો મળેલાં છે અને અનેક એવોર્ડો જીતેલાં છે. હું ખાસ કહું છું કે આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ દેશ આઝાદ થયો ત્યારે બે વાત કરી હતી કે ''દેશને આઝાદ કરવા માટે જે કૉંગ્રેસની પાર્ટી બની છે એને વિખેરી નાંખો.'' અને બીજી વાત એ કરી હતી કે, ''સ્વચ્છ ભારત અભિયાન ચલાવો.'' પણ આ બંનેમાંથી એક પણ કામ આ કૉંગ્રેસ પાર્ટીએ નથી કર્યું. આપણા વડાપ્રધાને વર્ષ ૨૦૧૪માં સ્વચ્છ ભારતનું અભિયાન ચલાવ્યું અને કૉંગ્રેસને વેરવિખેર કરી નાંખી એના માટે અભિનંદન પાઠવું છું. ભારત માતા કી જય.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિશે હું મારા વિચારો વ્યક્ત કરું છું. હું આણંદ જિલ્લાના ખંભાત વિધાનસભામાંથી નેતૃત્ત કરું છું. આણંદ જિલ્લો વર્ષોથી ભારતીય જનતા પાર્ટીનો ગઢ રહ્યો છે. એમાં મારા ખંભાતમાં ૩૫ વર્ષથી વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ભારતીય જનતા પાર્ટીના સભ્ય ચૂંટાઇને આવે છે. ૨૫ વર્ષથી નગરપાલિકામાં પણ ભારતીય જનતા પાર્ટી છે. તાલુકા પંચાયતમાં પણ છેલ્લાં ૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટી છે અને આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે સંઘના પ્રચારક હતા ત્યારે તેમણે ઘણી વખત ખંભાતની મુલાકાત લીધી છે. (આ તબક્કે ભાજપના સભ્યશ્રી બેઠાં-બેઠાં કૉમેન્ટ કરતાં)

અધ્યક્ષશ્રી : વડાપ્રધાન બધાના હોય. અમારા કે તમારા ન હોય. આવી કૉમેન્ટ નહિ કરવાની. સભ્યશ્રી બરાબર બોલ્યા છે.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : અમારું ખંભાત દરિયા કિનારે વસેલું એક નગર છે. ખંભાતમાં જે ભૂગર્ભ જળ છે એ ૨૫૦૦ થી ૨૭૦૦ ટી.ડી.એસ.વાળું છે. આજે મારા ખંભાતની જનતા એ પાણી પી રહી છે. એના કારણે એ પ્રજાએ ઘણા પ્રકારના ગંભીર રોગોનો સામનો કરવો પડે છે. એવી જ રીતે જો આ ભૂગર્ભ જળની જગ્યાએ કનેવાલ આધારિત યોજનામાંથી પાણી આપવામાં આવે તો ખંભાતને આજીવન શાંતિ થઇ જાય. અમારા સોજિત્રાના ધારાસભ્યશ્રી છે. એવી જ રીતે બોરસદના રમણભાઇ સાહેબ છે. આ વિસ્તારમાં પણ ભૂગર્ભ જળ ખરાબ થઇ ગયું છે એટલે જો માનનીય મંત્રીશ્રી આ બાબતે વિશેષ ધ્યાન આપે અને આ વિસ્તારને સરફેસ વૉટરથી આવરી લેવામાં આવે તો આ વિસ્તારની પીવાના પાણીની મુશ્કેલી દૂર થઇ જાય. વર્ષો પહેલાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીની અછત હતી ત્યારે અમારા વિસ્તારમાં આવેલ પરિએજ અને કનેવાલ તળાવ મારફત મહી અને નર્મદા નહેરનું રોજનું અંદાજે ૨૬૦ એમ.એલ.ડી. પાણી પમ્પિંગ કરીને કનેવાલથી લગભગ ૯૦ કિ.મી. દૂર બોટાદ જિલ્લાના બરવાળા પાસે આવેલ નાવડા હેડવર્કસ ખાતે લઇ જઇ ત્યાંથી સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં આપવામાં આવતું હતું. આ વ્યવસ્થા આજે પણ ચાલુ છે. આ પમ્પિંગનો માસિક વીજ વપરાશનો ખર્ચ અંદાજે ૨.૫થી ૩ કરોડ રૂપિયા આવે છે. આ વ્યવસ્થા જ્યારે સૌરાષ્ટ્ર વિસ્તારમાં નર્મદા નહેર મારફતે પહોંચી ન હતી એ વખતે આ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. હવે આજના તબક્કે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે અને જો સૌરાષ્ટ્ર વિસ્તારમાં નર્મદાની નહેરોના કામ થવાથી નાવડા હેડવર્કસ ખાતે નર્મદાની નહેરનું પાણી કોઇપણ પ્રકારના પમ્પિંગ વગર ગ્રેવિટી ફ્લૉથી પહોંચાડી શકાય એવી પરિસ્થિતિ ઉદભવી છે. તેથી પરિએજ અને કનેવાલ તળાવમાંથી પમ્પિંગ કરીને પાણી લઇ જવાની જરૂર રહેતી નથી. નાવડા હેડવર્કસ ખાતે આવતી કેનાલની ક્ષમતા જરૂરિયાત કરતાં ઓછી હોય તો પણ નાવડાથી ઉપરવાસમાં પસાર થતી નર્મદા યોજનાની વલ્લભીપુર અને બોટાદ બ્રાન્ચમાંથી જરૂરિયાત મુજબનું વધારાનું પાણી નાવડા ગ્રેવિટીથી લાવી શકાય તેમ છે. એના માટે ભૌગોલિક અનુકૂળતા છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર વિસ્તારના મોટા ભાગના ડૅમો સૌની યોજનાથી જોડવામાં આવેલા છે અને એના મારફતે પણ પીવાનું પાણી આપવામાં આવે છે. આમ, હવે આ તબક્કે પરિએજ અને કનેવાલ પૈકી ખંભાત તાલુકામાં કનેવાલ તળાવમાંથી ઉપાડવામાં આવતું ૮૦ એમ.એલ.ડી. પાણી જરૂરિયાત મુજબ અમારા વિસ્તારને ફાળવવામાં આવે તેવી અમારી લાગણી અને માગણી છે. આ વિસ્તાર માટે જેટલો પાણીનો ઉપાડ કરવામાં આવે તેટલું પાણી નાવડા નહેર ખાતે નર્મદાની નહેરમાંથી આપી શકાય તેમ છે. આમ કરવાથી કનેવાલ તળાવમાંથી નાવડા ખાતે પમ્પિંગથી પાણી લઈ જવાનો ખર્ચ બચાવી શકાશે અને અમારા વિસ્તારની પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. મારા વિસ્તાર-૧૦૮ ખંભાતમાં સમાવિષ્ટ ગામો અને ખંભાત શહેરની પાણીની હાલની દૈનિક જરૂરિયાત ૪૩ એમ.એલ.ડી. છે. કનેવાલ તળાવના હયાત પમ્પિંગ સ્ટેશનને મેઇન પાઇપલાઈન સાથે જોડાણ આપી આ વિસ્તારને સહેલાઇથી પાણી આપી શકાય તેમ છે. હું માનું છું કે, આ યોજના થઈ જશે તો ભગવાનના અને મારા વિસ્તારના લોકોના એટલા બધા આશીર્વાદ મળશે કે જેની તમને કલ્પના પણ નહિ હોય. અમારા ખંભાતના નારેશ્વર તળાવના બ્યુટિફિકેશન માટે સરકારે હમણાં જ રૂ.૮ કરોડ મંજૂર કર્યા છે તે બદલ હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું પણ સાથે સાથે જો નારેશ્વર તળાવમાં કેનાલથી પાણી ભરવામાં આવે તો આજીવન ખંભાત શહેરના પાણીનો પ્રશ્નનો નિકાલ થઈ જશે. હું આપના માધ્યમથી માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીને રજૂઆત કરવા માગું છું કે ભાલ વિસ્તારની જૂથ યોજનાને ઓગમેન્ટેશન કરવામાં આવે તો વર્ષ ૨૦૦૭થી મંથરગતિએ જે પાણી પુરવઠા યોજના ચાલે છે તેનું આજ દિન સુધી પરિણામ મળ્યું નથી. આ ઓગમેન્ટેશન કરવામાં આવે તો અમારા ખંભાત વિસ્તારના દરેક ગામને સરફેસ વૉટર મળી રહે. સાથે સાથે બાજુના તારાપુર અને બોરસદ વિસ્તારનું પણ વિશેષ ધ્યાન રાખજો. ખૂબ ખૂબ આભાર.

શ્રી બાબુસિંહ સા. જાદવ(વટવા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩ના અંદાજપત્ર માટેના અનુદાન માટેની માગણી ઉપર ચર્ચા અંતર્ગત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ અંગે મારા વિચારો રજૂ કરું છું. હમણાં કરંટની વાત થઈ તો તા.૮મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ભલભલાને કરંટ લાગ્યો અને વર્ષ ૨૦૨૪માં પણ કરંટ લાગશે. હું એક ખેડૂતપુત્ર છું અને માનનીય ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલના સાણંદ વિધાનસભા મત વિસ્તારમાં મારું વતન આવેલું છે. વર્ષ ૧૯૭૮માં નોકરી-ધંધાર્થે અમદાવાદ શહેરમાં આવ્યો. મેં જ્યારે અમદાવાદમાં નોકરી-ધંધાની શરૂઆત કરી તે સમયે અમદાવાદ શહેરના કોટ વિસ્તારને છોડીને સમગ્ર અમદાવાદ શહેર ગંદકીથી ખદબદતું હતું, ઊબડખાબડ રોડ રસ્તા, કોઈ પણ પ્રકારનું આયોજન નહિ, આવા વિસ્તારમાં હું પોતે રહેલો છું. તે સમયે અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત બધા જ શહેરોનું ઉત્તરોત્તર શહેરીકરણ વધતું ગયું પરંતુ તે સમયની સરકારોએ આ શહેરોનું કોઈ પણ જાતનું ધ્યાન ન રાખ્યું અને શહેરોને જે માળખાગત સુવિધાઓ મળવી જોઈએ તે સુવિધાઓ આ સરકારો આપી ન શકી, પરંતુ મારે આપના માધ્યમથી જણાવવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારોનું શાસન ગુજરાતમાં આવ્યું અને ગુજરાતની સિકલ ફરી ગઈ. શહેરના ઉત્તરોત્તર વિકાસ સાથે સાથે ગામડાઓના સર્વાંગી વિકાસનું પણ ધ્યાન રાખ્યું. તેની નૈસર્ગિકતા દૂર ન થાય તે ધ્યાન રાખી અને શહેરોનો વિકાસ કર્યો. શહેરની જીવન જરૂરિયાતની વસ્તુઓ, ગટર, પાણી અને અન્ય સુવિધાઓનું સરકારે ધ્યાન રાખ્યું જેના પ્રતાપે અમે સૌ આ ગૃહમાં ૧૫૬ છીએ. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારોએ છેલ્લા ૨૭ વર્ષમાં કરેલા વિકાસને કારણે આખા ગુજરાતની જનતાએ અમને સર્વાનુમતે સ્વીકાર્યા છે. હમણાં જ અમારા માનનીય અમિતભાઈ શાહે મેટ્રોની વાત કરી. આ મેટ્રોની શરૂઆત મારા ગામ વસ્ત્રાલથી થઈ તે

મારું ગૌરવ છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેનું ખાતમુહૂર્ત પણ કરેલું અને લોકાર્પણ પણ કર્યું. એ મેટ્રોમાં નરેન્દ્રભાઈની સાથે મારી હાજરી હતી. રાજ્યની સ્થાપનાના પચાસ વર્ષની ઊજવણીના ભાગરૂપે 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' વર્ષ ૨૦૦૯થી અમલમાં મૂકવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૫,૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી, જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માં આ યોજનામાં રૂ.૮,૦૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. દરેક મનુષ્યને પોતાના ઘરની લાલસા હોય. હમણાં જ એક સભ્યશ્રીએ આ અંગે વાત કરેલી. માણસ રોજ સવારે પોતાના ધંધા-નોકરીએ જાય અને પછી થાક્યો-પાક્યો પોતાના ઘરે આવે ત્યારે એને હાશકારો થાય. પક્ષીઓ પણ પોતાના માટે ઉત્તમ સ્થળે માળો બનાવે છે. ગુજરાતનો ખેડૂત પહેલાં આકાશી ખેતી પર નભતો હતો. એ વખતે નર્મદા યોજના જેવું કંઇ નહોતું એટલે ખેડૂતોની આવક સીમિત હતી અને હવે દિવસે-દિવસે ખેડૂત પોતાના પુત્રને શહેર તરફ મોકલે છે અને શહેરમાં જઇ એના પરિવારનું ભરણ-પોષણ કરે છે. નોકરીએ લાગ્યા પછી એને એમ થાય કે પોતાનું મકાન હોવું જોઇએ. એ પોતાના મકાનનું આયોજન ખૂબ સારી રીતે કરે છે. પહેલાં પણ મકાનો બનતા હતા. હું પોતે હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેલો છું. ત્રણ માળ સુધી બાલટીથી પાણી ભરીને લઇ જવું પડતું હતું. આજના આવાસોમાં તમામ પ્રકારની સુવિધાઓ હોય છે. શહેરી આવાસ યોજનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ જોવું હોય તો અમારા નિકોલ વિધાનસભાના ઓઢવ વોર્ડમાં આવેલા પ્રધાનમંત્રી આવાસ યોજના કે જેનું લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરેલું. જે અત્યારે પણ જોવા માટે અદ્યતન છે. આપસૌને જોવા આવવા માટે મારું આમંત્રણ છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા(મોરબી):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. અમારા જન્મ પહેલાં નર્મદા યોજનાનું ખાતમુહૂર્ત થયું અને અમે ધારાસભ્ય થયા પછી પાંચ વર્ષ પછી એનું કામ ચાલુ થયું. વર્ષ ૧૯૮૬માં હું વિધાનસભામાં આવતો ત્યારે અમારા ભારતીય જનતા પાર્ટીના ૧૧ ધારાસભ્યો હતા. આ ગુજરાતની પ્રજાએ થોડાંક વધારે આપ્યા. આજે નર્મદા યોજનાની વાત કરું તો, ૧૯૮૬માં અમે જ્યારે તાલુકા પંચાયતમાં હતા ત્યારે સમગ્ર સૌરાષ્ટ્રમાં પાણીના ટેન્કરો ચાલતા હતા. પીવાના પાણીની કોઇ જ વ્યવસ્થા નહોતી. હમણાં જ ભાઇશ્રીએ કહ્યું કે એના દાંત પીળા થઇ ગયા હોય અને રોગ થયો હોય. પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી 'સરદાર સરોવર' યોજના આપ્યા પછી સૌરાષ્ટ્રના એકપણ ગામમાં ટેન્કર ચાલતું નથી. વર્ષ ૧૯૯૫માં જ્યારે અમે ચૂંટાયા પછી પાઇપ ઊતારતા ત્યારે વિધાનસભામાં અમારા કેશુબાપા બોલ્યા હતા કે, ''આ પાઇપમાં ગાડીઓ ચાલશે.'' એવા મોટા પાઇપ હતા. શ્રી વલ્લભભાઇ જ્યારે અમારા ટંકારાના ધારાસભ્ય હતા ત્યારે ફક્ત બે નળનું મુહૂર્ત કરવા આવતા ત્યારે અમે ખૂબ રાજી થતા. આ દેશના વડાપ્રધાનશ્રી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે ૧૧૫ ડેમ યોજના ભરવાની 'સૌની' યોજના આપી. રાજકોટમાં કાર્યક્રમ થતો ત્યારે અમને નવાઇ લાગતી. આ સરકારે ડેમ તો ભરી દીધા હવે તળાવો ભરવાની યોજના લાવ્યા છે. અમારા માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ હમણાં જ મારા વિસ્તારમાં આવ્યા હતા અને મારા વિસ્તારના પાંચ તળાવોને લિંક કરવાનું પાઇપનું કામ ટૂંક સમયમાં જ ચાલુ થવાનું છે. ડેમ ભરાઇ જાય, તળાવ ભરાઇ જાય અને એનાથી વિશેષ ચાર મહિના પહેલાં તળાવ ઊંડા કરીને પાણીનો સંગ્રહ થાય અને પ્રજાના પૈસાનો દુરુપયોગ ન થાય એની ચિંતા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે.

નર્મદાનું પાણી પીવા માટે તથા ઉદ્યોગોને પણ સારું મળે છે. વર્ષો પહેલાં એવાં તળાવો હતાં, માનો કે મારું મોરબીનું પાનેલી તળાવ નાના ડેમ જેવું છે. એમાં પણ લિંક નાખવાની વાત કરી છે. એવી રીતે સમગ્ર સૌરાષ્ટ્ર નહીં, પરંતુ સમગ્ર ગુજરાતમાં અત્યારે નર્મદાનું પાણી ન જોઇતું હોય અને તળાવ ભરાઇ જાય તો મને લાગે છે કે, પાણીના તળ ઊંચા આવે. સિંચાઇના પાણી મળ્યા એનું ઉત્પાદન ડબલ થયું. ઉત્પાદન ડબલ થયું અને ભાવ ઓછા મળે તો, વળી સરકારશ્રીને પૈસા આપવાના પણ, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર વધારે આપવા માટેની ઉપાધિ કરે છે. કોંગ્રેસે કયારેય ઉપાધી કરી જ નથી. હું પણ ખેડૂત છું. મેં ઘઉં જોયેલ નથી. અમે પોતે ખેતી કરતાં હતા. અમુક વિસ્તારમાં જ ઘઉં થતાં હતા. બાજરો અને રાતર ખાઇને દિવસ પસાર કરતાં હતા. આ હકીકત છે. આ કોંગ્રેસની સરકારને કંઇ આપવું જ ન હતું. કંઇક મુદ્દાના આધારે મત લેવા જવાનું પણ, ભારતીય જનતા પાર્ટીની સરકાર વિકાસ સિવાય કંઇ વાત કરતી નથી. જે કામના ખાતમુહૂર્ત કરે એ કામ સમયસર જ પૂરાં કરે છે. પીવાની પાણીની વાત કરું તો મને કહેતાં આનંદ થાય છે કે, એક યોજનામાં ૨૦૦-૨૦૦ ગામોને પીવા માટે પાણી મળતું હોય છે. આજે મોરબી જિલ્લામાં ૧૧૬ ગામોને ખેતીનું પાણી મળે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૩૧ ગામોને ખેતીનું પાણી મળે છે. પીવાના પાણી માટેની યોજનાઓ કરી. હમણાં જ સામે બેઠેલા મારા સાથી ધારાસભ્યશ્રી બોલતાં હતા કે, અમુક જગ્યાએ પાણી મળતું નથી. અહીંથી નીકળીએ તો કેનાલમાં જુઓ તો પાણી ખેતરમાં જ જાય છે અને પીવામાં જ જાય છે. કોઇપણ માણસને ઉદ્યોગ માટે પાણી જોઇતું હોય તો આપણે મીટર મૂકીને પાણી આપીએ છીએ. હવે મીટર મૂકીને પાણી આપ્યું હોય તો એમાં, **પેટમાં દુઃખે છે અને માથું શું કામ કૂટો છો?** મીટરના પૈસા ભરે છે એટલે જેને પાણી જોઇએ છે એને આપીશું. કંઇ હોય તો શ્રી ગૌતમભાઇ, કંઇ હોય તો રિલાયન્સ પણ એવું શું કામ? એ પણ ધંધો કરે છે. માણસોને રોજી-રોટી આપે છે. મીટર મૂકીને પાણી લેતાં હોય તો એમાં વાંધો શું છે? તમે માગો તમને પણ મીટર આપશે. મને કહેતાં આનંદ થાય છે કે, નર્મદાની યોજના માટે જયારે આ દેશના વડાપ્રધાન મુરબ્બી શ્રી નરેન્દ્રભાઇ મોદી ઉપવાસ ઉપર બેઠા હતા ત્યારે અમે સાક્ષી હતા. સમગ્ર ગુજરાત રાજ્યના, કેન્દ્રના અમારા ભારતીય જનતા પાર્ટીના સભ્યશ્રીઓ, સાધુ-સંતો બેઠા હતા ત્યારે પણ અહીંયા બેઠેલા કોંગ્રેસવાળાઓને એમ થતું ન

હતું કે, અમે રજૂઆત કરવા જઇએ. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કીધું કે, રજૂઆત કરવા જાઓ પણ, શ્રી અમરસિંહભાઇને રજૂઆત કરવા માટે એમના વડાપ્રધાનશ્રીએ સમય ન આપ્યો અને પાછા આવ્યા. તમારા મુખ્યમંત્રીશ્રીને તમારા વડાપ્રધાનશ્રીએ રજૂઆત કરવા માટે સમય આપ્યો ન હતો. આ દેશના વડાપ્રધાન મુરબ્બી શ્રી નરેન્દ્રભાઇને તમે સત્તર જણામાંથી જાઓ તમને સમય આપશે. માત્ર અખતરો કરો કે, કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ સમય લીધા વિના શ્રી નરેન્દ્રભાઇ મોદી પાસે જાય અને ફક્ત એટલું જ કહે કે અમે ગુજરાતમાંથી ધારાસભ્યશ્રીઓ છે તો તમને સમય આપશે. ખોટી વાત કરવી, પ્રજાનો દુરુપયોગ કરવો અને પ્રજાના મતનો પણ દુરુપયોગ કરી ૪૦-૪૦ વર્ષ સુધી રાજ કર્યું. કંઇ પણ કામ હોય તો મફતમાં કામ ન થાય એવા જ ધંધા કર્યા છે. અમે આ વિધાનસભામાં માઇક પણ ખાધેલાં છે. અહીંથી અમને ઉપાડીને બહાર નાખ્યાં છે. એવું તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરતી નથી. કોંગ્રેસની સરકારે અમારી ઉપર જુલ્મ કર્યા છે. હું તો ભગવાનને પ્રાર્થના કરું છું કે આવતી વખતે નવ જ રહે.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી આ ગૃહ સમક્ષ શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગની માંગણી ક્રમાંક-૧૦૧ અને ૧૦૨ના સંબંધમાં મારા વિચારો રજૂ કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી દિનેશભાઇ, આપ આપનું સંબોધન ચાલુ રાખો.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાયે વર્ષોથી આ ગુજરાતમાં શાંતિ, સલામતી અને સમૃદ્ધિ છે એટલે આ શહેરો વિકસ્યા છે. પહેલાં અમદાવાદમાં ૫૦થી ૧૫૦ દિવસો સુધી કર્ફ્યુ રહેતો હતો. ભાજપ એટલે વિકાસનો પર્યાય. ગુજરાત એ વિકાસનો પર્યાય. ગુજરાત મૉડેલને આખા દેશે સ્વીકારેલું છે. આ દેશને નવી રાહ ચીંધનાર ગુજરાત અવિરત વિકાસ કરનારું ગુજરાત. ભાજપ એ વિકાસનો પર્યાય બન્યો છે. આ વિકાસ, આ શહેરોનો વિકાસ એ ૧૫૬ સીટમાં પણ તમને દેખાશે. આપ જોશો તો રાજકોટમાં ટોટલે ટોટલ સીટ ભારતીય જનતા પાર્ટી. આ વિકાસને આધીન છે. આપ સુરતમાં જોશો તો સૌથી વધારે સીટો ભારતીય જનતા પાર્ટી. ભારતીય જનતા પાર્ટીની આ વિકાસ યાત્રાને લોકો પણ સમર્થન આપે છે. અમદાવાદ શહેરમાં પણ ભારતીય જનતા પાર્ટીએ તેનો ગ્રોથ વધાર્યો છે. એટલે જયાં જુઓ ત્યાં વિકાસના હિસાબે અમે પેઇજ પ્રમુખ, પન્ના પ્રમુખ સાથે લોકો વચ્ચે તો જઇએ છીએ અને વિકાસનાં કામોને પણ લોકો વચ્ચે લઇ જઇએ છીએ. વિકાસનાં કામોને લોકો અનુમોદન આપે છે, એના હિસાબે આ ૧૫૬ સીટો આવી છે. ભારતીય જનતા પાર્ટીની ૧૫૬ સીટોમાં આ શહેરી વિકાસનું પણ ખૂબ યોગદાન રહેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર અને વૈશ્વિક નેતા આદરણીય નરેન્દ્રભાઇ મોદી વિકાસની ધરા ઉચ્ચ શિખર સુધી લઇ ગયા છે. જેમણે આ વિકાસનો પાયો નાંખ્યો છે. આજે સમગ્ર વિશ્વ વિકાસ માટે ગુજરાત તરફ જોઇ રહ્યું છે. સમગ્ર વિશ્વની નજર ગુજરાત તરફ છે. મુંબઇ જેવા મહાનગરોના લોકો હવે ગુજરાત તરફ વળ્યા છે. હવે ધબકતાં શહેર અને તેનો ધબકતો વિકાસ એ ગુજરાતની આગવી ઓળખ છે. વિકાસયાત્રાનો એક કીર્તિમાન છે શહેરી વિકાસ. ભોળા જન સમુદાયને અસર કરતો શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ યોજના પ્રત્યેક વર્ગને સ્પર્શે છે. અન્ય રાજયો વિકાસની તુલનામાં ગુજરાતના શહેરોની સામે જુએ છે. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા જેવા શહેરો વિશાળકાય ગગનચુંબી ઇમારતો સાથે કલા અને સંસ્કૃતિના વૈભવ વારસાને પણ સાચવીને બેઠા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વાંગી, સર્વ પોષક, સર્વ સમાવેશક વિકાસની આહલેક જગાવતું આ અંદાજપત્ર રાજયના છેવાડાના માનવીના વિકાસની પ્રતિબદ્ધતા સાથે આંતર માળખાકીય સુવિધાઓ સુપેરે વણીને તેના નક્કર અમલીકરણની દિશાને રજૂ કરે છે. શહેરના નાગરિકોની સુખાકારી માટે સામાજિક, આંતર માળખાકીય સુવિધાઓ, જન ભાગીદારી, શહેરના પરિવહન અને વિશિષ્ટ આગવી ઓળખ ઊભી કરી પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર યોજનાઓની જોગવાઇ કરવામાં, શહેરી વિસ્તારોમાં જાહેર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં મુખ્યમંત્રી સુવર્ણજયંતિ શહેરી વિકાસ યોજના એ એક પ્રમુખ યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આ બાબતને કેન્દ્ર સ્થાને રાખીને રાજય સરકારે ઇ.ડબલ્યુ.એસ., સ્લમ રેમિટન્સ, એલ.આઇ.જી. વગેરે આવશ્યક યોજનાઓ, સુવિધાઓ પબ્લિક એમિટાઇઝેશનને આપ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, પી.એમ.એ.વાય. વિકાસનો બેઇઝ છે. સૌને આવાસનું છત્ર મળે, વિકાસના અવસર મળે એવો પ્રધાનમંત્રીનો સંવેદનશીલ હાર્દ સમાયેલો છે. દેશના શહેરી ક્ષેત્રોમાં ઇ.ડબલ્યુ.એસ., એલ.આઇ.જી. વગેરેની જે શોર્ટેઝ હતી, તે પ્રધાનમંત્રી આવાસ યોજના પૂર્ણ થવાનું આયોજનબદ્ધ પ્લાનિંગ થયું છે. ગુજરાતે પ્રધાનમંત્રી આવાસ યોજનાના બહુધા ઘટકો સાથે અગ્રીમ પ્રગતિ કરી છે. ગુજરાતના સ્વચ્છ અને સુવિધાપૂર્ણ શહેરો વિકાસ એન્જિન તરીકે કાર્ય કરી રહ્યાં છે. જેને વધુ સુવિધાયુક્ત બનાવવા માટે સરકારે અનેક પગલાં ભર્યાં છે. હવે ટેકનોલોજી અને વધુ સારી કાર્ય પદ્ધતિના કારણે ગુજરાતનાં શહેરોનો વિકાસ વિશ્વ સ્તર ઉપર આગળ વધ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શહેરી વિકાસ અને શહેરી આવાસની વિવિધ યોજનાઓ, જેમ કે સ્માર્ટ સિટી પ્રોજેક્ટનું સમયસર અમલીકરણ, અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટ, સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ, સુરત અને વડોદરામાં મેટ્રો ટ્રેનની સુવિધા, દરેક ઘર સુધી પાઇપલાઇન દ્વારા ગેસ કનેકશન, મુખ્ય શહેરોમાં એર કન્ડિશન્ડ બસ સેવા, બાળકો માટે દરેક

વિસ્તારમાં બાળ ક્રિડાંગણની સુવિધા, બહુમાળી પાર્કિંગની સુવિધા, અનિયમિત વસાહતોને નિયમિત કરવાની સુવિધા અને માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આન, બાન, શાનને ઠેસ ન લાગે, ગુજરાતની પ્રતિષ્ઠાને ઉની આંચ ન આવે એ માટે અમે સુશાસન સાથે જનતાની સેવા દ્વારા જન જન પ્રસિદ્ધિ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ છીએ.

શ્રી રમણભાઇ ભી. સોલંકી(નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલીવાર આઝાદી પછી બોરસદ વિસ્તારમાં જીતીને અહીંયા બેસવાનો મોકો મળ્યો છે અને બોલવાની તક મળી છે. હું આ સભાગૃહને ખૂબ ખૂબ નમન કરીને મારી વાત મૂકું છું.

મારા સાથી પક્ષના ધારાસભ્યશ્રી ચિરાગભાઇએ જે વાત કરી, એના અનુસંધાનમાં મારી થોડી વાત ઉમેરીને એ વિષય આગળ લઇ જાંઉ છું. વિશેષ કરીને કાંઠા ગાળાના નદી કિનારાના આણંદ જિલ્લાના ખંભાતથી બોરસદ, આંકલાવ, ઉમરેઠ સુધી મહીસાગર નદીના કાંઠે આખો વિસ્તાર આવેલો છે. ત્યાં ઉત્તરોત્તર ગામમાં રોજગારીના કારણે ખેતીના વ્યવસાયમાં આગળ જવા માટે તેઓ સીમ વિસ્તારમાં વસવાટ કરે છે. પરંતુ મહીસાગર નદીનું વહેણ છેલ્લા ૧૨ વર્ષથી થોડું બદલાયું છે, પહેલા વડોદરા તરફ હતું એ સેન્ટરમાં હતું. હવે નદી વડોદરા તરફ વધારે ગઇ છે અને આ બાજુ જે ચરોતરનો ભાગ છે એટલે કે અમારા વિસ્તારની અંદર એ નદીના બદલે આખો સમુદ્રનો વળાંક આવી ગયો છે. એટલે સમુદ્રનું બધું જ પાણી છેક સુધી ફરે છે અને એના કારણે આવનારા સમયમાં ૩૫ હજાર હેકટર જેટલી જમીન ખારાશ તરફ જઇ રહી છે. સાથે સાથે ત્યાં આગળ વર્ષોથી અમારા બધાની એક માગણી છે કે બદલપુર-કારેલીનો એક વિયર બની જાય તો એનાથી આવનારા સમયમાં ૮૦ જેટલા ગામોને પીવાનું શુદ્ધ સરફેસ વોટર મળી શકે એમ છે. તેની સાથે સાથે ૩૫ હજાર હેકટર જેટલી જમીન નવસાધ્ય થાય તેમ છે અને એ જમીનમાં સુધારણા માટેનું કાર્ય પણ થઇ શકે એમ છે. વિશેષ કરીને ત્યાંથી જંબુસર અને આણંદ જિલ્લાની કનેક્ટિવિટી ૭૫ કિલોમીટર ઘટી પણ શકે છે. એક વિયર બનાવવાથી આવનારા સમયની અંદર, જે ધુવારણનું પાવર સ્ટેશન પાણી નહીં મળવાથી વર્ષોથી બંધ છે તે પણ ચાલુ કરી શકાય એમ છે. એટલે જો ત્યાં મહીસાગર નદી ઉપર બદલપુર અને કારેલી વચ્ચે વિયરની માગણી  સ્વીકારવામાં આવે તો મોટું સરોવર બને એવું છે અને આવનારા સમયમાં એ વિસ્તારને ખૂબ મોટો લાભ થાય એમ છે. તે વિસ્તાર એટલો અનુકૂળ વિસ્તાર છે કે ત્યાં ભવિષ્યમાં ઉદ્યોગો પણ આવે અને સ્થાનિક રોજગારી મળી શકે તેવી તકો પણ રહેલી છે. એટલે વિશેષ કરીને આ બાબતમાં જયારે વાત આવી છે ત્યારે મારી આ વાત મૂકીને હું આ માગણીઓને સમર્થન આપું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(સામાન્ય વહીવટ, નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીજ્ઞેશભાઇથી લઇને અમારા નાયબ દંડક રમણભાઇ સુધી નર્મદા, શહેરી વિકાસ વિભાગ, સામાન્ય વહીવટ વિભાગની માગણી નંબર  ૩૦, ૩૧, ૩૩,૬૫, ૧૦૧ અને ૧૦૨ ઉપર સૌએ પોતપોતાના વિચારો વ્યકત કર્યા, કેટલાક સજેશનો પણ મળ્યા, કેટલીક ટીકાઓ પણ થઇ, અને ૨૦ વર્ષ દરમ્યાન થયેલા કામોનો હિસાબ પણ કેટલાક સત્તા પક્ષના સભ્યોએ પણ આપ્યો, શું શું થયું એનો એક ચિતાર પણ રજૂ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના માટે ૧૯૪૭ની અંદર આ જ રાજયના સપૂત એવા સરદાર વલ્લભભાઇ પટેલે વિચાર કર્યો હતો અને તે વિચારને મૂર્તિમંત કરવાનું કામ પણ આ જ ગુજરાતે કર્યું એ પણ વડાપ્રધાન બનીને. વિષય એવો થતો હતો કે વિચાર મુકાયો, મને કમને પત્થર પણ મુકાયો, ૩૨૦ ફૂટ માટે મુકાયો, સન ૧૯૮૫ સુધી પહોંચ્યા, ૧૯૯૫ સુધી પહોંચ્યા, ૧૯૯૫થી ૨૦૦૬ સુધી, અને ૨૦૦૬ની અંદર પણ ૧૨૧ સુધી પહોંચતા પહોંચતા આંખે પાણી આવી ગયા અને સન ૨૦૦૬થી ૨૦૧૪ સુધી એક રૂપિયો નર્મદા બંધ બાંધવા પાછળ ગુજરાત ખર્ચી શકયું નહીં. કારણ, ઉપર બીજી સરકાર બેઠી હતી. અને રખે ને શ્રી નરેન્દ્રભાઇ આ જો લઇ જાય તો ચોક્કસ વડાપ્રધાન બની જાય એવું અહીંયા જે કોંગ્રેસી હતા એમના મનમાં હતું. અને પરિણામે સન ૨૦૧૪ સુધી, જયાં સુધી આ દેશમાં આદરણીય મોદી સાહેબ વડાપ્રધાન ન બન્યા ત્યાં સુધી આપણે રાહ જોવી પડી અને સન ૨૦૧૪થી ૨૦૧૯ નર્મદા બંધ પૂરો, પૂરી સપાટીએ ભરાયો, અને ગુજરાતને નંદનવન બનાવવાનું કામ આ જ સરકારમાં પૂરું થયું અને ગેનીબેન, તમને તો ખબર જ છે અને આપને પણ સાહેબ ખબર છે કે બનાસકાંઠામાં, દૂધનું પ્રમાણ કેટલું વધ્યું, જમીનમાં ખેતીનું પ્રમાણ કેટલું વધ્યું, અને જે જમીનના ભાવ ૨૫થી ૩૦ હજારની આજુબાજુ હતા તે હવે ૨૫થી ૩૦ લાખની આજુબાજુના થયા. એટલે નર્મદા એ જીવાદોરી એમને એમ નહોતી કહેવાતી. સરદાર પટેલે એમને એમ વિચાર નહોતો કર્યો કે આ નર્મદા બંધ એ ગુજરાતને ઉગારશે, નર્મદા મૈયા ગુજરાતની તારણહાર બનશે, અને આજે કહેતા આનંદ થાય છે કે હવે નર્મદાના નામે કોઇને રાજકારણ  કરવાનો મોકો નહીં મળે. એ પ્રકારનું કામ આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જીજ્ઞેશભાઇએ પણ કેટલીક વાતો કરી, આંકડા આપી રહ્યા હતા, સાહેબ છેલ્લાં ૩ વર્ષથી ૧૨ લાખ હેકટરથી વધારે આપણે સિંચાઇ કરીએ છીએ. આંકડા એમને જયાંથી મળ્યા હોય ત્યાંથી. પરંતુ આ નક્કર હકીકત છે. નર્મદાના કારણે ૧૨ લાખ હેક્ટરથી વધારે આપણે સિંચાઇ કરી રહ્યા છીએ. ૬૯,૦૦૦ કિલોમીટરની લંબાઇ, પાંચેક હજાર કિલોમીટર જે સબમાઇનોર છે, માઇનોરમાં ક્યાંક મિસિંગ લિંક છે. જ્યાં મિસિંગ લિંક હોય એટલે પાછળના ભાગમાં સબમાઇનોર કરવાનો અર્થ નથી. પહેલાં માઇનોર પૂરી થાય અને પછી સબમાઇનોર કરીએ તો ખરા અર્થમાં ગુજરાતનું  કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ ડેડ ન થાય તેના માટે આ પાંચેક હજાર કિલોમીટરની બાકી છે. રાજ્ય સરકારનો પૂરો પ્રયત્ન છે કે મિસિંગ લિંક

પણ પૂરી થાય. આપણે સૌ સાથે મળીને જ્યાં આગળ અટકાવેલી હોય, ક્યાંક પઝેશન ન મળતા હોય તો સાથે મળીને પોતપોતાના વિસ્તારમાં નર્મદા મૈયાને જવાનો માર્ગ આપણે સૌ મોકળો કરી દઇએ તો આ ૬૯,૦૦૦ કિલોમીટર લંબાઇમાં પૂરું કરી અને ખેતરે ખતરે પાણી પહોંચાડવાની આપણી જે નેમ છે તેને પૂરી કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય જીગ્નેશભાઇએ વાત કરી પરંતુ કર્માવત, મુક્તેશ્વર એમના જ વિસ્તારમાં છે. ગઇ વખતે વહીવટી મંજૂરી આપી અને આ વખતે ટેન્ડર થઇ રહ્યા છે. એ એક મલાળા ભૂલી ગયા. એ મલાળા પણ યાદ કરાવું છું. બે મોટા તળાવો. મોટા તળાવો એટલે સાગર જેવા તળાવો અને સાથે મુકતેશ્વર ડેમ ભરવાની વાત. એમને તો આનંદ થશે કે બીજી વખત વડગામથી ચૂંટાયા. મુક્તેશ્વર અને કર્માવત બન્ને ભરાતા થશે. એ હશે અને ભરાઇ જશે. ભલે ઉદ્‌ઘાટન અમે કરીએ. જળ સંચય માટેના સર્વગ્રાહી આયોજનને ધ્યાને રાખીને છેલ્લાં ૨૦ વર્ષથી કામ થઇ રહ્યું છે. દોઢ લાખથી વધુ ચેકડેમો બનાવવામાં આવ્યા છે. મોટા જ બંધ બનાવવા જરૂરી નથી, કારણ કે મોટા બંધ બનાવવામાં જમીન સંપાદન કરવી પડે છે. કેટલાય લોકોને વિસ્થાપિત થવું પડે છે. હવે કોઇ નાનો મોટો બંધ બનાવવો હોય તો એ સહેલી વાત નથી રહી કે જ્યાં આપણે જમીન સંપાદન કરવી પડે. આ સરકારે નવો રસ્તો શોધ્યો છે. જમીન સંપાદન કર્યા વગર મોટા ચેકડેમ, વિયર, નાના ચેકડેમ બનાવી અને એ જ વિસ્તારમાં ઈરીગેશનની વ્યવસ્થા મળે. પીવાના પાણીની વ્યવસ્થા મળે. જ્યાં ડુંગરાળ વિસ્તાર છે, જંગલ વિસ્તાર છે, ત્યાં પણ ડુંગરો ઉપર ચેકડેમ, ડેમ બનાવી, નાના મોટા વિયર બનાવી ત્યાં પાણી ભરીને જે પાણી દરિયામાં જતું રહેતું હતું એ પાણી રોકીને ત્યાંના આદિવાસીઓને લાભ આપવાની આ સરકારે આ વર્ષે જ શરૂઆત કરી છે. સુજલામ્ સુફલામ્ જળ અભિયાન. ૪૦,૦૦૦ કરતાં વધુ જળાશયો આપણે ઊંડા ઉતાર્યા છે આ હકીકત છે અને સૌથી સારું કામ બનાસકાંઠામાં થયું છે. ઉત્તર ગુજરાતના ક્રિટિકલ તાલુકાઓ છે. ઓવર એક્સપ્લોઈટેડ. જે ક્રિટિકલ વિસ્તારવાળા તાલુકાઓમાં પણ નર્મદાની સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા જ્યારે ચોમાસાનું પાણી ખૂટી જાય, માં નર્મદા મૈયા એ ગામડે આવે છે. નર્મદાના પાણીને મોટી મોટી પાઇપલાઇનોથી ભરવાનું કામ આપણે કર્યું છે. એક સમય હતો કે અમે સૌ સન ૨૦૦૭ની આજુબાજુ ચૂંટાયેલા. આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબને અમે વિનંતી કરવા જતાં હતા કે સાહેબ, ડાર્ક ઝોન ઉપાડો. અમને કનેક્શન આપો. એમની દૂરદષ્ટિ કેટલી? એ ભીંત પાછળ જોતા હતા. એમને ખબર હતી, જો હું પહેલાં પાણી ઉતારવાનું કામ નહીં કરું, પાણી ઊંડા જતાં અટકાવવાનું કામ નહીં કરું તો આ ઉત્તર ગુજરાત અત્યારે તો ઓવર એક્સપ્લોઇટેડ કહેવાય છે. કદાચ પાણી હજુ પણ જો વધારે ઊંડા જતા રહેશે તો હિજરત કરવી પડે એવી પરિસ્થિતિ ન થાય. સન ૨૦૦૭ની ચૂંટણી માથે હતી. કોઇ પણ રાજકારણી હોત તો હલી જાય કે ૩૨ - ૩૩ સીટોનો વિસ્તાર એવું કહે છે કે અમને ખેતીના કનેક્શન આપો. ડાર્કઝોન ઉઠાવી લો અને ત્યાં આગળ જ દઢતાપૂર્વક એવું કહેવું કે તમને વીજળી નહીં પણ અમે પાણી આપીશું. એ સાબિત કરીને બતાવ્યું કે દરેક જગ્યાએ પાણી પહોંચાડવા માટે સરકારનો પ્રયત્ન અને ઇચ્છા હોય તો આ શક્ય છે. લોકો કહે એ પહેલાં એમને શું જોઇએ છે એ પૂરું કરવાનું સાહસ અને ધૈર્ય જો કોઇનામાં હોય તો એ પ્રધાનમંત્રી મોદી સાહેબમાં હતું અને એ જ કારણ છે.આજે દુનિયા એમને વિશ્વના નેતા માની રહી છે. સૌની યોજના, ૧૧૫ જળાશયો, તળાવો, વન મિલિયન એકર ફીટ પાણી કચ્છ સુધી પહોંચાડવાનું, માનનીય અધ્યક્ષશ્રી, કહેવું અને કરવું એ બે માં ફરક છે. ગુજરાતને કુલ જે નવ મિલિયન એકર ફીટ પાણી આપવામાં આવ્યું છે એમાંથી ૦.૮૬ મિલિયન એકર ફીટ પાણી આપણે પીવા માટે રાખ્યું છે. એમાં વધારો થાય છે. પીવાના પાણીની આપણે કયાંક વધારે જરૂર પડે તો આપીએ છીએ અને ઔદ્યોગિક પાણીની આપણે જે ફાળવણી કરી છે એ ૦.૨૦ મિલિયન એકર ફીટ પાણી છે. આજે પણ કેવળ ૦.૧૬ મિલિયન એકર ફીટ પાણી આપણે ઉદ્યોગોને આપીએ છીએ એમાં પણ .૪ની બચત થાય છે અને કહેવું કે શાંતિગ્રામને આપી દઇએ છીએ, અદાણીને આપી દઇએ છીએ, ઔદ્યોગિક દરે પાણી આપણે આપીએ છીએ કારણ કે ઉદ્યોગ માટે મળતું હોય છે અને કેન્સ વિલેની વાત કરી તો કેન્સ વિલેમાં આપણે એવું કોઇ પાણી આપતા નથી, કદાચ મને ખબર નથી, હું એઝમશન કરું છું. કદાચ પાણી નહેરમાંથી વધારે જયારે આવે ત્યારે છોડવાની જરૂર પડે અને છોડીએ ત્યારે કદાચ લઇ ગયા હોય તો મને ખબર નથી. બાકી ગુજરાત સરકાર એક ટીપું પાણી કેન્સ વિલે એવી કોઇ જગ્યાએ પાણી ઓફિસિયલ આપતું જ નથી. વાત કરવી, આક્ષેપ કરવા, મોટેથી કહેવું, આંકડાની માયાઝાળ અને ઓર્નામેન્ટલ સ્વરૂપ કરીને વાત કહેવી એટલે સાચી વાત થઇ જાય? આપણી એક કહેવાત છે કે સત્ય કોઇ ઘરમાં જૂતા ઉતારતું હોય એ વખતે અસત્ય તો આખા ગામમાં ચક્કર મારી આવે એ પ્રકારનું વાતાવરણ સર્જવાની કોશિશ હજુ પણ થઇ રહી છે. આટલા બધા ખતા ખાવા છતાં પણ હજી કયાંકને કયાંક ભારતીય જનતા પાર્ટીની સરકાર ૨૭+૫ = ૩૨ વર્ષ સુધી ચાલવાની છે. હવે સપનાં જોવાનું બંધ કરે તેવું કહેવું છે. સન ૨૦૨૪-૨૫ની વાત કરી કે એન.સી.ની અંદર એ ટ્રિબ્યુનલમાં પાણીની વહેંચણી થશે એટલે આમ થશે, તેમ થશે, આ બાબત વ્યૂહાત્મક છે. સન ૨૦૨૩-૨૪માં આપણે શું દલીલો કરવી, કઇ કમિટી બનાવવી, કયા અભ્યાસ કરવા અને નવ મિલિયન એકર ફીટ પાણી આપણને મળે છે એમાં વધારો કેવી રીતે કરવો, સન ૨૦૨૪ કંઇ બહુ દૂર નથી. આ સન ૨૦૨૩ ચાલે છે, જયારે આ વાટાઘાટો ચાલુ થશે, ગુજરાતને એક ટીપા પાણીનું નુકસાન નહીં થાય પણ ગુજરાતને મળતા પાણીમાં વધારો થશે. અત્યારે તો ટેમ્પરરી આપણને ૨.૨૭ મિલિયન એકર ફીટ વધારાના પાણીની ફાળવણી થઇ છે. ત્રણ મિલિયન એકર ફીટ પાણી તો આપણે આપીએ જ છીએ. કમાન્ડ વિસ્તારની જયારે વાત થતી હોય તો કમાન્ડ વિસ્તાર કોણે બનાવ્યો? એ ગુજરાત માટે બનેલો છે. શ્રી જીજ્ઞેશભાઇ, આપનું દાંતીવાડા પણ છે એટલે કમાન્ડ વિસ્તારની વાત કરવી અત્યારે યોગ્ય નથી કારણ કે કમાન્ડ નહીં અમે તો ગુજરાતને કમાન્ડ ગણીએ છીએ. ગુજરાત અમારા માટે કમાન્ડ

છે અને ગુજરાત અમારા માટે કમાન્ડ હોય એટલે ક્યાંક ખેડૂત તડપતો હોય, ક્યાંક પીવાના પાણીની તકલીફ પડતી હોય તો અમે પાણી આપીશું, આપીશું અને આપીશું. એવી ચિંતા નહીં કરીએ કે આ ગુજરાતમાં રહે છે અને કમાન્ડ વિસ્તાર બહાર છે, એટલે એને બીજાં રાજયમાં મૂકી આવવાનું? એને પીવાનું પાણી નહીં આપવાનું? એના ખેતર સુધી પાણી નહીં પહોંચાડવાનું? જયારે જોઇએ ત્યારે અમે ગુજરાતના નાગરિકને, ગુજરાતના ખેડૂતને અમે પાણી આપવા માટે કટિબદ્ધ છીએ. રાજસ્થાનની પણ વાત કરી, જે કેનાલ બની છે એની કેપેસિટી જ ૧૫૦૦ કયુસેકની છે. જે કેનાલ રાજસ્થાનની છે એ મારવાડી સ્ટાઇલની અંદર ૧૫૦૦ કયુસેકની છે અને ૨૪૦૦ કયુસેક પાણી વહન કરવાનું હોય, આંકડા જરા જોઇ લેજો. કહેવાનો મતલબ એટલો છે કે એમાં આ ૧૫૦૦ કયુસેકની કેપેસિટીમાં ૨૪૦૦ કયુસેક પાણી આપણે આપવાનું હોય તો એ વહન કેવી રીતે કરી શકે? એ ૧૫૦૦ જ જાય, તો એ ડબલ ઈરિગેશન કેવી રીતે થાય? એ તો નાનો પાર્ટ છે અને ત્યાં તો વર્ષો સુધી દુષ્કાળ રહ્યો છે અને રાજસ્થાનની આપણે અહીંયા ચર્ચા ના કરીએ તો વધારે સારું રહેશે. આમ તો જોઇએ તો એન.સી.એ. અને એ બધી બાબતો વ્યુહાત્મક છે. ઓવર એકસપ્લોયટેડની પણ વાત કરી અને પાણી પુરવઠાની પણ વાત કરી, થરાદ તાલુકાના ૧૨૧ ગામો પૈકી ૧૦૧ ગામોને જૂથ યોજનાથી પાણી આપીએ છીએ અને બાકીના ગામોને જે સ્વતંત્ર આપણી યોજનાઓ છે એમાંથી પાણી આપીએ છીએ. વડગામ તાલુકાના ૩૧ ગામોને મુક્તેશ્વર ડેમ આધારિત જૂથ યોજનાનું પાણી આપીએ છીએ અને બાકીના ગામોને ધરોઇ જૂથ યોજનામાંથી પાણી મળે છે. શ્રી ઉમેશભાઇએ ખૂબ સારી વાત કરી. શ્રી ઉમેશભાઇ, તમે બહુ સારું સજેશન આપ્યું છે. એ સજેશનનો અમલ આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે વડોદરા અને ધોળકા બન્ને જગ્યાએ કેનાલ ઉપર પેનલો પાથરી સૌર ઊર્જા પેદા કરવાનું કામ કર્યું છે. હજુ પણ કેનાલ ઉપર જ્યાં ફિઝિબિલિટી હશે, જ્યાં શક્યતા હશે ત્યાં પણ આગળ વધાતું હશે તો સરકાર ચોક્કસ આગળ વધશે. નહેરનો વિભાગ તો બોટાદની અંદર ખૂબ ઓછો છે. એટલે ત્યાં કદાચ એક્સિડેન્ટલ ઝોન હશે તો ચોક્કસ જોઇ લઇશું. કેનાલમાં ગાડી ખાબકી જવાનો, કેનાલમાં પડવાનો પ્રશ્ન હશે તો ચોક્કસ આપણે ચિંતા કરીશું. આપને અભિનંદન કે તમે સ્વીકાર્યું કે નર્મદાનું ઘણું કામ થયું છે અને કામ પૂરું પણ થયું છે. શ્રી ચિરાગભાઇએ એમના ખંભાતની ચિંતા કરી. વાજબી ચિંતા છે. ગુજરાતનો નાગરિક હોય, ખૂબ ટી.ડી.એસ. વાળું પાણી પહોંચતું હોય તો અમે ચિંતા કરીશું. ચિરાગભાઇ કાલે જ મારી સાથે હતા. તમારી ચિંતા યોગ્ય છે. વ્યકતિગત રીતે પણ અહીંયા ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય હોય કે કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય હોય, પ્રજાકીય વાત આવે એટલે કોને મેન્ડેટ મળ્યો હતો એની ચિંતા અમે નહીં કરીએ. તમે કરેલી વાત પ્રજા માટેની હશે તો એ સ્વીકારીને ચાલવાવાળી શ્રી નરેન્દ્રભાઇ મોદી પછી આ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર છે. એ બિલકુલ મૃદુ ભલે દેખાતા હોય પણ પ્રજા હિતના નિર્ણયો લેવા માટે એ મક્કમ છે ત્યારે ખંભાતનું પણ આપણે સારી રીતે કામ કરી લઇશું. (અંતરાય) શ્રી રમણભાઇએ વાત કરી, ફિઝિકલ આખું આપ્યું (અંતરાય) આમ તો જવાબો આપવા જઇશ તો ઘણા બધા જવાબો આપણી પાસે છે. મારે મુખ્ય વાત કરવાની છે એ નર્મદાની જોગવાઇ છે એની વાત કરવાની છે. આપણું ગુજરાત તો રોલ મૉડેલ બન્યું જ છે એના કારણે દેશ પણ દુનિયામાં રોલ મૉડેલ બનવા જઇ રહયું છે. આ વખતનું બજેટ ૫ સ્તંભોવાળું છે. આ વખતે ચીલાચાલુ કે પરંપરાગત નહીં, પણ સેકટરવાઇઝ વર્ટિકલ નક્કી કરીને ગુજરાતને કઇ દિશામાં આગળ વધવું છે એના માટે પાંચ દિશાઓ નક્કી કરી છે. આમ તો પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ ચાર જ દિશા છે પણ અમે તો આકાશની સામે જોવાવાળા છીએ. પાંચમી દિશા અમારી આકાશ છે. આજુબાજુ જોવાવાળા નથી. આકાશ તરફ અમે વધવા માગતા હોય ત્યારે સ્વભાવિક છે કે (અંતરાય) ભારતીય જનતા પાર્ટીની જ સરકારો હતી અને એ લોકોએ જે કામો કર્યાં, પાયો રોપ્યો, સન ૧૯૯૫થી આજ સુધી ૨૭ વર્ષ સુધી જે મહેનત, કઠોર તપસ્યા, કઠોર મહેનત અને પરિશ્રમ અને ૨૪ કલાક કામ કર્યું છે ત્યારે ગુજરાતને ક્યારેય પાછું પડી જાય અથવા કોઇ અધોગતિ પામે એ દિશામાં નહીં જવા દેવાનો મક્કમ નિર્ધાર અમે કર્યો છે. સરકાર ભલે અમારા આદરણીય શ્રીમતી આનંદીબેનની હોય, શ્રી વિજયભાઇની હોય, શ્રી નીતિનભાઇ હોય, અને અત્યારે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ હોય પણ દિશા એક જ છે. દિશા જ્યારે એક હોય એટલે આજુબાજુ જોવા વાળાની દશા પણ બગડતી હોય છે. વર્ષ ૨૦૨૩-૨૪ની અમારી માગણી નર્મદા વિભાગની હતી એ રૂપિયા ૩,૪૩૪ કરોડની હતી અને જ્યારે નર્મદા યોજનાની માગણી હોય ત્યારે સ્વભાવિક નર્મદા યોજનાનું મહત્ત્વ ગુજરાતના પરિપ્રેક્ષમાં વર્ણવીએ એટલું ઓછું છે. નર્મદા યોજના સંબંધી નર્મદા જળ વિવાદ પંચનો એવોર્ડ ડિસેમ્બર-૧૯૭૯માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો એમાંથી કુલ ૨૮ મિલિયન એકર ફીટ પાણી. સ્વભાવિક છે, એમણે બહુ સાચું કહ્યું કે આપણો કેચમેન્ટ વિસ્તાર મધ્યપ્રદેશમાં છે. પછી ગુજરાત. મહારાષ્ટ્ર ગુજરાતની બોર્ડરવાળો એરિયા, મધ્યપ્રદેશ ગુજરાતની બોર્ડરવાળો એરિયા. ૧૨૦૦૦ ચોરસ કિલોમિટર એરિયા કેવળ આપણો છે. આપણને ૯ એકર મિલિયન ફીટ પાણી મળ્યું છે અને પાણીનો સદુપયોગ જ્યારે આપણું રાજ્ય કરતું હોય ત્યારે મને આનંદ છે કે, આ નર્મદા યોજનામાં આ વર્ષે જે જોગવાઇ કરવામાં આવી છે એ ઝડપથી વપરાઇ જાય, ઝડપથી લોકોને કબજા મળે અને નાનાં-મોટાં કામો હોય એ પૂરાં થાય એના માટે સરકાર કટિબદ્ધ છે અને આ વર્ષે ૧૧.૨૭ મિલિયન એકર ફીટ પાણી એટલે કે ૨.૨૭ મિલિયન એકર ફીટ વધારાનું પાણી આપવાની જોગવાઇ થઇ છે આનાથી ગુજરાતના ૧૭.૯૨ લાખ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાનો છે. ગુજરાતની પીવાના પાણીની જરૂરિયાતના ૮૦ ટકા જેટલી જરૂરિયાત નર્મદાના પાણીથી પૂરી પાડવામાં આવે છે, તેમાં ૭ મહાનગરો, ૧૦૯ નગરો, ૧૧,૭૭૭ ગામોનો સમાવશે થાય છે અને પિયત વિસ્તારની દૃષ્ટિએ એક તરફ ગુજરાતના ૨૦૫ બંધ છે અને એક તરફ કેવળ સરદાર સરોવર યોજના છે. પિયત વિસ્તાર બંનેનો લગભગ સરખો થાય છે. જે કુલ મળીને ૩૬ લાખ હેકટર થાય છે. આમ

૨૦૦ કરતા વધારે બંધો જેટલું યોગદાન માત્ર સરદાર સરોવર આપી રહી છે. એટલે ગુજરાત માટે એનું ખૂબ મોટું મહત્ત્વ છે. અન્ય બંધોની સરખામણીમાં સરદાર સરોવર બંધના પિયત વિસ્તારની વિશેષતા એ છે કે, તેમાંનો મોટાભાગનો વિસ્તાર એવો છે કે જેની જમીનની ગુણવત્તા નિયત સિંચાઇ માટે યોગ્ય નથી. કોઇ વિસ્તારમાં ક્ષારની સમસ્યા છે. કોઇ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યા છે. કોઇ વિસ્તાર રેતાળ છે એટલે આ નર્મદા યોજનાના કમાંન્ડ વિસ્તાર જે ડિફાઇન્ડ કર્યો છે એ કમાંન્ડ વિસ્તારમાં પ્રોટેક્ટિવ ઇરિગેશન યોજના બનાવી છે. પાકને બચાવવા માટે જેટલું ઓછામાં ઓછું પાણી જરૂરી હોય તેટલું જ પાણી આપવું એને પ્રોટેક્ટિવ ઇરિગેશન કહીએ છીએ. નર્મદા યોજનાના પિયત વિસ્તારને અત્યંત વૈજ્ઞાનિક પદ્ધતિથી એગ્રો ક્લાઇમેટિક કન્ડિશન અને જમીનની ગુણવત્તા મુજબ ૬ ઇરિગેબિલિટી કેટેગરીમાં વિભાજીત કરવામાં આવેલ છે અને તે મુજબ જે તે વિસ્તારમાં પાણીનો જથ્થો ફાળવવાનું આયોજન પહેલા કર્યું છે. એટલે વિસ્તાર પણ પહેલા નક્કી કર્યો કે અહીંયા કેટલું પાણી જોઇશે એ પ્રમાણે જે કન્ડિશન છે એ કન્ડિશન પ્રમાણે પાણી ફાળવવાનું આ નર્મદા યોજનામાં કરવામાં આવ્યું છે અને નહેરોની ડિઝાઇન પણ એ જ રીતે બનાવી છે. સાતત્યસભર વિકાસની સંકલ્પનાને ધ્યાને રાખી અલગ અલગ વિશેષતાઓવાળી જમીનમાં વર્ષોવર્ષ કૃષિ થઇ શકે, જમીનની ગુણવત્તા પણ જળવાઇ રહે તેની કાળજી રાખવામાં આવી છે. જે જમીન અગાઉ એક પાક ખેતી આધારિત આપી શકતી હતી તે જમીન આજે બે નિશ્ચિત પાક આપતી થઇ ગઇ છે. ઘણી વખત વિષય આવે છે સાહેબ, જ્યારે કહેતા હોય અને ભારતીય જનતા પાર્ટીનો નિર્ધાર હોય ખેતરની આવક, ખેડૂતની આવક ડબલ કરવી. સરકાર બધું જ કરી રહી છે પણ પાણી પહોંચાડવું એ મહત્ત્વની બાબત હતી. ગુજરાતની જેટલી ખેતીની જમીન છે એમાં ૩૨ લાખ હેક્ટર ૨૦૦૧ની સ્થિતિ હતી. આજની તારીખે ટોટલ જમીનમાં વાવેતર કરી શકીએ એમાંથી ૬૨ થી ૬૪ લાખ હેક્ટરમાં પાણી આપી શકીએ એ પરિસ્થિતિમાં પહોંચ્યાં છીએ. એ પણ આયોજન ના હોય તો ના થાય. માનનીય અર્જુનભાઇએ કેનાલના માળખાની વાત ગઇકાલે કરી હતી. માળખાનું વિસ્તરણ, સાહેબ, ડેમ ચોક્કસ બન્યાં હતા. એમાં અમે ના પણ નથી પાડતા પણ ખેતર સુધી પાણી પહોંચાડવાની સૂઝ-બૂઝ અને બાકી રહેલું કામ પણ ભારતીય જનતા પાર્ટીએ પૂરું કર્યું અને એનાં કારણે જુદાં જુદાં તળાવો ભરવાનો, કેનાલોથી પાણી આપવાનો, ડ્રીપ ઇરિગેશન કરવાનો વિષય છે આ બધા વિષયોને સાથે લઇ ટીપે ટીપા પાણીનું મહત્ત્વ ગુજરાતને તો સમજાવ્યું પણ આજે દેશમાં પણ ડ્રીપ ઇરિગેશનની અંદર ગુજરાતે અવલ કાઠું કાઢ્યું છે. કોઇ પણ નવો વિચાર આવે, રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીનો વિચાર આપ્યો એ ગુજરાતે અપનાવી લીધો. ચાર લાખ ખેડૂતોએ એ વાત સ્વીકારી છે અને ડાંગ તો સંપૂર્ણ નેચરલી બની ગયો છે. ત્યારે નેચરલ બનવા પાછળ પાણી બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. કૃષિ અને સમાજ જીવન ઉપર તેનો કેવો પ્રભાવ પડયો એનો અભ્યાસ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, ઇરમા વગેરે જેવી ખ્યાતનામ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ પાસે કરાવવામાં આવ્યો છે. અભ્યાસ મુજબ કૃષિ ઉત્પાદનમાં હેક્ટરદીઠ આવકમાં અઢી ગણી વૃદ્ધિ થઇ છે. પશુપાલનમાં પણ પરિવારદીઠ આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. સામાજિક અને શૈક્ષણિક સ્તર પણ ઊંચું આવ્યું છે. ખેતીની આવકમાં પણ અનેકગણો વધારો થયો છે. આ જો શકય બન્યું હોય તો એક માત્ર પાણી અને નર્મદા બંધ પૂરો થવાની વચ્ચે આ બધી વાતો શકય બની છે. નર્મદા યોજનાની કામગીરી અત્યારે પૂરી થઇ છે. ૧,૧૩૩ ઘનમીટર પ્રતિ સેકંડ વહન ક્ષમતા ધરાવનારી ૪૫૮ કિલોમીટર લાંબી એક મોટી નદી જેવી છે. સાહેબ, આપણે ૧૦ વર્ષમાં પૂરી કરી છે. ૫૯,૦૦૦ કિલોમીટરનું નહેરનું માળખું ૧૭.૯૨ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપી રહી છે. ૨૦ વર્ષમાં આપણે પૂરું કર્યું છે. રૂપિયા ૭૯ કરોડના ખર્ચે આ યોજના સન ૨૦૨૫માં સંપૂર્ણ પૂરી થવા જઇ રહી છે. એના નામે કોઇને હવે પછી રાજકારણ કરવાનો મોકો ન રહે એ રીતે આપણે પૂરી કરી રહ્યા છીએ. કચ્છ શાખા નહેરની કુલ લંબાઇ ૩૫૭.૧૮ કિલોમીટર છે. જે ઓગસ્ટ-૨૦૨૨માં પૂરી થઇ છે. નર્મદા ડેમથી ૪૪૨ કિલોમીટર દૂર માંડવી તાલુકાના મોરકુબામાં પણ પાણી પહોંચાડવાનું કામ શ્રી નરેન્દ્રભાઇએ કર્યું. કચ્છ શાખા નહેર વિતરણ માળખું કયાંક મિસિંગ લિંક તો કયાંક સબ માઇનોર પાઇપલાઇન જે પણ કામ બાકી છે. નર્મદાનાં જે કામ બાકી છે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે નિશ્ચય કર્યો છે કે વર્ષ ૨૦૨૫માં આપણે એને પૂરું કરી દેવું છે અને આગામી બજેટમાં ૧૦૮૨ કરોડની આપણે જોગવાઇ કરી છે. બનાસકાંઠા જિલ્લાના ૨૨ ગામોના ૧૩,૮૮૪ હેક્ટર વિસ્તાર માટે આશરે ૪,૦૦૦ ખેડૂતભાઇઓને લાભ આપવા માટે નવીન સિંચાઇ વ્યવસ્થા ઊભી કરવા માટે રૂ.૧૦૩ કરોડની યોજના સરકારે મંજૂર કરી છે. આ કામગીરી વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૧,૭૭૦ કરોડના ખર્ચે પૂરી કરવાની છે. નર્મદા યોજના થકી ગુજરાતને સમૃદ્ધિની દિશામાં આપણે અગ્રેસર લઇ જવાની છે. વીજળીની વાત કરીએ તો કેવળ નર્મદા યોજનાથી ૪૨૧ કરોડ વીજ યુનિટ આશરે ૧,૬૮૪ કરોડનું આપણે ઉત્પાદન કર્યું છે. રૂ.૪ પ્રતિ યુનિટ જે નર્મદા યોજનાના ઇતિહાસમાં સૌથી વધારે આ વખતે આપણે વીજ ઉત્પાદન કર્યું છે. ચાલુ વર્ષે નહેરોમાં પણ નાના જળ વિદ્યુત મથકો થકી ૪.૧૩ કરોડ યુનિટ અને કુલ ૩૦.૮ કરોડ રૂપિયાની વીજળીનું ઉત્પાદન થયું છે. ચાલુ વર્ષે ટોપ અને કેનાલ બેંકના કુલ ૨૫ મેગાવોટના સોલાર પાવર પ્લાન્ટ થકી ૩.૦૮ કરોડ યુનિટ થતા ૨૦.૭૦ કરોડ યુનિટ સોલાર વીજ ઉત્પાદન થયું છે. ૨૦૨૨માં ચોમાસામાં આવેલા ભારે પૂરના કારણે આશરે ૫૦ મિલિયન એકર ફીટ પાણીની આવકમાંથી નર્મદા બંધ ઓવરફલો થવાના સમયગાળામાં ૧.૩૫ મિલિયન એકર ફીટ જેટલું વધારાનું પાણી ઉપલબ્ધ થતા તેમાંથી ઉત્તર ગુજરાતના ૯૫૭, સૌરાષ્ટ્રના ૧૫૬ અને કુલ ૩૧ બંધોમાં પાણી ભરી ગુજરાતમાં સિંચાઇના ઘરગથ્થુ વપરાશ માટે પાણીની સુવિધાઓ આપણે ઉપલબ્ધ કરાવી છે. ઘણીબધી બાબતો માટે આ રૂપિયા માગણી ૧૦૧ અને ૧૦૨માં મૂકયા છે. એ મુખ્યત્વે નર્મદા યોજના પૂરી થાય અને એનો લાભ લોકો સુધી પહોંચે એના માટે કર્યો છે.

તા. ૧૩મીમાર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની પણ માગણીઓ છે. શહેરી વિકાસની જયારે માગણીઓ હોય ત્યારે એક પિકચર વર્ષો પહેલા આવ્યું હતું રોટી, કપડા ઔર મકાન. રોટી પણ મફત, મકાન પણ હવે લોકોને સીધેસીધી છત મળે એ પ્રકારની સરકાર. પિકચર તો મનોજકુમારનું વર્ષો પહેલા આવ્યું હતું પણ પિકચરનો અમલ રોટી, કપડા ઔર મકાન ૧૯૭૧થી બોલાતું આવ્યું છે અને રોટી અને મકાન આપવાનું કામ, આવક વધારવાનું કામ, રોજગાર આપવાનું કામ ગુજરાતમાં ચાલુ થયું. કાયમ માટે નંબર-૧ રહ્યું. આજે પ્રધાનમંત્રી મોદી સાહેબ ઉપર બેઠા જ છે એટલે સ્વાભાવિક છે ૪૮ ટકા પ્રજા શહેરોમાં રહે છે અને લગભગ ૫૦ ટકા શહેરોમાં રહેતી હોય એટલે એનું ઇન્ફ્રાસ્ટ્રકચર, એની પાયાની જરૂરિયાત કારણ કે જયારે ઔદ્યોગિક વિકાસ થાય ત્યારે લોકોનું શહેરીકરણ થતું જ હોય છે. ગુજરાત એ વિકાસની દિશામાં છે એટલે સ્વાભાવિક શહેરીકરણ વધે જ. શહેરીકરણના કારણે ૪૮થી ૫૦ ટકા લોકો શહેરોમાં વસતાં થયાં છે. અડધું ગુજરાત આજે શહેરોમાં વસે છે. ગુજરાતનાં શહેરોમાં વસતા લોકોની ચિંતા પહેલી વખત ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ચાલુ થઇ છે. રૂપિયા ૧૬,૧૩૧ કરોડની માગણીઓ આ વર્ષે આપણે મૂકી છે. વર્ષોવર્ષ આ માગણી વધતી જાય છે અને આપણે વધારતા પણ જઇએ છીએ. કારણકે આજે શહેરીકરણ વધી રહ્યું છે. ઉદ્યોગો શહેરોમાં આવે છે એટલે લોકોને ત્યાં આગળ રોજગારીના અવસરો મળે છે. શહેરનો વિકાસ થતો હોય એટલે માળખાકીય સગવડો ત્યાં પણ વધારવી પડે. પીવાના પાણી, લાઇટ, ગટર લાઇન આ બધુ વધારવું જ પડે. સાથે સાથે ડેઇન્સ પોપ્યુલેશન થાય એટલે સ્વચ્છતાવાળો વિષય પણ એમાં લેવાનો થાય છે. એટલે આ વખતે આપ જે બજેટની જે જોગવાઇ કરી છે તેમાં વધારો કર્યો છે. સાથે સાથે કહેતાં આનંદ થાય છે કે જી-૨૦ની બેઠકો મળતી હોય યજમાની આપણી હોય, ચેરમેનશીપ ભારતની હોય, આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબની હોય અને તેમાં અહીં જે બેઠકો મળી તેમાં ગુજરાતમાં દુનિયાભરના પ્લાનરો, શહેરોની વિકાસની ચિંતા કરવાવાળા બેસતા હોય ત્યારે તેમાંથી આપણે શીખવાનું. આપણે પણ આપણી પાસે કોઇ નવી બાબત હોય તો લોકોને આપવાની. જી-૨૦ની મહત્ત્વની બેઠક આપણા ત્યાં મળી હતી. આપણે ચર્ચાઓ કરી છે. દુનિયામાંથી આવકાર્ય બાબતો આપણે ધ્યાનપૂર્વક આપણા અધિકારીઓ ત્યાં બેસી તેને ઓબ્ઝર્વ કરી કેવી રીતે કામ કરાય, સ્માર્ટ સિટીમાં આપણાં ગુજરાતનાં છ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કયાંક ને કયાંક જયારે પણ સ્પર્ધા થાય એટલે પહેલો, બીજો અને ત્રીજો નંબર ગુજરાત હોય જ. આવું સારું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર.... ઉંઘ આવે છે.

અધ્યક્ષશ્રી : એમને હાલરડાં જેવું લાગતું હોય તો જ ઉંઘ આવે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રત્યેક ગરીબ વર્ગીય નાગરિકના માથે છત હોય તેના માટે પ્રધાનમંત્રી આવાસ યોજના બનાવી છે. રોટી તો ખરા કપરાં સમયમાં આપી. મકાનની જરૂરિયાત દરેક માણસને કાયમ માટે હોય છે. આ વર્ષના ૨૦૨૩-૨૪ના બજેટમાં રાજ્યમાં ૧ લાખ જેટલા લોકોને આવાસ પૂરું પાડવાનું લક્ષ્યાંક છે. તેમાં રૂપિયા ૧,૦૬૬ કરોડ ફાળવ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના સન ૨૦૧૬માં શરૂ કરી અને તેમાં ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે આજદિન સુધી ૮.૬૧ જેટલા આવાસો મંજૂર કરી ૭.૪૬ લાખ આવાસ પૂરા કર્યા છે. આ જે આવાસો આપીએ છીએ તે ચાર સેગમેન્ટસમાં આપીએ છીએ. તેની એક સમજ આપું, કારણ કે ઘણા બધા ધારાસભ્યો પોતપોતાના વિસ્તારમાં આવા ગરીબ લોકોને મકાનો અપાવવા માટેનો પ્રયત્ન કરતા હોય છે.ખાનગી ભાગીદારી મારફતે જમીનનો ઉપયોગ કરી હાલની ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને મૂળ સ્થાન ઉપર પુનર્વસન કરવાની યોજના છે. તેમાં કેન્દ્ર સરકાર દ્વારા ૧ લાખ રૂપિયા અને રાજ્ય સરકાર દ્વારા ૧ લાખ રૂપિયા સ્થાનિક સ્વરાજયની સંસ્થાને આપીએ છીએ. જે જમીન હોય, ઝૂંપડપટ્ટીની જમીન હોય તો ત્યાં આગળ કોઇ પ્રાઇવેટ બિલ્ડર હોય અને તે ડેવલપ કરવા માગતા હોય તો ત્યાં મળવાપાત્ર એફએસઆઇમાં આ લોકોનો સમાવેશ કરી વધારાની એફએસઆઇ તેના નફામાં લઇ જાય છે. તે પ્રકારની વ્યવસ્થા સાથેની આ યોજના છે. એફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશીપ (એએચપી) રાજ્ય સરકાર દ્વારા આ ઘટક હેઠળ રાજયમાં જાહેર જમીનનો ઉપયોગ કરી આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પોષણક્ષમ ભાવે આવાસ પૂરું પાડવાનો હેતુ છે. જેની અંદર પ્રતિ આવાસ ૧.૫૦ લાખ રૂપિયા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર આપે છે અને આ બંને ભેગા થઇ તેમાં આગળ વધી રહ્યા છે. એમાં જો આગળ વાત કરું તો ઝૂંપડપટ્ટી પુનઃ વસનમાં મેં કહ્યું તેમ ૩૦ ચોરસ મીટર આવાસની કિંમત નક્કી થઇ છે ૫.૫૦ લાખ એમાં ૧ લાખ રૂપિયા આપણે આપીએ છીએ, સ્થાનિક સ્વરજયની સંસ્થાને આપીએ છીએ ભાગીદારી દ્વારા એફોર્ડેબલ હાઉસિંગ છે એ.એચ.પી. એમાં ૩૦ મીટર સુધી આવાસની કિંમત ૬ લાખ રૂપિયા નક્કી કરી છે, એમાં ૧.૫૦ લાખ આપણે એટલે કે રાજ્ય સરકાર આપે છે, ૧.૫૦ લાખ કેન્દ્ર સરકાર આપે છે અને બાકીના ઇ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં ૩ લાખ લાભાર્થીએ ભોગવવાના હોય છે અને બીજામાં એટલે કે ૩૧થી ૪૦ ચોરસ મીટર છે એમાં ૫.૫૦ લાખ જે મકાન પ્રાપ્ત કરે છે એણે આપવાના હોય છે અને બાકીના રાજય સરકાર ઉમેરી એને સરસ મજાનું મકાન આપે છે. માનો કે જમીન લાભાર્થીની પોતાની હોય પણ તૂટેલું, કાચું, પાકું ઝૂંપડું હોય અને મકાન બનાવવાની જોગવાઇ ન હોય તો એમાં ૩૦ ચોરસ મીટરમાં ૪ લાખની કિંમત નક્કી કરી અને ૩.૫૦ લાખ રૂપિયા આપણે આપીએ છીએ અને મકાન બનાવવાવાળો લાભાર્થી છે એનો ફાળો ૫૦ હજારથી ૭૦ હજારની આજુબાજુ આપવાના છે આમ ખૂટતી રકમ જ એણે આપવાની રહે છે. આ ક્રાઇટેરીયા ૩૦ ચોરસ મીટરમાં લાગુ પડે છે એના સિવાય ગરીબ અને મધ્યમ વર્ગના માણસો માટે વ્યાજ સહાય, એ માનો કે લોન લે છે તો લોનમાં પણ વ્યાજ સહાય આપવાનું આપણે નક્કી કર્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણમાં અન્ય રાજયની સરખામણીમાં આપણે પહેલા છીએ. ક્રેડિટ લિંક

સબસિડી હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજયને સન ૨૦૧૭માં પ્રથમ ક્રમાંકનું પ્રમાણપત્ર, હાલ પણ ગુજરાત રાજય આ ઘટક હેઠળ ૪.૯૧ લાખ કરતા પણ વધારે લાભાર્થીઓને પ્રથમ આવાસ પર લીધેલ લોન વ્યાજ સહાયનો લાભ અપાવી અન્ય રાજયોની સરખામણીમાં અગ્ર ક્રમાંકે છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના એવોર્ડ ૨૦૧૯ અંતર્ગત ગુજરાત રાજયને સ્પેશિયલ કેટેગરીમાં ત્રણ એવોર્ડ, બી.એલ.સી. અંતર્ગત (અંતરાય) હાઉસ કન્સ્ટ્રકશન કેટેગરીમાં પણ એવોર્ડ(અંતરાય) અમે તો અમારું ૧૫૬વાળું ટાસ્ક ચાલુ રાખીશું, તમારે તમારું ચાલુ રાખવાનું.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આમાં આપણે એક પ્રતિબંધ મૂકવા જેવો લાગે છે. માનનીય શૈલેષભાઇ બેઠાં બેઠાં કોમેન્ટ ના કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી એવોર્ડ ૨૦૨૧ એમાં આપણને એક સાથે ૭ એવોર્ડ મળ્યા છે. આખા દેશની અંદર આ યોજના ચાલે છે પણ ગુજરાતને ૭ એવોર્ડ એટલા માટે મળે છે કારણ કે ગુજરાતે મોદી સાહેબને ઓળખેલા છે અને મોદી સાહેબની યોજનાઓ પાછળ રાજય સરકારને વિશ્વાસ છે કે એ જે યોજના બનાવે એ રાજયને આગળ લઇ જનારી હોય એના કારણે એમાં રાજય જે રીતે સહભાગી થયું એના કારણે ૭ એવોર્ડ મળ્યા છે. એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેકસ નીતિ જાહેર થયાથી ત્રણ માસમાં સુરત શહેરના સુડા વિસ્તારમાં નિર્માણ પામેલ ૩૯૩ આવાસોને ભાડાના મકાનમાં રૂપાંતરિત કરી પ્રોજેકટની મંજૂરી મેળવનારું ગુજરાત પહેલું રાજય બન્યું છે. ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ અંતર્ગત લાઇટ હાઉસ પ્રોજેકટ અમલીકરણ કરવા કેન્દ્ર સરકાર દ્વારા ભારતભરમાંથી પસંદ કરવામાં આવેલ ૬ રાજયો પૈકી ગુજરાત રાજયની રાજકોટ શહેરના ૧,૧૪૪ આવાસો ટનલ ફોમવર્ક દ્વારા મોનોલીથી કોંક્રિટ કન્સ્ટ્રકશન ટેકનોલોજીના ઉપયોગથી બનાવ્યા એટલે બહુ ઝડપથી મકાન બની જાય. ચાઇના અને જાપાન જે ટેકનોલોજીથી ઝડપથી બિલ્ડિંગોનું નિર્માણ કરે છે એવી જ ટેકનોલોજી વાપરી એ પ્રકારે આ આપણે કામ કર્યું છે. ખૂબ બધી વાતો થાય છે પરંતુ મારે આખા ભારતમાં અનોખું એવું આપણા ગિફ્ટ સિટીની જ્યારે વાત કરવી હોય ત્યારે બાકીનું ટૂંકાવી ગિફ્ટ સિટી વિશે બોલવા માગું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હજુ જી.એ.ડી.ની બે માગણીઓ છે ૩૧ અને ૩૩ એટલે ઝડપથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગિફ્ટ સિટીના વિકાસ માટે આપણે ૨૦૦૭માં તેની સ્થાપના કરી હતી. Gujarat International Financial Tech City Company Limitedની સ્થાપના કરી હતી. આ પાછળનો હેતુ ગુજરાત રાજયની અંદર એ વખતે મુખ્યમંત્રી તરીકે પ્રધાનમંત્રી મોદી સાહેબ હતા. ગુજરાત ગિફ્ટ સિટીનો મુખ્ય હેતુ વૈશ્વિકી કક્ષાનો નાણાકીય કેન્દ્ર બનાવવું હતું અને નાણાકીય કેન્દ્ર કોઇ પણ બને તમે એક દાખલો લઇ લો તો સિંગાપુર છે, દૂબઇ છે, મુંબઇની અંદર પણ ઓટોમેટિક જે રીતે વિકાસ થયો છે તેના કારણે રાજયનો પણ વિકાસ થાય, દેશનો પણ વિકાસ થાય એ રીતે ગુજરાતનો વિકાસ કરવા માટે આ ગિફ્ટ સિટીના નિર્માણનો વિચાર આદરણીય નરેન્દ્રભાઇને આવ્યો હતો અને ગિફ્ટ સિટી એક માત્ર કાર્યરત આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાનું કેન્દ્ર છે. જે વ્યવહારો પહેલાં વિદેશોમાં વિદેશી મુદ્રામાં થતાં હતા તે હવે GIFT IFSCમાંથી થાય છે. GIFT IFSCમાં બેન્કો, ઇન્સ્યુરન્સ, રી-ઇન્સ્યુરન્સ કંપનીઓ, આંતરરાષ્ટ્રીય એક્સ્ચેન્જો, આઇએફએસસી તથા ભારતમાં ન થતાં વિદેશી બિઝનેસ ગતિવિધિઓ જેવી કે, Aircraft Leasing, Financing, Global Inhouse Centre, Ship leasing, Financing, Global Treasury works, Alternativ Investment Funds (AIF), અહીંયા કાર્યરત થઇ ગયા છે. હાલમાં ભારતીય કંપનીઓ આંતરરાષ્ટ્રીય મૂડી બજારમાં બોન્ડસનું લિસ્ટિંગ કરાવે છે. ગિફ્ટ આઇએફએસસીમાં બે આંતરરાષ્ટ્રીય એકસ્ચેન્જોની શરૂઆત થતાં.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, ગિફ્ટની વાત ચાલે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય કંપનીઓ સરળતાથી ઓછાં ખર્ચે GIFT IFSCમાં લિસ્ટિંગ કરાવી શકે છે. આજસુધીમાં GIFT IFSC ખાતે આશરે યુ.એસ.ડોલર ૫૦ મિલિયનથી પણ વધારે બોન્ડનું લિસ્ટીંગ થયુ છે. જેમાં એક્સિસ બેન્ક, એસ.બી.આઇ., એચ.ડી.એફ.સી., આઇ.સી.આઇ.સી.આઇ., ઇન્ડિયન ઓઇલ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, GIFT IFSC ખાતેથી કાર્યરત કંપનીઓ વર્ષ ૨૦૨૨-૨૩ના જાન્યુઆરી, ૨૦૨૩ સુધીમાં રૂપિયા ૮,૮૪૧ કરોડનું આપણે એકસપોર્ટ કર્યું છે તેના આગલા વર્ષે આપણે રૂપિયા ૩,૪૦૨ કરોડ જ હતી તેમ લગભગ ડબલ કરતા વધારે આ ગિફ્ટ સિટીમાં આપણે એક્સપોર્ટ કર્યું છે. GIFT IFSC તથા આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવહારોની માહિતી નીચે આ જે લખી છે તે પ્રમાણે શેરબજારનું રોજીંદુ ટર્ન-ઓવર ૨૧.૨ બિલિયન ડોલર, Alternative Investment Fund Committed તે ૧૦.૬ બિલિયન ડોલર, ૨૩ ઇન્સ્યુરન્સ કંપનીઓના આશરે ૩૦ બિલિયન ડોલર ઇન્સ્યુરન્સ બિઝનેસ આપણને પ્રાપ્ત થયો છે. બેન્કોની જાન્યુઆરી,૨૦૨૩ સુધીમાં ૩૫ US Billion Dollarsની assets આપણે ઊભી કરી છે. જાન્યુઆરી, ૨૦૨૩ સુધીમાં ૩૦૦ US Billion Dollarથી પણ વધારે એકત્રિત બેન્કિંગ નાણાકીય વ્યવહારો થયા છે. બેન્કો દ્વારા ૫૨૩ US Billion Dollarના Derivative એકત્રિત નાણાકીય વ્યવહારો થયા છે. નામાંકિત આંતરરાષ્ટ્રીય બેન્કો જેવી કે Standard Charterd Bank, MUFG, BMC, Barclays Bank, Citi Bank, Deutsche Bank, HDFC તથા ઘણી અન્ય બેન્કો ઇન્સ્યોરન્સ અને રી-ઇન્સ્યોરન્સ કંપનીઓ બે આંતરરાષ્ટ્રીય એકસચેન્જો તેની મૂડી બજાર

સાથે જોડાયેલી Intermediatery GIFT City સાથે કાર્યરત છે. જે મહત્ત્વની વાત કરવી છે આંતરરાષ્ટ્રીય બુલિયન એકસચેન્જની પણ સ્થાપના થઇ ગઇ છે. અહીંથી સોના ચાંદીના ભાવ પડે અને દુનિયા સાથે સોના ચાંદીનો વેપાર થઇ શકે, ભાવો પણ નક્કી કરવા માટે બુલિયન એકસચેન્જ આપણને મળતું હોય, ગુજરાતને મળતું હોય અને આ ભારતમાં પહેલું છે. ભારતમાં આવુ કયાંય નથી એવુ બુલિયન એકસચેન્જ આપણને મળવાનું છે અને ભવિષ્યમાં Arbitration Center પણ અહીંયા આપણને પ્રાપ્ત થવાનું છે. રાજયના આર્થિક પરિમાણોમાં નવીન દિશા તેમજ રોજગારી ઉત્પન્ન કરતી ગિફ્ટ સિટી હજુ ઉત્તરોત્તર વિકાસની નવી સંભાવનાઓ માટે આ વર્ષે જયારે રૂપિયા ૭૬ કરોડની જોગવાઇ જયારે કરી છે એટલે બધા સભ્યોને મારી વિંનતી છે કે ગુજરાતના વિકાસમાં કાપ ના મૂકે, પાણીમાં કાપ ના મૂકે, ખેડૂતોના ખેતરમાં કાપ ના મૂકે અને જે પગાર ધારાસભ્યોને મળી રહ્યા છે, મંત્રીઓને મળી રહ્યા છે એમાં કાપ ના મૂકે. સામાન્ય વહીવટ વિભાગની ૩૦, ૩૧ અને ૩૩ ઉપર રૂ.૫૦૨ કરોડની વિગતો આ ગૃહ સમક્ષ મૂકી છે. ઇ-ગવર્નન્સ, સેવાસેતુ, ગામડા સુધી પહોંચવાનો કૉન્સેપ્ટ, સરકાર લોકોના ઘરે જાય, ગામડે જાય, લોકોને જોઇતા સર્ટિફિકેટ ત્યાંને ત્યાં કાઢી આપે. ટૂંકમાં સરકારની દોડ અને મજલ જે દિશામાં છે, ટૅકનોલોજીના માધ્યમથી ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવાનો વિષય છે એટલા માટે ક્યાંય પગારમાં કાપ ના આવે, પીવાના પાણી ઉપર કાપ ના આવે, ખેડૂતોના ખેતરોના પાણી ઉપર કાપ ના આવે, શહેરોના વિકાસમાં ક્યાંય કાપ ના આવે. મારી મિત્રોને વિનંતી છે કે કાપ વગર આ દરખાસ્તો મંજૂર કરે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તમારી માગણી ક્રમાંક - ૩૩ ઉપર કાંઇ પ્રકાશ પાડવો હોય તો હજી તમારી પાસે એક મિનિટ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : મેં ઇલેક્શનની માગણી સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ સાથે લઇ લીધી છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત નર્મદા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભરૂચથી અમદાવાદ નર્મદાની જે મેઇન કેનાલ જાય છે. એમાંથી અમારા ૨૬૨ લિંક તળાવો આવેલા છે. એમાંથી એક પણ તળાવ આજ સુધી ભરાતું નથી. અન્ય જગ્યાએ ચાર-ચાર વખત તળાવો ભરવામાં આવે છે. અમદાવાદથી ભરૂચ સુધીના ૨૬૨ લિંક તળાવો જે કૅનાલને અડીને આવેલા છે એ ભરવા માગો છો કે કેમ? એનાથી અમારા ગામડાના ઢોર અને ખેતીને પણ નુકસાન થાય છે. ખેતરમાં સિંચાઇ થતી નથી. આ તળાવો ભરવા માગો છો કે કેમ?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીને પૂછવા માગું છું કે નર્મદા ટ્રિબ્યૂનલે ચુકાદો આપ્યો એ પછી પાણીનો ઉપયોગ ટીપે-ટીપે થાય એટલા માટે ત્રણ નિર્ણયો લીધા હતા. એક તો Water Distributation Act બનાવવાનો નિર્ણય લીધો હતો. છેવાડાના વિસ્તારોમાં પાણી ન મળવાની ફરિયાદ દરેક ડૅમમાં રહે છે. આવું ન થાય એટલા માટે પ્રપોશનેટલી બધાને પાણી મળે એટલા માટે એક એક્ટ બનાવવાનો અને પાણીના ટીપે-ટીપાંનો ઉપયોગ થાય એટલા માટે ફાર્મરની વૉટર કૉ-ઓપરેટિવ સોસાયટી બનાવવાની અને બધું જ પાણી સ્પ્રિંકલર અને ડ્રિપ ઇરિગેશન મારફત આપવાનું નક્કી કર્યું હતું. આ પહેલેથી કર્યું હોત તો સારું હતું. હવે બધા ખેડૂતોને ટેવ પડી ગઇ. હજી મોડું નથી થયું. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આપણે વૉટર ડિસ્ટ્રિબ્યૂશન એક્ટ બનાવવાના છીએ કે કેમ? ફાર્મર કૉ-ઓપરેટિવ્સનો અમલ બરાબર થાય અને પાણીનો પૂરેપૂરો ઉપયોગ થાય એટલા માટે સ્પ્રિંકલર અને ડ્રિપ ઇરિગેશનનો ઉપયોગ ફરજિયાત કરીએ તો આના કરતાં ત્રણ ગણા વિસ્તારોને આપણે ફાયદો કરાવી શકીએ. એ કરવા માગો છો કે કેમ?

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે અર્જુનભાઇએ વાત કરી એ પ્રમાણે આપણે વૉટર રેગ્યુલેટરી ઓથોરિટી બનાવવા માટે ગૅઝેટમાં ડિક્લેર પણ કરી ચૂક્યા છીએ એ આપણે ક્યારે બનાવીશું? બીજું આપે વાત કરી એમ ૧૨ લાખ હેક્ટરમાં સિંચાઇનું પાણી પહોંચાડ્યું છે. બીજા ૬ લાખ હેક્ટરમાં બાકી રહ્યું છે. વર્ષ ૨૦૨૫માં એવોર્ડ પૂરો થાય છે. ૪૩ વર્ષમાં આપણે ૧૨ લાખ હેક્ટરમાં પાણી પહોંચાડ્યું તો બાકીના ૬ લાખ હેક્ટરમાં આવતા દોઢ-બે વર્ષમાં પાણી પહોંચશે? જો હા તો એમાં ૬,૦૦૦ માઇનર અને સબમાઇનર કૅનાલો બનાવવાની છે એની આ બજેટમાં કોઇ જોગવાઇ છે?

**સભાગૃહનું કામકાજ લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણીઓ પરની ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

ડો. સી.જે. ચાવડા (કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ પરની ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમારા વિરમગામ વિધાનસભાના નળ કાંઠા વિસ્તારના ઘોડા ફિડરમાં ગેટ મૂકવામાં આવે તો ૧૨થી ૧૪ ગામોને કાંસ મારફતે નર્મદાનું પાણી સારી રીતે પહોંચી શકે. આ સિવાય સમગ્ર ગુજરાતમાં ઉનાળાના સમયમાં જો કેનાલની સાફ સફાઇ, બાવળ હટાવવાનું કામ અને રિપેરિંગ કામ ઝડપથી પૂર્ણ થઇ જાય તો ખેડૂતોને પાણી આપવાના વિશેષ સમયે સમયસર પાણી પહોંચી શકે.

ફાલ્ગુન ૨૨, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમારા પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જે તે વખતે ખૂબ કેનાલો બનાવી છે પરંતુ ૧૫ વર્ષ જેટલો સમય થઈ ગયેલ હોવાના કારણે અને ઓછી સાફ સફાઈના કારણે છેવાડાના ખેડૂતો સુધી પાણી પહોંચતું નથી તે પાણી સમયસર ખેડૂતો સુધી પહોંચે. આ ઉપરાંત બનાસ નદીમાં એક થી બે કિ.મી.ના અંતરે નાના ચેકડેમ બને જેથી કરીને પાણીનો સંગ્રહ થાય અને જમીનના તળ ઊંચા આવવાથી ખેડૂતોને લાભ મળે.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારનો ખૂબ ખૂબ આભાર માનીશ. વર્ષોથી કચ્છની સૂકી ધરતી પર છેલ્લા દિવસોમાં આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ નર્મદાના પાણીના વધામણાં કર્યાં. વધારાના પાણી માટે સરકાર ચિંતિત છે અને સરકારે બજેટ મંજૂર પણ કર્યું. અમારા કચ્છના બધા ધારાસભ્યો વતી મારી વિનંતી છે કે તે કામ તાત્કાલિક ટેન્ડર બહાર પાડીને વહેલાસર કામ પૂર્ણ કરવામાં આવે તથા કચ્છ સરહદી વિસ્તારની સાથે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર પણ હોવાથી વધારેમાં વધારે ૧૦ તાલુકાઓમાં આ પાણી પહોંચે તેની પણ ચિંતા સરકાર સેવે છે અને હજુ વધારે સેવે તેવી મારી વિનંતી છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો બનાસકાંઠાથી આપ વાકેફ છે. આ કડાણા ડેમથી ૩૩૭ કિ.મી.ની સુજલામ સુફલામ યોજના આપના વિસ્તાર છેક રાહ સુધી છે. આ કેનાલમાં ગ્રેવિટીથી બે હજાર ક્યુસેક પાણી રાહ સુધી પહોંચે તેવી યોજનામાં જે કોઈ અડચણ છે તે તાત્કાલિક દૂર થાય તેવી મારી વિનંતી છે. બનાસકાંઠા જિલ્લામાં જ્યાં હજુ નર્મદાના નીર પહોંચ્યા નથી ત્યાં સિંચાઈની વ્યવસ્થા માટે ગંભીરતાથી નોંધ લેવામાં આવે તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : સામાન્ય રીતે માગણીઓ પર આટલી વિસ્તૃત ચર્ચા થતી હોતી નથી અને પ્રશ્ન પણ પૂછવાના હોતા નથી પરંતુ અધિકારીશ્રીઓ હાજર છે અને મંત્રીશ્રીઓની પણ આજે માગણી મંજૂર થાય છે એટલે પ્રજાની પ્રાથમિકતાનો ખ્યાલ આવે તે કારણસર ઘણા બધા સભ્યશ્રીઓને તક આપી. ગ્રાઉન્ડ લેવલ ઉપર ખરેખર શું જરૂરિયાત છે તે ધ્યાન ઉપર આવે એટલા માટે ચર્ચા કરીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં જે ડ્રાફ્ટ ટી.પી. પડી ગયેલ છે તેમાં મારી વિધાનસભામાં ૩૮-૩૯ ડ્રાફ્ટ ટી.પી. ઘણા સમયથી પડતર છે. જેના લીધે ફાઈનલ પ્લોટ ન પડવાના કારણે કોઈ પણ સરકારી મિલકત ત્યાં ઊભી કરી શકતા નથી, એટલે ડ્રાફ્ટ ટી.પી.માંથી ફાઈનલ ટી.પી. કરવા માટે માગણી કરું છું. મારી વિધાનસભા વિસ્તારમાં વરસાદી પાણીનો જે નિકાલ થાય છે તે બહેરામપુરા વૉર્ડમાં આજની તારીખમાં સ્ટોર્મ ડ્રેનેજની કોઈ પણ યોજના નથી તો આપ અમારા પ્રભારી પણ છો અને મંત્રી તરીકે જવાબ આપો છો તો ખાતરી આપો કે આ કરાવી આપશો તેવી વિનંતી કરું છું.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. રાજકોટ લગભગ ૨૦થી ૨૨ લાખની વસ્તી ધરાવતું સંપૂણ નર્મદા આધારિત શહેર છે. રાજકોટનો આજી ડેમ અને ન્યારી ડેમ હમણાં જ નર્મદાના નીરથી ભરવામાં આવ્યો છે એના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. આગામી દિવસોમાં ઉનાળાની અંદર જ્યારે પાણીની વધારે તકલીફ પડે ત્યારે ડેમ સમયસર પાછો ભરવામાં આવે તેવી મારી માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીને વિનંતી છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં રૂ.૧૦૩ કરોડની યોજના મંજૂર કરવામાં આવી છે એ માટે હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. ભૂતકાળમાં ઘણા બધા ખેડૂતોએ કેનાલ માટે પોતાની જમીન આપી હતી એનો ત્રીજો હપ્તો ચૂકવવાનો બાકી છે. એ વહેલી તકે ચૂકવાય અને ઉનાળાની સિઝન આવે છે ત્યારે આ વખતે કેનાલમાં પાણી વધારે છે. આગામી તા.૩૦/૦૪/૨૦૨૩ સુધી ખેડૂતોને પાણી આપવામાં આવે એવી ખેડૂતો વતી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી એને સક્ષમ રીતે પરિપૂર્ણ કરવી હોય તો સરકારે નિયમિત ભરતી કરવી પડે. આ રાજ્યમાં વર્ગ-૧, ૨, ૩ અને ૪ની ૩૦ ટકા કરતાં વધારે જગ્યાઓ ખાલી છે. લોકશાહીને સક્ષમ કરવા માટે કર્મચારી/અધિકારીઓ એ ત્રીજું પરિબળ છે. હું એક દાખલો આપું તો, મારા વિજાપુર મત વિસ્તારમાં છેલ્લાં પાંચ વર્ષમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બનતી જે સડક યોજના છે એમાં ૫૦ રોડ મંજૂર થયેલા છે પણ આજની તારીખે કામ શરૂ થયું નથી. અધિકારીઓ/કર્મચારીઓની ખાલી જગ્યાઓને કારણે આ કામ થતું નથી. આથી સમયસર ભરતી શિડ્યુલ બનાવીને આવી ખાલી જગ્યાઓ ભરવા માગો છો કે કેમ?

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં બે નગરપાલિકાઓ અને બે તાલુકાઓ આવેલા છે. જેમાં જંબુસર નગરપાલિકામાં છેલ્લાં ૧૫થી ૨૦ વર્ષથી પીવાના પાણીની ખૂબ મોટી સમસ્યા છે. માનનીય મંત્રીશ્રી સારી રીતે જાણે છે અને મને પ્રોમિસ પણ કર્યું છે. અમારી માગણી વહેલી તકે પૂર્ણ થાય અને નગરપાલિકાને પાણી મળે એવી મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને માગણી અને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એકાદ વખત આવું એક-એક મિનિટ માટેનું ફ્રી સેશન પણ રાખી શકાય. જેથી ધારાસભ્યશ્રીઓ તાત્કાલિક પ્રશ્નો પૂછી શકે અને અધિકારીશ્રીઓ બધાને વ્યક્તિગત તો ન મળી શકે પણ એને પ્રાયોરિટીથી લે. અહીંથી અમે

પણ મિનિટસ આપીશું. જે ધારાસભ્યશ્રીઓ બોલ્યા છે એનો જે રેકર્ડ છે એ પણ આપણે મંત્રીશ્રીઓને પહોંચાડીએ કે જેથી તેઓશ્રી એમના વિભાગ સુધી પહોંચાડે. બાકી બધી નોંધ તો એમણે કરી જ હશે. એને પ્રાયોરિટીથી લેવાની વ્યવસ્થા કરે.

શ્રી શૈલેષ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી શૈલેષ મ.પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : **કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ પાછી ખેંચવામાં આવે છે.**

**માંગણી ક્રમાંક-૬૫ મત ઉપર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક -૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૩૦, ૩૧, ૩૩, ૧૦૧ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : આજે રાજ્ય સરકારની કુલ મળીને રૂપિયા ૨૦૧,૦૮૨,૩૭૬,૦૦૦/ - વાપરવા માટેની જે માગણીઓ છે એને આ સભાગૃહ મંજૂરી આપે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ફાલ્ગુન ૨૩, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૨૩**

**ફનલ્ગુન ૨૩, ૧૯૪૪ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : આજે ગુજરાત રાજયના માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૨ અને ૧૦ની પરીક્ષાઓ ચાલુ થાય છે એમાં ધોરણ ૧૦ની પરીક્ષાની શરૂઆત આજથી થાય છે. તો ગુજરાત વિધાનસભાના તમામ ધારાસભ્યશ્રીઓ વતી એ તમામ વિદ્યાર્થી ભાઇ-બહેનોને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.

તારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લાના સરકારી છાત્રાલયોમાં સોલર વોટર હિટર સિસ્ટમ**

* ૧૮૨૭ **શ્રી મહેશભાઈ ભુરિયા** (ઝાલોદ) : **માનનીય ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી છાત્રાલયોમાં સોલર-વોટર હીટર સિસ્ટમ સ્થાપવાની યોજના છે કે કેમ, | (૧) હા, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી છાત્રાલયોમાં સોલર-વોટર હિટર સિસ્ટમ સ્થાપવાની યોજના છે. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, | (૨) ગુજરાત સરકાર દ્વારા સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ, એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલો તથા યાત્રાધામના વિશ્રામ ગૃહોમાં ૧૦૦% સરકારી સહાયથી સોલર વોટર હિટીંગ સિસ્ટમ સ્થાપવાની યોજના છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં સરકારી છાત્રાલયોમાં કુલ કેટલી સોલર વોટર હીટર સિસ્ટમ સ્થાપવામાં આવી, અને | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ ૬ સ્થળોમાં કુલ ૧૨ સોલર વોટર હિટર સિસ્ટમ સ્થાપવામાં આવી છે. જેની કુલ ક્ષમતા ૧૯૦૦૦ લીટર પ્રતિ દિન છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) ઉક્ત સ્થિતિએ સોલર વોટર હિટર સિસ્ટમ સ્થાપવા માટે રૂ.૩૦,૪૫,૮૫૦/- ખર્ચ થયેલ છે. |

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રી મહોદય સાહેબને પૂછવા માગું છું કે, દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કઇ કઇ સંસ્થામાં કેટલી ક્ષમતાની સોલાર વોટર હીટર સિસ્ટમ લગાવવામાં આવી છે, તેમજ આ સિવાય રાજયની આદિજાતિ વિસ્તારમાં આવેલ કે.જી.બી.ની સ્કૂલો તથા નિવાસી છાત્રાલયોમાં સોલાર વોટર હીટર સિસ્ટમ સ્થાપવાનું આયોજન છે કે કેમ? અને જો હા, તો કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ અને ઘણા બધા સભ્યો હોસ્ટેલમાં ભણ્યા છે અને ઘણાને અનુભવ છે કે જે તે ટાઇમે હોસ્ટેલમાં જોવા જઇએ તો કયાંક આપણે લાકડાથી પાણી ગરમ કરતા હતા, કયાંક બંબાથી પાણી ગરમ કરતા થયા, પછી ઈલેક્ટ્રિક ગિઝર લગાવતા થયા, પરંતુ જયારથી આ સોલાર વોટર હીટરની શરૂઆત થઈ ત્યારથી આપણે જોઈએ તો દાહોદ જિલ્લાની અંદર કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, કાવરના મુવાડા, તાલુકો સંજેલીમાં લગાવવામાં આવેલ છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, પીપલીયા, પોસ્ટ થારાલીમડી, તાલુકો ઝાલોદમાં લગાવવામાં આવેલો છે. સિઝનલ હોસ્ટેલ બામરોલી, પ્રાથમિક શાળા બામરોલી, દેવગઢ બારીયામાં લગાવવામાં આવેલ છે. મદદનીશ આદિજાતિ વિકાસ કમિશનરશ્રી, ઝાલોદ, તાલુકો દાહોદમાં લગાવવામાં આવેલ છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, ન્યુ બિલ્ડિંગ, ખરેડી ડુંગળી, તાલુકો ગરબાડામાં લગાવવામાં આવેલ છે. ન્યુ બિલ્ડિંગમાં ધોરણ ૮થી ૧૨, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, રૂપા ખેડા, તાલુકો ઝાલોદમાં લગાવવામાં આવેલ છે. સભ્યશ્રીને જણાવતા મને આનંદ થાય છે કે અંબાજીથી ઉમરગામ સુધી આવનારા આ વર્ષ ૨૦૨૩ની અંદર પ્રતિ દિવસ ૧ લાખ લિટરની ક્ષમતામાં પાણી ગરમ થાય એવા ૩ કરોડ રૂપિયાના ખર્ચે બધી જ આશ્રમ શાળાઓમાં અમે વ્યવસ્થા કરી છે.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સોલર વોટર હીટર સિસ્ટમની યોજના હેઠળ કઇ ક્ષમતાની સિસ્ટમ લગાવવામાં આવે છે અને તેનાથી કેટલી વીજળીની બચત થાય છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જનરલી આપણે સરકારી છાત્રાલયોમાં જ આ બધી સિસ્ટમ લગાડીએ છીએ. જનરલી વિદ્યાર્થી દીઠ ૨૫થી ૩૦ લિટર પાણીની જરૂરિયાત હોય છે. આમ આપણે જોઈએ તો ૫૦૦, ૧૦૦૦, ૧૫૦૦ અને ૨૦૦૦ લિટરની ક્ષમતા વાળી સિસ્ટમ લગાવીએ છીએ. આમ જોવા જઇએ તો ૧૦૦ લિટર પ્રતિ દિવસ

ક્ષમતાના સોલાર વાપરીએ તો એક વર્ષમાં લગભગ ૭૦૦ યુનિટની બચત થાય છે. આમ જોવા જઇએ તો ૫૦૦ લિટરની ક્ષમતાનું લગાવીએ તો ૩૫૦૦ યુનિટની બચત થાય, ૧૦૦૦નું લગાવીએ તો ૭૦૦૦ની બચત થાય. ૧૫૦૦ લિટરની કેપેસિટીનું લગાવીએ તો ૧૦૫૦૦ યુનિટની બચત થાય. ૨૦૦૦ લિટરની ક્ષમતાનું લગાવીએ તો ૧૪૦૦૦ યુનિટની વર્ષે બચત થઇ શકે છે.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજયમાં કુલ કેટલી સોલાર વોટર હીટર સિસ્ટમની સ્થાપના કરવામાં આવેલ છે અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષની અંદર લગભગ ૩૦ જેટલી સંસ્થાઓની અંદર આ વોટર સોલાર હીટરની સિસ્ટમ લગાવવામાં આવી છે અને તેની પાછળ રૂપિયા ૧ કરોડ ૭૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ યોજના પાછળ ૧૦૦ ટકા સહાય છે કે લોકફાળો ભરવામાં આવે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ છાત્રાલયો માટેની સ્કીમ છે. તેમાં ૧૦૦ ટકા સરકાર જ લગાવી આપે છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર**

*૧૭૪૧ **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધાંગધ્રા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા સબ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્રો ઉપર કયા કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૮૭ સબ સેન્ટર અને ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે ૧૨ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

1. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
2. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય-સંભાળ સેવાઓ.
3. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય-સંભાળ સેવાઓ.
4. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
5. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન.
6. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન.
7. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.
8. સામાન્યતઃ જોવા મળતી આંખની બિમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.
9. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.
10. વૃધ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.
11. ઇમર્જન્સી તબીબી સેવાઓ.
12. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા સબ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં

તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે અને તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્ર પર કયા કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હેલ્થ અને વેલનેસ સેન્ટર દ્વાર પ્રાયમરી હેલ્થ કેર સેવાઓની વ્યવસ્થા ગામડાં સુધી પહોંચે તેના માટે આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબે પ્રયાસ કર્યો છે. ૨૦૨૨ સુધીમાં ૧,૫૦,૦૦૦ જેવા હેલ્થ અને વેલનેસ સેન્ટર. પી.એચ.સી. અને સબ સેન્ટર. સબ સેન્ટરમાં પહેલાં કેવળ એમ.પી.એચ.ડબલ્યુ. અને એફ.એચ. ડબલ્યુ. બે જ હતા પરંતુ અત્યારે આપણે ત્યાં આયુર્વેદિક ડોક્ટર અથવા તો નર્સિંગ કેડર કે જેને છ મહિનાની તાલીમ આપી હોય એવા લોકોને આપણે ત્યાં ડિપ્લોય કરીએ છીએ, જેથી કરીને આમાં આપણે દવાઓનો વધારો કર્યો છે. ટેસ્ટનો વધારો કર્યો છે. સ્ટાફ વધવાના કારણે ગ્રામ્ય સ્તરે ૩થી ૫ હજાર સુધીની જે વસતિ છે તેને ટેસ્ટિંગની સગવડ ત્યાં મળી રહે, પહેલાં હતી તેના કરતા વધારે દવાઓ ત્યાં મળી રહે. આમ તો સબ સેન્ટરમાં સાતેક પ્રકારના રાષ્ટ્રીય કાર્યક્રમો છે એ ચલાવતા હતા, પરંતુ હવે નોનકોમ્યુનિકેબલ ડિસીઝ માટે પણ આ વ્યવસ્થા કરી છે. બધા જ પી.એચ.સી. અને સબ સેન્ટર છે એ કન્વર્ટ થઇ ચૂક્યા છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારી ૯૦-સોમનાથ વિધાનસભામાં પંડવા પી.એચ.સી. સેન્ટર આવેલું છે તે અતિ જર્જરિત હાલતમાં છે. ગમે ત્યારે પડે એવી શક્યતા છે. ડોક્ટરો અને સ્ટાફ ત્યાં હોય છે એમને નુકસાન થાય તેવું છે. આપ વહેલી તકે બીજી જગ્યાએ શિફ્ટ કરવા માગો છો અને કેટલા સમયમાં નવું બનાવવા માગો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન સુરેન્દ્રનગરનો છે. રાજ્યની ચિંતા આદરણીય મુખ્યમંત્રીશ્રી કરતા હોય, આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબ કરતા હોય ત્યારે સ્વાભાવિક છે કે આટલું મોટું રાજ્ય છે એટલે નાની મોટી કમી રહી હોય, તો શ્રી વિમલભાઇ આવીને ચોક્કસ રજૂઆત કરે. પી.એચ.સી., સી.એચ.સી. અને સબ સેન્ટર કે હવે હેલ્થ અને વેલનેસ સેન્ટરમાં આપણે ફેરવીએ છીએ તેને પણ અપગ્રેડ કરી તેમાં પણ જો ઇન્ફ્રાસ્ટ્રક્ચર વીક હોય, રિપેરિંગ કરવાનું હોય, કદાચ નવું કરવાનું હોય. રાજ્ય સરકારે બજેટમાં પણ તેની પૂરતી જોગવાઇ કરી છે, એટલે આવતા પાંચ વર્ષ સુધીમાં કેન્દ્ર સરકારની મદદ અને રાજ્ય સરકારની પોતાની તિજોરી આ બન્નેમાંથી નાણાં ખર્ચી ૩થી ૫ હજાર સુધીની વસતિએ આપણે આ આરોગ્ય સેવા પહોંચાડીએ તેના માટેની તૈયારી કરી છે. ચોક્કસ તમે આપજો, આપણે ચોક્કસ કરી લઇશું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : આના પહેલાં પણ રાઈટિંગમાં ધ્યાન દોરેલું છે. વહેલી તકે થાય એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિમલભાઇ, તમને પ્રોમિસ આપ્યું છે. આજે વહેલી તકે નથી કહ્યું, આજે એમ કહ્યું કે તમે આપજો અમે ચોક્કસ કરીશું. એવું બોલ્યા છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ :તમે આપ્યું હોય એટલે સ્વાભાવિક વહીવટી પ્રોસેસમાં શરૂ થઇ ગયું હોય એટલે તેના ફોલોઅપ માટે તમે પૂછવા આવ્યા હોત તો હું જવાબ આપત.

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર કાર્યરત થવાથી મળતી સેવાઓમાં શું વધારો થશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સબ સેન્ટર અને પી.એચ.સી. , હેલ્થ અને વેલનેસ સેન્ટરમાં આપણે કન્વર્ટ કરીએ છીએ એટલે એમાં મેં પહેલાં પણ જવાબમાં કહ્યું કે જે પહેલાં સાત પ્રકારનાં સબ સેન્ટર ઉપર આપણે ટ્રીટમેન્ટ એટલે કે રાષ્ટ્રીય કાર્યક્રમો આપણે ચલાવતા હતાં એમાં નવા નોન કોમ્યુનિકેબલ ડિસીઝને પણ એમાં આવરી લીધા છે એટલે એની પણ એને દવા મળશે. એમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, મોંઢાનું કેન્સર, સ્તન કેન્સર, ગર્ભાશયના કેન્સર, આ બધા કેસોની તપાસ અને રેફરલ થકી નિદાન સારવારને યોગ્ય સમયે દેખરેખની સુવિધાઓ આપણે ઉપલબ્ધ કરી છે અને એટલું જ નહીં ટેલીમેડીસીનના આધારે કોઇ દર્દી સબ-સેન્ટરમાં આવે, પી.એચ.સી.માં આવે તો હબ અને સ્કોપની મેથડથી, માનો કે ત્યાં કોઇ સ્કીલ ડોક્ટર નથી, વર્ગ-૧ના ડોક્ટરો નથી તો એ ડોક્ટરોની સારવાર માટે ટેલિમેડિસીન દ્વારા એ ડોક્ટરનો સંપર્ક કરી અને એ રોગનો ઉપચાર, નિદાન, ટેસ્ટિંગ વગેરેની વાત કરી, એને સલાહ આપી અને જરૂર પડે તો આગળના દવાખાને પણ આપણે મોકલીએ છીએ અને ત્યાં અને ત્યાં એની સલાહ મુજબ દવા પણ આપી શકાય છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપર પહેલાં ૧૭ પ્રકારની વિવિધ લેબોરેટરી તપાસની સુવિધા અને ૧૧૯ જેવી વિવિધ આવશ્યક દવાઓ આપણે હવે પૂરી પાડી રહ્યા છીએ. પહેલા ટેસ્ટ પણ ઓછા હતા, પ્રિસ્ક્રાઇબ કરેલી દવાઓ પણ ઓછી હતી કે આટલી દવાઓ આપણે સબ સેન્ટર ઉપર રાખવી, આટલી દવાઓ આપણે પી.એચ.સી.માં રાખવી, આપણે ટેસ્ટમાં પણ વધારો કર્યો છે અને દવાઓમાં પણ આપણે વધારો કર્યો છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં ૫૦ પી.એચ.સી. સેન્ટરો બતાવ્યા છે. પી.એચ.સી. સેન્ટરનું હવે નામ આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર થશે, કારણ કે એમાં તબદીલ કરો છો અને નામ પણ બદલાય અને નામ બદલવામાં તો આપ બધા બહુ માહિર છો. હવે આ ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે એ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલાં નવાં બનાવ્યાં હતાં? નામ બદલો તો ૫૦ એ ૫૦ નવાં કેટલાં બનાવ્યાં છે?

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવાનો આકડો એમણે કહ્યો કે કેટલા નવાં છે તો કુલ આકડો છે પણ નવા કેટલા બન્યા એ એમણે પૂછયું છે તો નવાનો આકડો છેલ્લા બે વર્ષનો જોઇતો હશે તો ચાવડાજી આપને આપી દઇશ. નામ તો બદલાય અને હવે એ નામ તો કાયમ ચાલવાનું છે. ભા.જ.પ.નું નામ પણ ચાલવાનું છે. ભા.જ.પ.નું કામ પણ ચાલવાનું છે. નામ તો કયારનું બદલાઇ ગયું, હવે જેટલાં જૂનાં નામ છે એટલા સચવાય તો પણ ઘણાં છે.

**ગાંધીનગર ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગ**

* ૧૭૧૮ **શ્રીમતી રીટાબેન પટેલ** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૨૨-૨૩માં ગાંધીનગર ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) રૂ.૧૩૬,૦૦,૦૦,૦૦૦/- ની વહીવટી મંજૂરી તા.૦૭-૦૭-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે. |

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગાંધીનગર શહેર એક વેલ પ્લાનેડ શહેર છે. ગાંધીનગરમાં નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગના બાંધકામને વહીવટી મંજૂરી આપવમાં આવી છે અને ખૂબ જ મોટી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ત્યારે મારો પ્રશ્ન છે કે ગાંધીનગર ખાતેની હાલની કોર્ટ અને નવી કોર્ટમાં શું સમાવેશ થાય છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આપણી જે કોર્ટ ચાલતી હતી એ જમીન આર.એન્ડ બી. ની અને આપણી સરકારે બાંધી હતી, એમાં ૭૧૩૮ ચોરસ મીટરનું ટોટલ બાંધકામ હતું અને હવે આપણે જે નવી કોર્ટ કરવા જઇ રહ્યા છીએ એમાં એના કરતા ૬૦૦ ટકા વધારે એરિયા એટલે ૪૧૦૩૭ ચોરસ મીટર જેટલા બાંધકામને આપણે મંજૂરી આપી છે. જે આ નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગનું બાંધકામ બે બેઝમેન્ટ, પાર્કિંગ, ગ્રાઉન્ડ + સાત માળનું કરવાનું છે. ૨૮ જેટલી કોર્ટો માટે પૂર્ણ હવા ઉજાસવાળું, મોકળાશવાળું અને સાથે સાથે મિડીએશન સેન્ટર પણ આપણે ત્યાં ચાલું કરી રહ્યા છીએ એટલે એકંદરે જે આપણી પાસે કેસોનો પણ ભરાવો છે, કોર્ટમાં પણ વકીલોને બેસવાની જગ્યા, આવેલા અરજદારો જે કેસમાં ઇનવોલ્વ હોય એમાં અને સાથેસાથે જે પણ કોઇ સુવિધાઓ નાની કોર્ટમાં પહેલાં બાંધકામ ઓછું હતું, ત્યાં આગળ અગવડ પડતી હતી ત્યાં આગળ મોકળાશવાળી નવી કોર્ટ આપણે ચાલુ કરી છે. સ્ટાફની કાર્યક્ષમતા વધારવા સારું અતિ આધુનિક સ્ટાફરૂમ, રેકર્ડરૂમ, રજિસ્ટ્રાર, એડમિન બ્રાંચ, કેન્ટીન, ફાયર સેફટીની સગવડ, લિફ્ટ, પાર્કિંગ શેડ, રેન વોટર હાર્વેસ્ટિંગ, બોરવેલ, ભૂમિગત સંપ આ ઉપરાંત સી.સી. ટી.વી. સર્વેલન્સ સિસ્ટમ ઉપરાંત સોલાર સિસ્ટમ પણ આપણે અહીંયા ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ.

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાંધીનગર ખાતે જિલ્લા કોર્ટમાં મીડીએશન સેન્ટર ઉપલબ્ધ થવાનું છે કે કેમ? જો હા, તો તેના ફાયદા અને તેની ઉપયોગિતા વિશેની માહિતી આપશો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મીડિએશન સેન્ટર એટલે જે પણ કોર્ટમાં નાના મોટા કેસો ચાલતા હોય, વકીલો સામસામે દલીલ કરે, જજ સાંભળીને ફેંસલો આપે. પણ આપણે ત્યાં મધ્યસ્થતાની પરંપરા ભગવાન શ્રી કૃષ્ણના સમયથી ચાલે છે. કૌરવો અને પાંડવો વચ્ચે મધ્યસ્થી કરવા માટે ભગવાનશ્રી કૃષ્ણએ પ્રયત્નો કર્યા હતા. આજે પણ ગામડામાં પંચો ચાલે છે. આપણે તો પવિત્ર ગામ માટે પણ, જ્યાં એક પણ કેસ ન નોંધાય એના માટેની પ્રોત્સાહિત કરવાની આપણે વ્યવસ્થાઓ કરી હતી. આ મીડિએશન સેન્ટરમાં સિવિલ નેચરના, ફેમિલીના, કેટલાક ક્રિમિનલ કેસો કે જેમાં સામસામે સમાધાન થાય, ૧૩૮ની નોટિસો વગેરેના કેસો અન્યોન્યની સંમતિથી મધ્યસ્થીની હાજરીમાં બન્ને પાર્ટીઓ સંમત થાય, એની સાથે સંવાદ કરીને કેસ ત્યાંને ત્યાં પતી જાય તો ફાયદો એ થાય કે કોર્ટમાં કેસોનું ભારણ ઘટે અને સાથે સાથે બન્ને પક્ષોને સંતોષ પણ થાય. આવા ૧૪ જેટલા મીડિએશન સેન્ટરો આજે રાજ્યમાં ચાલુ છે.

અધ્યક્ષશ્રી : પંચ એટલે પરમેશ્વર.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી કાયદા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગાંધીનગર કોર્ટ ખાતે વીડિયો કોન્ફરન્સ રૂમની સુવિધા ઉપલબ્ધ થશે કે કેમ? જો થનાર હોય તો તેના ફાયદા જણાવે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમને જે જવાબ આપ્યો એમાં આ વ્યવસ્થા ઊભી કરેલી છે. વીડિયો કોન્ફરન્સ રૂમની સુવિધા ઊભી થવાથી વર્ચ્યુલી ન્યાયિક કાર્યવાહી, વર્ચ્યુલી જુબાની લઇ શકાશે. જેથી પ્રક્રિયા ઝડપી બનશે. આ ઉપરાંત રાજ્યની જેલોમાંથી પણ વીડિયો કોન્ફરન્સ દ્વારા આરોપીઓની હાજરી નામદાર અદાલતો નોંધી શકશે. જેલમાંથી આરોપી, કેદી પાર્ટી દ્વારા કોર્ટમાં લાવવા-લઇ જવામાં સરકારને ખર્ચમાં બચત થશે. કેદીની સુરક્ષા જળવાઇ રહેશે. પક્ષકારોને પણ કોર્ટમાં અવર-જવરનો ખર્ચ બચશે. એટલે કે સમયનો બચાવ થાય, ખર્ચનો બચાવ થાય. જેલમાં જે કેદીઓ છે એ

ખતરનાક પણ હોઇ શકે અને એવા કેદીઓની સુરક્ષા અથવા તો નાની મોટી ઘટનાઓ અને ઘણીવાર તો ૧૫-૧૫ દિવસે એમને બોલાવવા પડતા હોય છે ત્યારે વર્ચ્યુઅલ એમને જોડી એમની હાજરી વગેરે ન્યાયિક કાર્યવાહી આપણે કરીએ છીએ.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વધારાના જિલ્લાઓ આપણે ડીકલેર કર્યા પછી અલગ અલગ જિલ્લા મથકોએ નવી કોર્ટ બિલ્ડીંગો બનતી હોય છે ત્યારે ગીર સોમનાથ જિલ્લામાં પણ જિલ્લો અલગ બન્યા પછી અમારી જૂની કોર્ટની અંદર આવી ઘણી અગવડતાઓ છે તો નવી કોર્ટનું આયોજન સરકાર વિચારી રહી છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં રાજ્યમાં સુપ્રીમકોર્ટે પણ નોંધ્યું છે. ઉત્તર પ્રદેશને સલાહ આપવામાં આવી હતી કે આપને ન્યાયિક માળખું જોવું હોય તો ગુજરાત જાઓ. એના કારણે એ લોકો ઉત્તર પ્રદેશથી આવી ગુજરાતની કોર્ટોના નિરીક્ષણ પણ કર્યા હતા અને આપણી કોર્ટો માટે એમણે બહુ સારો અભિપ્રાય આપ્યો હતો અને રાજ્ય સરકારના વખાણ પણ કર્યા હતા. જે નવા જિલ્લાઓ બન્યા છે, આપણે ત્યાં નવા અને જૂના, આવતા સમયમાં કોઇપણ જિલ્લામાં જિલ્લાની મુખ્ય અદાલત બાકી રાખવા માગતા નથી. માત્ર જિલ્લાની નહીં પણ તાલુકા લેવલ સુધી આપણે તમામ ઇન્ફ્રાસ્ટ્રકચર માળખું નામદાર ન્યાયાધીશોને આપી એમની સગવડતામાં અને લોકોની સગવડતામાં વધારો કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગાંધીનગર મુખ્ય કોર્ટમાં કેટલા ન્યાયમૂર્તિ અને કઇ કેડરના છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લા અદાલત ખાતે એક પ્રિન્સપાલ ડિસ્ટ્રિક્ટ જજ, બે એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ, દસ સિનિયર સિવિલ જજ તથા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, સાત સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ તથા બે ટ્રેઇની સિવિલ જજ અને જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ હાલમાં કાર્યરત છે. વધુમાં ગાંધીનગર ખાતેની ફેમિલી કોર્ટમાં એક પ્રિન્સિપાલ જજની નિમણૂક કરેલી છે. શ્રી ભગાભાઇએ ગીર-સોમનાથનો પ્રશ્ન પૂછ્યો હતો એની પણ વાત કરી લઉં. ગીર-સોમનાથમાં નવી કોર્ટ માટે હાઇકોર્ટમાંથી દરખાસ્ત આવી છે, પરંતુ જમીનના ઇશ્યુ છે. આપ સૌ ઇન્ટરવીન કરીને જમીનનો પ્રશ્ન ત્યાં લોકલ લેવલે સોલ્વ કરી આપો તો બહુ ઝડપથી થઇ જશે.

**કચ્છ જિલ્લામાં ચેરનું વાવેતર**

*૨૦૫૬ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા હેક્ટર ચેરનું વાવેતર છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ચેરનું વાવેતર નીચે મુજબ છે.

| તાલુકા | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| લખપત | ૮૮૫ |
| અબડાસા | ૬૦૦ |
| **કુલ** | **૧૪૮૫** |

(૨) ઉક્ત સ્થિતિએ કંપનીઓ દ્વારા ધંધા, વેપાર અર્થે ચેરના વાવેતરને કાઢી નાખવા-નુકસાન પહોંચાડવા સંદર્ભે કેટલી ફરિયાદો મળી અને તે સંદર્ભે શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ કંપનીઓ દ્વારા ધંધા, વેપાર અર્થે ચેરના વાવેતરને કાઢી નાખવા નુકશાન પહોંચાડવા સંદર્ભે છેલ્લા બે વર્ષમાં કુલ ૭ ફરિયાદો મળેલ છે. જે પૈકી ૫ ફરિયાદની તપાસ અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવેલ છે તથા અરજદારશ્રીને પ્રત્યુત્તર પણ પાઠવવામાં આવેલ છે. તેમજ ૨ ફરિયાદો સામે તપાસ હાલ ચાલુ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચેરના વાવેતર જાળવણી માટે સરકાર દ્વારા કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચેરના વાવેતર જાળવણી માટે સરકાર દ્વારા રૂ.૨૨૯.૪૧ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે દરિયાકાંઠે કરોડો રૂપિયા ખર્ચ કરીને ચેરના વૃક્ષોનું વાવેતર કરીએ છીએ અને ઉદ્યોગો હોય કે માફિયાઓ છે એ એના પોતાના લાભ માટે એનું નિકંદન કરતા હોય છે. એમણે જવાબ આપ્યો છે એમાં કચ્છમાં છેલ્લા બે વર્ષમાં ૧૪૮૫ હેકટરમાં વાવેતર થયું અને લગભગ રૂપિયા ૨.૨૯ કરોડ જેટલો ખર્ચ થયો. આ ચેરના વૃક્ષો કચ્છની ઇકો સિસ્ટમ માટે ખૂબ જરૂરી છે. અત્યારે એન.જી.ટી.નો રિપોર્ટ આવ્યો છે એ મુજબ કચ્છમાં ગેરકાયદેસર રીતે સોલ્ટ માફિયાઓ દ્વારા આ ચેરના વૃક્ષોનું નિકંદન થઇ રહ્યું છે એની માટે ત્યાંના ઊંટ ઉચ્છેરક માલધારી સંગઠને એન.જી.ટી.માં અપીલ કરીને માગણી કરી હતી કે ત્યાં ખરાઇ ઊંટની પ્રજાતિ લુપ્ત થવા જઇ રહી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, પાંચ ફરિયાદોમાં કાર્યવાહી કરી છે એવું બતાવ્યું છે તો શું કાર્યવાહી કરવામાં આવી છે અને આપણે કોઇ એવી

કમિટી બનાવીને આખો દરિયા કાંઠો ગુજરાતનો છે એનો સરવે કરીને આ પ્રશ્નનું કાયમી નિવારણ થાય. કારણ કે, દર વર્ષે આ પ્રશ્ન આવે છે. કરોડો રૂપિયા ખર્ચ કરીએ એવું નુકસાન થાય છે એના નિવારણ અર્થે કોઇ કાયમી કમિટી બનાવીને કોઇ કાર્યવાહી કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે એમાં ફરિયાદોની વાત કરી છે એમાં ત્રણ વિભાગ છે. વન વિભાગ, પંડિત દીન દયાળ કંડલા ટ્રસ્ટ અને જિલ્લા કલેક્ટર કક્ષાએ એક કમિટી છે એ બધા મળીને જે કાંઇ ફરિયાદ આવે છે, એમાં કચ્છ જિલ્લાની બે વર્ષની ફરિયાદોમાં ચેરના વાવેતરને નુકસાનની વાત કરી છે એમાં ત્રણ પંડિત દીન દયાળ પોર્ટ ટ્રસ્ટ કંડલાની માલિકીના વિસ્તારમાં છે. એક ભારત સોલ્ટ રિફાઇનરી અબડાસા રસ્તાની બાજુમાં છે. એક જખૌ સોલ્ટ કંપનીની બાજુમાં, એક અદાણી કંપનીના એસ.ઇ.ઝેડ વિસ્તારમાં, એક વન વિભાગ હસ્તકના વિસ્તારમાં નુકસાનીની ફરિયાદ મળી હતી એમાં વન વિભાગ હસ્તકની જમીનમાં ચેરના વાવેતરને નુકસાન થયેલ છે એમાં વન વિભાગ દ્વારા ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ની કલમ ૨૬(ઘ)(જ) મુજબનો ગુનો નોંધ્યો છે અને ભંગ કરનાર એજન્સીના માણસો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જો કોઇ કંપની એસ.ઇ.ઝેડ વિસ્તારમાં વાવેતરને નુકસાન થયેલું હોય તો તે સંજોગોમાં વન વિભાગ સંબંધિત કંપનીને એની જાણ કરે અને સંબંધિત કંપની જિલ્લા પોલીસ વડા-એસ.પી.ને કાયદેસર કાર્યવાહી કરવા માટે જણાવે છે. તમે જે કમિટીની વાત કરી એવી કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ કમિટી છે જ. એમાં જિલ્લા કલેકટર અધ્યક્ષ હોય છે, પર્યાવરણના એક અધિકારી હોય છે અને આ કમિટી દ્વારા વાવેતરના નુકસાનની વિગતો હોય એ કમિટીમાં મૂકવામાં આવે છે અને પછી એનો નિર્ણય કરીને સ્થાનિક કક્ષાએ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. સાત ફરિયાદો છે એમાં એક જે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, એમાં ડીટેઇલ એવું નથી પૂછયું. એમણે એવું પૂછયું કે આના માટે કોઇ કમિટી બનાવીને.

શ્રી મુળુભાઇ હ. બેરા : મેં કમિટીનું તો કહ્યું.

અધ્યક્ષશ્રી : તો કમિટી છે જ એમ બોલોને. એમનું એવું કહેવું હતું કે આનાથી મોટી કમિટી બનાવો.

શ્રી મુળુભાઇ હ. બેરા : કમિટી છે જ. મેં એની ફરિયાદનું પણ પૂછયું છે. કઇ કઇ ફરિયાદ છે અને એનો શું નિકાલ થયો એ પણ હજી કહેવાનું છે.

અધ્યક્ષશ્રી : તમે ઘણું કહ્યું. બીજું કાંઇ હોય તો વાત કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ ક્લિયર છે.

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન ઉપર આવો. તમે લાંબુ બોલશો તો પછી એનાથી ડબલ લાંબુ બોલશે અને પાછળના પ્રશ્નો રહી જાય છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ ઉદ્યોગો સામે કાર્યવાહી કરવાનું તમે ઠરાવ્યું છે તો શું કાર્યવાહી કરી અને તમે કચ્છની કમિટી છે એ તો એન.જી.ટી.એ આદેશ કર્યા પછી તમે સ્પેસિફિક બનાવી છે. મારી લાગણી એટલી જ હતી કે કચ્છ એકલું જ નહીં આખા દરિયાકાંઠાના ગુજરાતના વિસ્તારોમાં આ જ પ્રશ્ન છે તો ગુજરાત લેવલે કોઇ કમિટી કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : અત્યારે કચ્છનો પ્રશ્ન છે. કચ્છ પૂરતો જ જવાબ આપો. પછી જયારે બીજો પ્રશ્ન આવે ત્યારે આખા રાજયનો તમે જવાબ આપજો.

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ ફરિયાદની વાત કરી. પાંચ નહીં સાતે-સાતમાં કોઇ તપાસ બાકી નથી. પાંચે-પાંચમાં શું કાર્યવાહી કરી એની વાત કરું.

અધ્યક્ષશ્રી : જે રીતે જજમેન્ટમાં નથી હોતું ઓરલ ઓર્ડર, એવું કાંઇ ઓરલ ઓર્ડર જેવું હોય તો સીધું બોલી જાવ.

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી ફરિયાદ છે એમાં પંડિત દીન દયાળ પોર્ટ કંડલા પોર્ટ જે છે એ અને પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ ગાંધીનગરને વન વિભાગે જાણ કરી છે. જે અરજી આવી હતી નીલ વિંઝોડા રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ ગુજરાતની તા.૧૧-૩-૨૦૨૦ની અરજી હતી. બીજી ફરિયાદ છે એમાં ભારત સોલ્ટ રિફાઇનરી છે અને ગોપાલ મુળજી ગઢવી ફરિયાદી છે અને એમાં અમે સ્થળ તપાસ વન વિભાગે કરી એમાં ચેરના વાવેતરને કોઇ નુકસાન ધ્યાનમાં આવ્યું નથી. અરજદારને પ્રત્યુત્તર પાઠવ્યો છે. ચોથી ફરિયાદ છે એ કોઇની ફરિયાદ નથી. અમારા વિભાગના અધિકારી વન રક્ષકે મુલાકાત લીધી અને એમાં જે કોન્ટ્રાકટર છે એને વન અધિનિયમ ૧૯૨૭ની કલમ-૨૬ (૧) (ઘ)(જ) મુજબ ગુનો નોંધ્યો અને એ તપાસ પૂરી કરી. એ જ રીતે પાંચમી ફરિયાદ છે એમાં અંજાર તાલુકાના વીરા વીસના દરિયામાં ગેરકાયદેસર રીતે ચેરના વૃક્ષનું નિકંદન અને પર્યાવરણને નુકસાનની ફરિયાદ હતી એમાં દીન દયાળ પોર્ટ ટ્રસ્ટ અને ગુજરાત પોલ્યુશન બોર્ડ, ગાંધીધામને જરૂરી કાર્યવાહી કરવા માટે વન વિભાગે જણાવ્યું છે. છઠ્ઠી ફરિયાદ છે આમાં લખ્યું છે પડતર છે પણ એ પડતર નથી. આજની તારીખે એ પૂરી થઇ ગઇ છે અને એમાં પંડિત દીન દયાળ ટ્રસ્ટ કંડલા તેમજ ગુજરાત પોલ્યુશન બોર્ડ હસ્તકનો છે. વન વિભાગે એમાં કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી અને પોલ્યુશન બોર્ડ અને દીન દયાળ ટ્રસ્ટને આની સામે કાર્યવાહી કરવા જણાવેલ છે. છઠ્ઠી ફરિયાદ છે એ મેં હમણાં કહ્યું એ પ્રમાણે નાયબ વન સંરક્ષકશ્રી કચ્છ (પૂર્વ) વન વિભાગ કક્ષાએ જ આ તપાસ કરી છે અને એની સામે ગુનો નોંધ્યો છે. જખૌ સોલ્ટ કંપની છે એમાં આ અરજદારની જે રજૂઆત હતી અને ફરિયાદ હતી એ બાબતની સ્થળ તપાસ કરતા ત્યાં ચેરના વાવેતરમાં કોઇ નુકસાન થયું નથી.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ચેર વિસ્તારમાં નુકસાની બાબતે નેશનલ ગેઇન ટ્રિબ્યુનલનું જજમેન્ટ શું છે? અને તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, એન.જી.ટી.નું જે જજમેન્ટ છે એમાં...

અધ્યક્ષશ્રી : તૈયાર હોય તો ભલે, નહીંતર ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, તૈયાર છે. દીન દયાળ ટ્રસ્ટ ડી.પી.ટી. છે એના વિસ્તારમાં મોટી ચિરાઇ, નાની ચિરાઇ વિસ્તારમાં અનઅધિકૃત માટી પાળા બનાવી ક્રીક વિસ્તારમાં જતા પાણીને રોકવાથી ચેરિયાના વૃક્ષોને નુકસાન અંગે કચ્છ કેમલ બિલ્ડર એસોસીએશન જે હમણા અમિતભાઇ કહેતા હતા એની રજૂઆત હતી એમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં અરજી દાખલ કરી હતી અને એનું જજમેન્ટ તા.૧૧-૯-૨૦૧૯ નું છે. એન.જી.ટી. દ્વારા જે નિર્દેશ કરવામાં આવ્યો છે, એમાં મોટી ચિરાઇ અને નાની ચિરાઇમાં ક્રીક વિસ્તારમાં કોઇ અનઅધિકૃત માટી પાળા તથા મેન્યુઅલના નુકસાન બાબતે જોઇન્ટ સરવે કરી સી.આર.ઝેડના નોટિફિકેશન ૨૦૧૧, એફ.સી.એ.ના ૧૯૮૦ના ઉલ્લંઘન બાબતે તાત્કાલિક પગલાં ભરવા તથા સી.આર.ઝેડ-૧ના વિસ્તારમાંથી તમામ મીઠા ઉદ્યોગની પ્રવૃત્તિઓ બંધ કરાવવી, સદર પ્રવૃત્તિમાં ચેરના ઝાડને જે નુકસાન થયેલ છે તેનો સરવે કરી છ મહિનાની અંદર વન વિભાગ આ ચેરનાં ઝાડની પુનઃસ્થાપના કરે તેવું કહ્યું અને તે જજમેન્ટના પાલન માટે સ્થળ ચકાસણી કરી વન વિભાગ સી.જી.ઝેડ.એમ.એ., જી.ઇ.સી., જી.પી.સી.બી. તથા કચ્છ કલેકટરના પ્રતિનિધિની કમિટી દ્વારા તા.૩-૧૨-૨૦૨૦ના રોજ સ્થળ મુલાકાત લેવામાં આવી અને તા.૧૨-૧૧-૨૦૨૦ના રોજ નાયબ વન સંરક્ષક કચ્છ(પૂર્વ) દ્વારા આ કમિટીએ કરેલ સરવે મુજબ માટીપાળા દૂર કર્યા અને ચેરનાં ઝાડના પુનઃસ્થાપન માટે પંડિત દીનદયાળ પોર્ટ ટ્રસ્ટને ૩ કરોડ ૬૧ લાખ ૧૫ હજાર રૂપિયાની ડિમાન્ડ નોટિસ આપી ડી.બી.ટી. દ્વારા ૨ કરોડ, ૪૨ લાખ ૬૪ હજાર ૨૦૦ રૂપિયા આપ્યા. તા.૧૪-૧૨-૨૦૨૦થી અનધિકૃત માટીપાળા જે હતા તે દૂર કરવાની કામગીરીમાં ૪૨૧૫૨ મિટરના માટીપાળા દૂર કર્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૧માં ૩૫૦ હેકટરમાં ઓટલા દ્વારા ચેરના બીજનું વાવેતર કરવામાં આવ્યું.

અધ્યક્ષશ્રી : તમે એન.જી.ટી.એ. શું જજમેન્ટ આપ્યું એટલો જ જવાબ આપો.

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, જજમેન્ટ શું આવ્યું અને શું અમલ કર્યો તે બંને કહું છું.

અધ્યક્ષશ્રી : તે અમલ તો બહુ લાંબો હશે. તેમાં તો આખી પ્રશ્નોત્તરી પૂરી થઇ જશે.

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, થોડુંક જ છે. ઓકટોબર અને નવેમ્બરમાં ૧૪૫ હેકટરમાં તેનું વાવેતર કર્યું છે. આ રીતે પુનઃસ્થાપન કર્યું છે.

### રાજ્યમાં મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના

* ૧૭૮૬ **શ્રી રમેશભાઈ ટીલાળા** (રાજકોટ દક્ષિણ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૯૬૫ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને |
| (૨) તે પેટે કુલ કેટલી સ્કોલરશીપ ચૂકવવામાં આવી ? | (૨) તે પેટે કુલ રૂ.૧૦૬૬.૪૬ લાખની સ્કોલરશીપ ચૂકવવામાં આવી. |

શ્રી રમેશભાઈ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને તે પેટે કેટલી સ્કોલરશિપ ચૂકવવામાં આવી છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, આજે ગુજરાત રાજ્યની અંદર ૧૬ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થઇ છે ત્યારે તેમને શુભેચ્છા પાઠવીએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે આજે ગુજરાતની અંદર શિક્ષણ વિભાગ આ બાબતમાં કામગીરી કરી રહ્યો છે પરંતુ પોલીસ અને બીજી બધી જ સરકારની એજન્સીઓ આ વિદ્યાર્થીઓને સહયોગ આપી રહી છે અને તેવા ખૂબ સરસ પ્લાનિંગ સાથે આજે ગુજરાતના વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. આ જે શિષ્યવૃત્તિના પ્રશ્નની અંદર અંત્યોદયનો એકપણ વિદ્યાર્થી ફીના વાંકે કે આર્થિક પરિસ્થિતિની બાબતમાં શિક્ષણથી વંચિત ન રહે અને સંપૂર્ણ શિક્ષણ પ્રાપ્ત કરે તે હેતુસર માનનીય મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાની અંદર વર્ષ ૨૦૨૨-૨૩ માં ૯૬૫ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ મળ્યો છે અને તેમાં ૧૦ કરોડ ૬૬ લાખ ૪૬ હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના શરૂ થઇ ત્યારથી આજદિન સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ મળ્યો અને તેની સામે કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે?

## તા.૧૪મી માર્ચ, ૨૦૨૩
## તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના શરૂ થઇ ત્યારથી આજદિન સુધી એટલે કે વર્ષ ૨૦૧૪-૧૫થી લઇને આજદિન સુધી ૯૯૦૦ વિદ્યાર્થીઓને કુલ ૬૩ કરોડ ૪૮ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. આમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૬૬૫૯ અને વિદ્યાર્થિનીઓની સંખ્યા ૨૯૦૯ છે. આમ કરીને કુલ ૯૯૦૦ કુલ વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવ્યો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે એ પ્રમાણે વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૬૫ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૦ કરોડ ૬૬ લાખની સ્કોલરશિપ ચૂકવવામાં આવી છે. હું આવી સ્કોલરશિપ લઇને જ ભણેલો છું એટલે મને ખબર છે કે, આવી સ્કોલરશિપ ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે કેટલી ઉપયોગી થતી હોય છે. પણ માનનીય મંત્રીશ્રીએ જે આંકડાઓ આપ્યા છે એ પ્રમાણે માત્ર ૯૬૫ વિદ્યાર્થીઓને એનો લાભ મળ્યો છે આ અપૂરતો છે એટલે આ નંબર ઓફ સ્કોલરશિપ માનનીય મંત્રીશ્રી વધારવા માગે છે કે કેમ અને, એક વિદ્યાર્થી દીઠ જે સ્કોલરશિપની રકમ છે એ લગભગ રૂપિયા ૯૦ હજારની આસપાસ થાય છે તો એ સ્કોલરશિપની રકમ વધારવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે પરંતુ માનનીય મુખ્યમંત્રીની આવી ચાર યોજનાઓ વિદ્યાર્થી સહાય માટેની છે. એક મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના, મુખ્યમંત્રી યુવા સ્વાવલબન યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ એજ્યુકેશન લોન પર સહાય યોજના. માનનીય સભ્યશ્રીએ પૂછેલા પ્રશ્નમાં આ જે અરજીઓ આવે છે એના ક્રાઇટેરિયાની અંદર સ્ક્રીનિંગ કરીને જે વિદ્યાર્થીઓ મેરિટમાં આવે છે એને યોજનાનો લાભ મળે છે. આ ચાર યોજનાઓને ઘણીવાર ક્લબ કરીએ છીએ. જે વિદ્યાર્થીઓ ખરેખર વંચિત રહેતા હોય અને ૫૦ ટકાની યોજનામાં જેને લાભ મળે એમને આપણા વિભાગ દ્વારા બીજા ૫૦ ટકાની બીજી યોજનામાં સંકલન કરીને વિદ્યાર્થીની સોએ સો ટકા ફી ભરાય એવો પ્રયાસ કરી રહ્યા છીએ. આ શિષ્યવૃત્તિ યોજનાના ક્રાઇટેરિયા હું આપી રહ્યો છું કે, વંચિત જે વિદ્યાર્થી હોય માનો કે લશ્કરમાં જે શહીદ થયેલા હોય, પોલીસ જવાનો શહીદ થયા હોય એમનાં બાળકો, ૪૦ ટકા દિવ્યાંગ વાલીઓ અથવા તો બાળક ૪૦ ટકા દિવ્યાંગ હોય એવા વિદ્યાર્થીને આ ક્રાઇટેરિયામાં સમાવેશ કરવામાં આવે છે. આ યોજનામાં જે ઘટે છે એને બીજી યોજનામાંથી પણ આપણે આપી રહ્યા છીએ.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના કઇ રીતે અલગ પડે છે અને, બંને યોજનાનો લાભ એક સાથે મળી શકે છે?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, બહેનશ્રીના પ્રશ્નની માહિતી આપતા જણાવવા માગું છું કે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ડિપ્લોમા ટુ ડિગ્રી અભ્યાસક્રમ માટે ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરેલ ડિગ્રી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રથમ, બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર ડી ટુ ડી વિદ્યાર્થીઓ અથવા તો ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં ૮૦ કે વધુ પર્સેન્ટાઇલ મેળવનાર ડિપ્લોમા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી કે જેઓની કુટુંબની વાર્ષિક આવક ૬ લાખ હોય તેવા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે. જ્યારે માનનીય શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત અતિ જરૂરિયાતમંદ જે આગળ બાકી રહી ગયેલ હોય જે એ ક્રાઇટેરિયામાં ન આવતા હોય એવા વિદ્યાર્થીઓ જેમાં સાત કેટેગરીના વિદ્યાર્થીઓ છે, જેઓની કૌટુંબિક વાર્ષિક આવક રૂપિયા ૪.૫૦ લાખ હોય તેવા વિદ્યાર્થીઓને મેરિટના ધોરણે મહત્તમ ૨૫૦૦ વિદ્યાર્થીને લાભ આપવામાં આવે છે. બંને યોજનાઓ અલગ અલગ હોવા છતાં જરૂરિયાતમંદ વિશેષ પાત્રતા ધરાવતાં બાળકોના ઉચ્ચ અભ્યાસને સંપૂર્ણપણે ટ્યુશન ફી મળી રહે તે હેતુથી બંને યોજનાનો લાભ આપવામાં આવે છે.

**બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના**

* ૧૭૫૦ **શ્રી અનિકેત ઠાકર** (પાલનપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનાં આયુષ્યમાન કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| અનુ.નં | સમયગાળો | આયુષ્યમાન કાર્ડ (PMJAY-MA) |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૮૩,૬૫૦ |
| ૨ | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૨,૨૫,૪૪૯ |
| | **કુલ** | **૩,૦૯,૦૯૯** |

(૨) પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઇવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટરો, યુ.ટી.આઈ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી એન્ડ સર્વિસિસ લિ. (UTI-ITSL) એન. કોડ એજન્સી, કલર પ્લાસ્ટ એજન્સીના નોંધણી સેન્ટર પરથી આયુષ્યમાન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ફાલ્ગુન ૨૩, ૧૯૪૪ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી અનિકેત ગિ. ઠાકર(પાલનપુર):માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, આખા દેશની અંદર સૌથી વધુ આશીર્વાદરૂપ પ્રધાનમંત્રી જન આરોગ્ય મા યોજના અંતર્ગત આયુષ્યમાન કાર્ડ યોજનામાં ખાસ કરીને કેવા પ્રકારની સારવારનો લાભ મળવાપાત્ર છે ? અને બનાસકાંઠા જિલ્લાની અંદર છેલ્લાં બે વર્ષમાં એટલે કે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સૌથી વધુ કયા પ્રકારની સારવારનો લાભ મેળવેલ છે ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણને ગુજરાતને ગૌરવ થાય કે દેશના ૫૦ કરોડ લોકોને આયુષ્યમાન કાર્ડ એટલે કે આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબે ઘર સુધી આરોગ્યની સેવાઓ આપી શકીએ તે પ્રમાણેનો વિચાર અને આયુષ્યમાન કાર્ડ આપ્યું તેનો વિચાર બીજ મૂળ ગુજરાતમાં રોપાયો હતો. મા કાર્ડ અને મા વાત્સલ્ય કાર્ડ ગુજરાતમાં અપાવવાનું ચાલુ થયું અને ગુજરાતમાં પણ ઘણા બધા અસંખ્ય, લાખોની સંખ્યામાં લોકોએ તેનો લાભ લીધો અને તેમના ખિસ્સામાંથી નહીં, પરંતુ સરકારે પોતાના ખિસ્સામાંથી તેણે કરેલી સારવાર તેને હૃદયની તકલીફ હોય, ઘૂંટણની તકલીફ હોય, કિડનીની તકલીફ હોય ૨૭૧૧ જેટલી પ્રોસિઝરો તેમાં નાક, ગળું, કાન, હૃદય, કિડની, લીવર બધા જે ક્રિટીકલ સર્વિસીસ માટે કે ક્રિટીકલ કેર માટેના જે રોગો હતા તે તો આવરી જ લીધા, પરંતુ ૨૭૧૧ જેટલી પ્રોસિઝરો એડ કરી અને તેમાં પણ સરકારી હોસ્પિટલો તો આ કરે જ પરંતુ ખાનગી હોસ્પિલો જે મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલો હતી તેની અંદર પણ ત્યાં કોઇ ગરીબ દર્દી જાય તો ગરીબ દર્દીને ત્યાં ઉચ્ચકક્ષાની સારવાર મળે એ પ્રકારનું વાતાવરણ ગુજરાતમાં નિર્માણ થયુ હતું, પરંતુ ગુજરાતના ફાયદાની વાત ત્યાં છે પહેલાં બધે બધુ આપણાં ખભા ઉપર લેવું પડતું હતું હવે તો ૪૪ લાખ લોકોના ૬૦ ટકા રૂપિયા કેન્દ્ર સરકાર આપે છે અને બાકીના મા વાત્સલ્ય કાર્ડની અંદર જે સમાવિષ્ટ લોકો છે તેને પણ અત્યારે જયાં સુધી આયુષ્યમાન કાર્ડમાં એટલે કે પીએમજેવાય મા કાર્ડની અંદર કન્વર્ટ ના થાય ત્યાં સુધી આપણે લાભ પણ ચાલુ રાખ્યો છે. અત્યાર સુધીમાં લગભગ ૧.૭૭ કરોડ લોકોના કાર્ડ વ્યકિતગત કાર્ડ પહેલાં એવુ હતું કે જે આપણે મા અને મા વાત્સલ્ય કાર્ડમાં કુટુંબનું કાર્ડ બનતું તેમાં કુટુંબના સભ્યોનાં નામ લખી લેતા હતા, પરંતુ હવે વ્યકિતગત કાર્ડ આપીએ છીએ. એટલે ૧.૭૭ કરોડ લોકોને આપણે આ લાભ આપી ચૂકયા છીએ અને સાથે ૯૦ લાખ લોકો.

અધ્યક્ષશ્રી : ૧ કરોડ લોકોને બનાસકાંઠા જિલ્લામાં આપી શકયા છો કે આખા ગુજરાતમાં ? નહીં, આમાં તમે સીમિત આ પ્રશ્ન પૂરતું રહો. તમને આરોગ્યની જયારે માગણીઓ હશે અથવા તે ટાઇમે તમે વધારે વાત કરી શકશો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે છે કે આ પ્રત્યેક ઘર..

અધ્યક્ષશ્રી : વાત સાચી છે પણ તમે સીમિત રહો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ૨૭૧૧ પ્રોસિજર અને ૨૭૪૭ હોસ્પિટલ અને યુરોલોજીમાં વધુમાં વધુ ત્યાં આગળ આપણને સગવડ મળી છે. અને સાથે બનાસકાંઠાની અંદર છેલ્લા ૨ વર્ષમાં ૩ લાખ ૯ હજાર ૯૯ લોકોને આપણે કાર્ડ આપેલાં છે અને તે કાર્ડમાંથી આપણે જે સારવાર આપી તે સારવારની રકમ પણ લગભગ રૂપિયા ૩૨૯ કરોડ જેવી અને સાથે દર્દીઓની સંખ્યા મારી પાસે હાલ નથી પણ ખૂબ મોટી સંખ્યામાં ત્યાં આગળ આપણે લાભ આપ્યો છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારા જિલ્લા બનાસકાંઠાની અંદર પ્રધાનમંત્રી જન આરોગ્ય મા યોજના હેઠળ કેટલી હોસ્પિટલો નોંધાયેલી છે ? અને બીજો પ્રશ્ન એ છે કે, આવા જે પ્રકારના જિલ્લાઓમાં દાવાઓ થયા છે તે દાવાઓની સંખ્યા કેટલી છે ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાની અંદર મેં પહેલાં પ્રશ્નની અંદર જરા સુધારો આપું ૩૦૦ ઉપરના હું જે બોલ્યો, પરંતુ હકીકતની અંદર રૂપિયા ૧૮૯.૪૫ કરોડ છે એટલે જરા માફી માગી અને આ જવાબમાં હું સુધારો કરું છું.

અધ્યક્ષશ્રી : કંઇ વાંધો નહીં એ તો સુધારી શકાય, આપનો અધિકાર છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૬૫,૭૬૧ લાભાર્થીઓના કુલ દાવાઓ નોંધાવેલા છે અને એમાં આપણે લગભગ રૂ.૧૯૦ કરોડ દર્દીઓ માટે ખર્ચી ચૂક્યા છીએ. ૮૧ ખાનગી હૉસ્પિટલો અને ૧૪૫ સરકારી હૉસ્પિટલો તથા ૨૭૧૧ જેટલી પ્રોસિજરનો એમાં સમાવેશ થાય છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એમણે હાલ કહ્યું કે આયુષ્યમાન કાર્ડનો લાભ ૬૫૦૦૦ લોકોને મળ્યો અને સરકારે રૂ.૧૯૦ કરોડ ચૂકવ્યા. બનાસકાંઠા જિલ્લામાં કઇ મેડિકલ ટ્રીટમેન્ટ કે સર્જરી માટે ખાનગી હૉસ્પિટલમાં જવું પડે છે. આજની તારીખે જે સવલત ના હોય તે આવતા એક - બે વર્ષમાં એ જ ટ્રીટમેન્ટ કે સર્જરીનો લાભ આપણા પી.એચ.સી., સી.એચ.સી. અને ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલોમાં શરૂ થાય એ માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા વિસ્તારમાં મુખ્યત્વે ન્યુરોલૉજી વિભાગમાં ખૂબ કેસ આવે છે અને એની સારી ટ્રીટમેન્ટ આપણે આપીએ છીએ. કુલ ૨૭૧૧ પ્રોસિજર છે એમાં બનાસ ડેરીની મેડિકલ કૉલેજ અને

હૉસ્પિટલમાં મોટા ભાગની સેવાઓ આવરી લીધી છે. એ સિવાય આપણી સબડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ, સી.એચ.સી., પી.એચ.સી.માં જે સારવાર અત્યારે આપીએ છીએ એ તો ચાલુ જ છે. જે હૉસ્પિટલો એમ્પૅનલ્ડ થઇ છે એ પોતાની પાસે જે સગવડ હોય દા.ત. કોઇ ઘૂંટણની સારવાર કરતી હોય, કોઇ આંખની સારવાર કરતી હોય તો એ પ્રમાણે સરકારમાં નોંધણી કરાવતા હોય છે અને એને આપણે એ પ્રકારની સારવાર કરવાની છૂટ આપતા હોઇએ છીએ.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આયુષ્યમાન ભારતમાં આપણે જે હેલ્થ કાર્ડ આપીએ છીએ એ કાર્ડ જો કોઇ કારણોસર રિન્યૂ ન કરાવ્યું હોય અથવા કોઇ નાની-મોટી ટૅક્નિકલ ખામીના કારણે હૉસ્પિટલ ઓથોરિટી દર્દી પાસે પૈસા માગે છે. આવી હૉસ્પિટલોને દર્દીની સારવાર કરવા માટે સૂચના આપવા માગો છો કે કેમ? એ ઉપરાંત જ્યારે હેલ્થ કાર્ડ આપવામાં આવ્યું હોય ત્યારે તેમની પાસે હૉસ્પિટલોની યાદી નથી હોતી. તો આવી ઓથોરાઇઝ હૉસ્પિટલોનું નામ દર્દીને કાર્ડ આપતી વખતે આપવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે હૉસ્પિટલો એમ્પૅનલ્ડ થઇ હોય ત્યાં દર્દી જાય અને એની પાસે કાર્ડ ન હોય તો ત્યાં જ નોંધણી કરાવવાની વ્યવસ્થા આપણે કરેલી છે. કોઇ ચોક્કસ રજૂઆત હશે તો એમાં અમે કાર્યવાહી કરીશું. કાર્ડ ન હોય છતાં લાભ લેવા પાત્ર હોય તો એ હૉસ્પિટલમાં આપણે સગવડ ઊભી કરી છે પરંતુ તમારા ધ્યાનમાં કોઇ કિસ્સો હોય તો અમારા ધ્યાન પર ચોક્કસ લાવજો. એમણે બીજું જે સૂચન કર્યું છે એ આવકાર્ય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એમણે કહ્યું કે બનાસકાંઠામાં કિડની, લિવર, હાર્ટ અને જોઇન્ટ્સની સારવાર થાય છે. તો બનાસકાંઠામાં કિડની અને હાર્ટ માટે કુલ કેટલા લોકોએ સારવાર કરાવી અને કઇ હૉસ્પિટલમાં કરાવી?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કુલ ૨૭૧૧ પ્રોસિજર છે. તમે જે પૂછ્યું છે એની વિગતો મારી પાસે નથી. આપને વિગતો મળી જશે.

**રાજ્યમાં પંચવટી વિકાસ કેન્દ્ર**

* ૧૭૫૬ **શ્રી હર્ષદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩માં કેટલા પંચવટી વિકાસ કેન્દ્રો બનાવવાનું આયોજન છે, અને | (૧) ૧૩ |
| (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આ પંચવટી વિકાસ કેન્દ્ર ઉભા કરવા પાછળ કેટલો ખર્ચ થયો છે ? | (૨) રૂ.૪૧.૪૫ લાખ. |

શ્રી હર્ષદભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩ની સ્થિતિએ તા.૩૧/૧૨/૨૦૨૨ના રોજ જિલ્લા અને સ્થાન પ્રમાણે પંચવટી વિકાસ કેન્દ્રો કયા-કયા સ્થાન પર નિર્માણ કરેલ છે?

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં થરાદ, સાબરકાંઠા જિલ્લામાં પર પરગણા રોહિત સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, પ્રાંતિજ, કચ્છ જિલ્લામાં ગા.ધારેશી, તા.લખપત, રાજકોટ જિલ્લામાં ગા.બારેવડા, તા.જસદણ, નડિયાદમાં ગા.અનારા, તા.કઠલાલ, નડિયાદમાં ગા.સરસવણી, તા. મહેમદાવાદ તાલુકો મહેમદાબાદ, આણંદ જિલ્લામાં ભાલપરા સંસ્થા દહેડા તાલુકો ખંભાત, ભરૂચ જિલ્લામાં હીરાપોર તાલુકો વાલિયા, નર્મદા જિલ્લામાં નવા રાજુવાડિયા, વડોદરા જિલ્લામાં મઢેલી તાલુકો વાઘોડિયા, નવસારીમાં નાંદરખા તાલુકો ગણદેવી, તાપી જિલ્લામાં ચોરવાડ અને દાહોદ જિલ્લામાં કારઠ તાલુકો ઝાલોદ આ રીતે પંચવટી વિકાસ કેન્દ્રો બનાવવામાં આવ્યાં છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, પંચવટી વિકાસ કેન્દ્રમાં કેવા પ્રકારની સુવિધાઓ ઊભી કરવામાં આવે છે?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, પંચવટી વિકાસ કેન્દ્રમાં ઉજાણી ઘર એટલે ૪૦થી ૫૦ લોકો બેસી શકે તેવો હૉલ, વરંડો, કિચન સેટ, મહિલાઓ અને પુરુષો માટે શૌચાલય બનાવવામાં આવે છે. સિન્ટેક્ષ ટાંકીને ચબૂતરા ઉપર ગોઠવીને પાણીની સુવિધા ઊભી કરવામાં આવે છે. ફર્નિચર અને ઓફિસ ટેબલ, બે ખુરશી તથા અન્ય ૩૭ ખુરશી પણ આપવામાં આવે છે. સોલાર લાઇટ અને પંખા, રસોડાનાં સાધનો, સામૂહિક સગડી અને ગેસ સિલિન્ડર પણ આપવામાં આવે છે. પંચવટીને ફરતે વાયરની ફેન્સિંગ અને એક આકર્ષક પ્રવેશ દ્વારા પણ કરવામાં આવે છે. ઓછામાં ઓછા એક એકર વિસ્તારમાં વૃક્ષ ઉછેર અને બગીચાની લોન પણ તૈયાર કરવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે આ યોજના ચાલે છે.

**રાજ્યમાં સરકારી/ખાનગી નર્સિંગ સ્કૂલ/કોલેજ**

* ૧૭૯૮ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નર્સિંગ સેવા સદન બનાવવા માટે | (૧) હા, જી. |

સરકારી/ખાનગી નર્સિંગ સ્કૂલ/કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવેલ છે ?

(૨) કુલ-૩૯૩ ખાનગી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવેલ છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યમાં કેટલી સરકારી નર્સિંગ સંસ્થાઓ અને કેટલી ખાનગી નર્સિંગ સંસ્થાઓ કાર્યરત છે? અને તેમાં કેટલી બેઠકો મંજૂર થયેલી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી નર્સિંગ સંસ્થાઓમાં એ.એન.એમ.માં ૩૦ સંસ્થાઓ અને ૬૫૦ બેઠકો, જી.એન.એમ.માં ૨૩ સંસ્થાઓ અને ૮૭૦ બેઠકો, બી.એસ.સી. નર્સિંગમાં ૮ સંસ્થાઓ અને ૪૦૦ બેઠકો, પોસ્ટ બેઝિક બી.એસ.સી. નર્સિંગમાં એક કૉલેજ અને ૩૦ બેઠકો, એમ.એસ.સી નર્સિંગમાં ૨ સંસ્થાઓ અને ૩૫ બેઠકો મંજૂર થયેલી છે. ખાનગી નર્સિંગ સંસ્થાઓમાં એ.એન.એમ.માં ૨૪૬ સંસ્થાઓ અને ૮,૭૭૫ બેઠકો, જી.એન.એમ.માં ૩૦૦ સંસ્થાઓ અને ૧૪,૩૧૫ બેઠકો, બી.એસ.સી. નર્સિંગમાં ૨૪૦ સંસ્થાઓ અને ૧૧,૯૦૦ બેઠકો, પોસ્ટ બેઝિક બી.એસ.સી. નર્સિંગમાં ૧૦૩ સંસ્થાઓ અને ૩,૭૮૫ બેઠકો, એમ.એસ.સી નર્સિંગમાં ૫૯ સંસ્થાઓ અને ૧,૩૧૬ બેઠકો મંજૂર થયેલી છે. આમ સરકારી નર્સિંગ સંસ્થામાં ૧,૯૮૫ બેઠકો અને ખાનગી નર્સિંગ સંસ્થામાં ૪૦,૦૯૧ બેઠકો મળી લગભગ કુલ ૪૨,૦૦૦ જેટલી બેઠકો મંજૂર થયેલી છે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં કેટલી સંસ્થાઓ કાર્યરત છે અને તેમાં કેટલી બેઠકો મંજૂર થયેલી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં સરકારી નર્સિંગ સંસ્થામાં એ.એન.એમ.માં ૮ સંસ્થાઓ અને ૧૭૦ બેઠકો, જી.એન.એમ.માં ૭ સંસ્થાઓ અને ૨૩૦ બેઠકો, બી.એસ.સી., પોસ્ટ બેઝિક બી.એસ.સી. અને એમ.એસ.સી નર્સિંગમાં સરકારી બેઠકો મંજૂર થયેલ નથી. ખાનગી નર્સિંગ સંસ્થામાં એ.એન.એમ.માં ૪૨ સંસ્થાઓ અને ૧,૬૩૦ બેઠકો, જી.એન.એમ.માં ૫૩ સંસ્થાઓ અને ૨,૪૨૫ બેઠકો, બી.એસ.સી. નર્સિંગમાં ૩૧ સંસ્થાઓ અને ૧,૩૫૫ બેઠકો, પોસ્ટ બેઝિક બી.એસ.સી. નર્સિંગમાં ૯ સંસ્થાઓ અને ૨૭૦ બેઠકો, એમ.એસ.સી નર્સિંગમાં ૪ કૉલેજો અને ૭૦ બેઠકો સીટ મંજૂર થયેલી છે. આમ સરકારી નર્સિંગ સંસ્થામાં ૪૦૦ બેઠકો અને ખાનગી નર્સિંગ સંસ્થામાં ૫,૭૫૦ બેઠકો ઉપલબ્ધ છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નર્સિંગ કૉલેજો શરૂ કરવા માટેની મંજૂરી પ્રક્રિયા શું છે? તેમજ નર્સિંગનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કેવી રીતે અને કોના દ્વારા રજિસ્ટ્રેશન કરવામાં આવે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેને પણ કૉલેજ શરૂ કરવી હોય એને ઓનલાઇન અરજી કરવાની રહેશે. પ્રિસ્ક્રાઇબ્ડ ફોર્મમાં નિયત નમૂનામાં અરજી કર્યા પછી એક કમિટી બનાવી ઇન્સપેક્શન કરી એસેન્સિઆલિટી સર્ટિફિકેટ આપવામાં આવે છે કે ''કરવાપાત્ર છે અને તમે ચાલુ કરો તો અમને વાંધાસરખું નથી.'' ત્યારબાદ નર્સિંગ કાઉન્સિલમાં એની તપાસ થતી હોય છે અને નર્સિંગ કાઉન્સિલ એને જેટલી બેઠકની મંજૂરી આપે એ પ્રમાણે કૉલેજ શરૂ થતી હોય છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપે કહ્યું કે ૩૯૩ ખાનગી કૉલેજોને મંજૂરી આપી છે. મોટાભાગની કૉલેજો સ્ટાફ વિના કોમર્શિયલ કોમ્પલેક્ષોની અંદર ચાલે છે. તમે મંજૂરી આપી એનો વાંધો નથી. પણ આપણા શિક્ષણ વિભાગની અંદર મંજૂરી આપ્યા પછી એનું નિયંત્રણ અથવા એની કાળજી રાખી શકે એવી આપણી પાસે કોઇ બોડી નથી. એટલે ભવિષ્યની અંદર આવી ખાનગી કૉલેજોની અંદર પૂરતો સ્ટાફ કે પૂરતી સુવિધાઓ છે કે નહીં? એનું નિયંત્રણ કરવા માટે કોઇ એવી ઓટોનોમસ બોડી બનાવવા માગો છો કે નહીં?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર તરફથી એસેન્સિઆલિટી આપવામાં આવે છે અને એના પછી ગુજરાત નર્સિંગ કાઉન્સિલ એની તપાસ કર્યા પછી મંજૂરી આપે છે. ત્યારબાદ એ કૉલેજ ચાલુ થતી હોય છે. આ કૉલેજોનું ઇન્સ્પેક્શન કરવાની જવાબદારી નર્સિંગ કાઉન્સિલની હોય છે. એટલે આ કાઉન્સિલ જ ઓટોનોમસ બોડી છે.

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં પ્રદૂષણ કરતા એકમો સામે મળેલ ફરિયાદો**

* ૯૭૬ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભુમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર હવા અને પાણીનું પ્રદૂષણ કરતા હોય તેવા કયા કયા એકમો સામે કેટલી ફરિયાદો સરકારને મળી,

**જવાબ**

(૧)

| **અ.નં.** | **જિલ્લો** | **એકમો** | **મળેલ ફરિયાદની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | દેવભુમિ દ્વારકા | ૦૭ | ૩૧ |
| ૨ | જામનગર | ૧૦ | ૧૯ |

| | કુલ | ૧૭ | ૫૦ |
|---|---|---|---|

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કયા એકમો સામે શી કાર્યવાહી કરી,

(૨) ફરિયાદો સંદર્ભે બોર્ડ દ્વારા નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.

| અ. નં. | કાર્યવાહી | દેવભુમિ દ્વારકા | જામનગર | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કારણ દર્શક નોટિસ | ૦૬ | ૦૩ | ૦૯ |
| ૨ | નોટિસ ઓફ ડાયરેક્શન | ૦૯ | ૦૪ | ૧૩ |
| ૩ | ક્લોઝર નોટિસ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૪ | દફતરે કરેલ | ૧૬ | ૧૧ | ૨૭ |
| | **કુલ** | **૩૧** | **૧૯** | **૫૦** |

| ક્રમ | એકમનું નામ | જિલ્લો | ફરિયાદ મળેલ | ફરિયાદ સામે લીધેલ પગલા |
|---|---|---|---|---|
| ૧ | મે.એસ્સાર પાવર ગુજરાત લિ. | દેવભુમિ દ્વારકા | ૨ | નોટિસ ઓફ ડાયરેક્શન - ૨ |
| ૨ | મે.આર.એસ.પી.એલ. લિ. | દેવભુમિ દ્વારકા | ૫ | કારણ દર્શક નોટિસ - ૧<br>નોટિસ ઓફ ડાયરેક્શન - ૪ |
| ૩ | મે.ન્યારા એનર્જી પ્રા.લિ. | દેવભુમિ દ્વારકા | ૪ | કારણ દર્શક નોટિસ - ૧<br>ફરિયાદ દફતરે કરેલ - ૦૩ |
| ૪ | મે. ટાટા કેમિકલ્સ. લિ. | દેવભુમિ દ્વારકા | ૧૬ | કારણ દર્શક નોટિસ - ૧<br>નોટિસ ઓફ ડાયરેક્શન - ૨<br>ફરિયાદ દફતરે કરેલ - ૧૩ |
| ૫ | મે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ - ઓખા પોર્ટ | દેવભુમિ દ્વારકા | ૨ | કારણ દર્શક નોટિસ - ૨ |
| ૬ | મે. કારાભાઈ અરજનભાઈ કંદોરીયા | દેવભુમિ દ્વારકા | ૧ | નોટિસ ઓફ ડાયરેક્શન - ૧ |
| ૭ | મે. ગુજરાત એનઆરઈ કોક | દેવભુમિ દ્વારકા | ૧ | કારણ દર્શક નોટિસ - ૧ |
| ૮ | જામનગર કોમ્પલેઈન – ગીતા ઓઈલ મીલ | જામનગર | ૧ | નોટિસ ઓફ ડાયરેક્શન - ૧ |
| ૯ | જામનગર કોમ્પલેઈન બાલાજી ઓઈલ મીલ | જામનગર | ૧ | નોટિસ ઓફ ડાયરેક્શન - ૧ |
| ૧૦ | મે. લક્ષ્મી મિનરલ્સ. | જામનગર | ૧ | ફિરયાદ દફતરે કરેલ - ૧ |
| ૧૧ | મે. શ્રી દિગ્વિજય સીમેન્ટ કુ. | જામનગર | ૧ | નોટિસ ઓફ ડાયરેક્શન - ૧ |
| ૧૨ | મે. શ્રી કલિન્દી કોલ. કંપની | જામનગર | ૧ | કારણ દર્શક નોટિસ - ૧ |
| ૧૩ | મે. દિગ્જામ લિમિટેડ. | જામનગર | ૧ | કારણ દર્શક નોટિસ - ૧ |
| ૧૪ | મે. શ્રી અંબિકા ઈન્ડસ્ટ્રીઝ | જામનગર | ૧ | બંધનો હુકમ - ૧ |
| ૧૫ | મે. કૈલાશ ઈન્ફ્રા. | જામનગર | ૧ | નોટિસ ઓફ ડાયરેક્શન - ૧ |
| ૧૬ | મે. ગુડ્સ વોટ્સ. ડબલ્યુટીઈ જામનગર | જામનગર | ૧ | કારણ દર્શક નોટિસ - ૧ |
| ૧૭ | મે. રીલાયન્સ. ઈન્ડસ્ટ્રીઝ લિ. | જામનગર | ૧૦ | ફરિયાદ દફતરે કરેલ - ૧૦ |

(૩) જો કોઈ કાર્યવાહી ન કરી હોય તો તેના કારણો શાં છે, અને

(૩) કાર્યવાહી પૂરી કરેલ છે.

(૪) ક્યાં સુધીમાં કાર્યવાહી કરવામાં આવશે ?

(૪) કાર્યવાહી પૂરી કરેલ છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મે. એસ્સાર પાવર ગુજરાત લિ. અને મે.ન્યારા એનર્જી પ્રા.લિ. દ્વારા જે ખરાબ પાણીનો નિકાલ કરવામાં આવે છે. એના કારણે પ્રદૂષિત પાણી જમીનમાં ઊતરે છે. તેને લઇ મારા મત વિસ્તારના ઝાંખર અને સીંગજ ગામના ખેડૂતો પાણી પીવામાં તો ઠીક પણ ખેતવપરાશ માટે પણ ઉપયોગમાં લઇ શકતા નથી. તો આ પ્રદૂષણ અટકે એના માટે પગલાં લેવાં માગો છો કે કેમ? અને જામનગર જિલ્લાના હરીપર ગામે દેવ બાયોમેડિકલ નામની મેડિકલ વેસ્ટ કરતી કંપની છે એ કંપની વિરુદ્ધ ગ્રામજનોએ વારંવાર દુર્ગંધ આવવાની ફરિયાદો કરી છે તો આ કંપનીની સામે

તપાસ કરી પગલાં લેવા માંગો છો કે કેમ? અને જામનગર જિલ્લાની દિગ્વિજય કંપનીને એક ' નોટિસ ઓફ ડાયરેક્શન' આપવામાં આવી છે. તો આ ' નોટિસ ઓફ ડાયરેક્શન' એટલે શું? અને તેના હેઠળ શું શું પગલાં લેવામાં આવે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર અને દ્વારકા જિલ્લાની વાત કરીએ તો, એ જિલ્લામાં ખૂબ ઓછો વરસાદ પડતો હતો. જ્યારથી આ બધી ઇન્ડસ્ટ્રીઝ આવી ત્યારથી આ વિસ્તારની કાયાપલટ થઇ છે. સભ્યશ્રીએ વાત કરી કે ત્યાં મે. ન્યારા એનર્જી પ્રા.લિ. કંપની આવેલી છે ત્યાં ખેતરની અંદર ખરાબ પાણી નાંખવામાં આવે છે એવી ફરિયાદ કરતા બોર્ડે તપાસ કરી હતી. પરંતુ, ત્યાં આવા કોઇ પ્રકારના પુરાવા મળ્યા ન હતા. હું સભ્યશ્રીને એક વાત જરૂર જણાવીશ કે, જમીનની વાત કરીએ તો આ કંપની પાસે ૧૧૭૧ હેક્ટર જેટલી જમીન છે અને એ જમીનની અંદર આજે આ કંપની ૪૧૦ હેક્ટરમાં હોર્ટિકલ્ચર ખેતી પણ કરે છે. આ કંપનીને જેટલી જગ્યા મળી છે એમાં ૩૫ ટકા જમીનમાં તો એ પોતે ખેતી કરી ઉત્પાદન કરે છે. અહીં ઘણી મોટી કંપનીઓ આવેલી છે. ગુજરાત વિદ્યુત નિગમ કંપની લગભગ ૧૪૩ હેક્ટરમાં આવી છે અને ૧૪ હેક્ટરમાંથી ૯.૮ હેક્ટરમાં આ કંપની ખેતી કરે છે.

અધ્યક્ષશ્રી : એમનું એટલું જ કહેવું છે કે આવું જો કોઇ કંપની કરતી હોય તો જે-તે કંપની સામે તમે પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બોર્ડે જઇને તપાસ કરી હતી. એમણે ત્યાં જઇને પ્રારંભિક નોટિસ આપી અને તપાસ કર્યા પછી આવું કોઇ કેમિકલ મળેલ ન હતું.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

### રાજ્યમાં મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના

૧૮૧૪ **શ્રી કમલેશભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨)તે પેટે કુલ કેટલી સ્કોલરશીપ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૯૬૫ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો.

(૨) તે પેટે કુલ રૂ.૧૦૬૬.૪૬ લાખની સ્કોલરશીપ ચૂકવવામાં આવી.

- - - - - - - - -

### બોટાદ ખાતે નવી સિવિલ હોસ્પિટલનું બાંધકામ

૧૭૦૧ **શ્રી ઉમેશભાઈ મકવાણા** (બોટાદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ ખાતે નવી સિવિલ હોસ્પિટલના બાંધકામ માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત બાંધકામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) આ બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ ખાતે નવી સિવિલ હોસ્પિટલના બાંધકામ માટે નીચે મુજબની જોગવાઈ થયેલ છે.

| બજેટ વર્ષ | જોગવાઈ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | રૂ.૨.૦૦ કરોડ |
| ૨૦૨૨-૨૩ | રૂ.૧.૦૦ કરોડ |
| **ટોટલ** | **રૂ.૩.૦૦ કરોડ** |

(૨) બજેટ વર્ષ ૨૦૨૨-૨૩માં બોટાદ ખાતે નવીન મેડિકલ કોલેજ અને સંલગ્ન સિવિલ હોસ્પિટલના બાંધકામનું આયોજન છે.

(૩) જરૂરી મંજૂરી મળ્યેથી ૩૦ માસમાં કરવાનું આયોજન છે.

- - - - - - - - -

### ખેડા જિલ્લામાં ડેન્ગ્યુના કેસો

*૧૭૩૯ **શ્રી કલ્પેશભાઈ પરમાર** (માતર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા, અને

(૧)

| વર્ષ | ડેન્ગ્યુના કેસ |
|---|---|
| ૨૦૨૧ | ૧૩૬ |
| ૨૦૨૨ | ૬૮ |
| **કુલ** | **૨૦૪** |

(૨) ઉક્ત સ્થિતિએ ડેન્ગ્યુ રોગના અસરકારક નિયંત્રણ માટે શું કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

(૨) **ડેન્ગ્યુ નિયંત્રણ માટે લીધેલ પગલાંઃ-**

- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રીય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ અને લેબોરેટરી પરીક્ષણથી નિદાન થતા કેસોને યોગ્ય સારવારની વ્યવસ્થા.
- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર**

૧૭૯૨ **શ્રી પરષોત્તમભાઈ પરમાર** (દસાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા સબ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્રો ઉપર કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૮૭ સબ સેન્ટર અને ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ખાતે ૧૨ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છેઃ

1. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
2. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય-સંભાળ સેવાઓ.
3. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય-સંભાળ સેવાઓ.
4. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
5. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન
6. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન.
7. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.
8. સામાન્યતઃ જોવા મળતી આંખની બિમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.
9. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.
10. વૃદ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.
11. ઇમર્જન્સી તબીબી સેવાઓ.
12. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

---------

અતારાંકિત પ્રશ્નો

**બોટાદ જિલ્લામાં મેલેરિયાના કેસો**

૧૭૪૦ **શ્રી શંભુનાથ ટુંડિયા** (ગઢડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા અને

(૨) ઉક્ત સ્થિતિએ મેલેરિયા અટકાવવા માટે શું કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | મેલેરિયા કેસ |
|---|---|
| ૨૦૨૧ | ૧૧ |
| ૨૦૨૨ | ૪ |
| **કુલ** | **૧૫** |

(૨) **મેલેરિયા નિયંત્રણ માટે લીધેલ પગલાઃ-**

- બોટાદ જિલ્લામાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, પૂરતા પ્રમાણમાં દવા, સાધનસામગ્રી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

---------

**કપરાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૭૭૪ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૧૬૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૨૦૩ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭૯૫.૭૯ |
| ૨૦૨૨-૨૩ | ૬૪૬.૧૫ |

---------

**મહેસાણા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

૧૭૪૪ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત થયા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (૧) જેસલવાસણા (૨) ભાન્ડું (૩) માકણજ (૪) આસજોલ (૫) દગાવાડીયા (૬) કટોસણ આમ કુલ ૬(છ) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યાં,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

૧૭૪૩ **શ્રી લક્ષ્મણજી ઠાકોર** (કલોલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત થયા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (૧) બાપુપુરા (૨) દશેલા (સુઘડ પીએચસીને સ્થળફેર) આમ કુલ ૨(બે) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યાં,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ બન્ને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**રાજ્યમાં બી.એચ.એમ.એસ./ બી.એ.એમ.એસ.ની સરકારી કોલેજો**

૧૧૯૧ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતમાં બી.એચ.એમ.એસ. અને બી.એ.એમ.એસ.ની કેટલી સરકારી કોલેજો કાર્યરત છે,

(૨) આ કોલેજો કયા જિલ્લામાં કેટલી આવેલી છે, અને

(૩) સરકારે આ કોલેજો ક્યારે શરૂ કરી હતી ?

**જવાબ**

(૧) બી.એચ.એમ.એસ : ૦૧
બી.એ.એમ.એસ. : ૦૫

(૨) ૦૧-સરકારી હોમીયોપેથી કોલેજ પાટણ જિલ્લામાં આવેલ છે. સરકારી આયુર્વેદ કોલેજ નીચે મુજબના જિલ્લામાં આવેલ છે.

અમદાવાદ – ૧
વડોદરા – ૧
ભાવનગર – ૧
જૂનાગઢ – ૧
ગાંધીનગર – ૧

(૩) સરકારશ્રીએ સદર કોલેજો નીચે મુજબના વર્ષમાં શરૂ કરેલ છે.

(૧) સરકારી હોમીયોપેથી કોલેજ, દેથળી – જિલ્લો – પાટણ વર્ષ : ૨૦૧૭

(૧) સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, અમદાવાદ વર્ષ : ૧૯૬૫

(૨) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, વડોદરા વર્ષ : ૧૯૬૬

(૩) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, ભાવનગર વર્ષ : ૧૯૬૩

(૪) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, જૂનાગઢ વર્ષ : ૧૯૬૯

(૫) સ્ટેટ મોડલ આયુર્વેદ કોલેજ, કોલવડા, જિલ્લો-ગાંધીનગર વર્ષ : ૨૦૧૬-૧૭

- - - - - - - - -

**માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૭૬૫ **શ્રી અનિરૂદ્ધ દવે** (માંડવી) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૯૫ |
| ૨૦૨૨-૨૩ | ૬૭૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૩૩.૧૪ |
| ૨૦૨૨-૨૩ | ૨૧૩.૪૦ |

- - - - - - - - -

**રાજ્યમાં સરકારી મેડિકલ કોલેજો**

૧૭૨૯ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડિકલ કોલેજો કાર્યરત છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ૬ (છ) સરકારી મેડિકલ કોલેજો તથા ૧૩ (તેર) મેડિકલ કોલેજો રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી હેઠળ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ

અને

સોસાયટી હેઠળ ૫(પાંચ) નવી સરકારી મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) સરકારી મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ?

(૩) સરકારી મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૫૦૦ (પાંચ સો) સીટોનો વધારો થયેલ છે.

- - - - - - - - -

## સોનગઢ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

૧૭૬૭ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર):**માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૪૨૧ |
| ૨૦૨૨-૨૩ | ૧૭૧૯ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૮૪૮.૫૭ |
| ૨૦૨૨-૨૩ | ૯૦૮.૪૨ |

- - - - - - - - -

## મોરબી ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગ

૧૭૨૧ **શ્રી કાંતીલાલ અમૃતિયા** (મોરબી) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૨-૨૩માં મોરબી ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૪૫,૫૬,૫૩,૬૦૦/- ની વહીવટી મંજૂરી તા.૨૭-૦૬-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે.

- - - - - - - - -

## અરવલ્લી જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો

૧૭૮૯ **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો / સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૦૪(ચાર) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો / અને ૦૧(એક) સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | પ્રા.આ.કે./સા.આ.કે.ના નામ |
|---|---|
| ૧ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટીંટોઈ, તા.મોડાસા |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાતરડા, તા.માલપુર |
| ૩ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાઠંબા, તા.બાયડ |
| ૪ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુનાઈ, તા.ભિલોડા |
| ૫ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર મેઢાસણ, તા.મોડાસા |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ ક્યા તબક્કે છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં પર્યાવરણીય નિયમોનું ઉલ્લંઘનકર્તા ઉદ્યોગો**

૨૦૫૮ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પર્યાવરણના નિયમોનું ઉલ્લંઘન કરનાર ઉદ્યોગો વિશે વિભાગને કેટલી ફરિયાદ મળી, અને

(૨) ઉક્ત સમયગાળામાં મળેલ ફરિયાદ સંદર્ભે કસુરવાર ઉદ્યોગ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **મળેલ ફરિયાદ / રજૂઆતની સંખ્યા** |
|---|---|---|
| ૧ | કચ્છ | ૨૧૮ |
| | **કુલ** | **૨૧૮** |

(૨) બોર્ડ દ્વારા મળેલ ફરિયાદ અન્વયે સ્થળ તપાસ કરી તપાસ અહેવાલના આધારે કસુરવાર એકમો સામે પર્યાવરણીય કાયદા મુજબ નિયમોનુસાર બંધના હુકમ, નોટિસ ઓફ ડાયરેક્શન અને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ છે.

| **ક્રમ** | **જિલ્લો** | **કરેલ કાર્યવાહી** | |
|---|---|---|---|
| ૧ | કચ્છ | બંધના હુકમો | ૦૫ |
| | | નોટિસ ઓફ ડાયરેક્શન | ૨૪ |
| | | કારણદર્શક નોટિસ | ૫૩ |
| | | દફતરે | ૧૨૮ |
| | | કાર્યવાહી હેઠળ | ૦૮ |

- - - - - - - - -

**સાપુતારા ખાતેની પ્રવાસી-સુવિધાઓમાં વધારો**

૧૭૭૮ **શ્રી રાકેશ દેસાઈ** (નવસારી) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાપુતારા ખાતે પ્રવાસીઓ માટે સુવિધા ઊભી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ કામગીરી કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) ઉક્ત કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાપુતારા ખાતે પ્રવાસીઓ માટે સુવિધા ઊભી કરવા કરેલ કામગીરી તથા થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| **ક્રમ** | **વિગત** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ડેવલપમેન્ટ ઓફ સાપુતારા લેક પેરીફેરી પ્રોજેક્ટ અંતર્ગત મ્યુઝિકલ ફાઉન્ટેન, એમ્ફીથિયેટર, એડવેન્ચર પાર્ક, ફ્લોટિંગ જેટ્ટી, બોટિંગ જેટ્ટી એરિયા ડેવલપમેન્ટ, હયાત લેકની ફરતે કેનોપીઝ, મોલ રોડના વિકાસની કામગીરી, મહાદેવ મંદિર પાસે પાર્કિંગ, માઈનોર બ્રીજસ, દુકાનો, ટી.સી.જી.એલ. શોપ્સનું રિનોવેશન જેવી પ્રવાસી સુવિધાઓની કામગીરી. | ૧૬૬૭.૮૪ |
| ૨ | ડી-ટાઈપ, સી-ટાઈપ એન્ડ સુર્યા કોટેજના રિનોવેશન એન્ડ અપગ્રેડેશનની કામગીરી. | ૨૭૧.૦૧ |
| ૩ | ડેવલપમેન્ટ ઓફ ગવર્નર હિલ એટ | ૨૦૦.૨૯ |

| | | |
|---|---|---|
| | સાપુતારા પ્રોજેક્ટ અંતર્ગત રેસ્ટોરેન્ટ અને સ્ટેપ ગાર્ડન, ગજેબો (ત્રણ નંગ), વ્યુઈંગ ડેક અને એસ.એસ.રેલિંગ, વિશાળ પાર્કિંગ, દુકાનો (૪૫ નંગ) અને પાથ-વે, એમ.એસ સેફ્ટી રેલિંગ જેવી પ્રવાસી સુવિધાઓની કામગીરી. | |
| ૪ | તોરણ હૉટેલ એટ-સાપુતારાના રિનોવેશન એન્ડ અપગ્રેડેશનની કામગીરી. | ૧૪૭.૮૨ |
| ૫ | સાપુતારા (નવાગામ) ખાતે પર્યટક વિકાસ તળાવની કામગીરી. | ૧૩૦.૩૦ |

- - - - - - - - -

**રાજ્યમાં સરકારી મેડિકલ કોલેજો**

૧૭૨૭ **શ્રી ચૈતન્ય દેસાઈ** (અકોટા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડિકલ કોલેજો કાર્યરત છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સરકારી મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ૬(છ) સરકારી મેડિકલ કોલેજો તથા ૧૩(તેર) મેડિકલ કોલેજો રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી હેઠળ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી હેઠળ ૫(પાંચ) નવી સરકારી મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) સરકારી મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૫૦૦(પાંચ સો) સીટોનો વધારો થયેલ છે.

- - - - - - - - -

**ડીસા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૧૭૬૦ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૨૨૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૬૧૨૦૦ |

(૨) તેમાં મુખ્યત્વે કરંજ, કણજી, અરડુસા, લીમડા, પેલ્ટ્રાફાર્મ, ગુલમહોર, કલોનલ, નીલગીરી, ગરમાળો, સીતાફળ, દાડમ, ગુંદા-ગુંદી, પીપળ વિગેરે પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬.૪૧ |
| ૨૦૨૨-૨૩ | ૪૦.૧૨ |

- - - - - - - - -

**નસવાડી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૭૭૧ **શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૯૫ |
| ૨૦૨૨-૨૩ | ૩૭૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૩૨.૮૮ |
| ૨૦૨૨-૨૩ | ૧૨૩.૫૩ |

---------

**યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ**

૧૭૩૧ **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી કુલ ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૨૩૨.૭૭ (કરોડ) |
| ૨૦૨૧-૨૨ | રૂ.૨૭૦.૯૪ (કરોડ) |

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૨૩૭.૩૫ (કરોડ) |
| ૨૦૨૧-૨૨ | રૂ.૨૬૪.૧૩ (કરોડ) |

---------

**જામજોધપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૭૭૨ **શ્રી મેઘજીભાઈ ચાવડા** (કાલાવડ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૭૫ |
| ૨૦૨૨-૨૩ | ૫૦૪ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૫૧.૩૯ |
| ૨૦૨૨-૨૩ | ૨૯૪.૬૨ |

---------

**દેવળીયા સફારી પાર્કમાં પ્રવાસીઓની સુવિધા**

૧૭૫૮ **શ્રી સંજય કોરડીયા** (જૂનાગઢ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવળીયા સફારી પાર્કમાં પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવેલ છે, અને

(૨) રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાંથી

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવળીયા સફારી પાર્કમાં પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની વિશેષ સુવિધાઓ વિકસાવવાની કામગીરી હાથ ધરેલ છેઃ

- દેવળીયા સફારી પાર્કનું નિર્માણ
- એન્ટ્રી ગેટની રી-ડિઝાઈન

| | |
|---|---|
| પ્રવાસીઓને કઈ વિશેષ સુવિધા પ્રાપ્ત થઈ છે ? | • ઈન્ટરપ્રીટેશન સેન્ટર<br>• ટિકિટ બૂકીંગ ઓફિસ<br>• કેન્ટીન ફૂડ કોર્ટ<br>• સોવેનિયર શોપ<br>• વોચ ટાવર<br>• પાથ વે<br>• સીટીંગ એરેન્જમેન્ટ<br>• પાર્કિંગ<br>• ટોયલેટ બ્લોક |

- - - - - - - - -

**રાજ્યમાં નવા સફારી પાર્ક**

૧૭૫૭ **શ્રીમતી રિવાબા જાડેજા** જામનગર ઉત્તર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કોઈ નવા સફારી પાર્ક બનાવવાનું આયોજન છે કે કેમ, | (૧) ના, જી. તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કોઈ નવા સફારી પાર્ક બનાવવાનું આયોજન નથી. |
| (૨) જો હા, તો કેટલા સફારી પાર્ક કયા સ્થળે બનાવવાનું આયોજન છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ સફારી પાર્ક ક્યાં સુધીમાં તૈયાર કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રો**

૧૭૯૦ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૩૬ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ પૂર્ણ થયાં ? | (૨) તે પૈકી કોઈ બાંધકામો પૂર્ણ થયેલ નથી. |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં ડેન્ગ્યુના કેસો**

૧૭૯૩ **શ્રી રાજેશકુમાર ઝાલા** (કપડવંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા, અને

**જવાબ**

(૧)

| વર્ષ | ડેન્ગ્યુના કેસ |
|---|---|
| ૨૦૨૧ | ૧૩૬ |
| ૨૦૨૨ | ૬૮ |
| **કુલ** | **૨૦૪** |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ ડેન્ગ્યુ રોગના અસરકારક નિયંત્રણ માટે શું કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૨) **ડેન્ગ્યુ નિયંત્રણ માટે લીધેલ પગલાઃ-**

- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રીય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ અને લેબોરેટરી પરીક્ષણથી નિદાન થતા કેસોને યોગ્ય સારવારની વ્યવસ્થા.
- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો

**માંડલ ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગ**

૧૭૨૦ **શ્રી હાર્દિક પટેલ** (વિરમગામ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૨૨-૨૩માં અમદાવાદ જિલ્લાના માંડલ ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) રૂ.૮,૩૦,૩૭,૦૦૦/-ની વહીવટી મંજૂરી તા.૩૦-૦૭-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી**

૧૮૨૧ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવાની કોઈ યોજના છે કે કેમ, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવાની યોજના છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કુલ કેટલી સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કુલ ૧૭૬ સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવેલ છે. |
| (૩)ઉક્ત સ્થિતિએ તે માટે કુલ કેટલો ખર્ચ થયો છે ? | (૩) ઉક્ત સ્થિતિએ તે માટે કુલ રૂ.૯૨.૪૧ લાખ ખર્ચ થયો છે. |

- - - - - - - - -

**પ્રવાસન પ્રભાગ દ્વારા મહોત્સવનું આયોજન**

૧૩૯૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પ્રવાસન પ્રભાગ દ્વારા કયા મહોત્સવનું આયોજન કર્યું અને તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧)

| **ક્રમ** | **મહોત્સવનું નામ** | **વર્ષ / ખર્ચ (રૂ. લાખમાં)** | |
|---|---|---|---|
| | | **૨૦૨૧** | **૨૦૨૨** |
| ૧ | નવરાત્રિ ફેસ્ટિવલ | ૩૧૯.૦૭ | ૬૭૪.૩૮ |
| ૨ | રણ ઉત્સવ અને પ્રવાસી સુવિધા | ૮૧૬.૬૮ | ૧૨૨૧.૬૭ |
| ૩ | સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ (મેઘ મલ્હાર પર્વ) | ૧૬૨.૫ | ૨૮.૬૨ |
| ૪ | રંગ છે મેઘાણી (મલ્ટીમીડિયા શો) | ૪૮.૬ | - |
| ૫ | ગાંધી જયંતિ મહોત્સવ | ૩૬.૪૮ | ૩૮.૬૭ |
| ૬ | ધોળાવીરા ઉત્સવ | - | ૧૧૩.૮૮ |
| ૭ | આઝાદી કા અમૃત મહોત્સવ (આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી) | ૬૨૭.૩૨ | - |
| ૮ | શિવ વંદના | - | ૧૯.૪૭ |
| ૯ | તરણેતર મેળો | - | ૭૦.૭૩ |
| ૧૦ | માધવપુર મેળો-માધવપુર તથા દ્વારકા | - | ૮૦૨.૮૩ |
| ૧૧ | રાષ્ટ્રીય મેંગો ફેસ્ટિવલ | - | ૧૬૪.૧૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | અસ્મિતાનો ઉત્સવ | - | ૫.૦૭ |
| ૧૩ | ઋષિ વંદના-વડનગર | - | ૧.૫૦ |
| ૧૪ | દશેરા મહોત્સવ | ૪૬.૨૭ | ૧૬.૭૭ |
| ૧૫ | શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ | - | ૪૯૧.૦૩ |

(૨) ઉક્ત ખર્ચ પૈકી ઉક્ત વર્ષવાર ટીવી, અખબારની જાહેરાત, હોટેલ, વાહન, ડેકોરેશન તેમજ અન્ય પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨)

| ક્રમ | વિગત | **વર્ષ / ખર્ચ (રૂ. લાખમાં)** | |
|---|---|---|---|
| | | **૦૧-૦૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **૦૧-૦૧-૨૨ થી ૩૧-૧૨-૨૨** |
| ૧ | TV-અખબાર જાહેરાત | ૦.૦૦ | ૮૧.૭૨ |
| ૨ | હોટલ | ૬.૩૧ | ૧૪.૭૦ |
| ૩ | વાહન | ૩૦.૫૩ | ૪૧.૦૦ |
| ૪ | ડેકોરેશન અને | ૨૦૨૦.૦૮ | ૩૫૧૧.૩૭ |

(૩) ઉક્ત વર્ષવાર મહોત્સવ દીઠ કેટલા વિદેશી પર્યટકોએ ભાગ લીધો ?

(૩)

| **ક્રમ** | **મહોત્સવનું નામ** | **વિદેશી પર્યટકોની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **૨૦૨૧** | **૨૦૨૨** |
| ૧ | રણ ઉત્સવ અને પ્રવાસી સુવિધા | ૭૬ | ૩૮૯ |

- - - - - - - - -

### ડોલવણ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

૧૭૬૮ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) :**માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૧૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૩૫ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૬૧.૮૪ |
| ૨૦૨૨-૨૩ | ૧૬૪.૨૫ |

- - - - - - - - -

### લખપત તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

૧૭૭૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૯૭૫ |
| ૨૦૨૨-૨૩ | ૧૦૨૮ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૭૬.૮૫ |
| ૨૦૨૨-૨૩ | ૨૩૭.૪૭ |

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં સરકારી / ખાનગી નર્સિંગ સ્કૂલ / કોલેજ**

૧૭૪૯ **ડૉ. દર્શીતા શાહ** (રાજકોટ પશ્ચિમ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નર્સિંગ સેવા સઘન બનાવવા માટે સરકારી / ખાનગી નર્સિંગ સ્કૂલ / કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ-૩૯૩ ખાનગી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૧૭૬૩ **શ્રી સુખાજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩.૩૦ લાખ |
| ૨૦૨૨-૨૩ | ૩.૫૦ લાખ |

(૨) તેમાં મુખ્યત્વે અરડુસા, નીલગીરી, લીમડા, દેશી બાવળ, કરંજ, ખાટી આમલી, સીસુ, સરસ, પેલ્ટોફોર્મ, વિગેરે પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૪૨.૩૩ |
| ૨૦૨૨-૨૩ | ૨૬૧.૩૮ |

- - - - - - - - -

**રાજ્યમાં સિંહ / દીપડા દ્વારા માનવ મૃત્યુના બનાવો**

૧૭૫૫ **શ્રી દિવ્યેશભાઈ અકબરી** (જામનગર દક્ષિણ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સિંહ તથા દિપડા દ્વારા કેટલા માનવ મૃત્યુના તથા માનવ ઈજાના બનાવો બન્યા, અને

(૨) ઉક્ત મૃત્યુ અને ઈજાના બનાવોમાં કુલ કેટલું વળતર ચૂકવવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સિંહ તથા દિપડા દ્વારા બનેલ માનવ મૃત્યુના તથા માનવ ઈજાના બનાવોની વિગત નીચે મુજબ છે.

| અ.નં | વર્ષ | સિંહ દ્વારા | | દિપડા દ્વારા | |
|---|---|---|---|---|---|
| | | માનવ મૃત્યુની સંખ્યા | માનવ ઈજાની સંખ્યા | માનવ મૃત્યુની સંખ્યા | માનવ ઈજાની સંખ્યા |
| ૧ | ૨૦૨૧ | ૨ | ૨૧ | ૧૫ | ૧૦૫ |
| ૨ | ૨૦૨૨ | ૫ | ૧૯ | ૧૨ | ૮૪ |

(૨) ઉક્ત મૃત્યુ અને ઈજાના બનાવોમાં ચૂકવવામાં આવેલ વળતરની વિગત નીચે મુજબ છે.

| અ. નં | વર્ષ | સિંહ દ્વારા | | દિપડા દ્વારા | |
|---|---|---|---|---|---|
| | | માનવ મૃત્યુનું ચૂકવેલ વળતર (રૂ.) | માનવ ઈજાનું ચૂકવેલ વળતર (રૂ.) | માનવ મૃત્યુનું ચૂકવેલ વળતર (રૂ.) | માનવ ઈજાનું ચૂકવેલ વળતર (રૂ.) |
| ૧ | ૨૦૨૧ | ૮૦૦૦૦૦ | ૭૩૧૦૦ | ૬૦૦૦૦૦૦ | ૪૫૦૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ૨૦૨૨ | ૨૫૦૦૦૦૦ | ૧૫૪૩૦૦ | ૬૦૦૦૦૦૦ | ૭૮૩૩૦૦ |
| | **કુલ** | **૩૩૦૦૦૦૦** | **૨૨૭૪૦૦** | **૧૨૦૦૦૦૦૦** | **૧૨૩૩૩૦૦** |

- - - - - - - - -

**વાવ, ભાભર અને સુઈગામ તાલુકામાં આરોગ્ય કેન્દ્રો**

૧૨૭૩ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વાવ, ભાભર અને સુઈગામ તાલુકામાં આરોગ્ય કેન્દ્રોના વિવિધ કેટલા નવા મકાનો બાંધવાના બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વાવ, ભાભર અને સુઈગામ તાલુકામાં આરોગ્ય કેન્દ્રોના વિવિધ કેટલા નવા મકાનો બાંધવાના બાકી છે. જેની વિગત નીચે મુજબ છે.

| **વાવ તાલુકો** | | |
|---|---|---|
| **ક્રમ** | **આરોગ્ય કેન્દ્રનું નામ** | **બાંધવાના બાકી હોય તેવા આરોગ્ય કેન્દ્રની સંખ્યા** |
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૦૧ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૦૫ |
| ૩ | પેટા આરોગ્ય કેન્દ્ર | ૨૧ |
| | **કુલ** | **૨૭** |
| **ભાભર તાલુકો** | | |
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૦૦ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૦૧ |
| ૩ | પેટા આરોગ્ય કેન્દ્ર | ૧૮ |
| | **કુલ** | **૧૯** |
| **સુઈગામ તાલુકો** | | |
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૦૦ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૦૫ |
| ૩ | પેટા આરોગ્ય કેન્દ્ર | ૧૬ |
| | **કુલ** | **૨૧** |

(૨) ઉક્ત નવા મકાનો ક્યારે બનાવવામાં આવશે ?

(૨) ઉક્ત નવા મકાનોની વહીવટી મંજૂરી/રીવાઈઝ વહીવટી મંજૂરી મળ્યા બાદ જરૂરી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને બનાવવામાં આવશે.

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૧૭૪૬ **ડૉ. દર્શના દેશમુખ (વસાવા)** (નાંદોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧)

| **વર્ષ** | **લાભાર્થીઓની સંખ્યા** |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | ૧૧૩૪૨ |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | ૭૨૦૬ |
| **કુલ** | **૧૮૫૪૮** |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ રૂ.** |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | ૨,૨૬,૮૪,૦૦૦/- |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | ૧,૪૪,૧૨,૦૦૦/- |
| **કુલ** | **૩,૭૦,૯૬,૦૦૦/-** |

**હાલોલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૭૭૩ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૧૭ |
| ૨૦૨૨-૨૩ | ૧૮૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૮૬.૭૫ |
| ૨૦૨૨-૨૩ | ૧૦૬.૩૬ |

---------

**ભાવનગર જિલ્લામાં સરકારી કોલેજો**

૧૮૧૩ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી સરકારી કોલેજો આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૮(આઠ)

(૨)

| વર્ષ | સરકારી કોલેજ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦ |
| ૨૦૨૨-૨૩ | ૧ |

---------

**ભુજ ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગ**

૧૭૧૯ **શ્રી કેશુભાઈ પટેલ** (ભુજ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૨-૨૩માં ભુજ ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૧૦૨,૧૦,૦૦,૦૦૦/- ની વહીવટી મંજૂરી તા.૨૮-૦૯-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે.

---------

**નસવાડી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૭૧૬ **શ્રી જયંતિભાઈ રાઠવા** (જેતપુર) :**માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૯૫ |
| ૨૦૨૨-૨૩ | ૩૭૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૩૨.૮૮ |
| ૨૦૨૨-૨૩ | ૧૨૩.૫૩ |

---------

**અરવલ્લી જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો**

૧૭૪૭ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો / સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ કયા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૦૪(ચાર) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો / અને ૦૧(એક) સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | પ્રા.આ.કે./સા.આ.કે.ના નામ |
|---|---|
| ૧ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટીંટોઈ, તા.મોડાસા |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાતરડા, તા.માલપુર |
| ૩ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાઠંબા, તા.બાયડ |
| ૪ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુનાઈ, તા.ભિલોડા |
| ૫ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર મેઢાસણ, તા.મોડાસા |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ધાનપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૭૬૯ **શ્રી કનૈયાલાલ કિશોરી** (દાહોદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૨૫ |
| ૨૦૨૨-૨૩ | ૩૪૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૭૪.૭૨ |
| ૨૦૨૨-૨૩ | ૧૭૯.૨૬ |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રો**

૧૭૯૧ **શ્રી કાળુભાઈ રાઠોડ** (ઉના) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ પૂર્ણ થયાં ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૩૬ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા

(૨) તે પૈકી કોઈ બાંધકામો પૂર્ણ થયેલ નથી.

---------

**શુલપાણેશ્વર અભ્યારણ્યના વિકાસ માટે નાણાકીય જોગવાઈ**

૧૪૦૧ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શુલપાણેશ્વર અભ્યારણના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ કઈ કામગીરી માટે કેટલી જોગવાઈ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યમાં આવેલ ૨૩ અભ્યારણ્યો, ૪ રાષ્ટ્રીય ઉદ્યાન તથા ૧ કન્ઝર્વેશન રીઝર્વના વિકાસ અને વ્યવસ્થાપનની કામગીરી અંતર્ગત શુલપાણેશ્વર અભયારણ્યના વિકાસ માટે

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની કામગીરી માટે નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૦૨૨

(તા.૦૧-૦૪-૨૦૨૧ થી તા.૩૧-૦૩-૨૦૨૨)

| અ.નં. | કામગીરીની વિગત | ફાળવેલ રકમ (લાખમાં) |
|---|---|---|
| ૧ | 1. મેનેજમેન્ટ પ્લાનમાં સુચવ્યા મુજબની કામગીરી<br>2. પ્લાન્ટીંગ ભુમી ભેજ સંરક્ષણ, લેન્ટેના રીમુવલ<br>3. હેબીટાટ સુધારણા, વન્યજીવ પુનર્વસન બચાવ તથા સારસંભાર<br>4. ફાયર પ્રોટેક્શનની કામગીરી<br>5. વન્યજીવો માટે ખોરાક પાણીની વ્યવસ્થા, નવા પાણીના પોઈન્ટ તથા પાણી ભરવા/ રીપેરીંગની કામગીરી<br>6. વાહનોની જાળવણી,<br>7. વેટરનરી ઓફીસરના મહેનતાણા<br>8. રેસ્ક્યુ પ્રાણીઓનું સ્થળાંતર તથા ઘાયલ પ્રાણીની સારવાર, દવા<br>9. વન્યપ્રાણી દ્વારા થતા માનવ જાનહાની તથા માલઢોરના મૃત્યુ સામે સહાય<br>10. વન્યપ્રાણીને પકડવાની સાધન સામગ્રી તથા એનીમલ કેર સેન્ટરની જાળવણી<br>11. લુપ્ત થતા વન્યપ્રાણીઓના સંરક્ષણ, સંવર્ધન અને વિકાસની કામગીરી<br>12. ઈકો સેન્સીટીવ ઝોનમાં આવેલ ગામોમાં ઈકો ડેવલપમેન્ટની કામગીરી તથા ઈકો સેન્સીટીવ ઝોનમાં કન્વેયન્સના કામો | ૭૨૯.૯૫ |

વર્ષ ૨૦૨૨-૨૦૨૩

(તા.૦૧-૦૪-૨૦૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩)

| અ.નં. | કામગીરીની વિગત | ફાળવેલ રકમ (લાખમાં) |
|---|---|---|
| ૧ | 1. મેનેજમેન્ટ પ્લાનમાં સુચવ્યા મુજબની કામગીરી<br>2. પ્લાન્ટીંગ ભુમી ભેજ સંરક્ષણ, લેન્ટેના રીમુવલ<br>3. હેબીટાટ સુધારણા, વન્યજીવ પુનર્વસન બચાવ તથા સારસંભાર<br>4. ફાયર પ્રોટેક્શનની કામગીરી<br>5. વન્યજીવો માટે ખોરાક પાણીની વ્યવસ્થા, નવા પાણીના પોઈન્ટ તથા પાણી ભરવા/ રીપેરીંગની કામગીરી<br>6. વાહનોની જાળવણી,<br>7. વેટરનરી ઓફીસરના મહેનતાણા<br>8. રેસ્ક્યુ પ્રાણીઓનું સ્થળાંતર તથા ઘાયલ પ્રાણીની સારવાર, દવા | ૭૮૩.૫૪ |

| | | |
|---|---|---|
| | 9. વન્યપ્રાણી દ્વારા થતા માનવ જાનહાની તથા માલઢોરના મૃત્યુ સામે સહાય<br>10. વન્યપ્રાણીને પકડવાની સાધન સામગ્રી તથા એનીમલ કેર સેન્ટરની જાળવણી<br>11. લુપ્ત થતા વન્યપ્રાણીઓના સંરક્ષણ, સંવર્ધન અને વિકાસની કામગીરી<br>12. ઈકો સેન્સીટીવ ઝોનમાં આવેલ ગામોમાં ઈકો ડેવલપમેન્ટની કામગીરી તથા ઈકો સેન્સીટીવ ઝોનમાં કન્વેયન્સના કામો | |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં સરકારી કોલેજો**

૧૭૮૫ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી સરકારી કોલેજો આવેલ છે, અને

(૧) ૮(આઠ)

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે ?

(૨)

| **વર્ષ** | **સરકારી કોલેજ** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦ |
| ૨૦૨૨-૨૩ | ૧ |

- - - - - - - - -

**રાજ્યમાં સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી**

૧૭૮૩ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0) ની અમલવારી ક્યારથી શરૂ કરવામાં આવેલ છે, અને

(૧) તા.૧૧-૦૧-૨૦૨૨

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલિસી અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ?

(૨)

| **ફાળવણી વર્ષ** | **રકમ (રૂ.)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨,૩૧,૯૦,૩૨૩ |
| ૨૦૨૨-૨૩ | ૬,૯૫,૩૦,૭૮૨ |

- - - - - - - - -

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે તપાસ સમિતિ**

૧૧૩૯ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ખાતે સરકાર દ્વારા તપાસ સમિતિઓ નીમવામાં આવી છે, આ હકીકત સાચી છે,

(૧) હા, જી

(૨) જો હા, તો કેટલી તપાસ સમિતિઓ નીમવામાં આવી,

(૨) એક

(૩) કયા કયા મુદ્દાઓ માટે નીમવામાં આવી અને તેના અહેવાલની સ્થિતિએ શું છે, અને

(૩) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા પ્રથમ વર્ષ MBBSની પરીક્ષામાં થયેલ ગુણ સુધારણાની ગેરરીતિ બાબતનો અહેવાલ સરકારને મળેલ છે.

(૪) કેટલી તપાસ સમિતિના અહેવાલને આધારે પગલાં લેવામાં આવ્યા અને શું પગલાં લેવામાં આવ્યા ?

(૪) સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો

**અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના**

૧૭૫૧ **શ્રી મહેશ કસવાલા** (સાવરકુંડલા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનાં આયુષ્યમાન કાર્ડ આપવામાં આવ્યા, અને

(૧)

| અનુ.નં | સમયગાળો | આયુષ્યમાન કાર્ડ (PMJAY-MA) |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨,૧૭,૧૧૦ |
| ૨ | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૧,૬૩,૩૬૦ |
| | **કુલ** | **૩,૮૦,૪૭૦** |

(૨) ઉક્ત સ્થિતિએ આ તમામ લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે ?

(૨) પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટરો, યુ.ટી.આઈ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી એન્ડ સર્વિસિસ લિ. (UTI-ITSL) એન. કોડ એજન્સી, કલર પ્લાસ્ટ એજન્સીના નોંધણી સેન્ટર પરથી આયુષ્યમાન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**રાજ્ય દ્વારા નેશનલ રૂરલ હેલ્થ મિશન અન્વયે રકમની માંગણી**

૧૦૦૧ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકાર દ્વારા નેશનલ રૂરલ હેલ્થ મિશન અન્વયે કેટલી રકમની માંગણી કરવામાં આવી,

(૧)

| વર્ષ / વિગત | માંગણી કરેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૭૬,૧૪૬ |
| ૨૦૨૧-૨૨ | ૮૬,૩૪૨ |
| ૨૦૨૨-૨૩ (તા.૩૧-૧૨-૨૦૨૨ અંતિત) | ૬૪,૧૮૫ |

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૨)

| વર્ષ / વિગત | કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૭૮,૭૭૦ |
| ૨૦૨૧-૨૨ | ૬૯,૮૫૦ |
| ૨૦૨૨-૨૩ (તા.૩૧-૧૨-૨૦૨૨ અંતિત) | ૫૨,૯૫૧ |

(૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો, અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩)

| વર્ષ / વિગત | ખર્ચ (રૂ. લાખમાં) | વણવપરાયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૯૭,૪૫૭.૦૮ | ૧૧,૮૧૩.૫૩ |
| ૨૦૨૧-૨૨ | ૮૧,૬૬૩.૫૩ (અનઓડીટેડ) | ૦ |
| ૨૦૨૨-૨૩ | ૫૨,૯૫૧.૦૧ | ૦ |

| (તા.૩૧-૧૨-૨૦૨૨ અંતિત) | | |
|---|---|---|

<u>વણવપરાયેલ રકમ રહેવાના કારણો</u>

- એન.એચ.એમ. હેઠળ રાજ્ય કક્ષાએથી બજેટની ફાળવણી અનુસાર રાજ્ય હેઠળની વિવિધ આરોગ્ય સંસ્થાઓ ખાતે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને જે તે આરોગ્ય સંસ્થાઓ દ્વારા જરૂરીયાત અનુસાર બજેટની મર્યાદામાં ખર્ચ કરવામાં આવે છે. વણવપરાયેલ રકમ બીજા વર્ષના બજેટની ગ્રાન્ટ તરીકે બાકી આગળ તરીકે લઈ જવામાં આવે છે.
- એન.એચ.એમ. અંતર્ગતનું ફંડ વર્ષાન્તે પરત કરવાનું રહેતુ નથી પરંતુ ભારત સરકારશ્રીની માર્ગદર્શિકામાં જણાવ્યાનુસાર જે તે વર્ષમાં વણવપરાયેલ રકમ પૈકીની રકમ પછીના નાણાકીય વર્ષના પ્રથમ બે ક્વાર્ટરમાં ખર્ચ કરવાની રહે છે.

- - - - - - - - -

**ખંભાત દરિયાઈ વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર**

૨૦૬૩ **શ્રી ચિરાગકુમાર પટેલ**(ખંભાત) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ખંભાતના દરિયાઈ વિસ્તારમાં કુલ કેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષોનું આવરણ આવેલ છે, | (૧) આણંદ જિલ્લામાં ખંભાતના દરિયાઈ વિસ્તારમાં ફૉરેસ્ટ સર્વે ઓફ ઈન્ડીયાના ''ઈન્ડિયા સ્ટેટ ઓફ ફૉરેસ્ટ રિપોર્ટ, ૨૦૨૧'' મુજબ ૫.૭૨ ચો.કિ.મી. વિસ્તારમાં ચેરનાં વૃક્ષોનું આવરણ આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલા નવા ચેરના વૃક્ષો રોપવામાં આવ્યા, અને | (૨) ઉક્ત સ્થિતિએ સને ૨૦૧૯-૨૦ના વર્ષ બાદ ચેર વાવેતર માટે લક્ષ્યાંકની ફાળવણી કરવામાં આવેલ ન હોવાથી નવા ચેરના વૃક્ષો રોપવામાં આવ્યા નથી. |
| (૩) તે અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચેરના વાવેતર જાળવણી માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ? | (૩) તે અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચેરના વાવતેર જાળવણી માટે લક્ષ્યાંકની ફાળવણી કરવામાં આવેલ ન હોવાથી ખર્ચ કરવામાં આવેલ નથી. |

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

૧૭૮૮ **શ્રી જયંતિભાઈ પટેલ** (માણસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (૧) બાપુપુરા (૨) દશેલા (સુઘડ પીએચસી ને સ્થળફેર) આમ કુલ ૨ (બે) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત થયા ? | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ બન્ને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. |

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં ચિકુનગુનિયાના કેસો**

૧૭૩૮ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ચિકુનગુનિયાના કેટલા કેસો | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ચિકુનગુનિયાના નોંધાયેલ કેસ નીચે |

નોંધાયા અને

મુજબ છે.

| વર્ષ | ચિકુનગુનિયાના કેસ |
|---|---|
| ૨૦૨૧ | ૨ |
| ૨૦૨૨ | ૦ |
| **કુલ** | **૨** |

(૨) ચિકુનગુનિયાના રોગને ફેલાવતો અટકાવવા માટે શુ કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ચિકુનગુનિયા નિયંત્રણ માટે લીધેલ પગલાઃ-
- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રીય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ અને લેબોરેટરી પરીક્ષણથી નિદાન થતા કેસોને યોગ્ય સારવારની વ્યવસ્થા.
- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રો**

૧૭૪૨ **શ્રી પ્રદ્યુમન વાજા** (કોડીનાર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ પૂર્ણ થયાં ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૩૬ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કોઈ બાંધકામો પૂર્ણ થયેલ નથી.

---------

**યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ**

૧૭૩૪ **શ્રી અમીત ઠાકર** (વેજલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી કુલ ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ(રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૨૩૨.૭૭ (કરોડ) |
| ૨૦૨૧-૨૨ | રૂ.૨૭૦.૯૪ (કરોડ) |

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૨૩૭.૩૫ (કરોડ) |
| ૨૦૨૧-૨૨ | રૂ.૨૬૪.૧૩ (કરોડ) |

---------

**હિંમતનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૭૬૬ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૭૮ |

કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૩૫૮ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૦૨.૭૬ |
| ૨૦૨૨-૨૩ | ૧૭૩.૪૬ |

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો**

૧૭૪૫ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો / સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૦૨ (બે) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો-૦.૦૦ના મકાનનું બાંધકામ મંજૂર થયેલ છે.

| ક્રમ | ફેસીલીટી | મંજૂરી વર્ષ | ગામનું નામ | તાલુકા |
|---|---|---|---|---|
| ૧ | પ્રા.આ.કેં | ૨૦૨૧-૨૨ | દાવોલ | બોરસદ |
| ૨ | પ્રા.આ.કેં | ૨૦૨૧-૨૨ | દેવાતળપદ | સોજિત્રા |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ કયા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ઉક્ત સ્થિતિએ વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. કામની વહીવટી મંજૂરી મળ્યેથી નકશા-અંદાજો, ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મકાનની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૩) આ પાછળ બજેટ જોગવાઈ હેઠળ મળેલ ખર્ચ કરવાની મંજૂરી હેઠળ પત્રક-૧ મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

પી.એચ.સી./સબ સેન્ટર બાંધકામ કરવાની પ્રક્રિયા કરતા પહેલા જમીનની સોઈલ ટેસ્ટિંગની કામગીરી સબબ ખર્ચ થાય છે, જે માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩મા આવો ખર્ચ કરવા માટે કરાયેલ જોગવાઈમાંથી નિયમોનુસાર મળેલ મંજૂરી મુજબ રૂ.૩૮,૦૦૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | ફેસીલીટી | ગામનું નામ અને તાલુકો | બજેટ જોગવાઈ | | | થયેલ રકમ રૂ. લાખમાં | ખર્ચ થયેલ કામગીરીની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ષ | એચ.એફ.નં. | પ્રોવિઝન રકમ રૂ. લાખમાં | | |
| ૧ | પ્રા.આ.કેન્દ્ર | દાવોલ તા.બોરસદ | ૨૦૨૧-૨૨ | ૧૫૬ | ૩૮.૫૦ | ૦.૧૯ | કામના જમીન પરિક્ષણની કામગીરી સબબ |
| | | | ૨૦૨૨-૨૩ | ૧૮૦ | ૩૮.૫૦ | | |
| | | | | **કુલ** | **૭૭.૦૦** | | |
| ૨ | પ્રા.આ.કેન્દ્ર | દેવાતળપદ તા.સોજિત્રા | ૨૦૨૧-૨૨ | ૧૫૬ | ૩૮.૫૦ | ૦.૧૯ | કામના જમીન પરિક્ષણની કામગીરી સબબ |
| | | | ૨૦૨૨-૨૩ | ૧૮૦ | ૩૮.૫૦ | | |
| | | | | **કુલ** | **૭૭.૦૦** | | |

- - - - - - - - -

**વેરાવળ સિવિલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ**

૧૪૨૨ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં સિવિલ હોસ્પિટલમાં મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં સિવિલ હોસ્પિટલમાં મંજૂર થયેલ મહેકમ સામે ૨૬ જગ્યાઓ ખાલી છે.

(૨) આ ખાલી જગ્યાઓ સમયસર ન ભરવાના કારણો શાં છે અને કેટલા સમયમાં જગ્યાઓ ભરાશે ?

(૨)
- વયનિવૃત્તિ/સ્વૈચ્છિક નિવૃત્તિ/રાજીનામું, બદલી, બઢતી, નિમણુકનો અસ્વીકાર વગેરે કારણોસર જગ્યાઓ ખાલી પડે છે.
- યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

- - - - - - - - -

**દાંતા અને અમીરગઢ તાલુકામાં વન ખાતાને ફાળવેલ ગ્રાન્ટ**

૧૪૨૩ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા અને અમીરગઢ તાલુકામાં વન ખાતામાં કેટલી ગ્રાંટ કયા કયા કામો માટે ફાળવેલ છે,

**જવાબ**

(૧) વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ, વન સંશોધન, તાલીમ અને પ્રચાર, વન સંરક્ષણ અને વિકાસ, રસ્તા અને મકાનો, વન સંરક્ષણ, વળતર વનીકરણ, સામૂહિક વન નિર્માણ, વૃક્ષ ખેતી વગેરે યોજનાઓની કામગીરી માટે નીચે મુજબ ગ્રાંટ ફાળવેલ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | દાંતા | અમીરગઢ |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૨૩૩.૯૭ | ૯૮૭.૦૩ |
| ૨૦૨૨-૨૩ | ૨૫૩૦.૯૩ | ૯૧૬.૨૩ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને

(૨) (રૂ. લાખમાં)

| વર્ષ | દાંતા | અમીરગઢ |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૨૩૩.૯૫ | ૯૮૭.૦૨ |
| ૨૦૨૨-૨૩ | ૧૯૫૫.૭૬ | ૬૮૯.૬૦ |

(૩) ઉક્ત સ્થિતિએ વણવપરાયેલ રકમ કેટલી છે ?

(૩) (રૂ. લાખમાં)

| વર્ષ | દાંતા | અમીરગઢ |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦.૦૨ | ૦.૦૧ |
| ૨૦૨૨-૨૩ | ૫૭૫.૧૭ | ૨૨૬.૬૩ |

- - - - - - - - -

**સાસણ ખાતે સિંહ દર્શન માટે પ્રવાસી સુવિધાઓમાં વધારો**

૧૭૭૭ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાસણ ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓ માટે સુવિધા વધારવા સરકારશ્રી દ્વારા કોઈ આયોજન હાથ ધરેલ છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાસણ ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓ માટે સુવિધા વધારવા સરકારશ્રી દ્વારા હાથ ધરેલ કામગીરીની વિગતો નીચે મુજબ છેઃ

➢ ફેઝ-૧: ડેવલપમેન્ટ ઓફ સાસણ (સિંહ સદન, મગર ઉછેર કેન્દ્રનો વિકાસ):
  - પ્રવેશ દ્વાર-૨(સિંહ સદન)

- રિસેપ્શન સેન્ટર, ઓરિએન્ટેશન સેન્ટર, ઈન્ફોર્મેશન સેન્ટર
- સોવેનિયર શોપ, હેન્ગઆઉટ એરીયા, પ્લે એરીયા
- વી.આઈ.પી. પાર્કીંગ
- ઓપન લાયબ્રેરી, સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે ટેન્ટ
- ટ્રેનિંગ સેન્ટરની રી-ડિઝાઈન
- કીચન અને ડાઈનિંગ એરીયા, પાઠશાળા, એમ્ફીથીયેટર તેમજ ટ્રેલરનું રીનોવેશન
- ટોયલેટ બ્લોક

➢ ફેઝ-૨: દેવળિયા સફારી પાર્ક અને સનસેટ પોઈન્ટના વિકાસ માટેની કામગીરી

દેવળિયા સફારી પાર્કઃ
- એન્ટ્રી ગેટની રી-ડિઝાઈન
- ઈન્ટરપ્રીટેશન સેન્ટર અને ટિકિટ બૂકીંગ ઓફિસ
- કેન્ટીન ફૂટ કોર્ટ અને સોવેનીયર શોપ
- વૉચ ટાવર
- પાર્કીંગ, સીટીંગ ઍરેન્જમેન્ટ, પાથ વે તેમજ ટોયલેટ બ્લોક

સનસેટ પોઈન્ટ ભાલ છેલ હીલઃ
- એમ્ફીથીયેટર
- ફૂડ કોર્ટ
- હેન્ગઆઉટ એરિયા
- ટિકિટ બિલ્ડિંગ, આર્ટ વર્ક અને સેલ્ફી પોઈન્ટ, પાર્કીંગ એરીયા
- ટોયલેટ બ્લોક

➢ ફેઝ-૩: આર્ટવર્ક તથા સ્કલ્પચરની કામગીરી
- એક પોસ્ટ ગેટ-૨
- વિવિધ સ્કલ્પચર (લાયન, ડિયર, મંકી, બર્ડસ)
- ઈન્ટરપ્રિટેશન ઝોન
- નેચર ટ્રેલ દર્શાવતી સેલ્ફી પોઈન્ટ જાળી
- સિંહ સદન, નેચર પાર્ક, દેવળિયા, અર્બોરિટમ તથા સનસેટ પોઈન્ટ ખાતે આર્ટ વર્ક

(૩) ઉક્ત આયોજન પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) રૂ.૨૬૮૨.૮૫ લાખ

---------

**ઉચ્ચ શિક્ષણ એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી યોજના**

૧૭૮૭ **શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ઉચ્ચ શિક્ષણ એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી યોજના હેઠળ કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ઉચ્ચ શિક્ષણ એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી યોજના હેઠળ કુલ ૧૯૯ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે પેટે કુલ રૂ.૧૧૫.૧૪ લાખની સહાય ચૂકવવામાં આવી.

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગરમાં જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી**

૧૭૧૭ **શ્રી શામજીભાઈ ચૌહાણ** (ચોટીલા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ચેરીટીતંત્રની જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, સુરેન્દ્રનગરના મકાન બાંધકામ અંગે નિર્ણય લેવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો મકાન બાંધકામ અંગે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૩,૩૯,૩૪,૨૦૦/-

**સંતરામપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

૧૭૧૫ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૩૦ |
| ૨૦૨૨-૨૩ | ૫૨૩ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૫૮.૪૬ |
| ૨૦૨૨-૨૩ | ૩૦૯.૬૮ |

---------

**મહેમદાબાદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૧૭૬૧ **શ્રી સંજયસિંહ મહિડા** (મહુધા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નડિયાદ જિલ્લાના મહેમદાબાદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૫.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૬૯.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૯.૫૮ |
| ૨૦૨૨-૨૩ | ૪૩.૮૧ |

---------

**મોરબી જિલ્લાના ટંકારા ખાતેના આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોની ઘટ**

૧૬૭૭ **શ્રી દુર્લભભાઈ દેથરીયા** (ટંકારા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોરબી જિલ્લાના ટંકારા ખાતે આવેલ સી.એચ.સી. તથા પી.એચ.સી.માં કેટલા ડૉક્ટરોની જગ્યા ખાલી છે,

(૨) આ ડૉક્ટરોની ખાલી જગ્યા ભરવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ | | |
|---|---|---|
| | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
| ખાલી જગ્યા | ૦૫ | ૦૦ |

(૨) આ ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે સીધી ભરતીથી તથા સી.પી.એસ./પી.જી. અભ્યાસક્રમ પૂર્ણ થયેલ બોન્ડેડ ઉમેદવારોને તજજ્ઞ વર્ગ-૧ તરીકે તેમજ મેડિકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. ઉર્તિણ

થયેલ બોન્ડેડ ઉમેદવારોને વર્ગ-૨માં નિમણૂકો આપવામાં આવે છે.

તજજ્ઞ વર્ગ-૧માં ૧૧ માસના કરાર આધારિત તથા સી.એમ. સેતુ યોજના હેઠળ વીઝીટીંગ તજજ્ઞોથી નિમણૂંકો આપવામાં આવે છે.

(૩) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે ?

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે સીધી ભરતીથી યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તથા બોન્ડેડ/સી.પી.એસ. બોન્ડેડ ઉમેદવારો/કરાર આધારિત /સી.એમ. સેતુ યોજના હેઠળ વિઝિટિંગ તજજ્ઞો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં ચિકુનગુનિયાના કેસો**

૧૭૩૭ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ચિકુનગુનિયાના કેટલા કેસો નોંધાયા, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ચિકુનગુનિયાના નોંધાયેલ કેસ નીચે મુજબ છે.

| વર્ષ | ચિકુનગુનિયાના કેસ |
|---|---|
| ૨૦૨૧ | ૧૦ |
| ૨૦૨૨ | ૦ |
| **કુલ** | **૧૦** |

(૨) ચિકુનગુનિયાના રોગને ફેલાવતો અટકાવવા માટે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ચિકુનગુનિયા નિયંત્રણ માટે લીધેલ પગલાઃ-

- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રીય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ અને લેબોરેટરી પરીક્ષણથી નિદાન થતા કેસોને યોગ્ય સારવારની વ્યવસ્થા.
- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના**

૧૭૯૪ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનાં આયુષ્યમાન કાર્ડ આપવામાં આવ્યા, અને

(૧)

| અનુ. નં | સમયગાળો | આયુષ્યમાન કાર્ડ (PMJAY-MA) |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨,૧૭,૧૧૦ |
| ૨ | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૧,૬૩,૩૬૦ |
| | **કુલ** | **૩,૮૦,૪૭૦** |

(૨) ઉક્ત સ્થિતિએ આ તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે ?

(૨) પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ

સેન્ટરો, યુ.ટી.આઈ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી એન્ડ સર્વિસિસ લિ. (UTI-ITSL) એન. કોડ એજન્સી, કલર પ્લાસ્ટ એજન્સીના નોંધણી સેન્ટર પરથી આયુષ્યમાન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**બારડોલી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૧૭૬૪ **શ્રી સંદીપ દેસાઈ** (ચોર્યાસી) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૧.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૫૦.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૧.૨૭ |
| ૨૦૨૨-૨૩ | ૩૦.૫૭ |

- - - - - - - - -

**કચ્છ અને વલસાડ જિલ્લામાં પ્રદૂષણની ફરિયાદ**

૨૦૫૩ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ કચ્છ અને વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી ઔદ્યોગિક એકમો સામે હવા, પાણી, ધ્વનિ અને જમીન પ્રદૂષણ ફેલાવતા હોવાની ફરિયાદ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ એકથી વધુવાર ફરિયાદો મળી હોય તેવા એકમો ક્યા ક્યા છે, અને

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | મળેલ ફરિયાદની સંખ્યા (સમયગાળો ૦૧-૦૨-૨૦૨૧ થી ૩૧-૦૧-૨૦૨૩) |
|---|---|---|
| ૧ | કચ્છ | ૨૨૪ |
| ૨ | વલસાડ | ૧૭૨ |
| | **કુલ** | **૩૯૬** |

(૨) કચ્છ જિલ્લાના કુલ ૩૯ એકમો અને વલસાડ જિલ્લાના ૨૧ એકમો સામે એકથી વધુ વખત ફરિયાદો મળેલ છે, જેની વિગત આ સાથે પત્રક-૧ માં સામેલ છે.

**પત્રક-૦૧**

**જિલ્લોઃ કચ્છ**

કચ્છ જિલ્લાના **કુલ ૩૯ એકમો** સામે એક થી વધુ વખત ફરિયાદ મળેલ છે જેની યાદી નીચે મુજબ છે.

૧ મે. જી.એસ.ઈ.સી.એલ
૨ મે. આશાપુરા પર્ફોક્લે
૩ મે. સાંધી ઈન્ડસ્ટ્રીઝ લી. (ક્લિન્કરાઈઝેરાન પ્લાન્ટ)
૪ મે. સાંધી ઈન્ડસ્ટ્રીઝ લી. (થર્મલ પાવર પ્લાન્ટ)
૫ જીમ્પેક્ષ ઈમરીસ ઈન્ડીયા પ્રા. લી.
૬ મે. અલ્ટ્રાટેક સિમેન્ટ લી.
૭ મે. સોલારીશ કેમટેક ઈન્ડસ્ટ્રીઝ (યુનિટ-૨)
૮ મે. સોલારીશ કેમટેક ઈન્ડસ્ટ્રીઝ (યુનિટ-૧)
૯ મે. મેપાણી કન્સ્ટ્રક્શન
૧૦ મે. એન્કર કન્ઝુમર પ્રોડક્ટસ પ્રા. લી.

અતારાંકિત પ્રશ્નો

૧૧ મે. અલ્ટ્રાટેક સિમેન્ટ લી. (લાઈમસ્ટોન માઈનીંગ)
૧૨ મે. જખૌ સોલ્ટ
૧૩ મે. સોલ્ટ ભારત સોલ્ટ
૧૪ અદાણી પોર્ટ એન્ડ સ્પેશીયલ ઈકોનોમિક ઝોન, મુન્દ્રા
૧૫ મોનો સ્ટીલ લિમિટેડ, ગામ: ધમડકા, તા. અંજાર
૧૬ શ્રિયમ પાવર એન્ડ સ્ટીલ ઈન્ડ. લી. ગામ મીઠી રોહર, તા. ગાંધીધામ
૧૭ ગ્રીન સી ઈન્ડ.પ્રા. લી. ગામઃ શિકારપુર, તા. ભચાઉ
૧૮ મહાશક્તિ કોક ગામ, લાખાપર, તા.મુન્દ્રા
૧૯ સાલ સ્ટીલ લી. ગામ ભારાપર, તા. ગાંધીધામ
૨૦ કાર્બન એઝ ઈન્ડ.લી. ગામઃ છાસરા, તા. મુન્દ્રા
૨૧ કચ્છ કેમિકલ ઈન્ડ. લી. ગામ. પડાણા
૨૨ ટાટા પાવર, ગામ. ટુંડા, તા. મુન્દ્રા
૨૩ અદાણી એન્ટરપ્રાઈઝ, મુન્દ્રા
૨૪ હક સ્ટીલ એન્ડ મેટાલિક્સ લી. ગામ. સામખીયાળી, તા. ભચાઉ
૨૫ અંજાર ટીએમટી સ્ટીલ પ્રા.લી. ગામ વર્ષામેડી, તા. અંજાર
૨૬ સુમંગલા કોક પ્રા. લી. ગામ. લુણવા
૨૭ વેલસ્પન મેટાલિક, અંજાર
૨૮ પી સી બી એલ ગામ. વડાલાતા, મુન્દ્રા
૨૯ શીલ ઓઈલ એન્ડ ફેટ્સ પ્રા. લી. ગામ. ભીમાસર
૩૦ ગેલેન્ટ મેટલ લી. ગામ. સામખીયાળી
૩૧ ઈલેક્ટ્રોથર્મ ઈન્ડ. લી. ગામ. સામખીયાળી
૩૨ સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રા. લી. ગામ.જુના કટારીયા, તા. ભચાઉ
૩૩ ડીટોક્ષ ઈંડિયાગામ, જુના કટારીયા, તા. ભચાઉ
૩૪ નિલકંઠ કોન્કાસ્ટગામ, વડાલા, તા. મુન્દ્રા
૩૫ બુન્ગે ઈંડિયા લિમિટેડ ગામ. મોટીચિરઈ, તા. ભચાઉ
૩૬ શ્રી રામ કેમ ફૂડ લિમિટેડ ગામ ચોપડવા, તા. ભચાઉ
૩૭ યુનીલીવર ઈંડિયા એક્ષપોર્ટ કંડલા
૩૮ એજીસ સીઆરએલ વોપક કંડલા
૩૯ આઈએમસી લિમિટેડ, કંડલા

**જિલ્લોઃ વલસાડ**

વલસાડ જિલ્લાના **કુલ ૨૧ એકમો** સામે એક થી વધુ વખત ફરિયાદ મળેલ છે જેની યાદી નીચે મુજબ છે.

૧ મેસર્સ સતલજ ટેક્સટાઈલ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિ., સરીગામ
૨ મેસર્સ આરતી ડ્રગ્સ લિ. સરીગામ
૩ મેસર્સ ટાઈમેક્સ આર્ટ ડેકોર પી. લિ સરીગામ
૪ મેસર્સ એનઆર અગ્રવાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (યુનિટ-૫), સરીગામ
૫ મેસર્સ દશમેશ રબર ઈન્ડસ્ટ્રીઝ (પી) લિ., સરીગામ
૬ મેસર્સ વિવા કોમ્પોઝિટ પેનલ પ્રાઈવેટ લિમિટેડ, સરીગામ
૭ મેસર્સ પ્રમુખ પેપર પ્રોડક્ટ્સ પ્રા. લિ., સરીગામ
૮ મેસર્સ કેમિફ્સ કેમિકલ પ્રાઈવેટ લિમિટેડ, સરીગામ
૯ મેસર્સ શ્રી દામોદર યાર્ન મેન્યુફેક્ચરિંગ પ્રા. લિ., સરીગામ

૧૦ મેસર્સ એ બી. રોલિંગ મીલ્સ પ્રા. લિ., સરીગામ
૧૧ મેસર્સ સ્ટ્રેટા જીઓ સિસ્ટમ ((ઈન્ડિયા) પ્રા. લિ., સરીગામ
૧૨ મે. અતુલ લિમિટેડ, વાપી
૧૩ મે. ગુજરાત પોલીબોન્ડ પ્રા. લિ., વાપી
૧૪ મે. ખેરાની પેપર મિલ્સ પ્રા. લિ., વાપી
૧૫ મે. વાપી ગ્રીન એન્વાયરો લિમિટેડ, વાપી
૧૬ વલસાડ નગરપાલિકા, વાપી
૧૭ વાપી નગરપાલિકા, વાપી
૧૮ મે. આલોક ઇન્ડસ્ટ્રીઝ લિ., વાપી
૧૯ વાપી નોટિફાઇડ એરિયા, વાપી
૨૦ મે. પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, વાપી
૨૧ મે. ચૌધરી પેકેજીંગ, વાપી

(૩) ઉક્ત ફરિયાદ સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ફરિયાદો સંદર્ભે બોર્ડ દ્વારા નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.

| અ.નં. | કાર્યવાહી | કચ્છ | વલસાડ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કારણ દર્શક નોટિસ | ૫૩ | ૫૭ | ૧૧૦ |
| ૨ | નોટિસ ઓફ ડાયરેક્શન | ૨૩ | ૨૫ | ૪૮ |
| ૩ | ક્લોઝર નોટિસ | ૦૫ | ૦૯ | ૧૪ |
| ૪ | કાર્યવાહી હેઠળ | ૧૫ | ૦૨ | ૧૭ |
| ૫ | દફ્તરે કરેલ | ૧૨૮ | ૭૯ | ૨૦૭ |
| | **કુલ** | **૨૨૪** | **૧૭૨** | **૩૯૬** |

- - - - - - - - -

**રાજ્યમાં વનરક્ષક વર્ગ-૩ની ભરતી પરીક્ષા**

૯૭૭ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ-૨૦૧૮માં વનરક્ષક વર્ગ-૩ની કેટલી જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવેલ,

(૨) ઉક્ત જાહેરાત અન્વયે કેટલા ઉમેદવારોએ અરજી કરેલ,

(૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તે અન્વયે પરીક્ષા ક્યારે યોજવામાં આવેલ, અને

(૪) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા વનરક્ષકોને નિમણૂંકના હુકમો ક્યારે આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૧૮માં વનરક્ષક વર્ગ-૩ની કુલ-૩૩૪ જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપવામાં આવેલ હતી.

(૨) ઉક્ત જાહેરાત અન્વયે કુલ-૬,૮૮,૨૩૦ ઉમેદવારોએ અરજી કરેલ, જેમાંથી કુલ-૪,૭૮,૭૮૫ અરજીઓ નિયમોનુસાર માન્ય રહેલ છે.

(૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તે અન્વયે પરીક્ષા તા.૨૭-૦૩-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ હતી.

(૪) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ૨૫૮ ઉમેદવારોને

તા.૧૭-૧૦-૨૦૨૨ ના રોજ, ૧૪ ઉમેદવારોને
તા.૧૯-૧૦-૨૦૨૨ ના રોજ, ૦૭ ઉમેદવારોને
તા.૧૯-૧૨-૨૦૨૨ ના રોજ, ૦૧ ઉમેદવારને

તા.૨૧-૧૨-૨૦૨૨ ના રોજ, એમ કુલઃ-૨૮૦ વનરક્ષકોને નિમણૂંકના હુકમો આપવામાં આવ્યા.

---------

**બોટાદ ખાતે નવી મેડિકલ કોલેજનું બાંધકામ**

૧૭૦૨ **શ્રી ઉમેશભાઈ મકવાણા** (બોટાદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ ખાતે નવી મેડિકલ કોલેજના બાંધકામ માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) રૂ.૧,૦૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક કરોડ પૂરા.) |
| (૨) ઉક્ત બાંધકામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) જમીન ફાળવણીના તબક્કે. |
| (૩) આ બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

**રાજ્યમાં એઈમ્સ શરૂ કરવાની કામગીરી**

૧૧૯૨ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં એઈમ્સ શરૂ કરવા માટે ક્યા ક્યા જિલ્લા માટે ભારત સરકારને દરખાસ્ત કરેલ છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં એઈમ્સ શરૂ કરવા કોઈ જિલ્લા માટે ભારત સરકારને દરખાસ્ત કરેલ નથી. |
| (૨) તે પૈકી ક્યા જિલ્લાની દરખાસ્ત ક્યારે મંજૂર કરવામાં આવી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મંજૂર થયેલ એઈમ્સની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ એઈમ્સ ક્યારે કાર્યરત થશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગીર અભ્યારણ્ય / નેશનલ પાર્કમાં પેરાપેટ વિનાના ખુલ્લા કુવાઓ**

૧૩૯૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્કમાં વસતા સિંહ તથા રક્ષિત વન્ય પ્રાણીઓ પેરાપેટ વિનાના ખુલ્લા કુવામાં પડીને ઈજા અને મૃત્યું પામે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્ક નજીક કેટલા ખુલ્લા કુવાઓ આવેલા છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્ક નજીક અંદાજિત ૩૯૬૦ ખુલ્લા કુવાઓ આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખુલ્લા કુવાઓ ક્યાં સુધીમાં પેરાપેટ વોલથી સુરક્ષિત કરવાનું આયોજન છે ? | (૩) ઉક્ત વિસ્તારોમાં ગ્રામજનો દ્વારા નિરંતર નવા કુવા બનાવવાની પ્રક્રિયા ચાલતી હોઈ, બજેટની ઉપલબ્ધતામાં તાત્કાલિક ધોરણે ઉક્ત ખુલ્લા કુવાઓને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવામાં આવે છે. |

---------

**પાટણ યુનિવર્સિટીમાં જુદા જુદા પ્રકરણોની તપાસ**

૧૧૪૦ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે | (૧) હા, જી. |

વર્ષમાં પાટણ યુનિવર્સિટીના ઉત્તરવહી ખરીદી અને MBBS ગુણ સુધારણા અંગે ક્રાઇમ બ્રાન્ચ અને એન્ટી કરપ્શન બ્યુરો જુદા જુદા પ્રકરણમાં તપાસ કરી રહ્યા છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ તપાસ હાલમાં ક્યા તબક્કે છે ?

(૨) ૧. ઉત્તરવહી ખરીદી બાબતની તપાસ હાલ લાંચ રૂશ્વત બ્યુરો, બોર્ડર એકમ, ભૂજના સ્તરે પડતર છે.
૨. MBBS ગુણ સુધારણા અંગે પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, આર્થિક ગુન્હા નિવારણ શાખા, ગાંધીનગર દ્વારા સુપ્રત થયેલ અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

## આણંદ અને ભરૂચ જિલ્લામાં પ્રદૂષણની ફરીયાદ

૨૦૫૫ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત):**માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ અને ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી ઔદ્યોગિક એકમો સામે હવા, પાણી, ધ્વનિ અને જમીનમાં પ્રદૂષણ ફેલાવતા હોવાની ફરિયાદ મળી,

**જવાબ**

(૧)

| **અ.નં.** | **જિલ્લો** | **મળેલ ફરિયાદની સંખ્યા (સમયગાળો ૦૧-૦૨-૨૦૨૧ થી ૩૧-૦૧-૨૦૨૩)** |
|---|---|---|
| ૧ | આણંદ | ૯૪ |
| ૨ | ભરૂચ | ૧૮૩ |
| | કુલ | ૨૭૭ |

(૨) ઉક્ત સ્થિતિએ એકથી વધુવાર ફરિયાદો મળી હોય તેવા એકમો ક્યા ક્યા છે, અને

(૨) આણંદ જિલ્લાના કુલ ૮ એકમો અને ભરૂચ જિલ્લાના કુલ ૩૧ એકમો સામે એક થી વધુ વખત ફરિયાદો મળેલ છે, જેની વિગત પત્રક -૧ માં સામેલ છે.

(૩) ઉક્ત ફરિયાદ સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ફરિયાદો સંદર્ભે બોર્ડ દ્વારા નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.

| **અ.નં.** | **કાર્યવાહી** | **આણંદ** | **ભરૂચ** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | કારણ દર્શક નોટિસ | ૨૫ | ૬૯ | ૯૪ |
| ૨ | નોટિસ ઓફ ડાયરેક્શન | ૩૫ | ૩૦ | ૬૫ |
| ૩ | ક્લોઝર નોટિસ | ૧૭ | ૧૦ | ૨૭ |
| ૪ | કાર્યવાહી હેઠળ | ૦૨ | ૫૭ | ૫૯ |
| ૫ | દફતરે | ૩૮ | ૧૯ | ૫૭ |
| ૬ | લિગલ નોટિસ | ૦૦ | ૦૧ | ૦૧ |
| | **કુલ** | **૧૧૭** | **૧૮૬** | **૩૦૩** |

**બિડાણ-૦૧**

**જિલ્લોઃ આણંદ**

આણંદ જિલ્લાના **કુલ ૦૮ એકમો** સામે એક થી વધુ વખત ફરિયાદ મળેલ છે જેની યાદી નીચે મુજબ છે.

(૧) મે. રોહન ડાયસ એન્ડ ઇન્ટરમીડીયેટ્સ લિમિટેડ, પ્લોટ નંબરઃ ૬૩૭, કલમસર, ધુવારણ રોડ, કલમસર-૩૮૮૬૪૦ જિ. આણંદ, તા. ખંભાત

(૨) મે. જય કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ પ્રા. મર્યાદિત [યુનિટ-૪], સર્વે નં. ૬૬૭ થી ૬૭૧, ૭૧૬ થી ૭૫૭ [૭૫૨ સિવાય], કલમસર-૩૮૮૬૪૦, જિ. આણંદ, તા. ખંભાત

(૩) મે. પ્રિઝમ ઇન્ડસ્ટ્રીઝ લી., પ્લોટ નંબર- ૬૩૭/૨૩/એ-૧, કલમસર-૩૮૮૬૪૦, જિ. આણંદ, તા. ખંભાત

(૪) મે. હિન્દુસ્તાન એન્વાયરો લાઇફ પ્રોટેક્શન સર્વિસ લિમિટેડ (યુનિટ-૪), પ્લોટ નંબરઃ સ.નં. ૧૬૩, ૧૮૦,૧૮૧, ૧૮૨,૧૮૩ અને ૧૮૪, વડગામ-૩૮૮૬૨૫, જિ. આણંદ, તા. ખંભાત

(૫) મે.એમ.ડી.આર બ્રિક્સ., સર્વે નં. ૬૬૨, સુલતાનપુર કેનાલની બાજુ, લુનેજ-૩૮૮૬૨૦, જિ. આણંદ, તા. ખંભાત

(૬) મે. હિના બ્રિક્સ, સર્વે નં. ૨૩૧, લાલપુરા અડાસ રોડ, ગોરવા-૩૮૮૫૪૦, જિ. આણંદ, તા. બોરસદ

(૭) મે. રેમન પટેલ જિલેટીન પ્રા. લિ., પ્લોટ નંબરઃ ૬૦૨, ૬૧૦, વાસદ-બોરસદ રોડ, વાસદ, વાસદ-૩૮૮૩૦૬ જિ. અને
તા. આણંદ

(૮) મે. જલા બ્રિક્સ, સર્વે નં. ૪૧૪૪૧૪,(નવો)-૨૧૩-પી, ગામ-નવાખલ,જિ-આણંદ, તા. આંકલાવ

**જિલ્લોઃ ભરૂચ**

ભરૂચ જિલ્લાના **કુલ ૩૧ એકમો** સામે એક થી વધુ વખત ફરિયાદ મળેલ છે જેની યાદી નીચે મુજબ છે.

(૧) મે. મેઘમણી ઓર્ગેનીક્સ લિમિટેડ (જીપીસીબી આઇ.ડી.૧૧૨૬૭), જી.આઇ.ડી.સી. દહેજ, તા. વાગરા, જિ. ભરૂચ.

(૨) ફિલિપ્સ કાર્બન બ્લેક લિમિટેડ, પાલેજ, તા અને જિ. ભરૂચ

(૩) જ્યુબિલંટ ઇંફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (સેઝ ડેવલોપર), જ્યુબિલંટ સેઝ, જી.આઇ.ડી.સી. વિલાયત, તા. વાગરા, જિ. ભરૂચ.

(૪) જ્યુબિલંટ ઇનગ્રેવિઆ લિમિટેડ (યુનિટ-૧), જ્યુબિલંટ સેઝ, જી.આઇ.ડી.સી. વિલાયત, તા. વાગરા, જિ. ભરૂચ.

(૫) જ્યુબિલંટ ઇનગ્રેવિઆ લિમિટેડ (યુનિટ-૨), જ્યુબિલંટ સેઝ, જી.આઇ.ડી.સી. વિલાયત, તા. વાગરા, જિ. ભરૂચ.

(૬) જ્યુબિલંટ ઇનગ્રેવિઆ લિમિટેડ (યુનિટ-૪), જ્યુબિલંટ સેઝ, જી.આઇ.ડી.સી. વિલાયત, તા. વાગરા, જિ. ભરૂચ.

(૭) આર.કે.રીક્લેમ પ્રા. લી., જી.આઇ.ડી.સી. પાલેજ, ભરૂચ.

(૮) રબટેક રીક્લેમ પ્રા. લી., જી.આઇ.ડી.સી. પાલેજ, ભરૂચ.

(૯) સેફ એન્વીરો પ્રા. લી., મગણાંદ, તા. જંબુસર, જિ. ભરૂચ.

(૧૦) ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ-કેમિકલ ડીવિઝન, પ્લોટ નં.૧, જી.આઇ.ડી.સી. વિલાયત, તા. વાગરા, જિ. ભરૂચ.

(૧૧) ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ-ઇપોક્ષી ડીવિઝન, પ્લોટ નં.૧, જી.આઇ.ડી.સી. વિલાયત, તા. વાગરા, જિ. ભરૂચ.

(૧૨) ગ્રાસીમ સેલ્યુલોઝીક ડીવિઝન, પ્લોટ નં.૧, જી.આઇ.ડી.સી. વિલાયત, તા. વાગરા, જિ. ભરૂચ.

(૧૩) કલરટેક્ષ ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લી (યુનિટ-૫), જી.આઇ.ડી.સી. વિલાયત, તા. વાગરા, જિ. ભરૂચ.

(૧૪) અરતી કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ (યુનિટ-૨), જી.આઇ.ડી.સી. વિલાયત, તા. વાગરા, જિ. ભરૂચ.

(૧૫) અંશિકા પોલીસર્ફ લિમિટેડ, જી.આઇ.ડી.સી. સાયખા, તા. વાગરા, જિ. ભરૂચ.

(૧૬) મે. ઇન્કો કલર ઇન્ડિયા પ્રા. લિ. પ્લોટ નંબર એ/૬૧૧૪, ૬૧૧૫/૨, જી.આઈ.ડી.સી. એસ્ટેટ અંકલેશ્વર, જિ.ભરૂચ

(૧૭) મેં ગંગા રસાયનીઝ (પી) લિ. ૧૪૧/૨ સી, જી.આઇ.ડી.સી એસ્ટેટ અંકલેશ્વર, જિ.ભરૂચ

(૧૮) મે. શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ, એટ- પોસ્ટ-વટારિયા તા. વાલિયા, જિ.ભરૂચ

(૧૯) નર્મદા ક્લીન ટેક, એટ સુરતી ભગોર, ઉમરવાડારોડ ગુજરાત ગાસ્કો લિ. ની નજીક, અંકલેશ્વર, જિ. ભરૂચ

(૨૦) મે. શ્રી ચારભુજા એગ્રો ફર્ટિલાઇઝર કો પ્લોટ નંબર: ૧૭૧, મુલદ ચોકડી, તા.- ઝગડિયા, જિ.ભરૂચ

(૨૧) મે. કેમી ઓર્ગેનિક કેમિકલ્સ (I) પી. લિ., ૭૫૮, જી.આઇ.ડી.સી. એસ્ટેટ ઝગડિયા, જિ.ભરૂચ

(૨૨) મેં. નારાયણ ઓર્ગેનિક્સ પ્રાઈવેટ લિમિટેડ, ૧૧૦૭/૧&૨, જી.આઇ.ડી.સી એસ્ટેટ અંકલેશ્વર, જિ.ભરૂચ

(૨૩) મે. અપકોટક્સ ઇન્ડસ્ટ્રીઝ લિ., વિલેજ. ડુંગરી, તા.વાલિયા, જી. ભરૂચ

(૨૪) મે. ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ લિ., પ્લોટ નંબરઃ ૩, વિલેજ કનેરાઓ, તા વાલિયા, જિ.ભરૂચ

(૨૫) મેં. સૂર્યા લાઇફસાયન્સ લિ. ૩૬૦૬, ૩૬૧૬, જી.આઇ.ડી.સી. એસ્ટેટ અંક્લેશ્વર, જિ.ભરૂચ

(૨૬) મે. એ વન કેમિકલ્સ, પ્લોટ નંબરઃ એ-૧/૪૭૦૧-૨, જી.આઇ.ડી.સી. એસ્ટેટ અંકલેશ્વર, જિ.ભરૂચ - ૩૯૩૦૦૨

(૨૭) મે. રિદ્ધિ ફાર્મા, એર/૨૫૧૧, જી.આઇ.ડી.સી. એસ્ટેટ અંકલેશ્વર, જિ.ભરૂચ

(૨૮) મે. દુરાકોન સિમેન્ટ પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ, સી. નંબર ટીકટી/ હૉટેલ વિકાસ ને .હા. ૦૮ ની પાછળ મુલદ ચોકડીની
નજીક, વિલેજ. નવાગામ, તા.અંકલેશ્વર, જિ.ભરૂચ

(૨૯) યુપીએલ યુનિટ-૫, ૭૫૦, ૭૪૬, જી.આઇ.ડી.સી. એસ્ટેટ ઝગડિયા, જિ.ભરૂચ

(૩૦) નર્મદા ક્લીન ટેક, ઝગડીયા પાઈપલાઈન પ્રોજેક્ટ પ્લોટ નંબર ૯૦૪/૧, જી.આઇ.ડી.સી. એસ્ટેટ ઝગડિયા, જિ.ભરૂચ

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

(૩૧) ક્રિષ્ના કેમ ટેક, પ્લોટ નંબર: ૯૦૪/૧, જી.આઈ.ડી.સી એસ્ટેટ પાનોલી, જિ.ભરૂચ

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં કાર્યરત યુનિવર્સિટી**

૧૭૦૩ **શ્રી ઉમેશભાઇ મકવાણા** (બોટાદ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં કોઇ યુનિવર્સિટી કાર્યરત નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લામાં નવી સરકારી યુનિવર્સિટી બનાવવા માટે સરકારનું શું આયોજન છે ? | (૨) નીતિ વિષયક બાબત છે. હાલ વિચારણા હેઠળ નથી. |

- - - - - - - - -

**સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતેના પ્રાણી સંગ્રહાલયમાં લાવેલા પ્રાણીઓ**

૧૧૯૩ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેના શરૂ કરવામાં આવેલા પ્રાણી સંગ્રહાલયમાં રાખવા માટે કેટલા અને કઇ-કઇ જાતના પ્રાણીઓ વસાવવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેના શરૂ કરવામાં આવેલા પ્રાણી સંગ્રહાલયમાં વસાવવામાં આવેલ પ્રાણીઓની જાત અને તેની સંખ્યાની વિગત નીચે મુજબ છે.

**તા. ૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ સુધી**

| અ.નં. | પ્રાણીઓની જાત | પ્રાણીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઝરખ (striped Hyena) | ૨ |
| ૨ | રીંછ (Sloth Bear) | ૨ |
| ૩ | વરૂ (Indian Grey Wolf) | ૩ |
| ૪ | જંગલી કુતરો (Indian Wild Dog / Dhole) | ૨ |
| ૫ | ઘરીઆલ (Gharial) | ૬ |
| ૬ | મગર (Marsh Crocodile) | ૧૮ |
| ૭ | દરીયાઇ ઘોડો (Hippopotamus) | ૧ |
| ૮ | થામીન હરણ (Thamin Deer) | ૫ |
| ૯ | ભારતીય ગેન્ડો (One Horned Rhinoceros) | ૧ |
| ૧૦ | કાળો દિપડો (Melanistic Leopard) | ૧ |
| ૧૧ | સફેદ વાઘ (White Tiger) | ૧ |
| ૧૨ | બજરીગર (Budgerigar) | ૩૦૦ |
| ૧૩ | લવ બર્ડ (Love Bird) | ૨૦૦ |
| ૧૪ | ડાઇમંડ ડવ (Diamond Dove) | ૩૦ |
| ૧૫ | કોકાટીલ (Cockatiel) | ૬૬ |
| ૧૬ | ફીંચ (Finch) | ૨૦૦ |
| ૧૭ | સુડો પોપટ (Rose-ringed Parakeet) | ૧૦૨ |
| | **કુલ સંખ્યા** | **૯૪૦** |

**તા. ૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ સુધી**

| અ.નં. | પ્રાણીઓની જાત | પ્રાણીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોલ્ડન હેન્ડેડ ટેમરીન (Golden-handed Tamarin) | ૨ |
| ૨ | બ્લુ ફ્રોન્ટેડ એમેઝોન (Blue fronted Amazon) | ૪ |
| ૩ | યલો ક્રાઉન એમેઝોન (Yellow Crowned Amazon) | ૮ |
| ૪ | એક્લેક્ટસ પેરોટ (Eclectus Parrot) | ૬ |
| ૫ | ગલાહ કોકાટૂ (Galah Cockatoo) | ૪ |
| ૬ | લોરિકીટ રેઇનબો (Lorikeet Rainbow) | ૧૦ |
| ૭ | રીડ બીલ્ડ ટૂકાન (Red Billed Toucan) | ૪ |
| ૮ | રીવ્સ ફીઝન્ટ (Reeve’s pheasant) | ૨ |
| ૯ | ગ્રે ક્રાઉન ક્રેન (Grey Crowned crane) | ૨ |
| ૧૦ | બ્લેક સ્વાન (Black Swan) | ૨ |
| ૧૧ | રેડ એન્ડ ગ્રીન મકાઉ (Red and green Macaw) | ૪ |

| | | |
|---|---|---|
| ૧૨ | ગોલ્ડન બ્લ્યુ મકાઉ (Golden blue Macaw) | ૮ |
| ૧૩ | ગ્રીન ચીકડ કોનુર (Green cheeked Conure) | ૧૬ |
| ૧૪ | સન કોનુર (Sun Conure) | ૧૨ |
| | કુલ સંખ્યા | ૮૪ |

(૨) ઉક્ત સ્થિતિએ આ સંગ્રહાલયમાં લાવવામાં આવેલા પ્રાણીઓ પૈકી ક્યા પ્રાણીઓ કેટલી સંખ્યામાં મૃત્યુ પામ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવેલા પ્રાણી સંગ્રહાલયમાં વસાવવામાં આવેલ પ્રાણીઓ પૈકી મૃત્યુ પામેલ પ્રાણીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | પ્રાણીઓની જાત | પ્રાણીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઝરખ (striped Hyena) | ૧ |
| ૨ | વરૂ (Indian Grey Wolf) | ૧ |
| ૩ | ઘરીઆલ (Gharial) | ૧ |
| ૪ | મગર (Marsh Crocodile) | ૩ |
| ૫ | થામીન હરણ (Thamin Deer) | ૨ |
| ૬ | સન કોનુર (Sun Conure) | ૧ |
| ૭ | બજરીગર (Budgerigar) | ૧ |
| ૮ | લવ બર્ડ (Love Bird) | ૧ |
| ૯ | સુડો પોપટ (Rose-ringed Parakeet) | ૧ |
| | કુલ સંખ્યા | ૧૨ |

(૩) આ પ્રાણીઓના મૃત્યુ થવાના કારણો શાં છે ?

(૩) આ પ્રાણીઓના મૃત્યુ થવાનાં કારણોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વસાવેલ પ્રાણીઓ પૈકી મૃત્યુ પામેલ પ્રાણીની જાત | મૃત્યુ થવાનાં કારણો |
|---|---|---|
| ૧ | ઝરખ (striped Hyena) | રેસ્પાયરેટરી ફેલ્યર |
| ૨ | વરૂ (Indian Grey Wolf) | કાર્ડિયેક એરેસ્ટ |
| ૩ | ઘરીઆલ (Gharial) | હીટ- સ્ટ્રોક |
| ૪ | મગર (Marsh Crocodile) | રેસ્પાયરેટરી અરેસ્ટ |
| ૫ | મગર (Marsh Crocodile) | કાર્ડિયો – પલમોનરી અરેસ્ટ |
| ૬ | મગર (Marsh Crocodile) | એક્સીડેન્ટલ શોક |
| ૭ | થામીન હરણ (Thamin Deer) | કાર્ડિયો – રેસ્પાયરેટરી ફેલ્યર |
| ૮ | થામીન હરણ (Thamin Deer) | હાયપોવોલેમિક શોક |
| ૯ | સન કોનુર (Sun Conure) | ક્રોનિક ઓબસ્ટ્રક્શન ઓફ ગિઝાર્ડ |
| ૧૦ | લવ બર્ડ (Love Bird) | કાર્ડિયો – પલમોનરી અરેસ્ટ |
| ૧૧ | બજરીગર (Budgerigar) | હાયપોવોલેમિક શોક |
| ૧૨ | સુડો પોપટ (Rose-ringed Parakeet) | કાર્ડિયો – પલમોનરી અરેસ્ટ |

- - - - - - - - -

**રી-સ્ટ્રક્ચરીંગ ઓફ યુનિવર્સિટી સિસ્ટમ એન્ડ રી-કન્સ્ટ્રક્શન ઓફ કોલેજ એફીલીએશન સિસ્ટમ માટે પેટા સમિતિની રચના**

૧૩૯૬ **શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૪-૦૯-૨૦૨૦ થી રી-સ્ટ્રક્ચરીંગ ઓફ યુનિવર્સિટી સિસ્ટમ એન્ડ રી-કન્સ્ટ્રક્શન ઓફ કોલેજ એફીલીએશન સિસ્ટમ માટે પેટા સમિતિની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આ સમિતિનો રિપોર્ટ રાજ્ય સરકારને ક્યારે મળેલ છે, અને

(૨) રી-સ્ટ્રક્ચરીંગ ઓફ યુનિવર્સિટી સિસ્ટમ એન્ડ ગવર્નન્સ માટેની પેટા સમિતિ દ્વારા તા. ૦૮-૦૨-૨૦૨૧ના રોજ તથા રી-સ્ટ્રક્ચરીંગ ઓફ કોલેજીસ એન્ડ એફીલીએશન સિસ્ટમ માટેની પેટા સમિતિની દ્વારા તા. ૨૨-૧૨-૨૦૨૦ના રોજ રિપોર્ટ મળેલ છે.

(૩) ઉક્ત રિપોર્ટ અન્વયે સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધાં ?

(૩) ઉક્ત રિપોર્ટ સરકારની વિચારણા અને ચકાસણી હેઠળ છે.

તા.૧૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**આણંદ અને ખેડા જિલ્લાઓમાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

૨૦૫૪ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કેટલી રકમના ક્યા સ્થળે મંજૂર થયેલા છે,

(૨) તે પૈકી કેટલા આરોગ્ય કેન્દ્રો કેટલા ખર્ચે પૂર્ણ થયેલા છે અને કેટલા બાકી છે, અને

(૩) બાકી રહેલા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર થયેલ છે.

| **ક્રમ** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ** | **મંજૂર રકમ રૂ. લાખમાં** |
|---|---|---|
| ૧ | દાવોલ તા-બોરસદ | ૧૧૦.૦૦ |
| ૨ | દેવાતળપદ તા-સોજિત્રા | ૧૧૦.૦૦ |

જ્યારે ખેડા જિલ્લામાં નવા કોઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર થયેલ નથી.

(૨) ઉક્ત મંજૂર થયેલ બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામ વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ હોય પૂર્ણ થયેલ નથી અને સદર કામગીરી માટે કૂલ ખર્ચ રૂ.૩૮,૦૦૦/-નો ખર્ચ થયેલ છે.

પી.એચ.સી /સબ સેન્ટરનું બાંધકામ કરવાની પ્રક્રિયા કરતા પહેલા જમીનની સોઇલ ટેસ્ટીંગની કામગીરી માટે ખર્ચ થાય છે. જે માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં આવો ખર્ચ કરવા માટે કરાયેલ જોગવાઇ માંથી નિયમોનુસાર મળેલ મંજૂરી અન્વયે પત્રક-૧ મુજબ રૂ. ૩૮,૦૦૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત બાકી રહેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામની કામગીરી માટે જરૂરી વહીવટી મંજૂરી, ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ શરૂ કરી જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવશે.

**પત્રક-૧**

**Table 1**

| **ક્રમ** | **ફેસલીટી** | **ગામનું નામ અને તાલુકો** | **બજેટ જોગવાઇ** | | | **થયેલ રકમ રૂ. લાખમાં** | **ખર્ચ થયેલ કામગીરીની વિગત** |
|---|---|---|---|---|---|---|---|
| | | | **વર્ષ** | **એચ.એફ.નં.** | **પ્રોવિઝન રકમ રૂ. લાખમાં** | | |
| ૧ | પ્રા.આ.કેન્દ્ર | દાવોલ તા.બોરસદ | ૨૦૨૧-૨૨ | ૧૫૬ | ૩૮.૫૦ | ૦.૧૯ | કામના જમીન પરિક્ષણની કામગીરી સબબ |
| | | | ૨૦૨૨-૨૩ | ૧૮૦ | ૩૮.૫૦ | | |
| | | | **કુલ** | | **૭૭.૦૦** | | |
| ૨ | પ્રા.આ.કેન્દ્ર | દેવાતળપદ તા-સોજિત્રા | ૨૦૨૧-૨૨ | ૧૫૬ | ૩૮.૫૦ | ૦.૧૯ | કામના જમીન પરિક્ષણની કામગીરી સબબ |
| | | | ૨૦૨૨-૨૩ | ૧૮૦ | ૩૮.૫૦ | | |
| | | | **કુલ** | | **૭૭.૦૦** | | |

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

- - - - - - - - -

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નના જવાબમાં ખોટી માહિતી આપવા અંગે**

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજના પૂછેલા પ્રશ્નોમાં પ્રશ્ન નંબર-૫૫ અને ૮૧ અંગે જણાવું તો, અમારી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં એમ.બી.બી.એસ.ની પૂરવણીમાં કૌભાંડ થયું હતું. આ વિધાનસભામાં માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબે ખાતરી આપી હતી કે,

અધ્યક્ષશ્રી : શ્રી કિરીટભાઇ, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે? એ મુદ્દા ઉપર પહેલા આવો પછી વર્ણન કરજો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને જે માહિતી આપવામાં આવેલી છે એમાં એમણે એવું કહ્યું છે કે, ઉત્તરવહીની તપાસ હાલ એ.સી.બી. બોર્ડર રેન્જમાં ચાલી રહી છે અને એમ.બી.બી.એસ.ની તપાસ આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા ચાલી રહી છે. મારી પાસે માનનીય મંત્રીશ્રીનો જે લેટર છે,...

અધ્યક્ષશ્રી : એટલે માહિતી ખોટી છે એવું તમારું કહેવું છે?

ડો. કિરીટકુમાર ચી. પટેલ : હા, માહિતી ખોટી છે. હું એમ કહેવા માગું છું કે જયારે લાખો વિદ્યાર્થીઓનો આ પ્રશ્ન હોય ત્યારે,...

અધ્યક્ષશ્રી : વર્ણન કરવું નથી. તમે પોઇન્ટ ઓફ ઓર્ડર એ મુદ્દા ઉપર કરી શકશો કે એમણે એ માહિતી ખોટી આપી છે. એવો તમારો મુદ્દો છે?

ડો. કિરીટકુમાર ચી. પટેલ : હા, માહિતી ખોટી આપી છે.

અધ્યક્ષશ્રી : કયા પ્રશ્નની?

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન નંબર-૮૧માં મારી પાસે જે લેટર છે એમાં, એમ.બી.બી.એસ.ની જે તપાસ સોંપવામાં આવી છે એ સી.આઇ.ડી. ક્રાઇમને સોંપવામાં આવી છે એવું બતાવ્યું છે અને આમાં ઇકોનોમિક સેલને આપવામાં આવી છે. એવું જણાવેલ છે.

અધ્યક્ષશ્રી : જો કોઇ મંત્રીશ્રીએ કે વિભાગે ખોટી માહિતી આપી હોય તો તમે પત્ર લખીને આપજો હું મંત્રીશ્રીને સૂચના આપું છું કે, જે માહિતી હોય એ સુધારીને આપશે. આપ બેસો. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)**

**ગુજરાતમાં દરિયાઇ માર્ગે ઠલવાતો ડ્રગ્સનો કારોબાર અટકાવવા બાબત.**

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

'' ઓખા, કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયામાંથી હેરોઇન ગુજરાતમાં ઠલવાતું હોવાથી યુવાધન બરબાદ થઇ રહ્યું છે, ત્યારે તાજેતરમાં રાજ્યના દરિયા કિનારેથી કરોડો રૂપિયાની કિંમતનું હેરોઇન પકડાયું છે. ડ્રગ્સના કારણે યુવાધન બરબાદ થશે તેવો ભય અને આક્રોશ નાગરિકોમાં ફેલાયેલ છે, ત્યારે ગુજરાતમાં ડ્રગ્સનો કારોબાર દરિયાઇ માર્ગે ઠલવાતો અટકાવવા માટે સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં. ''

શ્રી હર્ષ સંઘવી (રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ''ગુજરાતના દરિયાકાંઠેથી ભારતમાં માદક પદાર્થોની દાણચોરી કરવાનો પાકિસ્તાન તથા ઈરાનના ડ્રગ કાર્ટેલ્સ (સંગઠનો)નો સતત પ્રયાસ રહેલ છે. પાકિસ્તાનની નજીક હોવાના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી આ કાર્ટેલ્સ દ્વારા હેરોઇનના લેન્ડિંગ પોઇન્ટ તરીકે ગુજરાતના દરિયાકાંઠાનો ઉપયોગ કરવા સતત પ્રયાસો થઈ રહેલ છે. પાકિસ્તાની અને ઈરાની હેરોઇન દાણચોરીની સૌથી સામાન્ય મોડસ-ઓપરેન્ડી અનુમાનિત ઈન્ડો-પાક ઈન્ટરનેશનલ મેરીટાઇમ બાઉન્ડ્રી લાઇન(IMB) પર હેરોઇનને ભારતીય મળતીયાઓ સુધી પહોંચાડવાની છે અને તે માટે આ મળતીયાઓ દ્વારા હેરોઇન કિનારે લાવવાનું હોય છે અને આગળ અંતિમ નક્કી કરેલ સ્થાન પર લઇ જવાનું હોય છે. જો કે, ગુજરાત પોલીસ આવા તમામ પ્રયાસોને વ્યર્થ કરવામાં સફળ રહી છે અને આ કાર્ટેલ્સ દ્વારા મોકલવામાં આવેલ કન્સાઇનમેન્ટ સફળતાપૂર્વક જપ્ત કરવામાં આવેલ છે અને આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. ગુજરાત પોલીસ ભવિષ્યમાં પણ આવા પ્રયાસોનો સામનો કરવા કટિબદ્ધ છે.

ગુજરાત એ.ટી.એસ.ને બાતમી મળેલ કે, ઈરાનથી દરીયાઇ માર્ગે પ્રતિબંધિત હેરોઇનનો જથ્થો ઈરાનના ચાબહાર બંદરેથી ભારત પાકિસ્તાન IMBLનજીક ઓખાથી આશરે ૧૮૫ નોટીકલ માઇલ દૂર ભારતીય જળ સીમામાં ઈરાની બોટમાં આવવાનો છે અને ઉત્તર ભારતના ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ નેટવર્ક સાથે સંકળાયેલ ઇસમોને મોકલવામાં આવનાર છે. જે બાતમી હકીકત આધારે એ.ટી.એસ.ની ટીમ ઓખા ખાતે રવાના થયેલ. તેઓએ ઓખા ખાતે આવી કોસ્ટગાર્ડના ઉચ્ચ અધિકારીઓને મળી સંયુક્ત ટીમ બનાવી કોસ્ટગાર્ડના ફાસ્ટ પેટ્રોલ વર્ગના જહાજો, ICGS મીરા બહેન અને ICGS અભિકમાં બેસી રવાના થઈ ઉપર્યુક્ત બાતમીવાળી જગ્યાએ આવી પેટ્રોલિંગમાં રહી ગત તા.૦૬/૦૩/૨૦૨૩ના રાત્રીના સમયે બાતમીવાળી જગ્યાએ એટલે કે ઓખાથી આશરે ૧૮૫ નોટીકલ માઇલ ભારતીય જળસીમામાં બાતમી પ્રમાણેની શંકાસ્પદ બોટ જોવામાં આવતા, તુરંત જ આ બોટને આંતરી આ બોટમાં રહેલ પાંચ ઈરાની ઈસમોના કબ્જામાં રહેલ ૬૧ કિલોગ્રામ જેટલો માદક પદાર્થનો

અંદાજિત કિંમત રૂ.૪૨૭ કરોડનો જથ્થો તથા આ ઈરાની બોટ પકડી લઈ એ.ટી.એસ. અમદાવાદ થર્ડ ગુ.ર.નં.-૦૧/૨૦૨૩, તા.૦૮/૦૩/૨૦૨૩થી એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૨૧(સી), ૨૩(સી), ૨૫, ૨૯ મુજબ ગુનો રજિસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રાથમિક તપાસ મુજબ, આ માદક પદાર્થનો જથ્થો ઈરાન સ્થિત આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા ગુલામ બલોચી નામના વ્યક્તિએ મોકલાવેલ હતો અને તે આ ડ્રગ્સનો જથ્થો ગુજરાતના દરિયાકિનારે ઉતારી ઉત્તર ભારતમાં ક્યાંક પહોંચાડવાનો હતો.

વધુમાં, આ બોટ તથા સ્મગલરો તા.૦૨/૦૩/૨૦૨૩ના રોજ ઈરાનના ચાબહાર બંદર ખાતેથી નિકળેલ હતા તથા બે દિવસ બાદ પાકિસ્તાનના પશની બંદરથી ૬૧ કિ.ગ્રા. માદક પદાર્થનો જથ્થો બોટમાં ચડાવેલ અને ભારત-પાકિસ્તાન IMBL નજીક, ભારતની જળસીમામાં ઓખાથી આશરે ૧૮૫ નોટીકલ માઈલ દૂર દરિયામાં ડિલિવરી આપવાના હતા જે દરમ્યાન ગુજરાત એ.ટી.એસ. તથા ભારતીય કોસ્ટ ગાર્ડના ઓપરેશન દરમ્યાન પકડાઈ ગયેલ. સને ૨૦૨૩નું ગુજરાત એ.ટી.એસ. અને ભારતીય કોસ્ટ ગાર્ડનું આ પ્રથમ સંયુક્ત ઓપરેશન હતું.

**વર્ષ ૨૦૨૨ દરમ્યાન ગુજરાત એ.ટી.એસ. અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના સંયુક્ત ઓપરેશનથી આવા અનેક કેસોમાં ગુના દાખલ થયેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.**

* તા.૨૫/૦૪/૨૦૨૨ના રોજ રૂ.૧૦૫૨ કરોડની કિંમતનો ૨૧૦.૪૯૫ કિલોગ્રામ હેરોઈનનો જથ્થો પાકિસ્તાનના કરાચી બંદરેથી ''અલ-હઝ'' નામની બોટમાંથી ભરી લાવી જખૌના દરીયામાં ડિલિવરી કરતા ભારતીય જળ સીમામાંથી પકડવામાં આવેલ જેમા કુલ-૯ પાકિસ્તાની આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.

* તા.૦૨/૦૬/૨૦૨૨ના રોજ રૂ.૨૩૯ કરોડ કિંમતનો ૪૭.૯૮૨ કિલોગ્રામ હેરોઈનનો જથ્થો પાકિસ્તાની બોટ ''અલનોમાન'' ભારતીય જળ સીમામાંથી પકડવામાં આવેલ જેમાં કુલ-૭ પાકિસ્તાની આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.

* તા.૦૮/૧૦/૨૦૨૨ના રોજ રૂ.૨૫૦ કરોડ કિંમતનો ૫૦ કિલોગ્રામ હેરોઈનનો જથ્થો પાકિસ્તાની ફીસીંગ બોટ ''અલસાકર'' માંથી જથ્થો પકડવામાં આવેલ જેમાં કુલ-૬ પાકિસ્તાની આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.

* તા.૨૬/૧૨/૨૦૨૨ના રોજ રૂ.૨૦૦ કરોડની કિંમતનો ૪૦ કિલોગ્રામ હેરોઈનનો જથ્થો પાકિસ્તાની બોટ ''અલસોહેલી''પાકિસ્તાનના બલુચિસ્તાનના પસનીના દરીયાકિનારેથી ભારતીય જળસીમામાં ઘુસણખોરી કરેલ જેમાં કુલ-૧૦ પાકિસ્તાની આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.

આમ, ગુજરાત રાજ્ય વિશાળ દરીયાઈ સીમા તેમજ પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સીમાથી જોડાયેલ હોઈ પડકારરૂપ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતું હોવા છતાં, ગુજરાત સરકારની નાર્કોટીક્સ ડ્રગ્સ બાબતે 'ZERO TOLERANCE' નીતિના ભાગ રૂપે રાજ્ય સરકાર તેની તમામ એજન્સી સહિત સંકલિત અને પરિણામલક્ષી અમલવારી કરી નાર્કોટીક્સની બદી નેસ્તનાબૂદ કરવા કટિબદ્ધ છે.''

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા બધા માટે આ ખૂબ ચિંતાનો અને ગંભીર વિષય છે. જે રીતે અહીંયા આંકડા આપ્યા છે અને અહીંયાની પ્રશ્નોત્તરીમાં પણ આપણે જોયું કે, છેલ્લા બે વર્ષમાં ફક્ત ડ્રગ્સ અને નશીલા પદાર્થો લગભગ રૂપિયા ૪૦૫૮ કરોડના પકડાયાના આંકડા વિધાનસભાના ફ્લોર ઉપર આપ્યા છે. કેન્દ્રની એજન્સીઓએ પકડ્યા એની રકમ અને જથ્થો ગણીએ તો ખૂબ મોટો થવા જાય છે. ખાસ કરીને, ગુજરાતના દરિયાકાંઠાથી જ કેમ પકડાય છે? એ પણ એક ગંભીર વિષય છે. અહીંયા પ્રશ્નોત્તરીમાં જવાબ આપવામાં આવ્યો કે અદાણી પોર્ટ ઉપરથી થોડા સમય પહેલાં રૂપિયા ૩૭૫ કરોડનું ડ્રગ્સ પકડાયું છે. કાર્યવાહી કેટલા લોકો સામે કરવામાં આવી? તો ફક્ત બે લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. હમણાં, અમારી જી.એસ.ટી.વી. અને બાકીના અનેક મીડિયા ગૃહો દ્વારા આ ડ્રગ્સની હેરફેર કેવી રીતે થાય છે એના માટે એક કેમ્પેઇન ચલાવવામાં આવ્યું. અમદાવાદની વાત કરીએ તો મહિલાઓ મારફત હેરફેર થાય છે. હવે તો નાનાં બાળકો અને કોલેજના વિદ્યાર્થીઓ મારફતે પણ હેરફેર થાય છે. એની ગંભીર નોંધ સરકારે લીધી, એના કરતાં પણ, હાઇકોર્ટે સુઓ-મોટો કરી સરકારને પક્ષકાર બનાવી કડક સૂચનાઓ આપી છે. માનનીય મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે આ બનાવો દિવસે દિવસે વધી રહ્યાં છે. જે ડ્રગ્સનું વિતરણ વધી રહ્યું છે અને આ તો પકડાયું એ તો હું માનું છું કે એકાદ ટકો પકડાતું હશે. બાકીનું જે નથી પકડાતું એ જોવા જઇએ તો ખૂબ મોટો જથ્થો થવા જાય. એવા સંજોગોમાં આના માટે કડક કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકાર કોઇ સ્પેશિયલ કાર્યક્રમ લઇને આવવા માગે છે કે કેમ? અને જેમ અદાણી પોર્ટની વાત થઇ કે કોઇ બીજી જગ્યાએ પકડાતું હશે. આપણે લાવનારને ખાલી પકડીએ છીએ, પણ એના માટેની જે વ્યવસ્થાઓ થતી હોય છે. બીજા લોકો જે એની ગોઠવણમાં સામેલ હોય છે. જે લોકો એના માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે, એવા લોકો સામે પણ તપાસ કરીને કડક દાખલારૂપ કાર્યવાહી કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આદરણીય સભ્યશ્રી અમિતભાઇ ચાવડાનો ખૂબ ખૂબ આભાર માનવા માગું છું. હું ગુજરાત પોલીસ વતી, ગુજરાતના ગૃહ વિભાગ વતી અને સરકાર વતી તેમનો આભાર માનવા માગું છું. કારણ કે ગુજરાત સરકારે આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ છેલ્લા દોઢ વર્ષમાં ડ્રગ્સ પકડવામાં જે એચીવમેન્ટ કર્યું છે. તેમાં માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારો જ નહીં, કોંગ્રેસની પણ અનેક રાજ્ય સરકારો આ ડ્રગ્સ પકડવા માટે ગુજરાત સરકારે કઇ રીતે

એચીવમેન્ટ મેળવ્યું છે એ માટેની માહિતી મેળવવા માટે ઓફિસિયલ ગુજરાત રાજયના પ્રવાસે અલગ અલગ સરકારો આવી છે. માનનીય અમિતભાઇ ચાવડા ખૂબ સિનિયર ધારાસભ્ય છે. મને વિશ્વાસ છે કે એમની પાસે બધી સાચી માહિતી તો હશે જ. મારી વાતની શરૂઆત કરતા પહેલા જ હું આપને એક વિનંતી કરવા માગું છું. ડ્રગ્સના નામે ચાલતી રાજનીતિ બંધ કરવા માટે આજે ૧૧૬ની નોટિસમાં સરકાર તમામ પ્રશ્નોના જવાબ આપવા માટે તૈયાર છે. એમાં જેટલો સમય, વિપક્ષને જેટલા પ્રશ્નો પૂછવા હોય, એની સંપૂર્ણ છૂટ આપવામાં આવે, તો અમે બધા જ જવાબ આજે આ ગૃહ સમક્ષ આપવા માટે તૈયાર છીએ. મારા સાથી ધારાસભ્ય મિત્રએ અલગ અલગ અનેક પ્રશ્ન દરિયાકાંઠાના પૂછ્યા છે. ગુજરાત અને ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિઠાકાંઠો. આ ગુજરાતના નાના નાના છોકરાઓને પણ ખબર છે કે ગુજરાતમાં વધારે ડ્રગ્સ આવવાનું કારણ શું છે, તો આપણે કેવા પડોશી દેશો સાથે જોડાયેલો આ દરિઠાકાંઠો છે. એ દરિયાકાંઠો કેટલો મોટો છે અને કેટલા કિલોમીટરમાં પડોશી દેશો આવી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હવે ગુગલ પર ખાલી એટલું નાંખીએ ને કે ગુજરાતનો દરિયાકાંઠો, તો પણ ખબર પડી જાય કે કેટલો ક્રિટીકલ દરિયા કાંઠો છે. એ ૧૬૦૦ કિલોમીટરના દરિયાકાંઠામાં આપણને ડ્રગ્સ પકડવામાં સફળતા કઇ રીતે મળી. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે જે દિવસે મુખ્યમંત્રી તરીકેનો ચાર્જ લીધો. અલગ અલગ મંત્રીઓ આવ્યા. મને આજે પણ યાદ છે કે શનિવારનો દિવસ હતો. મારા જેટલી ઉંમરના છોકરાઓ પોતાના પરિવારની સાથે જયારે ફરવા જતા હોય અને એ શનિવારની આખી રાત ગુજરાતના ગૃહ વિભાગ અને ગુજરાત પોલીસના સિનિયર પોલીસ અધિકારીઓએ સાથે બેસીને અમે લોકોએ ડ્રગસ રિવોર્ડ પોલિસી બનાવી. અને એ ડ્રગસ રિવોર્ડ પોલિસી માનનીય અધ્યક્ષશ્રી, દેશભરમાં સર્વપ્રથમ રાજય એટલે ગુજરાત રાજય આ ડ્રગસ રીવોર્ડ પોલિસી લાવ્યું, અને એનો ફાયદો શું થયો? એનો ફાયદો એ થયો કે સમજદાર પણ સમજે કે ડ્રગ્સ પકડાયું અને પકડેલું. એમાં પ્રશ્નમાં ૪ લાઇનનો પ્રશ્ન છે. એમાં એમણે પૂછ્યું છે કે કેટલા રૂપિયાની કિમતનું હેરોઇન પકડાયું છે? હું આ સભાગૃહ સમક્ષ આજે કહેવા માગું છું કે આ ડ્રગ્સ કે હેરોઇન કે ગાંજો કે કોઇપણ પ્રકારના નશીલા પદાર્થ છે. એ શું પકડાયું છે કે પકડેલું છે. પકડાયું છે અને પકડેલા વચ્ચેનો તફાવત શું? માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે આ આટલા મોંઘા ભાવનું ડ્રગ્સ જે પાકિસ્તાન, ઇરાન અલગ અલગ દેશોમાંથી આપણા દેશમાં જે ઘૂસાડવાના પ્રયત્નો કરે છે. આ ખૂબ મોંઘા ભાવનું ડ્રગ્સ છે, એ ડ્રગ્સ માફિયાઓ શું અમદાવાદ શહેરના એસ. જી. હાઇવેના પોલીસ સ્ટેશન પર આવીને સામે ચાલીને એમ કહે છે કે આ ૨ હજાર કરોડનું ડ્રગ્સ અમે લાવ્યા છીએ. સાહેબ તમે પકડી લો અને આને પકડાયેલું ગણાય. પકડાયેલું અને પકડેલું એ વચ્ચેનો તફાવત જો સમજી જશે તો જ એમને સમજ આવશે કે ગુજરાત પોલીસે શું સાહસનું કામ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પકડાયું અને પકડેલા વચ્ચેનો તફાવત જણાવું, થોડાક વખત પહેલા જી.એચ. ટી.વી. ચેનલના જો ન્યૂઝ તમને ધ્યાનમાં હોય તો થોડા મહિના પહેલા ઇન્ડિયા ટી.વી.થી લઇને દેશ ભરની નેશનલ ચેનલો ગુજરાતની અનેક રીઝનલ ચેનલોમાં પાકિસ્તાનનો એ વીડિયો લીક થયેલો, ધબ ધબ, ધબ ધબ, જે ડર લાગે, ગુજરાતના દરિયા કાંઠાનો રસ્તો બદલી લેવો એ પાકિસ્તાનની ભાષામાં, કોઇ બીજો રસ્તો પકડી લો, ત્યાં કેટલાય નોટીકલ માઇલની અંદર ઘૂસીને ગુજરાતની પોલીસ પકડી લે છે અને હવે ગોળી ચલાવીએ તો સામે ગોળી ચલાવે છે, એ પ્રકારની પરિસ્થિતિ ગુજરાતની બોર્ડર ઉપર આવી ગઇ છે, અને એના કારણે ખૂબ મોટા પાયા ઉપર એના રસ્તા પણ બદલવામાં આવ્યા. આ ડ્રગ્સ પકડવા માટે ગરમી હોય કે વરસાદ હોય, દરિયામાં ભારે મોજા હોય, આ તમામ અલગ અલગ પરિસ્થિતિઓનો સામનો કરીને આપણી ગુજરાત પોલીસે રાત દિવસ મહેનત કરીને (અંતરાય) તમે મારો જવાબ સાંભળો, મેં તમારો સવાલ શાંતિથી સાંભળ્યો છે. તમે સવાલ પૂછયો હવે જવાબ સાંભળો, માત્ર રાજનીતિ નથી થતી, સવાલનો જવાબ સાંભળો, પોલીસે જે કામ કર્યું છે તેનો જવાબ સાંભળો. તમે પકડાયું કહ્યું છે અને પકડાયું છે એ શું છે એ જ કહું છું.

શ્રી અમિત ચાવડા : આ ૧૧૬ની નોટિસ ઉપર નિવેદન આપેલું જ છે.

<u>અધ્યક્ષશ્રી :</u> તમે જે લેખિત પ્રશ્ન પૂછયો તેનો જવાબ લેખિત આપ્યો છે અને હવે તમે જે પ્રશ્ન પૂછયો છે તેનો મંત્રીશ્રી જવાબ આપે છે. (અંતરાય) આપીશ, હું તમને સમય આપીશ.

શ્રી હર્ષ સંઘવી : તમે શ્રી અમિતભાઇ, પાંચ કલાક સવાલ પૂછો તો હું તમને પાંચ કલાક જવાબ આપવા તૈયાર છું.

<u>અધ્યક્ષશ્રી :</u> ના, ના પણ હું એટલો બધો સમય આપવાનો નથી. મારે ગૃહનું બાકીનું કામકાજ ચલાવવું છે. પણ તમે બન્ને ટૂંકમાં કહો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે અલગ અલગ સાત સવાલ પૂછયા છે, માનનીય અધ્યક્ષશ્રી, એમના સાત સવાલ છે.

શ્રી અમિત ચાવડા : એક દિવસની ચર્ચા રાખો.

શ્રી હર્ષ સંઘવી : એક દિવસ નહીં આખું વર્ષ ચર્ચા કરો તો આખું વર્ષ જવાબ આપવા હું તૈયાર છું. પરંતુ તમે રાજનીતિ બંધ કરો.

<u>અધ્યક્ષશ્રી :</u> માનનીય મંત્રીશ્રી, બેસો. (અંતરાય) ભાઇ, તમે સલાહ નહીં આપો. એના માટે સલાહ આપવા હું બેઠો છું. હું સૂચના આપીશ. મારું કામ તમે નહીં કરો. પ્લીઝ, આ ૧૧૬ની નોટિસ મેં ખાસ એટલા માટે દાખલ કરી કે મને તેની ખૂબ અગત્યતા લાગી, ગંભીરતા લાગી અને ગુજરાતના યુવાનોના ભવિષ્યનો સવાલ હતો એટલે મેં ૧૧૬ની નોટિસ દાખલ કરી છે. બાકીની ઘણી બધી ૧૧૬ની નોટિસ આવતી હતી તે વિષય બાજુમાં મૂકીને મને આની અગત્યતા લાગી એટલા માટે મેં આને

એડમીટ કરી છે. મંત્રીશ્રી પણ જવાબ આપવા માટે તૈયાર છે. હવે ચર્ચાનો સવાલ છે તો એમાં ટાઇમ બગાડવાની જગ્યાએ સીધા વધારાના પેટા પ્રશ્નો હોય તે કરો અને મંત્રીશ્રી આપ પણ શોર્ટમાં જેટલી થઇ શકે એટલી માહિતી આપો.

શ્રી હર્ષ સંઘવી : પકડાયેલા અને પકડેલા વચ્ચેનો તફાવત એટલા માટે કહું છું.

અધ્યક્ષશ્રી : એ આવી ગયું. પોલીસે ખૂબ મહેનત કરી છે એટલે પકડાયું છે એ બધાને ખબર પડી ગઇ છે. હવે આગળ ચલાવો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે જી. એચ. ટી.વી.ની વાત કરી છે અને આજે કોર્ટની જે વાત કરી છે એ વિષયની અંદર અફસાના બાનુનો જે ઉલ્લેખ થયો છે તે અફસાના બાનુ ઉપર વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ સુધી પાંચ વાર અલગ અલગ ગુનાઓ લગાડવામાં આવ્યા છે અને એમની ઉપર પાસાની કાર્યવાહી પણ કરવામાં આવી છે. કોર્ટ દ્વારા એને જામીન મળ્યા છે એમાં એ છૂટીને બહાર નીકળેલા હતા. નાનાં બાળકોનો વિષય છે એમાં હું પોતે આભાર માનું છું કે આજે સુઓમોટો હાઇકોર્ટ દ્વારા દાખલ  કરવામાં આવેલ છે. કારણ કે આ પ્રકારનાં નાનાં બાળકો અમે જે કેસોમાં પકડીએ છીએ એ કેસોમાંથી જુએનાઇલ એકટના હિસાબે અનેકવાર એ લોકોને ફાયદાઓ મળે છે. પણ આની ગંભીરતા આજે છેક હાઇકોર્ટ સુધી પહોંચી છે તો પોલીસ જે ગંભીરતાથી કામગીરી કરે છે, એમાં અમને લોકોને વધારે સહયોગ મળશે અને અમે એનાથી ખુશ છીએ કે આ સુઓમોટો દાખલ થવાથી આ જુએનાઇલ કયા કયા પ્રકારના ગુનાઓમાં સામેલ થઇ શકે છે તેની માહિતી પણ પહોંચી છે. આ બહેન પર કેટલા કેસો કર્યા છે એ માનનીય સભ્યશ્રીને હું લિસ્ટ આપી દઇશ. લાંબુ કહેવા માગતો નથી. બીજો વિષય એ છે કે દરિયાકાંઠા પર કઇ રીતે આ ઘટના બને છે એ આપણે સૌ લોકો જાણીએ છીએ. સુઓમોટોની જાણકારી પણ આપી છે અને અદાણી પોર્ટની જે વાત થઇ. અદાણી પોર્ટ પરથી એ ડ્રગ્સ પકડનાર બીજું કોઇ નહીં પરંતુ ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર શાસિત રાજય સરકાર છે એની એજન્સીઓ દ્વારા આ ડ્રગ્સ પકડવામાં આવ્યું છે. અમારી ડ્રગ્સ પકડવાની નીતિ ખૂબ કિલયર છે અને તમામ લોકો જે ડ્રગ્સ લાવવાનું કામ કરે છે તે તમામ લોકો ઉપર પગલાં ભરેલા છે. એના જે રિસીવર છે એને પણ પકડવાની કામગીરી ચાલુ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ શું કાર્યવાહી થઇ તેનો વિગતવાર જવાબ આપ્યો તેના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી પાસેથી હું થોડી માહિતી માગું છું. ડ્રગ્સ છે એ આ સદીનો સૌથી મોટો મિનેસ, સૌથી મોટું ભયસ્થાન આપણાં દેશ માટે અને નવી પેઢી માટે છે. હું પંજાબમાં ૧૫-૧૬ દિવસ રોકાયો છું અને ત્યાંની હાલત મેં જોઇ છે. ત્યાંની સરકારો જાગૃત થઇ એટલે ડ્રગ્સ મિનેસ ઓછો થયો છે એમ નહીં પણ ડ્રગ્સ આવતું હતું એ ત્યાં બંધ થયું અને આપણો દરવાજો ખૂલ્યો.  ગુજરાતમાં ડ્રગ્સ  આવવાની શરુઆત છેલ્લાં છ-સાત વર્ષથી થઇ છે. આપણા દરિયાકિનારાને એ લોકોએ પસંદગી આપી છે. ડ્રગ્સ રિવોર્ડસની માનનીય મંત્રીશ્રીએ વાત કરી. ડ્રગ્સ રીવોર્ડસ કેન્દ્ર સરકાર પણ આપે જ છે. આપણે કર્યું હોય તો આવકારદાયક છે પણ કેટલી હદ સુધીનું ડ્રગ્સ પકડાય છે. એક જ અદાણી પોર્ટમાં વર્ષ ૨૦૨૧માં ૨૧,૦૦૦ કરોડ રૂપિયાનું ૩ ટન ડ્રગ્સ પકડાયું. વર્ષ ૨૦૧૭માં ૩૫૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું. ઓકટોબર-૨૦૨૨માં ૧,૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું. ફેબ્રુઆરી-૨૦૨૨માં ૨,૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું. માર્ચ-૨૦૧૯માં એક વખત ૪૨૦૦ કરોડ રૂપિયાનું અને બીજી વખત ૫૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું. ઓગસ્ટ-૨૦૨૨માં ૫૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું. *(xxx) તેમાં હું માનનીય મંત્રીશ્રી પાસેથી..

અધ્યક્ષશ્રી : તમે હવે સીધા પ્રશ્ન પર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : આ ડેટા આપના રેકર્ડ ઉપર જ છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપ જ્યારે એને રિ-કોટ કરીને વાત કરો છો કે એન.સી.બી.એ આવી વાત કરી છે કે આટલું આ થઇ ગયું  છે તો મને લાગે છે કે ધારાસભ્યશ્રી જ્યારે વાત કરતા હશે તો પુરાવા સાથે કરતા હશે. મારી તમને વિનંતી છે કે (અંતરાય) એક મિનિટ, આપ આ વિગત મંત્રીશ્રીના ટેબલ ઉપર મૂકવાની વ્યવસ્થા કરજો. સચિવશ્રી, એ ટેબલ ઉપર મૂકશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જરૂરથી, મારા કરતા મંત્રીશ્રી પાસે વધારે જ હશે, છતાં હું મારી પાસે છે એ બધી માહિતી એમને આપીશ.

શ્રી હર્ષ ર. સંઘવી : (બેઠાં બેઠાં) આ બોલ્યા છે એ માહિતી...

અધ્યક્ષશ્રી : હું એ જ કહું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : બોલ્યો છું એ માહિતી મારી પાસે છે અને હું આપને આપીશ.

અધ્યક્ષશ્રી : એ આપશે. રેકર્ડ ઉપર કહે છે. ઠીક છે. હવે આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : અરે ભાઇ, આટલું બધું માથે લેવાની જરૂર નથી.

અધ્યક્ષશ્રી : વચ્ચે કોઇ ડિસ્ટર્બ નહીં કરે. આ બહુ ગંભીર વિષય છે. તેની ચર્ચા થવી જોઇએ, તેનો ઉકેલ થવો જોઇએ. વચ્ચે કોઇ બોલે નહીં.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : કોઇએ બંધબેસતી પાઘડી પહેરવાની જરૂર નથી. આ ગંભીર વિષય છે અને બધા જાણે છે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ બધી જગ્યાએ...

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત એ થાય છે કે બધી જગ્યાએ આ ડ્રગ્સનો બિઝનેસ છે અને મારા અને તમારા ઘર સુધી આવે તેમ છે. એટલા માટે હું કહું છું કે આટલું ડ્રગ્સ આપણે ત્યાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, હવે પ્રશ્ન ઉપર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એ અટકાવવા માટે આપણે ત્યાં ખાસ કરીને મારા પોરબંદર આજુબાજુમાં સૌથી વધારે ડ્રગ્સ પકડાય છે, કચ્છમાં પકડાય છે. તેને અટકાવવા માટેનો એક જ રસ્તો છે. એક તો એના મેઇન કલપ્રિટ છે, જે વિદેશમાં બેઠાં છે તેના સુધી પહોંચવાનું અને તેને અટકાવવા માટેનું સરકારોનું આંતરરાષ્ટ્રીય નેટવર્ક પણ છે. બીજું, આપણી પાસે બાતમીદારોનું નેટવર્ક મોટું હોવું જોઇએ. બાતમીદારોનું નેટવર્ક ન હોવાને કારણે આપણે ત્યાં ડ્રગ્સ પકડાતું નથી. આ જેટલું ડ્રગ્સ પકડાય છે એ મોટા ભાગે આપણી રાષ્ટ્રીય કક્ષાની એજન્સીઓ છે તેણે માહિતી આપી તેના કારણે ડ્રગ્સ પકડવામાં (અંતરાય) તમે મને જવાબ આપજો ને? (અંતરાય)

અધ્યક્ષશ્રી : એની માહિતી ક્યાંથી હશે?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હું બોલી જાઉં? આપ કહેતા હો તો બોલી જાઉં?

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, તમે પ્રશ્નના વર્ણન કરવા કરતા સીધા પ્રશ્નના ઉકેલમાં આવો. પ્રશ્ન પૂછીને એનો ઉકેલ શું જોઇએ છે એ કહો. તમે વર્ણનાત્મક એટલું કરો છો જાણે આઇ.બી.ના બધા રિપોર્ટ, પોલીસના બધા રિપોર્ટ તમારી પાસે હોય એમ વાત કરો છો. તમે સીધો પ્રશ્ન પૂછો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હું ડીનાઇ કરતો નથી કે ગુજરાતની એજન્સી આમની અંદર ઇનવોલ્વ નહોતી પણ મારી પાસે તો એજન્સીઓના નામ છે, કઇ એજન્સીએ કયાં પકડયા છે.

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન ઉપર આવો. તમે પાંચ મિનિટ પ્રશ્ન પૂછવામાં લીધી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એમ પૂછવા માગું છું કે આપણે ત્યાં બાતમીદારોનું નેટવર્ક આ ડ્રગ સામે સ્પેશિયલ ઊભું કરવું જોઇએ અને એના માટે પણ આઇ.બી.ની અંદર પણ સ્પેશિયલ સેલ ઊભો કરવો જોઇએ. આઇ.બી.નો સ્પેશિયલ સેલ ઊભો કરીને એને અટકાવવા માટે અને આ બાતમીદારોનું નેટવર્ક ઊભું કરવા માટે કાર્યવાહી કરવા માંગે છે કે કેમ? અને મારો બીજો પ્રશ્ન એ છે કે પેડલર્સ છે તે આ ડ્રગ વેચવાનું કામ કરે છે. જો એના ઉપર કંટ્રોલ થાય તો ડ્રગ વેચાણની વ્યવસ્થા જે રીટેલિંગમાં થાય છે એ ઓછી થઇ જાય અને એ પેડલર છે એ આપણી પોલીસ પકડી શકે એમ છે. એટલિસ્ટ એની તો એને ખબર છે. એટલિસ્ટ એના ઉપર મજબૂતાઇથી જો આપણે કામ કરીએ તો એ અટકી શકે તો આ પેડલર્સને પકડવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આટલા વર્ણન પછીના ખાલી ત્રણ પ્રશ્નો છે, હવે એ ત્રણ સીધા બોલી ગયા હોત તો તમે સીધો ડાયરેકટ સરસ જવાબ આપી શકો. એ ત્રણ પ્રશ્ન ઉપર જવાબ આપો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો જે સેન્ટ્રલ એજન્સીની વાત કરીને ગુજરાત પોલીસે પકડયું નથી એમ જે કહેવું છે.. (અંતરાય) શ્રી અર્જુનભાઇ, પહેલાં સાંભળી લો. આમાંથી મોટા ભાગની માહિતીઓ એ.ટી.એસ.એ મેળવેલી છે. એ.ટી.એસ.ની માહિતીના જોરે કોસ્ટગાર્ડ, એન.સી.બી., આવી તમામ એજન્સીઓ જોડે આપણે કામગીરી કરી છે. પોરબંદરની વાત કરી છે, પોરબંદરના આસપાસના વિસ્તારની વાત કરી છે. હું વર્ષ ૧૯૯૩ યાદ અપાવવા માંગું છું. ગુજરાતનો પોરબંદર વિસ્તારમાં જે વર્ષ ૧૯૯૩માં આપણી ભૌગોલિક પરિસ્થિતિ હતી, હું ગોસાબારા આર્મ્સ લેન્ડિંગની આજે યાદ અપાવવા ગું છું. આજ પોરબંદરમાં જે ગોસાબારા આર્મ્સ લેન્ડિંગ હતું એ સદા અલ બહાર પાકિસ્તાની બોટના માધ્યમથી આ આર.ડી.એકસ. લાવવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૯૩માં ગુજરાત કે કેન્દ્ર સરકારમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ન હતી, ત્યારે ગુજરાતમાં પણ કોંગ્રેસની સરકાર હતી અને કેન્દ્રમાં પણ કોંગ્રેસની સરકાર હતી. આ જે આર.ડી.એકસ. ગોસાબારામાં જે લેન્ડિંગ થયેલું હતું એ આર.ડી.એકસ.થી માત્ર આ દેશ નહીં દુનિયા હલી જાય એ પ્રકારની ઘટના મુંબઇ બોમ્બ બ્લાસ્ટ તરીકે ઓળખાય છે. એનું સૌથી મેઇન સેન્ટર પોરબંદર હતું અને ગુજરાતનું વલસાડ જિલ્લાનું ફણસા ખાતે આ લેન્ડિંગ કરવામાં આવેલું હતું. આપણી જે દરિયાઇ સીમાઓ છે એ કયાંકને કયાંક પાકિસ્તાનથી નજીક હોવાના કારણે એ લોકો આમાં અનેકવાર ફાયદો લેવામાં સફળતા મેળવી લે છે, પરંતુ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે ગંભીરતા દાખવીને આ જે હજારો કરોડનું ડ્રગ્સ તમે બોલો છોને એ હજારો કરોડનું ડ્રગ્સ એટલે બોલી શકો છો કારણ કે આ અમારી સરકારે પકડયું છે. આ નીતિ છે એટલે પકડાયું છે. જે એમણે પંજાબની વાત કરી, રાજનીતિના કારણે ગુજરાતને તમે કઇ હદ સુધી બદનામ કરી શકો? તમે પંજાબ જોડે મારા ગુજરાતના યુવાનોને સરખાવો છો? પંજાબ આ દેશનું ડ્રગનું કેપિટલ રાજય છે. આખી દુનિયા જાણે છે. આ એક-બે કેસ નહીં, હું અનેક કેસ એમને બતાડી શકું છું. મારી પાસે ડેટા છે અને હમણાં જ અવેલેબલ છે, એમના હાથમાં જ આપીશ. હવાની વાત નથી કે સેન્ટ્રલ એજન્સીએ પકડેલું તમે તો ખાલી એમનેમ સાથે હતા. પંજાબની જેલોમાંથી ચાલતા અનેક નેટવર્કને પર્દાફાશ કરનાર બીજી કોઇ પોલીસ નથી, આપણી ગુજરાત પોલીસ છે. અદાણી પોર્ટ, અદાણી પોર્ટ, અદાણી પોર્ટ

બોલ્યા, એમને યાદ ન આવ્યું કે ગુજરાત પોલીસે કલકત્તાની પોર્ટ ઉપર જઇને પણ ડ્રગ્સ પકડવાનું કામ કર્યું છે. ગુજરાત પોલીસે માત્ર ગુજરાતમાંથી ડ્રગ નથી પકડ્યું, ગુજરાત પોલીસે કલકત્તાના પોર્ટ ઉપર જઇને કલકત્તાના પોર્ટમાં ગિયર બોકસોની અંદર ડ્રગ છૂપાયેલું હતું એ ગિયર બોકસો ખોલીને એ ડ્રગ પકડવાનું કામ ગુજરાત પોલીસે કર્યું છે. ગુજરાત પોલીસ એ ડ્રગ ચલાવનાર પોલીસ નહીં પણ ડ્રગ પકડનાર પોલીસ બની  છે, હવે એમાં તમારા પેટમાં ખરેખર શું દુઃખ્યું?આ પકડાયું અને પકડ્યું એ બે વચ્ચે તફાવત સમજવો ખૂબ જ જરૂરી છે.  મારી આપને વિનંતી છે, શ્રી અર્જુનભાઇ આપે કહ્યું કે, આપણા ઘર સુધી ઘૂસી શકે છે. હું પણ કહેવા માગું છું કે આપણા ઘર સુધી ઘૂસી જાય નહીં તે માટે ગુજરાત સરકારે મજબૂતાઇથી આના ઉપર પગલાં ભર્યા છે. તમે ટીકા જરૂરથી કરો. પરંતુ આપણી પોલીસે સફળતા મેળવી છે એમાં એક શબ્દ અભિનંદનનો આપશો તો ક્યાંય નીચા નહીં દેખાઓ.  હું માનું છું કે, ડ્રગ્સ એક સામાજિક દૂષણ છે અને આ સામાજિક દૂષણને નાથવા માટે માત્ર સરકારની એકલાની જવાબદારી હોય એવું નથી. સમાજમાં જોડાયેલા તમામ લોકોની જવાબદારી છે. આપણા સૌ લોકોની જવાબદારી છે. આ જવાબદારીને પહોંચી વળવા અમે એક પછી એક મહત્ત્વનાં પગલાં ભર્યાં છે. આ પગલાં તો જુઓ કેટલા? મારે જણાવવાનું છે કે રાજસ્થાનનો ક્રાઇમ રેટ ડ્રગ્સમાં ૩.૮ ટકાનો છે. જે પંજાબના ગેટ બંધ થઇ ગયા છે એમ કહ્યું એ પંજાબનો ડ્રગ્સમાં ક્રાઇમ રેટ ૩૨.૮ ટકા છે અને જે ગુજરાત ઉડતા ગુજરાત કહ્યું છે એનો એન.ડી.પી.એસ.ની અંદર ક્રાઇમ રેટ ૦.૭ ટકા છે. પંજાબને ડ્રગ્સ ફ્રી બતાવો છો એ પંજાબનો ડ્રગ્સમાં ક્રાઇમ રેટ ૩૨.૮ છે. ગુજરાતનો, ૩૨ છોડો પણ ૦.૮ની અંદર છે. એના માટે ગુજરાત સરકારે શું કર્યું? ગુજરાત પોલીસે કઇ રીતે સામનો કર્યો? ગોળીઓનો સામનો કરીને આ ડ્રગ્સ પકડ્યું છે. જે કેસની અંદર નોટિસ આપી છે એ કેસ સમજવો ખૂબ જરૂરી છે. છેલ્લી જે ઘટના બની. ‘મોહમ્મદ કોલીંગ અલી’, ‘મોહમ્મદ કોલીંગ અલી’ તમામ વાયરલેસ ગુંજી ઉઠ્યા. ઇરાનથી બોટ નીકળે, દોઢ મિલિયન ઇરાની રૂપિયા આપવાની વાત થાય. ઇરાનથી પાકિસ્તાન થઇને માલ લઇને ગુજરાતની બોર્ડરથી ભારતમાં ઘૂસવાનો પ્રયત્ન કરે. ત્યાંથી માલ નીકળે અને આપણી ગુજરાતની એ.ટી.એસ.ને માહિતી મળે છે. ગુજરાત એ.ટી.એસ.એ કોસ્ટગાર્ડ જોડે મળીને પાંચ દિવસ સુધી દરિયાઇ બોર્ડર ઉપર રાહ જોઇને જેવી આ બોટ ભારતમાં ઘૂસવાનો પ્રયત્ન કરે છે ત્યારે એને પકડવામાં આવે છે. એમ કહેવાય છે કે જે અધિકારીઓ આ ઓપરેશનમાં હતા એના મોઢે આ ઘટના સાંભળશો કે કઇ રીતે ઘટના બની, કઇ રીતે ઘટના પકડાઇ? આપણી ગુજરાત પોલીસે કેટલું બહાદુરીનું કામ કર્યું છે? રાજનીતિ એવી કઇ રીતે હોઇ શકે કે પક્ષ - વિપક્ષ, સરકાર - વિપક્ષ તરીકે આપણા સરકારી અધિકારીએ, આપણી ફોર્સે જે સારું કામ કર્યું છે એને અભિનંદન આપવાના બદલે એની ટીકા એ સ્તરે કરીએ કે પંજાબનું નેટવર્ક તોડવામાં ગુજરાત પોલીસે સહયોગ કર્યો હોય એ પોલીસ કંઇ નહી ને સેન્ટ્રલ એજન્સી.  સેન્ટ્રલ એજન્સી અને આપણે સાથે મળીને કામ કર્યું છે. આ બોટ ‘મોહમ્મદ કોલીંગ અલી’ ભારતની સીમામાં ઘુસતાની સાથે આપણી ફોર્સે પકડ્યા. મોહસીન હોય, અઝગર હોય, ખુદાબક્ષ હોય કે રહીમબક્ષ હોય, કે મુસ્તફા હોય, એ બધા જેલમાં.  એક પછી એક બધા જ જેલમાં. આમાં એ કંઇ પણ કરે પણ છૂટશે નહીં.  (અંતરાય) તમે શા માટે તમારી ઉપર લો છો ભાઇ? આમાં એક પણ છૂટવાનો નથી. રૂપિયા ૪૨૭ કરોડનું ડ્રગ્સ પકડાયું. એમનું માનવું છે કે પકડાયું અને મારું માનવું છે કે પકડ્યું. કારણ કે ગુજરાતના એકેએક યુવાન દીકરાઓએ પોતાના પરિવારને નાની મોટી છૂપાઇને, આ લોકોએ ભારત - પાકિસ્તાનની બોર્ડર પર આ લોકોએ ગોળીઓનો સામનો કરીને આ ડ્રગ્સ પકડ્યું છે. ડ્રગ્સ નથી મળતું કે ડ્રગ્સના રવાડે ગુજરાતનો એક પણ યુવાન નથી એવું હું આજે પણ નથી કહેતો.  પણ હું એવું માનું છું કે પકડ્યું અને પકડાયું એ બન્ને વચ્ચેનો તફાવત આપણે જરૂરથી સમજવો જોઇએ.

અધ્યક્ષશ્રી : પહેલા જેમણે એડમિટ કર્યું હોય એમનો વારો આવે પછી વધારે ટાઇમ હોય તો તમને આપું.

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૧૧૬ હેઠળ આજે તાકીદની જાહેર અગત્યની બાબત દ્વારા સમાજની બદી ડ્રગ્સ બાબતે વાત કરી રહ્યાં છીએ. આજે મને જણાવતાં આનંદ થાય છે કે, આપણે એવી સરકારના નેતૃત્વની અંદર કામ કરી રહ્યાં છીએ કે જ્યારે આ ડ્રગ્સ રાજ્યની અંદર હોય, આંતર રાજ્યની બહારથી ડ્રગ આવતું હોય, આંતરરાષ્ટ્રીય સરહદેથી આવતું હોય, દરિયાઇ માર્ગેથી આવતું હોય કે હવાઇ માર્ગેથી આવતું હોય આ તમામ બાબતોમાં ઝીરો ટોલરન્સ નીતિ અપનાવીને છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૫૪૦૦ કરોડથી વધારે ડ્રગ્સ રાજ્ય સરકારે પકડ્યું છે. જ્યારે આટલું ડ્રગ્સ પકડાતું હોય ત્યારે  ગુજરાતના યુવાન ધારાસભ્ય તરીકે મને રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને યુવાન ગૃહ રાજ્યમંત્રી ઉપર મને ગર્વ મહેસૂસ થાય છે કે આ કાર્યવાહી કરી રહ્યા છે. હું પ્રશ્ન ઉપર આવું છું કે, રૂપિયા ૫૪૦૦ કરોડનું ડ્રગ્સ રકમમાં નહીં પણ કેટલા લાખો યુવાનોના ભવિષ્ય સાથે બચાવ થયો છે એટલા માટે પણ હું રાજ્ય સરકારને અભિનંદન આપું છું. આ ૧૧૬ના તાકીદના પ્રશ્ન ઉપર આવું છું કે, હવે આ મીડિયામાં જશે. જોરશોરથી કહેવામાં આવશે. આપણે એક બાજુ ભવિષ્યની વાત કરીએ છીએ ત્યારે કવિ દાગે બહુ સરસ વાત કરી કે,

‘‘સિંહ તો બસ એક જ હોય, તોય થઇ પડે, ગાડરના ટોળાં કરેથી કાંઇ ના વળે’’ મીડિયામાં દેખાવા સારું માઇક લઇને ઘડા વગરના ભાષણ કરવાથી કાંઇ ના વળે (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મારે ફક્ત એટલું જ છે કે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને ગૃહ રાજ્યમંત્રીશ્રી એ વાત કરી છે કે યુવાનોના (અંતરાય)...

ફાલ્ગુન ૨૩, ૧૯૪૪ શાકે

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આપણી રાજ્ય સરકાર બહારથી પણ ડ્રગ્સ પકડી રહી છે એને સમાજની અંદર લોકોમાં જાગૃતિ કેવી રીતે ફેલાવીએ, લોકોને જાગૃત કેવી રીતે કરી શકીએ? એ જાણવા માગું છું. લોકો અને સમાજ વધુમાં વધુ આ વિષયમાં ના ઉતરે અને સમાજની બદીની અંદર ડ્રગ્સના વેપારમાં કોઇ ના જાય અથવા અન્ય રીતે આપણા યુવાનો ના ફસાય એના માટે સરકાર શું કાર્યવાહી કરી રહી છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, છેલ્લું જે બોલ્યાંને એટલો જવાબ આપો.

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ મહત્ત્વનો વિષય છે કારણ કે, માત્ર ડ્રગ્સ આવતું પકડવું, પેડલરોને પકડવા એનાથી આ દૂષણ દૂર નહીં થઇ શકે. આ દૂષણને દૂર કરવા માટે રાજ્યના યુવાનોને સાચી દિશા પર લઇ જવા માટે શક્ય તે તમામ પ્રયાસ આપણે સાથે મળીને કરવા પડતા હોય છે. રાજ્ય સરકાર દ્વારા પી.પી.પી. ધોરણે અને રાજ્ય સરકારના માધ્યમથી રિહેબિલિટેશન સેન્ટર છે. દર વર્ષે ૨૬મી જૂને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ વિરોધી દિવસ તરીકે કેફી પદાર્થના દુરુપયોગ અને ગેરકાયદેસર હેરાફેરીને કઇ રીતે રોકવી એની ઊજવણી અલગ અલગ જગ્યાએ કરવામાં આવતી હોય છે. બનાસકાંઠાના અંબાજી ખાતે નશીલા પદાર્થને લગતા ગેરફાયદાની જાણકારી આપી. આ વખતે શક્તિ પીઠ પ્રસંગે યાત્રા હતી ત્યારે પણ આ પ્રકારે કરવામાં આવ્યું હતું. આ વખતે તમામ ધર્મ સ્થળો પર આ પ્રકારના પ્રયત્નો કરવામાં આવ્યાં. ૧૯૦૮ હેલ્પ લાઇનના માધ્યમથી બહોળી પ્રસિદ્ધિ ફેલાવવામાં આવે છે. ''પબ્લિક આઉટ રેટ પ્રોગ્રામ'' જેમાં યુવાનો અને વિદ્યાર્થીઓને ડ્રગ્સના વિરુદ્ધમાં પ્લેજ લેવડાવવામાં આવે છે. હવે ઇન્ટરનેટના જમાનામાં ઓનલાઇન ઇ-પ્લેજ લેવડાવવાનું કામ ચાલુ છે. આ જ રીતે સોશિયલ મીડિયાના માધ્યમથી વધુમાં વધુ જન-જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, જાહેર સ્થળો પર ડ્રગ્સ લેવાથી થતાં નુકસાનો અને બીજા કેસો છે એની પણ માહિતી આના થકી અમે આપતાં હોઇએ છીએ.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આ દેશ અને ગુજરાતના યુવાનો માટે આ ૧૧૬ ખૂબ જ મહત્ત્વનો પ્રશ્ન છે અને જયારે આ સન્માનનીય ગૃહ એમાં પક્ષ કે વિપક્ષ બંને સાથે મળીને ખૂબ જ મહત્ત્વનો કહી શકાય તેવો કે જે આપણો ગુજરાતનો યુવાન છે કે દેશનો યુવાન છે જયારે એના ભવિષ્યની ચિંતા કરતા હોઇએ, એના આરોગ્યની ચિંતા કરતા હોય, એ કોઇ કુમાર્ગે વળી ન જાય એની ચિંતા કરતા હોઇએ ત્યારે ગૃહના તમામ સભ્યોને પક્ષ હોય કે વિપક્ષ હોય એને અભિનંદન આપું છું. ખાસ કરીને કહું તો વર્ષ ૨૦૧૪થી દિલ્હીમાં એમ કહેવાય કે બાકર બચ્ચા લાખ તોય બિચારા અને સિંહણ બચ્ચું એક તોય હજારા, એકે હજારા. જયારથી શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ આ દેશના પ્રધાનમંત્રી બન્યા છે. અને ગુજરાતના બીજા પનોતા પુત્ર દેશના ગૃહમંત્રી અમિતભાઇ શાહ જયારથી દિલ્હીમાં બેઠા છે ત્યારથી પહેલા હું આ મૂળ વાત ડ્રગ્સ ઉપર જ આવવા માગું છું પરંતુ થોડીક હું પ્રાસ્તાવિક વાત કરું છું કે માનનીય અમિતભાઇ શાહ આપણા ગુજરાતના પનોતા પુત્ર છે અને એમણે ભૂતકાળમાં ગૃહમંત્રી તરીકે આ ગુજરાતની ખૂબ મોટી સેવા કરી છે ત્યારે એમણે આખો સરહદી વિસ્તાર, જેમ કે ભારત પાકિસ્તાન બોર્ડર છે. આપણે એક સરહદી રાજય છીએ. જમીન માર્ગ હશે કે દરિયાઇ માર્ગ હશે અને આમ કહેવા જઇએ તો દરિયાઇ માર્ગ પ્રવેશદ્વાર છે.

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : ત્યારે આખા તંત્રને, આખી એજન્સીઓને બધાએ સાથે મળીને અભિનંદન આપવા જોઇએ. બીજું, ખાસ માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવા માગું છું. કારણ કે માનનીય ગૃહમંત્રીશ્રી આવા દૂષણો માટે ખૂબ જ ચિંતિત હોય છે પછી એ ડ્રગ્સનું દૂષણ હોય, વ્યાજખોરી સામેનું દૂષણ હોય કે અન્ય કોઇપણ પ્રકારના દૂષણ હોય જેમ કે દ્વારકામાં જે રીતે દરિયાકાંઠે એન્ક્રોચમેન્ટ દબાણ થઇ ગયું હતું અને અનેક દેશદ્રોહી પ્રવૃત્તિ ચાલતી હોય એને બ્રેક મારવાની વાત હોય ત્યારે ગૃહમંત્રી ખૂબ સક્રિય રહે છે એમને પણ અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઓગસ્ટ-૨૦૨૧થી ફેબ્રુઆરી-૨૦૨૩માં ગુજરાત એસ.ટી.એસ. દ્વારા એન.ડી.પી.એસ. એકટ હેઠળ કરવામાં આવેલ મહત્ત્વની કામગીરીની વિગતો જણાવશો. સાથે પ્રશ્ન નં. ૨ કે કોલેજ અને હોસ્ટેલ આ બે બહુ સોફ્ટ ટાર્ગેટ હોય છે. આ યુવાનો અને ખાસ કરીને આવા જે પેડલર હોય છે એ કોલેજ અને હોસ્ટેલોની આજુબાજુમાં ખૂબ જ આવાં બાળકોને, આવા યુવાનોને ફસાવવામાં એમનો સોફ્ટ ટાર્ગેટ હોય છે તો એના માટે કોઇ સ્પેશિયલ ટાસ્કફોર્સ બનાવવા માગો છો કે કેમ? એ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું?

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ.ટી.એસ. દ્વારા ઓગસ્ટ-૨૦૨૧થી ફેબ્રુઆરી-૨૦૨૩માં કિંમત રૂપિયા ૫૪૧૬.૫૩ કરોડનું ૧૦૪૮ કિલો ૨૪૨ ગ્રામ જથ્થો પકડેલ. જેમાં ૧૦૨ આરોપીઓ એમાંથી ૪૪ પાકિસ્તાનીઓ, ત્રણ અફઘાનીઓ, સાત ઇરાનીઓ, બે નાઇજીરિન એમ કરીને કુલ ૫૬ વિદેશી ડ્રગ્સ માફિયાઓને ગુજરાત પોલીસે પકડવાની કામગીરી કરી છે. આ અકબર, અસલમ એવી રીતે બધું થઇને ૫૬ લોકો છે. એનાં નામ પણ જોઇએ તો આપું. નામ બોલવાની જરૂર નથીને?

અધ્યક્ષશ્રી : ના, ના. નથી બોલવા. એ લોકોને હવે જેલમાં રાખો.

તા.૧૭મી માર્ચ, ૨૦૨૩

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એ તો જેલમાં જ રહેવાના છે. નામ ના બોલુંને? (અંતરાય) જે મુખ્ય (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી દ્વારકાના સલાયા ગામનો એક કેસ સભાગૃહની વચ્ચે મૂકવા માગું છું. સલાયામાં સલીમ યાકુબ કારા ભૂતકાળમાં નાના મોટા બે નંબરી કામોમાં પકડાયેલો હતો. એના ઉપર એ.ટી.એસ.ની નજર હતી. જે પ્રકારે પાકિસ્તાનીઓ જોડે રેગ્યુલર ટચમાં હોવાને કારણે એક મુંબઇનો શહેઝાદ નામનો માણસ મુંબઇના થાણેમાં ફ્રૂટની લારી ચલાવતો હતો. આ ઘટના બની ત્યારે મહારાષ્ટ્રની અંદર કોંગ્રેસ અને શિવસેનાનું શાસન હતું. થાણેમાં ફ્રૂટની લારીની આડમાં ૨૫૦ કરોડ રૂપિયાના ડ્રગ્સનો ઓર્ડર તેણે પાકિસ્તાનીઓને આપ્યો. આ શહેઝાદ સલાયા આવે છે. શહેઝાદ અને સલીમ કારા ચાર દિવસ સુધી એક સાથે રહે છે. તે ચાર દિવસ સુધી ગુજરાતની એ.ટી.એસ.ની ટીમ ફૂટપાથ પર કોઇ ચાવાળા બનીને રહ્યો, કોઇ લારીવાળો બનીને રહ્યો. ચાર દિવસ સુધી તેની ઉપર નજર રાખવામાં આવી. તે સલીમ અને શહેઝાદ ભેગા થાય છે અને ડ્રગ્સની ડિલિવરી લે છે ત્યારે તે ડ્રગ્સની ડિલિવરી લેતાં મહારાષ્ટ્રની પોલીસ જયારે પકડવામાં નિષ્ફળ ગઇ ત્યારે ગુજરાતની પોલીસે તેને પકડીને જેલના હવાલે બંધ કર્યા છે. આ રૂપિયા ૨૫૦ કરોડનું ડ્રગ્સ ગુજરાતના યુવાનો માટે મંગાવવામાં નહોતું આવ્યું. આ રૂપિયા ૨૫૦ કરોડનું ડ્રગ્સ મુંબઇના અનેક યુવાનોનું જીવન ધૂંધળું કરવા માટે મંગાવવામાં આવ્યું હતું. તેનું જીવન ધૂંધળું કરતું બચાવવાની કામગીરી ગુજરાત એ.ટી.એસ. અને ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી છે. એક બીજો મોટો અને મહત્ત્વનો મોરબીના ઝિંઝુડાનો કેસ આપના માધ્યમથી સભાગૃહની વચ્ચે મૂકવા માગું છું. ઝિંઝુડા ગામમાં આવેલા કોઠાવાલા પીરની દરગાહના મૌલવી પીરઝાદાબાબુ શમસુદ્દીન હુસેનમીયાં સૈયદના દરગાહની બાજુના મકાનમાં, આ મહત્ત્વનો વિષય એટલા માટે છે કે, પીરઝાદાબાબુ સમાજને સુધારવાનું કામ હોય છે. સમાજને બગાડવાનું નહીં. લોકો મૌલવીને એક આસ્થાની નજરે જોતા હોય છે. આ કામમાં કુલ રૂપિયા ૭૭૬ કરોડનું ૧૫૦ કિલોગ્રામ હેરોઇન પકડયું. આ તેણે છૂપાવીને રાખેલું હતું. તેણે બીજા કોઇ નહીં પણ ગુજરાત પોલીસ અને ગુજરાત એ.ટી.એસ. એ પકડયું. આ પીરઝાદાબાબુને પકડીને તેની પાછળ ચાલતું મોટું રેકેટ દુનિયાની નજરે ખુલ્યું. આવા અનેક કિસ્સાઓ છે. માનનીય અમિતભાઇએ જે બહેનની વાત કરી તેવી અનેક બહેનોને અમદાવાદની અંદર પકડવામાં આવી છે. એક વાત શ્રી ઉદયભાઈની અને શ્રી અમિતભાઇની સેઇમ આવતી હતી તે કોલેજ અને સ્કૂલના સ્ટુડન્ટની વાત છે. હું આપની સમક્ષ બે-ચાર વિષય મૂકવા માગું છું. આપણે આ જે ડ્રાઇવ છેલ્લા દોઢ વર્ષમાં ચલાવી છે તે માત્રને માત્ર મોટા ડ્રગ્સના સપ્લાયરોને આ ડ્રગ્સ કઇ રીતે ઘૂસતાં બંધ કરવું તેના માટે ચલાવી છે. આ ડ્રાઇવની અંદર કોઇ સ્કૂલના સ્ટુડન્ટસ પકડાયા હોય તો તેની ઉપર પહેલાં કોઇપણ પ્રકારનો કેસ કરવાના બદલે તેના પરિવારજનોને બોલાવીને અને તે હજું અઢાર વર્ષનો પણ ના થયો હોય એટલે તેનું જીવન ના બગડે એટલા માટે તેના પરિવારને બોલાવીને તેમને સમજાવીને તેને ડિએડિક્શન સેન્ટર, રિહેબિલિએશન સેન્ટરની અંદર મોકલીને કઇ રીતે ડ્રગ્સના નશામાંથી બહાર લવાય તેનો પ્રયાસ ચાલુ છે. આમાં માત્ર સરકાર નહીં અને મેં પહેલાં કહ્યું એમ સાહેબ આ એક સામાજિક દૂષણ છે. આ સામાજિક દૂષણને નાથવા માટે તમામ લોકોએ ટીમ ગુજરાત તરીકે કામ કરવું પડશે. ટીમ ગુજરાત તરીકે જયારે કામ કરશો તો જેમ ગુજરાતમાં લોકો ડ્રગ્સ લાવતાં ફફડે છે, જેમ ગુજરાતની અંદર ડ્રગ્સ લાવતા એક-એક પાકિસ્તાનીઓને આપણે જેલના હવાલે કર્યા છે તેમ ગુજરાતના યુવાનોને ડ્રગ્સના નશામાંથી બહાર લાવવામાં આપણને સો ટકા સફળતા મળશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, ડ્રગ્સ પકડયું કે કોઇએ પકડાયું કહ્યું. મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે અને સરકારે જયારે ઉદારતાથી ૧૧૬ની નોટિસમાં આટલી લંબાણપૂર્વક ચર્ચા કરી છે અને આપ પણ ગુજરાતના યુવાધન માટે ચિંતિત છો એટલે આપનો પણ આભાર માનું છું. જે રીતે સરકારે કે પોલીસે ડ્રગ્સ પકડયું છે તેના માટે અભિનંદન આપું છું. ડ્રગ્સનું આજની તારીખમાં ગુજરાતમાં લોકો સેવન કરે છે તે એક હકીકત છે. જે ડ્રગ્સ પકડયું છે તેના માટે પોલીસખાતાને અભિનંદન. આટલું ડ્રગ્સ ગુજરાતમાં આવ્યું હશે એટલે જ યુવાનો ડ્રગ્સ તરફ વર્યા છે. એટલે જ નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના આધારે ઓલ ઓવર ઇન્ડિયામાં જે ક્રાઇમ રેટ છે તે ૩૦.૦૨ ટકા છે. ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૦૨૧ ના આંકડા મુજબ ૧૧.૦૯ ટકા છે. એનો મતલબ ગુજરાતની અંદર ડ્રગ્સ પીવાય છે તે નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરો કહે છે. મારી મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે કે, બાતમીના આધારે દરિયામાં આવતી બોટોમાંથી આપણે ડ્રગ્સ પકડ્યું છે અને ગુજરાતનાં શહેરોમાં પોલીસ ખાતા પાસે બાતમીદારો બહુ મજબૂત હોય છે, એક એક પોલીસ સ્ટેશનમાં જે બાતમીદારો હોય છે એની પાસે એકે એક માહિતી હોય છે કે કોના ઘરમાંથી કોની દીકરી ભાગી ગઇ કે કોનો છોકરો શું કરે છે? એ માહિતી બાતમીદાર પાસે અમદાવાદના તમામ પોલીસ સ્ટેશનોમાં હોય છે તો મારી માનનીય મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે કે, ગુજરાતના હિત ખાતર કોઇ રાજકારણ આમાં કરવું નથી, પણ ગુજરાતનું યુવાધન વેડફાઇ ન જાય અને ડ્રગ્સ આજે ખુલ્લેઆમ ગુજરાતનાં શહેરોમાં વેચાય છે એના માટે સરકાર કેટલી કડકથી કાર્યવાહી કરવા માગે છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ આ એવો વિષય છે કે આપણા સૌ માટે સૌથી વધારે ગંભીરતા કોઇ વિષયની હોય તો એ રાજયના યુવાનોનું ભવિષ્ય ક્યારેય ધૂંધળું ન થવા દેવાય. આપનો પ્રશ્ન ખૂબ ગંભીર છે અને એના જવાબમાં હું કોઇ પણ રાજનીતિ કરવા માગતો નથી. સોએ સો ટકા સરકાર આ બાબતમાં ગંભીર છે અને કોઇ પણ યુવાન જો ડ્રગ્સના રવાડે ચડેલો હોય તો એના પરિવારને બોલાવીને એમાંથી એને કાઢવા માટેનો પ્રયત્ન કરતા હોય તો આવા ગુનેગારને કોઇ પણ પ્રકારે ઢીલ આપવાનો કોઇ વિષય આવતો જ નથી. આવા જેટલા ગુનેગારો ધ્યાનમાં આવે છે એની ઉપર

કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે અને આ બાબતે હજુ વધુ મજબૂતાઇથી ડ્રાઇવ અમે આવનારા દિવસોમાં આગળ વધારવાના છીએ. અમે આપને પણ અપીલ કરીએ છીએ કે આ ડ્રાઇવમાં કોઇ પણ રાજનીતિ વગર આપ જોડાજો. આપણે રાજ્યના યુવાનોનો ડ્રગ્સના નશાનો જે ક્રાઇમ રેટ એન.સી.આર.પી.નો આપ્યો એમાં થોડી ભૂલ છે. મેં આપને પહેલા જણાવ્યું એમ પંજાબનો ક્રાઇમ રેટ ૩૨.૮ છે, રાજસ્થાનનો ૩.૮ છે અને ગુજરાતનો એન.ડી.પી.એસ.ના ગુનોઓમાં માત્ર ૦.૮ છે ૧૧ નથી. આ એન.સી.આર.પી.ના ડેટાની હું આપને કોપી આપુ છું. આ ડેટા અવેલેબલ જ છે. હું તમામ સભ્યશ્રીઓના ટેબલ ઉપર મૂકાવું છું. આપને એક વિનંતી કરવા માગું છું કે, ગુજરાત પોલીસની ડ્રગ્સ માટેની જે કામગીરી છે અને ડ્રગ્સ માટે આપણે આવનારા દિવસોમાં શું વિચારીએ છીએ એક કલાકનો સમય અમને વીડિયો સાથે પ્રેઝન્ટેશન કરવાનો ટાઇમ આપવામાં આવે તો અમે પક્ષ વિપક્ષ તમામ ધારાસભ્યશ્રીઓને આમાં કઇ રીતે જોડીને હજુ વધુ મજબૂતાઇથી આગળ કઇ રીતે આમાં કરવા માગીએ છીએ એ બતાવવા માગીએ છીએ અને એમાં અમારી કંઇક ચૂક થતી હશે તો અમે સજેશન લઇને હજુ વધારે આગળ કામ કરવા માગીએ છીએ. આમાં કોઇ પણ પ્રકારની રાજનીતિ કરવા માગતા નથી. હું આપને વિનંતી કરું છું કે, એક દિવસ અમને એક કલાકનો ટાઇમ વીડિયો સાથે પ્રેઝન્ટેશન કરવાનો એટલા માટે આપવામાં આવે કે જેથી ખબર પડે કે એ.ટી.એસ.ના લોકો કઇ રીતે બોટનો સામનો કરે છે? કેન્દ્ર સરકારની એજન્સીને આપણે કઇ રીતે લઇને જઇએ છીએ? અને આપણી પોલીસ ગુજરાત રાજ્યના સુખાકારી માટે આ કામગીરી કઇ રીતે કરે છે? એના માટે એક વાર એક કલાકનો સમય આપવા માટે માનનીય અધ્યક્ષશ્રી હું આપને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : એક કલાક હું કરી આપીશ. તમે ધારાસભ્યશ્રીઓને, તમારા એ.ટી.એસ. અને પોલીસને પણ કહો કે તૈયારી કરી રાખે. વિધાનસભાના સત્ર દરમ્યાન જ ધારાસભ્યશ્રીઓ સાથે આખું એક તમે પ્રેઝન્ટેશન પણ આપો અને એમણે શું કરવું જોઇએ એ પણ કહો. રાજ્યના યુવાનોના હિત માટે બિલકુલ કરવું જોઇએ.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં માનનીય મંત્રીશ્રીએ જે નિવેદન કર્યું અને જવાબ આપ્યો એમાં કઇ તારીખે કેટલું ડ્રગ્સ કેટલી કિંમતનું પકડાયું, એનો ટોટલ કરીએ તો રૂપિયા ૨૧૬૮ કરોડનું ડ્રગ્સ છે. મારી શુદ્ધ જાણકારી મુજબ એન.આઇ.એ.ની ચાર્જશીટમાં રૂપિયા ૨૧૦૦૦ કરોડની એસ્ટીમેટેડ કિંમત બતાવી છે અને જો આ ખોટું હોય તો હું મારી ભૂલ આ વિધાનસભાના મંચ ઉપર સ્વીકારીશ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૫૩૩૮ કરોડનું ડ્રગ્સ એવું છે કે જેમાં ગુજરાત પોલીસની બાતીમીથી ગુજરાત પોલીસે જે ડ્રાઇવ કરી હોય તેની રકમ આ છે પણ હવે જાણે કે તેનું એક્સ્ટેન્શન એટલે કે ઘણાં કેસો એવા છે કે જે દિલ્હીથી પકડાયા હોય પણ દિલ્હીમાં પછી એનસીબીએ ડ્રાઇવને Extend કર્યું હોય તેની અંદર ૨૦૦-૫૦૦ કરોડનું અલગ પકડયું હોય એટલા માટે આંકડામાં ફરક આવે પણ આપણે જેટલું જમા કર્યું છે તેની રકમ ૫૩૩૮ કરોડ રૂપિયા છે. એનઆઇએના ડેટા જે હોય છે તે આપણાં રાજ્યના નથી ગણાતા ગુજરાત રાજ્યે જે પકડયું છે એટલે હું જે કહું છું તે માત્ર અને માત્ર ગુજરાત પોલીસની બાતમીથી ગુજરાત પોલીસે જે ડ્રાઇવ ચલાવી હોય તેનો આંકડો કહું છું. એનઆઇએની રકમ કોઇ પણ રાજ્યમાં નથી ગણાતી તેની રકમ અલગથી ગણાય છે તેના માટે આ તફાવત આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો વિષય છે Rehabilitation centre વાત કરી. આપની ખૂબ સાચી વાત છે Rehabilitation centre જે આના માટે સૌથી મહત્ત્વનો ભાગ છે અને આપણે Rehabilitation centreની અંદર ઘણા બધા નવા બદલાવો લાવવા જઇ રહ્યાં છીએ અને એ બાબતે કામગીરી ચાલી રહી છે. મારી આપને વિનંતી છે કે, આપના ધ્યાનમાં કોઇ પણ આવા પ્રકારના યુવાનો ધ્યાનમાં આવે તો તેની જાણકારી અમને આપે અમે તેમને Rehabilitation centreના માધ્યમથી સો ટકા નશામુકત કરવામાં સફળતા મેળવીશું. આપણે ગયા વખતનો Rehabilitation centreનો આંકડો જોશો તો આપને સ્પષ્ટ ધ્યાને આવી જશે કે આ ડ્રાઇવ આપણે કઇ રીતે નીચે સુધી ચલાવીએ છીએ. Rehabilitation centreની અંદર આંકડા વધ્યાં, ત્યાંથી ભરતી થવાના આંકડા વધ્યાં, ત્યાંથી બહાર નીકળેલા છોકરાઓનું પછી પણ ધ્યાન રાખવામાં આવે છે કે આ ફરી કોઇ ડ્રગ્સના નશામાં ચડયો નથી. આમાં આપણને ખૂબ મોટી સફળતા મળી છે. અને Rehabilitation centreનું પ્રેઝન્ટેશન આપતી વખતે કોઇ સૂચન હોય તો સો ટકા અમે ફરી વિચાર કરીને તેની અંદર સુધારો કરીશું.

અધ્યક્ષશ્રી : તેમણે એક વાત કરી કે ગ્રાન્ટની જોગવાઇ નથી તો પૈસા તો પૂરતાં છે ને ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર સમૃદ્ધ છે, આપણું રાજ્ય સમૃદ્ધ છે અને આ પ્રકારની લડાઇ લડવા માટે આપણી પાસે તમામ સવલતો છે, કોઇ ચિંતા નથી. ગમે તેટલો ખર્ચો થાય તેના માટે શ્રી કનુભાઇ બેઠાં છે એટલે કોઇ ચિંતાનો વિષય નથી.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નને આપણે ગુજરાતની પ્રજાના પ્રશ્ન તરીકે લેવો જોઇએ જે રીતે નર્મદાનો પ્રશ્ન છે એ આપણાં આર્થિક ઉપાર્જન માટેનો છે. આવતીકાલનું ભવિષ્ય ધૂંધળું ન થાય એટલા માટે સરકાર તો એનું કામ કરે, પરંતુ ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે આપણે જયાં ભાષણ કરતા હોઇએ ત્યાં પણ અવેરનેશનું કામ કરીએ અને પોત પોતાના વિસ્તારોમાં આની

જાગૃતતાનું કામ આપણે કરવું જોઇએ. સંક્ષિપ્તમાં કેન્દ્ર સરકાર કરે કે રાજય સરકાર બન્નેને આપણે અભિનંદન આપવા પડે અને એટીએસની ટીમ જે પ્રમાણે કામ કરી રહી છે બધા ધારાસભ્યો વતી હું પણ તેને અભિનંદન આપીશ. તેમનું મોરલ તૂટે નહીં અને પોલીસનું મોરલ અપ રાખવાનું કામ પણ આપણે કરવું જોઇએ.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**

**માગણી ક્રમાંક- ૨**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(કૃષિ, ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૬૧,૮૬,૩૮,૬૭,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪૮,૧૫,૧૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

**(સભાપતિશ્રી રમણલાલ ઇ.વોરા અધ્યક્ષસ્થાને )**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૩**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસની સેવાને લગતી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૪,૮૨,૦૯,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક - ૪**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૪,૮૩,૯૬,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૫,૨૬,૨૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક - ૬**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ **(**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૦૬,૮૨,૮૧,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૬,૪૦,૭૯,૭૩,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક - ૫૪**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

શ્રીરાઘવજીભાઇ હં.પટેલ **(**માહિતી અને પ્રસારણનો વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૮૨,૮૨,૫૨,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨,૭૩,૭૭,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક - ૭૫**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

શ્રીરાઘવજીભાઇ હં. પટેલ**(**બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭૫,૫૮,૬૪,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૪,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૭૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૭૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૨ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરવામાં આવી.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

સન ૨૦૨૩-૨૪ના વર્ષના અંદાજપત્રની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| | | | | |
|---|---|---|---|---|
| **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ** | | | | |
| **માગણી નં.૨** | | | | |
| ૧ | ૨૪૦૧-પાક...વ્યવસ્થા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-કૃષિ...મહેકમ<br>રૂ.૧૮,૮૨,૭૨,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં.૧૮ અને ૧૯ | ૧૦૦ | કેસર કેરીના પાકને થયેલ નુકશાનને પાક વિમા યોજના હેઠળ આવરી લેવામાં તંત્રનીઉદાસીનતા. | શ્રી દિનેશભાઈ ઠાકોર |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | ડુંગળી અને બટાટાના પોષણક્ષમ ભાવો આપી ખેડૂતોને પાયમાલ થતા બચાવવામાં તંત્રનીનિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| *૩ | _ _ " _ _ | ૧૦૦ | ખેડૂતોની આવકમાં થયેલ વધારો દર્શાવતુંશ્વેતપત્ર બહાર પાડવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | કાંટાળા તારની વાડ યોજના અંતર્ગત ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનમાં થયેલ ગેરરીતિઓની તપાસ કરી યોગ્ય પગલા લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી દિનેશભાઈ ઠાકોર ( અર્જુનભાઈ મોઢવાડીયા) |
| ૫ | _ _ " _ _ | ૧૦૦ | પાક વિમા કંપનીઓ દ્વારા ખેડૂતોના વીમા ચૂકવણી અંગેના કલેઇમ નામંજૂર કરવા સામે પગલા લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | બંજર જમીનોને બાગાયત ખેતી માટે ભાડે આપવાની યોજનાની વિગતો જાહેર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| *૭ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં ખાતરની તંગી ન હોવા છતાં જિલ્લાઓમાં સમયસર ખાતર પૂરુ પાડવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| **માગણી નં.૩** | | | | |
| *૮ | ૨૪૦૨-ભૂમિ...સંરક્ષણ<br>૧૦૧-ભૂમિ...ચકાસણી<br>૦૧-ભૂમિ...મહેકમ<br>રૂ. ૯,૫૫,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં.૮૨ | ૧૦૦ | અપૂરતા મહેકમને કારણે ભૂમિ ચકાસણી માટે પડતી મુશ્કેલીઓ નિવારવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| **માગણી નં.૪** | | | | |
| ૯ | ૨૪૦૩-પશુપાલન<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-ANH-1 પશુપાલન..વિસ્તરણ<br>રૂ.૩૬,૩૪,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં.૮૫ અને ૮૬ | ૧૦૦ | લમ્પી રોગના કારણે પશુઓના થતા મોતના સાચા આંકડા જાહેર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | એનીમલ વેલ્ફર બોર્ડના ભંડોળ અંતર્ગત જમા રહેલ રકમની વિગતો જાહેર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ચિરાગકુમાર પટેલ |
| ૧૧ | _ _ " _ _ | ૧૦૦ | એનીમલ વેલ્ફર બોર્ડની રચના પછી બનાવવામાં આવેલ પાંજરાપોળો અને કેટલ પોઇન્ટની વિગતો જાહેર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૧૨ | ૨૪૦૩-પશુપાલન<br>૧૦૨-પશુ...વિકાસ<br>૧૧-એએનએચ-૧૪<br>ગૌસેવા...કાર્યક્રમો<br>રૂ.૫,૭૬,૦૦,૩૩,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં.૯૮ થી ૧૦૩ | ૧૦૦ | ગૌ સેવા માટે સને ૨૦૨૨-૨૩ના બજેટમાં ૫૦૦ કરોડની ફાળવણી કર્યા બાદ તે અંતર્ગત કરેલકામગીરીની તેમજ વપરાયેલ અને વણવપરાયેલ રકમની માહિતી જાહેર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અરવિંદભાઈ લાડાણી |
| ૧૩ | _ _ " _ _ | ૧૦૦ | ગૌ સેવા બોર્ડ દ્વારા પબ્લીક ચેરીટી એક્ટ હેઠળ નહી નોંધાયેલા ટ્રસ્ટોનેનાણાની ફાળવણી કરનાર જવાબદારો | શ્રી શૈલેષ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સામે પગલા લેવામાં તંત્રનીનિષ્ફળતા. | |
| **૧૪** | --"-- | ૧૦૦ | પંચાયતોમાં ગૌચર વિકાસ કાર્યક્રમ હેઠળ લીધેલ કામો સામે ખરેખર થયેલ કામોની તપાસ કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| **૧૫** | ૨૪૦૪-ડેરી વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૩-ડીએમએસ-૧ રાજ્યમાં...કાર્યક્રમો<br>રૂ.૫૫,૮૫,૯૪,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં.૧૨૩ | ૧૦૦ | દૂધની ડેરીઓ દ્વારા દૂધના ભાવો વધારવા છતાં પશુપાલકોને ઓછા ભાવ મળતા નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| **૧૬** | --"-- | ૧૦૦ | પશુઓની સમયસર વસ્તી ગણતરી કરાવવામાં તંત્રનીઉદાસીનતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| **૧૭** | ૨૪૦૪-ડેરી વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૩-ડીએમએસ-૧ રાજ્યમાં...કાર્યક્રમો<br>રૂ.૫૫,૮૫,૯૪,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં.૧૨૩ | ૧૦૦ | રાજ્યમાં દુધાળા પશુઓની સંખ્યામાં થઇ રહેલ ઘટાડાનો અભ્યાસ કરી પશુધન વધારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ચિરાગકુમાર પટેલ |
| **૧૮** | --"-- | ૧૦૦ | ગૌચર સુધારણા કાર્યક્રમ હેઠળ જિલ્લાવાર હાથ ધરેલ સુધારણા અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |
| | | **માગણી નં.૬** | | |
| **૧૯** | ૨૪૦૫- મત્સ્યોધોગ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-FSH-18આયુક્ત.. અધિકારીઓ<br>રૂ.૨૩,૭૮,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં.૧૨૭ અને ૧૨૮ | ૧૦૦ | ગેરકાયદેસરરીતે ચાલતા જિંગા ફાર્મબંધ કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| **૨૦** | --"-- | ૧૦૦ | દરીયામાંસમયસર ડ્રેજીંગની કામગીરી ન થવાથી માછીમારોને બોટ લંગારવામાં પડતી હાડમારીઓ દૂર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| **૨૧** | --"-- | ૧૦૦ | માછીમારોના પડતર પ્રશ્નો સત્વરે હલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| **૨૨** | --"-- | ૧૦૦ | પાકીસ્તાન મરીન્સ દ્વારા રાજ્યના પકડાયેલ માછીમારો સહિતતેમની બોટો મુક્ત કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| **૨૩** | --"-- | ૧૦૦ | વર્ષોથી પાકિસ્તાનની જેલમાં રહેલ રાજ્યના માછીમારોને છોડાવવામાં તંત્રનીઉદાસીનતા. | શ્રી હેમંતભાઇ આહિર |
| **૨૪** | ૨૪૦૫- મત્સ્યોધોગ<br>૧૦૩- દરિયાઈ મત્સ્યોધોગ<br>૦૧- FSH-7 દરિયાઇ..પાડવી<br>રૂ.૫૦,૪૩,૧૭,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં.૧૩૨ | ૧૦૦ | સહકારી ધોરણે બોટ બાંધવાની એન.સી.ડી.સી.ની સહાય યોજના સને ૨૦૦૪થી બંધ છે જે સત્વરેશરૂ કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| **૨૫** | --"-- | ૧૦૦ | માછીમારી વિકાસ બોર્ડની રચના કરવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| | | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં.૫૪** | | |
| ***૨૬** | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-માહિતી..કચેરી<br>રૂ. ૩૯,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પાનાનં.૧૪ અને ૧૫ | ૧૦૦ | માહિતી નિયામકની કચેરી દ્વારા થતા બિનજરૂરી ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ***૨૭** | ૨૨૨૦-માહિતી અને પ્રચાર | ૧૦૦ | માહિતી નિયામકની કચેરી દ્વારા ખાનગી પ્રેસોમાં કેટલી | શ્રી અનંતકુમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧-ચલચિત્રો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-માહિતી..કચેરી<br>રૂ. ૩૯,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પાનાનં.૧૪ અને ૧૫ | | રકમના કામો અપાયા તેની વિગતો જાહેર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | પટેલ |
| ૨૮ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાતી ફિલ્મોને આપવામાં આવતી સબસીડી અંતર્ગત થતી ગેરરીતિઓની તપાસ કરી યોગ્ય પગલા લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાતી ફિલ્મોને આર્થિક પ્રોત્સાહન આપવા સંદર્ભમાં ચલચિત્ર પરીક્ષણ સમિતિમાં ચાલતી લાગવગશાહી દુર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી જિજ્ઞેશ મેવાણી |
| *૩૦ | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૬૦-અન્યો<br>૧૧૦-પ્રકાશનો<br>૦૧-મુદ્રિત..પ્રચાર<br>રૂ. ૬૮,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પાનાનં.૧૭ થી ૨૦ | ૧૦૦ | દિવાળી અંકો છાપવા પાછળ થયેલ ખર્ચ અને અંકોના વેચાણની વિગતો જાહેર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| | | **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણી નં.૭૫** | | |
| *૩૧ | ૩૪૫૧-સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-બંદરો..વિભાગ<br>રૂ. ૨,૬૮,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પાનાનં. ૧૯ | ૧૦૦ | મત્સ્ય બંદરો પર માસ વ્યાપાર ઝોન પ્રોસેસીંગ પ્લાન્ટને જરૂરી પ્રોત્સાહન આપવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૩૨ | _ _ " _ _ | ૧૦૦ | ભાવનગર દહેજ ખાતેની બંધ રો-રો ફેરી સર્વિસ ફરીથી શરૂ કરવામાં તંત્રનીઉદાસીનતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૩૩ | _ _ " _ _ | ૧૦૦ | બંદરો પરની કંપનીઓની જેટીઓ / પરીવહન જેટીઓ ઉપર નિયંત્રણ અને સુરક્ષા પૂરી પાડવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રીઃ હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ): માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન, મત્સ્યોદ્યોગ તેમજ માહિતી અને પ્રસારણ વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી ૯૦-સોમનાથ વિધાનસભામાં વેરાવળ શહેરના બંદર ઉપર આવાસ યોજના બનાવવા માટે શ્રી રામદેવજી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દોઢ વર્ષ પહેલા માગણી કરવામાં આવેલી હતી અને જવાબ પણ આપવામાં આવેલો છે કે આ બંદર ઉપર આવાસ યોજના બનાવવા માટે જગ્યા ફાળવવામાં આવશે. આ યોજનાથી માછીમારોને પોતાના ઘરનું ઘર મળી શકશે. વેરાવળ બંદર ઉપર અંદાજિત પાંચ હજાર બોટ રાખવામાં આવે છે. ઘણી વાર બોટ ફસાઈ જતી હોય છે અને બોટને નુકસાન પણ થતું હોય છે. હાલ બોટ બંદરથી બહાર રાખવામાં આવે છે. ડ્રેજિંગ અને જેટીની ક્ષમતા વધારવામાં આવે તો માછીમારો તેમની બોટ ત્યાં રાખી શકે. આ માટે અંદાજિત રૂ.૨૨૬ કરોડ મંજૂર થયેલ છે. તેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ છે અને તેનો વર્કઓર્ડર પણ તા.૧૭/૧૦/૨૦૨૨ના રોજ કોન્ટ્રાક્ટરને આપવામાં આવેલો છે. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે કોન્ટ્રાક્ટરને આદેશ આપીને તાત્કાલિક ધોરણે કામ કરાવવામાં આવે. કારણ કે ચોમાસા પહેલાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવે તો માછીમારોને તેનો સમયસર લાભ મળી શકે. જે કોન્ટ્રાક્ટર દ્વારા આટલા લાંબા સમયથી કામ કરવામાં આવ્યું નથી તેમને તાત્કાલિક ધોરણે નોટિસ આપવામાં આવે અને કામ ન કરે તો માનનીય મંત્રીશ્રી તે કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટમાં મૂકી શકે. આમ કરવાથી વહેલી તકે કામ પૂર્ણ થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં મારું વતન ચોરવાડ આવેલું છે. ત્યાં બે વર્ષ પહેલા બજેટમાં ફ્લોટિંગ જેટી મંજૂર થયેલી હતી પણ આજ દિન સુધી તે કામ કરવામાં આવ્યું નથી. મારું ચોરવાડ શહેર દરિયાકિનારે આવેલું છે. ત્યાં જેટી ન હોવાના કારણે માછીમારો નાની હોડીમાં ફિશિંગ કરવા જતા હોય છે ત્યારે તેમને પણ જીવનું જોખમ રહેતું હોય છે. જો ત્યાં

ફ્લોટિંગ જેટી બનાવવામાં આવે તો માછીમારો મોટી બોટ બનાવીને દરિયા કિનારે રાખી શકે અને સલામત રીતે માછીમારી કરી શકે. આમ કરવાથી માછીમાર ઉદ્યોગને વધારે ફાયદો થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, શિયાળામાં ખેડૂતો મહેનત કરીને ઘઉંનું વાવેતર કરતા હોય છે પણ વાવેતર બાદ જ્યારે ઘઉં યાર્ડમાં વેચવા જાય ત્યારે રૂ.૩૦૦થી રૂ.૩૫૦ જ આપવામાં આવતા હોય છે તો તેમને ઓછામાં ઓછા રૂ.૫૦૦ આપવામાં આવે તો ખેડૂતોને સારો ભાવ મળી શકે. આ ઉપરાંત નારિયેળી, ચીકુ, આંબાના બગીચાનો પાક વીમામાં સમાવેશ કરવામાં આવતો નથી.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્રે ગુજરાતે દીર્ઘ દૃષ્ટિપૂર્ણ અને લાંબાગાળાનો વિકાસ વ્યૂહ અપનાવ્યો છે. વાવણીથી વેચાણ સુધી ખેડૂતો સાથે અડીખમ ઊભી રહેતી અમારી સરકારે કૃષિ ઉત્પાદન વધારવાની દિશામાં મક્કમ પગલાં ભર્યા છે. કૃષિમાં વૈવિધ્યકરણ લાવી બાગાયત, પશુપાલન, એગ્રો પ્રોસેસિંગ, એગ્રો માર્કેટિંગ જેવી સવલતભરી પ્રવૃત્તિઓ તેમજ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ખેડૂતોની આવક વધારવાનું અમારી સરકારનું ધ્યેય છે. પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતો પ્રેરિત થાય તેના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા અને કૃષિક્ષેત્રને લગતી માહિતી સેન્ટ્રલ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવા ઇન્ડેક્સ-ઇની સ્થાપના પણ કરવામાં આવનાર છે. કૃષિમાં યંત્રીકરણ એટલે કે ખેતીના વિવિધ કાર્યો આધુનિક ઓજારોની મદદથી ઓછી મહેનતે, ઓછા ખર્ચે અને ઝડપથી જરૂરિયાતના સમયે સારી રીતે પૂર્ણ કરવા કૃષિ યંત્રીકરણમાં રાજ્ય સરકારે કરેલ અભૂતપૂર્વ કામગીરીની તેમજ પ્રાકૃતિક ખેતીની વિગતો આ સન્માનનીય સભાગૃહના ધ્યાને લાવતાં ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતી જ નહીં, પણ જીવનદર્શન છે. રાસાયણિક ખાતર અને દવાઓના વધુ પડતા ઉપયોગના કારણે કુદરતી તત્ત્વો જેવા કે, જળ, જમીન અને હવાને થયેલા ગંભીર નુકસાનના દુષ્પ્રભાવને નિવારવા માટે પ્રાકૃતિક ખેતી તરફનું પ્રયાણ એ ક્રાંતિકારી પરિવર્તન છે. આ પરિવર્તન ખેડૂતોની સાથોસાથ પ્રકૃતિનું પણ સંરક્ષક બની રહેશે. આજે દેશ અને રાજ્યના હજારો કિસાનો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા છે. ગુજરાતના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાના આ મહાઅભિયાનનું નેતૃત્વ રાજ્યસરકારે લીધું છે. પ્રાકૃતિક કૃષિના પ્રચાર-પ્રસાર માટે 'સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યશાળા' નો કાર્યક્રમ સમયાંતરે રાખવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને મહામહિમ રાજ્યપાલશ્રી પણ આ અંગે ખૂબ રસ લઇ રહ્યા છે. પ્રકૃતિ પોષણ માટે છે, શોષણ માટે નથી. માણસે વિજ્ઞાનની મદદથી પ્રકૃતિનું શોષણ કર્યું છે. હવે આ વૈશ્વિક સમસ્યા બની ગઇ છે. વૃક્ષ, હવા અને પાણી એ પ્રકૃતિ છે અને જમીન કે જેને આપણે માતા કહીએ છીએ એ પણ પ્રકૃતિ છે. આ ચારેય પ્રકૃતિનું આપણે પોષણ નહીં, પણ શોષણ કર્યું છે. વૃક્ષો કાપ્યાં, મિલ-કારખાનાં અને પેટ્રોલ-ડીઝલના ધુમાડા, કેમિકલથી નદીઓના પાણીને દૂષિત કર્યું, જમીનમાં વધારે પડતા રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગના કારણે આજે જમીન પણ આપણાથી રીસાઇ ગઇ હોય એ પ્રકારનો અનુભવ ખેડૂતો કરી રહ્યા છે. રસ્તા, કૉલેજ, રેલવે, મકાન માટે વૃક્ષો કપાય પરંતુ, રાજ્ય સરકારનો નિર્ણય છે કે વૃક્ષ તમારે કાપવાની જરૂર પડે તો ત્યાં એની સામે બીજા દસ વૃક્ષો વાવો. રાજ્ય સરકારે એનું પોષણ કર્યું છે અને આ ધુમાડા અટકાવવા માટે ઘરે-ઘરે ગેસ આપીને આદરણીય વડાપ્રધાનશ્રીએ ખૂબ મહત્ત્વનું કામ કર્યું છે. પચાસ વર્ષ પહેલાં ઋતુઓના નામ અને ઓળખ હતી. શિયાળો, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણ જ ઋતુઓ હતી. એમાં ચોથું નામ ઉમેરાયું ગ્લોબલ વાર્મિંગ. પ્રકૃતિના શોષણને કારણે જ આ ગ્લોબલ વાર્મિંગ થયું છે. વાતાવરણ દૂષિત થવાને કારણે ભયંકર ઠંડી અને ગરમી પડે છે. એરીક ડેવિસે કહ્યું છે કે Harmful Impacts of Chemical Furtilizers on Human Health, શ્રીલંકાના હેમંતા કુલુંગાએ કહ્યું છે કે, Impacts of Chemical Furtilizers on Human Health an Environment. અનેક લોકોએ આવી ચિંતાઓ વ્યક્ત કરી છે. પચાસ વર્ષ પહેલાં આવું થતું નહોતું. પણ અચાનક હાર્ટએટેક, કિડની, કેન્સર જેવી બીમારીઓ આવી છે. માણસ ઘાણાની દાળ ખાતો ન હોય કે ચા પણ પીતો ન હોય અને ડિટેક્ટ થાય કે એને કેન્સર છે. આ કેન્સર થવાનાં કારણોમાં સવારમાં ઉઠીને ચા પીવો તો એમાં ચા ઉગાડવામાં વપરાયેલ કેમિકલયુક્ત ખાતર અને જંતુનાશક દવા, ખાંડમાં શેરડી પકવવામાં વપરાતી જંતુનાશક દવા અને ખાતર, દૂધમાં પણ ગાય-ભેંસ જે ચારો ખાય છે તેમાં પણ દવાઓનો ઉપયોગ થાય છે. આપણે આખા દિવસ દરમિયાન જે ખોરાક લઇએ છીએ દાળ, ભાત, શાક, રોટલી, ફળ-ફળાદિ આ બધામાં વધારે ઊપજ લેવાની લાલચને કારણે આજે માનવતજાત ઉપર તેની અસર પડે છે. ૨૫ વર્ષના છોકરાને કેન્સર થઇ જાય, ૩૦ વર્ષના છોકરાને કોઇ વ્યસન ન હોય અને એની કિડની ફેઇલ થઇ જાય એટલે આ જીવામૃત અને ગૌકૃપા બનાવવા માટે દેશી ગાય જ એકમાત્ર ઉપાય છે.

રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રાકૃતિક ખેતીના વિકાસ અને વિસ્તરણ માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે. ખેડૂતોને દાહોદ અને દેવાતજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં જીવામૃત અને ઘન જીવામૃત બનાવવા અંગેની તાલીમ આપવામાં આવેલ છે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને ખેત પેદાશોના યોગ્ય ભાવ મળી રહે તે માટે રાજ્યના દરેક જિલ્લામાં બજાર વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે સારી જાતના બિયારણોની પસંદગી કરવા માટે માર્ગદર્શન આપીને અદ્યતન માહિતીથી વાકેફ કરવામાં આવ્યા છે. રાસાયણિક ખાતર અને દવાઓના વધારે પડતાં ઉપયોગથી

પ્રકૃતિને ખૂબ જ નુકસાન થઇ રહ્યું છે. જેથી હવે તેનું જતન કરવાની ખૂબ તાતી જરૂરિયાત છે. આથી ગુજરાતના ખેડૂતોને રાસાયણિક ખાતર અને દવાઓના ઉપયોગથી જમીનને થતાં નુકસાન અંગે સમજ આપી તેઓ પ્રાકૃતિક ખેતી અપનાવતાં થયા છે તે માટે ઘનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અંગે વાત કરીએ તો જમીન, પર્યાવરણ અને માનવજાતના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ આશીર્વાદરૂપ સાબિત થઇ છે. તેનું ઉત્પાદન જોઇએ તો, રાજ્યમાં અત્યાર સુધીમાં આશરે ૯.૮૭ લાખ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમો આપવામાં આવેલ છે. તે પૈકી ૧.૮૬ લાખ ખેડૂતો ૩.૫૫ લાખ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિના પ્રોત્સાહન માટે રાજ્ય સરકાર દ્વારા 'દેશી ગાય નિભાવ ખર્ચ યોજના' અમલમાં મૂકવામાં આવેલ છે. જેમાં, દરેક ખેડૂતને વાર્ષિક રૂપિયા ૧૦,૮૦૦/- ની સહાય આપવામાં આવે છે. ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લાને સંપૂર્ણ રાસાયણ મુક્ત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. આ જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિમાં પ્રોત્સાહન માટે ૨ હેકટરની મર્યાદામાં વાર્ષિક રૂપિયા ૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. અત્યાર સુધીમાં, કુલ ૧૬૧૮૮ ખેડૂતોને આ સહાયનો લાભ મળ્યો છે. જયારે કુદરતી આફત આવે ત્યારે આ સરકારે ખેડૂતોને કુદરતના ભરોસે મૂક્યા નથી. જયારે જયારે આવી કોઇ આફત આવી ત્યારે ત્યારે રાજ્ય સરકાર એમની પડખે ઊભી રહી છે. આપણે જોઇએ તો જયારે જયારે પાક નુકસાની થઇ ત્યારે રાજ્ય સરકાર દ્વારા વખતો વખત અતિવૃષ્ટિ હોય, અનાવૃષ્ટિ હોય, વાવાઝોડું હોય કે માવઠા જેવી કુદરતી આપત્તિના સમયે ખેતી પાકોને થતાં નુકસાન અંગે પણ રાહત જાહેર કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૧ જિલ્લાના ૧૨૫ તાલુકામાં અતિવૃષ્ટિના કારણે થયેલ નુકસાન સામે ૧૯.૦૪ લાખ લાભાર્થી ખેડૂતોને રૂપિયા ૨૯૦૬ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં તાઉતે વાવાઝોડાના કારણે ખેતી અને બાગાયત પાકો તથા ઝાડોને થયેલ નુકસાન સામે ૧.૭૧ લાખ લાભાર્થી ખેડૂતોને કુલ રૂપિયા ૪૦૯ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવી છે. એવી જ રીતે, વર્ષ ૨૦૨૧-૨૨માં સપ્ટેમ્બર માસ દરમિયાન ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે ૪ જિલ્લાના ૨૩ તાલુકાના ૨.૨૧ લાખ ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજ વર્ષ ૨૦૨૧ તબક્કો-૧ જાહેર કરેલ. જેમાં, રૂપિયા ૪૪૨.૮૬ કરોડની સહાય ચૂકવવામાં આવી અને સપ્ટેમ્બર માસના છેલ્લા પખવાડિયા દરમિયાન થયેલ ભારે વરસાદથી ખેતરોમાં પાણી ભરાવવાના કારણે ૯ જિલ્લાઓના ૩૭ તાલુકાઓમાં ૩.૬૮ લાખ ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજ વર્ષ ૨૦૨૧ તબક્કો-૨ જાહેર કરેલ. જેમાં, રૂપિયા ૩૭૬.૧૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ખરીફમાં થયેલ ભારે વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાવવાના કારણે ૧૬ જિલ્લાઓના ૫૨ તાલુકાઓના ૨૬૨૩ ગામોમાં પાક નુકસાની અન્વયે રૂપિયા ૬૩૦.૩૪ કરોડનું સહાય પેકેજ જાહેર કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજ્ય અન્ય ક્ષેત્રોની જેમ કૃષિ ક્ષેત્રે અગ્રેસર રહે અને દેશને એક નવીન રાહ ચીંધે એ માટે રાજ્ય સરકારે કૃષિ યંત્રીકરણને લગત તમામ વિષયોની અનોખી વ્યવસ્થા પણ ઊભી કરી છે. રાજ્યના ખેડૂતો દ્વારા ખેતીમાં વધુ કૃષિ યંત્રીકરણ અપનાવવાથી વિવિધ ખેતી કાર્યોમાં પડતી મુશ્કેલીઓ ઘટી છે. ખેતીના જુદા જુદા ઓજાર, સાધનો અને ટ્રેકટરની ખરીદી માટે નાણાકીય સહાય પણ આપવામાં આવે છે. રાજ્ય સરકારે કૃષિ ક્ષેત્રે ઘણી યોજનાઓ અમલમાં મૂકી છે પણ, સમય ઓછો છે એટલે વધારે કહેતો નથી પણ, જે રીતે આ રાજ્ય સરકારે ખેડૂતોની ચિંતા કરી છે એ માટે રાજ્ય સરકાર, આદરણીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને આ જે માગણી લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિયારણ અને ખાતર એ કૃષિ માટે બહુ અગત્યની બાબત છે. ખેતીમાં બિયારણ એ ખૂબ અગત્યનું પરિબળ છે. રાજયમાં બિયારણ વિતરણ અંગે છેક જિલ્લાથી શરુ કરીને તાલુકા અને ગ્રામ્ય કક્ષા સુધી એની વ્યવસ્થાઓ ગોઠવાયેલી છે. રાજયમાં ખેડૂતોને વિવિધ પાક બિયારણો પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકારી અને સહકારી સંસ્થાઓ જેવી કે ગુજરાત રાજય બીજ નિગમ, ગુજકોમાસોલ, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર કોરપોરેશન, ક્રીભકો, નેશનલ સિડસ કોર્પોરેશન દ્વારા પ્રમાણિત અને ગુણવત્તાયુકત બિયારણ પૂરું પાડવામાં ખૂબ મદદ મળી છે. બીજ ઉત્પાદન કરતી કામગીરી કરનાર, તદુપરાંત ખાનગી કંપનીઓ પણ બીજ ઉત્પાદન અને વિતરણની કામગીરી કરે છે. રાજય સરકાર દ્વારા ખેડૂતોને સમયસર અને પૂરતા પ્રમાણમાં તમામ બિયારણો મળી રહે એ માટે બીડર ફાઉન્ડેશન ખેડૂતોને પ્રમાણિત બીજ ઉત્પાદન માટે સમયસર ફાળવવામાં આવે છે. રાજયમાં સહકારી અને સરકારી તેમજ ખાનગી વિક્રેતાઓ મળી કુલ ૨૨,૩૩૭ બીજ વિક્રેતાઓ રાજયમાં તમામ ખેડૂતોને જરૂરિયાત મુજબ ગામડાં સુધી ગુણવત્તાયુકત બિયારણ પૂરું પાડે છે. આગામી ખરીફ વર્ષ ૨૦૨૩ દરમ્યાન રાજયમાં વિવિધ પાકોના બિયારણની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવેલ છે. રાજયના ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ પ્રમાણિત અને ગુણવત્તાયુકત બીજ વાજબી ભાવે મળી રહે અને સમયસર મળી રહે એની ચિંતા આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય બીજ પ્રમાણિત એજન્સી નોટિફાઇડ જાતોના બીજ પ્રમાણની કામગીરી કરે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૧,૧૯,૦૦૦ હેકટર વિસ્તારમાં ૧૭ લાખ ૪૯ હજાર ક્વિન્ટલ બિયારણ પ્રમાણિત કરવામાં આવેલ છે. આ

તમામ સુવિધાઓ આપણા મુખ્યમંત્રી અને કૃષિમંત્રી સમક્ષ પણ સારી રીતે એ દરેક ગામના ખેડૂતોને પહોંચી વળે એની ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા યુરિયા ખાતરના ભાવમાં છેલ્લા કેટલાક વર્ષોથી કોઇ જ વધારો કરવામાં આવ્યો નથી. આનંદની વાત છે કે રશિયા યુક્રેન યુદ્ધ પછી મારે કહેવું જોઇએ કે ડી.એમ.પી. અને પી.કે. ખાતર તેના કાચા માલના ખૂબ ભાવ વધ્યા છતાં સરકારે, સરકારના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને કૃષિમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને હું અભિનંદન આપું છું કે ખેડૂતોની એમણે ચિંતા કરી છે. મિત્રો, આ સરકાર ખેડૂતોની સરકાર છે એ આ બતાવે છે. એના પરથી આપણને ખ્યાલ આવે છે કે આ સરકાર ખેડૂતો માટે ખેડૂતોની જ સરકાર છે. આમ છતાં સદર ભાવનો બોજો સીધો ખેડૂતો પર ન આવે તે માટે ભારત સરકાર દ્વારા ફર્ટિલાઇઝર સબસિડીની રકમમાં માતબર વધારો કરેલો છે. આમ, ખેડૂતોને વાજબી કિંમતે, સમયસર અને પૂરતું રાસાયણિક ખાતર મળી રહે એની ચિંતા આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, યુરિયા ખાતરને નીમ કોટેડ કરવાથી એની કાર્યક્ષમતામાં વધારો થાય છે અને એ વૈજ્ઞાનિક અભિગમ ધ્યાનમાં લઇને માનનીય વડાપ્રધાને નીમ કોટિંગ કરવાની જાહેરાત કરી છે અને ફરજિયાત પણ કર્યું છે. દેશમાં ઉત્પાદન થતા તેમજ આયાત થતા તમામ યુરિયા ખાતરને એપ્રિલ ૨૦૧૫થી ફરજિયાત નીમ કોટેડ કરવાનો નિર્ણય આ સરકારે કર્યો છે. સમગ્ર દેશમાં ડી. બી. ટી. પદ્ધતિ અમલી બનાવી તમામ રાસાયણિક ખાતરનું વેચાણ પી.ઓ.એસ. મારફતે શરૂ કરવામાં આવેલ છે.

સભાપતિશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી કૃષિ, પશુપાલન અને ડેરી વિકાસ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એના પર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો કૃષિ મંત્રીશ્રી અમારા જિલ્લાના છે એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું કે ગત વર્ષની સરખામણીએ આ વખતે માનનીય નાણા મંત્રીશ્રીએ લગભગ અઢી ગણા પૈસા કૃષિ ક્ષેત્રને વધારે આપ્યા છે એ માટે માનનીય નાણા મંત્રીશ્રીને પણ હું એક ખેડૂત પુત્ર તરીકે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. પરંતુ બજેટ અઢી ગણુ કર્યા પછી પણ બીજા રાજયની સામે આપણા ગુજરાતનું કૃષિ બજેટ સરખાવવામાં આવે તો પંજાબ કરતા કે જયાં આમ આદમી પાર્ટીની સરકાર છે એના કરતા ટકાવારીમાં આપણે કૃષિ ક્ષેત્રને થોડું ઓછું આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષમાં કૃષિ ક્ષેત્રમાં ૮૭૫૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી. પરંતુ બહુ દુ:ખ સાથે કહેવું પડે છે કે ગત વર્ષે કૃષિ ક્ષેત્રની ૧૯ ટકા જેટલી રકમ વણ વપરાયેલી પડી રહી હતી. આ વખતે બજેટ લગભગ અઢી ગણું કરવામાં આવ્યું છે ત્યારે સ્વાભાવિક છે કે આ બજેટ વાપરવા માટે આપણે પૂરતો સ્ટાફ પણ જોઇએ. ત્યારે જો જામનગર જિલ્લાના ખેતીવાડી ખાતાની વાત કરું તો જામનગર જિલ્લામાં ગ્રામ સેવક જેવી મહત્ત્વની ૭૩ જગ્યાઓ પૈકી ૨૬ જગ્યાઓ હાલમાં ખાલી છે. તેના કારણે કૃષિલક્ષી યોજનાઓની પૂરતી અમલવારી થઇ શકતી નથી. એવી જ રીતે ખેડૂતોને ટ્રેક્ટર ખરીદવા માટે જે સહાય આપવામાં આવે છે તેમાં પણ ડ્રો પદ્ધતિથી લાભ આપવામાં આવે છે. એમાં ઘણા બધા ખેડૂતો જે ખૂબ લાંબા સમયથી ડ્રોમાં સિલેકટ ન થવાના કારણે લાભોથી વંચિત રહી જાય છે. તો આ ડ્રો પદ્ધતિ કાઢી અને જેટલા પણ ખેડૂતો અરજી કરે એ તમામને ખેત ઓજારો અને ટ્રેકટર ખરીદવા માટે સહાય પૂરી પાડવામાં આવે એવી માગણી કરું છું અને જે ટ્રેટકરની ખરીદી ઉપર ૬૦ હજાર રૂપિયા સહાય મળે છે તે આ વખતે બજેટ અઢી ગણું વધ્યું છે તો આ સહાયમાં પણ અઢી ગણો વધારો કરીને દોઢ લાખ રૂપિયા કરવામાં આવે એવી પણ માનનીય મંત્રીશ્રી પાસે હું માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ જયારે અઢી ગણું વધાર્યું છે ત્યારે ખેડૂત અકસ્માત વીમા યોજના અમલમાં હોઇ, એમાં કોઇ ખેડૂત મૃત્યુ પામે તો આપણે તેને માત્ર ૨ લાખ રૂપિયા સહાય આપીએ છીએ તેમાં અઢી ગણો વધારો કરીને ખેડૂત અકસ્માત સહાય યોજનામાં પાંચ લાખ રૂપિયા કરવામાં આવે તેવી પણ માનનીય મંત્રીશ્રી પાસે હું માગણી કરું છું. છેલ્લા ઘણા સમયથી કલાઇમેટ ચેન્જ થવાના કારણે અવારનવાર અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ થતી હોય ત્યારે એન.ડી.આર.એફ. અને એસ.ડી.આર.એફ. હેઠળ આપણે જે સહાય ચૂકવીએ છીએ તે સહાયનું ધોરણ પણ વધારવામાં આવે એવી માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું. છેલ્લા ઘણા સમયથી રાસાયણિક ખાતર, દવા અને બિયારણના ભાવ લગભગ ડબલ કરતા વધારે થઇ ગયા છે. અને આપણે ખેડૂતોને ૩ લાખ રૂપિયા ઉપર વ્યાજ સહાય ચૂકવીએ છીએ. એ ૩ લાખ રૂપિયા ઉપર જે વ્યાજ સહાય ચૂકવવામાં આવે છે તે વધારીને ઓછામાં ઓછી ૬ લાખ રૂપિયા અને વધુમાં વધુ ૧૦ લાખ રૂપિયા સુધી મોટા ખેડૂતોને વ્યાજ સહાય ચૂકવવામાં આવે તેવી પણ હું માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ વધારે આપો. ખેડૂતોની વાત છે.

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય પ્રદ્યુમનસિંહ જાડેજા.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને કહેવા માગું છું કે મંત્રીશ્રી જયારે માગણી લઇને આવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીને માગણીનું સમર્થન શું કામ? તો જે ભારતીય જનતા પાર્ટીની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અત્યારે કામ કરી રહી છે અને આપણા દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર જે કામગીરી કરી રહી છે અને જે ખુરશીમાં નાણાં મંત્રીશ્રીએ ખુલ્લું દિલ રાખ્યું છે તેને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ગીરની ગાયની વાત કરું ગીરની ગાય તો કેટલાયે વર્ષોથી છે પણ કોઇ ઓળખતું નહોતું કે ગીરની ગાય શું છે! અત્યારે રૂપિયા બે બે લાખ અઢી અઢી લાખમાં જો એ ગાય વેચાતી હોય અને એની ડિમાનડ હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીના લીધે છે. એવી જ રીતે આપણી કાંકરેજની ગાય, આપણી વઢીયારી ગાય, આપણી કચ્છની રાવરી ગાય, તો એની પણ જો અત્યારે ડિમાન્ડ હોય તો આ ભારતીય જનતા પાર્ટીને લીધે છે અને એની નસલમાં કાંકરેજનો બળદ, ખાસ નંદી રાખવામાં આવે તો એની નસલ પણ જળવાઇ રહે. એવી જ રીતે અમારી બન્નીની ભેંસ અત્યારે અઢી-ત્રણ લાખ રૂપિયામાં વેચાતી હોય અને આઠ-આઠ લિટર દૂધ આપતી હોય. પહેલાં જે ભેંસ હતી ત્યારે પાણી નહોતું, ઘાસ નહોતું, કચ્છમાંથી માલધારી જાય, ૫૦ ભેંસો હોય. હૈદરાબાદ જાય, બેંગલોર જાય, એમ.પી.માં જાય અને રીટર્ન આવે ત્યારે બે-ત્રણ ભેંસો માંડ બચતી, તેની જગ્યાએ અત્યારે પશુમેળા થાય તેમાં બે લાખ કે ત્રણ લાખ રૂપિયામાં ભેંસો વેચાતી હોય. ભેંસના દૂધથી ડેરીનો પણ સારો વિકાસ થયો છે. અમારે જંગલમાં ચરતી રાવરી ઊંટ કહેવાય. ઊંટનું દૂધ ૫૦થી ૬૦ રૂપિયે વેચાતું હોય તેના લીધે ઊંટની પણ જાળવણી થઇ એટલે ઊંટની પણ ડિમાન્ડ આવી. ઊંટ અને બકરીનું દૂધ ઓર્ગેનિક કહેવાય કારણ કે એને કોઇ ખાણ આપણે આપતાં નથી. જંગલમાં ચરે છે અને તેનું દૂધ આવે છે. તો આજે ઊંટની કિંમત પણ ૫૦ હજાર રૂપિયા છે. બકરીના ૨૦ હજાર રૂપિયા છે. ઘેંટાના ૧૫ હજાર રૂપિયા છે. શબ્દ જરા એવો લાગે પણ આપણે જે ગધેડીનું દૂધ કહીએ તેમાંથી આજની તારીખમાં કેડબરી બને છે. તેનું દૂધ પણ ઊંચા ભાવે વેચાય છે. જે તે વખતે ગાંધીજીનું સપનું હતું કે ગામડાં તૂટે નહીં. આપણાં દેશના વડાપ્રધાનશ્રી મોદી સાહેબે ગામડાંમાં દૂધની ડેરીને પ્રોત્સાહન આપ્યું અને આજની તારીખમાં એક એક માલધારી પાંચ-પાંચ કે દસ-દસ લાખ રૂપિયાનો દર મહિને ચેક લે. કોઇ માલધારી પાસે સાઇકલ નહોતી. અત્યારે બોલેરો હોય, ફોર્ચ્યુનર ગાડી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણાં મંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. ઘોડાની રેસ હોય કે બળદની રેસ હોય તેના માટે પરંપરા જળવાઇ રહે તેના માટે ફંડ ફાળવ્યું તો તેના માટે પણ આભાર માનું છું. તેના સિવાય માનનીય મંત્રીશ્રીને ખાસ કહેવા માગું છું કે જે ૧૯૬૨ એમ્બ્યુલન્સ બાંધી છે તેમાં ૧૫ ગામડાં લેવામાં આવે છે. તેમાં વચ્ચે અમુક ગામડાં રહી જાય છે એ સળંગ લેવામાં આવે, જેનાથી કોઇ ગામ રહી ન જાય. વિચાર તો કરો કે ઘેટાં-બકરાંવાળો કહે કે મારા ઘેટાં-બકરાં બીમાર છે. ફોન કરે એટલે ૧૯૬૨ જંગલમાં જાય ત્યાં તેની સારવાર થાય અને પશુ મરતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી અગત્યની વાત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે નંદીનો મોટામાં મોટો ત્રાસ છે તેનું મુખ્ય કારણ એક જ છે કે આપણે ત્યાં છોકરાનો જન્મ થાય છે ત્યારે પંચાયતમાં નોંધણી કરાવવામાં આવે છે. એવી રીતે જેની ગાય વિયાય એ વાછડાની પંચાયતમાં નોંધણી થાય. મહિના દિવસે તલાટી જણાવે કે મારા ગામમાં ૨૦ વાછરડાનો જન્મ થયો છે અને પશુપાલન ડોક્ટર જઇને ખસીકરણ કરી આવે. ગામમાં જે તોફાન કરે છે એ ન થાય અને ગાય ભેગા ચરી શકે. બીજો મોટામાં મોટો પ્રશ્ન છે તે એ કે મારા પૂર્વ જનમમાં, એટલે કોંગ્રેસમાં જ્યારે બાવળીયા વાવેલા છે તેની ફળીઓ ગાય ખાય એટલે ગાયોના દાંત ફરી જાય છે. પછી કશું ખાઇ શકતી નથી. આપણે ભલે ગૌશાળામાં મૂકીએ કે પાંજરાપોળમાં મૂકીએ. તેના માટે પાંજરાપોળને ખાસ ભલામણ કરવામાં આવે. બે કિલો ભૂંસુ આપવામાં આવે. એ કંઇ ખાઇ શકતી હોતી નથી. તો આના માટે ખાસ સૂચન કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું ખેતીવાડી વિશે બે વાત કરીશ. માનનીય મોદી સાહેબ જે તે વખતે મુખ્યમંત્રી હતા ત્યારે જ્યોતિગ્રામ યોજના દ્વારા સીંગલ ફેઝ લાઇટ આપીને રાત્રે જમવાનું બનાવી શકે, છોકરાં ભણી શકે તે વ્યવસ્થા કરી. પછી મુખ્યમંત્રીશ્રીએ વિચાર કર્યો કે બોર કરતા જાય છે. પાણી ૧૦૦૦ ફૂટે પહોંચ્યા. પાતાળમાં પાણી રહેવા નહીં દે. વધુ પડતા ટી.ડી.એસ.વાળું પાણી થઇ ગયું છે. કેવી રીતે ખેતી થાય? આઠ કલાક લાઇટ કરી ત્યારે બધાને થયું કે આઠ કલાકમાં ખેતી કેવી રીતે કરવી? વડાપ્રધાનનું સપનું હતું, ડબલ પાક માટે આઠ કલાક લાઇટ અને ડ્રીપ પદ્ધતિથી એટલે જે આઠ કલાકે પાણી પિયત કરતું તે સોળ કલાક પિયત થઇ. એ ડબલ થઇ અને તેમાં ૯૦ ટકા સબસિડી. જે તે વખતે ખેતીના કનેક્શન માટેની લાઇટ ૧૦ વર્ષે મળતી, આજે એ લાઇટ કનેક્શન છ મહિનામાં મળી હ્યું છે તેના માટે માનનીય મંત્રીશ્રીનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

સભાપતિશ્રી : માનનીય જાડેજાજી, આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ બપોરના ૩-૦૦ વાગ્યે મળશે.

**સભાપતિશ્રીનું અવલોકન**

સભાપતિશ્રી : વિપક્ષના લોકોની બિલકુલ હાજરી નથી તેની પણ હું અહીંથી નોંધ લઉં છું.

**(વિરામ- બપોરના ૨-૩૦થી ૩-૦૦)**

**માનનીય સભાપતિશ્રી રમણલાલ ઇ. વોરા અધ્યક્ષસ્થાને**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજની માગણી ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. કૃષિ આ દેશની જીવાદોરી છે અને જો કૃષિ આપણી જીવતી નહીં રહે અને ખેડૂતો જીવતા નહીં રહે તો આ દેશને પણ સામે મોટો પડકાર ઊભો થવાનો છે. ખેડૂત માટે કહેવાય છે,

''કણ કણ વાવી મણ કરતો, જગત આખાને પોષતો,

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

મહેમાન ગતિની મોજ કરાવતો ખેડૂત જગતનો તાત''

આમ તો ખેડૂતની જગ્યાએ શ્રી રાઘવજીભાઇ કણબી લખેલું છે પણ મેં ખેડૂત લખ્યું છે. માનનીય રાઘવજીભાઇ પોતે ખેડૂત છે, ખેડૂત નેતા પણ છે. જયારે કૃષિનું બજેટ એમણે રજૂ કર્યું છે, ત્યારે મારે એમને પણ યાદ કરાવવાનું છે કે જયારે તમે ધર્મના પક્ષે હતા ત્યારે પાક વીમાની બહુ વાત કરી હતી, ખેડૂતોને મળતા ભાવની પણ બહુ વાત કરી હતી, ખેડૂતની દુઃખની પણ બહુ વાત કરી હતી, હવે તમે દુઃખ જરૂર સમજતા હશો પણ ભૂમિકા તમારી હવે અત્યારે અધર્મને પક્ષે રહી છે તો કયારેક અમારા પક્ષે પણ વાત કરજો એવી મારી આપને વિનંતી છે. હું એ વાત કરતો હતો કે ખેડૂતોની સન ૨૦૨૨માં આવક બમણી કરવાની વાત કરી હતી, જયારે આવક બમણી કરવી હોય તો ભાવ બમણા કરવા જોઇએ, ભાવ એટલા રહ્યા અને ખર્ચ બમણો-ત્રણ ગણો થઇ ગયો. પેટ્રોલ ડીઝલનો ભાવ પોણા બે ગણો થઇ ગયો, ટ્રેકટરના ભાવ બમણા થયા, ટ્રેકટર ઉપર જી.એસ.ટી. લઇ આવ્યા, યુરિયાનો ભાવ એટલો રહ્યો પણ પાંચ કિલો ભરતી જ ઓછી કરી નાખી, સીધો દસ ટકા ભાવ વધારો થઇ ગયો. ડી.એ.પી., એન.કે.પી.નો ભાવ રૂપિયા ૪૬૦-૬૫ હતો એનો સીધો રૂપિયા ૧૩૦૦-૧૪૦૦ થઇ ગયો. લગભગ ત્રણ ગણા ભાવ થઇ ગયા. બધાના ભાવ બમણા, ત્રણ ગણા થયા પણ ભાવ કોઇ જગ્યાએ ૧૦-૧૫ ટકાથી કયાંય વધ્યા નથી. એના કારણે ખેડૂતોની આવક હતી એના કરતા અડધી થઇ, ડબલ થવાની તો વાત જ નથી, આ તો પરમાત્માની કૃપા છે કે ખૂબ સારો વરસાદ થાય છે. કોંગ્રેસની સરકારોના વખતમાં ખૂબ સંશોધનો થયા, બિયારણો આવ્યા, ટેકનોલોજી આવી એના કારણે ઉત્પાદનો વધ્યા અને એને કારણે વરસાદ સારો થયો, ખેડૂતે મહેનત કરી અને એના કારણે ઉત્પાદન વધ્યું એટલે ખેડૂત ટકી રહ્યો છે બાકી ખેડૂતોની દશા બહુ ખરાબ છે. આપણે ત્યાં વિશ્વની અંદર નમૂનેદાર અમૂલ પેટર્ન આવી. અમૂલ પેટર્નની અંદર મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, થોડેક અંશે દક્ષિણ ગુજરાતની અંદર સારું કામ થયું પણ સૌરાષ્ટ્રની ડેરીઓની અંદર ભયાનક કહી શકાય એટલો ભ્રષ્ટાચાર થાય છે, છતાં એની સામે પગલાં લેવાયા નથી પણ એની સામે ટાર્ગેટ કરીને જે સારું ચલાવે છે એની સામે પગલાં લેવાય છે, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે એ બાબતે પણ જરૂર કોઇ પગલાં લે. હું દરિયાકિનારેથી આવું છું અને દેશનો સૌથી લાંબામાં લાંબો દરીયાકિનારો આપણો છે. અહીંયા ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. માનનીય મંત્રીશ્રીને એટલું કહેવા માંગું છું કે એક પણ ફિશરીઝ હાર્બર આ ૨૭ વર્ષમાં આ સરકારે બાંધ્યું નથી. અત્યારે ૧૧ ફિશિંગ હાર્બર છે બધા કોંગ્રેસના રાજયમાં બંધાયા. ૨૫ ફિશિંગ ફિશ લેન્ડિંગ પોઇન્ટ છે બધા કોંગ્રેસના રાજયમાં થયા. આજે જે હોડીઓ છે એની સંખ્યાના પ્રમાણમાં માંડ ૧૫-૨ ટકા હોડીઓ હતી, બોટો હતી છતાં આટલી વ્યવસ્થા ઊભી કરી હતી અને આજે આપણે ત્યાં બે લાખ જેટલા ફિશરમેનો છે અને ૨૮,૩૫૫ જેટલી મિકેનાઇઝ બોટો છે એમાંથી ૧૦ હજાર જેટલા ટ્રોલર કે જે ૨૦ ફૂટ કરતાં મોટા હોય એ છે. છતાં એને લાંગરવાની કોઇ જગ્યા નથી. એના કારણે આપણું ઉત્પાદન ઘટ્યું છે. હમણાં જામનગર જિલ્લામાં ડીમોલિશન થયું અને એસ.ઇ.ઝેડ માં આવતાં મકાનો તોડ્યા. તોડ્યા એનો વાંધો નહીં પણ એમની રોજીરોટી જશે તો ફરી દેશના ફિશિંગ ઉત્પાદનમાં ઘટાડો થયો છે એમાં વધારે ઘટાડો થશે. મારી વિનંતી છે કે એમને વ્યવસાય કરવાની વ્યવસ્થા આપવી જોઇએ. કોઇ જગ્યાએ હોડી રાખવાની જગ્યા આપવી જોઇએ એવી મારી માગણી છે. આખા દેશમાં ગુજરાત મેરીટાઇમ બોર્ડ સૌથી પહેલા ગુજરાતમાં બન્યું. એ બોર્ડના એક અધિકારી હોવાનું મને ગૌરવ છે. મેં ૮-૯ વર્ષ ગુજરાત મેરીટાઇમ બોર્ડમાં કામ કર્યું છે. જે પોટેન્શિયલ આપણા દરિયાકિનારા ઉપર છે એ પોટેન્શિયલ આખા દેશમાં કોઇની પાસે નથી છતાં આપણા રાજયમાં આપણા સમુદ્રને એક્સપ્લોર કરવો જોઇએ એ કર્યો નથી. એમાં મરીન મિનરલ એટલા પડેલા છે, એક્વા કલ્ચર એટલું બધું પડેલું છે, દરિયાકિનારે મોટા પાયે ટુરિઝમ ઊભું થઇ શકે એમ છે. પણ દરિયાનો ઉપયોગ આપણે પોલ્યુશન ઠાલવવામાં કરીએ છીએ અને હજુ પણ વધુ પોલ્યુશન નાખીએ છીએ. જેતપુર, વાપી, અંકલેશ્વર, અમદાવાદ, વડોદરા હોય કે અન્ય જે કોઇ કેમિકલ ઉદ્યોગ પોલ્યુશન કરે છે એ પોલ્યુશન આપણે દરિયામાં નાખીએ છીએ. આ પ્રવૃત્તિ બેરોકટોક થાય છે. એના કારણે ઉમરગામથી લઇને ભાવનગર સુધીના દરિયાકિનારામાં એક્વા કલ્ચરને ભારે નુકસાન થયું છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ફિશરમેનોનો પક્ષ લઇ એ અટકાવવા પગલાં લે. પહેલાં ડીઝલની સબસિડી પમ્પ ઉપરથી આપતા હતા. હવે એ બંધ થઇ ગઇ છે. એટલું જ નહીં પણ જે પેટ્રોલપંપ ઉપર ડીઝલ મળે છે એના કરતાં ફિશરમેનનું ડીઝલ છે એ બલ્ક લે એટલે એને ૫-૬ રૂપિયા વધારે થાય છે. આજે ફિશરમેનોની ૫૦ ટકા બોટો બંધ છે. કારણ કે એમને પોષાતું નથી. નાની બોટની ક્ષમતા હોય એને વધારે તકલીફ છે ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની છે કે ડીઝલ સબસિડીમાં વધારો કરે. નાની ફાઇબરની પીલાણા બોટ વપરાય છે એની અંદર પેટ્રોલ વપરાય છે. પેટ્રોલની સબસિડીમાં વધારો કરે એવી વિનંતી છે. પેટ્રોલ એન્જિન નાખવું પડે છે એની સબસિડી પણ સમયસર આપે, અત્યારે બંધ છે. એન.સી.ડી.સી.ની યોજનાઓ જે બંધ થઇ છે એ ગુજરાતમાં ફરીથી શરૂ કરે. જો આપણે નહીં અટકાવીએ તો પરિસ્થિતિ એવી થવાની કે આપણે કોઇ જગ્યાએ, ફિશ એક્સપોર્ટમાં આપણું ગુજરાત ખૂબ આગળ હતું એ આજે પાછળ છે. સને ૨૦૦૧માં જે ઉત્પાદન હતું એટલું જ ઉત્પાદન ફિશિંગનું આજે આપણે ત્યાં છે. આપણે એમાં વધારો કરી શક્યા નથી. કારણ કે કાંઠાળ વિસ્તારમાં જે ઇન્ફ્રાસ્ટ્રકચર આપણે કરવું જોઇએ એ કરી શક્યા નથી. પોરબંદરમાં મારા મત વિસ્તારમાં ૧ હજાર બોટો લાંગરવાની જગ્યા છે એની સામે ૩૫૦૦ જેટલી બોટો છે. એને જ્યારે આગ લાગે ત્યારે બચાવવાની કોઇ વ્યવસ્થા નથી. નવું ફિશિંગ ટર્મિનલ બનાવવાની વાત ચાલે છે પણ એ પણ પૂરતું થવાનું નથી.અભ્યાસ કરીને દરિયાકિનારા ઉપર આપણે સારા ફિશિંગ હાર્બર બનાવવા જોઇએ. એ નહીં બનાવીએ તો આપણો ફિશિંગ ઉદ્યોગ ભાંગી પડવાનો છે. દુનિયાની માર્કેટમાં પણ

આજે મંદી છે. આપણા માલનો કોઇ લેવાલ નથી. કેન્દ્ર સરકારમાં રજૂઆત કરીને આપણે આપણું જે ફિશિંગ એક્સપોર્ટ થાય છે એના ઉપર એક્સપોર્ટ સબસિડી આપવી જોઇએ. જેથી કરીને આપણા એક્સપોર્ટરો ટકી રહે, પ્રોસેસરો ટકી રહે અને આપણા ફિશરમેનો પણ ટકી રહે. એને જો ભાવ નહીં મળે તો બીજો કોઇ રસ્તો રહેવાનો નથી. આપણે ત્યાં પોર્ટની અંદર ખાનગી પોર્ટોને પ્રોત્સાહન બહુ જ અપાય છે. કોઇ વાંધો નહીં. પણ ગુજરાત મેરિટાઇમ બોર્ડ હસ્તકના ૪૨ જેટલા બંદરો આપણી પાસે છે. એની ક્ષમતામાં વધારો કરી શકાય એમ છે. પૂરતું પોટેંશિયલ છે, પરંતુ આ ખાનગી પોર્ટ ઓપરેટરો છે એને પ્રોત્સાહન અપાય છે આપણા પોર્ટને પ્રોત્સાહન અપાતું નથી. જામનગરમાં રોઝી છે ઓખા બંદર છે, અમારું પોરબંદર બંદર છે, વેરાવળ, હજીરા, ભરૂચ, જૂનું ખંભાત આ બધાને ડેવલપ કરીને એની ક્ષમતામાં વધારો કરવો જોઇએ. એ વધારો કરતો નથી એના કારણે મેરી ટાઇમ બોર્ડની અંદર ક્ષમતા છે એનો પૂરો ઉપયોગ થતો નથી. આ ક્ષમતાનો ઉપયોગ થાય એવી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. પહેલા ડ્રેજિંગ સરકાર કરાવી આપતી  હતી. અત્યારે આ ડ્રેજિંગ પી.પી.પી.ના ધોરણે થાય છે અને એવી રીતે થાય કે ડ્રેજિંગ કરીને એનું મટિરિયલ્સ છે એની માલિકી કોન્ટ્રાક્ટરની બની જાય છે. કોન્ટ્રાક્ટર ક્યારેય ડ્રેજિંગ કરે નહીં એ તો રેતી કાઢીને વેચી નાખે. શ્રી કનુભાઇને અને વલસાડ જિલ્લાના બધા મિત્રોને ખબર છે. (અંતરાય) એક જ મિનિટમાં પૂરું કરીશ. એટલે મારી વિનંતી છે કે ખરેખરું ડ્રેજિંગ કરાવે. સરકાર રેતી કાઢવાનું રેકેટ બંધ કરાવે. અત્યારે રેકેટ ચાલે છે. છેલ્લે ફરી પાછી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી એટલી છે કે અત્યારે જે લોકોના ડિમોલિશન થયા છે એ બધા ફિશરમેનોને એની હોડી લાંગરવાની કોઇ એક જગ્યા સ્પેસિફાય કરી આપે કે અહીંયા તમે ધંધો કરી શકશો. પોતાના ખર્ચે મકાન જ્યાં બનાવવા હોય ત્યાં બનાવે. આપણે નહીં કરીએ તો આપણા દેશનું  રાજ્ય ફીશ પ્રોડકશનમાં ખૂબ આગળ છે એમાં પાછળ રહી જઇશું એટલી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.  જય હિંદ.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરીને તેમને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના ખેડૂતોની આવક બમણી કરવાનું અભિયાન હાથ પર લીધેલ છે. તેને પરિપૂર્ણ કરવા માટે ગુજરાતના પશુપાલકો પ્રોફેશનલ ઢબે ધંધાકીય અભિગમ અપનાવે અને તેઓની સહકારી પ્રવૃત્તિ થકી આર્થિક વિકાસ થાય તે માટે ગુજરાત સરકાર ખૂબ સજાગ છે. સહકારી ક્ષેત્રની કામગીરી રાજ્યમાં ગ્રામ્ય અર્થતંત્રને ખૂબ જ નજીકથી સ્પર્શે છે ત્યારે ગામડાંની સહકારી મંડળીઓ આર્થિક રીતે સધ્ધર અને પગભર હોવી જરૂરી છે અને તે માટેનું  ઉત્તમ દષ્ટાંત ગુજરાતના ગામડાંની દૂધ સહકારી મંડળીઓ છે. ગાંધીજી અને સરદાર પટેલની પ્રેરણાથી આણંદથી એક નાનકડી દૂધ મંડળી તરીકે શરૂ થયેલી ગુજરાતની દૂધ સહકારી મંડળીની પ્રવૃત્તિ આજે અમૂલ બ્રાન્ડનું નામ દુનિયાભરમાં પ્રસરી ગયેલ છે. દૂધ ઉત્પાદનની વ્યવસ્થાનો વ્યાપ મોટાભાગે ગ્રામ્ય સ્તરે વિસ્તરેલો છે. ગામડાંમાં વસતા તમામ કૂળના લોકો માટે ખેતી પછી એકધારી અને નિયમિત આવક આપતો દૂધનો સહકારી ધોરણે ચાલતો વ્યવસાય દિન પ્રતિ દિન વધતો રહ્યો છે અને આને પ્રોત્સાહન આપવામાં સરકારની ખેડૂતો અને દૂધ ઉત્પાદકલક્ષી નીતિ પણ એક મહતવનું પરિબળ ભાગ ભજવે છે. રાજ્યભરમાં અંદાજે કુલ ૧૬,૦૦૦ જેટલી પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે અને તે પૈકી ૪૨૦૦ મહિલા દૂધ મંડળીઓ છે. મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલા મંડળીઓની સ્થાપના તથા કાર્ય પદ્ધતિમાં સતત પ્રોત્સાહિત કરી આ ક્ષેત્રમાં મહિલાની ભાગીદારી વધારી સમગ્ર વિશ્વમાં અમૂલ બ્રાન્ડના નામથી ગુજરાતને નામના અપાવી છે. દર વર્ષે રૂપિયા ૧૨૦૦ કરોડની મિલ્ક પ્રોડક્ટની વિદેશોમાં નિકાસ કરવામાં આવે છે. જે માત્ર ગુજરાતને જ નહીં, પરંતુ ભારતને ગૌરવ લેવા જેવી બાબત છે. ગુજરાતમાં ડેરી ઉદ્યોગે છેલ્લાં ૧૧ વર્ષમાં દૂધ ઉત્પાદકોને મળતી કિંમતમાં નોંધપાત્ર વૃદ્ધિ કરી છે. વર્ષ ૨૦૦૯-૧૦માં દૂધ ઉત્પાદકોને કિલો ફેટનો ભાવ રૂપિયા ૩૩૭/-  મળતો હતો જે વધીને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૮૫૦/- થયો છે. બે દાયકા પહેલા ગુજરાતના તમામ દૂધ સંઘોનું ઉત્પાદન દૈનિક ૪૬ લાખ કિલો હતું. જે વધીને વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૯૦ લાખ કિલોગ્રામ થયું છે. આખા દેશમાં સહકારીક્ષેત્રે દૂધનું એકત્રીકરણ ૯ કરોડ લિટર છે જેની સામે ગુજરાતમાં સહકારી મંડળીઓ રોજનું ૨.૯૦ કરોડ લિટર દૂધ સંપાદિત કરે છે. આખા દેશની તુલનાએ સહકારી દૂધ ઉત્પાદક સંપાદનમાં ગુજરાતનો હિસ્સો ૩૦ ટકાનો છે. જે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. આવતા ત્રણ વર્ષમાં ગુજરાતના દૂધ સંઘોનું દૂધ સંપાદન વધીને દૈનિક ૩.૫ કરોડ લિટર થવાનો અંદાજ છે. ગુજરાતમાં દરરોજ દૂધ ઉત્પાદકોને રૂ. ૧૫૦ કરોડની ચૂકવણી થાય છે. ગુજરાતના દૂધ સંઘો દૈનિક ૪.૫ કરોડ લિટર દૂધ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ક્ષમતાના આગામી ત્રણ વર્ષમાં દૈનિક ૫૦ લાખ લિટરનો વધારો કરીને દૈનિક પાંચ કરોડ લિટર કરવાનું આયોજન સરકાશ્રીનું છે. એક લાખ લિટર દૂધ ગ્રામ્ય વિસ્તારોમાંથી લાવીને દૂધને પ્રોસેસ કરવામાં આવે તો અંદાજે ૬૦૦૦ પશુપાલકોને અને ડેરી કર્મચારીઓને રોજગારી પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં કુલ ૩૬ લાખ પરિવારો દૂધ ઉત્પાદનની સહકારી પ્રવૃત્તિ થકી રોજગારી મેળવી રહેલ છે. ગુજરાતના ડેરી ઉદ્યોગ દ્વારા આગામી ત્રણ વર્ષમાં દૂધ સંપાદન વધવાની અને દૂધની પ્રોસેસિંગ ક્ષમતામાં દૈનિક ૫૦ લાખ લિટરનો વધારો કરવાને કારણે અંદાજે ત્રણ લાખ વ્યક્તિઓને નવો રોજગાર મળશે. ગુજરાતનું દૂધ સહકારી ક્ષેત્રે ગુજરાત અને દેશના ભવિષ્યને ઉજ્જવળ બનનાર તથા કિસાન પશુપાલક તથા દૂધ ઉત્પાદન વિકાસને વેગ આપનારું પરિબળ બને તેવી ગુજરાત સરકારની મનસા છે. પશુઓના દૂધ ઉત્પાદન ઉપર અસર કરતા અગત્યના રોગોને સંપૂર્ણપણે નાબૂદ કરવા અને દેશના તમામ પશુધન માલિકો માટે સારી આજીવિકાની તકો સુનિશ્ચિત કરવાના નિર્ધાર સાથે ગુજરાત રાજયની ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અને કેન્દ્ર

સરકાર સતત કાર્ય કરી રહી છે. આજે પણ કોઇપણ પશુપાલકોનું પશુ સારવાર વિહોણું ન રહે એવા ઉમદા આશયથી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલની સરકાર દ્વારા મુખ્યમંત્રી નિઃશૂલ્ક પશુ સારવાર યોજના હેઠળ રાજ્ય સરકારની તમામ સંસ્થાઓના ખાતે વિનામૂલ્યે પશુ સારવાર પૂરી પાડવામાં આવે છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અનુદાનોની માગણી અન્વયે માગણીઓ સંદર્ભની ચર્ચાની અંદર માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ સંદર્ભે હું મારા વિચારો અત્રે રજૂ કરું છું. સરકાર અને પ્રજા વચ્ચે જો કોઇ સેતુરૂપ કામ કરતુ હોય, સરકારી વાતો, સરકારના વિચારો, સરકારની યોજનાઓ એ પ્રજા સુધી પહોંચાડવાનું કોઇ અગત્યનું કામ કરતું હોય તો એ છે માહિતી અને પ્રસારણ વિભાગ અને એની અંદર આપણી સરકાર ખૂબ જ સફળ રીતે આગળ વધી રહી છે. એક નાનું પરંતુ ખૂબ મોટું ઉદાહરણ આપું કે કેવું અગત્યનું કામ હોય છે. ભૂતકાળમાં જઇએ તો ખાલી યાદ કરો કોરોના. માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ રાત્રે ૮-૦૦ વાગ્યે આવીને આખી જે જાહેરાત કરે છે કોરોનાની અને ગુજરાતના ગામેગામની અંદર, શહેરે શહેરની અંદર, ગલીએ ગલીમાં બધી જ વાત પહોંચી જાય છે. બીજા દિવસે સવારે આખું ગુજરાત લોકડાઉન. આટલી સફળતા. એનાથી આગળ વધીએ તો આટલી મોટી મહામારી હોય જે વિષયની અંદર અનેક દ્વિધા થતી હોય, કેવો રોગ છે, શું છે ઘણી બધી અફવાઓ ચાલતી હોય. આ બધાની વચ્ચે સરકારની ગાઇડલાઇનો, વિવિધ ઉપચારો, માસ્ક પહેરવા, હાથ વારંવાર ધોવા, સોશિયલ ડિસ્ટન્સ, જયારે મોદીસાહેબ આવીને કહે કે દો ગજકી દૂરી તો આ સોશિયલ ડિસ્ટન્સની જે સમજણ છે એ સમજણનું કામ પણ આપણા માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા કેટલું સફળતાથી થયું? જે દિવસે જાહેરાત થાય, સરકારની દિવસમાં બે-ત્રણ પ્રકારની પ્રેસ હોય, પોલીસ વિભાગની હોય, આરોગ્ય વિભાગની હોય, વહીવટી વિભાગની હોય તે બધી સાચી અને સચોટ માહિતી પ્રજા સુધી પહોંચે તેનું સંપૂર્ણ આયોજન આપણું માહિતી અને પ્રસારણ વિભાગ કરી રહ્યું છે અને તેની અંદર આપણને ખૂબ જ મોટી સફળતા મળી છે. આખો વિષય ઘણાબધા માધ્યમોથી ચાલતો હોય છે. પ્રેસ મીડિયા હોય, ટેલિવિઝન ઇલેક્ટ્રોનિક્સ મીડિયા હોય. જેમ જેમ સમય આગળ વધતો ગયો તેમ તેમ સોશિયલ મીડિયા એટલે કે ન્યુ મીડિયાનો જમાનો આવ્યો. તેની અંદર પણ આપણી સરકારે ખૂબ જોરદાર કામ કર્યું છે.

**માનનીય સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, પ્રચાર પ્રસારના અસરકારક માધ્યમ તરીકે ઇન્ટરનેટનો ઉપયોગ કરી માહિતી ખાતાએ યુઝર ફ્રેન્ડલી વેબસાઇટ www.gujaratinformation.net નું નિર્માણ કર્યું. તેની અંદર અપલોડિંગ પણ ઘણા થયા છે. અત્યાર સુધીમાં માહિતી ખાતાની વેબસાઇટ ઉપર ૧.૩૨ કરોડ લોકોએ વિઝિટ કરી છે. માહિતી ખાતાની વેબસાઇટ સાથે ટ્વીટર, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ટેલીગ્રામ, યુટયૂબ જેવા સોશિયલ નેટવર્ક ઉપર અસરકારક રીતે રાજ્ય સરકારની જનહિતલક્ષી યોજનાઓ અને મહત્ત્વના કાર્યક્રમો લોકો સુધી ઝડપથી અને વિશ્વસનીય રીતે પહોંચાડવાનું કામ માહિતી ખાતું નિભાવી રહ્યું છે. રાજ્ય સરકારની રોજબરોજની જનઉપયોગી કામગીરી, યોજનાકીય માહિતી, લાભાર્થીઓના પ્રતિભાવો, જન જાગૃતિ અભિયાનો, વિકાસલક્ષી નિર્ણયો, ફલેગશીપ કાર્યક્રમોનું લાઇવ કવરેજ, વીડિયો, ન્યૂઝ સ્ટોરી જેવા અનુરૂપ ફોર્મેટમાં અને ભાષામાં સંક્ષિપ્ત રીતે ઝડપથી અને વિશ્વસનીય રીતે પહોંચાડવામાં આવી રહ્યું છે. પ્રત્યેક જિલ્લાની માહિતી કચેરીઓ દ્વારા પણ ટ્વીટર, ફેસબુક અને ઇન્સ્ટાગ્રામના માધ્યમ દ્વારા સરકારની લોકકલ્યાણકારી યોજનાની વિગતો કે પ્રચાર પ્રસાર અસરકારક રીતે કરવામાં આવે છે. આવા માધ્યમો દ્વારા આગામી સમયમાં ખૂબ અસરકારક રીતે કામ થાય, લોકો સુધી આપણી, સમાજના અંતિમ વર્ગ સુધી સરકારની યોજનાઓ પહોંચે તેવી કામગીરી થાય એટલું કહી મારી વાત પૂરી કરું છું. આભાર.

શ્રી સંદીપ દેસાઇ(ચોર્યાસી):માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, માહિતી પ્રસારણ અને બંદરો તથા વાહન વ્યવહાર વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને કર્મઠ નાણામંત્રી કનુભાઇ દેસાઇ સાહેબે ગુજરાતની જનતા પર એકપણ રૂપિયાનો વધારાનો કરવેરો નાખ્યા વગર અંદાજિત ત્રણ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું છે તેના માટે લાખ-લાખ અભિનંદન આપું છું. ગુજરાત રાજ્ય અંદાજિત ૧૬૦૦ કિલોમિટર જેટલો દેશનો સૌથી મોટો લાંબો દરિયા કિનારો ધરાવે છે. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા દરિયાકાંઠાના લોકોના સર્વાંગી વિકાસ માટે સાગરખેડું યોજના જાહેર કરેલ હતી અને માછીમાર ભાઇઓને મુખ્ય પ્રવાહમાં જોડવાની કામગીરી કરેલ હતી. ગુજરાતના આંતરદેશીય અને ભાંભરા પાણીના ક્ષેત્રમાં મત્સ્યોદ્યોગના વિકાસની વિપુલ પ્રમાણમાં તકો રહેલી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં આંતરદેશીય અને ભાંભરા પાણીનું મત્સ્ય ઉત્પાદન ૧.૮૬ લાખ મેટ્રિક ટન થયેલ છે. આ દરિયાકિનારા ઉપર વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, આણંદ અને ભાવનગર વગેરે વિસ્તારમાં અંદાજિત ૩ લાખ ૭૬૦૦ હેકટર ખરાબાની જમીન આવેલી છે. આ ખરાબાની જમીનમાં ખેતી સંલગ્ન પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય તેમ નથી. પરંતુ આ વિસ્તારમાં રહેતા નાના ખેડૂતોને આજીવિકા મળી રહે તેમ છે. રાજ્યમાં ૮૯ હજાર હેકટર જેટલી જમીન ભાંભરા પાણી કે જયાં જિંગા ઉછેર થઇ શકે તેવી છે. વર્ષ ૨૦૧૨ પછી કયારેય પણ જિંગા ઉછેર માટે જમીનની ફાળવણીની કાર્યવાહી થયેલ નથી. આ ભાંભરા પાણીની ૧૪૬૨૧ હેકટર જેટલી જમીનનું માસ્ટર મેપિંગ કરીને પ્લોટિંગ કરવામાં આવેલ છે. જે પૈકી ૮૧૧૯ હેકટર

જમીનની ફાળવી થયેલ છે તેથી ભાભરા પાણી જમીન ખૂબ જ મોટા પ્રમાણમાં વણવપરાયેલી છે. દરિયા કિનારે વસતા લોકો જે દરિયાની અંદર માછીમારી માટે જઇ શકતા નથી એમના માટે આ જિંગા ઉછેરનો વ્યવસાય આશીર્વાદરૂપ છે. અમારા દક્ષિણ ગુજરાતમાં આને દરિયાઇ મેવા કહેવામાં આવે છે, જિંગામાં ગુણતત્વો રહેલા છે એટલા માટે દુનિયામાં પ્રચલિત છે. મારી લાગણી અને માગણી છે કે આવનારા દિવસોમાં રાજય સરકાર આ બાબતે ધ્યાન આપી જમીન ફાળવશે તો લોકોને આવકના નવા સ્ત્રોત મળશે. આ જિંગા ઉછેરનું વધારે ઉત્પાદન કરીને દેશના વિદેશી હુંડિયામણની આવકમાં નોંધપાત્ર વધારો કરી શકીએ તેમ છીએ. આ વિસ્તારમાં રોડ-રસ્તા, વીજળી તથા અન્ય જરૂરી સવલતો મત્સ્યદ્યોગ ખાતા દ્વારા પૂરી પાડવામાં આવે છે. આમ ભાભરા પાણી મત્સ્યદ્યોગ થકી અંદાજિત ૧૫ હજાર માણસોને સીધી તથા ૩૦ હજાર માણસોને પરોક્ષ રીતે રોજગારી પ્રાપ્ત થાય છે. જિંગા ઉછેરને વધુ પ્રોત્સાહન આપીને વધારેમાં વધારે રોજગારી આપી શકાય તેમ છે. રાજય સરકારશ્રી દ્વારા વલસાડ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, મોરબી, કચ્છ, જૂનાગઢ જિલ્લામાં નવા ૩૧ મત્સ્ય ઉછેર કેન્દ્રો વિકસાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે જેના માટે રાજય સરકારને ફરી એક વાર અભિનંદન પાઠવું છું. આભાર**.**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી કિરીટસિંહ સ. ડાભી(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પશુપાલન, પશુપાલકો, ગૌશાળા, પાંજરાપોળ અને સહકારી ડેરી માળખાને ઉત્તમ સેવા પૂરી પાડવા વિવિધ કલ્યાણકારી કાર્યક્રમોની અમલવારી માટે માગણી ક્રમાંક નં.૪ હેઠળ પશુપાલન અને ડેરી વિકાસ સદરે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ તમામ દરખાસ્તોનું હું સમર્થન જાહેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ કે પછી રોગચાળાની સ્થિતિ કે કુદરતી આફતના સમયે અસરગ્રસ્ત વિસ્તારમાં પશુપાલકો અને ગૌશાળા-પાંજરાપોળને પરિસ્થિતિ મુજબ બનતી સહાય કરી રાજય સરકાર પશુઓ પ્રત્યેની જીવદયા અને અનુકંપા સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌવંશના નિભાવ અને જીવદયા માટે આપણા રાજયમાં અનેક સંસ્થાઓ કાર્યરત છે. આવી બિન-સરકારી અને સેવાભાવી સંસ્થાઓની ગૌસેવા, ગૌપાલન અને ગૌરક્ષાની કામગીરીને પ્રોત્સાહન મળી રહે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની આ રાજય સરકારે આવી સંસ્થાઓને પશુઓના નિભાવ માટે પશુદીઠ દૈનિક રૂપિયા ૩૦ની આર્થિક સહાય જાહેર કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇથી ખૂબ મોટી સંખ્યામાં અબોલ પશુઓનો નિભાવ થવાનો હોય ત્યારે આ સભાગૃહના તમામ સભ્યોએ સાથે મળી આ જોગવાઇને સમર્થન આપવું જોઇએ તેમ હું માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પશુપાલકોને આત્મનિર્ભર બનાવવાના લક્ષ્યને સિદ્ધ કરવાની દિશામાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ વાળી રાજય સરકાર દેશના અન્ય રાજયોને રાહ ચીંધવાની નેમ સાથે અનેકવિધ નવીન કાર્યક્રમોની પહેલ કરી મક્કમતાથી આગળ વધી રહેલ છે, તે બદલ રાજય સરકારને મારા આ સભાગૃહના માધ્યમથી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર પશુઓની શુદ્ધ ઓલાદોના સંરક્ષણ અને જાળવણી માટે પણ ખૂબ જહેમત ઉઠાવી રહેલ છે. ગ્રામ્ય કક્ષાએ રખડતા નર પશુઓના કારણે થતા ભેલાણ/અકસ્માતના પ્રશ્નો નિયંત્રિત કરી શકાય અને ઉત્પાદકતા માટે ઓછી આનુવાંશિકતા ધરાવતા નર પશુઓ થકી થતા બિનજરૂરી સંવર્ધનને અટકાવી, ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા ધરાવતા સીમેન ડોઝના ઉપયોગ થકી પશુઓના સંવર્ધનને વેગ મળે અને ઓલાદ સુધારણા થઇ શકે તે માટે નર વાછરડાના ખસીકરણથી રાજયમાં રખડતા પશુઓની સંખ્યા નિયંત્રિત કરવાના આશયથી રાજયવ્યાપી સઘન ખસકરણની યોજનાને વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરવામાં આવી છે આ યોજના માટે રૂપિયા ૨.૫૦ કરોડની જોગવાઇને હું મારું સમર્થન આપુ છું. રાજયની પશુની ઓલાદમાં ઝડપી આનુવંશિક સુધારો લાવવા માટે અને વધુ ઉત્પાદન આપતી સ્થાનિક ઓલાદની જાળવણી માટે ઇનવિટ્રો ફર્ટીલાઇઝેશન અને એમ્બ્રીઓ ટ્રાન્સફર ટેકનોલોજીનો ઉપયોગ જરૂરી છે. આવી અદ્યતન ટેકનોલોજીને પશુપાલકો ઝડપથી અપનાવે તે માટે રાજય સરકાર દ્વારા પશુઓમાં આઇ.વી.એફ.થી ગર્ભધારણ માટે સહાયની યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં રૂપિયા ૧.૫૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આ ટેકનોલોજીનો લાભ જોઇ અન્ય પશુપાલકોમાં પણ આવી અદ્યતન સંવર્ધન ટેકનોલોજી પ્રત્યે જાગૃતિ આવશે જેનાથી રાજયનું પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રે એક નવી ઊંચાઇને આંબશે તેવો મને દ્રઢ વિશ્વાસ છે તેથી આ જોગવાઇ પણ હું આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીડિયો કોન્ફરન્સ કે વેબિનારના માધ્યમથી સાથે વધુમાં વધુ પશુપાલકોને પશુપાલન સંબંધિત વિવિધ યોજનાઓથી માહિતગાર કરવા માટે પશુપાલન કચેરીઓ ખાતે ડિજિટલ ડેસ્ક કિઓસ્કની વ્યવસ્થા કરવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં જોગવાઇને મારું સમર્થન આપું છું. આધુનિક ટેકનોલોજીના ઉપયોગ થકી પશુપાલન વ્યવસાયને વધુ નફાકારક બનાવી શકાય અને વધુમાં વધુ લોકો પશુપાલન તરફ આકર્ષિત થાય તે માટે કામધેનુ યુનિવર્સિટી હેઠળ ડાંગ, રાજકોટ, સુરત, બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં પણ પશુ વિજ્ઞાન કેન્દ્રની શરૂઆત કરવાનું રાજય સરકારે આયોજન કરેલ છે જેના માટે આ અંદાજપત્રમાં સૂચવેલ રૂપિયા ૭૫ લાખની જોગવાઇને મારું સંપૂર્ણપણે સમર્થન છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ગીર અને કાંકરેજ ગાયના સંવર્ધનને પ્રોત્સાહન મળે તે હેતુથી અને પશુપાલન વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે રાજય સરકાર ૫૦ દૂધાળા પશુના ફાર્મની સ્થાપના માટે પશુ ખરીદી પર વ્યાજ સહાય તેમજ અન્ય આનુષાંગિક સુવિધાઓ માટે સહાય પૂરી પાડી રહેલ છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સૂચવેલ જોગવાઇને મારું સમર્થન છે. પશુપાલકો ગીર અને કાંકરેજ ગાયના ઉછેર અને સંવર્ધન માટે પ્રોત્સાહિત થાય તે હેતુથી, પશુપાલન વિભાગની ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાય તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ માટે સહાયની યોજનામાં ગીર અને કાંકરેજ ગાયના ફાર્મ માટે વધારાની સહાય આપવામાં આવી રહી છે જે રાજય સરકારની દેશી ઓલાદોની જાળવણી માટેની કટિબદ્ધતા દર્શાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન વ્યવસાય થકી ઘર આંગણે સ્વરોજગારીની તકો ઊભી થાય તેવી ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મની યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સૂચવેલ રૂપિયા ૫૦ કરોડ ૨૫ લાખની જોગવાઇને પણ હું આ તબક્કે મારું સમર્થન જાહેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નીતિ આયોગ દ્વારા સંવર્ધન યોગય પશુઓમાં કૃત્રિમ બીજદાનની કામગીરીનો વ્યાપ વધારવા પર ભાર મૂકવામાં આવેલ છે અને ભારત સરકારશ્રી દ્વારા પણ દેશમાં કૃત્રિમ બીજદાનનું કવરેજ વધારવાની પ્રતિબદ્ધતા જાહેર કરવામાં આવી છે. ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત રાષ્ટ્રવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ અંતર્ગત આપણાં રાજયમાં અત્યાર સુધીમાં ચાર તબક્કાઓમાં ખૂબ જ સારી કામગીરી થઇ છે. જે માટે પણ રાજય સરકારનાં પશુપાલન પ્રભાગને હું આપના માધ્યમથી અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કૃત્રિમ બીજદાનનો વ્યાપ વધારવાની સાથે સાથે પશુઓમાં જાતિય આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરી રાજય સરકાર પશુપાલન વ્યવસાયને વધુ નફાકારક બનાવવા માટે પણ પ્રયત્નશીલ છે. રાજય સરકાર દ્વારા રાજય કક્ષાની દૂધ ઉત્પાદન હરીફાઇનું દર વર્ષે આયોજન થાય છે, જેમાં ગાય અને ભેંસની વિવિધ ઓલાદવાર પ્રથમ, દ્વિતિય, તૃતિય અને રનર્સ અપ સ્થાને આવેલ પશુપાલકોને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી રહેલ છે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી**(**ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર-૪ની ચર્ચામાં ભાગ લેવા માટે મને આપવામાં આવેલ સમય બદલ આપનો આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા વિવિધ પશુ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવી, શુદ્ધ ઓલાદોની પશુઓની જાળવણી કરવી, પશુ સંવર્ધનની સવલતો ઉપલબ્ધ કરાવવી તથા પશુઓમાં ચેપી રોગચાળા નિયંત્રણ વગેરે ક્ષેત્રે કરવામાં આવેલ અથાગ પ્રયત્નો બદલ રાજય સરકારને મારે આપના માધ્યમથી અભિનંદન પાઠવવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા પશુપાલકોને ગામમાં નિષ્ણાત પશુ ચિકિત્સકની ટીમ અને પશુઓની સારવાર મળી રહે તે માટે પશુ આરોગ્ય મેળાઓ યોજવામાં આવે છે. રાજય સરકાર દ્વારા રાજય વ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન હેઠળ ખૂબ મોટા પાયે પશુ આરોગ્ય મેળાઓના આયોજન કરી પશુઓને વિવિધ પ્રકારની નિઃશુલ્ક પશુ સારવાર આપવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આવા ૪૫૦૦ જેટલા પશુ આરોગ્ય મેળાઓના આયોજન માટે સરકારશ્રી દ્વારા સૂચવવામાં આવેલ રૂપિયા ૪ કરોડ ૪૯ લાખની દરખાસ્તને હું આવકાર અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫થી સમગ્ર રાજયમાં અમલમાં મૂકવામાં આવેલી મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના હેઠળ અત્યાર સુધીમાં લાખો પશુઓની વિનામૂલ્યે સારવાર આપવામાં આવી છે તેમજ રાજયમાં ૧૦ ગામ દીઠ એક ફરતાં પશુ દવાખાનાની સુવિધા ઊભી કરવાની યોજના હેઠળ ૪૬૦ ફરતાં પશુ દવાખાના શરૂ કરવામાં આવેલ છે. જેમાં પશુપાલકોને વિના મૂલ્યે પશુ સારવાર મળી રહે છે.માનનીય નાણામંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૩૩-૨૪ના અંદાજપત્ર પ્રવચનમાં મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના માટે સૂચવેલ રૂ.૨૮ કરોડની જોગવાઇ અને ૪૬૦ ફરતા પશુ દવાખાનાની સેવા ચાલુ રાખવા માટે સૂચવેલ રૂ.૮૧ કરોડની જોગવાઇથી રાજયમાં ખૂબ મોટી સંખ્યામાં પશુપાલકોને લાભ થવાનો હોઇ હું આ બંને જોગવાઇઓને સમર્થન આપું છું. રાજયમાં પ્રવર્તમાન ૩૭ કરુણા એનિમલ એમ્બ્યુલન્સની સેવાઓ ચાલુ રાખવા માટે માનનીય નાણામંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્ર પ્રવચનમાં કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ માટે સૂચવેલ રૂ.૧૦ કરોડની જોગવાઇને મારું સમર્થન છે. પશુઓનું દૂધ ઉત્પાદન વધારવા થકી પશુપાલકોની આવકમાં વધારો કરવાના આશયથી આ રાજય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્ર પ્રવચનમાં પશુપાલકોના પશુઓ માટે ખાણ-દાણ ખરીદી માટે સહાય પૂરી પાડવા માટે સૂચવેલ રૂ.૪૪ કરોડની જોગવાઇને આ તબક્કે એક સૂરમાં સમર્થન આપવું એ આપણા સૌની ફરજ છે. રાજય સરકાર દ્વારા રાજય કક્ષાની દૂધ ઉત્પાદન હરીફાઇ, તરણેતરના મેળામાં પશુ પ્રદર્શન, શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ, તાલુકા કક્ષાની પશુપાલન શિબિર અને જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર વગેરે જેવા પ્રોત્સાહક કાર્યક્રમોનું દર વર્ષે આયોજન થાય છે. આ પ્રકારની યોજનાથી રાજ્યના પશુપાલકોને ઉત્તમ પશુધન રાખવાની પ્રેરણા મળે છે તથા પશુપાલન વ્યવસાયમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવાનું પણ પ્રોત્સાહન મળી રહે છે. આ પ્રકારની કામગીરી માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સૂચવેલ તમામ જોગવાઇઓને હું મારું સમર્થન આપું છું. શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગીર અને કાંકરેજ ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે રાજય સરકાર દ્વારા વાછરડી દીઠ રૂ.૩૦૦૦ની સહાય ચૂકવવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ૫૦૦૦

પશુપાલકોને આ યોજના હેઠળ આવરી લેવા સૂચવેલ રૂ.૧૫૦૦ લાખની જોગવાઈ આવકારદાયક છે. રાજ્યમાં કૃત્રિમ બીજદાનનો વ્યાપ વધારવા સાથે પશુઓમાં જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરી રાજ્ય સરકાર પશુપાલન વ્યવસાયને વધુ નફાકારક બનાવવા માટે પણ કટિબદ્ધ છે. ત્યારે રાજ્યમાં જાતીય આરોગ્ય સારવાર કેમ્પના આયોજન માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ જોગવાઇને હું સમર્થન આપું છું. કૃત્રિમ બીજદાનનો વ્યાપ વધારવા માટે કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ રાષ્ટ્રવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ એન.એ.આઇ.પી. અંતર્ગત અત્યાર સુધીના તમામ તબક્કામાં રાજ્યમાં ખૂબ જ સારી કામગીરી થઇ છે. તે માટે પણ મારે આપના માધ્યમથી રાજ્ય સરકારના પશુપાલન વિભાગને અભિનંદન પાઠવવા છે. જીવદયા હેતુસર ગૌવંશના નિભાવ માટે રાજ્યની ગૌશાળા અને પાંજરાપોળ અમૂલ્ય ફાળો આપી રહી છે. ગૌશાળા અને પાંજરાપોળને પશુઓના નિભાવ માટે તથા દૈનિક ખર્ચમાં સહાય મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના જાહેર કરવામાં આવી છે અને આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. જેને આ તબક્કે ઉપસ્થિત સૌ સભ્યોએ સમર્થન આપવું જોઇએ. વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવિષ્ટ પશુપાલન ક્ષેત્રની દરખાસ્તો તથા યોજનાઓ રાજ્યના તમામ વર્ગના પશુપાલકોને પશુ આરોગ્યલક્ષી અને પશુ સંવર્ધનલક્ષી સર્વોત્તમ સેવાઓ પૂરી પાડવાનો સરકાનો નિર્ધાર ચરિતાર્થ થાય છે. આમ, આ તબક્કે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવિષ્ટ પશુપાલન અને ડેરી ક્ષેત્રની તમામ જોગવાઇઓને મારું સમર્થન આપું છું અને આ ડબલ એન્જિનની સરકારને અભિનંદન આપી આભાર માનું છું.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર(દસાડા): માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીના મંદિર એવા સન્માનનીય સભાગૃહ સમક્ષ રાજ્યના કૃષિ મંત્રી માનનીય રાઘવજીભાઇ પટેલ તેમના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને કૃષિ, પશુપાલન અને ડેરી વિકાસ સંદર્ભે મારા વિચારો રજૂ કરું છું. જગના તાત, અન્નદાતા એવા મારા ખેડૂત ભાઇઓને સમયસર સિંચાઇનું પાણી મળી રહે, ખાતર મળી રહે અને યોગ્ય તાંત્રિક માર્ગદર્શન મળી રહે તો ધરતીમાંથી સોનાના મોલ સમાન પાકનું ઉત્પાદન કરવાની ક્ષમતા અને આવડત મારા ગુજરાતનો ખેડૂત ધરાવે છે. ગુજરાતની જનતા જનાર્દને કૉંગ્રેસને જાકારો આપ્યો છે.  કૉંગ્રેસ શાસનના વર્ષ ૧૯૮૬-૮૭ અને ૧૯૮૮ના દુષ્કાળના સમયમાં સરકારની નિષ્ફળતા અને દુષ્કાળની ભયાનક સ્થિતિ ગુજરાતે અનુભવી છે. ભૂખમરાથી લોકો અને પશુઓ ટળવળતાં હતાં, પીવાનું પાણી મળતું ન હતું, મોટા ખેડૂત ખાતેદારો પણ હાથમાં કોદાળી અને પાવડા લઈને રાહત કામે જતા અને શ્રમના બદલામાં પશુ પણ ન ખાય તેવા લાલ કલરના મઠિયા ઘઉં તે સમયની કૉંગ્રેસની સરકાર આપતી તેના આપણે સૌ સાક્ષી છીએ. જ્યારથી ગુજરાતમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે અને તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ વર્ષ ૨૦૦૧થી આ દેશના વડાપ્રધાન બન્યા ત્યારથી દુષ્કાળ એ ભૂતકાળ બની ગયો છે. ગઈકાલે માગણી પરની ચર્ચામાં સન્માનનીય ગૃહના વિરોધપક્ષના ધારાસભ્યશ્રી નર્મદા યોજના કેનાલના નેટવર્ક અને કમાન્ડ એરિયા બાબતની ટિપ્પણી કરી રહ્યા હતા. યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે આ રાજ્યના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીએ એ વખતે ઉપવાસ કરવા પડ્યા હતા કારણ કે આ કૉંગ્રેસે નર્મદાને અવરોધવા માટે, તેમાં રોડા નાંખવામાં કોઈ કસર છોડી ન હતી. આ ગુજરાતમાં નર્મદાના પાણી શ્રી નરેન્દ્રભાઈ મોદીના કારણે આવ્યા છે. હું રણકાંઠાના દસાડા વિધાનસભામાંથી પ્રતિનિધિત્વ કરું છું. ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારે નર્મદાના પાણી ખેડૂતના ખેતરે ખેતરે પહોંચાડ્યા, અમારા સૂકાભઠ્ઠ પ્રદેશમાં ખેડૂતો બે પાક લેતા થયા. જીરા, એરંડા, કપાસ, બાજરી, ઘઉં અને હવે તો બાગાયતી પાકો પણ કરતા થયા છે. તેના કારણે ખેતીની જણસના પોષણક્ષમ ભાવો મળવાના કારણે આજે ખેડૂતોને લીલાલહેર છે. ભૂતકાળમાં ખેડૂતોને સાઇકલ ખરીદવાની ક્ષમતા ન હતી પણ અત્યારે અમારો ખેતમજૂર પણ મોટરસાઇકલ લઇને મજૂરી કરવા જાય છે જ્યારે ખેડૂત ફોર વ્હીલર લઈને ખેતરે જતો થયો છે. આટલી મોટી નર્મદાની કેનાલમાં ક્યાંક-ક્યાંક નેટવર્કમાં થોડી ઘણી ક્ષતિઓ રહી હશે તે અમે સ્વીકારીએ છીએ પણ ગુજરાતની પ્રજા પણ જાણે છે કે એ ક્ષતિઓ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ દૂર કરવાની છે અને ગુજરાતની જનતાને સરકાર પર પૂરો ભરોસો છે. તેના કારણે આજે વિધાનસભા ગૃહમાં અમે ૧૫૬ ધારાસભ્યો અહીંયા બેઠા છીએ. કૉંગ્રેસની સરકારોએ ખેડૂતો અને પશુપાલકોની ચિંતા કરી ન હતી. જે કંઈ કરવાનું બાકી છે તે અમારી માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલની ભારતીય જનતા પાર્ટીની સરકાર જ કરશે અને હવે તો કેન્દ્રમાં પણ દેશના વડાપ્રધાન તરીકે આદરણીય નરેન્દ્રભાઈ મોદી નેતૃત્વ કરી રહ્યા છે ત્યારે મોસાળમાં મા પીરસનાર છે ત્યારે ખેડૂતો અને પશુપાલકોના વિકાસ માટે કોઈ જ કમી રહેવાની નથી. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં ટ્રેક્ટર તથા કૃષિ યંત્રીકરણ માટેના અન્ય સાધનો તેમજ વિવિધ ઓજારોની ખરીદી માટે, વાવણીમાં સુધારેલ બિયારણો માટે, વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને જે નુકસાન થયું છે તે નુકસાન અટકાવવા માટે, ખેતરની ફરતે કાંટાળી તાર, સોલાર ફેન્સિંગ, કૃષિ માટેના વીજ જોડાણો, ખેડૂતોને ખેતીની ઉપજ માટે, ખેડૂતોને ઝીરો ટકા વ્યાજથી રૂ. ૩ લાખ સુધીનું ધિરાણ, પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને દેશી ગાયના નિભાવ ખર્ચ માટે રૂ.૧૦,૮૦૦ની સહાય, વગેરે અનેક પ્રકારની સહાય માટેની યોજનાની જોગવાઈ કરી છે. કૉંગ્રેસના શાસનમાં અમારા સુરેન્દ્રનગર જિલ્લાની સુરસાગર ડેરી મૃતપ્રાય અવસ્થામાં હતી. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી અમારી સુરસાગર ડેરીનું વર્ષ ૨૦૨૧-૨૨નું ટર્ન ઓવર રૂ.૧ હજાર ૪૮ કરોડ થયું છે અને તેનો ચોખ્ખો નફો રૂ.૮.૨૦ કરોડ થયો છે. ૬૭૭ દૂધ-મંડળીઓ, ૬૨ દૂધ ખરીદ કેન્દ્રો તેમજ ૯૪,૫૯૮ સભાસદો સાથે અમારા સુરેન્દ્રનગરમાં દૂધ ક્રાંતિ થઈ રહી છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, સંજયભાઇ કોરડિયા આપનો આજે જન્મદિવસ છે. આપને ''Happy Birthday'' અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આપનું જીવન સુખમય જાય એવી પ્રભુને પ્રાર્થના.

**સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓએ માનનીય સભ્યશ્રીને જન્મદિવસની શુભેચ્છાઓ આપી.**

શ્રી સંજય સુ. કોરડિયા(જૂનાગઢ) :માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીનો અને સભાગૃહના તમામ સભ્યશ્રીઓનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. આપસૌ વડીલોના આશીર્વાદથી, ગુજરાતની જનતા અને આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની વિચારસરણીથી આજે આ સભાગૃહની અંદર આવવાનો મને મોકો મળ્યો છે ત્યારે ફરીથી આ ભારતીય જનતા પાર્ટીની સરકારનો ખૂબ ખૂબ આભાર. માનનીય મંત્રીશ્રીની પજની ચર્ચામાં ભાગ લેતાં આજે આનંદ થાય છે. આજે હું માહિતી અને પ્રસારણ વિભાગ ઉપર મારી વાત રજૂ કરું છું. માનવજાત અને સંસ્કૃતિની રચના થઇ ત્યારથી એક પ્રસારણ અને સંકલ્પ આજુબાજુ વાત કરવાની એક આદતથી શરૂ થયેલી એક વ્યવસ્થા એટલે સંચાર પ્રણાલી. આ પ્રણાલીમાં સંસ્કૃતિના આરંભથી લઇને અત્યારસુધીની પદ્ધતિઓ જોઇએ તો, લોકોએ સમય પ્રમાણે પરિવર્તન કરી માહિતી અને પ્રસારણની વાત આગળ વધારી છે. એક સમય એવો હતો કે સંદેશો પહોંચાડવા માટે એક માણસ બીજા માણસને અવાજ કરે, બીજો માણસ ત્રીજાને અવાજ કરે અને ત્રીજો સાંભળે એમ ચોથા માણસ સુધી આપણે સંદેશો પહોંચાડતા હતા. ચાલીને ગામે-ગામ જતા હતા અને હું જે જૂનાગઢનગરીમાંથી આવું છું એ નરસૈયાની નગરી છે. એક વખત એવો હતો કે, નરસૈયો પોતાની હુંડી લખતો કે, ''મારી હુંડી સ્વીકારો શામળા'' અને ભગવાન શ્રીકૃષ્ણ જે ભૂમિ ઉપર પર વખત આવ્યા છે એ ભૂમિમાંથી હું આવું છું. કહેવાય છે કે, ''જરૂરિયાત શોધખોળની માતા છે'' અને એ પ્રમાણે સમય જતાં અનેક શોધો થઇ અને ટેકનોલોજીનો વિકાસ થયો. પહેલાં બે પગે ઘોડી રાખીને માણસો જતા કે જેથી લાંબા પગલાં ભરી ઝડપથી બીજા ગામ જઇ સંદેશો પહોંચાડી શકાય. આ જ વસ્તુ અત્યારે આપણે સરઘસમાં જોઇ રહ્યા છીએ. પહેલાં ઘોડીનો ઉપયોગ સંદેશાના વાહન માટે થતો હતો અને આજે મનોરંજન માટે થાય છે. સમય જતાં પરિવર્તનો આવતા ગયા અને વિકાસ થતો ગયો. ત્યારબાદ બાજ અને કબૂતરનો સંદેશાવાહક તરીકે ઉપયોગ થતો હતો. ઘણી વખત દરિયામાં ખલાસીઓ જતાં ત્યારે એમને સંદેશો પહોંચાડવા માટે હાથથી લખેલી કાગળની ચિઠ્ઠી પાણીની બોટલમાં નાંખીને મોકલતા અને એ બોટલ તરતી-તરતી આવતી ત્યારે લોકો વાંચતા અને સંદેશા વ્યવ્હારમાં મદદરૂપ થતા. એ પછી ઊંટનો ઉપયોગ થયો. દિવસે-દિવસે પરિવર્તન આવતું ગયું અને આપણે આગળ વધતાં ગયા. અત્યારના યુગમાં મોબાઇલ અને ટેકનોલોજી આવ્યા. જે રીતે ઇ-ગર્વનન્સ એક ટેલિકોમ્યુનિકેશનનું માધ્યમ થઇ ગયું છે. સરકારની યોજનાઓ હોય, સરકારના અલગ-અલગ વિભાગની માહિતી હોય અને લોકો સાથેનો સંપર્ક વધારવા માટેનું માધ્યમ હોય તો એ આ માહિતી અને પ્રસારણ છે. અત્યારે આ ટેલિકોમ્યુનિકેશન ખૂબ સરળ અને સુંદર રીતે આપણે કરી રહ્યા છીએ. આ પરિસ્થિતિમાં માધ્યમ સુધી પહોંચવા માટે પુસ્તકો, ટેલિગ્રામ, મેસેજ અને ઇ-મેઇલ હોય છે. આવા અલગ-અલગ માધ્યમોથી સરકાર અને લોકો વચ્ચે સંપર્કસેતુ બને એ માટે આ પ્રસારણ માધ્યમોનો આપણે ઉપયોગ કરીએ છીએ. દરેક જિલ્લાની માહિતી આપવા માટે ગાંધીનગર ખાતે પ્રચાર-પ્રસાર માટેની વડી કચેરી આવેલ છે અને દરેક જિલ્લામાં પણ આપણું માહિતી કેન્દ્ર આવેલું છે. રાજ્યના પાંચ યાત્રાધામો વિરપુર, અંબાજી, ડાકોર, સોમનાથ અને દ્વારકામાં સરકાર દ્વારા કાયમી પ્રદર્શન કેન્દ્રો થાય છે અને પ્રજાકલ્યાણની યોજનાઓ, રાજ્યની પ્રગતિ અને સાંસ્કૃતિક અસ્મિતાથી પ્રવાસીઓને માહિતગાર કરી શકાય એના માટેની આખી યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી નિયામકની કચેરી દ્વારા શરૂ કરવામાં આવેલ www. gujarat information.gujarat.gov.in વેબસાઇટની આજે ૧ કરોડ ૩૦ લાખ લોકોએ મુલાકાત કરી છે. ખાસ કરીને, આજે આપણે કહી શકીએ છીએ કે, વાવાઝોડું આવે એની અગાઉથી માહિતી આપવામાં આવે છે. જેમ, તાઉતે વાવાઝોડા વખતે સરકારશ્રીએ લોકોને જે રીતે માહિતી આપી એનાથી ઓછું નુકસાન થયું. એ જ રીતે કેન્દ્ર સરકારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં જે દરિયાકિનારાઓએ વાવાઝોડાં આવતાં હોય ત્યારે તેમને અગમચેતરૂપ કરી, આપણે ઘણા જાનમાલની નુકસાની અને લોકોની નુકસાની બચાવી શક્યા છીએ. મને કહેતાં આનંદ થાય છે કે, સંચારના વિવિધ માધ્યમો સાથે જોડાયેલા પત્રકારો માટે ગુજરાત સરકારે પત્રકાર જૂથ વીમા યોજના લાગુ કરી છે. જેમાં, જીવન વીમા નિગમ, ગુજરાત સરકારે ૧૧૫૧ પત્રકારોનું પ્રીમિયમ ભર્યું છે. પત્રકારો તથા તેઓના પરિવારોને મા- અમૃતમ કાર્ડ કોઇપણ આવકની મર્યાદા વગર આપવામાં આવ્યું છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ આ સભાગૃહ સમક્ષ કૃષિ વિભાગની વર્ષ ૨૦૨૩-૨૪ માટે અનુદાનોની જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને કૃષિ વિભાગની માગણી ક્રમાંક-૨ સંબંધમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યનો ખેડૂત વર્ષ ૧૯૯૫ પહેલાં વીજળી અને પાણી વગર ખેતી કરવામાં પારાવાર મુશ્કેલીઓ અનુભવતો હતો. ગામડાઓની પરિસ્થિતિ કપરી બની હતી. ગુજરાત અને ખાસ કરીને, મારું ઉત્તર ગુજરાત રણ બની રહ્યું હતું. આવા સમયે ગુજરાત રાજ્ય એક મજબૂત અને દીર્ઘ-દૃષ્ટિ વાળા નેતૃત્વની તલાશમાં હતું. વર્ષ ૨૦૦૧માં ગુજરાત રાજ્યને શ્રી નરેન્દ્રભાઇ દામોદરદાસ મોદીના રૂપમાં રત્ન મળ્યું જેને ગુજરાત રાજ્યની દિશા અને દશા બદલી નાખી એના આપણે સૌ સાક્ષી છીએ. ગુજરાત એક ભાગ્યશાળી રાજ્ય છે કે જેને આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીનું નેતૃત્વ મળ્યું છે. જેમના સંનિષ્ઠ નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યને વીજળી, પાણી અને આપત્તિ વ્યવસ્થાપનની વિવિધ સુવિધા મળી શકી છે અને

ખેડૂત પગભર થઇ શક્યો છે. આથી હું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આ સમયે ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના સુશાસનમાં કૃષિ ક્ષેત્રે ઉત્તરોત્તર વિકાસ થયો છે. ગુજરાત રાજ્યના ગામડાઓમાં ૨૪ કલાક વીજળી મળતી થઇ છે જેના લીધે ખેડૂત પુત્રો અન્ય પૂરક વ્યવસાય પણ કરતાં થયા છે. ૧૮ ટકાએ મળતું પાક ધિરાણ આજે વગર વ્યાજે સરળતાપૂર્વક મળતું થયું છે. અમારો ખેરાલું વિસ્તાર ફક્ત ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર છે. ખેતી, ખેડૂત અને ગામડાનો વિકાસ કરવા માટે ખેતી અને પશુપાલન સિવાય અન્ય ગ્રામ્ય ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળવું જરુરી છે. મને સન્માનનીય સભાગૃહના તમામ સભ્યશ્રીઓને જણાવતાં આનંદ થાય છે કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝન અને પ્રયત્નથી અમારા અતિ પછાત ખેરાલુ વિસ્તારમાં આવેલ ધરોઇ ડેમને રૂપિયા ૨૫૦૦ કરોડના ખર્ચે કચ્છના સફેદ રણની જેમ અને સરદાર સરોવર ડેમ ઉપરના સ્ટેચ્યૂ ઓફ યુનિટીની જેમ પ્રવાસન ધામ કરી ડેવલપ કરવાનું છે. ધરોઇ ડેમ ખાતે બોટનિકલ ગાર્ડન, રિવરફ્રન્ટ, શિપલેન્ડ લેન્ડિંગ, ટેન્ટ સિટી, બોટિંગ, ફલોટિંગ વિલા અને ફાઇવ સ્ટાર રિસોર્સ વિગેરે પ્લાનિંગ સાથે આ વિસ્તારના અસંખ્ય લોકો માટે રોજગારીનો અવસર ઊભો થવાનો છે. એ બદલ હું માનનીય વડાપ્રધાનશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ રાજ્યની સરકારે અમારા ખેરાલુ વિસ્તારમાં ધરોઇ ખાતે આવેલ સાબરમતી જળાશયથી પમ્પિંગ કરી મારા વિસ્તારના ગામોના તળાવોમાં પાણી પહોંચાડવા રૂપિયા ૩૧૭ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જે બદલ હું વ્યકિતગત રીતે અને અમારા વિસ્તારના ખેડૂતો વતી સરકારશ્રીનો આભારી છું અને આ પ્રસંગે હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને માનનીય સિંચાઇ મંત્રી શ્રી કુવરજીભાઇ બાવળીયાનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા કિસાન મોરચાની પ્રદેશની ટીમ દ્વારા બજેટ પહેલા માનનીય કૃષિમંત્રીશ્રી અને તેમના વિભાગના અધિકારીઓ સાથે બેઠક થઇ હતી. જેમાં કૃષિમંત્રીશ્રીએ અમારાં સૌનાં સૂચનો ધ્યાને લીધાં હતાં અને ખેડૂતોની વિવિધ યોજનાઓ અને અગત્યના ઘટકો માટે ખેડૂતો અને પશુપાલકો માટે આ બજેટમાં માતબર રકમની જોગવાઇ કરી એ માટે હું કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે કૃષિ ઉત્પાદનોને વેલ્યુ એડિશનને વેગ મળે અને નવી પેઢી ખેતીને ઉદ્યોગ તરીકે વિકસાવે એ માટે પણ સારો પ્રયત્ન કર્યો છે. કેન્દ્ર સરકારની સાથે સાથે રાજય સરકારે પણ એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ એકમોને પ્રોત્સાહન આપવા માટેની જોગવાઇ કરી છે. એવા એકમો ગ્રામ્ય કક્ષાએ રોજગારીના સ્ત્રોત તરીકે ઉભરી આવશે. એ બદલ હું સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલ વિકાસની કેડી ઉપર ગુજરાતને સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યાં છે. જેનો મને આનંદ છે કે આ બજેટમાં સરકારે જગતના તાતની ખૂબ ચિંતા કરી છે. એક ખેડૂત હોવાના નાતે આ તબક્કે હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો ફરી એકવાર હૃદયપૂર્વક આભાર પ્રગટ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓ કૃષિ વિકાસને વેગ આપવા, ખેડૂતોને અત્યાધુનિક અને પ્રાકૃતિક ખેતી તરફ દોરી જવા તેમજ તેઓને આત્મનિર્ભર બનાવવા માટે થયેલ ખર્ચ ખૂબ જ યથાર્થ છે. એ માટે હું આ માગણીને સમર્થન આપું છું અને સર્વાનુમતે પસાર થાય એવી અપેક્ષા રાખું છું. જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે કૃષિ, પશુપાલન અને ડેરી ઉદ્યોગની માગણીઓ લઇને આવ્યા છે, એમાં હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આપણે જોઇએ તો પહેલા, ૩૦ વર્ષ પહેલા હું સૌરાષ્ટ્રના જૂનાગઢ બાજુ ગયો હતો, કચ્છ બાજુ પણ ગયો હતો. એ વખતે ધરતી ખૂબ સૂકી ભઠ્ઠ હતી. ત્યાંના પશુપાલકો છેક આપણા મહીસાગર, તાપી અને નર્મદા બાજુ જતા હતા. આજે ત્યાં બદલાવ આવ્યો છે. હમણાં જ સુરેન્દ્રનગર કાર્યશાળામાં ભારતીય જનતા પાર્ટીમાં જવાનું થયું ત્યારે બિલકુલ હરિયાળો એ પ્રદેશ જોયો. આજે સમગ્ર ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં સૌની યોજના દ્વારા અને નર્મદા કેનાલો દ્વારા અને કચ્છમાં પણ છેક રણ સુધી આપણા આદરણીય વડાપ્રધાન મોદી સાહેબે એ વખતે તેઓ મુખ્યમંત્રી હતા અને અત્યારે આપણા મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ સાહેબ અને અન્ય મંત્રીશ્રીઓ છે, એમણે જે આ કાર્ય ઉપાડયું છે. અહીંયા હમણાં શ્રી અર્જુનભાઇ વાત કરતા હતા કે ખાતર મળતું નથી કે મોંઘું છે. બહુ વાતો કરી. આપણા દીર્ઘદ્રષ્ટિવાળા જેને કહેવાય, કે આજે ફકત ગુજરાત નહીં, ભારત નહીં પણ દુનિયાના દેશોમાં જેમનો ડંકો વાગ્યો છે, એવા આદરણીય વડાપ્રધાન મોદી સાહેબે આ ગુજરાતને ખૂબ જ આપ્યું છે. ખૂબ જ આપ્યું છે. ૩૦ વર્ષના ગાળામાં ગામડાના રસ્તાઓ જુઓ, સિંચાઇની યોજનાઓ જુઓ એ બધું જ જોઇ શકાય છે. એટલા માટે થઇને એમણે પ્રાકૃતિક ખેતી તરફ દષ્ટિ કરી. કે ગુજરાતના ખેડૂતની આવક કેમ બમણી થાય. સરહદ ઉપર પંજાબમાં કેટલાક ખેડૂતો જે બીજા દેશની સહાય લઇને મોદી સાહેબ સામે મોરચો માંડ્યો હતો. એ એક વર્ષ સુધી ચાલ્યું, પણ આજે અડગ રહીને, મક્કમ રહીને એમણે ગુજરાતના વિકાસ માટે અડીખમ રીતે બધી યોજનાઓ આપતા ગયા છે. પ્રાકૃતિક ખેતી એવી ખેતી છે કે મહારાષ્ટ્રમાં, હિમાચલ પ્રદેશમાં અને આંધ્ર પ્રદેશમાં આ પ્રાકૃતિક ખેતીની શરૂઆત થઇ ગયેલી છે. એટલા માટે થઇને આપણા રાજયપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ જે

મહાત્મા મંદિર છે, એમાં ૧૦ હજાર જેટલા ખેડૂતો અને અધિકારીઓ સાથે આ પ્રાકૃતિક ખેતીના પ્રચાર અને પ્રસાર માટે બેઠક કરી અને અને એ રીતે આપણે જોઇશું તો આપણા રાજયના જે રાજયપાલ છે, માનનીય આચાર્ય દેવવ્રત. તેઓ પણ એમાં ખૂબ જ રસ ધરાવે છે કે પ્રાકૃતિક ખેતી થાય. એના થકી ખેડૂતો વધારે પાક પકવવા માટે રાસાયણિક ખાતરો અને જીવ જંતુનો નાશ કરવા માટે ઝેરી દવા છાંટતા હતા તેનાથી આ ધરતીને નુકસાન થતું હતું અને ધરતીમાં ઉત્પાદન માટેની ફળદ્રુપતા ઘટી જતી હતી. આજે એ જ ધરતીને બચાવવા માટે આપણા રાજયપાલશ્રી અને આપણા મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી માટેની વાત કરી છે. આપણા વડાપ્રધાન મોદી સાહેબે પણ પ્રાકૃતિક ખેતી માટે ખૂબ જ ઘ્યાન રાખ્યું છે. અને એમણે ૧૧મી માર્ચ ૨૦૨૨ના રોજ ગુજરાતની પંચાયતોનું એક મહા સંમેલન રાખ્યું હતું અને એમાં પણ દરેક ગામમાં ૭૫ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરે તેવી વાત કરી હતી. અહીંયા આપણે જોઇશું તો આ પ્રાકૃતિક ખેતીમાં ખાતર કે દવાની કોઇ જરૂર પડતી નથી. આમ ખાતર અને દવાનો ખર્ચ થતો નથી. એનું રેખર તારણ કાઢયું અથવા દ્રષ્ટાંત દીધું કે જંગલમાં જે વૃક્ષો છે તેને કોઇ ખાતર નથી નાખતું કે એમાં કોઇ દવાનો છંટકાવ નથી કરતા છતાં એ સરસ મજાના ફળ આપે છે અને વિકસે છે. એ જ રીતે આ પ્રાકૃતિક ખેતી ગુજરાતમાં કરવી જોઇએ. આપણા વડાપ્રધાનશ્રી અને આપણા મુખ્યમંત્રીશ્રીએ શરૂઆત કરાવી અને રાજયપાલશ્રી તો ખૂબ જ માર્ગદર્શન આપે છે કારણ કે પોતે ખેતી ધરાવે છે. આપણા કેન્દ્રીય ગૃહ મંત્રી આદરણીય અમિતભાઇ શાહ સાહેબ, એમના માટે આપણે જોઇએ તો ગૃહ મંત્રી ખરા પણ સાથે સાથે સહકારીતા વિભાગ પણ નવો એમને સોંપવામાં આવ્યો અને પ્રાકૃતિક ખેતી માટે થઇને તેઓ જયારે જયારે ગુજરાતની મુલાકાત લે છે ત્યારે પ્રાકૃતિક ખેતી માટે જિલ્લાનું તંત્ર પણ ઘ્યાન આપે તેવી વાત કરે છે. અને આ રીતે પ્રાકૃતિક ખેતી આગળ વધી રહી છે. એ જ રીતે આપણા રાજયપાલશ્રીએ દેશી ગાય વસાવવાની પણ વાત કરી છે. તો દેશી ગાય માટે પણ આપણી રાજય સરકાર વર્ષે ૯૮૦૦ રૂપિયા આપે છે. આ પ્રાકૃતિક ખેતી એ ખરેખર ઓર્ગેનિક ખાતરથી થાય, છાણીયા ખાતરથી થાય અને તેનાથી માનવીને રોગો ન થાય એ પણ વાત કરી છે. પંજાબની અંદર ભટીંડા છે અને ત્યાંથી નજીક રાજસ્થાન થાય છે, ભટીંડાથી એક ટ્રેન કાયમ રાજસ્થાન જાય છે. એર ટ્રેઇનનું નામ જ કેન્સર રાખ્યું છે. કારણ કે પંજાબમાં લોકોને કેન્સર વધારે થાય છે અને એ લોકો આ ટ્રેઇનમાં બેસીને જાય છે ત્યારે આ ટ્રેનનું કેન્સર ટ્રેન એવું નામ પાડવામાં આવેલું છે. અહીંયા આપણા રાજયપાલશ્રીએ કહ્યું છે કે તમે પ્રાકૃતિક ખેતી તો કરો પણ આ જ રીતે અનાજ પણ સારું વાવો.

ઉપાઘ્યક્ષશ્રી : શ્રી માનસિંહજી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી લવિંગજી.

શ્રી લવિંગજી મુ. સોલંકી(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ સાહેબ આ ગૃહ સમક્ષ કૃષિ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને કૃષિ વિભાગની માગણી ક્રમાંક ૨ સંબંધિત હું મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત એ જગતનો તાત છે અને આપણો દેશ ભારત એ ખેડૂત પ્રધાન દેશ છે. એટલે, ભારતના યશસ્વી વડાપ્રધાન આદરણીય મોદી સાહેબે પણ ખેડૂતોની વાત કરી છે અને શ્રી રાઘવજીભાઇ જે માગણી લઇને અહીં આવ્યા છે તેને હું અનુમોદન આપું છું. કારણ કે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ૨૧૬૦૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે તેને હું અનુમોદન આપું છું. ખરેખર હું એક છેવાડાનો વિસ્તારમાંથી આવું છું, મારો વિસ્તાર બોર્ડરનો વિસ્તાર રાધનપુર વિસ્તાર છે. પહેલા આ વિસ્તાર બિલકૂલ સૂકો ભઠ્ઠ હતો પણ મોદી સાહેબ સને ૨૦૧૪માં વડાપ્રધાન બન્યાના ૧૭મા દિવસે સરદાર સરોવર ડેમના દરવાજા ચડી ગયા અને મારો વિસ્તાર જે સાંતલપુર છે એ તો હરિયાળો બન્યો પણ છેક કચ્છ અને સૌરાષ્ટ્ર સુધી પાણી પહોંચ્યા એ બદલ હું તેમને કોટિ કોટિવાર વંદન કરું છું, કારણ કે આ તો મહાપુરુષ જેવા માણસ છે, ભલા માણસ. મારે બીજાં કોઇની વાત કરવાની નથી. હું તો ગુરુમુખી માણસ, કોઇની કાપતો નથી, પણ ૨૫-૩૦ વર્ષ પહેલાં મારા પરશુમથી રાધનપુર આવવાનું હોય તો દોઢ કલાક થતો. જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આખા ગુજરાતમાં ખેડૂતોની ધરતીને લીલી છમ કરી દીધી તે માટે શ્રી મોદી સાહેબ અને કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું. પ્રજાના કાર્યો કરે છે. પહેલાં ભારતીય જનતા પાર્ટી શહેરોમાં હતી પણ ખેડૂતલક્ષી કામ કર્યાં, છેક ગામડાં સુધી પ્રસરી ગઇ અને ૧૫૬ અહીં આવ્યા છે. ૧૫૬ લોકસેવક છે. લોકોના કામ કરે છે. લોકો વચ્ચે જાય છે અને વર્ષ ૨૦૨૪માં હું માનું છું ૪૦૦ પ્લસ થવાના છે. મને બોલવાની તક આપી તે બદલ આપનો આભાર.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ મારા વિભાગની માગણીઓ પરની ચર્ચામાં ખેડૂત પરિવારના હિત, ગામડાંના લોકોના ઉત્કર્ષ માટે અને સામાન્ય પ્રજાજનની સેવા માટે ઉત્સાહપૂર્વક માગણીઓ પરની ચર્ચામાં ભાગ લઇ આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ માનનીય શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, શ્રી હેમંતભાઇ ખવા, શ્રી જયદ્રથસિંહભાઇ પરમાર, શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલ, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, શ્રી અક્ષયભાઇ પટેલ, શ્રી અનિકેતભાઇ ઠાકર, શ્રી સંદિપભાઇ દેસાઇ, શ્રી કિરીટસિંહ ડાભી, શ્રી કાળુભાઇ ડાભી, શ્રી પરસોત્તમભાઇ પરમાર, શ્રી સંજયભાઇ કોરડીયા,શ્રી સરદારભાઇ ચૌધરી, શ્રી માનસિંહજી ચૌહાણ અને છેલ્લે છેલ્લે સન્માનનીય સભ્ય અને મારા મિત્ર ભાઇશ્રી લવિંગજી ઠાકોરે પોતાનાં સૂચનો, ખાતાની કામગીરી અને સરકારની કામગીરી વિશેના પ્રતિભાવો અને કોઇએ ખાતા અંગે રહેલી ખામીઓ પ્રત્યે પણ નિર્દેશ કર્યો. આ તમામ સન્માનનીય

સભ્યશ્રીઓની જે લાગણી છે, માગણીઓ છે તેની મેં નોંધ લીધી છે અને તેમાં જેટલું જેટલું પોઝિટિવ થઇ શકે એ તમામ કાર્યવાહી હું હાથ ધરીશ તેની સન્માનનીય સભ્યશ્રીઓને હું ખાતરી આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું એક સપનું છે, એક કલ્પના છે. આઝાદીનાં આટલાં વર્ષો પછી કોઇ વડાપ્રધાનશ્રીએ ખેડૂતોની આવક ડબલ કરવાની જાહેરમાં વાત કરી હોય તો એવા એક માત્ર આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળ જ્યારે આપણો દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે અને એવા સમયે કે જ્યારે જી-૨૦નું અધ્યક્ષપદ પણ આપણા દેશના ફાળે આવ્યું છે ત્યારે ગુજરાતના વિકાસને વધુ વેગવંતો બનાવવો, ખેડૂતો, પશુપાલકો, માછીમારો વધુ સમૃદ્ધ બનાવવા એ અમારી સરકારની પ્રાથમિકતા છે. ગુજરાત એક એવું રાજ્ય છે જ્યાં રાજ્યની અર્થવ્યવસ્થામાં કૃષિનો નોંધપાત્ર હિસ્સો છે. ગુજરાત સરકારની ખેડૂત કેન્દ્રિત નીતિઓ અને તેનું અમલીકરણ ક્રાંતિકારી પરિવર્તન લાવ્યા છે. છેલ્લા બે દાયકાઓમાં રાજ્ય સરકારે અનેક નીતિ વિષયક નિર્ણયો લીધા, જેના થકી કૃષિ, બાગાયત, પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગને લગતા ઉદ્યોગો મજબુત બન્યા છે. જેના પરિણામે આ દેશમાં વ્યાપાર અને રોજગારીની અનેકવિધ તકો ઊભી થઇ છે. ખેતી એ માત્ર વ્યવસાય નથી પણ જીવન જીવવાની રીત છે. કૃષિ દેશના આર્થિક વિકાસની કરોડરજ્જુ છે અને તેથી જ કૃષિ સર્વ વ્યવસાયની જનની છે જેના આધારે દેશના વિકાસની બુલંદીઓનું ચણતર થાય છે અને તેથી જ આપણા સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કૃષિની ઉન્નતિ થકી આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા ખેડૂતોની આવક બમણી કરવાનું આહવાન કર્યું છે. જેને અનુસરીને આ રાજયના મૃદુ અને મક્કમ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને તેને સંલગ્ન ક્ષેત્રોના વિકાસ માટે વિશેષ રસ દાખવી રહ્યા છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ખેતીના ઉત્કર્ષ માટે અનેકવિધ સહાય, સબસિડી આપી રહી છે જેનો હું ટૂંકમાં ઉલ્લેખ કરું તો રાજયના ખેડૂતોને ખાતર માટે અંદાજિત રૂપિયા ૧૧૩૬૦ કરોડની સબસિડી પ્રાપ્ત થાય છે. આયાતી યુરિયાની થેલી ખેડૂતને માત્ર રૂ.૨૬૬ રૂપિયા અને ૫૦ પૈસામાં પડે છે પણ આ બેગ પાછળ બે હજાર રૂપિયાની સબસિડી કેન્દ્ર સરકાર ચૂકવે છે. તેવી જ રીતે ખેડૂતોને ડી.એ.પી. ખાતરની થેલી રૂપિયા ૧૩૫૦માં મળે છે એની પાછળ રૂ.૨૪૨૧ રૂપિયા અને ૬૫ પૈસાની સબસિડી સરકાર ચૂકવી રહી છે. વીજળીની વાત કરું તો સન ૨૦૨૨-૨૩માં કુલ ૧૦૯૭૦ કરોડ રૂપિયાની માતબર રકમની સબસિડી ખેડૂતોને વીજ બિલમાં રાહત ચૂકવવા માટે જોગવાઇ કરવામાં આવેલ છે, પરિણામે વિદ્યુતશુલ્ક રહિત દરમાં ખેડૂતોએ કૃષિ જોડાણમાં સરેરાશ માત્ર ૬૪ પૈસા પ્રતિ યુનિટની રકમ ચૂકવવાની થાય છે. તેની સામે ઔદ્યોગિક અને વાણિજય વીજ જોડાણમાં સરેરાશ ૭ રૂપિયા અને ૧૬ પૈસા અને રહેણાંક વીજ જોડાણમાં ૫ રૂપિયા અને ૫૬ પૈસા પ્રતિ યુનિટ વીજબિલ મળે છે. આના ઉપરજ તમે કલ્પના કરો કે આ સરકાર ખેડૂતોને વીજ બિલમાં કેવડી મોટી રાહત આપે છે. બિયારણ માટે સહાય આપે છે, સિંચાઇ માટે સહાય આપે છે, ખેત ઉત્પાદનમાં પોષણક્ષમ ભાવ માટે ટેકાની ખરીદી કરે છે. કુદરતી આફતમાં નુકસાની સામે સરકાર સહાય આપે છે. પાકને પશુઓથી રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે સહાય આપે છે. ખેતીમાં યંત્રીકરણ માટે ટ્રેક્ટર, રોટાવેટર જેવાં સાધનો માટે સહાય મળે છે. આધુનિક ખેતી માટે ખેડૂતોને જ્ઞાન અને કૌશલ્યમાં વધારો કરવા માટે સરકાર તાલીમ આપે છે. ટીશ્યુ કલ્ચર જેવી આધુનિક ખેતી માટે સહાય આપે છે. શાકભાજી, ફળ પાકોના વેચાણ સમયે સંરક્ષણ માટે છત્રી જેવી નાની વસ્તુ પણ ખેડૂતોને સહાય માટે આ સરકાર આપે છે. ફૂડ પ્રોસેસિંગ યુનિટો માટે સહાય આપે છે. કઠોળ પાકના ઉત્પાદન માટે સહાય આપે છે. શાકભાજી માટે મંડપ રેલિંગ માટે સહાય આપે છે. રાજ્ય સરકાર પરિસ્થિતિને અનુરૂપ રાજ્ય કે દેશ બહાર દરિયાઇ, હવાઇ કે રોડ માર્ગે જે ખેત ઉત્પાદન જણસીઓની કરવામાં આવે છે એના ટ્રાન્સપોર્ટેશન માટે પણ આ સરકાર સહાય આપવાના નિર્ણયો કરે છે. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના અવિરત વિકાસ થકી ગુજરાત રાજ્યે સમગ્ર દેશમાં એક આગવી ઓળખ ઊભી કરી છે. આજે ગુજરાત દેશના વિકસિત અને સમૃદ્ધ રાજ્ય તરીકેની સિદ્ધિ હાંસલ કરી દેશના બાકીના રાજ્યો માટે દીવાદાંડીરૂપ બન્યું છે. જેના કારણોમાં કેટલાક અગત્યના મુદ્દા પ્રત્યે આ સભાગૃહનું હું ધ્યાન દોરવા માંગું છું. ઓછા સમયમાં અને કાર્યક્ષમ રીતે વધુ વિસ્તારમાં ખેત કાર્યો પૂર્ણ કરી શકાય તે માટે કૃષિ યંત્રીકરણને પ્રોત્સાહન આપવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવે છે. જમીન સ્વાસ્થ્યની જાળવણી માટે સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે. ખેડૂતોને નવીન ટેકનોલોજીથી સુસજ્જ કરવા તાલીમ આપવામાં આવે છે. જળસંકટને નાથવા માટે જળ સંચયના ઘનિષ્ઠ પ્રયાસો કરવામાં આવે છે. સૂક્ષ્મ પિયત પદ્ધતિને પ્રોત્સાહન આપવામાં આવે છે. બજારમાં માંગ આધારીત હાઇટેક બાગાયત ખેતી માટે સહાય કરવામાં આવે છે. ખેત ઉત્પાદનનું મૂલ્ય વર્ધન થાય તેવી કાર્યવાહી કરવામાં આવે છે. દૂધ ઉત્પાદન અને પ્રોસેસિંગ માટે વ્યવસ્થા કરવામાં આવે છે. મત્સ્ય પાલનને પણ પ્રોત્સાહન આપવા માટે અનેકવિધ પ્રયાસો ગુજરાત રાજયને કૃષિ ક્ષેત્રે હોલીસ્ટીક ડેવલપમેન્ટના મોડલ તરીકે પ્રસ્થાપિત કર્યું છે. કૃષિ ક્ષેત્રને સતત પ્રોત્સાહન આપવાની રાજ્ય સરકારની નીતિ અંતર્ગત દર વર્ષે બજેટ જોગવાઇમાં વધારો કરવામાં આવે છે. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રે વર્ષ ૨૦૦૧-૦૨માં બજેટ જોગવાઇ રૂપિયા ૬૭૦ કરોડ જેટલી હતી. જેમાં તોતિંગ વધારો કરીને વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૨૧,૬૦૪ કરોડ બજેટ જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આ રીતે ગત વર્ષની સરખામણીમાં ત્રણ ગણી જોગવાઇ સૂચવવામાં આવી છે. રાજ્યના કૃષિ વિકાસમાં ખેડૂતોનો પરિશ્રમ અને સરકારની પ્રોત્સાહક નીતિઓના સુભગ સમન્વયના કારણે વર્ષ ૨૦૦૪-૦૫માં ગુજરાતનું કૃષિ ક્ષેત્રે એકંદર ઉત્પાદન રૂપિયા ૨૬,૭૪૬ કરોડ હતું તે વધીને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૨ લાખ ૩૭ હજાર કરોડ ઉપર પહોંચ્યું છે. કૃષિ ક્ષેત્રે છેલ્લા બે દાયકામાં થયેલ સિદ્ધિઓની વિગતો સન્માનનીય સભ્યશ્રીઓ સમક્ષ હું

રજૂ કરવા માગું છું. ખાદ્ય ઉત્પાદનમાં ૧૧૦ ટકા જેટલો, તેલીબિયાં ઉત્પાદનમાં ૭૨ ટકા જેટલો અને કપાસ ઉત્પાદનમાં ૩૨૪ ટકા જેટલો વધારો નોંધાયેલ છે. ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં દિવેલા અને મગફળીના ઉત્પાદનમાં પ્રથમ સ્થાને છે. જ્યારે કપાસમાં બીજા સ્થાને છે. મગફળી પાક વાવેતરમાં પ્રથમ સ્થાન ધરાવે છે. પ્રતિ હેક્ટર ઉત્પાદનમાં ચણા અને રાઇમાં દેશમાં બીજા નંબરે છે. બિયારણ વિતરણની વિગતો જોઇએ તો રાજ્યમાં બીજ નિગમ મારફતે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૨૦૫ કરોડના મૂલ્યના ૨ લાખ ૮૬ હજાર ક્વિન્ટલ બિયારણો ખેડૂતોને સહાયક દરે વિતરણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી દ્વારા કરવામાં આવતી નોટિફાઇડ જાતોના બીજ પ્રમાણનની કામગીરી અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ૧ લાખ ૧૯ હજાર હેક્ટર વિસ્તારમાં ૧૭ લાખ ૪૯ હજાર ક્વિન્ટલ બિયારણ વિતરિત કરવામાં આવેલ છે. રાજ્યના વાર્ષિક રાસાયણિક ખાતરની જરૂરિયાત સામે વર્ષ ૨૦૨૨-૨૩ની જરૂરિયાત સામે આજદિન સુધી પર્યાપ્ત ખાતરનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યમાં નેનો યુરિયાની ૧૪ લાખ ૮૪ હજાર બોટલોનું વેચાણ પણ થયેલ છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત અત્યાર સુધી એકંદર ૧૩ હપ્તામાં રૂપિયા ૧૩ હજાર ૪૦૨ કરોડથી વધારે રકમ સીધી લાભાર્થી ખેડૂતના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવેલ છે. પાણીના કરકસરયુક્ત ઉપયોગ હેતુ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિને પ્રોત્સાહન આપવા રૂપિયા ૭૫૦૦ કરોડથી વધુ સહાય આપવામાં આવેલ છે. ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ ખેડૂત અને તેના પરિવારના તમામ સભ્યોને વીમા રક્ષણ હેઠળ આવરી લેવામાં આવેલ છે. અમારી સરકાર જગતના તાતની પડખે કોઇપણ આપતિના સમયે અડીખમ ઊભી રહી છે. વખતો વખત અતિવૃષ્ટ, અનાવૃષ્ટ, વાવાઝોડું અને માવઠાના સમયે ખેતીના પાકને થતા નુકસાનના સમયમાં રાહત આપવા સરકારે રાહત સહાય પેકેજ જાહેર કરેલા છે. ગત ખરીફમાં થયેલ સતત વરસાદના કારણે પાક નુકસાનમાં રાહત આપવા ૧૬ જિલ્લાના ૨૬૨૩ ગામો માટે કુલ રૂપિયા ૬૩૦ કરોડ ૩૪ લાખનું સહાય પેકેજ આ સરકારે જાહેર કરેલ હતું. ટેકાના ભાવની યોજનાની વાત કરું તો ગત રવિ સિઝનમાં રાજ્યમાં ચણાના પાકનું વાવેતર વધતાં સરકાર દ્વારા ૨ લાખ ૮૩ હજાર ખેડૂતો પાસેથી ૫ લાખ ૫૮ હજાર મેટ્રિક ટનથી વધારે જથ્થાના ચણાની ખરીદી રૂપિયા ૨૯૨૧ કરોડથી વધુના મૂલ્યની ખરીદી કરી છે. ચણા, રાયડો, તુવેરના પાકને ટેકાના ભાવે ખરીદી અંતર્ગત ભારત સરકાર તરફથી રાજ્ય માટે ચણા પાક માટે ચાલુ વર્ષે ૩.૮૮ લાખ મેટ્રિક ટન, રાયડા પાક માટે ૧.૨૫ લાખ મેટ્રિક ટન, તુવેર માટે ૧ લાખ મેટ્રિક ટન જથ્થાની મંજૂરી હાલના તબક્કે ટેકાના ભાવે આપેલ છે. આ વર્ષે ખેડૂતોની મગફળી, અડદ, તુવેર, ચણા, કપાસને પોષણક્ષમ ભાવો અપાવવા ટેકાના ભાવે ખરીદીની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. જેના પરિણામે બજારભાવ ઊંચા આવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળ્યા હતા. આપના માધ્યમથી ગૃહના સભ્યોને કૃષિ યાંત્રિકરણ બાબતમાં જણાવવા માગું છું. અમારા સન્માનની સભ્ય શ્રી હેમંતભાઇ ખવાએ વાત કરી. ખેડૂતોને ટ્રેક્ટર ડ્રો પદ્ધતિથી નહીં પણ માગે એને આપો. ચાલુ વર્ષે ફાર્મ મિકેનીઝમ માટે, કારણ કે અત્યારે યાંત્રિક ખેતીનું મહત્ત્વ વધ્યું છે, ખેત મજૂરો મળતા નથી એવા સમયે ખેડૂતો વધુમાં વધુ યાંત્રિક ખેતી તરફ વળતા જાય છે એની માગણીને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ અમે જેટલી નાણાકીય માગણી આ ક્ષેત્રમાં કરી હતી એના પ્રમાણમાં નાણાકીય ફાળવણી કરીને અત્યાર સુધીમાં વાર્ષિક સરેરાશ ૨૩,૦૦૦ ખેડૂતોને ટ્રેકટર સહાય માટે રૂપિયા ૧૧૦ કરોડની સહાય આપવામાં આવતી હતી.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

તેની સામે બહોળા ખેડૂત સમુદાયની માગણી ધ્યાનમાં લઇ આગામી વર્ષ માટે આશરે ૭૫,૦૦૦ ખેડૂતોને આવરી લેવા ટ્રેક્ટર ખરીદી સહાય માટે રૂપિયા ૩૭૫ કરોડની માતબર જોગવાઇ આ માગણીમાં સૂચવેલ છે. એવી રીતે તમામ પ્રકારે અત્યાર સુધીમાં ફાર્મ મશીનરી માટે વાર્ષિક ૩૯,૦૦૦ ખેડૂતોને રૂપિયા ૧૨૦ કરોડ રકમની સહાય આપવામાં આવતી હતી. તેની સામે આ વર્ષે ૬૮,૦૦૦ ખેડૂતોને કૃષિ યાંત્રિકરણ વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા માટે રૂપિયા ૨૪૦ કરોડની જોગવાઇ આ બજેટમાં સૂચવેલછે. દર વર્ષે કૃષિ યાંત્રિકરણ માટે ખેડૂતોને સહાય અરજીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો હોવાથી રાજ્ય સરકારશ્રી દ્વારા યોજનાનો લાભ મેળવવા માગતા તમામ ખેડૂતોને આવરી લેવા બજેટની જોગવાઇમાં માતબર વધારો કરી કુલ રૂપિયા ૬૧૫ કરોડની જોગવાઇ આના માટે કરવામાં આવેલ છે. એવી રીતે કાંટાળા તારની વાડની યોજના, રોઝ અને જંગલી પશુઓથી થતા નુકસાન સામે રક્ષણ આપવા ગત વર્ષની જોગવાઇ રૂપિયા ૧૨૦ કરોડની સામે આગામી વર્ષે રૂપિયા ૪૦૦ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ સૂચવવામાં આવી છે અને આ રકમમાં સાડા ત્રણ ગણો વધારો કરવામાં આવ્યો છે. કાંટાળા તારની વાડની યોજનામાં એક બીજી યોજના છે. વર્ષ ૨૦૨૩-૨૪ની યોજના હેઠળ રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ તેમજ અત્યાર સુધી કાંટાળા તારની વાડ બનાવવા માટે પાંચ હેક્ટર સુધી ક્લસ્ટર બનાવવામાં આવતું હતું અને મંજૂરી આપવામાં આવતી હતી. ખેડૂતોની માગણી હતી કે આ ક્લસ્ટર વિસ્તારની મર્યાદામાં ઘટાડો કરો. એટલે સરકારે એવું નક્કી કર્યું છે કે એક હેક્ટર વિસ્તારમાં હવે પછી ક્લસ્ટર જાહેર કરીને નવી અરજીઓ મંજૂર કરવામાં આવશે. એટલે નાનામાં નાના ખેડૂત ખાતેદારને પણ જો પોતાને કાંટાળી તારની વાડ બનાવવા સહાય માટે અરજી કરે તો એની અરજી સહેલાઇથી મંજૂર થઇ શકશે. એવી જ રીતે સોલાર ફેન્સિંગ એ પણ કાંટાળા તારની વાડનો ભાગ છે એના માટે રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરીને ખેડૂતોના પાકનું રક્ષણ થાય અને એના સામે રક્ષણ આપવા તારની વાડો બનાવવા માટે વધારેમાં વધારે રૂપિયા રાજ્ય સરકારે આ બજેટમાં ફાળવણી કરી છે.

## તા.૧૪મી માર્ચ, ૨૦૨૩

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, હાઈટેક ટેકનોલોજી, ગુજરાતની ખેતી અને ખેડૂત હાઈટેક ટેનોલોજીથી સૂસજ્જ થઇ રહ્યા છે. જેનો વિશેષ ઉલ્લેખ કરતા મને આનંદ થઇ રહ્યો છે કે, ગુજરાતનો ખેડૂત સરકારી યોજનાનો લાભ લેવા આઇ-ખેડૂત પોર્ટલનો ઉપયોગ આંગળીના ટેરવે કરી રહ્યો છે. ઘરે બેઠા યોજના માટે અરજી કરવા ખેડૂતને સ્માર્ટ ફોનની ખરીદી કરવા પણ સહાય આપીએ છીએ. એનાથી આગળ વધતા ઓનલાઇન કરેલી અરજીની સહાય સીધી ખેડૂતોના ખાતામાં જમા થઇ રહી છે. ખેતરમાં જંતુનાશક દવાઓના અને ફર્ટીલાઇઝરના છંટકાવ માટે અદ્યતન ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ ગુજરાતના ખેડૂતો માટે સહેલાઇથી ઉપલબ્ધ થઇ રહ્યો છે. આમ, આઇ-ખેડૂત પોર્ટલ, સ્માર્ટ ફોન, ડ્રોન ટેકનોલોજીથી છંટકાવ, નેનો ફર્ટિલાઇઝર અને સીધી બેંક ખાતામાં સહાય જેવી સગવડો ગુજરાતની ખેતીનું અભિન્ન અંગ બની રહ્યા છે. એટલે જ કહુ છું કે દેશ બદલાઇ રહ્યો છે, ગુજરાત આગળ વધી રહ્યું છે અને મક્કમ ઇરાદા સાથે આપણી આગેકૂચ ચાલુ છે. પ્રાકૃતિક ખેતીની વાત કરું તો ગુજરાત રાજ્યમાં પ્રાકૃત્તિક ખેતીનો વ્યાપ વધે એ માટે સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકી પ્રાકૃત્તિક કૃષિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૧,૮૫,૦૦૦થી વધુ લાભાર્થી ખેડૂતોને ગાય નિભાવ માટે રૂપિયા ૧૦૮૮૯ લાખની સહાય આપવામાં આવી છે. ડાંગ જિલ્લાના સંપૂર્ણ રસાયણમૂક્ત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને હેકટરદીઠ રૂ.૧૦૦૦૦ની વાર્ષિક નાણાકીય સહાય આપવામાં આવી રહી છે. આગામી નાણાકીય વર્ષ માટે અમે કેટલીક નવી પહેલ કરવા જઇ રહ્યા છીએ. વર્ષ ૨૦૨૩ને ઇન્ટરનેશનલ ઇયર ઓફ મિલેટ્સ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. તેને ધ્યાને લઇ રાજ્યમાં મિલેટનો વાવેતર વિસ્તાર વધારવા ખેડૂતોના પ્રોત્સાહન અને પ્રચાર, પ્રસાર માટે વર્ષ ૨૦૨૩-૨૪ માટે નવી બાબત તરીકે રૂ.૩૫ કરોડની જોગવાઇ સૂચવેલ છે. વધુમાં ખેડૂતો બાજરી પાકનું ઉત્પાદન કરે તે માટે પ્રોત્સાહનરૂપે ક્વિન્ટલદીઠ રૂ.૩૦૦ની બોનસ સહાય પણ ચૂકવવામાં આવનાર છે. રાજયના ખેડૂતો ટેકનોલોજી તરફ વળે અને તેની આવકમાં વધારો થાય તેમજ કૃષિને ટકાઉ બનાવવાના હેતુસર નવી બાબત તરીકે સ્માર્ટ ફાર્મિંગ માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. ખેતીમાં વિસ્તરણ પ્રવૃત્તિ ખૂબ જ અગત્યની છે. રાજય સરકાર દ્વારા આ હેતુને વધુ અસરકારક રીતે પૂર્ણ કરવા આ બજેટમાં રૂ.રરપ લાખની જોગવાઇ એક સંકલિત ટ્રેનિંગ ફોર એગ્રીકલ્ચર લેન્ડિંગ એન્ડ ઇન્ટીગ્રેશન મિશન માટે કરવામાં આવે છે. ઇન્ડેક્ષ-એ ની સ્થાપના એગ્રો અને ફુડ પ્રોસેસિંગને સનરાઇઝ એન્ડ ટ્રસ્ટ સેકટર તરીકે ઓળખવામાં આવે છે. સંસ્થાકીય રીતે કૃષિ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે એક વિશિષ્ટ અભિગમ તરીકે ઇન્ડેક્ષ-એની નવી યોજનાની જાહેરાત કરતા હું આનંદની લાગણી અનુભવું છું. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં તમામ ટેક હોલ્ડર સબંધિતો માટે મધ્યસ્થ પોર્ટલ તરીકે એટલે એક સીંગલ કોન્ટેકટ પોઇન્ટ તરીકે કામ કરશે. ગુજરાતના ખેડૂત અને ખેતીને ઉન્નત બનાવવા સરકાર તમામ પાસાઓ ઉપર વિચારણા કરી આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે. આવનારા ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા અને તેને અનુરૂપ ખેતીને આ આધુનિકતા તરફ લઇ જવા અમે કમર કસી છે. સમયની માંગ અનુસાર ધરતીપુત્રને વધુ ઉન્નત, વધુ અદ્યતન બનાવવા સ્માર્ટ ખેતી તરફ વાળવા માટે સ્માર્ટ યુગ અમને પ્રેરિત અને માર્ગદર્શિત કરી રહ્યો છે. એ દિશામાં આગળ વધવા અમે પ્રયાણ કર્યું છે. તેથી આવનાર સમયમાં કૃષિ સંશોધનો અને કૃષિ યંત્રીકરણ તરફ જોક વધારવા માટે નવીન ટેકનોલોજીના વિસ્તરણનું ધ્યેય રાખવામાં આવ્યું છે. રાજયની કૃષિ યુનિવર્સિટીઓ વિશે વાત કરું તો રાજયની ચાર કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતી કૃષિ શિક્ષણ, કૃષિ સંશોધન અને કૃષિ વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિને વેગવંતી બનાવવા માટે રાજ્ય સરકારે આ વર્ષે રૂ. ૮૬૧ કરોડ જેટલી માતબર રકમ બજેટમાં સૂચવી છે. મગફળીની ખૂબ જ ઓછા સમયમાં નવી જાત વિકસાવી શકાય તેવો નવો સંશોધન કાર્યક્રમ ગુજરાત રાજયમાં પ્રથમ વખત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે હાથ ધરાનાર છે. અદ્યતન કૃષિ મશીનો અને ડ્રોન ઉપકરણો સાથે કોમ્પ્યુટર વિઝન અને આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ અંગેના સંશોધન કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવનાર છે. આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા આણંદ રસરાજ કેરીની નવી જાત વિકસાવેલ છે. જે અન્ય પ્રચલિત જાતો કરતા વધારે ઉત્પાદન આપે છે અને રેસાનું પ્રમાણ પણ ખૂબ ઓછું છે. રાજયમાં દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર, પંચમહાલ અને નર્મદા જિલ્લામાં ગાયની ડગરી ઓલાદની પણ ઓળખ પ્રસ્થાપિત કરેલ છે. યુનિવર્સિટીઓ દ્વારા ઘઉં, મગફળી અને મકાઇ જેવા પાકો માટે વધુ પોષક તત્વો ધરાવતી જાતોનું સંશોધન પણ કરવામાં આવેલ છે. હું હવે બાગાયત ક્ષેત્રની વાત આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. સરકારશ્રીના અથાગ પ્રયત્ન અને ખેડૂતોના પરિશ્રમ થકી વર્ષ ૨૦૦૧-૦૨થી વર્ષ ૨૦૨૧-૨૨ સુધી બાગાયત પાકો હેઠળનો કુલ વિસ્તાર ૬.૯૨ લાખ હેકટરથી વધીને ૧૮.૯૦ લાખ હેકટર થતા તેમાં ૧૭૩ ટકા જેટલો વધારો થયો છે. બાગાયત ખેતી ફકત આજીવિકાનું સાધન નહીં પણ એક વ્યવસાય તરીકે અપનાવાઇ રહી છે. બાગાયતી ખેતી પૌષ્ટિક ખોરાક અને વધુ નિકાસ વળતરની ખાતરી આપે છે. રાષ્ટ્રને પાંચ ટ્રિલિયન ડોલર અર્થવ્યવસ્થા બનાવવા માટેની ગુજરાત સરકારશ્રીની ટાસ્ક ફોર્સ કમિટીની વ્યૂહ રચનામાં બાગાયતી પાકો અને તેને લગતા ઉદ્યોગોની રૂચિ માટે મહત્ત્વનાં સૂચનો માગવામાં આવ્યાં છે. બાગાયતી યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૪૯૩.૭૮ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. બાગાયતી ખેતીમાં નવી યોજના વિશે વાત કરું તો બાગાયતી ખેતીમાં પ્લાન્ટિંગ મટિરિયલ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. તેના મહત્ત્વને ધ્યાનમાં લઇ પ્લાન્ટિંગ મટિરીયલ માટે સહાય આપવા, ફળ પાક ઉત્પાદકતા વધારવાના કાર્યક્રમ હેઠળ ૪૫ કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવેલ છે. બાગાયતી પાકોમાં કાપણી પછીનો બગાડ અટકાવવા ખેતરમાં માળખાકીય સુવિધા ઊભી કરવા નવી બાબત તરીકે ૪૦ કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. ભારત સરકારના વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં આત્મનિર્ભર ક્લિન પ્લાન્ટ પ્રોગ્રામ હેઠળ નવી બાબત તરીકે રજૂ

થયેલ છે. જેના પગલે રાજ્યમાં બાગાયતી પાકોના ઉચ્ચ ગુણવત્તાયુક્ત ધરુ, રોપા અને કલમોનો ઉછેર અને ઉપલબ્ધતા સુનિશ્ચિત કરાવવા સરકારશ્રી દ્વારા સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. શહેરી યુવાનોને રોજગારલક્ષી માળીકામની કૌશલ્યવર્ધન તાલીમ આપવા માટે અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ હેઠળ રૂપિયા ૩.૨૪ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. સરકારના પ્રયાસો અને ખેડૂતોના પરિશ્રમથી ગુજરાતે બાગાયત ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓથી આ ગૃહને અવગત કરાવવા માગું છું. પપૈયાં, ચીકુ અને વરિયાળીના વાવેતર વિસ્તારમાં દેશમાં પ્રથમ ગુજરાત છે. વરિયાળી, જીરું, ભીંડા અને ચીકુના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ, કેળાં, દાડમ અને પપૈયાંના ઉત્પાદનમાં દેશમાં દ્વિતીય, બટાટાના ઉત્પાદનમાં દેશમાં દ્વિતીય. દાડમ, જીરું, ડુંગળીના ઉત્પાદકતામાં દેશમાં ત્રીજું સ્થાન આપણું ગુજરાત ધરાવે છે. ગુજરાત પાસે પોતાની આગવી ઓળખ કહી શકાય તેવી વૈશ્વિક સ્તરે આગવું સ્થાન ધરાવતા બાગાયતી ઉત્પાદનોમાં ગીરની કેસર કેરી, કચ્છની ખારેકનો સમાવેશ થાય છે. સેન્ટર ઓફ એક્સલન્સના માધ્યમથી ખેડૂતો અદ્યતન ટેકનોલોજીથી માહિતગાર થઇ રહ્યા છે. પરિણામે રક્ષિત ખેતી, ટપક સિંચાઇ પદ્ધતિ, ફર્ટિગેશન અને અદ્યતન ધરૂ ઉછેર દ્વારા ખેડૂતો ખેતી કરીને આવક વધારી રહ્યા છે. તે માટે રાજ્યમાં સાત સેન્ટર ઓફ એક્સલન્સ કાર્યરત છે. વધુમાં રાજ્યમાં બીજા છ સેન્ટર ઓફ એક્સલન્સ નવનિર્માણ પામી રહ્યા છે. વેલ્યુએડીશનની વાત કરીએ તો ફળો અને શાકભાજીમાં મૂલ્યવર્ધન કરવા કૌશલ્યવર્ધન તાલીમ વર્ગો અને નાના પાયે પ્રોસેસિંગ મશીનરીની ખરીદીમાં સહાય આપી ચાલુ વર્ષે ૮૫ જેટલા સાહસિકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. આ રીતે રાજ્યનું કૃષિ અને બાગાયતી પાકની માગણીઓ સાથે હું પશુપાલન વિભાગની માગણીઓ અંગે વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ સાથે સંલગ્ન મહત્ત્વના પશુપાલન ક્ષેત્રની વાત આપ સૌ સમક્ષ રજૂ કરું છું. પશુપાલન, ગૌસંવર્ધન અને ડેરી વિકાસ માટેની માગણી નંબર-૪ હેઠળ મહેસૂલી સદરે આ માગણીઓ લઇ સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. બેસ્ટ કક્ષાના પશુપાલન વિભાગની સિદ્ધિઓ જણાવું તો નવી દિલ્હી ખાતે ઇન્ડિયા એનિમલ હેલ્થ સમિટ ૨૦૨૨માં પશુપાલન સંબંધિત માળખાકીય સુવિધામાં શ્રેષ્ઠ રાજ્ય તરીકેનો એવોર્ડ ગુજરાત રાજ્યને પ્રાપ્ત થયો હતો. ભારત સરકાર તરફથી કચ્છ જિલ્લાના સોનલબેનને દેશી ઓલાદોની જાળવણી માટે ગોપાલ રત્ન પુરસ્કાર આપવામાં આવ્યો છે. લમ્પી સ્કીન ડિસીઝ કે જે કોરોના જેવો વાઇરસ હતો અને ગૌવંશના પશુઓમાં આ લમ્પી સ્કીન ડિસીઝ જોવા મળેલ. રોગચાળાના સમય દરમ્યાન ૬૫ લાખ જેટલા સ્વસ્થ ગૌવંશમાં રસીકરણ કરવામાં આવ્યું. જેથી પડકારજનક સ્થિતિને નિયંત્રિત કરવામાં રાજ્ય સરકાર આગળ રહી છે. અસરગ્રસ્ત થયેલ પશુઓમાંથી ૯૬ ટકા જેટલા પશુઓ રીકવર થયા છે. પશુ આરોગ્ય સેવા અંતર્ગત વાત કરું તો મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના ૧૮૩૨ સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે પશુ સારવાર થાય છે અને રૂપિયા ૨૮ કરોડની જોગવાઇ આ માટે સૂચિત કરવામાં આવેલ છે અને રૂપિયા ૨૮ કરોડની જોગવાઇ આ માટે સૂચિત કરવામાં આવેલ છે. કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ની વાત કરું તો રાજ્ય સરકારનો આખા દેશમાં નવીન અભિગમ છે જેમાં માલિક વિહોણા અબોલ પશુ-પંખીઓની ૩૭ કરુણા એમ્બ્યુલન્સ મારફતે નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે, જેના માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. દસ ગામ દીઠ એક ફરતું દવાખાનું, દેશમાં પશુ સારવાર માટે કાર્યક્ષમ નવીન પહેલ જેમાં ૪૬૦ જેટલી મોબાઇલ પશુ દવાખાનાથી રાજ્યના ૫૩૦૦થી વધુ ગામોમાં રૂટ ઓન કોલ પશુ સારવાર સેવા આપવામાં આવે છે, જેના માટે રૂપિયા ૬૧ કરોડની જોગવાઇ સૂચિત કરી છે. મને ઘણાં માનનીય સભાગૃહના સભ્યશ્રીઓ રજૂઆત કરે છે કે, અમારા વિસ્તારમાં ફલાણા ઠેકાણે પશુ મોબાઇલ વાન આપો, હું તમામ સભ્યશ્રીઓને કહેવા માગું છું કે, ચાલુ વર્ષે રાજ્ય સરકાર ૨૦૦ જેટલી નવી પશુ મોબાઇલ વાન શરૂ કરશે અને આ મોબાઇલ વાન દસ ગામદીઠ એક સેન્ટરમાં સેવા આપશે અને એના માટે કોઇ પણ સભ્યને પોતાના વિસ્તારમાં આ માટેની માગણી હોય તો મને સત્વરે પહોંચાડજો. અમે એ માગણી પ્રત્યે જરૂરી કાર્યવાહી કરાવીશું. ભારત સરકાર દ્વારા સીકલ મોડેલ અંતર્ગત ૪૦૮ ફરતા પશુ દવાખાનાનો વિસ્તાર કરી ૫ વર્ષમાં ૧૦૦૦ જેટલા પશુ દવાખાના શરૂ કરવાનો નિર્ધાર છે જેથી ટોટલ આપણા રાજ્યના ૧૦ હજાર જેટલા નવા ગામો આમાં ઉમેરી લેવામાં આવશે. પ્રથમ વર્ષે ૨૫૦ ફરતા પશુ દવાખાના માટે રૂપિયા ૩૫ કરોડ ૨૫ લાખની જોગવાઇ સૂચિત કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં અમલ કરવામાં આવેલ નવી યોજના થકી રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ચાલુ વર્ષે વધારાના ૧૪૫ ફરતા પશુ દવાખાના ઉપલબ્ધ થવાના છે. આમ આગામી ૫ વર્ષમાં રાજ્યમાં પશુપાલકોના હિતમાં તમામ ગામોમાં નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ કરાવવાનું અમારું આયોજન છે. આ ઉપરાંત ૧૫૦ જેટલા સ્થાયી પશુ દવાખાના રાજ્ય સરકાર તરફથી શરૂ કરવામાં આવનાર છે અને જેમાં રૂપિયા ૧૦ કરોડ ૫ લાખની જોગવાઇ ચાલુ વર્ષે સૂચિત કરી છે એટલે જેના જેના વિસ્તારમાં પશુ દવાખાના શરૂ કરવા માગતા હોઇ તો એની પણ તમે યાદી મને મોકલજો તો એના માટે જરૂરી કાર્યવાહી કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, પશુ આરોગ્ય મેળા અભિયાનની શરૂઆત તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આ રાજયમાં પોતે જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે શરૂ કરેલ. વર્ષ ૨૦૦૨થી શરૂ કરેલ આ યોજનામાં અત્યાર સુધી ૭૨૧૦૦થી વધુ પશુ આરોગ્ય મેળામાં લગભગ ૩ કરોડથી વધુ પશુઓને આપણે નિઃશુલ્ક એની સારવાર કરી છે. આગામી વર્ષે પણ ૪૪૯૭ પશુ આરોગ્ય મેળાના આયોજન માટે રૂપિયા ૪ કરોડ ૪૯ લાખની જોગવાઇ સૂચવેલ છે. સાથો સાથ પશુ સારવાર સંસ્થાઓ ખાતે અદ્યતન સાધનોની સુવિધા માટે પણ ૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. કેન્દ્ર સરકારની સો ટકા સહાયથી અમલમાં મૂકાયેલ નેશનલ એનિમલ ડિસિસ કન્ટ્રોલ પ્રોગ્રામ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં આપણા રાજ્યના ગાય ભેંસ

વર્ગના કુલ ૧૫૯ લાખ પશુઓને વિનામૂલ્યે રસીકરણ કરવામાં આવેલ છે. પશુ આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા કુલ ૧૭૦ પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ની ભરતી નિમણૂકની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. આ જ્યારે ૧૭૦ જેટલા પશુ ચિકિત્સા અધિકારીઓની નિમણૂક થઇ જશે તો આપણે ત્યાં મહદઅંશે પશુ ડોકટરોની જે તકલીફ છે, જે જગ્યાઓ ખાલી છે એ મોટા ભાગની ભરાઇ જશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ પોત પોતાના સ્થાન ઉપર જઇને બેસે. બીજી જગ્યાએ બેસીને વાતો કરવી ઠીક નહીં.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન વિષયક સહાયકની પ્રમુખ યોજના વિશે વાત કરું તો પશુપાલકોના ગાભણ અને વિયાણ થયેલા પશુ માટે સમતોલ ખાણ-દાણ પૂરાં પાડવા માટે રૂપિયા ૪૩ કરોડ ૪૩ લાખની જોગવાઇ કરેલ છે અને એનાથી લગભગ ૯૪ હજારથી વધુ પશુપાલકોને લાભ થશે. દૂધાળા પશુઓના ૧૫૦૦ જેટલા ડેરી ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના માટે રૂપિયા ૫૦ કરોડ ૨૫ લાખની જોગવાઇ કરેલ છે.સાથો સાથ ગાયના સંવર્ધનને પ્રોત્સાહન આપવા ૫૦ દૂધાળા પશુ ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના માટે રૂપિયા ૩ કરોડની જોગવાઇ. રાજયના પશુપાલકોના પશુ નિભાવ માટેના દૈનિક ખર્ચને પહોંચી વળવા ટૂંકી મુદતના ધિરાણ ઉપલબ્ધ કરાવવા માટે પશુપાલન કિસાન ક્રેડિટ આપવા ભારત સરકાર દ્વારા આ યોજના અમલમાં આવી છે. એમાં પશુપાલકોને પોતાના પશુઓના પાલન પોષણ માટે રૂપિયા ૧ લાખ ૬૦ હજાર સુધીનું ધિરાણ વિના વ્યાજે જેમાં ૪ ટકા રાજ્ય સરકાર આપે છે અને ૩ ટકા કેન્દ્ર સરકાર આપે છે એમ વિના વ્યાજે પશુપાલકોને આવુ ધિરાણ આપવામાં આવશે. અત્યાર સુધીમાં રાજયના ૧ લાખ ૧૭ હજાર પશુપાલકોને પશુપાલન કિસાન ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ કામગીરીમાં દેશમાં ગુજરાત રાજ્ય ત્રીજા સ્થાન ઉપર છે. પશુ સંવર્ધન સેવાની વાત કરું તો પ્રભાગ હેઠળના ફ્રોઝન સીમેન સ્ટેશન પાટણ ખાતે દર વર્ષે અંદાજિત ૨૫ લાખ થીજવેલ સીમે ડોઝનું ઉત્પાદન કરવામાં આવે છે. કેન્દ્ર સરકારની સહાય ખાતે પાટણ ખાતે કાર્યરત કરવામાં આવેલ સેકસડ સીમેન લેબોરેટરીમાં ઉત્પાદિત થયેલ સીમેન ડોઝના ઉપયોગથી ૯૧ ટકા વાછરડી અને પાડીઓનો જન્મ થઇ રહ્યો છે, જેના પરિણામે પશુપાલન વધુ નફાકારક બની રહ્યો છે. રાજયના પશુપાલકો પોતાના પશુઓમાં આઇવીએફથી ગર્ભધારણની નવી ટેકનોલોજીને ઝડપથી અપનાવે તે માટે પશુપાલકોને સહાય આપવાનું આયોજન છે. જેમાં પ્રથમ વર્ષે પ્રાયોગિક ધોરણે રૂપિયા ૧ કરોડ ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના રાષ્ટ્રવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ અંતર્ગત આપણા રાજયમાં અત્યાર સુધી ચાર તબક્કાઓમાં પશુઓમાં કુલ ૩૮ લાખથી વધુ કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યુ છે. આગામી વર્ષે પણ ૩૪૬૨ જેટલા જાતીય આરોગ્ય કેમ્પના આયોજન માટે રૂપિયા ૨ કરોડ ૮ લાખની જોગવાઇ છે. રાજ્ય વ્યાપી સઘન ખસીકરણ ઝુંબેશ અમલમાં મૂકી ગાય વર્ગના નર પશુઓનું ખસીકરણ કરવા માટે રૂપિયા ૨ કરોડ ૫૦ લાખની જોગવાઇ સૂચવેલ છે. પશુપાલન વિસ્તરણ સેવાઓની વાત કરું તો રાજયના દરેક તાલુકામાં ૧ અને જિલ્લામાં ૨ એમ કુલ ૨૪૮ તાલુકા અને ૬૬ જિલ્લા પશુપાલન શિબિરના આયોજન, ૫૬૫ શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કાર આપવા માટે રૂપિયા ૩ કરોડ ૯૩ લાખની જોગવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાનો માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા મા અંબાના પાવનધામ એવા અંબાજી ખાતેથી શુભારંભ કરાયો છે અને અત્યાર સુધીમાં ૧૦૩૭ ગૌશાળા પાંજરાપોળના અંદાજિત ૨ લાખ ૯૭ હજાર પશુઓના નિભાવ માટે રૂપિયા ૭૯ કરોડ ૩૭ લાખની સહાય ચૂકવાઇ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આ યોજના માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. કામધેનુ યુનિવર્સિટી અંગે વાત કરું તો પશુ ચિકિત્સા અને પશુપાલન ડેરી વિજ્ઞાનના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે ગુજરાતની પ્રથમ કામધેનુ યુનિવર્સિટી માટે રૂપિયા ૨૨૯ કરોડની જોગવાઇ દૂધમાં થતી ભેળસેળની ચકાસણી માટે કામધેનુ યુનિવર્સિટી દ્વારા નેનો ટેકનોલોજી આધારિત ડીપ સ્ટીક વિકસાવવામાં આવી છે જે દૂધમાં ૮ ટકાની ભેળસેળ પકડી પાડે છે. કામધેનુ યુનિવર્સિટી હેઠળ કચ્છ જિલ્લામાં નવી વેટરનરી કોલેજ શરૂ કરવાનો રાજય સરકારે નિર્ણય કરેલ છે. આ કોલેજના સ્ટાફ અને બિલ્ડિંગ માટે રૂપિયા ૧૬ કરોડની જોગવાઇ આ અંદાજપત્રમાં સૂચવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મત્સ્યોદ્યોગ વિભાગની વાત કરવા માગું છું. ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના વિશાળ દરિયાકિનારાના ૧૪ જિલ્લાના ૨૬૦ ગામો દરિયાઇ મત્સ્ય પાલન પર આધારિત છે. એ ઉપરાંત આંતરદેશિય ૭૯૮ ગામો મળી કુલ ૧૦૫૮ ગામો મત્સ્યપાલન સાથે સંકળાયેલા છે. રાજય સરકાર મત્સ્યોદ્યોગ ક્ષેત્રે સંકળાયેલા અસંખ્યા માછીમાર ભાઇ-બહેનોના જીવન ધોરણ ઊંચું લઇ આવવા માટે કટિબદ્ધ છે. રાજય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ ક્ષેત્રની તમામ યોજનાઓમાં લાભાર્થીઓને ઝડપી તેમજ પારદર્શક રીતે લાભ મળી રહે તે માટે સહાયનું ચૂકવણું ઓન લાઇન ડીબીટી મારફત કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનું કુલ મત્સ્ય ઉત્પાદન વર્ષ ૨૦૦૧-૦૨માં ૭.૨ લાખ મેટ્રિક ટન હતું તે વધીને વર્ષ ૨૦૨૧-૨૨માં ૮.૭૪ લાખ મેટ્રિક ટન થયેલ છે. જેની અંદાજિત બજાર કિંમત રૂ.૧૧,૨૨૧.૨૬ કરોડ થાય છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાતે દરિયાઇ મત્સ્ય ઉત્પાદન ક્ષેત્રે ભારતમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. ભારતના કુલ દરિયાઇ મત્સ્ય ઉત્પાદનમાં ગુજરાતનો અંદાજિત ૧૬.૬૮ ટકા જેટલો ફાળો છે. ગુજરાત રાજ્યની મત્સ્યની પરદેશ નિકાસ વર્ષ ૨૦૦૧-૦૨માં ૧.૩૨ લાખ મેટ્રિક ટન હતી જે વધીને વર્ષ ૨૦૨૧-૨૨માં ૨.૩૩ લાખ મેટ્રિક ટન થયેલ છે. જેની અંદાજિત બજાર કિંમત રૂ.૫૨૩૨.૮૮

કરોડ છે. દેશની કુલ મત્સ્ય પેદાશોની નિકાસમાં ગુજરાતનો ૧૭ ટકા જેટલો હિસ્સો છે. મત્સ્યોદ્યોગ ક્ષેત્રે માળખાકીય સુવિધાના વિકાસની વાત કરું તો હાલના મત્સ્ય કેન્દ્રો ઉપર સારસંભાળ, રખરખાવ, મરામત તેમજ મૂળભૂત સુવિધાઓને સબળ બનાવવા માટે રૂ.૨૨૫.૭૯ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

ડો. સી.જે. ચાવડા (કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દંડકશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એને અમે ટેકો આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ પરની ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્ય કેન્દ્રના નિભાવ, વ્યવસ્થાપન, લાઇટ અને પાણીની સુવિધા પૂરી પાડવી, મત્સ્ય બંદર, મત્સ્ય ઉતરણ કેન્દ્રોના નવીનીકરણ તેમજ સુધારા-વધારા માટે માળખાકીય સુવિધાઓ ઊભી કરવાના કામો, ડ્રેજિંગ, ડ્રેનેજ અને આરોગ્યની જાળવણી માટે તથા ઉમરસાડી તેમજ ચોરવાડ ખાતે ફ્લોટિંગ જેટી બનાવવા, કચેરીઓના રિનોવેશન વગેરે કામો માટેની જોગવાઇનો સમાવેશ કરવામાં આવેલ છે. વલસાડ જિલ્લાના કોસંબા, તડગામ, કલાઇ, મગોદ-ડુંગરી, ઉમરગામ, મરોલી, ફણસા, નારગોલ, ખતલવાડા, દાંતી, નવસારી જિલ્લાના ભાટ/રાણા, કૃષ્ણપુરા, વાંસી-બોરસી, ઓંજલ, ગીર-સોમનાથ જિલ્લાના કોટડા, મુળ-દ્વારકા, સીમર, જામનગર જિલ્લાના સિક્કા, દેવભૂમિ દ્વારકા જિલ્લાના બેટ દ્વારકા, ભાવનગર જિલ્લાના મહુવા, મોરબી જિલ્લાના નવલખી, કચ્છ જિલ્લાના કોટેશ્વર, લુણી, માંડવી અને જૂનાગઢ જિલ્લાના માંગરોળ બારા ખાતે મત્સ્ય ઉતરણ કેન્દ્રોના આધુનિકીકરણની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે. રાજ્યમાં ચાર નવા બારમાસી મધ્ય બંદરો નવા બંદર, વેરાવળ-૨, માઢવાળ અને સૂત્રાપાડા વિકસાવવા નાબાર્ડ લોન સહાય હેઠળ મત્સ્યોદ્યોગ કેન્દ્રોનું નિર્માણ યોજના હેઠળ રૂ.૩૩૭.૫૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. માંગરોળ ખાતે મત્સ્ય બંદર વિકસાવવા કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ રૂ.૭૭.૫૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. ૨૦ મીટરથી ઓછી લંબાઈની યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇ સ્પીડ ડીઝલ ઓઇલ પર વેરા રાહતની યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ના ફેબ્રુઆરીના અંત સુધીમાં રૂ.૨૨૯.૭૪ કરોડનો ખર્ચ કરી બૉટને ડીઝલ વેટ રાહત આપવામાં આવેલ છે. માછીમારી માટેની યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇ સ્પીડ ડીઝલ ઓઇલ પરની વેટ વેરા માફી યોજના માટે ૨૦૨૩-૨૪ના રૂ.૪૪૩.૪૪ કરોડની જોગવાઇ સૂચવવામાં આવે છે. નાની ઓ.બી.એમ. બૉટ ધારકોને વાર્ષિક ૧૫૦૦ લિટરની મર્યાદામાં રૂ.૫૦ પ્રતિ લિટર લેખે કેરોસીન/પેટ્રોલ ઉપર સહાય ચૂકવવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. દરિયાઇ મત્સ્યોદ્યોગના વિકાસ માટે લાભાર્થીઓને આધુનિક સાધનો, સલામતી અને નફાકારકતા વધારવા તેમજ આનુષંગિક સાધનો તથા સવલતો પૂરી પાડવી, માછીમારોને ગીલનેટ, હાઇજેનિક ટોઇલેટ, ઇન્સ્યુલેટેડ બોક્ષ, જી.પી.એસ. પ્રોસેસિંગ પ્લાન્ટની સ્થાપના, આઇસ પ્લાન્ટ તથા કોલ્ડ સ્ટૉરેજ વગેરે જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. પાકિસ્તાન સત્તાવાળાઓ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાતની ૨૯ બોટો તથા ૧૭૨ માછીમારોના અપહરણ કરવામાં આવેલ. જે ઓનલાઈન બોટ ટોકન સોફ્ટવેર/એપની અમલવારીના કારણે વર્ષ ૨૦૨૨-૨૩માં ઘટીને માત્ર ૩૬ માછીમારો અને ૫ બોટના અપહરણ થયેલ છે. જે સ્પષ્ટ ઘટાડો સૂચવે છે. આ યોજના માટે રૂ.૪૮.૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સી દ્વારા અપહરણ કરાયેલ માછીમારનું પાકિસ્તાન કસ્ટડીમાં મૃત્યુ થાય તો તેના વારસદારને રૂ.૪ લાખ સુધીની સહાય તેમજ દરિયામાં માછીમારી દરમિયાન માછીમાર લાપતા કે ગુમ થાય અને એક વર્ષ બાદ મૃતદેહ ન મળે તો તેના વારસદારને રૂ.૨ લાખ આર્થિક સહાય તથા સમુદ્રમાં માછીમારી દરમિયાન કુદરતી આપત્તિથી અકસ્માતના કારણે અકસ્માત પામતાં માછીમારોના વારસદારોને રાહત પેટે રૂ. બે લાખ ચૂકવવા માટે રૂ.૪૪ લાખની જોગવાઈ સૂચવેલ છે. આંતરદેશીય મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે લાભાર્થીઓને મત્સ્ય બીજ સ્ટોકિંગ, ટિન/ એફ.આર.પી. બોટ, નેટ, નવા તળાવ બાંધકામ, રીઅરીંગ તળાવ, કેજ કલ્ચર, મત્સ્ય બીજ ઉછેર તથા લેબૉરેટરી વાન વગેરે ઉપર સહાય આપી માછીમાર લાભાર્થીઓને પગભર થાય તે હેતુ માટે વર્ષ ૨૦૨૩-૨૪ની જનરલ યોજના રૂ.૩૬.૨૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં ભાંભરાપાણી મત્સ્યોદ્યોગના વિકાસ માટે જિંગા ઉછેર ફાર્મને માળખાકીય સવલતો પૂરી પાડવા રૂ.૭.૬૩ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. મત્સ્યોદ્યોગ ખાતાની તાલીમ અને વિસ્તરણ યોજના હેઠળ તાલીમ શિક્ષણ સંશોધન હેતુ 'કામધેનુ યુનિવર્સિટી' ને સાથે રાખીને મત્સ્યોદ્યોગ ક્ષેત્રે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની કૉલેજોના નિર્માણ અને તાલીમ કોર્સ યોજના માટે રૂ.૧૪.૯૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ ખાસ રસ લઈ અને દેશભરમાં પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના લાગુ કરાવેલ છે. જેમાં મત્સ્ય પેદાશોનું ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરવા મત્સ્યોદ્યોગ ક્ષેત્રે આંતરમાળખાકીય સુવિધાઓ અને પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ, મત્સ્યોદ્યોગ વ્યવસ્થાપન અને નિયમન વિકસાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ રૂ.૧૫૫ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. મત્સ્યોદ્યોગ ક્ષેત્રે

ડિજિટલાઈઝેશન અને ગુડ ગવર્નન્સની પહેલની વાત કરું તો ફિશિંગ બોટોને માછીમારી માટે મેન્યુઅલી ટોકન આપવાની પદ્ધતિ અમલમાં હતી તેના સ્થાને મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા ઓનલાઈન બોટ ટોકન ઈસ્યુ કરવા સોફ્ટવેર ડેવલપ કરવામાં આવેલ છે. જેનું સંપૂર્ણ રાજ્યમાં ૧લી એપ્રિલ-૨૦૨૨થી અમલીકરણ કરવામાં આવેલ છે. આ સોફ્ટવેર રાષ્ટ્રીય સુરક્ષા અન્વયે અગત્યતા ધરાવે છે. માછીમારી બોટોના રજિસ્ટ્રેશન, ફિશિંગ લાઇસન્સ, માલિકી ફેરફાર વગેરે સંપૂર્ણપણે પેપરલેસ ઓનલાઈન બોટ રજિસ્ટ્રેશન સેવા જૂન-૨૦૨૨થી શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે માછીમારો દ્વારા કચેરીની મુલાકાત લેવાની જરૂર રહેતી નથી તેમજ ડિજિટલ પ્રમાણપત્ર પણ ઓનલાઈન પૂરું પાડવામાં આવે છે. ડીઝલ વેટ રાહતનું સોફ્ટવેર મારફતે ચૂકવણું કરવાની યોજનામાં સંપૂર્ણ પેપરલેસ કામગીરી દ્વારા આ યોજનાનું ડિજિટલાઈઝેશન કરવાની ઝુંબેશનું તા.૦૧/૦૪/૨૦૨૨થી અમલીકરણ અને ડીઝલ પુરાવ્યા બાદ તાત્કાલિક રાહત લાભાર્થીના બેંક ખાતામાં ડી.બી.ટી. મારફત જમા કરવામાં આવે છે. મત્સ્યોદ્યોગ ખાતાનું પેપરલેસ આઈ-ખેડૂત મોડ્યુલ જુલાઇ-૨૦૨૨થી અમલમાં છે. તમામ અરજીઓ સંપૂર્ણપણે પેપરલેસ રીતે એટલે કે અરજદારની અરજીથી નાણાકીય મંજૂરી ઓનલાઈન કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું બંદર વિભાગની માગણીઓ ઉપરની અગત્યની સિદ્ધિઓ અને વિકાસમાં .....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી સમય ઘણો થઈ ગયો છે. તમારે બંદરો તેમજ માહિતી અને પ્રસારણ વિભાગની માગણી પર પ્રવચન બાકી છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની વિનંતીને માન આપું પણ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓ મારી માગણી સર્વાનુમતે મંજૂર કરે તો હું વાંચું નહિ અને આપના માધ્યમથી સૌ સભ્યશ્રીઓને ફરી જણાવીશ કે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાચી અને વાજબી વાત સ્વીકારવાની સૂચના આપી છે. રાજ્યના હિત માટે, વિકાસ માટે કોઇ સારી બાબત હોય તો કોઇપણ વ્યક્તિ સૂચન કરે એ સૂચન અમે માન્ય રાખીશું. એટલે તમે મુઝાતા નહીં અને આ સર્વાનુમતે મંજૂર કરી દો તો મારે આ વાંચવું ન પડે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આટલું બધું વાંચીને સંભળાવવું પડે એટલા માટે આ કરી દો એ વાત તો વાજબી નથી.

અધ્યક્ષશ્રી : ઈન્ફર્મેટિક બને એટલા માટે. આપ હવે બાકીના વિષયો છે એની થોડીક સંક્ષિપ્તમાં રજૂઆત કરી શકો છો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બંદર ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઓ અને વિકાસના ફાળાની વાત કરું તો, ભારત દેશને ઉપલબ્ધ થયેલ દરિયા કાંઠામાંથી આશરે ૨૮ ટકા જેટલો દરિયા કિનારો ગુજરાતને ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં દેશના કુલ રાષ્ટ્રીય પરિવહનના ૩૦.૮ ટકા અને નોન મેજર બંદરો પરના કુલ પરિવહનના આશરે ૬૮ ટકા પરિવહન જી.એમ.ડી. હસ્તકના બંદરો ખાતે થયેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષાંત સુધીમાં ૪૧૮ એમ.એમ.ટી. (મિલિયન મેટ્રિક ટન) કાર્ગો પરિવહન થવાનું અનુમાન છે. વધુમાં વર્ષ ૨૦૨૩-૨૪માં જી.એમ.ડી. બંદરો પરના પાંચ ટકા વૃદ્ધિદરથી એટલે કે, ૪૪૧ એમ.એમ.ટી. કાર્ગો પરિવહન થવાનો અંદાજ છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાતના તમામ બંદરોથી ગુજરાત મેરિટાઇમ બોર્ડને રૂ.૨૧૬૨ કરોડની આવક થયેલ. જ્યારે ચાલુ વર્ષે ફેબ્રુઆરી-૨૦૨૩ સુધી રૂ.૨૧૬૫ કરોડ જેટલી આવક પ્રાપ્ત થયેલ છે. સરકારશ્રીની દૂરંદેશી નીતિઓ અને વિકાસમાં જે ખાનગી ક્ષેત્રની ભાગીદારી કરી છે, એના પરિણામે મેરિટાઇમ બોર્ડ દ્વારા બંદરીય માળખાગત સુવિધાઓના વિકાસમાં ખાનગી ક્ષેત્રની સહભાગીતાને આકર્ષવા તેમજ તેને પ્રોત્સાહન પૂરું પાડવા વિવિધ વિકાસલક્ષી નીતિઓનું ગઠન કરેલ છે. આ નીતિઓનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના નોન મેજર બંદરોને વૈશ્વિક સ્તરના સર્વોચ્ચ ધોરણો હાંસલ કરાવવાનો છે. જેમાં વર્ષ ૧૯૯૫માં જાહેર કરેલ બંદરનીતિ અન્વયે ખાનગી સહભાગીતાને પ્રોત્સાહિત કરી વર્ષ ૧૯૯૭માં BOOT નીતિ અન્વયે ખાનગી ભાગીદારોને બંદરોની સ્થાપના કરવા તેમજ સંચાલન કરવાની જોગવાઇ કરેલ. વર્ષ ૧૯૯૯માં જી.આઇ.ડી. એક્ટ હેઠળ પબ્લિક પ્રાઈવેટ ભાગીદારીથી બંદરીય વિકાસ હાથ ધરવા માટેના ધોરણોની જોગવાઇ કરવામાં આવી હતી. જેના પરિણામે સંલગ્ન અસ્ક્યામતોનો અસરકારક રીતે ઉપયોગ થઇ શકેલ છે. ગુજરાત મેરિટાઇમ યુનિવર્સિટીની વાત કરું તો, મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, રાજ્યસરકારે બંદરો અને બંદરીય વિકાસને પહોંચી વળવા જરૂરી માનવસંશાધન ઉપલબ્ધ કરવા માટે જુલાઇ-૨૦૧૯થી ગુજરાત મેરિટાઇમ યુનિવર્સિટી કાર્યરત કરેલ છે. ગુજરાત મેરિટાઇમ ક્લસ્ટર મેરિટાઇમ ક્ષેત્રની વાણિજ્યિક સેવાઓને એકછત્ર હેઠળ સુગ્રથિત કરવા અને માળખાકીય રીતે તેનો વિકાસ કરવા ગિફ્ટસિટીના પરિસરમાં ભારતનું પ્રથમ કોમર્શિયલ મેરિટાઇમ ક્લસ્ટર ડિસેમ્બર-૨૦૨૦થી કાર્યરત થયેલ છે. જેમાં હાલ ૮૦થી વધુ વર્ચ્યુઅલ સભ્યો છે. કુદરતી અને માનવસર્જિત આપત્તિઓનો સામનો કરવા ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ઓથોરિટીની માર્ગદર્શિકા મુજબ આપત્તિ વ્યવસ્થાપન માટે તમામ બંદરોને સમાવતા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન્ટ તૈયાર કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યના આયોજનની વાત કરું તો, પોરબંદર ખાતે સાગરમાલા યોજના અંતર્ગત કોસ્ટલ કાર્ગો માટે રૂપિયા ૩૫ કરોડના ખર્ચે નવી જેટીના બાંધકામનું આયોજન છે. મત્સ્યઉદ્યોગ પ્રવૃતિને વેગ આપવા માટે રૂપિયા ૮૩૩ કરોડના ખર્ચે વેરાવળ, માઢવાડ અને સુત્રાપાડા ખાતે મત્સ્યબંદરો વિકસાવવાનું આયોજન કરવામાં આવેલ છે. પોરબંદર ખાતે રૂપિયા ૬૪ કરોડ અને ઓખા ખાતે રૂપિયા ૧૯૩ કરોડના ખર્ચે કોસ્ટ ગાર્ડ જેટીઓ બનાવવાનું આયોજન છે. રાજ્ય સરકારે

બંદરીય વિકાસના ક્ષેત્રે હરણફાળ ભરી વિકાસના શિખરો સર કરેલ છે. દેશ જયારે અમૃતકાળના વર્ષોમાં પ્રવેશી રહ્યો છે ત્યારે રાજ્ય આગામી વર્ષોમાં પણ સુનિશ્ચિત રીતે બંદરીય વિકાસને આગળ ધપાવવા કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની વાત કરું તો પ્રગતિ, પ્રતીતિ,પરિણામ અને પ્રત્યાયનના મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરી, શબ્દોનો સાથ લઇને માહિતી વિભાગે વિકાસનો સુરમ્ય નાદ પ્રસરાવ્યો છે.

અધ્યક્ષશ્રી : શ્રી વિમલભાઇ, તમે તમારા સ્થાન ઉપર બેસી જાઓ. તમે આગળ જઇને ડિસ્ટર્બ કરો છો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું સમાજના શબ્દો થકી તમામ વર્ગની સેવામાં અહર્નિશ રહેતાં એવા મારા માહિતી અને પ્રસારણ વિભાગની કામગીરીની વિગતો ગૃહ સમક્ષ લઇને આવ્યો છું. આ આદાન-પ્રદાનનો યુગ છે. આ યુગ માહિતીના વિસ્ફોટનો યુગ છે. આજે વિશ્વ સમેટાઇને એક ગામડું બની ગયું છે. ઇન્ફર્મેશન ટેકનોલોજીના યુગમાં, ગ્લોબલ વિલેજના યુગમાં ગુજરાતની વિકાસયાત્રાની છબી દેશ અને દુનિયામાં ઉજાગર કરવાની દિશામાં ગુજરાત અને પ્રત્યેક ગુજરાતીના ગૌરવને સુપેરે રજૂ કરવામાં માહિતી વિભાગની ભૂમિકા ખૂબ જ સરાહનીય રહી છે. આજે રાજ્યનો પ્રત્યેક નાગરિક ગુજરાતની વિકાસયાત્રાથી સંતુષ્ટ છે. દેશ અને દુનિયાના લોકો ગુજરાત અને ગુજરાતીઓને સન્માનપૂર્વક જુએ છે. ગુજરાતની છબી ઉજાગર કરવાનો જો કોઇને શ્રેય આપવાનો હોય તો તે નિઃસંદેહપણે માહિતી ખાતાને, એના કર્મઠ અને જાગૃતિની ટીમને આપવાનો રહે છે. માહિતી અને પ્રસારણ બાબતની ચર્ચામાં જે માનનીય ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો છે તેઓશ્રીનો આભાર માનું છું અને એમને રજૂ કરેલ મુદ્દાઓની હું નોંધ લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપણને સૂત્ર આપ્યું છે કે, ગુજરાત મારો આત્મા અને ભારત મારો પરમાત્મા. આ સૂત્રને ચરિતાર્થ કરવા માહિતી ખાતાની અસરકારક અને પરિણામલક્ષી પ્રચાર માધ્યમની કામગીરીથી આ સરકારે સુપેરે સિદ્ધિ મેળવી છે. પ્રસારના સાધનોનો સમુચિત ઉપયોગ કરીને રાજ્યનું માહિતી ખાતું, જનતાની વિકાસલક્ષી યોજનાઓ અને જનહિતને વરેલી મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની આ સરકાર મહત્ત્વપૂર્ણ કાર્યક્રમોની જાણકારી લોકોને સમયસર, ઝડપથી અને વિશ્વસનીય રીતે પૂરી પાડે છે. માહિતી વિભાગે રાજ્ય સરકારની વાત યથા-તથા સ્વરૂપે જ સમાજ સમક્ષ મૂકીને સેતુ રૂપ કામ કર્યું છે. સત્યને તોડી, મરોડીને જનતાને ગુમરાહ કરતાં અને ખોટા મુદ્દાઓ ઊભા કરી કાગારોળ મચાવતાં તકસાધુઓની મનઘડત વાત સામે માહિતી વિભાગે હંમેશા જનહિતલક્ષી સત્ય રજૂ કરી ડંકાની ચોટ ઉપર જડબાતોડ જવાબ આપ્યા છે. વિવિધ માધ્યમોના સમુચિત સમન્વયથી પ્રચાર-પ્રસાર થકી માહિતી વિભાગે રાજ્ય સરકાર અને પ્રજા વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવી છે. ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાના ઉપયોગ દ્વારા કલ્યાણકારી યોજનાઓ નાગરિકોના આંગળીના ટેરવે મૂકવા માટે સોશિયલ મીડિયા દ્વારા અસરકારક પ્રત્યાયન માહિતી ખાતું કરી રહ્યું છે. કુદરતી આફતોના સમયે માહિતી ખાતું એના તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો અસરકારક અને પરિણામલક્ષી ઉપયોગ કરી બચાવ, રાહત અને સહાયની કામગીરીમાં અમૂલ્ય યોગદાન આપે છે. એ વાતનો ઉલ્લેખ પણ કરવો જરૂરી છે. દેશ અને દુનિયાના લોકો સમક્ષ ગુજરાતની વિકાસયાત્રા પ્રતિબિંબિત કરતું 'ધી ગુજરાત અંગ્રેજી ત્રિમાસિક' પણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. 'ગુજરાત પાક્ષિક'અને 'ગુજરાત રોજગાર સમાચાર' ઇ-મેગેઝીન સ્વરૂપે વેબસાઇટ ઉપર નિયમિત રીતે અપલોડ કરી, ગુજરાત અને ગુજરાત બહાર રહેતાં, ગુજરાતી ભાઇ-બહેનોને આંગળીના ટેરવે ગુજરાતની વિકાસની ગાથા માહિતી ખાતાએ મૂકી છે. માહિતી નિયામકની કચેરીએ અસરકારક પ્રસિદ્ધિ માટે ઇન્ટરનેટનો સવિશેષ ઉપયોગ કરી નિયમિત રીતે દરરોજ અપડેટ થતી યુઝર ફ્રેન્ડલી એવી ડાયનેમિક વેબસાઇટનું નિર્માણ કર્યું છે. એટલું જ નહીં, સોશિયલ મીડિયાના સહયોગથી વધુ કાર્યક્ષમ ઉપયોગ થઇ શકે તે માટે વેબસાઇટનું નવસંસ્કરણ પણ કરવામાં આવી રહ્યું છે. માહિતી નિયામકની કચેરીએ સમાચાર યાદી દ્વારા વધુ ને વધુ પ્રચાર પ્રસિદ્ધિ થાય તે માટે ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષામાં સમાચાર યાદીઓ પ્રસિદ્ધ કરીને ત્રણેય ભાષાના માધ્યમોમાં બહોળી સ્વીકૃતિ મેળવી છે. આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા માહિતી ખાતાએ મલ્ટિમીડિયા દસ્તાવેજી ચિત્રોનું નિર્માણ કરવાનું કામ પણ કરેલ છે. જાહેરખબરોને વધુ અસરકારક બનાવવા માટે માહિતી નિયામકની કચેરી ખાતે જ ઇનહાઉસ ડિઝાઇનિંગ અને મેટર તૈયાર કરીને વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

ગુજરાત પાક્ષિકમાં રાજય સરકારના વિવિધ કાર્યક્રમો, નીતિ વિષયક નિર્ણયો, ફ્લેગશીપ કાર્યક્રમો ઉપરાંત સાફલ્યગાથા સાથે પ્રતિ પખવાડિયે ગુજરાત પાક્ષિક પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત દર ૩ મહિને પ્રસિદ્ધ થતા અંગ્રેજી સામયિક ‘ધ ગુજરાત’ પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વાંચકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. માહિતી નિયામકની કચેરી દ્વારા તસ્વીર પ્રદર્શનો દ્વારા પણ પ્રસાર પ્રસિદ્ધિ કરવામાં આવી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, સંચાર માધ્યમોના સમુચિત ઉપયોગથી રાજ્ય સરકારની પ્રજાકીય યોજનાઓ અને પ્રજા કલ્યાણની પ્રવૃત્તિઓની માહિતી પ્રજા સમક્ષ પંહોચાડવાની કામગીરી માહિતી ખાતું નિષ્ઠાપૂર્વક બજાવે છે. મારું સદભાગ્ય છે કે,

‘‘શબ્દો મળ્યા તારે નગર જાવા,
ચરણ લઇ દોડવા બેસું તો વર્ષોના વર્ષ લાગે.’’

કવિ મનોજ ખંડેરીયાની આ પંક્તિ સાથે હું વિરમું છું. માનનીય અધ્યક્ષશ્રી, મેં કીધું એમ મેં જે માગણીઓ રજૂ કરી છે, એ માગણીઓમાં જેટલાં સૂચનો આવ્યાં છે, એ તમામ સૂચનો આવકાર્ય છે. એના માટેની જરૂરી કાર્યવાહી કરીશ. જરૂર લાગે તો

તમારી સાથે ચર્ચા પણ કરીશ અને સાચા અને વાજબી પ્રશ્નોના નિરાકરણ માટે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને બધાને છૂટ આપી છે. એટલે કોઇ મુઝાતા નહીં. જરૂર પડે તો આવજો. પણ મારી ફરી ફરીને એક વાત છે કે તમે બધા મેં રજૂ કરેલી માગણી સર્વાનુમતે મંજૂર કરો. એટલી વિનંતી સાથે સૌનો આભાર. અસ્તુ. ભારત માતા કી જય.

અધ્યક્ષશ્રી : કેટલી રકમની માગણી છે એ ખબર છે તમને બધાને? રૂપિયા ૧૯,૩૫૭,૩૯,૫૩,૦૦૦ ની માગણી છે. એ માગણી મંજૂર કરવા માટે હમણા મત પર મૂકાવાની છે. એ પહેલા કોઇને કોઇ વાત કરવી હોય, કોઇ પ્રશ્ન હોય, કોઇને શોર્ટમાં કંઇ કહેવાનું હોય અને બધાને જો સંતોષ હોય તો માથાકુટ જ નથી કાંઇ. માનનીય ગેનીબેન. સીધા મુદ્દા ઉપર હો. કાંઇ પોલિટિકલ નહીં.

ગેનીબેન ન. ઠાકોર : હા, મુદ્દા પર જ. માનનીય અધ્યક્ષશ્રી, આમ તો માનનીય મંત્રીશ્રીએ ખાતરી આપી છે. કોઇને કંઇ પ્રશ્નો હોય તો મને મળજો અને પોઝિટિવ રહેશું. એટલે સુઇગામ તાલુકામાં એક પશુ દવાખાનું ખોલવા માટેની ભલામણ આપને કરેલી છે. તો યોગ્ય ઘટતું કરવા માટે વિનંતી.

અધ્યક્ષશ્રી : હા, જી. માનનીય રમણભાઇ.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા દક્ષિણ ગુજરાતની કમસેકમ ૪ હજારથી વધારે બોટો ફિશિંગ કરવા માટે સૌરાષ્ટ્રમાં પોરબંદર, ઓખા, વેરાવળ, દ્વારકા જાય છે. અમારે મરોલી ખાતે અત્યારે જેટી મંજૂર થઇ છે. એનું આધુનિકરણ કરવામાં આવે તો મત્સ્યોદ્યોગ બંદર પણ ત્યાં બની શકે અને દક્ષિણની જે બોટો ફિશિંગ કરવા માટે સૌરાષ્ટ્રમાં જાય છે એને ત્યાં આપણે રોકી શકીએ.

અધ્યક્ષશ્રી : જી. ત્રણ ચાર લોકોને બોલવા મળ્યું નથી. યાદીમાં નામ આવ્યા હતા, તેમ છતાં બોલી નથી શક્યા. એમાં એક શ્રી વિપુલભાઇ પટેલ, શ્રી પુનમચંદ બરંડા, શ્રી જે. વી. કાકડિયા, શ્રી દુર્લભજીભાઇ દેથરીયા, શ્રી ભગાભાઇ બારડ અને શ્રી માવજીભાઇ દેસાઇ. આટલા લોકોમાંથી કોઇને કોઇ પ્રશ્ન હોય તો પહેલા એ શરુઆત કરો. શ્રી દુર્લભભાઇ દેથરીયા.

